BAOU
Education for All

स्वाध्यायः परमं तपः

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# ઔદ્યોગિક અર્થશાસ્ત્ર - II

## CPIE04

## ECONMJ803



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

Industrial Economics Semester II

| | |
|---|---|
| નિર્દેશન : | પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ, નિયામક સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસીયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| સંપાદક : | ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| સહસંપાદક : | ડૉ. જીવરાજ ઝાંપડીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર<br>ડૉ. દિલીપચંદ્ર ચાવડા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી : | ડૉ. કૃતિ છાયા, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ. જી. ડી. ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ અને બી. ડી. કોમર્સ કોલેજ, કડી<br>ડૉ. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વી.એન. એસ. જી.યુ. સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત<br>ડૉ. મંજુલા લક્ષ્મણ, પ્રોફેસર, ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ<br>ડૉ. વિજય ઝરીવાલા, એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, એસ. પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર<br>ડૉ. મહેન્દ્ર મૈસુરિયા, એસોસિએટ પ્રોફેસર, સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ<br>ડૉ. ઓમ તેરૈયા, એસોસિએટ પ્રોફેસર, આત્મીય યુનિવર્સિટી, રાજકોટ<br>ડૉ. રણીતા નાગર, પ્રોફેસર, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર<br>ડૉ. હિમાની જોશી, આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર<br>ડૉ. હિમાંશુ પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ કમ્પ્યૂટર સાયન્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| વિષય પરામર્શન : | ડૉ. જી. ડી. ત્રિપાઠી, સી. એન. આર્ટસ અને બી. ડી. કોમર્સ કોલેજ, કડી<br>ડૉ. રોહિત દેસાઈ, ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજખેડબ્રહ્મા<br>ડૉ. અશોક ત્રિવેદી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા<br>ડૉ. સુરેશ પરડવા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ<br>ડૉ. ભાવેશ દેસાઈ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગર |
| ભાષા પરામર્શન | ડૉ. એસ.એ શેખ, સરકારી વિનયન કોલેજ, કઠલાલ |
| લેખન : | ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ. લીલા સ્વામી, પ્રિન્સિપાલ (નિવૃત્ત) મહિલા કોલેજ, ઊંઝા<br>ડૉ. રમા શાહ, એસોસિએટ પ્રોફેસર, ડી.પી.સી.બી.એલ. અએત્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરા<br>ડૉ. ધવલ દવે, આસિસ્ટન્ટ પ્રોફેસર, એચ.એસ. શાહ કોમર્સ કોલેજ, મોડાસા<br>ડૉ. દિલાવરખાન પઠાણ, આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી રંગ નવચેતન આર્ટસ કોલેજ, વળીયા, ભરૂચ<br>ડૉ. પ્રિયંકા સોલંકી, આસિસ્ટન્ટ પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઈડર<br>ડૉ. દશરથ પ્રજાપતિ, આસિસ્ટન્ટ પ્રોફેસર કે.એમ. આર્ટસ એન્ડ પી. એન. પટેલ કોમર્સ કોલેજ, ઈડર.<br>ડૉ. જીજ્ઞેશ બારોટ, એસોસિએટ પ્રોફેસર, એસ.પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર<br>ડૉ. ભાવેશ પરમાર, એસોસિએટ પ્રોફેસર, એસ.પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર<br>ડૉ. ધરતી જૈન, આસિસ્ટન્ટ પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગર. |
| પ્રકાશક : | કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રથમ આવૃત્તિ : | વર્ષ 2025 ISBN: |


**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર -2


| એકમ | એકમનું નામ | પાના નં. |
|---|---|---|
| | વિભાગ - 1 | |
| એકમ-1 | પેઢીના હેતુઓ | 6 થી 26 |
| એકમ-2 | પેઢીની વૃદ્ધિ | 27 થી 44 |
| એકમ-3 | બજાર માળખું | 45 થી 60 |
| એકમ-4 | પેઢીનો ખર્ચ | 61 થી 84 |
| | વિભાગ - 2 | |
| એકમ-5 | ઉદ્યોગોનું સ્થાનીયકરણ | 85 થી 108 |
| એકમ-6 | સ્થાનીયકરણના સિદ્ધાંતો | 109 થી 122 |
| એકમ-7 | ઔદ્યોગિકનીતિ | 123 થી 149 |
| એકમ-8 | ટેકનિકલ પરિવર્તનો | 150 થી 161 |
| એકમ-9 | ઔદ્યોગિક સબંધો | 162 થી 179 |
| | વિભાગ - 3 | |
| એકમ-10 | ઔદ્યોગિક નાણાં વ્યવસ્થા | 180 થી 193 |
| એકમ-11 | નાણાં સંસ્થાઓનો પરિચય | 194 થી 226 |
| એકમ-12 | ઔદ્યોગિક ન્યાય વ્યવસ્થા | 227 થી 235 |
| એકમ-13 | ઔદ્યોગિક માંદગી અને વણવપરાયેલી ઉત્પાદનશક્તિ | 236 થી 254 |
| એકમ-14 | ઔદ્યોગિક વિલિનિકરણ, સંપાદન અને વિકેન્દ્રિકરણ | 255 થી 277 |

**Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad**
**Industrial Economics - II**

| ક્રમ | પ્રકરણ નામ | વિગત |
|---|---|---|
| 1. | પેઢીના હેતુઓ | પેઢીના હેતુઓ, નફાનું મહત્તમીકરણ અને અન્ય હેતુઓ, આર. મારીસનો સિદ્ધાંત |
| 2. | પેઢીની વૃદ્ધિ | પેઢીની વૃદ્ધિ અને કરકસર, પેઢીની વૃદ્ધિ ઉપરના અંકુશો |
| 3. | બજાર માળખું | બજારનાં વિવિધ ઘટકોનો પરિચય, વિવિધ બજારમાં કિંમત નિર્ધારણ |
| 4. | પેઢીના ખર્ચ | પેઢીએ કરવાના થતા ખર્ચ, ખર્ચમાં પેઢીનાં સ્થાન (Location)ની અસર |
| 5. | ઉદ્યોગોનું સ્થાનીયકરણ | સ્થાનીયકરણને અસર કરતાં પરિબળો, સ્થાનીયકરણનો વેબરનો સિદ્ધાંત |
| 6. | સ્થાનીયકરણના સિદ્ધાંતો | સ્થાનીયકરણના સિદ્ધાંત, સાર્જન્ટ ફ્લોરેન્સ, સ્થાનીયકરણના આધુનિક સિદ્ધાંતો, પેઢીના સ્થાન પસંદગીના વ્યવહારિક ઉદાહરણો ભારતના સંદર્ભમાં |
| 7. | ઔદ્યોગિક નીતિ | ઔદ્યોગિક નીતિનો અર્થ, ભારતની ઔદ્યોગિક નીતિ |
| 8. | ટેકનિકલ પરિવર્તનો | ઉદ્યોગોમાં ટેકનીકર પરિવર્તન, ઉત્પાદનક્ષમતા અને ઉત્પાદન ક્ષમતાનો કાર્યક્ષમ ઉપયોગ, ખર્ચ, ગુણવત્તા ઉપર અસર |
| 9. | ઔદ્યોગિક સબંધો | અર્થ, મહત્ત્વ, Gig અર્થતંત્ર, ગીગ અર્થતંત્ર માટે જવાબદાર પરિબળો, ઔદ્યોગિક સબંધો ઉપર અસર |
| 10. | ઔદ્યોગિક નાણા વ્યવસ્થા | ઔદ્યોગિક ક્ષેત્ર માટે નાણા/ મૂડીની જરૂરિયાત, ઉદ્યોગો માટે નાણા વ્યવસ્થા, સ્ત્રોત, |
| 11. | નાણા સંસ્થાઓનો પરિચય | સૂક્ષ્મ ધિરાણ, IDBI, IFCI, SFCS, SIDC |
| 12. | ઔદ્યોગિક ન્યાય વ્યવસ્થા | ઔદ્યોગિક ક્ષેત્ર સબંધી વિવિધ કાયદાઓનો પરિચય (લેબર લો, સ્થાનીયકરણ અંગેના કાયદા, પર્યાવરણીય સુરક્ષા કાયદો.) |
| 13. | ઔદ્યોગિક માંદગી અને વણવપરાયેલી ઉત્પાદનશક્તિ | અર્થ, કારણો, ઉપાય |
| 14. | ઔદ્યોગિક વિલીનીકરણ, સંપાદન અને વિકેન્દ્રીકરણ | અર્થ, કારણો, અસર, નોંધપાત્ર ઉદાહરણો |

**Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad**
**Industrial Economics - II**

| Unit | Title | Points included |
|---|---|---|
| 1. | Objectives of the Firm | Objectives of the firm, profit maximization and other objectives, R. Marris' Theory |
| 2. | Growth of the Firm | Firm growth and economies, constraints on the growth of a firm |
| 3. | Market Structure | Introduction to various components of the market, price determination in different markets |
| 4 | Costs of the Firm | Types of costs incurred by a firm, effect of firm location on costs |
| 5 | Industrial Location | Factors affecting industrial location, Weber's Theory of Industrial Location |
| 6 | Theories of Industrial Location | Theories of industrial location- Sargent Florence, modern theories of location, practical examples of firm location decisions in the Indian context |
| 7 | Industrial Policy | Meaning of industrial policy, India's industrial policy |
| 8 | Technological Changes | Technological changes in industries, efficient use of productivity and production capacity, effect on cost and quality |
| 9 | Industrial Relations | Meaning, importance, Gig Economy (meaning, factors behind gig economy, effects on industrial relations) |
| 10 | Industrial Finance | Need for finance/capital in the industrial sector, financial management for industries, sources of finance |
| 11 | Introduction Financial Institutions | Microfinance, IDBI, IFCI, SFCs, SIDC to |
| 12 | Industrial Legal Framework | Introduction to various laws related to the industrial sector (labour laws, location-related laws, environmental protection laws) |
| 13 | Industrial Sickness and Underutilization of Capacity | Meaning, causes, remedies |
| 14 | Industrial Mergers, Acquisitions & Decentralization | Meaning, reasons, effects, notable examples |

# એકમઃ 1 : પેઢીના હેતુઓ

## ❖ રૂપરેખા :

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 પેઢીના હેતુઓ અને તેના સંદર્ભમાં પેઢીનું વર્તન

1.2.1 પેઢીનું મહત્તમ નફાનું પરંપરાગત ધ્યેય

1.3 વિવિધ બજાર વ્યવસ્થામાં મહત્તમ નફાનો હેતુ

1.4 મહત્તમ નફાના વૈકલ્પિક હેતુઓ

1.5 પેઢીના અન્ય ઉદ્દેશો

1.6 પ્રો. આર. મારીશનો સિદ્ધાંત

1.7 સારાંશ

1.8 ચાવીરૂપ શબ્દો

1.9 તમારી પ્રગતિ ચકાસો

➢ સંદર્ભસૂચિ

➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 1.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

➢ વિદ્યાર્થીઓ પેઢીના મુખ્ય તેમજ અન્ય વૈકલ્પિક ઉદ્દેશો વિશે અવગત થશે.

➢ વિદ્યાર્થીમાં અલ્પહસ્તક ઈજારાની બજારવ્યવસ્થા તથા કોર્પોરેટ કંપની વ્યવસ્થાના સંદર્ભમાં પેઢીની વૃદ્ધિના ધ્યેય અંગેની આધુનિક ચર્ચાઓ વિશે સમજણ કેળવાશે. વળી, પેઢીના વૃદ્ધિના હેતુમાં સંચાલકીય પરિબળો શું ભાગ ભજવે છે ? તે વિશેની સમજણ પણ મેળવશે.

## 1.1 પ્રસ્તાવના :

પેઢીએ ઉત્પાદન અને વેચાણની આર્થિક પ્રવૃતિ કરતોં સ્વતંત્ર એકમ છે. દરેક આર્થિક એકમ પોતાની પ્રવૃત્તિ બદલ મહત્તમ વળતર મેળવવાનો ધ્યેય રાખે છે. યોજક નફાના ઉદ્દેશથી પ્રેરાઈને પેઢીની સ્થાપના અને તેનું સંચાલન કરે છે. આમ, નફો એ પેઢીનો પ્રાથમિક હેતુ ગણાય છે. અર્થશાસ્ત્રમાં તાર્કિક વર્તનની ધારણા કરવામાં આવે છે તેથી નિયોજક તર્કસંગત વર્તન કરીને મહત્તમ નફાનો ઉદેશ સ્વીકારે છે. જોકે પેઢીની માલિકી અને કદના તે સંદર્ભે અલ્પહસ્તક ઈજારદારવાળા બજાર અને કોર્પોરેટ ક્ષેત્ર સાથે પેઢી જોડાય છે. આવી પેઢીઓના

સંચાલનમાં યોજકો એટલે કે માલિકો ઉપરાંત પગારદાર વ્યવસાયિક સંચાલકો પણ મહત્વનો ભાગ ભજવે છે. આ સંજોગોમાં પેઢીનો ઉદ્દેશ મહત્તમ નફાના હેતુને બદલે અન્ય વૈકલ્પિક હેતુઓ જેવા કે પારંપારિક મહત્તમ નફાના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખા હોવાની શરત રહેલી છે,પરંતુ કોર્પોરેટ ક્ષેત્રની મોટા કદની પેઢીઓના અભ્યાસના આધારે અર્થશાસ્ત્રીઓને જણાયુ છે કે સીમાંત આવક અને સીમાંત ખર્ચ વ્યવહારિક રીતે જાણવા મુશ્કેલ છે અને તેથી પેઢીના સંચાલકો સરેરાશ આવક અને સરેરાશ ખર્ચના ખ્યાલો વધુ વ્યવહારિક હોવાથી મહત્તમ નફાના સ્થાને પારંપારિક નફો, અપેક્ષિત નફો, સલામત નફો જેવા હેતુ મહત્વના ગણ્યા છે. પેઢીના સંચાલનમાં સંચાલકોનો પ્રભાવ હોવાથી પેઢીના ઉદ્દેશોમાં સંચાલકીય ઉદ્દેશો જેવા કે વધુ વેચાણ, મહત્તમ વેચાણ આવક અને કદવૃદ્ધિ જેવા હેતુ વિકસ્યા છે. જેને સંચાલકીય હેતુઓ પણ કહે છે. આ સંદર્ભમાં આર. માંરીશનો નફાના હેતુ અંગેનો કદવૃદ્ધિનો સિદ્ધાંત મહત્વનો ગણાય છે.

## 1.2 પેઢીના હેતુઓ અને તેના સંદર્ભમાં પેઢીનું વર્તન :-

(1) પરંપરાગત પેઢીના ખ્યાલ અનુસાર એટલે કે વ્યક્તિગત અને ભાગીદારી માલિકી સંદર્ભે પેઢીનો મુખ્ય ઉદ્દેશ એ મહત્તમ નફો હોય છે. આ સંદર્ભમાં પેઢીનું કિંમત અને ઉત્પાદન નિર્ધારણનું વર્તન એ સીમાંત આવક = સીમાંત ખર્ચની શરત અનુસાર હોય છે.

(2) કોર્પોરેટ સેક્ટરના સંદર્ભમાં પેઢીનું કદ મોટા પાયા ઉપર હોય છે અને તેનો ઉદ્દેશ નફો વધારવાનો હોય છે. પરંતુ નફો એકમાત્ર ઉદ્દેશ હોતો નથી. પેઢી પોતાનું વર્ચસ્વ અને શાખ; બજારમાં વધે તે હેતુથી પોતાનું ઉત્પાદન અને વેચાણ મહત્તમ બને તેવો ઉદ્દેશ રાખે છે. બોમલના મત પ્રમાણે ઉત્પાદન કે વેચાણ મહત્તમ રાખવાને બદલે પેઢીનો ઉદ્દેશ મહત્તમ વેચાણ આવકનો હોય છે. આ સિવાય આધુનિક સમયમાં મોટી કંપનીઑ ઈજારાશાહી તથા નફાખોરી જેવા દૂષણો સંદર્ભે થતી ટીકાઓને પ્રત્યુત્તર માટે બૃહદ સામાજિક કલ્યાણનો ઉદ્દેશ પણ ધરાવે છે. આમ, વર્તમાન સમયની કોર્પોરેટ પેઢી કોઈ એક ઉદ્દેશ ધરાવવાના બદલે કેટલાક ઉદ્દેશ્યોના સમૂહ સાથે કાર્ય કરે છે. જેમાં શક્ય તેટલો વધુ નફો, શક્ય તેટલું વધુ ઉત્પાદન અને વેચાણ, શક્ય તેટલી વધુ વેચાણ આવક તથા સામાજિક જવાબદારીઓનો સમાવેશ થાય છે. દરેક પેઢી પોતાના સંચાલકોના ઉદ્દેશોના અગત્યાનુંક્રમ(Priority) અનુસાર આ જુદાજુદા ઉદ્દેશોને વધતું-ઓછું મહત્વ આપે છે.

**1.2.1 પેઢીનો પરંપરાગત ઉદ્દેશ મહત્તમ નફાનું ધ્યેય :-** પેઢીના ઉદ્દેશોને પરંપરાગત ઉદ્દેશ તેમજ પેઢીના વૈકલ્પિક ઉદ્દેશો એમ બે મુખ્ય પ્રકાર દ્વારા દર્શાવી શકાય. પ્રારંભિક ઉદ્દેશ એ પેઢીના પરંપરાગત વિશ્લેષણ ઉપર આધારિત છે. જેમાં મહત્તમ નફો એ તાર્કિક વર્તનને આધારે દર્શાવવામાં આવે છે. મહત્તમ નફાના ઉદ્દેશ્યની પ્રાપ્તિ અર્થે સીમાંત આવક = સીમાંત ખર્ચ અને ત્યાર બાદ સીમાંત ખર્ચ વધતું હોય તો પેઢીની શર્ત પૂર્ણ થાય તે રીતે પેઢી ઉત્પાદન કરે છે. આ ઉદ્દેશમાં નફાનું મહત્તમીકરણ એકમાત્ર ઉદ્દેશ તરીકે દર્શાવાયો છે.

પરંપરાગત અને રૂઢીગત સિદ્ધાંત એ પેઢીના મહત્તમ નફાને પેઢીનું એકમાત્ર ધ્યેય તરીકે સ્વીકારે છે. રૂઢિગત સિદ્ધાંતમાં પેઢીનું સંચાલન તેના નિયોજક દ્વારા થાય છે. પેઢીનો માલિક અને સંચાલક એક જ હોય છે. પેઢીનો મુખ્ય હેતુ પેઢીમાં મહત્તમ નફાની પ્રાપ્તિ છે. આથી યોજક તર્કબદ્ધ અને

બુદ્ધિપૂર્વક વર્તતો આર્થિક માનવી છે. મહત્તમ નફા વડે પેઢીનું અસ્તિત્વ ટકાવવું તેના માટે અનિવાર્ય હોય છે. નિયોજક પેઢીના ઉત્પાદન કાર્યમાં જમીન, મૂડી, શ્રમ જેવાં ઉત્પાદક સાધનોનો ઉપયોગ કરી ઉત્પાદન કાર્ય કરે છે અને અનુક્રમે તે સાધનોને ભાડું, વ્યાજ અને વેતન ચૂકવે છે. આ ઉપરાંત સરકારના બધા પ્રકારના કરવેરા તેમજ વૈકલ્પિક ખર્ચને ધ્યાને લઇ પેઢીના ઉત્પાદનની વેચાણ આવકમાંથી તમામ ખર્ચા બાદ કરી જે શેષ નફો મળે તે યોજકનો મહત્તમ નફો છે. નિયોજક પોતાના મહત્તમ નફાના ધ્યેયને જાળવી રાખવા માટે જ્યાં જમીન, શ્રમિક અને મૂડી સરળતાથી ઓછા ખર્ચે પ્રાપ્ત થાય તેવાં પ્રયત્નો કરે છે.

પેઢી નફો મહત્તમ પ્રાપ્ત થાય તે રીતે વસ્તુની કિંમત તથા ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. પેઢીનું સંચાલન મુખ્યત્વે નિયોજક દ્વારા જ થાય છે. નિયોજક જ મૂડી રોકનાર એક માત્ર પેઢીનો માલિક છે, તેવી ધારણા ઉપર રૂઢિગત સિદ્ધાંત રચાયો છે. નિયોજક મહત્તમ નફાના ઉદેશના ધ્યેયથી કામગીરી કરે છે. નફો એ નિયોજકની કામગીરીનો બદલો,વળતર કે કિંમત છે. નિયોજક પેઢીનું સંચાલન કરી ઉત્પાદન કાર્યમાં પોતાનો સમય અને શક્તિ ખર્ચી પેઢીને મહત્તમ નફો પ્રાપ્ત થાય તે રીતે કામગીરી કરે છે.

નિયોજક તેના બુદ્ધિપૂર્વકના વર્તન વડે પેઢીને વધુમાં વધુ નફો થાય અને કદાચ નુકસાન થવાનું હોય તો ઓછામાં ઓછું નુકસાન થાય એવી રીતે આર્થિક વર્તન કરી પેઢીના મહત્તમ નફાના ધ્યેયને અનુસરે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રમાં ઉત્પાદન, વેચાણ વૃદ્ધિ, વેચાણ આવક વૃદ્ધિ કે નફાની પ્રાપ્તિ અંગેના અન્ય વિકલ્પો વિશે વિચાર કરવામાં આવ્યો નથી. આમ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રમાં પેઢી માટે મહત્તમ પરિસ્થિતિ અને સંજોગોના સંદર્ભમાં શક્ય તેટલો વધુમાં વધુ મહત્તમ નફો પ્રાપ્ત કરવાનું એકમાત્ર ધ્યેય રાખવામાં આવ્યું છે.

## 1.3 વિવિધ બજાર વ્યવસ્થામાં મહત્તમ નફાનો હેતુ :-

એકમલક્ષી અર્થશાસ્ત્ર એટલે કે મૂલ્યના સિદ્ધાંતોમાં પેઢીના વર્તન સંદર્ભે સૈદ્ધાન્તિક ચર્ચા કરવામાં આવી છે. જે મુજબ મોટાભાગની આર્થિક પ્રવૃતિ એ મહત્તમ આર્થિક લાભ માટે કરવામાં આવતી હોય છે. આથી પેઢી પણ મહત્તમ નફાને ધ્યાનમાં રાખીને ઉત્પાદન અને કિંમત સંદર્ભે વર્તન કરે છે. મહત્તમ નફા માટેની એક ગાણિતિક શરત સીમાંત આવક = સીમાંત ખર્ચ ની સ્થિતિએ ઉત્પાદન કરવા અંગેની છે. પેઢી બજારમાં પોતાની પેદાશની માંગને ધ્યાનમાં રાખીને ઉત્પાદન વૃદ્ધિ કરે છે, પરંતુ ઉત્પાદનનું ચોક્કસ પ્રમાણ એટલે કે નિશ્ચિત ઉત્પાદનની કક્ષાએ સમતુલા પ્રાપ્ત કરવા સંદર્ભે મહત્તમ નફાની સ્થિતિને ધ્યાનમાં રાખે છે. જ્યાં સુધી નફો વધતો જાય ત્યાં સુધી પેઢી ઉત્પાદનમાં વૃદ્ધિ કરવાનું ચાલુ રાખે છે અને જ્યારે નફો મહત્તમ થાય ત્યારે ઉત્પાદન વૃદ્ધિ સ્થગિત કરી એ કક્ષાએ ઉત્પાદન કરે છે. મહત્તમ નફો પ્રાપ્ત થયો ન હોય તેવી સ્થિતિમાં પેઢી ઉત્પાદનની સમતુલામાં આવતી નથી, કારણ કે જો ઉત્પાદન વધારવામાં આવે તો નફાનું પ્રમાણ વધતું હોય છે. મહત્તમ નફાની સ્થિતિ પ્રાપ્ત થયા પછી જો ઉત્પાદનમાં વૃદ્ધિ ચાલુ રાખવામાં આવે તો સીમાંત ખર્ચ એ સીમાંત આવક કરતાં વધી જાય છે અને તેથી નફામાં ઘટાડો થાય છે. આમ નફામાં ઘટાડો થાય તે રીતે ઉત્પાદન વધારવું


પેઢીને પોષાતું નથી. ઉત્પાદનના મળતરના નિયમો અનુસાર જેમ જેમ ઉત્પાદન વધતું જાય તેમ તેમ અમુક હદ સુધી સીમાંત ખર્ચ ઘટતું હોય છે તથા સીમાંત આવક કરતાં ઓછું રહેતું હોય છે અને તેથી ઉત્પાદન વધારવામાં આવે તેમ નફાનું પ્રમાણ વધતું હોય છે અને જે ઉત્પાદન કક્ષાએ સીમાંત આવક = સીમાંત ખર્ચ થાય ત્યાં મહત્તમ નફા સાથે પેઢી સમતુલામાં આવે છે.

### 1.3.1 પૂર્ણહરીફાઈવાળા બજારમાં પેઢીની સમતુલા :-

પૂર્ણહરીફાઈવાળા બજારમાં કુલ બજાર પુરવઠામાં ઉપર કોઈ એક પેઢીના ઉત્પાદનની અસર થતી નથી અને દરેક પેઢીએ કુલ બજાર માંગ અને કુલ બજાર પુરવઠા દ્વારા નિર્ધારિત થતા બજારભાવ સ્વીકારવો પડે છે. આથી પેઢીની સીમાંત આવક અને સરેરાશ આવક એ એક જ હોય છે અને તે ક્ષિતિજ ધરીને સમાંતર હોય છે. સીમાંત ખર્ચની રેખા ઘટતા ખર્ચ અને વધતા ખર્ચ એટલે કે બિનપ્રમાણસર સાધન સંયોજનના નિયમ અનુસારની હોય છે એટલે કે શરૂઆતમાં સીમાંત ખર્ચરેખા ઉત્પાદન વધવા સાથે નીચે તરફ જાય છે અને ઘટતી પેદાશની સ્થિતિ આવતાં સીમાંત ખર્ચરેખા ઉપર તરફ જાય છે. આમ પેઢીની સીમાંત આવક અને સીમાંત ખર્ચરેખા બે જગ્યા એ એક સરખા થાય છે. જે પૈકી ઘટતાખર્ચની સ્થિતિમાં સીમાંત આવક = સીમાંત ખર્ચની સ્થિતિ એ મહત્તમ નફાની અને સમતુલાની સ્થિતિ હોતી નથી કારણ કે આ સ્થિતિથી આગળ ઉત્પાદન વધારવામાં આવે તો સીમાંત ખર્ચ ઘટતું જાય છે અને તેથી નફો વધવાની શક્યતા હોય છે આથી સીમાંત આવક = સીમાંત ખર્ચની સમતુલાની શરત દર્શાવવામાં આવે ત્યારે સીમાંત ખર્ચ વધતું હોવું જોઈએ. જે આકૃતિ 1.1 દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

આકૃતિ 1.1

પૂર્ણહરીફાઈવાળા બજારમાં મહત્તમ નફો




આકૃતિ 1.1 મુજબ E બિંદુએ સમયના ટુંકાગાળામાં પેઢી સીમાંત આવક = સીમાંત ખર્ચ થતા ત્યાં મહત્તમ નફાની સ્થિતિએ પેઢી સમતુલામાં આવે છે. OQ ઉત્પાદને પેઢીની કુલ આવક OQEP થાય છે અને પેઢીનું કુલ ખર્ચ


OQGH થતા પેઢીનો મહત્તમ નફો PHEG જેટલો થાય છે. ટૂંકાગાળાની આ સ્થિતિમાં સરેરાશ ખર્ચ કરતાં સરેરાશ આવક વધુ હોવાથી અસાધારણ નફો પ્રાપ્ત થાય છે. તેનાથી પ્રેરાઈને નવી પેઢીઓનો ઉદ્યોગ પ્રવેશ થાય છે અને લાંબેગાળે સરેરાશ આવક = સરેરાશ ખર્ચની સ્થિતિએ સામાન્ય નફો થતા પેઢી સમતુલામાં આવે છે અને આ સ્થિતિ એ પેઢીનો નફો મહત્તમ જોવા મળે છે. જો કે આ સ્થિતિ ટૂંકાગાળાની છે, પરંતુ લાંબેગાળે પેઢી સીમાન્ત આવક = સીમાંત ખર્ચ = સરેરાશ આવક= સરેરાશ ખર્ચ થતાં સામાન્ય નફાની સ્થિતિએ પેઢી સમતુલા આવે છે.

### 1.3.2 ઈજારાવાળા બજારમાં પેઢીની સમતુલા :-

ઈજારાવાળા બજારમાં પેઢી માટે એકાધિકારની સ્થિતિ હોય છે એટલે કે જે તે વસ્તુના ઉત્પાદનમાં કોઈ હરીફ પેઢી હોતી નથી. આજ સ્થિતિમાં પેઢી ભાવ ઉપર વધુ નિયંત્રણ ધરાવે છે. ઈજારાની સ્થિતિમાં પણ મહત્તમ નફાની શરત એ સીમાંત આવક = સીમાંત ખર્ચ છે.

આકૃતિ 1.2

ઈજારાવાળા બજારમાં પેઢીની સમતુલા અને નફાનું મહત્તમીકરણ





આકૃતિ 1.2 મુજબ પાયાની ધરી ઉપર ઉત્પાદનના એકમો અને લંબ ધરી ઉપર આવક-ખર્ચ અને કિંમત દર્શાવી છે. આકૃતિમાં E બિંદુએ સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખા થતા પેઢી સમતુલામાં આવે છે. સમતુલાની સ્થિતિએ પેઢીને OQKP જેટલી કુલ આવક અને OQJC જેટલો કુલ ખર્ચ પેઢીને થાય છે. આ સ્થિતિએ પેઢી CJKP જેટલો મહત્તમ નફો પ્રાપ્ત કરે છે. ઈજારાની પરિસ્થિતિમાં ટૂંકાગાળામાં મહદંશે સરેરાશ આવક કરતાં સરેરાશ ખર્ચ ઓછુ હોવાથી અસામાન્ય નફો હોય છે. લાંબેગાળે ઈજારાવાળા બજારમાં કોઈ હરીફ પેઢીના પ્રવેશની શક્યતા ન હોવાથી લાંબેગાળે પણ અસામાન્ય નફાની સ્થિતિ રહેતી હોય છે.

### 1.3.3 અપૂર્ણ અને ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીની સમતુલા :-

વાસ્તવમાં પૂર્ણહરીફાઈવાળું બજાર અને પૂર્ણઈજારાવાળું બજાર કોઈપણ દેશમાં વર્તમાનમાં શક્ય નથી. પરંતુ વર્તમાનમાં આ બન્ને બજારની વચ્ચેની સ્થિતિ એટલે કે અપૂર્ણ અને ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર અસ્તિત્વમાં હોય છે. જેને પ્રો.રોબીન્સન અપૂર્ણહરીફાઈ અને ચેમ્બરલીન ઈજારાયુક્ત હરીફાઈવાળા બજાર તરીકે ઓળખે છે. બન્ને બજારમાં થોડોક ફેરફાર છે. અપૂર્ણહરીફાઈવાળા બજારમાં હરીફાઈના વધુ અને ઈજારાના ઓછા તત્વો જોવા મળે છે જયારે ઈજારા યુક્ત હરીફાઈવાળા બજારમાં હરીફાઈના ઓછા અને ઈજારાના તત્વો વધુ જોવા મળે છે. અપૂર્ણ અને ઈજારા યુક્ત હરીફાઈની બજાર વ્યવસ્થામાં પેઢીનો વસ્તુના ભાવ ઉપર પેઢીનો થોડો ઘણો (આંશિક) પ્રભાવ હોય છે અને તેથી સીમાંત આવક અને સરેરાશ આવક એ બજાર ભાવને પૂર્ણ રીતે અનુસરતા નથી. પેઢીની ભાવ ઉપરની આંશિક અસરને પરિણામે પેઢીની સીમાંત અને સરેરાશ આવક રેખાઓ સમાંતર નહી પરંતુ ઋણ ઢાળ ધરાવતી હોય છે. આ બજાર વ્યવસ્થામાં પણ ટૂંકા તેમજ લાંબાગાળામાં પેઢીની મહત્તમ નફાની સ્થિતિ માટે સીમાંત આવક =સીમાંત ખર્ચની શરત જરૂરી ગણાય છે. આકૃતિ 1.3 મુજબ અપૂર્ણ અને ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીની સમતુલા અને નફાનું મહત્તમીકરણ જોઈ શકાય છે.

આકૃતિ 1.3

અપૂર્ણ અને ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીની સમતુલા અને નફાનું મહત્તમીકરણ




આકૃતિ 1:3 મુજબ E બિંદુએ સીમાંત આવક = સીમાંત ખર્ચ મહત્તમ નફાની સ્થિતિમાં છે. પરંતુ ટૂંકાગાળામાં સરેરાશ આવક સરેરાશ ખર્ચથી વધુ હોવાથી અસામાન્ય નફો થાય છે. પેઢીને OQ ઉત્પાદને OQKP કુલ સરેરાશ આવક અને OQJC કુલ સરેરાશ ખર્ચ થાય છે. પરિણામે પેઢીનો કુલ નફો CJKP જેટલો અસામાન્ય નફો થાય છે. જેનાથી નવી પેઢીઓ ઉદ્યોગમાં આકર્ષાય અને સરેરાશ આવક = સરેરાશ ખર્ચ એટલે કે સામાન્ય નફાની સ્થિતિ આવે ત્યાં સુધી પ્રવેશ ચાલુ રહે છે. ખોટની સ્થિતિમાં પેઢીઓ ઉદ્યોગ છોડી ચાલી જાય છે.

સમતુલાની શરત એ સીમાંત આવક = સીમાંત ખર્ચ છે અને ત્યાર બાદ સીમાંત ખર્ચ વધતું હોવું જોઈએ . ટુંકાગાળામાં તેમજ લાંબાગાળામાં બજાર વ્યવસ્થા અનુસાર સામાન્ય નફો કે અસામાન્ય નફાની સ્થિતિ હોય છે, પરંતુ પેઢીની સમતુલાની શરત બદલાતી નથી.

પૂર્ણહરીફાઈ, ઈજારો, અપૂર્ણ કે ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીના મહત્તમીકરણના હેતુ જોયા બાદ પેઢીના વૈકલ્પિક હેતુઓ વડે નફાના મહત્તમીકરણની સ્થિતિ જોઈએ.

➢ **પેઢીની સમતુલા વિશે ખર્ચ અને આવકની રેખાઓનાં સ્થાન બાબત :**

આકૃતિ 1.1, 1.2 અને 1.3 જોતાં જણાય છે કે આકૃતિમાં સરેરાશ આવક અને સીમાંત આવકની રેખાઓ OY ધરીને અડીને જ નીકળે છે, જ્યારે ખર્ચની રેખાઓમાં સરેરાશ ખર્ચ (AC)ની રેખા OY ધરીને અડીને નીકળી રહી છે, જ્યારે MC એટલે કે સીમાંત ખર્ચની રેખા OY ધરીથી દૂર શરૂ થાય છે. તેનાં કારણોમાં,

(i) જ્યારે OX ધરી ઉપર ઉત્પાદન શૂન્ય હોયત્યારે આવક પણ શૂન્ય હોય છે એટલે આવકની રેખાઓ શૂન્ય ધરીને સ્પર્શ કરતી, તેમાંથી નીકળતી બતાવવામાં આવે છે.

(ii) જ્યારે ઉત્પાદન ચાલુ ન થયું હોય ત્યારે પણ કેટલાક સ્થિર ખર્ચ પેઢીએ કરવાના રહે છે. તેથી સરેરાશ ખર્ચની રેખા શૂન્ય હોઈ શકે નહીં.

(iii) જ્યારે ઉત્પાદન શરૂ થાય ત્યારે વધતાં ઉત્પાદન માટે સીમાંત ખર્ચ હોય છે. તેથી શૂન્ય ઉત્પાદને ઉત્પાદન ખર્ચ શૂન્ય હોય છે.

## 1.4 મહત્તમ નફાના વૈકલ્પિક હેતુઓ :-


જુદા જુદા બજાર વ્યવસ્થામાં પેઢીના નફાનું મહત્તમીકરણ જોયા બાદ પેઢી મહત્તમ નફા સંદર્ભે ઘણા વૈકલ્પિક હેતુઓ પણ ધરાવે છે તે નીચે મુજબ છે.

**1.4.1 મહત્તમ સંતોષનો ઉદ્દેશ :-** પરંપરાગત પેઢીના ઉદ્દેશ તરીકે મહત્તમ નફાને મહત્ત્વનો ઉદ્દેશ ગણાવાયો છે. જે માનવીના તાર્કિક વર્તનને અનુરૂપ છે. કોઈ પણ વ્યક્તિ જ્યારે કોઈપણ આર્થિક પ્રવૃતિ કરે છે એટલે કે ઉત્પાદન કે વપરાશ કરે ત્યારે તે તાર્કિક રીતે વર્તન કરે છે અને પોતાની આર્થિક પ્રવૃતિમાંથી મહત્તમ લાભ મળે તેવો પ્રયાસ કરે છે. એટલે કે ગ્રાહક મહત્તમ સંતોષ મળે તે રીતે વપરાશ કરે છે. અને યોજક મહત્તમ નફો મળે તે રીતે પેઢીનું સંચાલન કરે છે. પ્રો. રેડર, સ્ટીકોવલ્સ્કી, હિગિન્સ, બેન્જામિન વગેરે અર્થશાસ્ત્રીઓ પેઢીના સંચાલક કે યોજકને તાર્કિક મનુષ્ય ઉપરાંત સંવેદનશીલ મનુષ્ય પણ ગણાવે છે. એક માનવી તરીકે યોજકનો ઉદ્દેશ પોતાના આર્થિક એકમના સંચાલનમાંથી મહત્તમ સંતોષ મેળવવાનો હોઈ શકે છે. આથી ઘણા યોજકોને મહત્તમ નફો પ્રાપ્ત કરે ત્યારે કેટલીક તકલીફો જેવી કે થાક, કંટાળો,ગમો, અણગમા વગેરે ભોગવવા પડે છે. તેથી કેટલાક યોજકો મહત્તમ નફા માટે વિશેષ પ્રયત્ન કરવાનું ટાળે છે અને શક્ય તેટલાં વધુ નફાના હેતુને ધ્યાનમાં રાખી એકંદર સંતોષ મહત્તમ થાય તેવો પ્રયાસ કરે છે. આમ, પેઢી માટે મહત્તમ નફો

કરતાં પણ વિશેષ મહત્તમ સંતોષ એ વધુ યોગ્ય ઉદ્દેશ જણાય છે. જે આકૃતિ 1.4 વડે જાણી શકાશે.

આકૃતિ 1.4

નિયોજકનું ધ્યેય મહત્તમ સંતોષ અથવા મહત્તમ તુષ્ટિગુણનું ધ્યેય




આકૃતિ 1.4 મુજબ OX રેખા ઉપર નિરાંત અથવા આરામના એકમો અને OY ધરી ઉપર ચોખ્ખો નફો નાણામાં દર્શાવવામાં આવ્યો છે. $IC_1$ અને $IC_2$ સમતૃપ્તિ રેખાઓ છે કે જે આરામ અને નફાના જુદા જુદા સંયોજન નિયોજકને પ્રાપ્ત થતો એક સરખો સંતોષ દર્શાવે છે. નિયોજક પાસે OW સમય છે. જે આરામ કે નિરાંતમાં પસાર કરે તો નિયોજકને કોઈ જ નફો મળશે નહીં, પરંતુ જો અમુક સમય ધંધાકીય પ્રવૃત્તિ કરે તો તેને નફો મળશે અને અમુક કે નિરાંત કે  આરામ પણ પ્રાપ્ત કરશે આકૃતિ માં WRTP રેખા કુલ નફાનું પ્રમાણ દર્શાવતી રેખા છે. જે W થી P બિંદુએ અટકે છે. જો નિયોજક WM જેટલો સમય ધંધાકીય પ્રવૃત્તિ પાછળ ખર્ચે તો OM જેટલો આરામ કરે તો તેનો નફો MT જેટલો થાય છે. જે મહત્તમ નફાની સપાટીએ છે. આ સ્થિતિમાં નિયોજકને પ્રાપ્ત થતો કુલ સંતોષ તુષ્ટિગુણ  $IC_1$ રેખા દર્શાવે છે.

નીચેની સમતૃપ્ત રેખા છે. જોકે અહીં, નિયોજક મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવા ઊંચામાં ઊંચી સમ તૃપ્તિરેખા $IC_2$ અને કુલ નફાની રેખા PW જ્યાં એકબીજાને સ્પર્શે છે તે R બિંદુ પસંદ કરશે. પરિણામે R બિંદુએ નિયોજક WN જેટલો સમય ધંધાકીય પ્રવૃત્તિ પાછળ ખર્ચશે. જેથી NR જેટલો નફો મેળવશે અને ON જેટલો સમય ને નિરાંત અને આરામ ભોગવશે.જો કે R બિંદુએ નિયોજકનો નફો મહત્તમ નથી, પરંતુ નિયોજકનો સંતોષ અથવા તૃષ્ટિગુણ મહત્તમ છે. આ રીતે જો માત્ર નિયોજકને મહત્તમ નફો પ્રાપ્ત કરવો હોય તો આકૃતિમાં T બિંદુએ મહત્તમ નફો છે, પરંતુ નિયોજક મહત્તમ નફાને ઓછુ પ્રાધાન્ય અને મહત્તમ સંતોષને વધુ પ્રાધાન્ય આપતા R બિંદુએ કે જ્યાં

નિયોજકને મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય છે. ત્યાં ઓછું ઉત્પાદન કરીને પણ નિયોજક મહત્તમ સંતોષનો હેતુ સિદ્ધ કરશે.

1.4.2 **સલામત નફાનો હેતુ :-** પ્રો કે રોસ્ચીલ્ડના મતે કોઈ પણ નિયોજક કોઈ એક સમયે અથવા ટુકાગાળા માટે મહત્તમ નફો મેળવવા માંગે છે અને નિશ્ચિત અને કાયમી ધોરણે લાંબાગાળા સુધી નફો પ્રાપ્ત કરી અમૂક ચોક્કસ બજાર હિસ્સો પ્રાપ્ત કરીને બજારમાં ટકી રહેવા માગે છે. આમ લાંબાગાળામાં ચોક્કસ અને કાયમી બજાર હિસ્સો પ્રાપ્ત કરે તેને સલામત નફો કહેવાય છે.

સલામત નફાનો ખ્યાલની ચર્ચા K.W.ROhchild થકી તેમના પુસ્તક "Price Theory and Oligopoly"માં પેઢીના પરંપરાગત મહત્તમ નફાના સિદ્ધાંતના વિકલ્પ તરીકે સલામત નફાના હેતુના સિદ્ધાંત સ્વરૂપે કરી છે. પેઢીના ચોક્કસ સલામત નફાની રજૂઆત પ્રો. માર્ચ, એચ.એ.સાયમન, રોથ્સ ચાઇલ્ડ, પ્રો.સીઅર્ટ વગેરે અર્થશાસ્ત્રીઓએ પણ કરી છે. પ્રો હોલ અને હીચ પોતાના સંશોધન અભ્યાસમાં 38 પેઢીના વર્તન તપાસવાનો પ્રયત્ન કર્યો હતો. આ વિદ્વાનોના મતે પેઢી માત્ર મહત્તમ નફાનો ધ્યેય નહીં પરંતુ કાયમી ધોરણે સલામત અને ચોક્કસ નફા માટે કામ કરે છે. પ્રો.એચ.એ સાયમને સંશોધનના આધારે જણાવ્યું છે કે પેઢી નફો તથા ધંધાની અમુક કક્ષાએ પહોંચવા માટે પ્રયાસો કરે છે.પેઢી ઉત્પાદન ખર્ચમાં નફાનું અમુક ચોક્કસ પ્રમાણ ઉમેરીને કિંમત નક્કી કરવાનું વલણ ધરાવે છે. જો કે માત્ર પેઢી  નફો મહત્તમ કરવાને બદલે સંતોષકારક નફો એટલે કે સલામત નફાનો દર જાળવવાનો પ્રયત્ન પણ કરે છે. પેઢીના સંચાલનના નિર્ણયોમાં ઘણાં જૂથો અસર કરે છે. આથી પેઢી માત્ર મહત્તમ નફાના ધ્યેયને સાથે નિર્ણય કરે તે પૂરતું નથી, પરંતુ લાંબાગાળા સુધી પેઢી પોતાના અસ્તિત્વને બજારમાં ટકાવી રાખવા માટે સંતોષકારક અને સલામત નફાને ધ્યાને રાખી નિર્ણયો કરે છે. વર્તમાન સમયમાં પોતાના શેરહોલ્ડરોને વધુ ડિવિડન્ડ આપી વધુ શેરહોલ્ડરોને આકર્ષવા તેમજ ગ્રાહકોની બજારની કુલ માંગને હાંસલ કરવા શક્ય તેટલી નીચી કિંમતે વસ્તુ આપવા અને કુશળ, હોશિયાર અને તર્કબદ્ધ વર્તન કરનારા મૅનેજરોને ઊંચા વેતન આપવા માટે પ્રયત્ન કરે છે, પરંતુ આ ત્રણેય હેતુઓ એક બીજાથી વિપરિત છે. આ ત્રણેય વિપરીત ધ્યેયો જેવા હોવા છતાં પેઢીએ પોતાનું લાંબાગાળા સુધી અસ્તિત્વ ટકાવવા અને બજાર માંગ ઉપર અંકુશ ધરાવવા સંતોષકારક અને સલામત નફો ટકાવી શકે તેવું સંચાલન કરવું અનિવાર્ય છે.

પ્રો. કે. રોસ્ચીલ્ડએ બાબતનો સ્વીકાર કરે છે કે પૂર્ણહરીફાઈ અને ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં કામ કરતી પેઢી, પેઢીઓના મોટા સમૂહના સામુહિક બળ સામે વ્યક્તિગત ધોરણે પોતાનું હિત સાચવવા સમર્થ હોતી નથી. જોકે ઈજારો ધરાવતી પેઢી પોતેજ એક માત્ર ઉત્પાદક હોવાથી તેના માટે સલામતીનો કોઈ પ્રશ્ન જ નથી. કારણ કે તેની હરીફાઈમાં અન્ય કોઈ પેઢીનું બજારમાં અસ્તિત્વ જ નથી. પરંતુ વર્તમાન સમયમાં ઘણા ખરા ઉદ્યોગોની અલ્પહસ્તક ઈજારાની સ્થિતિ જોવા મળે છે. અલ્પહસ્તક ઈજારામાં કામ કરતી પેઢી માટે મહત્તમ નફાનું જે ધ્યેય છે તે પૂરતું કે પર્યાપ્ત નથી. પેઢીએ બજારમાં પોતાના અસ્તિત્વને લાંબાગાળા સુધી ટકાવી રાખવું જરૂરી

છે આ સંદર્ભમાં સલામત નફાના ધ્યેય સાથે કામ કરે છે અને તે રીતે ઉત્પાદનના સાધનોની વહેંચણી કરી પોતાની શક્તિ મજબૂત બનાવે છે. અહીં વર્તમાનમાં અલ્પહસ્તક ઈજારામાં પેઢીની માંગરેખા ખાંચાવાળી હોય છે, જે અંતર્ગત રૂઢિગત સલામત નફો પ્રાપ્ત થાય તેવા ભાવને વળગી રહે છે.

ટૂંકમાં, વર્તમાન સમયમાં હરિફાઈમાં ટકવા માટે પેઢીએ પોતાનું સ્થાન સલામત રાખીને પોતાની શક્તિ મજબૂત બને તે રીતે વર્તવું પડે છે,એટલે કે મહત્તમ નફાના ઉદ્દેશ સાથે સલામત નફો પ્રાપ્ત કરવો અનિવાર્ય છે.

1.4.3 **પૂર્ણખર્ચ પ્રાપ્તિનું ધ્યેય :-** વીસમી સદીના પૂર્વાર્ધના પાછલા દાયકાઓમાં બજારમાં ઔદ્યોગિક ક્ષેત્રે ઘણા પરિવર્તનો આવ્યા. જેમાં પૂર્ણહરીફાઈ અને ઈજારાયુક્ત હરીફાઈ જેવી બજાર વ્યવસ્થાઓના સ્થાને અલ્પહસ્તક ઈજારાની વ્યવસ્થા ઝડપથી વિકસવા પામી અને બજારમાં નાની પેઢીઓના બદલે મોટા કદની પેઢીઓનું મહત્વ વધવા પામ્યું. આ સંદર્ભમાં ઓક્સફર્ડ યુનિ.પ્રો.આર.એલ.હોલ અને પ્રો. સી.જે. હિંચ દ્વારા મહામંદીના સમયગાળા દરમિયાન 1938 માં કેટલીક મોટા કદની પેઢીઓના વર્તનનો અભ્યાસ કરવામાં આવ્યો, જેના તારણ અનુસાર અલ્પહસ્તક ઈજારાદાર પેઢીઓ સીમાંત આવક અને સીમાંત ખર્ચ જેવી બાબતોથી અજાણ હતી એટલે કે વ્યવહારિક રીતે પેઢીના સંચાલનમાં સીમાંત આવક અને સીમાંત ખર્ચ જેવા પરિબળોનો બિલકુલ ઉપયોગ થતો ન હતો અને મહદઅંશે સરેરાશ આવક અને સરેરાશ ખર્ચ ઉપર જ ધ્યાન આપવામાં આવતું હતું. આમ, પેઢીના વર્તનમાં સીમાંત આવક અને સીમાંત ખર્ચનું વિશ્લેષણ એ માત્ર તાર્કિક વિશ્લેષણ છે જેનું વ્યવહારિક મહત્વ બિલકુલ નથી. આ બાબતોને આધારે હોલ અને હીચના સંશોધનમાં પેઢીના વર્તન સંદર્ભે પૂર્ણખર્ચ પ્રાપ્તિનું વર્તન ધ્યાનમાં આવ્યું. પ્રો. રોથ્શચાઈલ્ડે પેઢીના ધ્યેય તરીકે પૂર્ણખર્ચ પ્રાપ્તિને મહત્વનું ધ્યેય દર્શાવ્યું છે. પેઢી પોતાની વસ્તુની કિંમત એવી રીતે નક્કી કરશે કે જેમાં પોતાની પેદાશનું સરેરાશ ખર્ચ મળી રહે તે ઉપરાંત અપેક્ષિત નફો પણ મળી રહે. ટૂંકમાં પૂર્ણખર્ચને સૂત્રમાં રજુ કરીએ તો...

પૂર્ણખર્ચ = સરેરાશ સ્થાયી ખર્ચ + સરેરાશ અસ્થાયી ખર્ચ + સંતોષકારક અને સલામત નફો .

1.4.4 **મહત્તમ વેચાણ અને વૃદ્ધિનો ધ્યેય :-** કોર્પોરેટ સેક્ટરની અલ્પહસ્તક ઈજારાદાર એવી મોટી પેઢીઓમાં પેઢીના સંચાલનમાં મુખ્યત્વે બે સ્તર જોવા મળે છે.

(1) શેરહોલ્ડરો દ્વારા ચુંટાયેલા બોર્ડ ઑફ ડિરેક્ટર્સનો હેતુ એ કંપનીના નફાને ઉચ્ચ સ્તરે લઈ જઈને શેરહોલ્ડરોને શક્ય તેટલું વધુ ડિવિડન્ડ ચુકવવાનું અને તે દ્વારા શેરહોલ્ડરોનો વિશ્વાસ ટકાવી રાખવાનો કે વધારવાનો હોય છે. ઊંચા નફાને પરિણામે વહેંચાતા ઊંચા ડિવિડન્ડને લીધે બજારમાં પેઢીના શેરનું મૂલ્ય ટકી રહે છે કે વધવા પામે છે. ઊંચા ડિવિડન્ડ વડે શેરહોલ્ડરોનો વિશ્વાસ તથા શેરના મૂલ્યમાં વૃદ્ધિ વડે પેઢીની શાખમાં વધારો થઈ શકે તેવા હેતુ પાર પાડવા માટે યોજકો ઊંચા નફાને પ્રાધાન્ય આપે છે.

(2) મોટા કદની પેઢીઓના રોજબરોજના સંચાલનમાં તેમજ કેટલાક મહત્વના નિર્ણયોમાં પેઢીના પગારદાર સંચાલકો એટલે કે મેનેજરો મહત્વની ભૂમિકા ભજવે છે. સંચાલકોના ઉદ્દેશો તેમના હિતોને અનુરૂપ હોય છે. સંચાલકોના હિતો સલામતી, પ્રતિષ્ઠા, સત્તા અને વધુ નાણાકીય વળતર વગેરે હોય છે.આથી સંચાલકો તેમના હિતોને અનુરૂપ પેઢીના ધ્યેયો ઉપર પ્રભાવ પાડે છે.

વધુ વેચાણ દ્વારા પેઢી બજારમાં પોતાનો હિસ્સો વધારી શકે છે જે સ્પર્ધામાં આગળ રહેવા માટે મહત્વપૂર્ણ છે. જો પેઢીનું વેચાણ વધે તો આવક વધે જેનાથી નફો, રોકાણ અને વિસ્તરણની તકો મળે. સાથે મોટા પાયે ઉત્પાદન થતા ઉત્પાદન ખર્ચ ઘટે છે, જે નફામાં વધારો કરે છે જેથી નવા ઉત્પાદનો, સેવાઓ ગ્રાહકો અને જેથી નવા ઉથ્પાદનો, સેવાઓ ગ્રાહકો અને મેનેજરોને આકર્ષવામાં આવે છે. જેથી પેઢીના કદમાં વૃદ્ધિ થાય છે. નવીન ટેકનોલૉજીના વિકાસથી સ્પર્ધામાં ટકી રહેવાય છે. આ સંદર્ભે પેઢીના સંચાલકો નફાને બદલે પેઢીના કદ વિસ્તારને વધુ મહત્વ આપે છે. ઘણા અર્થશાસ્ત્રીઓએ પેઢીના હેતુઓ નિર્ધારિત કરવામાં પેઢીના સંચાલકોના પ્રભાવને મહત્વનું ગણાવ્યું છે.પેઢીનું કદ એ પેઢીના ઉત્પાદનના અને વેચાણના કદ સાથે સંકળાયેલ છે.આથી પેઢીના મહત્વના ઉદ્દેશોમાં મહત્તમ ઉત્પાદન અને વેચાણને એટલે કે પેઢીના કદમાં વૃદ્ધિને મહત્વનું ધ્યેય ગણવામાં આવે છે.


**1.4.5 મહત્તમ વેચાણ આવકનો ઉદ્દેશ જેમાં બોમલનો પેઢીનો સિદ્ધાંત :-** કોર્પોરેટ સેક્ટરની કંપની પોતાની શાખ જમાવ્યા પછી બજારમાંથી પુષ્કળ મૂડી એકત્ર કરીને કંપનીના કદમાં વધારો કરી શકે છે. કંપનીઓ બજારમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા તથા વધારવા માટે પેઢીના કદમાં વૃદ્ધિના ધ્યેયને મહત્વ આપે છે. આમાંથી પેઢીના વિકાસનો સિદ્ધાંત વિકસ્યો છે. જો કે પેઢીના વિકાસ કે વૃદ્ધિને કેટલીક મર્યાદાઓ પણ હોય છે. પેઢીની વૃદ્ધિ અમુક હદ સુધી થઈ શકે છે, પરંતુ તેમાં કેટલાક અવરોધો પણ ઉદભવે છે. પ્રો બોમલે પેઢીના વિકાસના સંદર્ભમાં મહત્તમ વેચાણ આવકના ધ્યેયને પેઢીઓ મહત્વનો ઉદ્દેશ ગણાવ્યો છે. પેઢીની વૃદ્ધિ સાથે સંકળાયેલ મહત્તમ ઉત્પાદન કે મહત્તમ વેચાણના ધ્યેયની મર્યાદા એ છે કે વધુ પડતું વેચાણ પેઢીના પેદાશના ભાવો ઉપર પ્રતિકૂળ અસરો કરીને પેઢીના નફામાં નોંધપાત્ર ઘટાડો સર્જે છે. આથી બોમલે મહત્તમ વેચાણને બદલે ''મહત્તમ વેચાણ આવક''ના ધ્યેયને મહત્વ આપ્યું છે. અહીં વેચાણ એ હદ સુધી વધારવામાં આવે કે જેથી ભાવ ઉપર કોઈ ખાસ પ્રતિકૂળ અસર ન થાય અને વેચાણ આવક ઓછી થવા ન પામે બીજા અર્થમાં પ્રો. બોમલે પેઢીના બે મહત્વનાં ઉદ્દેશો એક સાથે દર્શાવ્યા છે. જેમાં (1) પેઢીની વધુ નફો અને (2) પેઢીનું વધુ વેચાણ આવક. આ બંને ઉદ્દેશો પૈકી બોમલ વધુ વેચાણ આવકના ધ્યેયને વિશેષ મહત્વ આપે છે. જો કે વધુ વેચાણ આવકનો ઉદ્દેશ સિદ્ધ કરવાનો હોય ત્યારે ઊંચા નફાના ઉદ્દેશનું ધ્યાન પણ રાખવામાં આવતું હોય છે. આમ પેઢી નફાના એક અપેક્ષિત પ્રમાણના ધ્યેયને જાળવીને વિકાસ વૃદ્ધિના ધ્યેયને પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે.

બોમલનો "On the theory of oligopoly" (1958) નામના લેખમાં જણાવ્યું છે કે પેઢી અમુક જરૂરી નફાની સપાટીએ પહોચ્યા પછી પોતાના વેચાણમાંથી પ્રાપ્ત થતી આવક મહત્તમ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પેઢી નફાની લઘુતમ સપાટીએ પહોચ્યા પછી નફાના ભોગે વેચાણ આવક મહત્તમ કરે છે. આ બાબત સમજાવવા બોમલે આલ્ફ્રેડ માર્શલના વિશ્લેષણમાં પેઢીની કુલ આવકમાંથી તેનો કુલ ખર્ચ બાદ કર્યા પછી કેટલો નફો થાય છે. તેને સમજાવવા જુદા જુદા ઉત્પાદનની સપાટીએ કુલ ખર્ચ, કુલ આવક અને કુલ નફાના ફેરફારની સ્થિતિ કેવી છે. તે થકી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

બોમલે કોર્પોરેટ પેઢીના સંદર્ભમાં પેઢીના ઉદ્દેશોમાં વિવિધ ઉદેશો પૈકી મહત્તમ વેચાણ આવકના ઉદેશને પ્રાધાન્ય અપાયું છે. આ ઉદેશ અહી દર્શાવેલ આકૃતિમાં સ્પષ્ટ થાય છે.

આકૃતિ 1.5

મહત્તમ વેચાણ આવકનો ઉદ્દેશ




આકૃતિ 1.5 મુજબ OX ધરી ઉપર વેચાણ જથ્થો અને OY લંબ ધરી ઉપર પેઢીની આવક, ખર્ચ અને નફો દર્શાવ્યા છે. જેમાં TC રેખા (TOTAL COST) કુલ ખર્ચ, TR (TOTAL REVNUE) કુલ આવક અને TP (TOTAL PROFIT) કુલ નફો દર્શાવે છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ પેઢીની કુલ આવક TR ઉપર V બિંદુએ $VJ_3$ અથવા $OA_3$ જેટલી મહત્તમ આવક છે અને વસ્તુનું ઉત્પાદન $OJ_3$ સૌથી મહત્તમ છે. આ બિંદુથી વધુ આવક પેઢીને થશે નહીં. જ્યારે નફાની દ્રષ્ટિએ જોઈએ તો આકૃતિના R બિંદુએ પેઢીનો નફો મહત્તમ છે. જ્યાં $OJ_1$ ઉત્પાદને $OA_1$ પેઢીનો નફો સૌથી મહત્તમ કક્ષાએ છે. એનાથી વધુ નફો અન્ય કોઈ ઉત્પાદને પેઢીને થશે નહીં.

બોમલના મતે પેઢી જો મહત્તમ વેચાણ આવક પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખશે તો $OJ_3$ જેટલાં જથ્થાનું ઉત્પાદન પેઢી કરશે અને મહત્તમ નફાનું ધ્યેય રાખશે તો પેઢી $OJ_1$ જથ્થાનું ઉત્પાદન કરી આકૃતિમાં દર્શાવેલ R બિંદુએ સમતુલામાં આવશે અને $OA_1$ જેટલો મહત્તમ નફો પ્રાપ્ત કરશે

આકૃતિ 1.5 દર્શાવ્યા મુજબ જરૂરી નફાની સપાટી દર્શાવે છે. રેખા S2 કુલ નફાની રેખા TP ને Y બિંદુએ કાપે છે. જ્યાં OJ ઉત્પાદને પેઢી નો $OA_0$ નફો દર્શાવે છે. હવે જો પેઢી તેનું ઉત્પાદન $OJ_0$ થી વધારીને $OJ_1$ કરે તો નફો પણ $OA_1$ થશે. પરંતુ પેઢીને વધુ નફો કરવામાં રસ ધરાવશે નહી, એટલે કે પેઢી $OA_0$ નફાથી $OA_1$ જેટલા વધારાના નફાનો ઉપયોગ વધુ વેચાણ કરવા જાહેરાતો અને વેચાણ વધારવા ગ્રાહકોની માંગને આકર્ષવા કરશે. અહીં પગારદાર સંચાલકોનો હેતુ પેઢીનું કદ કે વેચાણ વધારવા તેનું વેચાણ મહત્તમ કરવાનું છે. TP રેખાના N બિંદુએ કે જ્યાં ઉત્પાદન કે વેચાણ $OJ_2$ છે ત્યાં સમતુલા મેળવશે, એટલે કે $OA_0$ નફાની સ્થિતિએ Y બિંદુ કરતાં N બિંદુએ $OJ_0$ થી $OJ_2$ જેટલુ વેચાણ વધશે. ટૂંકમાં $OA_0$ થી $OA_1$ જેટલા નફાના ભોગે $OJ_0$ થી $OJ_2$ વેચાણ વધારવા સંયોજક પ્રયત્ન કરશે. આનાથી વધુ ઉત્પાદન જો $OJ_3$ કરી મહત્તમ આવક આકૃતિ 1.5 માં દર્શાવ્યા મુજબ V બિંદુએ $OA_3$ કરવાનો પ્રયત્ન નિયોજક કરશે તો પેઢીના માલિકો એટલે કે શેરહોલ્ડરો સાખી લેશે નહી કારણ કે પેઢીનું ધ્યેય માત્ર મહત્તમ આવક નહીં પરંતુ મહત્તમ વેચાણનું પણ હોય છે.

## 1.5 પેઢીના અન્ય ઉદ્દેશો :-

વર્તમાન કોર્પોરેટ પેઢી વધુ નફાની સાથે વધુ વેચાણને પણ મહત્વ આપે છે. નફા અને વેચાણ આવક બંને હેતુઓ સાથે રાખીને પેઢી વર્તે છે. આ ઉપરાંત પેઢીના ઉદ્દેશમાં પેઢીની પ્રતિષ્ઠા અને સામાજિક જવાબદારીનું નિર્વહન કે જે પેઢી માટે સમાજમાં ગુડવીલ પેદા કરે છે તેવા ઉદ્દેશોને પણ મહત્વ આપવામાં આવે છે.

**1.5.1 પેઢીનો નફો અને કદવૃદ્ધિ ઉદ્દેશ :-** પેઢીનો મુખ્ય ઉદ્દેશ અથવા પ્રાથમિક ઉદ્દેશ એ નફાનો હોય છે. મહત્તમ નફો એ એક આદર્શ ખ્યાલ છે, પરંતુ મહત્તમ નફો જાણવો કે માપવો મુશ્કેલ છે. આથી શક્ય તેટલો વધુ નફો અથવા અપેક્ષિત નફો જેવા ઉદ્દેશો એ પેઢીના સૌથી પ્રાથમિક કે મહત્વના ઉદ્દેશ્ય ગણાય છે. આ ઉદ્દેશ સાથે અન્ય ઉદ્દેશો પણ હોય છે. જેમાં પેઢીની વૃદ્ધિ, વધુ વેચાણ, મહત્તમ વેચાણ આવક વગેરે ઉદ્દેશો પ્રાપ્ત કરવા પેઢી પ્રયાસ કરે છે. પેઢીના કદનો વિસ્તાર પેઢીની શાખ, સત્તા, પ્રતિષ્ઠા માટે ઉપયોગી હોય છે. આમ, પેઢીનો કદ વિસ્તાર અથવા મહત્તમ વેચાણ આવક જેવો ઉદ્દેશ અને શક્ય તેટલો વધુ નફો. એ ઉદ્દેશો વચ્ચે સમાધાન કરવાનું વલણ પેઢી અપનાવે છે.

**1.5.2 વસ્તુની ગુણવત્તા જાળવીને પેઢીની શાખ જાળવવી :-** વસ્તુની ગુણવત્તા જાળવીને પેઢીની શાખ જાળવવી એ પેઢીનો એક અગત્યનો ઉદ્દેશ હોય છે. પેઢી પોતાના શેરહોલ્ડરો તથા પોતાના કર્મચારીઓને પૂરતો સંતોષ આપવા પ્રયત્ન કરે છે અને તે દ્વારા પેઢીની પ્રતિષ્ઠા શેરહોલ્ડરો તેમજ કર્મચારીઓમાં જળવાઈ રહે તે હેતુને પણ મહત્વ આપે છે. આ માટે બોનસ, ભેટ તથા અન્ય લાભો અને સુવિધાઓ આપવાનો હેતુ પેઢી ધરાવે છે. પેઢી સમાજમાં તેમજ જે તે વિસ્તારમાં પોતાની પ્રતિષ્ઠા વધારવા તથા પેઢી પ્રત્યે લોકોમાં

શુભેચ્છા એટલે કે ગુડવીલ મેળવવાનો પણ હેતુ ધરાવે છે. ઘણી પેઢીઓ જે વિસ્તારમાં કામ કરતી હોય તે વિસ્તારના લોકોને સુવિધાઓ અને કલ્યાણ માટે કેટલીક યોજનાઓ અને પ્રોજેક્ટો અમલમાં મૂકે છે. જેમ કે શાળાઓ, કોલેજો, દવાખાના, મોટી હોસ્પિટલો,પીવાના પાણીની સુવિધા, વીજળી, રસ્તા વગેરેની સુવિધાઓ પૂરી પાડે છે.આમ કરવાથી પેઢીના કાર્યસ્થળની આસપાસના રહેવાસીઓમાં પેઢી માટે ગુડવિલ સર્જાય છે અને પેઢીના કામકાજમાં કોઈ સ્થાનિક વિક્ષેપો પેદા થતા નથી.

1.5.3 **ચૅરિટી વડે પેઢીની શાખ વૃદ્ધિનો ઉદ્દેશ :-** પેઢી સામાન્ય કે સમગ્ર સમાજના કલ્યાણ અર્થે ચેરિટેબલ ટ્રસ્ટ રચે છે. જેમાં નફાનો ચોક્કસ હિસ્સો વખતો વખત ફાળવીને એ રકમમાંથી જરૂરિયાતવાળા લોકોને મદદરૂપ થવા તથા લોકકલ્યાણની પ્રવૃત્તિઓ કરવાના પ્રોજેક્ટ ચલાવે છે. આ સિવાય વિવિધ સમાજ કલ્યાણની પ્રવૃતિઓ કરતી NGO એટલે કે સ્વૈચ્છિક સંસ્થાઓને આર્થિક સહાય પૂરી પાડે છે.

પેઢીનો મહત્તમ નફાનો પ્રારંભિક ઉદ્દેશ માત્ર આદર્શવાદી ઉદ્દેશ હોવાથી અલ્પહસ્તક ઇજારાવાળી વ્યવસ્થાની કોર્પોરેટ ક્ષેત્રની મોટા કદની પેઢીઓના ઉદ્દેશોમાં ફેરફારો થયા છે. જેમાં મુખ્યત્વે બે ઉદ્દેશો મહત્વના છે.

(1) સંતોષકારક અપેક્ષિત નફાનું પ્રમાણ અથવા તો સલામત નફાનું પ્રમાણ. જે અંતર્ગત સરેરાશ ખર્ચમાં અપેક્ષિત કે સંતોષકારક નફા પ્રમાણ ઉમેરીને પૂર્ણખર્ચની ભાવનીતિ અપનાવાય છે.

(2) કોર્પોરેટ સેક્ટરની મોટા કદની પેઢી ઉપર માલિકો કે યોજકો, ઉપરાંત પગારદાર વ્યવસાયિક સંચાલકો પણ પ્રભાવ ધરાવે છે. તેથી સંચાલકીય ઉદ્દેશો પણ પેઢીના કદવૃદ્ધિના ઉદ્દેશ્યો સાથે મહત્વ ધરાવતા થયા છે આ સિવાય પેઢી સામાજિક ઉદ્દેશ્યો પણ ધરાવે છે

## 1.6 પ્રો. આર. મારીશનો સિદ્ધાંત :-

પેઢીના ઉદ્દેશોના સંદર્ભમાં વર્તમાન અલ્પહસ્તક ઇજારાદાર પેઢીઓ તથા કોર્પોરેટ કંપનીઓને ધ્યાનમાં રાખીને ઘણા અર્થશાસ્ત્રીઓએ મહત્તમ નફાના વિકલ્પે પેઢીના જુદાજુદા હેતુઓની ચર્ચા કરી છે.તે પૈકી એક અગત્યનો હેતુ - પેઢીની વૃદ્ધિનો હેતુ ઇ.સ.1964માં ''મેનેજીરીયલ કેપીટાલીઝ્મ'' પુસ્તકમાં આર.મારીશે વિસ્તારપૂર્વક ચર્ચ્યો છે. આર.સી. મારીશે આ સંદર્ભમાં પેઢીના કદની વૃદ્ધિના હેતુની ચર્ચા કરી છે. વર્તમાન મોટા કદની પેઢીઓ કોઈ એક જ વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરવાના બદલે બજારમાં ગ્રાહકોની માંગને અનુલક્ષીને તેમજ પોતાના પ્લાન્ટની સ્થાપિત ઉત્પાદનશક્તિને અનુકૂળ હોય તેવી રીતે એક કરતાં વધારે વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કરવાનું પસંદ કરે છે.જેને પરિણામે પેઢીના ઉત્પાદનમાં તથા વેચાણ આવકમાં વધારો થાય છે.બજારની પરિસ્થિતિને અનુરૂપ પોતાની પેદાશોની માંગ વધતી જાય અને એ વધવાના અંદાજ હોય તે પ્રમાણે પેઢી કદવૃદ્ધિ કરવાનું આયોજન કરતી હોય છે. પેઢીનું કદ એ બજારમાં પેઢીનો પ્રભાવ, શક્તિ અને પ્રતિષ્ઠા ઉપર હકારાત્મક અસર કરે છે. આથી પેઢી કદવૃદ્ધિના ઉદ્દેશને હમેશા ધ્યાનમાં રાખે છે.

**1.6.1 આર.મારીશનો પેઢીની વૃદ્ધિનો સિદ્ધાંત :-** પેઢીના ઉદ્દેશોના સંદર્ભમાં વર્તમાન અલ્પહસ્તક ઈજારાદાર પેઢીઓ તથા કોર્પોરેટ કંપનીઓને ધ્યાનમાં રાખીને ઘણા અર્થશાસ્ત્રીઓએ મહત્તમ નફા ના વિકલ્પે પેઢીના જુદાજુદા હેતુઓની ચર્ચા કરી છે. પેઢી વર્તમાન સમયમાં કોઈ એક જ વસ્તુનું ઉત્પાદન કરવાને બદલે જે તે વસ્તુના ઉત્પાદનમાં નવપ્રવર્તન કરીને વસ્તુને નવા સ્વરૂપે વખતો વખત રજૂ કરે છે.તે ઉપરાંત પેઢી એક જ પ્રોડક્ટને બદલે વધુ પ્રોડક્ટ્સ બજારમાં મૂકે છે.બજારમાં પ્રવર્તમાન વસ્તુઓની માંગ તથા જે તે ચીજોની માંગ અંગેના સર્વે અને અંદાજોને આધારે પેઢી ગ્રાહકોની પસંદગીને પારખીને એક કરતાં વધુ વસ્તુઓનું ઉત્પાદન કરે છે.આમ વસ્તુને નવા સ્વરૂપે મુકવાથી ઘણે અંશે ગ્રાહકો આકર્ષાય છે અને માંગનું વિસ્તરણ થાય છે તેથી પેઢીના કદમાં વૃદ્ધિ થાય છે.વળી એક કરતાં વધુ વસ્તુઓ બજારમાં મૂકવાથી નવા ગ્રાહકો પ્રાપ્ત થાય છે અને પેઢીનું એકંદર વેચાણ વધે છે.તેથી પેઢીના કદમાં વૃદ્ધિ થાય છે.પેઢીએ પેદાશોની માંગવૃદ્ધિ સાથે વસ્તુની ઉત્પાદન વૃદ્ધિ પણ કરવી પડે છે. બીજા અર્થમાં માંગવૃદ્ધિની સાથે વસ્તુના પુરવઠાની વૃદ્ધિ જાળવવી પડે છે.

**1.6.2 વસ્તુની માંગવૃદ્ધિ :-** પ્રો.મારીસે પેઢીના વિકાસના સિદ્ધાંતમાં જે ધારણા કરી છે તે મુજબ પેઢીની કુલ અસ્ક્યામતો વધે તે જ દરે પેઢીની માંગવૃદ્ધિ થાય છે. પેઢીની કુલ વેચાણ આવક અને અસ્ક્યામતો એક સરખા દરે વધે છે. પ્રો.મારીશના મત મુજબ વર્તમાન સમયમાં પેઢીની વસ્તુની માંગવૃદ્ધિ કરવા નિયોજકે નવા નવા સંશોધનો કરીને બજારમાં નવી નવી વસ્તુઓ મૂકીને પોતાની વસ્તુઓનું બજાર સતત વિસ્તારવું પડે છે. અલ્પહસ્તક ઈજારાવાળા બજારમાં કે ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢી માટે સફળ રહેવા માટેની શરત એ છે કે પેઢીએ તેના હરીફો સામે નવી નવી અને વધુ આકર્ષક વસ્તુઓ બજારમાં ગ્રાહકો સમક્ષ મૂકતા જ રહેવું જોઈએ. બજારમાં નવી વસ્તુઓ મૂકવાથી જરૂરી કે અપેક્ષિત માંગ સર્જવામાં પેઢી સફળ થાય છે. કોઈ પણ પેઢી બજારમાં જ્યારે નવી વસ્તુ મુકે છે ત્યારે લોકો શરૂઆતમાં ઉત્કંઠા કે જીજ્ઞાસાથી તે વસ્તુની માંગ કે વપરાશ કરે છે અને આ વસ્તુની માંગથી ગ્રાહક સંતુષ્ટ થાય તો તે વસ્તુની માગનું વિસ્તરણ થાય તેવું વાતાવરણ બજારમાં ઊભું થાય છે અને સમય જતાં તે વસ્તુનું બજાર વિસ્તૃત બનતા શરૂઆતમાં એક જ પેઢી આવી વસ્તુઓનું ઉત્પાદન કરનાર હોવાથી માંગ ઝડપથી વધે છે અને તે સમય દરમિયાન પેઢીનો વિકાસ ઝડપી રહે છે. જોકે પછી એના જેવી જ વસ્તુઓ કે અવેજી વસ્તુઓનું ઉત્પાદન હરીફ પેઢીઓ કરવા માંડે ત્યારે પેઢીની વસ્તુની માંગવૃદ્ધિનો દર ઘટતો જશે. પરિણામે ઉત્પાદન વૃદ્ધિદરમાં પણ ઘટાડો થશે. પેઢીનો વિકાસ મંદ થશે. આથી પેઢીએ સતત વસ્તુઓની માંગની વૃદ્ધિ ટકાવવા માટે જુદી જુદી વસ્તુઓ સફળતાપૂર્વક નવપ્રવર્તનો કરી નવી નવી ભિન્ન વસ્તુઓ સંદર્ભે બજારમાં મૂકતા રહેવું તે પેઢીની વૃદ્ધિ માટે અત્યંત આવશ્યક છે. પ્રો. મારીશના મતે પેઢીના ઉત્પાદનની માંગમાં કેટલી ઝડપથી વૃદ્ધિ થશે તેનો આધાર કેટલી ઝડપથી તે નવી વિભિન્ન વસ્તુઓ સફળતાપૂર્વક બજારમાં મુકી શકે છે તેના ઉપર રહેલો છે.

- ❖ પુરવઠા વૃદ્ધિઃ- પ્રો. મારીશના મતે પેઢીએ પોતાની માંગવૃદ્ધિને ટકાવવા માટે ઉત્પાદન વધારી બજારમાં કુલ પુરવઠામાં વધારો કરવો અત્યંત આવશ્યક છે. પેઢીના અસ્તિત્વને ટકાવવા અને બજારની કુલ માંગ હાંસલ કરવા માંગવૃદ્ધિ સાથે સાથે પુરવઠા વૃદ્ધિ કરવી જરૂરી છે અને પુરવઠામાં વધારો કરવા માટે પેઢીએ ઉત્પાદનના સાધનો વધારવા પડે છે. પેઢીને કુશળ અને તાલીમબદ્ધ શ્રમિકોની આવશ્યકતા રહે છે. વધેલી માગને પહોચી વળવા માટે પેઢીએ પોતાના મૂડીરોકાણમાં પણ વધારો કરવો પડશે. તેણે ટેકનિશિયનો અને નવી ટેકનોલોજીવાળી યંત્રસામગ્રીનો ઉપયોગ કરી બજારમાં પૂરવઠો વધારવો પડશે. મકાનો, યંત્રો, સાધન સામગ્રીનો તેમજ કાચો માલસામાન, ઊર્જાના સાધનો જેવા કે કોલસો, ક્રૂડ ઑઈલ વગેરે અસ્ક્યામતો વધારી પુરવઠામાં વૃદ્ધિ કરવી અનિવાર્ય છે.

**1.6.3 ઉત્પાદનશક્તિ વધારવા માટે મૂડીરોકાણના પ્રાપ્તિસ્થાન :-** આર. મારીસે પેઢીની વૃદ્ધિના આ સિદ્ધાંતમાં માંગની વૃદ્ધિ અને પુરવઠાની વૃદ્ધિનું વિશ્લેષણ લાંબાગાળાના સંદર્ભમાં કર્યું છે.માંગ વૃદ્ધિને અનુરૂપ પુરવઠા વૃદ્ધિ જાળવવા માટે પેઢીએ ઉત્પાદન વૃદ્ધિ માટેના સાધનોમાં વધારો કરવો જરૂરી બને છે. ઉત્પાદન વૃદ્ધિ માટે પેઢીએ ઉત્પાદનશક્તિ વધારવી પડે છે.ઉત્પાદનશક્તિ વધારવા માટે પેઢીએ મુખ્યત્વે મૂડીરોકાણ વધારતા રહેવું પડે છે.મૂડીરોકાણ માટેના પેઢીના બે પ્રકારના પ્રાપ્તિ સ્થાનો છે. (1) આંતરિક અને (2) બાહ્ય.

- ❖ **મૂડીના આંતરિક પ્રાપ્તિસ્થાન :-** પેઢીનો મૂડીનો આંતરિક સોર્સ એ અનામત નફા ઉપર આધારિત છે. પેઢી પોતાના નફામાંથી ડિવિડન્ડ ચૂકવતી હોય છે અને તેમાં થોડો કાપ મૂકીને અનામત નફાનું ભંડોળ ઊભું કરે છે અને તેનો ઉપયોગ ઉત્પાદનશક્તિ વધારવા કરે છે.પેઢીના આંતરિક મૂડીભંડોળનો આધાર પેઢીના નફા ઉપર રહે છે. પેઢીનો નફો ઊંચો હોય તો તે સરળતાથી સંતોષકારક ડિવિડન્ડ ચૂકવ્યા પછી અનામત નફો વધારીને પેઢીના વિકાસમાં તેનો ઉપયોગ કરી શકે છે.આમ પેઢી માટે વૃદ્ધિના હેતુનો આધાર એ પેઢીના મહંદ અંશે નફા ઉપર હોય છે.જો પેઢી આંતરિક મૂડીભંડોળ વધારવા પ્રયાસ કરે અને તે માટે ડિવિડન્ડમાં કાપ મૂકે તો શેરહોલ્ડરો નારાજ થાય અને બજારમાંથી વૃદ્ધિ માટે જરૂરી મૂડીભંડોળ મેળવવું મુશ્કેલ બને છે.આ સંજોગોમાં ક્યારેક શેરહોલ્ડરો ઓછા વળતર અને ઓછા શેરમૂલ્યથી નારાજ થઈને પેઢીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને બદલવાની હિલચાલ કરે તેવો ભય રહે છે.આથી સામાન્ય રીતે યોજકો એટલે કે પેઢીના ખરા માલિકો પેઢીની વૃદ્ધિ માટે આંતરિક સાધનોનો ઉપયોગ સાવચેતીપૂર્વક અને બુદ્ધિપૂર્વક કરતાં હોય છે. જો કે પેઢીના પગારદાર સંચાલકો પેઢીની કદવૃદ્ધિને તેમની સત્તા અને પ્રતિષ્ઠા વધારવાના હેતુથી વધુ મહત્વ આપતા હોય છે. તેથી આ સંચાલકીય પરિબળો એ પેઢીના આંતરિક સાધનોના ઉપયોગને વધુ મહત્વ આપે છે.

❖ **બાહ્ય સાધનો :-** પેઢીની વૃદ્ધિ માટે પેઢીના આંતરિક સાધનો ઓછા પડતા તે સંજોગોમાં અથવા તો પેઢીએ વધુ મોટા પાયા ઉપર ઉત્પાદનશકિતમાં વૃદ્ધિ કરવી આવશ્યક હોય ત્યારે પેઢી કદવૃદ્ધિ માટે બાહ્ય સાધનોનો ઉપયોગ કરે છે.પેઢીના બાહ્ય સાધનો મુખ્ય બે પ્રકારના હોય છે.

(1) લોકો પાસેથી શેર સ્વરૂપે મૂડીભંડોળ મેળવવું અને

(2) લોકો પાસેથી નિશ્ચિત વ્યાજ આધારિત બોન્ડ મેળવવા.

આ ઉપરાંત વર્કીંગ કેપિટલ માટે બેંકો પાસેથી પણ પેઢી લોન સ્વરૂપે નાણા મેળવી શકે છે.બોંન્ડ સ્વરૂપે મેળવેલ મૂડી ઉપર પેઢીએ વ્યાજ ચૂકવવું પડે છે.તેથી પેઢીની વૃદ્ધિ માટે બોન્ડ દ્વારા ઉભી કરાયેલી મૂડી એ વ્યાજ સ્વરૂપે પેઢી ઉપર બોજ વધારે છે.આ સંજોગોમાં પેઢી મોટે ભાગે પબ્લિક ઇશ્યૂ વડે મૂડીભંડોળ મેળવવાનું પસંદ કરે છે.પેઢી આંતરિક સાધનોને બદલે જો બાહ્ય મૂડીભંડોળ મેળવવા માગતું હોય તો તેના શેર હોલ્ડરોને શક્ય તેટલુ ઊંચુ ડિવિડન્ડ આપે છે.જેને પરિણામે શેરહોલ્ડરો પેઢીને વધુ મૂડી આપવા તત્પર બને છે.વળી, ઊંચા ડિવિડન્ડને પરિણામે શેરના મૂલ્યમાં વધારો (Appreciation) થાય છે. તેથી પેઢીની શાખ વધે છે અને પબ્લિક ઇશ્યૂ વડે જરૂરી મૂડીભંડોળ મેળવી શકે છે.પેઢીની વૃદ્ધિમાં મૂડીભંડોળ ઉપરાંત સંચાલકોની કાર્યક્ષમતા પણ પેઢીની વૃદ્ધિ ઉપર અસર કરે છે.પેઢીની વૃદ્ધિ માટે ઉત્પાદન ક્ષેત્રે તેમજ પુરવઠા પાસામાં સાતત્ય જળવાય તે માટે અનુભવી અને કુશળ સંચાલકો હોવા જરૂરી છે.આમ ભૌતિક મૂડીની સાથે યોગ્ય અને પૂરતી માનવ મૂડી પણ પેઢીની વૃદ્ધિ ઉપર અસર કરે છે.

પેઢી માંગના પ્રવાહો અનુસાર નવપ્રવર્તન કરે ત્યારે તે પ્રારંભમાં વધુ ગ્રાહકો સરળતાથી મેળવી શકે છે અને તેથી પેઢીની કદ વૃદ્ધિ ઝડપી બને છે, પરંતુ સમય જતાં અન્ય હરીફો આ પેઢીના નવપ્રવર્તનને અનુસરે છે અને એક પેઢીની પેદાશની હરીફાઈમાં એના જેવી કે તેથી વધુ સારી પેદાશ બજારમાં મુકે છે. આના પરિણામે સમય જતા પેઢીને પેદાશની હરીફ પેદાશો બજારમાં આવતા પેઢીની માંગનો વિસ્તાર અવરોધાય છે. આ સંજોગોમાં પેઢીએ પુરવઠાના પાંસા ને મજબૂત કરવા માટે જે આંતરિક કે બાહ્ય મૂડીભંડોળનો ઉપયોગ કરીને ઉત્પાદનશક્તિમાં વધારો કર્યો હોય તેનો પૂર્ણ ઉપયોગ થઈ શકતો નથી અને વણવપરાયેલી ઉત્પાદનશક્તિ પેઢીની પેદાશના સરેરાશ ખર્ચ માં વધારો પ્રેરે છે. જે નફાને અવરોધક બને છે. સ્થાપિત ઉત્પાદનશક્તિનો પૂરતો ઉપયોગ કરવા માટે પેઢી એ માંગવૃદ્ધિના પ્રયાસો કરવા પડે છે. જેમાં પેદાશોને વધુ નવા અને આકર્ષક સ્વરૂપે મૂકવા પ્રયાસ કરવા પડે છે તથા અસરકારક વેચાણ વ્યવસ્થા (Marketing) કરવી પડે છે. અહીં જાહેરાત ખર્ચ વડે માંગની સ્થગિતતા દૂર કરી શકાય અને માંગવૃદ્ધિ સર્જી શકાય છે, પરંતુ વેચાણ

ખર્ચ અથવા તો જાહેરાત ખર્ચને ઘટતી પેદાશનો નિયમ લાગુ પડે છે, તેથી વધારાની સ્થાપિત ઉત્પાદનશક્તિને અનુરૂપ માંગવૃદ્ધિ સર્જવા માટે પેઢીએ વધુ ખર્ચ કરવો પડે છે. ટૂંકમાં પેઢીની વૃદ્ધિનો ઉદ્દેશ મુખ્યત્વે નફાના પ્રમાણ ઉપર આધારિત છે અને પેઢીની વૃદ્ધિને જાળવવા માટે કાર્યક્ષમ સંચાલકોની આવશ્યકતા રહે છે.

## 1.7 સારાંશ :

અર્થશાસ્ત્રમાં પેઢી એક આર્થિક એકમ છે. જે નફા માટે કાર્ય કરે છે. અર્થશાસ્ત્રની મૂળભૂત ધારણા મુજબ કોઈ પણ આર્થિક એકમ એ મહત્તમ વળતર મળે તે રીતે તાર્કિક વર્તન કરે છે. પેઢીનો ઉદ્દેશ મુખ્યત્વે નફાનો હોવાથી મહત્તમ નફો એ પેઢીનો મુખ્ય ઉદ્દેશ ગણાય છે. અર્થતંત્રના વિકાસમાં તથા બજાર વ્યવસ્થાઓના પરિવર્તનો તેમજ વ્યવસ્થાકીય પરિવર્તનો અનુસાર પરંપરાગત પૂર્ણહરીફાઈની નાના કદની પેઢીઓને સ્થાને અર્થતંત્રમાં તેમજ આર્થિક વિશ્લેષણમાં અલ્પહસ્તક ઈજારા તેમજ કોર્પોરેટ ક્ષેત્રમાં કામ કરતી મોટા કદની પેઢીઓનું મહત્વ વધવા પામ્યું છે. કેટલાક અર્થશાસ્ત્રીઓના આવી પેઢીઓના અભ્યાસના તારણો દર્શાવે છે કે પેઢીઓ સીમાંત આવક અને સીમાંત ખર્ચ જેવી બાબતોથી માહિતગાર રહેતી નથી અને વ્યવહારમાં આ ખ્યાલો ઉપયોગી જણાતાં નથી. આ પેઢીઓ વ્યવહારમાં સરેરાશ આવક અને સરેરાશ ખર્ચના ખ્યાલોનો ઉપયોગ કરે છે. આ પ્રકારની પેઢીઓ મહત્તમ નફાના બદલે નફાના અન્ય સ્વરૂપોના હેતુ ધરાવે છે. સામાન્ય રીતે અલ્પહસ્તક ઈજારાદાર પેઢીઓ પૂર્ણખર્ચની ભાવનીતિ અપનાવે છે. પૂર્ણખર્ચ ભાવનીતિ એટલે સરેરાશ ખર્ચ ઉપરાંત પરંપરાગત નફો અથવા સરેરાશ ખર્ચ + અપેક્ષિત નફાનો દર. આમ મહત્તમ નફાના બદલે પરંપરાગત નફો કે અપેક્ષિત નફો એ પેઢીનો ઉદ્દેશ ગણાય છે. સીમાંત આવક અને સીમાંત ખર્ચના આધારે મહત્તમ નફાને જાણવું મુશ્કેલ હોય છે. આથી પેઢી મહત્તમ નફાને બદલે શક્ય તેટલા વધુ નફાના ઉદેશ તરીકે સ્વીકારે છે. આવા નફાને કેટલીક પેઢીઓ સલામત નફા તરીકે ઓળખાવે છે. વળી નફા સિવાયના પેઢીના અન્ય ઉદ્દેશો વિશે પણ ઘણા અર્થશાસ્ત્રીઓએ ચર્ચા કરી છે. અહીં જે મુજબ પણ મહત્તમ સંતોષ એ પેઢીનો તાર્કિક ઉદેશ હોવાનો દર્શાવાય છે. મહત્તમ સંતોષમાં નફા ઉપરાંત બીજા કેટલાક ધ્યેયોનો પણ સમાવેશ થાય છે. જેમ કે વેચાણ વૃદ્ધિ, મહત્તમ વેચાણ આવક, પ્રતિષ્ઠા, સમાજને ઉપયોગિતા જેવા વિવિધ ઉદેશ્યો પણ પેઢી ધરાવે છે. પ્રો. આર. મારીશે પેઢીના ઉદ્દેશ તરીકે પેઢીની વૃદ્ધિના ઉદ્દેશને પ્રાધાન્ય આપ્યું છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ પેઢીની વૃદ્ધિના ધ્યેયને સંચાલકીય હેતુઓ તરીકે પણ ઓળખાવે છે.

## 1.8 ચાવીરૂપ શબ્દો :

- પેઢીની સમતુલા :- પેઢીની સમતુલા એટલે ઉત્પાદનની એવી સપાટી કે જ્યાં સીમાંત આવક સીમાંત ખર્ચ થાય છે.
- પૂર્ણખર્ચ ભાવનીતિ :- અલ્પહસ્તક ઈજારાની વ્યવસ્થામાં પેઢીના સરેરાશ ખર્ચમાં પરંપરાગત કે અપેક્ષિત નફો ઉમેરીને નક્કી કરવામાં આવતાં ભાવનીતિને પૂર્ણખર્ચ ભાવનીતિ કહે છે.
- તર્કસંગત વર્તન :- ઉત્પાદનનું સાધન પોતાને વધુમાં વધુ આર્થિક વળતર, લાભ કે ફાયદો થાય તે રીતે વર્તન કરે તેને તર્કસંગત વર્તન કહે છે. દાખલા તરીકે ઉત્પાદનના સાધનોમાં જમીનને અધિક ભાડું, શ્રમિકને અધિકતમ વેતન, મૂડીને અધિક વળતર એટલે કે વ્યાજ અને નિયોજકને વધુમાં વધુ નફો મળે, તેમજ ગ્રાહકને વધુમાં વધુ તૃષ્ટિગુણ એટલે કે સંતોષ પ્રાપ્ત થાય તે પ્રમાણેનું વર્તન એટલે તર્કસંગત વર્તન કહી શકાય.

➢ ઈષ્ટકદ :- જે કદે પેઢી તેના ઉત્પાદનનું એકમ દીઠ સરેરાશ ખર્ચ લઘુતમ કરી શકે તે કદને ઈષ્ટકદ (optimum Size )કહે છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો :-

**(ક) લાંબા પ્રશ્નોના જવાબ આપો :**

1. પેઢીના મહત્વના ઉદેશો જણાવી, પેઢી ઉદેશોના સંદર્ભમાં પેઢીનું વર્તન સમજાવો.
2. પૂર્ણહરીફાઈવાળા બજારમાં પેઢીની સમતુલાના સંદર્ભમાં નફાનું મહત્તમીકરણ આકૃતિ સહિત સમજાવો.
3. ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીની સમતુલાના સંદર્ભમાં નફાનું મહત્તમી કરણ આકૃતિ સહીત સમજાવો.
4. ઈજારાવાળા બજારમાં પેઢીની સમતુલાના સંદર્ભમાં નફાનું મહત્તમી કરણ આકૃતિ સહીત સમજાવો.
5. પ્રો. બોમલનો મહત્તમ વેચાણ આવકનો હેતુ આકૃતિ સહિત સમજાવો.
6. પ્રો. આર. મારીશનો સિદ્ધાંત સમજાવો.

**(ગ) નીચે પૈકી વિકલ્પિક જવાબોમાંથી સાચા જવાબ સામે ટિક કરો અથવા લખો.**

(1) નીચે પૈકી કયા સ્વરૂપની પેઢી ખાનગી ક્ષેત્રની નથી

(A) વ્યક્તિગત પેઢી સ્વરૂપે (B) કોર્પોરેટ સ્વરૂપે

(C) ભાગીદારી માલિકી સ્વરૂપે (D) સહકારી સ્વરૂપે

(2) રાજ્ય એ પેઢીના .............તરીકે કામ કરે છે

(A) હરીફ (B) અવેજી

(C) સહાયક (D) પૂરક

(3) ક્યા બિંદુએ મહત્તમ નફાની સ્થિતિ આવે છે ?

(A) સીમાંત આવક = સીમાંત ખર્ચ

(B) સીમાંત આવકરેખા < સીમાંત ખર્ચરેખા

(C) સીમાંત આવકરેખા > સીમાંત ખર્ચરેખા

(D) કુલ ખર્ચ = કુલ આવક

(4) નીચે પૈકી કયા બજારમાં પેઢીની સીમાંત આવક અને સરેરાશ આવક એક જ હોય છે ?

(A) ઈજારાવાળું બજાર

(B) ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર

(C) અલ્પહસ્તક ઈજારાવાળું બજાર

(D) પૂર્ણહરીફાઈવાળું બજાર

(5) અપૂર્ણહરીફાઈ કે ઈજારાયુક્ત હરીફાઈવાળા બજાર વ્યવસ્થામાં પેઢીનો વસ્તુના ભાવ પર........... પ્રભાવ હોય છે.

(A) સંપૂર્ણ (B) આંશિક

(C) બિલકુલ નહીં (D) સામાન્ય

(6) ટૂંકાગાળામાં પૂર્ણહરીફાઈ અને અપૂર્ણહરીફાઈવાળા બજારમાં પેઢીની સમતુલાની મુખ્ય શરત કઈ છે ?

(A) સીમાંત આવક < સીમાંત ખર્ચ

(B) સીમાંત આવક > સીમાંત ખર્ચ

(C) સીમાંત આવક = સીમાંત ખર્ચ

(D) સીમાંત આવક = સરેરાશ આવક

(7) કયા અર્થશાસ્ત્રીએ પેઢીના સંચાલક યોજકને તાર્કિક મનુષ્ય ઉપરાંત સંવેદનશીલ મનુષ્ય પણ ગણાવે છે.

(A) બેન્જામિન (B) માર્શલ

(C) કેઈન્સ (D) રોબિન્સન

(8) પૂર્ણખર્ચ પ્રાપ્તિના પેઢીના ધ્યેયને કયા અર્થશાસ્ત્રીઓએ મહત્વનું ધ્યેય દર્શાવ્યું છે ?

(A) બેન્જામિન (B) હિગિન્સ

(C) રોથ્સચાઈલ્ડ (D) સ્ટીકોવલ્સ્કી

(9) પ્રો. બોમલે પેઢીના વિકાસના સંદર્ભમાં કયો મહત્વનો ધ્યેય ગણાવ્યો છે ?

(A) મહત્તમ ઉત્પાદન (B) મહત્તમ વેચાણ આવક

(C) મહત્તમ વેચાણ (D) મહત્તમ નફો

(10) નીચે પૈકી કયા અર્થશાસ્ત્રીના મતે પેઢીએ નિર્ણયીકરણના પાયાનો એકમ છે.

(A) એ. સી.જોસેફ (B) પ્રો ક્રેઈનકોર્સ

(C) પ્રો.બેનહામ (D) પ્રો. બોમલ

(11) કઈ બજાર વ્યવસ્થામાં કોઈ હરીફ પેઢી હોતી નથી ?

(A) પૂર્ણહરીફાઈવાળું બજાર

(B) અલ્પહસ્તક ઈજારાવાળું બજાર

(C) ઈજારાવાળું બજાર

(D) ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર

(12) પેઢી મહત્તમ વેચાણના ધ્યેયથી કાર્ય કરે તેમાં જ કોને રસ હોય છે ?

(A) સંચાલકોને (B) માલિકોને

(C) શેરહોલ્ડરોને (D) કામદાર શ્રમિકોને

❖ **સંદર્ભગ્રંથ**

(1) P.K.I Cohen and R.M.Cyert: "Theory of the Firm" 1965

(2) Edith Penrose : The Theory of the Growth of the Firm" (oxford, Blackwell,1959)

(3) A Singh and G. Whittington, "Growth Profitability and Valuation" University of Cambridge, University Press 1968

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

1. (D) સહકારી સ્વરૂપે
2. (C) સહાયક
3. (A) સીમાંત આવક = સીમાંત ખર્ચ
4. (D) પૂર્ણહરીફાઈવાળું બજાર
5. (B) આંશિક
6. (C) સીમાંત આવક = સીમાંત ખર્ચ
7. (A) બેન્જામિન
8. (C) રોથ્સચાઈલ્ડ
9. (C) મહત્તમ વેચાણ આવક
10. (A) એ. સી.જોસેફ
11. (C) ઈજારાવાળું બજાર
12. (A) સંચાલકોને

*************

# એકમ: 2
# પેઢીની વૃદ્ધિ

## ❖ રૂપરેખા :

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 પેઢીની વૃદ્ધિનો અર્થ

2.3 આંતરિક કરકસરનો અર્થ

2.4 લાંબાગાળાની સરેરાશ ખર્ચરેખા:

2.5 કદવિકાસના ગેરલાભની સ્થિતિ :- (વધતા ખર્ચની સ્થિતિ)

2.6 પેઢીની વૃદ્ધિ ઉપરના અંકુશો

2.7 સારાંશ

2.8 ચાવીરૂપ શબ્દો

2.9 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભસૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 2.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- પેઢીના કદવિકાસની સાથે સંકળાયેલ મુખ્ય લાભ અને ગેરલાભ વિશે સમજ મેળવી શકશો.
- આંતરિક વિકાસ અને બાહ્ય વિકાસ. આ બન્ને વચ્ચેનો તફાવત વિદ્યાર્થી સમજી શકશે.
- પેઢીના કદના કયા પરિબળો વિકાસને અવરોધે છે તેનાથી વિદ્યાર્થીઓ માહિતગાર થાય તે આ અભ્યાસના ઉદ્દેશો છે.

## 2.1 પ્રસ્તાવના :

ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પેઢીની ચર્ચા પેઢીના જુદા જુદા સ્વરૂપો સંદર્ભે કરવામાં આવે છે. પેઢીના વિશ્લેષણમાં પેઢીની વૃદ્ધિ અને વિકાસને મહત્વ અપાય છે. પેઢી દ્વારા ઉત્પાદન વૃદ્ધિ કરવામાં આવે તેને બે સમયગાળાની રીતે ચર્ચવામાં આવે છે. (1) ટૂંકાગાળામાં અને (2) લાંબાગાળાના સંદર્ભમાં

ટૂંકાગાળામાં પેઢી ઉત્પાદન વૃદ્ધિ કરે ત્યારે સામાન્ય રીતે સ્થાયી સાધનોમાં કોઈ વધારો કરવામાં આવતો નથી અને અસ્થાયી સાધનોમાં ફેરફાર કરવામાં આવે છે. બિનપ્રમાણસર

સાધન સંયોજનના નિયમ અનુસાર ટૂંકાગાળામાં ઉત્પાદન વૃદ્ધિ માટે માત્ર અસ્થાયી સાધનોમાં ફેરફાર કરવામાં આવે ત્યારે તેના દ્વારા ઉત્પાદનમાં થતા ફેરફારનું પ્રમાણ બિનપ્રમાણસર હોય છે. આ નિયમ અનુસાર પ્રારંભમાં વધતી પેદાશ અને પછીથી ઘટતી પેદાશની સ્થિતિ જોવા મળે છે એટલે કે શરૂઆતમાં ઘટતાખર્ચની સ્થિતિ અને પછીથી વધતા ખર્ચની સ્થિતિ આવે છે. લાંબાગાળા સંદર્ભે ઉત્પાદનશક્તિમાં વધારો કરીને પેઢીની કદની વૃદ્ધિ કરવામાં આવે તેને કદવિકાસની સ્થિતિ કહે છે. પેઢી દ્વારા લાંબાગાળાના સંદર્ભે ઉત્પાદન વૃદ્ધિ અર્થે કદવિકાસ કરવામાં આવે તેને આંતરિક વિકાસ અથવા પેઢી વિકાસ પણ કહે છે. પેઢીના કદવિકાસને પરિણામે વિવિધ પરિબળો દ્વારા પેઢીના સરેરાશ ખર્ચમાં ઘટાડો થતો જાય છે અને આ લાભ લાંબા સમય સુધી ચાલુ રહી શકે છે. તેથી પેઢીના કદવિકાસને પરિણામે અમુક હદ પછી કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિઓ સર્જાય છે, જેને પેઢીના કદવિકાસના ગેરલાભ કહેવાય. આ પરિબળો પેઢીના વિકાસમાં અવરોધક બને છે.

પેઢીના વિકાસની જેમ ઉદ્યોગ વિકાસના પણ વિવિધ લાભ હોય છે. ઉદ્યોગોની પેઢીઓ કોઈ એક જગ્યાએ વિસ્તરે અથવા તો ઉદ્યોગમાં એકંદર પેઢીઓનું પ્રમાણ વિવિધ પ્રદેશોમાં વધવા પામે તેને ઉદ્યોગ વિકાસ કહે છે. ઉદ્યોગ વિકાસને બાહ્ય વિકાસ પણ કહેવામાં આવે છે. પેઢીનો વિકાસ એ આંતરિક વિકાસ છે, જ્યારે પેઢીની બહાર ઉદ્યોગનો વિકાસ એ બાહ્ય વિકાસ છે. પ્રસ્તુત પ્રકરણમાં પેઢીના કદવિકાસના લાભ તથા પેઢીના વિકાસને અવરોધક પરિબળો એટલે કે આંતરિક વિકાસના લાભ અને ગેરલાભની ચર્ચા ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

## 2.2 પેઢીની વૃદ્ધિનો અર્થ :-

પેઢીની વૃદ્ધિનો સામાન્ય અર્થ એ થઈ શકે કે પેઢીના ઉત્પાદનમાં વધારો થવો. પેઢીની ટૂંકાગાળાની ઉત્પાદન વૃદ્ધિ એ માત્ર અસ્થાયી સાધનોની વૃદ્ધિ ઉપર આધારિત હોય છે, જ્યારે લાંબાગાળે પેઢી ઉત્પાદનમાં સ્થિર સાધનોનો વધુ ઉપયોગ કરે છે. આથી પેઢીની વૃદ્ધિનો અર્થ એ પેઢીના વિકાસના સંદર્ભમાં છે. જેમાં પેઢીનું ઉત્પાદન વધવાની સાથે તેની વસ્તુ ઉત્પાદનશક્તિમાં વૃદ્ધિ પણ થાય છે.

## 2.3 આંતરિક કરકસરનો અર્થ :-

અર્થશાસ્ત્રમાં પેઢી અને ઉદ્યોગના વિશ્લેષણમાં પેઢી વિકાસ તેમજ ઉદ્યોગ વિકાસ એ બન્નેની ચર્ચા કરવામાં આવે છે. પેઢીનો વિકાસ એ પેઢીનો આંતરિક વિકાસ છે, જ્યારે ઉદ્યોગ વિકાસ એ પેઢીની બહારનો વિકાસ છે. પેઢીનો વિકાસ થવાથી પેઢીને વિવિધ સ્વરૂપે લાભ થાય છે અને તેથી પેઢીનું કદ વધવા સાથે સરેરાશ ખર્ચ ઘટતો જાય છે, જેને આંતરિક કરકસર કહે છે. ઉદ્યોગ વિકાસને કારણે પણ પેઢીના સરેરાશ ખર્ચમાં ઘટાડો થતો જાય છે તેને બાહ્ય કરકસરો કહે છે. પેઢી વિકાસની જે તે ઉદ્યોગ વિકાસમાં પણ અમુક હદ પછી કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિઓ સર્જાય છે અને પેઢીના વિકાસને અવરોધક પરિબળો જન્મે છે. અહીં ઉદ્યોગ વિકાસના ગેરલાભો એ બાહ્ય ગેરલાભો કહેવાય છે.

**2.3.1 આંતરિક કરકસરોના લાભ :-** પેઢીના કદમાં વૃદ્ધિ થાય તેને પરિણામે શ્રમવિભાજન, વિશેષીકરણ, યાંત્રિકરણ, ટેક્નોલોજીમાં અદ્યતન સુધારા, ખરીદ વેચાણના મોટા કદના લાભ, જોખમો ઉઠાવવાની શક્તિમાં વધારો,

નાણાં પ્રાપ્તિની સરળતા જેવા વિવિધ લાભો સર્જાય છે. જેને પરિણામે કદવૃદ્ધિ સાથે પેઢીની એકંદરે ઉત્પાદકતામાં વૃદ્ધિ થાય છે. અહીં પેઢીના કદવૃદ્ધિના લાભ એ આંતરિક કરકસરો તરીકે ઓળખાય છે.

પેઢીની કદવૃદ્ધિના લાભો નીચે મુજબ દર્શાવી શકાય.

❖ **ટેક્નીકલ લાભો :-** પેઢીની કદવૃદ્ધિ માટે વધુ મૂડીરોકાણ આવશ્યક છે. મૂડીરોકાણનું કદ વધતા મૂડી સાધનોના પ્રમાણમાં વધારો થાય છે. કદવૃદ્ધિની સાથે ઉચ્ચ ટેક્નોલોજીવાળાં સાધનો અને યંત્રોના ઉપયોગને પરિણામે કામદારોની કાર્યક્ષમતામાં અને પેઢીની એકંદર ઉત્પાદકતામાં વધારો થાય છે.

(i) અવિભાજ્યતાના લાભ :- કદવૃદ્ધિને પરિણામે વધુ ઉત્પાદન ક્ષમતાવાળા યંત્રો અને સાધનોનો ઉપયોગ વધે છે. આ સાધનોના ઉપયોગ વડે ઉત્પાદન વૃદ્ધિ કરવામાં આવે તો ઉત્પાદન સાધનો સાથે રહેતી નથી. વધુ ઉત્પાદન સાથે સાધનની અવિભાજ્યતાનો ઉપયોગ થઈ શકે છે. જેને પરિણામે વધારાના ઉત્પાદન સાથે ખર્ચમાં કરકસર થાય છે અને સરેરાશ ખર્ચ ઘટવા પામે છે.

(ii) યાંત્રિકરણ અને સૂક્ષ્મ શ્રમવિભાજન :- પેઢીના કદનો વિકાસ થવા સાથે ઉત્પાદન પ્રક્રિયામાં વધુને વધુ સૂક્ષ્મ શ્રમવિભાજન એટલે કે ઉત્પાદનના જુદા જુદા તબક્કાઓમાં યાંત્રિકરણ થવા પામે છે. આ દરેક ઉત્પાદન પ્રક્રિયા ઉપર કામ કરતાં કામદારો ચોક્કસ પ્રકારની પ્રક્રિયા ઉપર કામ કરવાને પરિણામે વધુ નિપુણતા પ્રાપ્ત કરે છે. તેથી ઉત્પાદકતા વધે છે અને ચોક્કસ પ્રક્રિયા ઉપર ચોક્કસ કામદારો કામ કરતાં હોવાથી એકંદરે ઉત્પાદન પ્રક્રિયામાં સમય અને શક્તિનો બચાવ થાય છે.

❖ **તજજ્ઞ માનવ મૂડી અને ઉત્પાદનના સાધનોનો વધુ ઉપયોગ :-**

ઉત્પાદનની વિવિધ પ્રક્રિયાઓમાં વિવિધ નિષ્ણાતો કે જે વિશેષ ટેકનોલોજીકલ જ્ઞાન અને અનુભવો ધરાવે છે. તેમની સેવાઓ કદવૃદ્ધિને પરિણામે લઈ શકાય છે. આવા તજ્જ્ઞોને પરિણામે ઉત્પાદન પ્રક્રિયામાં ઓછા ખર્ચે વધુ કુશળતાપૂર્વક ઉત્પાદન થઈ શકે છે. આ સિવાય સામાન્ય વહીવટ અને જુદા જુદા વિભાગોના સંચાલકોના નિષ્ણાંતોની સેવાઓનો લાભ લઈ શકાય છે જેમ કે સામાન્ય વહીવટ, ખરીદ વેચાણના નિર્ણયો, ઉત્પાદનના જુદા જુદા વિભાગોનુ સંકલન, નાણાકીય આયોજન મૂડીનો કાર્યક્ષમ ઉપયોગ, સ્ટોકનો યોગ્ય નિકાલ, વેચાણ અને વિતરણ હિસાબો, પબ્લિક રિલેશન અને માનવ સંસાધન વગેરેમાં કામ કરતાં વિશિષ્ટ જ્ઞાન અને અનુભવ ધરાવતા વિવિધ તજ્જ્ઞોની સેવાઓનો લાભ પેઢીને મળી રહે છે.

❖ **વહીવટી લાભો :-** પેઢીના સંચાલનમાં ઉત્પાદન પ્રક્રિયા સિવાય કેટલાક અન્ય વિભાગો મહત્વના હોય છે જેવા કે હિસાબ, જનસંપર્ક, ખરીદ

વેચાણ વગેરે. પેઢીના વહીવટમાં વહીવટીય કૌશલ્ય ખૂબ મહત્વનું ગણાય છે. મોટી પેઢી તેના વહીવટના સંદર્ભમાં નિષ્ણાત વહીવટકર્તાઓની સેવાઓનો લાભ લઇ શકે છે. પેઢીના સમગ્ર વહીવટ અને સંચાલન માટે તથા વિવિધ વિભાગો વચ્ચે સુસંકલન માટે ઉચ્ચ કક્ષાના મેનેજરો જેવા કે સહાયક મેનેજર, ડેપ્યુટી મેનેજર તથા જનરલ મેનેજરની સેવાઓ વડે એકંદર પેઢીનું સંચાલન અને સંકલન ખૂબ સારી રીતે થઈ શકે છે. જેને પરિણામે ઉદભવતા અવરોધો ઝડપથી દૂર થાય છે.

❖ **ખરીદ વેચાણના લાભ :-** પેઢીના કદમાં વૃદ્ધિ થાય તેમ તેમ ઉત્પાદન માટે જરૂરી કાચામાલ તથા મૂડી સાધનોની મોટા પાયા ઉપર ખરીદી થતી હોય છે. એક સાથે મોટા જથ્થામાં કાચો માલ તથા વિવિધ યાંત્રિક સાધનોની ખરીદી થાય ત્યારે પેઢી સામે પક્ષે વધુ લાભદાયક થાય છે. અને શક્ય તેટલા ઓછા ભાવે ખરીદી કરી શકે છે. આમ ખરીદીના સંદર્ભમાં પેઢી મોટી બચતો કરી શકે છે. વેચનાર એકમોને એક સાથે મોટા જથ્થામાં વેપાર મળતો હોવાથી તે ઓછા ભાવે વધુ નફાની સ્થિતિનો લાભ લેવા તેયાર થાય છે. આજ રીતે ઉત્પાદીત વસ્તુના વેચાણની ચર્ચા કરીએ તો આ માટે પેઢીએ બે પ્રકારના પ્રયત્નો કરવા પડે છે.

(1) વેચાણખર્ચ એટલે કે જાહેરાત વડે માંગ વધારવી.

(2) પોતાની વસ્તુના વિવિધ વિક્રેતાઓ સુધી ઝડપથી પહોંચાડવી.

મોટી પેઢીએ પોતાની પેદાશના વધુ વેચાણ માટે ગ્રાહકોમાં પોતાની પેદાશ માટેની પસંદગી વધુ દઢ બનાવવા માટે અસરકારક જાહેરાતો કરવી પડે છે. મોટા કદની પેઢીઓ મોટા પાયા ઉપર માંગ વધારવા માટે વધુ અનુભવી અને સફળ જાહેરાતની કંપનીઓનો અને નિષ્ણાતોનો લાભ લઇ શકે છે. પેઢી અસરકારક જાહેરાતો પાછળ મોટું બજેટ ફાળવી શકે છે અને હરીફોની સામે બજારમાં પોતાનો પ્રભાવ વધારી શકે છે. આ સિવાય મોટી પેઢી દેશ તેમજ વિદેશમાં અસરકારક પરિવહન સેવાઓ વડે પોતાની પેદાશો ઝડપથી પહોંચાડી શકે છે. વળી, ખરીદ અને વેચાણ મોટાપાયા ઉપર કરવાનું હોવાથી તેમાં પણ કરકસરના લાભ પ્રાપ્ત થાય છે.

❖ **સંશોધનના લાભ :-** મોટા કદની પેઢી અવિભાજ્યતાના લાભો સંદર્ભે સંશોધનના લાભો મેળવી શકે છે. સંશોધન પાછળ વધુ ખર્ચ કરવો પડે છે. જેમાં લેબોરેટરીના સાધનો, ટેકનિશિયનો અને વૈજ્ઞાનિકોની જરૂર પડે છે. જે ખૂબ જ ખર્ચાળ હોય છે. મોટા કદની પેઢી સંશોધન લેબ, સંશોધન સામગ્રી, સંશોધનના સાધનો વસાવી શકે છે તથા યંત્ર વૈજ્ઞાનિકોની સેવાઓનો લાભ લઇ શકે છે. તો પોતાની પેદાશમાં વપરાતા કાચામાલ સંદર્ભે, ઉત્પાદન પ્રક્રિયા સંદર્ભે, પેદાશને વધુ આકર્ષક બનાવવા સંદર્ભે, પેદાશની ગુણવત્તામાં વધારો કરવા સંદર્ભે વિશેષ પ્રકારના સંશોધનો કરાવે છે. જેને પરિણામે પેઢીને ઉત્પાદન ખર્ચમાં તેમજ પેઢીની વસ્તુ માટે ગ્રાહકોમાં પસંદગી બાબતે અનેક લાભો પ્રાપ્ત થાય છે.

- **નાણાકીય તથા મૂડી અંગેના લાભો :-** પેઢીની વૃદ્ધિમાં મોટા પાયા ઉપર મૂડી સાધનો વસાવવા તથા વધુ આધુનિક ટેકનોલોજીવાળી ઉત્પાદન પદ્ધતિઓ અપનાવવા માટે મોટા પાયા ઉપર મૂડીની જરૂરિયાત ઉભી થાય છે. વળી, રોજબરોજના સંચાલન માટે નાણાકીય જરૂરિયાતો પણ ઉભી થાય છે. નાના કદની પેઢી માટે મૂડી મેળવવાનું કામ વધુ મુશ્કેલ હોય છે તથા ટૂંકાગાળાની જરૂરિયાતો માટે નાણા પ્રાપ્તિ મુશ્કેલ હોય છે. મોટા કદની પેઢી પાસે પોતાના નફા આધારિત મૂડીભંડોળ હોય છે. તે ઉપરાંત મોટા કદની પેઢીની શાખ નાણાં અને મૂડીબજારમાં વધુ હોય છે પરિણામે બજારમાંથી શેર ભાગીદારી સ્વરૂપે બોન્ડ,ડિબેન્ચર વગેરે સ્વરૂપે મૂડી મેળવવાનું સરળ હોય છે. આ ઉપરાંત ટૂંકાગાળાની નાણાકીય જરૂરિયાતો માટે બેંકોમાંથી અથવા નાણાં બજારમાંથી સરળતાથી નાણાં પણ મળી રહે છે. મોટી પેઢીઓ નાણાં અને મૂડીના સંચાલન માટે નિષ્ણાત ફાઈનાન્સિયલ મેનેજરની સેવાઓ લઈ શકે છે. આમ, નાણાકીય તથા મૂડી અંગેના લાભો પેઢી પ્રાપ્ત કરી શકે છે.

- **જોખમો ઉઠાવવાની શક્તિનો લાભ :-** મોટા કદની પેઢી તેના ઉત્પાદન, વેચાણ તથા મૂડી પ્રમાણ વગેરેને પરિણામે બજારમાં સારી શાખ ધરાવે છે. પેઢીએ બજારમાં નવપ્રવર્તન વડે પોતાની પ્રોડક્ટ નવા સ્વરૂપે બજારમાં મૂકવી હોય તો તે માટે વધારાનું સ્થાયી મૂડીરોકાણ કરવું પડે છે. બજારમાં જુદા જુદા સંજોગોમાં પેઢીને કેટલાક સાહસો કે જોખમો ઉઠાવવા અંગે અનિશ્ચિતતા પ્રવર્તી હોય છે. અહીં નાની પેઢી કેટલાક જોખમો ઉઠાવવા માટે શક્તિમાન હોતી નથી. પરંતુ, મોટા કદની પેઢી મોટા જોખમો ઉઠાવવા શક્તિમાન હોય છે. આવી પેઢીની શાખને આધારે તેની નિષ્ણાત માનવમૂડીના પ્રયાસોને આધારે નવપ્રવર્તન કે નવી પેદાશને બજારમાં મોટે ભાગે સાનુકૂળ પ્રતિભાવ મળવાની શક્યતા વધુ હોય છે. વળી મોટા કદની પેઢીનું એકંદર ટર્નઓવર ઘણું ઊંચું હોય છે તથા પ્રતિકૂળ સંજોગોમાં અમુક પ્રમાણમાં ખોટ સહન કરવાની શક્તિ હોય છે. આ ઉપરાંત પેઢીની વૃદ્ધિમાં એક જ વસ્તુના વધારે ઉત્પાદન સિવાય એક કરતાં વધુ વસ્તુઓના ઉત્પાદનની સ્થિતિ હોય છે. આથી જુદી જુદી પેદાશો પૈકી એકાદ પેદાશમાં પેઢીને નુકસાન જાય તો પણ પેઢી અન્ય પેદાશોના નફામાંથી તે નુકસાનને સહન કરી શકે છે. નવી પ્રોડક્ટ બજારમાં મૂકવા સંદર્ભે ઉત્પાદનશક્તિ વધારવા હેતુ માટે વધારે મૂડીની જરૂરીયાત ઉભી થાય તો તે બજારમાંથી ઊભી કરવાની શકયતા મોટા કદની પેઢી માટે વધુ હોય છે. આ ઉપરાંત માંગના અંદાજોના આધારે પેઢી વધુ ઉત્પાદનશક્તિ ઉભી કરે અને તેમાં જો માંગના અંદાજો બદલાય કે ખોટા પડે તો વણવપરાયેલી ઉત્પાદનશક્તિ રહેવા પામે અને પેઢીનું સરેરાશ ખર્ચ વધવા પામે. આવા સંજોગોમાં પણ મોટી પેઢી આવી સ્થિતિનો સામનો કરવા માટે નાણાકીય રીતે સદ્ધર હોય છે. આ ઉપરાંત વણવપરાયેલી ઉત્પાદનશક્તિ દૂર કરવા માટે માંગવૃદ્ધિના વિશેષ પ્રયાસો કરવા

પણ પેઢી સમર્થ હોય છે. આમ, જોખમો ઉઠાવવાની વધુ શક્તિને પરિણામે પેઢી પોતાનું કદ વિકસાવી શકે છે અને કદવિકાસના વિવિધ લાભ મેળવી શકે છે.

**2.3.1 આંતરિક કરકસરના ગેરલાભ :-** પેઢીની કદવૃદ્ધિને કોઈ સીમા જ ન હોય એટલે કે અમર્યાદિત પ્રમાણમાં પેઢી સતત આંતરિક કરકસરના લાભ મેળવ્યા જ કરે અને પેઢીનું કદ વિસ્તર્યા જ કરે તે સંભવિત નથી. જો કરકસરના લાભો અસીમિત હોત તો કોઈપણ દેશમાં અને વિશ્વમાં પણ કોઈ એક પ્રકારની વસ્તુ કે અમુક પ્રકારની વસ્તુઓ બનાવતી કોઈ એક જ પેઢી અસ્તિત્વ ધરાવતી હોય અને બાકીની બધી પેઢીઑ નાબૂદ થઈ જાત, પરંતુ આવું ક્યારેય બનતું નથી. દરેક પેઢીને વહેલા કે મોડા આંતરિક વિકાસના લાભો મળતા બંધ થાય છે અને જો તે પછી પણ તે કદવૃદ્ધિ ચાલુ રાખે તો આંતરિક વૃદ્ધિના ગેરલાભો મળવા શરૂ થાય છે, જેને પરિણામે દરેક પેઢીએ વહેલા કે મોડા, થોડા કે વધુ કદવિકાસ પછી કદવૃદ્ધિને વિરામ આપવો પડે છે અને વધુ કદવૃદ્ધિનું જોખમ લેવાનું ટાળવું પડે છે, એટલે કે અમુક કક્ષાએ પેઢીના કદ વૃદ્ધિ ઉપર નિયંત્રણ આવે છે. પેઢીની કદવૃદ્ધિને અવરોધતા મુખ્ય પરિબળો એ પેઢીની વૃદ્ધિના ગેરલાભો (આંતરિક કરક્સરના ગેરલાભો) છે. પેઢીની કદવૃદ્ધિને અવરોધતા મુખ્ય પરિબળો એટલે કે આંતરિક કરકસરોના મુખ્ય ગેરલાભ નીચે મુજબ દર્શાવી શકાય.

- **યાંત્રિક ગેરલાભ :-** પેઢીના કદવિકાસમાં સૌથી મહત્વનો લાભ યાંત્રિકરણ, અવિભાજ્ય અને સુક્ષ્મ શ્રમવિભાજનનો હોય છે. તે જ રીતે આંતરિક કરકસરના ગેરલાભોમાં પણ યાંત્રિકરણ સાથે સંકળાયેલા ગેરલાભ સૌથી મહત્વના ગણાય છે. ઉત્પાદન વૃદ્ધિ માટે મોટા પ્રમાણમાં અને અદ્યતન સ્વરૂપમાં સાધનો રોકવામાં આવે ત્યારે તેની પાછળ પુષ્કળ મૂડીરોકાણ કરવું પડે છે. આ ઉત્પાદનશક્તિ ઉભી થયા પછી તેનો પૂરો ઉપયોગ કરવો પણ જરૂરી હોય છે, પરંતુ અતિશય પ્રમાણમાં મૂડી સાધનો વસાવ્યા પછી તેનો પૂરતો ઉપયોગ ન થઈ શકે તો અવિભાજ્યતાના લાભ મળી શકતા નથી. ગેરલાભમાં પરિણામે છે. વધુ યાંત્રિકરણ એ વધુ સૂક્ષ્મ શ્રમવિભાજનમાં પરિણમે છે, જેમાં ઉત્પાદન પ્રક્રિયાના તબક્કાઓ વધતા જાય છે અને દરેક તબક્કે વિશેષીકરણ થતું જાય છે. ઉત્પાદન પ્રક્રિયાના જુદા જુદા તબક્કાઓમાં એકસરખી કાર્યક્ષમતાથી લાંબા સમય સુધી કામ થઈ શકતું નથી અને જુદા જુદા વિભાગોની કાર્યક્ષમતામાં વત્તે-ઓછે અંશે તફાવતો સર્જાય છે. આથી ઉત્પાદનની સળંગ પ્રક્રિયામાં અમુક તબક્કે અવરોધો સર્જાય છે. આ ઉપરાંત ઉત્પાદનના વિવિધ તબક્કાઓ વચ્ચે સંકલન કરવાનું મુશ્કેલ બનતું જાય છે, જે ઉત્પાદકતા ઉપર પ્રતિકુળ અસર જન્માવે છે.

- **સંચાલન સંબંધી ગેરલાભો :-** પેઢીની કદવૃદ્ધિને પરિણામે ઉત્પાદન પ્રક્રિયાના જુદા જુદા વિભાગો વચ્ચે અમુક હદ સુધી સુસંકલન થઈ શકતું હોય છે. આ સિવાય પેઢીના જુદા જુદા વિભાગો જેવા કે ઉત્પાદન, ખરીદી, સ્ટોક, વેચાણ, માર્કેટિંગ, હિસાબ, નાણા અને

મૂડી આયોજન, સંશોધન, જનસંપર્ક, માનવ સંસાધન વગેરેનું યોગ્ય સંકલન અને સંચાલન થઈ શકે છે, પરંતુ પેઢીની વૃદ્ધિ વધારે પડતી થાય તે સંજોગોમાં આ જુદા જુદા વિભાગો વચ્ચેનું સંકલન વધુ મુશ્કેલ બને છે અને તેમાં યોગ્ય સુમેળ ન સચવાય તો માનવ સંસાધનો અને સંચાલકોની કાર્યક્ષમતા ઘટવા પામે છે અને એકંદર ઉત્પાદકતા ઘટે છે.

❖ **કૌશલ્ય ધરાવતા શ્રમિકો મેળવવા મુશ્કેલ :-** ઉત્પાદન વૃદ્ધિ સાથે જુદા જુદા ઉત્પાદન તબક્કાઓમાં વિશેષ પ્રકારનું કૌશલ્ય ધરાવતા, તાલીમ પામેલા શ્રમિકોની જરૂરિયાત વધતી જાય છે. આથી જુદા જુદા ઉદ્યોગોમાં કૌશલ્ય ધરાવતા શ્રમિકોની માંગમાં વધારો થતો હોય છે. આ સંજોગોમાં કોઈ એક વૃદ્ધિ પામતી પેઢીને ઉત્પાદનના વિવિધ તબક્કાઓ માટે જરૂરી એવા કુશળ શ્રમિકો પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકતાં નથી. આ સંજોગોમાં એકંદર ઉત્પાદકતામાં ઘટાડો થાય છે. આના ઉપાય તરીકે પેઢીએ શ્રમિકોની કુશળતા વધારવા માટે તાલીમની જોગવાઈ કરવી પડે છે. જેમાં વધારે ખર્ચ પણ થાય છે અને પૂરતા કેળવાયેલા શ્રમિકો ઉપલબ્ધ થાય તે માટે સમય પણ લાગે છે. આથી પેઢીની વૃદ્ધિ ઉપર મર્યાદા આવે છે.

❖ **કાચા માલની પ્રાપ્તિ કરવામાં પડતી મુશ્કેલીઓ :-** પેઢીની સતત ઉત્પાદન વૃદ્ધિ માટે કાચામાલની પ્રાપ્તિ સમયસર અને પૂરતા પ્રમાણમાં થાય એ જરૂરી હોય છે. કાચામાલની પ્રાપ્તિનો આધાર વિવિધ પરિબળો ઉપર રાખે છે. કાચા માલના આંતરિક એટલે કે જે તે દેશના પ્રાપ્તિસ્થાનો જુદા જુદા દૂરના વિસ્તારોમાં હોય છે. કાચામાલની પ્રાપ્તિ માટે વિદેશો ઉપર પણ આધાર રાખવો પડે છે. બજારની પરિસ્થિતિ, કાચો માલ પૂરો પાડતાં એકમોની પરિસ્થિતિ, કુદરતી પરિબળોને પરિણામે પુરવઠામાં થતી વધઘટ, સરકારી નીતિઓ વગેરે સંદર્ભમાં પેઢીને વધતી જતી કાચામાલની જરૂરિયાતમાં સમય અને જથ્થાની રીતે અવરોધોનો સામનો કરવો પડે છે. કાચા માલની અછત સર્જાય તે સંજોગોમાં ઉત્પાદન વૃદ્ધિ ચાલુ રાખવા માટે જરૂરી કાચા માલનો જથ્થો પૂરતા પ્રમાણમાં સમયસર ઉપલબ્ધ થતો નથી, તેને પરિણામે ઉત્પાદન વૃદ્ધિમાં અવરોધ પેદા થાય છે. કેટલાક સંજોગોમાં કાચા માલનો જથ્થો જાળવી રાખવા માટે કાચા માલની ગુણવત્તામાં સમાધાન કરવું પડે છે અને હલકા માલથી ચલાવવું પડે છે. આ સંજોગોમાં ઉત્પાદન ખર્ચમાં વધારો થાય છે તથા વસ્તુની ગુણવત્તામાં ઘટાડો થાય છે, જે પેઢીની પેદાશની સ્પર્ધા કરવાની શક્તિમાં ઘટાડો કરે છે. આના પરિણામે ઉત્પાદન ખર્ચમાં વધારો તથા વસ્તુની કિંમતમાં ઘટાડો થવા જેવી પ્રતિકૂળ અસરો એ આંતરિક કરકસરના ગેરલાભો સર્જે છે.

❖ **માનવીય શક્તિની મર્યાદા :-** મોટા કદની પેઢીઓ માટે પબ્લિકમાંથી ઉભી કરાયેલી મૂડી દ્વારા પેઢીની વૃદ્ધિ થતી હોય છે અને તેથી આર્થિક જોખમ ઘણા બધા શેરધારકો વચ્ચે વહેંચાતા હોય છે, પરિણામે પ્રમોટરો/યોજકો જોખમ ઉઠાવવાની વિશાળ શક્તિ ધરાવે છે. આવા એકમોના વિવિધ વિભાગોના સંચાલન અને વહીવટ માટે ઉચ્ચ કક્ષાની

કાર્યક્ષમતા ધરાવતા તજજ્ઞ મેનેજરો અને નિષ્ણાતો વધુ સંખ્યામાં સેવાઓ આપે છે. આધુનિક પદ્ધતિઓના ઉપયોગ વડે આ સંચાલકો ખૂબ સારી રીતે વિવિધ વિભાગોનું સંચાલન તેમજ વિવિધ વિભાગો વચ્ચેનું સંકલન કરી શકતા હોય છે, પરંતુ યોજકો અને વ્યાવસાયિક સંચાલકો પણ માનવીય સંશાધન છે. એમની જોખમો ઉઠાવવાની, અનિશ્ચિતતાનો અંદાજ મુકવાની, નિર્ણયો લેવાની, વિવિધ વિભાગો વચ્ચે સંતુલન જાળવવાની અને સતત કામનો બોજ વહન કરવાની શક્તિની માનવીય મર્યાદાઓ હોય છે. આથી અનુભવી અને કુશળ સંચાલકો પણ પેઢીના અમુક કદ પછી તેનું સંચાલન કાર્ય કુશળતાથી સંભાળી શકતા નથી. તેમની જોખમ ઉઠાવવાની, કામનો બોજો વધારવાની અને સંચાલન શક્તિની ચોક્કસ મર્યાદાઓ હોય છે. તેથી તેઓ અમુક હદ કરતાં વધુ સ્ટ્રેસ માનસિક દબાણ ઉઠાવવા તૈયાર થતા નથી અને ક્યારેક વધુ પડતાં સ્ટ્રેસને પરિણામે અને કાર્યદક્ષતાની મર્યાદાને કારણે ખોટા કે પ્રતિકૂળ નિર્ણયો લેવાઈ જાય તેવી શક્યતા હોય છે. આમ માનવીય મર્યાદા એ પણ પેઢીની વૃદ્ધિ ઉપર નિશ્ચિત પણે અંકુશ મુકે છે.

- **હરીફ પેઢીઓ અને અવેજી વસ્તુઓથી વધતા પડકાર :-** બજારમાં થોડા કે વધારે સમયના અંતરે કોઈ એક પેઢીની પેદાશોની અવેજીમાં આવી શકે તેવી વસ્તુઓ બજારમાં ઉપલબ્ધ થતી હોય છે. આવી અવેજી વસ્તુઓ ઉત્પન્ન કરતી પેઢીઑ અમુક સમયે બજારમાં પ્રવેશે છે અને પેઢી સામે હરીફાઈ કરે છે. સામાન્ય રીતે લાંબેગાળે કોઈપણ પેઢીની પેદાશની અવેજી વસ્તુ હરીફ પેઢીઓ દ્વારા બજારમાં મુકવામાં આવે છે. આના પરિણામે વૃદ્ધિ કરતી પેઢી માટે પોતાની પેદાશને અનુકૂળ ભાવોએ બજારમાં વેચવાનું મુશ્કેલ બને છે. અન્ય પેઢીઓ પણ બજારમાં પોતાનો હિસ્સો વધારે તેથી કોઈ એક પેઢીનો વેચાણનો હિસ્સો બજારમાં લાંબાગાળા સુધી ટકાવી રાખવાનો મુશ્કેલ બને છે. આથી પેઢીની માંગવૃદ્ધિ જાળવી શકાતી નથી. તેને પરિણામે ઉત્પાદન વૃદ્ધિ ઉપર મર્યાદા આવે છે.

- **ગ્રાહકોની પસંદગીમાં ફેરફારો અને માંગ ઘટાડાના વલણો :-** બજારમાં સમયાંતરે ગ્રાહકોની રૂચિ અને પસંદગીમાં કેટલાક ફેરફારો થતા હોય છે. તેથી કોઈ પેઢી દ્વારા ઉત્પાદિત વસ્તુની પસંદગી સામે ગ્રાહકોને અરુચિ થાય છે અને પેઢીની માંગ ઉપર પ્રતિકૂળ અસર થાય છે. વસ્તુની પસંદગી અને માંગના વલણો કેટલાક પરિબળોથી પ્રભાવિત થતાં હોય છે. ગ્રાહકોની પસંદગી અને માંગમાં જો મોટા પરિવર્તન આવે અને કોઈ પેઢી તેને ઝડપથી અનુકૂળ એવા ફેરફારો

અપનાવી ન શકે તો તે સંજોગોમાં પેઢીને પોતાના ઉત્પાદનનું વેચાણ કરવામાં મુશ્કેલીઓ અનુભવવી પડે છે. પેઢીને પોતાની વસ્તુની કિંમતમાં ઘટાડો કરીને વેચાણ ટકાવી રાખવા પ્રયત્ન કરવો પડે છે, જે પેઢીની આવકમાં ઘટાડો કરે છે. જો પેઢી ભાવ ચુસ્તતાને વળગી રહે તો પેઢીના વેચાણમાં ઘટાડો થાય છે આ સંજોગોમાં પેઢીની વૃદ્ધિ ઉપર અનિવાર્યપણે નિયંત્રણ આવે છે.

❖ **વણવપરાયેલી ઉત્પાદનશક્તિની સમસ્યા :-** પેઢી કદવૃદ્ધિ માટે ઉત્પાદનશક્તિમાં વધારો કરે તે અમુક હદ સુધી લાભકારક જણાય પરંતુ પેઢી જો વધુ પડતી ઉત્પાદનશક્તિ સ્થાપિત કરે તો તેનો પૂરતો ઉપયોગ થવો જરૂરી હોય છે. જો ઉત્પાદનશક્તિનો પૂરતો ઉપયોગ ન થાય તો પેઢીનો સરેરાશ ખર્ચ વધે છે. જે તેની વસ્તુની કિંમતમાં વધારો કરાવે છે અને પેઢીના નફા ઘટાડો થાય છે. બજારમાં કોઈ એક વસ્તુની માંગ બધા સંજોગોમાં એકસરખી રહેતી નથી. અવેજી વસ્તુઓ વધવાથી કે લોકોની પસંદગીઑ બદલાવાથી અથવા બજારમાં મંદી આવવાથી વસ્તુની માગમાં ઘટાડો થતો હોય છે અને કિંમત ઘટાડા તથા માર્કેટિંગના પ્રયાસોથી પણ માંગવૃદ્ધિ પૂરતા પ્રમાણમાં કરી શકાતી નથી. આ સંજોગોમાં સ્થાપિત ઉત્પાદનશક્તિનો ઉપયોગ થઈ શકતો નથી અને વણવપરાયેલી ઉત્પાદનશક્તિની સ્થિતિ ઉદ્ભવે છે. જે ટૂંકાગાળામાં ઝડપથી બદલી શકાતી નથી. આ સંજોગોમાં પેઢીના નફામાં ઘણો ઘટાડો થવા પામે છે અને તેથી પેઢીની વૃદ્ધિ ઉપર અંકુશ આવે છે.

❖ **પેઢીના અસ્તિત્વ સામે જોખમો :-** પેઢીના કદમાં વૃદ્ધિ એ એક સામાન્ય ઘટના જણાય છે. ઘણી પેઢીઓ શરૂ થયા પછી વૃદ્ધિ પામતી હોય છે અને આંતરિક કરકસરના લાભ મળે ત્યાં સુધી કદમાં વૃદ્ધિ કરે છે. પેઢી એ એક નિયોજક દ્વારા સંચાલિત આર્થિક એકમ છે. પેઢીમાં જોખમ અને અનિશ્ચિતતાઓને પરિણામે નિશ્ચિત વળતર હોતું નથી. પેઢી અનુકૂળ સંજોગોમાં નફો કરે અને પ્રતિકુળ સંજોગોમાં ખોટ કરે તે સ્વાભાવિક છે. અસ્થાયી ખર્ચની ખોટ થાય ત્યાં સુધી પેઢી માટે સહય ખોટ હોય છે, પરંતુ જો સ્થાયી ખર્ચમાં પણ ખોટ થાય અને તે ટુંકા સમયમાં દૂર થાય તેમ ન હોય તો પેઢી માટે આવી ખોટ અસહ્ય ખોટ બને છે અને પેઢીના અસ્તિત્વ સામે જોખમ ઉદભવે છે. પેઢી આંતરિક કરકસરોના લાભ લેવા માટે કદમાં વૃદ્ધિ કરે છે અને જ્યાં સુધી કરકસરના લાભો જણાય ત્યાં સુધી કદમાં વૃદ્ધિ ચાલુ રાખે છે. કેટલાક સંજોગોમાં પેઢી આંતરિક કરકસરના લાભો અંગે વધુ પડતા અંદાજો મૂકીને જો વધુ ઉત્પાદનશક્તિ સ્થાપિત કરે અને આંતરિક કરકસરના

લાભના અંદાજો ખોટા પડે અથવા તો આંતરિક કરકસરના ગેરલાભો શરૂ થાય તે સંજોગોમાં પેઢીને ખોટ થાય છે. સ્થાપિત ઉત્પાદનશક્તિનો ઉપયોગ વધારી શકે તો પેઢી માટે ખોટની સ્થિતિ સહય હોય છે અને પેઢી ટકી જાય છે પરંતુ જો વધુ સમય સુધી પેઢીની ઉત્પાદનશક્તિ વણવપરાયેલી રહેવા પામે અને પેઢી ઉત્પાદન વૃદ્ધિને અનુરૂપ માંગવૃદ્ધિ સર્જી ન શકે તો પેઢી માટે સ્થાયી ખર્ચની ખોટ વધવા પામે છે અને આ ખોટ પેઢી માટે અસહ્ય બને છે. તેથી પેઢીના અસ્તિત્વ સામે જોખમ ઊભું થાય છે. આથી સામાન્ય રીતે પેઢીના અસ્તિત્વ સામે જોખમ ઊભું થવાની સ્થિતિ ન આવે તે હેતુથી પેઢીના કદમાં ખૂબ જ ગણતરીપૂર્વક અને સાવચેતીપૂર્વક વૃદ્ધિ કરે છે અને યોગ્ય પરિસ્થિતિ જણાતા પેઢીની વૃદ્ધિનું જોખમ લેવાનું ટાળે છે. આમ પેઢી માટે અસહ્ય ખોટની સંભાવના તથા પેઢીના અસ્તિત્વ સામે ઉભો થતો ખતરો એ પેઢીની આંતરિક કરકસરોના ગેરલાભ ગણાય અને આવી સંભાવનાઓ પેઢીની વૃદ્ધિ ઉપર અંકુશ મુકે છે.

## 2.4 લાંબાગાળાની સરેરાશ ખર્ચરેખા :-


કદવિકાસના લાભ અને ગેરલાભના સંદર્ભમાં લાંબાગાળાની ખર્ચરેખાનો ઉપયોગ પેઢીઓની લાંબાગાળાની સમતુલામાટે કરવામાં આવે છે. ટૂંકાગાળામાં સ્થાપિત ઉત્પાદનશક્તિ એટલે કે મૂડીલક્ષી રોકાણ ઉપરાંત વધારાનું ઉત્પાદન કરવા માટે અસ્થાયી સાધનોનો ઉપયોગ વધારવામાં આવે છે, જેને બિનપ્રમાણસર સાધન સંયોજનનો નિયમ કહે છે. આ નિયમ અનુસાર વાસ્તવિક સાધન પ્રમાણમાં વધારો થતો જાય તેના પ્રમાણસર ઉત્પાદન વધતું નથી. આ સ્થિતિમાં શરૂઆતમાં વધતી પેદાશ અને પછીથી ઘટતી પેદાશ ની સ્થિતિ લાગુ પડે છે. આ સંદર્ભમાં ટૂંકાગાળાની સરેરાસ ખર્ચરેખા U આકારની હોય છે. જેમાં શરૂઆતમાં ઘટતાખર્ચની સ્થિતિ અને પછીથી વધતા ખર્ચની સ્થિતિ દર્શાવાય છે. સમયના ટૂંકાગાળાનો પેઢી ઉત્પાદન વૃદ્ધિ કરવા માટે સ્થિર ખર્ચ એટલે કે ઉત્પાદનશક્તિમાં વધારો કરે છે. તેથી ટૂંકાગાળાની સરેરાશ ખર્ચરેખાનું ન્યૂનતમ બિંદુ નીચે તરફ ખસે છે. કદવૃદ્ધિના વિવિધ લાભને પરિણામે લાંબા સમય સુધી ટૂંકાગાળાની સરેરાશ ખર્ચરેખાનું ન્યૂનતમ એટલે કે લઘુતમ બિંદુ નીચે તરફ ખસે છે.આમ લાંબાગાળા સુધી પેઢીની કદવૃદ્ધિના લાભ એટલે કે આંતરિક કરકસરના લાભ પેઢીની વૃદ્ધિ સાથે મળતાં રહે છે.

## 2.5 કદવિકાસના ગેરલાભની સ્થિતિ :- (વધતા ખર્ચની સ્થિતિ) :-

લાંબાગાળાના કદવૃદ્ધિના કે આંતરિક કરકસરના લાભો પૂરા થાય ત્યારે લાંબાગાળાની સરેરાશ ખર્ચરેખાનું ન્યૂનતમ બિંદુ આવે તે પેઢીના વૃદ્ધિની ઈષ્ટ સ્થિતિ (મહત્તમ સ્થિતિ) દર્શાવે છે. આ સ્થિતિ પછી કદ વૃદ્ધિ એટલે કે ઉત્પાદન વૃદ્ધિ સાથે આંતરિક કરકસરના ગેરલાભો શરૂ થાય છે અને ટૂંકાગાળાની ખર્ચ રેખાના ન્યૂનતમ બિંદુ ઉપર તરફ ખસે છે. આમ લાંબાગાળાની સરેરાશ ખર્ચરેખા ટૂંકાગાળાની ખર્ચરેખાના ન્યુનતમ બિંદુઓને જોડતી કાલ્પનિક રેખા છે. જેનો આકાર U આકાર હોય છે.

આકૃતિ 2.1

લાંબાગાળાની સરેરાસ ખર્ચ રેખા




પેઢીની લાંબાગાળાની રેખા એ કદવૃદ્ધિને પરિણામે ઘટતા ખર્ચ તથા વધતા ખર્ચની સ્થિતિ દર્શાવતી કાલ્પનિક રેખા છે. સાદી સમજ મુજબ ટૂંકાગાળાના સરેરાશ ખર્ચના ન્યુનતમ બિંદુઓને જોડવાથી લાંબાગાળાની U આકારની સરેરાશ ખર્ચની રેખા પ્રાપ્ત થાય છે. આ રેખામાં દર્શાવેલ P બિંદુ એ લાંબાગાળાનું સરેરાશ ખર્ચનું ન્યૂનતમ બિંદુ છે એટલે કે P બિંદુએ પેઢીની વૃદ્ધિની ઈષ્ટ કદની સ્થિતિ દર્શાવે છે. આ સ્થિતિની ડાબી બાજુએ ઘટતાખર્ચની સ્થિતિ હોય છે અને P બિંદુ સુધી ઘટતાં ખર્ચના(વધતી પેદાશના) લાભ પ્રાપ્ત થાય છે. આ બિંદુ પછી જમણી તરફ ઉત્પાદન વધવા સાથે ઘટતી પેદાશની સ્થિતિ એટલે કે વધતા ખર્ચની સ્થિતિ જણાય છે. આમ પેઢી P બિંદુ સુધી એટલે કે લાંબાગાળાના ન્યૂનતમ બિંદુ સુધી આંતરિક વિકાસના લાભો મેળવી શકે છે અને ત્યારપછી જો ઉત્પાદન વૃદ્ધિ કે કદવૃદ્ધિ ચાલુ રહે તો આંતરિક વિકાસના ગેરલાભો ભોગવવા પડે છે. તેથી પેઢીની વૃદ્ધિ ઉપર અંકુશ આવે છે.

જેકોબ વાઈનરે લાંબાગાળાની સરેરાશ ખર્ચરેખાને કાલ્પનિક રેખા સ્વરૂપે દર્શાવ્યું છે કે જેમાં ટૂંકાગાળાની રેખાઓના ન્યૂનતમ બિંદુઓને જોડવામાં આવ્યા છે. ટેકનિકલ દષ્ટિએ આવી આકૃતિ બની શકે નહીં, કારણ કે જ્યારે આવી આકૃતિ દોરવામાં આવે ત્યારે લાંબાગાળાની સરેરાશ ખર્ચ રેખાને ટૂંકાગાળાની ખર્ચ રેખાઓ સ્પર્શતી હોય તે દર્શાવી શકાય, પરંતુ ન્યૂનતમ બિંદુ એ સ્પર્શતી હોય તે શક્ય નથી.

## 2.6 પેઢીની વૃદ્ધિ ઉપરના અંકુશો :-

પેઢીના હેતુઓના ઉદ્દેશોની ચર્ચામાં નફા સિવાયના હેતુઓમાં એક અગત્યનો હેતુ મહત્તમ વેચાણ આવકનો હોય છે. તેવું બોમલે પેઢીના વૃદ્ધિના વિશ્લેષણના સંદર્ભમાં દર્શાવ્યું હતું. બોમલના મતે પેઢીની વૃદ્ધિ અને નફા પ્રમાણને વ્યસ્ત સંબંધ હોય છે. જો કે જે. વિલિયમ્સનના મતે બોમલનું આ તારણ યોગ્ય નથી. પેઢીની વૃદ્ધિ મહત્તમ વેચાણ આવકના ઉદેશના સંદર્ભમાં કરવામાં આવે ત્યારે પેઢીએ નફાના પ્રમાણ સાથે સમાધાન કરવું પડે છે, તે બાબત બોમલે પેઢીના વિકાસના સિદ્ધાંતમાં સમજાવી છે. જો કે પેઢીની વૃદ્ધિ અને નફા વચ્ચે હમેશા વિરોધાભાસ હોય તેવું હોઈ શકે નહી. પેઢી માંગવૃદ્ધિના વિવિધ પ્રયાસો કરીને કિંમત ઘટાડ્યા સિવાય વધુ વેચાણ કરી શકે છે. તેથી વેચાણ વૃદ્ધિ સાથે નફા વૃદ્ધિમાં ઘટાડો થતો નથી. પેઢીની

વૃદ્ધિ અને નફાના પ્રમાણ સંદર્ભે પેઢીની વૃદ્ધિની બે અવસ્થાઓ સમજવી જરૂરી છે. (1) પેઢીની કદવૃદ્ધિ થાય તેમ કદવિકાસના લાભ પ્રાપ્ત થાય છે અને તેથી સરેરાશ ખર્ચ ઘટતું જાય છે, પરિણામે પેઢીની વૃદ્ધિ સાથે નફો પણ વધતો જાય છે. જ્યાં સુધી આંતરિક વિકાસના લાભ મળતાં હોય ત્યાં સુધી ઉત્પાદન વૃદ્ધિ એટલે કે પેઢીના કદની વૃદ્ધિ સાથે નફામાં પણ વૃદ્ધિ થાય છે. (2) પેઢીના વિકાસનું ઈષ્ટ કદ આવ્યા પછી જો પેઢીની વૃદ્ધિ ચાલુ રહે તો કદવિકાસના લાભ મળતા નથી અને તેના ગેરલાભ વધવા પામે છે. તેને પરિણામે ઈષ્ટ કદ પછી પેઢીની વૃદ્ધિને પરિણામે સરેરાશ ખર્ચ વધતું જતું હોવાથી નફાના  પ્રમાણમાં ઘટાડો થાય છે. આમ પેઢીની વૃદ્ધિ ઉપર આંતરિક કરકસરના ગેરલાભો જોવા મળે છે.

પ્રો.મારીશના મતે પેઢીની વૃદ્ધિ કરવા માટે પેઢીના યોજકો અને સંચાલકો સતત પ્રયત્નશીલ હોય છે અને કદવૃદ્ધિમાં અવરોધો ઉદભવે તો તે અવરોધોને દૂર કરવાના પ્રયાસો પણ કરે છે. પ્રો. મારીશે પેઢીની કદ વૃદ્ધિ ઉપર અંકુશ મૂકતાં ત્રણ પરિબળો દર્શાવ્યા છે. (1) નાણાં વ્યવસ્થાકીય અંકુશ  (2) માંગનો અંકુશ (3) સંચાલકીય અંકુશ

**2.6.1 નાણા વ્યવસ્થાકીય અંકુશ :-** પેઢીની વૃદ્ધિ માટે વધુ મૂડીરોકાણ કરવા માટેની મૂડી પ્રાપ્તિની જોગવાઈ કરવી પડે છે. મૂડી પ્રાપ્તિ માટે બે પ્રાપ્તિસ્થાન હોય છે (1) આંતરિક અને (2) બાહ્ય

પેઢીનો વણવહેંચાયેલો નફો એ પેઢીનું આંતરિક મૂડી પ્રાપ્તિનું સાધન છે. પેઢીના નફામાંથી ડિવિડન્ડમાં કાપ મૂકીને અનામત નફા ભંડોળ ઊભું કરી પેઢીની વૃદ્ધિ માટે જરૂરી મૂડીરોકાણ કરી શકાય છે. આંતરિક મૂડી પ્રાપ્તિનું સ્થાન વધુ સરળ હોય છે અને વધુ ઝડપથી જરૂરિયાત મુજબ મૂડીભંડોળ મેળવી શકાય છે. જો કે આંતરિક મૂડી પ્રાપ્તિનું સાધન એ ડિવિડન્ડની વહેંચણીમાં ઘટાડો કરે છે અને તેથી શેરધારકો નારાજ થતા હોય છે. સામાન્ય રીતે યોજકો આંતરિક સાધનોના ઉપયોગને ઓછું પસંદ કરે છે. પેઢીની વૃદ્ધિ માટે બાહ્ય સાધનો એટલે કે પબ્લિકમાંથી નવા શેરના વેચાણ વડે ઊભું કરાતું મૂડીભંડોળ તથા ડિબેન્ચર અને લોનો વડે પણ મૂડીભંડોળ પ્રાપ્ત કરી શકાય છે. પેઢીની સતત વૃદ્ધિ માટે પેઢીએ બજારમાંથી નવાં શેરો વડે મૂડીભંડોળ મેળવવું પડે છે, પરંતુ આ માટે પેઢીએ સતત ઊંચા દરે ડિવિડન્ડ વહેચીને પેઢીએ પોતાની નેટવર્થના મૂલ્યમાં વધારો કરવો પડે છે તથા મૂડીબજારમાં પેઢીની શાખ વધારે મજબૂત કરવી પડે છે. બોન્ડ અને લોન દ્વારા મેળવાતા મૂડીભંડોળ ઉપર વ્યાજ ચૂકવવાનો બોજો વધતો હોય છે. આમ પેઢીની વૃદ્ધિ માટે ખૂબ જ કાર્યક્ષમ મૂડી અને નાણાકીય વ્યવસ્થાનું સંચાલન કરવું જરૂરી બને છે. આથી પેઢીની વૃદ્ધિ ઉપર નાણાં વ્યવસ્થા એક અગત્યનો અવરોધ ગણાય છે.

**2.6.2 માંગનો અંકુશ :-** પેઢીની વૃદ્ધિની પ્રક્રિયાને પરિણામે ઉત્પાદનમાં વધારો થાય તેને બજારમાં યોગ્ય ભાવોએ વેચવાના પ્રશ્નો ઉદભવે છે. વધારાના ઉત્પાદન માટે બજારમાં પેઢીની પેદાશની વધુ માંગ સર્જવી પડે છે. આ માટે પેઢી અસરકારક જાહેરાત અને વેચાણ વ્યવસ્થાની વ્યૂહરચના અપનાવીને માંગમાં વધારો કરવા પ્રયાસ કરે છે. આમ છતાં હમેશ માટે કોઈ વસ્તુની માંગ એકસરખી રહી શકતી નથી. બજારમાં ગ્રાહકોની પસંદગીમાં પરિવર્તનો

આવવાથી તેમજ હરીફ પેઢીઓ દ્વારા અવેજી વસ્તુઓ વડે પેઢીની વસ્તુઓ સામે સ્પર્ધા વધવાથી પેઢીની પેદાશોની માંગ ઉપર પ્રતિકૂળ અસરો થવા પામી છે. આ સંજોગોમાં પેઢીએ ભાવ કાપ કરીને માંગ વધારવા પ્રયાસ કરવો પડે છે, જે કુલ વેચાણ આવકમાં ઘટાડો લાવી શકે અને નફામાં પણ ઘટાડો લાવી શકે. વેચાણ ખર્ચ અને જાહેરાત માર્કેટિંગની માંગ ઉપરની અસર સમય જતા નબળી પડતી હોય છે, તેથી માંગ ટકાવવા કે વધારવા માટે પેઢીએ જાહેરાત અને વેચાણ ખર્ચ પાછળ વધુ ખર્ચ કરવો પડે છે. જે પેઢીના એકંદર ખર્ચમાં વધારો કરે છે. આમ માંગને ટકાવી રાખવા અને ઉત્પાદનશક્તિને અનુરૂપ માંગ સર્જવા માટેના પેઢીના પ્રયાસોને અમુક હદ પછી સફળતા મળતી નથી. આમ પેઢીની વસ્તુની માંગ એ લાંબેગાળે પેઢીની કદવૃદ્ધિ ઉપરનો અગત્યનો અંકુશ છે.

### 2.6.3 સંચાલકીય અંકુશ :-

મોટા કદની પેઢીના કાર્યક્ષમ સંચાલન માટે તજજ્ઞ અને અનુભવી વ્યાવસાયિક સંચાલકો જરૂરી હોય છે. આ સંચાલકો પોતાના કેટલાક નાણાકીય તેમજ બિન નાણાકીય હિતો ખાતર પેઢીની કદવૃદ્ધિનો ઉદ્દેશ ધરાવતા હોય છે. પેઢીની ઉત્પાદનશક્તિમાં વૃદ્ધિ થવા સાથે સંચાલકોની વિવિધ પ્રકારની કામગીરીઓમાં વધારો થતો હોય છે. અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ વધારવો, નવી ટેકનોલોજીને અનુરૂપ નવા યંત્રોની ફાળવણી, જૂના યંત્રો અને સાધનોના સ્થાને નવા સાધનો રિપ્લેસ કરવા, વિવિધ વિભાગો વચ્ચે સંકલન કરવું, ઉત્પાદનની ગુણવત્તા જાળવવી, શ્રમિકોની કાર્યક્ષમતા વધે તેવા વહીવટીય અને વ્યવસ્થાકીય સુધારા કરવા, જરૂરિયાત મુજબ કામદારોના કૌશલ્ય તેમજ તાલીમની વખતો વખત વ્યવસ્થા કરવી, કાચામાલની યોગ્ય ભાવે અને યોગ્ય ગુણવત્તામાં ખરીદી કરવી અને પૂરતો સ્ટોક કરવો , વિભિન્ન વિભાગોની માહિતીઓ મેળવવી અને સૂચનાઓ પહોંચાડવી, બજારમાં માંગના વલણો જાણવા તથા પોતાની પેદાશો અંગે ગ્રાહકોની પસંદગી અને તેમાં થતાં ફેરફારો વિશે આધારભૂત માહિતીઓ મેળવવી, અસરકારક માર્કેટિંગ અને વેચાણ વ્યવસ્થા વડે ઉત્પાદિત જથ્થાનું વેચાણ કરવું, પેઢીની મૂડી અને નાણાકીય સ્થિતિ, આવક- ખર્ચ, દેવા, હિસાબો વગેરે ઉપર ધ્યાન રાખવું અને પેઢીના હિતમાં મહત્વના નિર્ણયો લેવામાં યોજકોને (બોર્ડ ઓફ ડિરેક્ટર્સને) સહાયરૂપ થવું .આવી અનેકવિધ પ્રકારની કામગીરીઓ સંચાલકોએ કરવી પડે છે. પેઢીની કદવૃદ્ધિ સાથે આ જવાબદારી વધતી જાય છે એટલું જ નહીં પરંતુ આ કામગીરીઓ વધુ જટિલ બનતી જાય છે. આથી પેઢીની વૃદ્ધિની ગતિ ચાલુ રાખવા માટે વધારે પ્રમાણમાં વધુ અનુભવી સંચાલકોની સેવાઓ લેવામાં આવે છે. આમ છતા ટેકનોલોજીની દ્રષ્ટિએ અવિભાજ્યતાના લાભોમાં સ્થગિતતા આવ્યા પછી પેઢીની વૃદ્ધિ કરવામાં આવે તો સંચાલક માટે સમય, માનસિક શ્રમ વગેરેની બાબતે મર્યાદા આપે છે. આમ સંચાલકીય મર્યાદાને પરિણામે પેઢીની વૃદ્ધિ ઉપર અંકુશ આવે છે.

## 2.7 સારાંશ :-

પેઢીના મહત્વના ઉદ્દેશોમાં નફો, પેઢીની કદવૃદ્ધિ તથા અન્ય પ્રતિષ્ઠા, પ્રભાવ, ચેરીટી જેવા ઉદેશો હોય છે. નફો કમાવવોએ પેઢીનું સૌથી મહત્ત્વનો ઉદેશ ગણાય છે. જો કે મહત્તમ નફાના આદર્શવાદી ઉદ્દેશના સ્થાને સલામત નફો, અપેક્ષિત નફો, ઉંચો નફો જેવા નફાના ઉદ્દેશો વ્યવહારુ ગણાય છે. બજાર વ્યવસ્થામાં પરિવર્તનો આવવાથી બજારમાં નાની પેઢીઓને સ્થાને અલ્પહસ્તક ઈજારદાર મોટી પેઢીઓનું મહત્વ વધવા પામ્યું છે. ખાનગી વ્યક્તિગત ભાગીદારી સ્વરૂપની માલિકીના સ્વરૂપને બદલે કોર્પોરેટ વ્યવસ્થાની પેઢીઓ વધુ પ્રભાવશાળી બની છે. આ સંદર્ભમાં પેઢીના નફાના ઉદ્દેશ્ય સિવાય પેઢીની વૃદ્ધિના ઉદ્દેશની ચર્ચાને વધુ મહત્વ આપવામાં આવી રહ્યુ છે.

પેઢીની વૃદ્ધિ એટલે કે પેઢીના કદનો વિકાસ. પેઢીના કદનો વિકાસ થાય ત્યારે વિવિધ પ્રકારના કદવિકાસના લાભો ઉદભવે છે. જેને આંતરિક કરકસરના લાભો પણ કહે છે. આ લાભોમાં મુખ્યત્વે, ઉચ્ચ ટેક્નોલોજી, અવિભાજ્યતાના લાભ, યાંત્રિકરણ અને સૂક્ષ્મ શ્રમવિભાજનના લાભો, તજજ્ઞ માનવમૂડીનો વધુ ઉપયોગ, વહીવટી લાભો, ખરીદ વેચાણના લાભ, સંશોધનના લાભ, નાણાકીય તથા મૂડી અંગેના લાભો, જોખમ ઉઠાવવાની શક્તિનો લાભ વગેરે વડે પેઢીની એકંદર ઉત્પાદકતામાં વધારો થતો જાય છે અને તેને પરિણામે સરેરાશ ખર્ચ પેઢીની વૃદ્ધિ સાથે ઘટતું જાય છે.

પેઢીની આંતરિક કરકસરના લાભ એટલે કે કદવિકાસના લાભ અમુક હદ સુધી ઉત્પાદન વધારી શકે છે, પરંતુ વધુ ઉત્પાદન વૃદ્ધિ સાથે તેમાં ગેરલાભોની સ્થિતિ પણ સર્જાય છે. કદવિકાસના લાભ વૃદ્ધિની અમુક સીમા પછી ઘટવા લાગે છે અને તે ગેરલાભમાં પરિણામે છે.

પેઢીની વૃદ્ધિના ગેરલાભોની સ્થિતિ આવે ત્યાર પછી પેઢીની કદવૃદ્ધિ કરવામાં આવે તો પેઢીની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા ઘટે છે અને સરેરાશ ખર્ચ વધવા પામે છે. જેને પરિણામે પેઢીની વૃદ્ધિ ઉપર અંકુશ આવે છે. પ્રો. મારીસે પેઢીની વૃદ્ધિને અવરોધતા મુખ્ય ત્રણ પરિબળો દર્શાવ્યા છે. (1) નાણા વ્યવસ્થાકીય (2) માંગનો અંકુશ અને (3) સંચાલકીય અંકુશ. પેઢીની વૃદ્ધિ ઉપરના આ બધા અંકુશો પૈકી સંચાલકીય અંકુશ વધુ મહત્વનો છે, કારણ કે સંચાલકોને પણ માનવીય મર્યાદાઓ અનિવાર્યપણે લાગુ પડે છે. જે પેઢીની વૃદ્ધિની સતત ગતિ ઉપર અંકુશ મુકે છે.

## 2.8 ચાવીરૂપ શબ્દો :

- સૂક્ષ્મ શ્રમવિભાજન :- ઉત્પાદન પ્રક્રિયાના જુદા જુદા વિભાગોમાં દરેક વિભાગ ઉપર જુદા જુદા શ્રમિકો કામ કરે તેવી વ્યવસ્થા એટલે સુક્ષ્મ શ્રમવિભાજન
- અવિભાજ્યતા :- મોટા મૂડી સાધન કે યંત્રનો ઉપયોગ જેમ જેમ વધતો જાય તેમ તેમ ઉત્પાદનનું એકમ દીઠ ખર્ચ એટલે કે સરેરાશ ખર્ચ ઘટતું જાય તેવી સ્થિતિને અવિભાજ્યતા કહે છે.
- આંતરિક કરકસર :- પેઢીની વૃદ્ધિને પરિણામે વિવિધ પ્રકારના કદવિકાસના લાભને આંતરિક કરકસર કહે છે.
- બાહ્ય કરકસર :- ઉદ્યોગના કદવિકાસને પરિણામે પ્રાપ્ત થતા વિવિધ લાભને બાહ્ય કરકસર કહે છે.

- યાંત્રિકરણ :- ઉત્પાદનનું પ્રમાણ મોટા પાયા ઉપર કરવા માટે પરંપરાગત માનવશ્રમ અથવા પશુશક્તિના સ્થાને આધુનિક યંત્રો દ્વારા કાર્ય કરવાની પ્રક્રિયા એટલે યાંત્રિકરણ.
- પેઢીનું ઇષ્ટ કદ :- પેઢીના યાંત્રિક વિકાસના લાભ સ્થગિત થાય અને તે મહત્તમ કક્ષાએ પહોંચે તે સ્થિતિ એટલે પેઢીનું ઇષ્ટ કદ કેહવાય.
- વણવપરાયેલી ઉત્પાદનશક્તિ :- પેઢીની વૃદ્ધિને પરિણામે જે સ્થાયી ઉત્પાદનશક્તિ સ્થાપિત કરવામાં આવી હોય તેનો પૂરેપૂરો ઉપયોગ ઉત્પાદન હેતુથી થતો ન હોય તેવી સ્થિતિને વણવપરાયેલી ઉત્પાદનશક્તિ કહે છે.
- નવપ્રવર્તનઃ- વસ્તુના કદ,આકાર,વજન,સ્વાદ, દેખાવ,પેકીંગ તથા વિવિધ ગુણધર્મોમાં ફેરફાર કરીને તે વધુ આકર્ષક કે વધારે ઉપયોગી બનાવાય તેને નવપ્રવર્તન કહે છે.
- માર્કેટિંગ વ્યૂહરચનાઃ- વસ્તુના વેચાણ વૃદ્ધિ માટે વેચાણ માળખું ગોઠવવા તથા વસ્તુની માંગ ઉભી કરવા માટે જાહેરાત કરવા અંગેની વ્યૂહરચના એટલે માર્કેટિંગ વ્યૂહરચના કહેવાય.
- વેચાણ ખર્ચ :-પેઢી પોતાની પેદાશના વધુ વેચાણ માટે નવી માંગ ઉભી કરવા કે દ્રઢ કરવા જાહેરાતો પાછળ જે ખર્ચ કરે તેને વેચાણ ખર્ચ કહે છે.

### ❖ લાંબા પ્રશ્નોના જવાબ આપો :

1. આંતરિક કરકસર એટલે શું? પેઢીની આંતરિક કરકસરના લાભોની સમજૂતી આપો
2. પેઢીની વૃદ્ધિનો અર્થ સમજાવી, પેઢીના એકમવિકાસના લાભોની ચર્ચા કરો
3. પેઢીની વૃદ્ધિનો અર્થ સમજાવી, પેઢીના એકમવિકાસના લાભાલાભ જણાવો
4. પેઢીની વૃદ્ધિનો અર્થ સમજાવી, પેઢીની વૃદ્ધિ ઉપરના અંકુશો ચર્ચો.
5. આંતરિક કરકસરનો અર્થ સમજાવી બાહ્ય કરકસરના લાભો વર્ણવો.
6. પેઢીની વૃદ્ધિ સમજાવી, આંતરિક કરકસરમાં ખરીદ વેચાણના લાભ ચર્ચો.
7. આંતરિક કરકસરનો ગેરલાભ એટલે શું અને આ ગેરલાભ સામેના જોખમો જણાવો.
8. પેઢીમાં કદવિકાસ એટલે શું ? પેઢીના કદવિકાસમાં જોખમો ઉઠાવવાની શકિતના લાભની ભૂમિકા જણાવો.
9. વણવપરાયેલી ઉત્પાદનશક્તિનો અર્થ સમજાવી, તેની સમસ્યાઓ જણાવો
10. વેચાણ ખર્ચની સમજુતી આપી, વેચાણ ખર્ચ એ ક્યાબજારનું મહત્વનું લક્ષણ છે ?

### ❖ ટૂંકા પ્રશ્નોના જવાબ આપો :

1. આંતરિક કરકસરનો અર્થ સમજાવો
2. પેઢીની વૃદ્ધિનો અર્થ સ્પષ્ટ કરો
3. ખરીદ વેચાણના લાભ ચર્ચો
4. જોખમો ઉઠાવવાની શક્તિનો લાભ જણાવો
5. નાણાકીય લાભ અને મૂડી અંગેના લાભો જણાવો છો

6. કૌશલ્ય પ્રાપ્ત શ્રમિકોને મેળવવામાં રહેલી મુશ્કેલીઓ જણાવો.
7. માનવીયશક્તિની મર્યાદાઓ જણાવો
8. આંતરિક કરકસરના ટેક્નિકલ લાભોની ચર્ચા કરો
9. આંતરિક કરકસરમાં સંશોધનના લાભો જણાવો
10. આંતરિક કરકસરના ગેરલાભ તરીકે યાંત્રિક ગેરલાભ વર્ણવો
11. પ્રો. મારીશના પેઢીના અંકુશો વિશેના વિચારો જણાવો
12. પ્રો. મારીશના સંચાલકીય અંકુશો વિશેના વિચારો જણાવો
13. વેચાણ ખર્ચ એટલે શું ? તે શા માટે કરવામાં આવે છે ?

❖ **ટૂંકનોંધ લખો :**

1. આંતરિક કરકસરના લાભો
    1. આંતરિક કરકસરના ગેરલાભો
    2. કાચા માલની પ્રાપ્તિની સંદર્ભે પડતી મુશ્કેલીઓ
    3. વેચાણ ખર્ચ
    4. જોખમો ઉઠાવવાની શક્તિના લાભો
    5. પેઢીની વૃદ્ધિની ઈષ્ટ સ્થિતિ
    6. પેઢીની વૃદ્ધિ ઉપરના અંકુશો
    7. લાંબાગાળાની સરેરાશ ખર્ચ રેખા
    8. વણવપરાયેલી ઉત્પાદનશક્તિની સમસ્યાઓ

❖ **પ્રશ્નોના સાચા જવાબ સામે (✓)ની નીશાની કરો. (M.C.Q.) :**

(1) ટૂંકાગાળામાં પેઢી ઉત્પાદન વૃદ્ધિ કરે ત્યારે ક્યા સાધનોમાં કોઈ વધારો કરવામાં આવતો નથી ?

(A) શ્રમ અને મૂડી (B) જમીન અને નિયોજક

(C) સ્થાયી સાધનો (D) અસ્થાયી સાધનો

(2) બિનપ્રમાણસર ઉત્પાદનના નિયમ અનુસાર પ્રારંભમાં કઈ પેદાશની સ્થિતિ જોવા મળે છે ?

(A) વધતી પેદાશ (B) ઘટતી પેદાશ

(C) સ્થિર પેદાશ (D) અસ્થિર પેદાશ

(3) પેઢીના કદવિકાસને પરિણામે વિવિધ પરિબળો દ્વારા પેઢીના કયા ખર્ચમાં ઘટાડો થતો જાય છે ?

(A) સ્થિર ખર્ચ (B) અસ્થિર ખર્ચ

(C) સરેરાશ ખર્ચ (D) સીમાંત ખર્ચ

(4) પેઢીના વિકાસને કયો વિકાસ કહેવામાં આવે છે ?

(A) આંતરિક વિકાસ (B) બાહ્ય વિકાસ

(C) પૂર્ણ વિકાસ (D) અપૂર્ણ વિકાસ

(5) પેઢીની ટૂંકાગાળાની ઉત્પાદન વૃદ્ધિ એ માત્ર કયા સાધનોની વૃદ્ધિ ઉપર આધારિત હોય છે ?

(A) સ્થિર સાધનો (B) અસ્થિર સાધનો

(C) કુલ સાધનો (D) સીમાંત સાધનો

(6) આંતરિક કરકસર એટલે............

(A) પેઢીના કદ વધવા સાથે સરેરાશ ખર્ચ વધે

(B) પેઢીના કદ વધવા સાથે સરેરાશ ખર્ચ ઘટે

(C) પેઢીના કદ વધવા સાથે સીમાંત ખર્ચ વધે

(D) પેઢીના કદ વધવા સાથે સીમાંત ખર્ચ ઘટે

(7) સ્થાપિત ઉત્પાદનશક્તિનો ઉપયોગ ન થાય તેને શું કહેવાય ?

(A) વધારાની ઉત્પાદનશક્તિ

(B) સંપૂર્ણ વપરાયેલી ઉત્પાદનશક્તિ

(C) શેષ વધેલી ઉત્પાદનશક્તિ

(D) વણવપરાયેલી ઉત્પાદનશક્તિ

(8) કયા અર્થશાસ્ત્રીએ લાંબાગાળાની સરેરાશ ખર્ચરેખા ને કાલ્પનિક સ્વરૂપે દર્શાવી છે ?

(A) જહોન રોબિન્સન (B) જેકોબ વાઈનર

(C) પ્રો. મારીશ (D) હૉલ અને હીચ

(9) પ્રો. મારીશે પેઢીને અવરોધતા નીચે પૈકી કયા અંકુશ ને મહત્વનો ગણાવ્યો છે ?

(A) સંચાલકીય અંકુશ (B) ઉત્પાદનનો અંકુશ

(C) પુરવઠાનો અંકુશ (D) નાણા અંકુશ

(10) પેઢીના આંતરિક વિકાસના લાભ કયા બિંદુએ સ્થગિત થાય છે ?

(A) ટૂંકાગાળામાં સીમાંત ખર્ચરેખાના ન્યૂનતમ બિંદુએ

(B) ટૂંકાગાળામાં સરેરાશ ખર્ચરેખાના ન્યૂનતમ બિંદુએ

(C) લાંબાગાળામાં સીમાંત ખર્ચરેખાના ન્યૂનતમ બિંદુએ

(D) લાંબાગાળામાં સરેરાશ ખર્ચરેખાના ન્યૂનતમ બિંદુએ

(11) પેઢી પોતાની વસ્તુની માંગ વધારવા કે માંગ દૃઢ કરવા પ્રયત્ન કરે તેને કયો ખર્ચ કહે છે ?

(A) અસ્થાયી ખર્ચ (B) વૈકલ્પિક ખર્ચ

(C) ઉત્પાદક ખર્ચ (D) વેચાણ ખર્ચ

❖ **સંદર્ભગ્રંથ**


(1) Edith Penrose, The Theory of the Growth of the Firm (Oxford, Blackwell (1959)

(2) P.K.I. Cohen and R.M.Cyert "Theory of the Firm (1965)

(3) સુથાર, હરજીવન . "ઓદ્યોગિક અર્થશાસ્ત્ર " યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય ,અમદાવાદ

❖ **M.C.Q. ના સાચા જવાબો.**

1. (C) સ્થાયી સાધનો
2. (A) વધતી પેદાશ
3. (C) સરેરાશ ખર્ચ
4. (A) આંતરિક વિકાસ
5. (A) સ્થિર સાધનો
6. (B) પેઢીના કદ વધવા સાથે સરેરાશ ખર્ચ ઘટે
7. (D) વણ વપરાયેલી ઉત્પાદનશક્તિ
8. (B) જેકોબ વાઈનર
9. (A) સંચાલકીય અંકુશ
10. (D) લાંબાગાળામાં સરેરાશ ખર્ચરેખાના ન્યૂનતમ બિંદુએ
11. (D) વેચાણ ખર્ચ

*************

# એકમઃ 3
# બજાર માળખું

## ❖ રૂપરેખા :

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 બજારનો અર્થ

3.3 બજારનું સ્વરૂપ

3.4 બજાર માળખું

3.5 બજાર માળખાના ઘટકો

3.6 વિવિધ બજારોમાં કિંમત-નિર્ધારણ

3.7 સારાંશ

3.8 ચાવીરૂપ શબ્દો

3.9 તમારી પ્રગતિ ચકાસો

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 3.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- બજાર માત્ર ભૌતિક ખ્યાલ નથી તેનો વાસ્તવિક ખ્યાલ મેળવી શકાશે.
- બજારના વિવિધ પ્રકારો વિશે માહિતી મેળવી શકશો.
- ઉત્પાદકો (વેચનાર) અને ગ્રાહકો (ખરીદનાર)ની વર્તણૂંક જાણી શકાશે.
- જુદા જુદા બજારોમાં કિંમત કેવી રીતે નિર્ધારિત થાય છે તે સમજી શકાશે.

## 3.1 પ્રસ્તાવના :

બજાર એ ભાવો દ્વારા ગ્રાહકો, વેપારીઓ, ઉત્પાદકો અને સરકારને માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે એ રીતે અર્થતંત્રમાં બજાર મહત્ત્વનું ઘટક છે તે વેચનારાઓ અને ખરીદનારાઓને સંપર્કમાં લાવનારી વ્યવસ્થા છે. સામાન્ય માનવી જ્યારે એમ કહે છે કે, 'આજે તો હું બજાર જઈ આવ્યો' ત્યારે તેનો ભાવાર્થ એ હોય છે કે તે અમુક જગ્યાએ જઈ આવ્યો. આમ, ચીજ-વસ્તુઓના વિનિમય માટેની જરૂરી સગવડ પુરી પાડતા સ્થળોને આપણે સામાન્યતઃ બજાર તરીકે ઓળખીએ છીએ.

## 3.2 બજારનો અર્થ :

"બજાર એ એવો વિસ્તાર છે કે જ્યાં ખરીદનારા અને વેચનારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકબીજાના સંપર્કમાં રહે છે. જેથી બજારના એક ભાગમાં પ્રવર્તતી કિંમત બજારના બીજા ભાગમાં પ્રવર્તતી કિંમતને અસર કરે છે."

## 3.3 બજારનું સ્વરૂપ/ પ્રકારો/ વર્ગીકરણ :

I. વસ્તુના સ્વરૂપની દ્રષ્ટિએ.

II. વિસ્તારની દ્રષ્ટિએ

III. સમયગાળાના સંદર્ભમાં


IV. સોદાના સંદર્ભમાં

V. બજારની વિશિષ્ટતાના સંદર્ભમાં

VI. નિયંત્રણની કક્ષાના આધારે

VII. હરીફાઈની કક્ષાના આધારે

ઉપરોક્ત વર્ગીકરણમાં હરીફાઈની કક્ષાના આધારે બજારનો અભ્યાસ અહીં વિશેષ જરૂરી જણાય છે. સામાન્ય રીતે હરીફાઈ આધારિત બજારને ખરીદનાર વેચનારોની સંખ્યા કે પ્રમાણને આધારે વર્ગીકૃત કરવામાં આવે છે જેમાં મુખ્યત્વે વેચનારનું બજાર અગત્ય ધરાવે છે તેમાં પૂર્ણ હરીફાઈ, ઈજારો, ઈજારાયુક્ત હરીફાઈ અને અલ્પહસ્તક ઈજારો જેવા પ્રકારો ધરાવે છે. જેને વિસ્તૃતમાં સમજીએ.




### 3.3.1 **પૂર્ણ હરીફાઈ :-** 

પૂર્ણ હરીફાઈવાળુ બજાર એક આદર્શલક્ષી બજાર છે. પરંતુ તે માત્ર એક કલ્પના બની રહે છે. વાસ્તવમાં ખેતીક્ષેત્રને બાદ કરતાં પૂર્ણ હરીફાઈના લક્ષણો વાસ્તવમાં ભાગ્યે જ જોવા મળે છે.

❖ **અર્થ :-** "અસંખ્ય વેચનારા અને ખરીદનારા હોય, સમાન ગુણી વસ્તુઓનું એકસમાન ભાવે વેચાણ થતું હોય, પેઢીઓની મુક્ત

અવર-જવર હોય, બજાર વિશેનું સંપૂર્ણ જ્ઞાન હોય, વેચનારા અને ખરીદનારા ''બુદ્ધિ યુક્ત'' વર્તન ધરાવતાં હોય, વાહન-વ્યવહાર ખર્ચ શૂન્ય હોય, બજારની આવી પરિસ્થિતિને પૂર્ણ હરીફાઈવાળું બજાર કહે છે.''

3.3.2 **ઈજારો :-** પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીએ બજારના બે વિરુદ્ધ દિશાના અંત બિંદુ તરીકે પૂર્ણ હરીફાઈ અને શુદ્ધ ઈજારાની ચર્ચા કરી છે. ઈજારો એક કાલ્પનિક બજાર છે, વાસ્તવમાં અર્થતંત્રમાં ઈજારાના જે પ્રકાર જોવા મળે છે તે અશુદ્ધ ઈજારો છે.

જ્યારે બજારમાં અમુક વસ્તુનો કોઈ એક જ ઉત્પાદક હોય, તે વસ્તુની અવેજીમાં અન્ય વસ્તુ મળી શકે તેમ ન હોય અને ઉત્પાદક વસ્તુના પુરવઠા પર અંકુશ રાખી શકે એટલે કે ઉત્પાદક ભાવ નિર્ધારક હોય તેવી પરિસ્થિતિને શુદ્ધ ઈજારો કહે છે.

❖ **અર્થ :-** 1. ''વસ્તુનો એક જ વિક્રેતા એટલે ઈજારદાર'' - પ્રો.સ્ટીગ્લર

2. ''ઈજારદાર કિંમત સ્વીકારી લેનારા નહિ પરંતુ કિંમત નક્કી કરનારા હોય છે'' - પ્રો.સ્ટીગ્લર

3. ''જે ઉત્પાદકની વસ્તુની માંગરેખા ડાબી બાજુથી જમણી બાજુ નીચે ઢળતી હોય તે ઉત્પાદકને ઈજારદાર કહેવાય'' - પ્રો.સ્ટીગ્લર

3.3.3 **ઈજારાયુક્ત હરીફાઈ :-** 1933માં શ્રીમતી જહોન રોબીન્સને પોતાના પુસ્તક 'The Economics of Imperfect Competition'માં 'અપૂર્ણ હરીફાઈ' એવું નામ આપ્યું હતું. 1933માં પ્રો. ચેમ્બરલીનને પોતાના પુસ્તક 'The Theory of Monopolistic Competition'માં ઈજારાયુક્ત હરીફાઈ એવું નામ આપ્યું હતું.

❖ **અર્થ :-** 1. ''હરીફાઈ અને ઈજારો એ બન્ને તત્ત્વોનું સંમિશ્રમ ધરાવતી વ્યવસ્થા એટલે ઈજારાયુક્ત હરીફાઈ'' - પ્રો. ચેમ્બરલીન

2. ''સંપૂર્ણ અવેજી વસ્તુઓ નહિ, પરંતુ નજીકની અવેજી વસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉત્પાદકોના મોટા સમૂહમાં પ્રવર્તતી હરીફાઈ એટલે ઈજારાયુક્ત હરીફાઈ''

- પ્રો. જે.એસ. બેઈન

3.3.4 **અલ્પહસ્તક ઈજારો :-** અલ્પ હસ્તક ઈજારાને અંગ્રેજીમાં Oligopoly કહે છે જે વાસ્તવમાં ગ્રીક ભાષાના શબ્દ Oligos એટલે અલ્પ અથવા થોડા અને Pollein એટલે વેચનાર, આ બે શબ્દોનો બનેલો છે આમ, અલ્પહસ્તક ઈજારાનો અર્થ અલ્પ ઉત્પાદકો કે વેચનારાઓનું બજાર થાય છે.

❖ **અર્થ :-** 1. ''અલ્પહસ્તક ઈજારો એ એવી પરિસ્થિતિ છે કે જેમાં પેઢી પોતાની બજાર અંગેની નીતિ, પોતાના હરીફોની અંદાજિત વર્તણુંકને આધારે બનાવે છે.'' - પ્રો. ચેમ્બરલીન

2. ''અલ્પહસ્તક ઈજારોએ એક એવું બજાર છે જેમાં અલ્પ વેચનારાઓ પૈકી કેટલાક વેચનારાઓ બજારમાં એટલું મોટું કદ ધરાવે છે કે જે બજારની કિંમતને અસર પહોંચાડી શકે છે.''

**3.3.5 ઉભયપક્ષી ઈજારો (દ્વિપક્ષી ઈજારો) :-** ઉભયપક્ષી ઈજારામાં કોઈ એક વેચનાર અને એક ખરીદનાર હોય છે જે તેની લાક્ષણિકતા છે. આ પ્રકારના બજારમાં કોઈ એક વસ્તુનો ઉત્પાદક કે વેચનાર એક જ વ્યક્તિ હોય છે અને તે વસ્તુનો ઉપયોગ કરનાર કે ખરીદનાર પણ એક જ વ્યક્તિ હોય છે, તેથી ઉભયપક્ષી ઈજારાને દ્વિપક્ષીય ઈજારા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રકારના ઈજારામાં ખરીદનારા અને વેચનારા એમ બન્ને પક્ષે મહત્તમ લાભ મેળવવાનો ઉદ્દેશ પણ હોય છે વેચનાર ઊંચી કિંમત મેળવવા અને ખરીદનાર નીચે કિંમતે ખરીદી કરવા પ્રયાસ કરે છે, આમ વેચનાર અને ખરીદનાર બન્ને પક્ષો વસ્તુની કિંમત અને વસ્તુનું પ્રમાણ નક્કી કરવા માટે શક્તિમાન છે જો કે દ્વિપક્ષી ઈજારો કે ઉભયપક્ષી ઈજારાની પરિસ્થિતિ ખૂબ જ મર્યાદિત ક્ષેત્રમાં જોવા મળે છે.

દાખલા તરીકે, કોઈ એક વસ્તુનું ઉત્પાદન માત્ર એક જ દેશ કરતો હોય અને તે વસ્તુનું વેચાણ પણ કોઈ એક જ દેશ પૂરતું મર્યાદિત હોય ત્યારે દ્વિપક્ષી કે ઉભય પક્ષી ઈજારો ઉદ્‌ભવે છે.

❖ **અર્થ :-** 1. ''જ્યારે ખરીદનાર અને વેચનાર બન્ને પક્ષી ઈજારો હોય ત્યારે તેને ઉભય પક્ષી કે દ્વિપક્ષી ઈજારો કહેવામાં આવે છે.''

**3.3.6 દ્વિહસ્તક ઈજારવાળું બજાર :-** વસ્તુના ઉત્પાદન અને વેચાણ પર બે જ વ્યક્તિઓ કાબુ ધરાવતી હોય તેમજ ખરીદનારાઓની સંખ્યા વિશાળ હોય તો આવી સ્થિતિને દ્વિહસ્તક ઈજારવાળું બજાર કહે છે. આવા બજારમાં બન્ને ઉત્પાદકોની ભાવનીતિ એકબીજા પર આધારિત હોય છે જો બને ઉત્પાદકો ભાવ ઘટાડવાની કે ભાવ વધારવાની હરીફાઈ કરે તો તે ગળાકાપ હરીફાઈમાં પરિણમે છે જેથી બન્ને ઉત્પાદકોએ સહન કરવું પડે છે અને પૂર્ણ હરીફાઈ પ્રમાણેની કિંમત લાંબેગાળે પ્રવર્તે છે પરંતુ જો બન્ને ઉત્પાદકો એકબીજા સાથે સમજૂતી કરે તો તે ઈજારાની કિંમત પ્રવર્તે છે અને બન્ને ઈજારદાર વધુ નફો કમાય છે આમ, દ્વિહસ્તક ઈજારામાં પ્રવર્તમાન કિંમત કાં તો પૂર્ણ હરિફાઈ પ્રમાણેની અથવા તો ઈજારા પ્રમાણેની હોય છે.

## 3.4 બજાર માળખું :

પેઢી અને ઉદ્યોગ બજારમાં જ કામ કરે છે, આજના વૈશ્વિકરણના યુગમાં બજારનો વ્યાપ અસીમિત રીતે વધીને સમગ્ર વિશ્વમાં ફેલાઈ રહ્યો છે આ સંદર્ભમાં બજારનું ઘણું જ મહત્ત્વ છે. બજારના પરિબળો જેના માધ્યમથી કામ કરે છે તે બજાર માળખું પેઢી અને ઉદ્યોગની કામગીરીને સીધી રીતે અસર કરે છે બજાર માળખામાં ગ્રાહકો અને વેચનારાઓ કેન્દ્ર સ્થાને છે. માંગ અને પુરવઠાના પરિબળો અને તેની સાથે સંકળાયેલા ઘટકો, પરિબળો અને પરિમાણો ઘણા જ અગત્યના છે. ખરીદનારાઓ અને વેચનારાઓના સબંધો બજાર માળખામાં ઘણી જ અગત્યની ભૂમિકા ભજવે છે આ સંદર્ભમાં બજાર માળખાનો અર્થ બજારના વિવિધ ઘટકો, જુદા જુદા બજારમાં કિંમત નિર્ધારણ અંગે વિસ્તૃતમાં જોઈએ.

**3.4.1 બજાર માળખાનો અર્થ :-** ''બજાર માળખું''જેમાં બે શબ્દો ''બજાર'' અને ''માળખું'' છે. બજાર એટલે ગ્રાહકો અને વેચનારઓનો સંપર્ક અને ખરીદ વેચાણની પ્રક્રિયા અને માળખું એટલે ઘટકોની કામગીરી કે એકમોનો સમૂહ આમ, ''બજાર માળખું એટલે ખરીદ વેચાણની કામગીરી સાથે સંકળાયેલા ઘટકો, પરિમાણો, સંગઠનો, એકમોનો સમૂહ''.

બજાર માળખામાં ઉત્પાદન, ખરીદી, વેચાણ, ભાવનિર્ધારણ જેવી કે ખરીદ-વેચાણ સંલગ્ન કામગીરી અને તેની સાથે સંકળાયેલા ઘટકોનો સમાવેશ થાય છે બજાર માળખામાં વેચનારાઓ અને ખરીદનારાઓના વ્યવહારો વેચનારાઓના પ્રવેશની પરિસ્થિતિ વસ્તુઓની વિવિધતા બજારમાંથી બહાર નીકળવાની પરિસ્થિતિ વગેરે બાબતો ઘણી જ મહત્ત્વની છે કેટલાક અર્થશાસ્ત્રીઓના મત મુજબ બજાર માળખું પેઢીઓના વર્તન પર અસર કરે છે પેઢીઓનું વર્તન ઉદ્યોગોના કામકાજને ગુણવત્તાને આધારિત કરે છે જે પરિણામે બજાર માળખાનું મહત્ત્વ છે.

## 3.5 બજારના ઘટકો (બજારના લક્ષણો) :

વાસ્તવમાં બજાર વિશિષ્ટ લક્ષણો / ઘટકો ધરાવે છે જે પૈકી અગત્યના ઘટકો નીચે મુજબ વર્ણવી શકાય.

**3.5.1 ખરીદનારા અને વેચનારા :-** બજારમાં વસ્તુ કે સેવાના ખરીદનારા અને વેચનારા હોવા ફરજિયાત છે. તેઓ દ્વારા જ પોતાના અંગત હેતુસર જે વિનિમય કરવામાં આવે છે તેને ખરીદ વેચાણની પ્રક્રિયા કહેવામાં આવે છે અહીં વેચનારનો પોતાનો મહત્તમ નફો કમાવવાનો ઉદ્દેશ અને ખરીદનારનો વસ્તુમાંથી મળતો સંતોષ/ તુષ્ટિગુણ મહત્તમ કરવાના ઉદ્દેશથી આ પ્રક્રિયા જન્મ લે છે.

**3.5.2 વસ્તુઓ કે સેવાઓ :-** બજારમાં માંગ પામતી અને વેચાણ થતી વસ્તુઓ કે સેવાઓ હોવી જરૂરી છે. બજારમાં ઉત્પાદક કે વેચનાર પોતાનો નફો મહત્તમ કરવાના આશયથી વસ્તુઓ કે સેવાઓના વિભિન્ન પ્રકારો તેમજ સ્વરૂપ બહાર પાડે છે અને તે વસ્તુઓ તથા સેવાઓ પ્રતિ ખરીદનારને આકર્ષવાનો પ્રયત્ન કરે છે, જ્યારે ખરીદનાર વસ્તુઓ કે સેવાઓના ઉપભોગમાંથી પોતાનો સંતોષ મહત્તમ કરવા વસ્તુઓને સેવાઓનું આદર્શ સંયોજન ખરીદે છે.

**3.5.3 સંપર્ક :-** બજારમાં વસ્તુ કે સેવાના ખરીદનારા અને વેચનારા એક અથવા બીજા પ્રકારે એકબીજાના સંપર્કમાં આવે છે. આ સંપર્ક પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપનું હોઈ શકે છે વર્માન સમયમાં ખરીદનારા અને વેચનારા એકબીજાના રૂબરૂ સંપર્કમાં આવે છે અથવા તેઓ નીચેની રીતે સંપર્ક કરે છે.

- ❖ **ટેલીશોપિંગ :-** જેમાં તેઓ વસ્તુઓ કે સેવાઓની જાત ખરાઈ કરી ટેલીફોન/ મોબાઈલ દ્વારા જ વસ્તુ કે સેવાની ખરીદીના ઓર્ડર કે આદેશ આપે છે.
- ❖ **ઓનલાઈન શોપિંગ :-** જેમાં તેઓ ઈન્ટરનેટના માધ્યમથી જે તે વસ્તુ કે સેવાના વેચનારની વેબસાઈટ કે એપ (જેમ કે એમેઝોન, ફ્લીપ કાર્ટ, મિશો, વગેરે...) પર જઈ વસ્તુઓ કે સેવાઓની પસંદગી કરે છે અને તે મુજબ વસ્તુ કે સેવાની ખરીદીના ઓર્ડર કે આદેશ આપે છે.

આમ વર્તમાન સમયમાં ટેલી શોપિંગ અને ઓનલાઈન શોપિંગ જેવા માધ્યમો દ્વારા વસ્તુઓ કે સેવાઓના ખરીદનારા અને વેચનારા પરોક્ષપણે પણ એકબીજાના સંપર્કમાં આવે છે અને બજાર વ્યવસ્થા ઊભી કરે છે.

**3.5.4 કિંમત :-** બજારમાં ચોક્કસ સમયે કોઈ એક વસ્તુ કે સેવાની કિંમત નક્કી થયેલ હોવી જોઈએ. બજારમાં વસ્તુ કે સેવાની કિંમત, વસ્તુ કે સેવાની માંગ અને તેના પુરવઠાના પરિબળો દ્વારા નક્કી થાય છે જે અનુસાર બજારમાં વસ્તુ કે સેવાની કિંમત, વસ્તુ કે સેવાની ખરીદી, ખરીદનારાઓની માંગ અને વસ્તુ કે સેવાના વેચનારાઓ દ્વારા અપાતા પુરવઠા દ્વારા તે નક્કી થાય છે.

**3.5.5 બજાર સ્થિતિ અંગેની જાણકારી :-** બજાર સ્થિતિ અંગેની જાણકારી વસ્તુ કે સેવાના ખરીદનારા અને વેચનારને હોવી જરૂરી છે. બજારમાં ફુગાવો અથવા મંદીના વલણો હોય અથવા કોઈ કુદરતી કે માનવીય આફત આવી હોય તેવા સંજોગોમાં ઉત્પાદન, વેચાણ કે ખરીદી સંદર્ભમાં યોગ્ય સમયે યોગ્ય જથ્થાને અનુસરતા નિર્ણયો લઈ શકાય છે.

## 3.6 વિવિધ બજારોમાં કિંમત-નિર્ધારણ :


### 3.6.1 પૂર્ણ હરીફાઈમાં કિંમત નિર્ધારણ :-

પૂર્ણ હરીફાઈમાં અસંખ્ય પેઢીઓ મળીને ઉદ્યોગ બને છે. તેવી જ રીતે બજારમાં ખરીદનારાઓની સંખ્યા પણ અતિ વિશાળ હોય છે. તેથી કોઈ એક કે અમુક વિક્રેતાઓ કે ગ્રાહકો કિંમત ઉપર પ્રભાવ પાડી શકતા નથી. પૂર્ણ હરીફાઈમાં બધી જ પેઢીઓ મળીને ઉદ્યોગ બને છે અને આ ઉદ્યોગની કુલ માંગ અ; કુલ પુરવઠા દ્વારા વસ્તુ/ સેવાનું કિંમત નિર્ધારણ થાય છે. આ કિંમત પેઢીએ સ્વીકારવાની રહે છે.

અહીં આકૃતિ (અ)માં બજારની કુલ માંગ અને કુલ પુરવઠાની રેખાઓ જ્યાં એકબીજાને મળે છે તે O બિંદુએ કિંમત અને ઉત્પાદનનું પ્રમાણ નક્કી થાય છે. QP કિંમતે OQ પુરવઠો વેચાણ માટે ઉપલબ્ધ બને છે. આ OP કિંમત બજારમાં દરેક પેઢીએ સ્વીકારવાની રહે છે.

બાજુની આકૃતિ (બ) એ પેઢીની કિંમત રેખા છે. પેઢીની કિંમત રેખા તે જ માંગ રેખા છે. આ OP કિંમતે પેઢી ગમે તેટલું વેચોણ કરી શકે છે. જો કે બધી પેઢીઓ ગમે તેટલું વેચાણ નથી કરી શકતી, કારણ કે તે દરેકપેઢીઓ તેના પોતાના ખર્ચ બજેટ તથા અન્ય ઉત્પાદન પરિબળોને આધારે પુરવઠો બજારમાં ઉમેરે છે. ટૂંકા ગાળામાં બજાર કિંમતે પેઢીને ખોટ, સામાન્ય નફો કે અસામાન્ય નફો પણ મળી શકે છે. આપેલી આકૃતિમાં પેઢી અસામાન્ય નફો મેળવતી બતાવી છે. પેઢીનો નફો $OQ_1P_1M$ જેટલો છે.

બજારની સમતુલાની કિંમતની સ્થિતિએ દરેક પેઢી પણ સમતુલામાં ન પણ હોય. કારણકે જ્યારે કોઈ પેઢી આ કિંમતે નફો મેળવતી હોય ત્યારે બીજી કોઈ પેઢીને ખોટ પણ સહન કરવાની થતી હોય.



### 3.6.2 અલ્પહસ્તક ઈજારામાં કિંમત-નિર્ધારણ :

અલ્પહસ્તક ઈજારામાં કિંમત-નિર્ધારણનો પ્રશ્ન સહેલાઈથી રજૂ કરી શકાય તેમ નથી. કારણકે અલ્પ હસ્તકઈજારામાં તો કિંમત-નિર્ધારણની પ્રક્રિયા વિશિષ્ટ પ્રકારની પ્રક્રિયા છે અને કિંમત-નિર્ધારણનો પ્રશ્ન ત્રણ રીતે રજૂ કરવામાં આવે છે.

- વ્યક્તિગત રીતે ઘડાતી સ્વતંત્ર ભાવનીતિ
- પેઢીઓના જોડાણ નીચે કિંમત નિર્ધારણ
- કિંમત નેતૃત્ત્વની રીતે થતું કિંમત-નિર્ધારણ હવે ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓને વિસ્તૃતમાં સમજીએ.

❖ **વ્યક્તિગત રીતે ઘડાતી સ્વતંત્ર ભાવનીતિ :**-અલ્પ હસ્તક ઈજારામાં ઉત્પાદકોની સંખ્યા અલ્પ/ ઓછી હોવાને કારણે તેઓ કોઈપણ નિર્ણય લે ત્યારે તેઓ પોતના હરીફો ઉપર તેનો કેવો પ્રત્યાઘાત પડશે અને તેના કેવા પરિણામો આવશે, તેના કેવા પ્રતિકાર્યો રહેશે તે અંગે સતત વિચારતા રહેતા હોય છે આથી જ કિમત અને ઉત્પાદનની નીતિ ઘડતી વખતે તેઓ પ્રતિસ્પર્ધીઓના પ્રતિકારની ગણતરી પણ ધ્યાનમાં રાખતા હોય છે.

જ્યારે વ્યક્તિગત રીતે ઉત્પાદક કિંમત નક્કી કરે છે ત્યારે તે કેવી કિંમત રાખશે તેનો આધાર વસ્તુના સ્વરૂપ ઉપર છે જો સમાનગુણી વસ્તુઓ હોય તો એક સમાન કિંમત નક્કી કરવામાં આવશે પરંતુ વાસ્તવિક જગતમાં સમાનગુણી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓ ન પણ હોય અને તેઓના ખર્ચના વક્રો પણ એક સમાન ન હોય તે શક્ય છે એ જ રીતે અલ્પ હસ્તક ઈજારામાં માંગના વક્રો પણ અચોક્કસ હોય છે, આથી કુલ એક ભાવ પદ્ધતિ શક્ય હોતી જ નથી માંગ અને ખર્ચની જુદી જુદી પરિસ્થિતિ પ્રમાણે જુદા જુદા સમયે અલ્પ હસ્તક ઈજારા વાળી પેઢીઓ જુદી જુદી કિંમત નીતિઓ નક્કી કરે છે.


અલ્પ હસ્તક ઈજારામાં જો કોઈ એક પેઢી ભાવ ઘટાડશે તો બીજી પેઢી પણ ભાવ ઘટાડશે, આ પ્રક્રિયા સતત ચાલ્યા જ કરશે અને સમગ્ર પરિસ્થિતિ દરમિયાન સતત ભાવો અસ્થિર બન્યા રહેશે. સ્વતંત્ર રીતે કિંમત નક્કી થાય છે તેમાં એક એવી શક્યતા પણ રહેલી છે કે અનિર્ણાયક ધોરણે કદાચ ભાવ સ્થગિત થઈ પણ જાય પરંતુ, વાસ્તવમાં તેમાં ક્યારેય ફેરફાર નહીં થાય તેવું નથી હોતું. જ્યાં સુધી વાજબી ભાવ સપાટી સ્થપાઈ ન જાય ત્યાં સુધી ભાવમાં ફેરફાર થયા જ કરે છે વાજબી ભાવ સપાટી સ્થપાઈ જતા ભાવચુસ્તતાની પરિસ્થિતિ સર્જાશે. અલ્પહસ્તક ઈજારાનું બજાર એ પ્રકારનું છે કે જેમાં વ્યક્તિગત ભાવ પ્રક્રિયા લાંબા સમય સુધી ટકી શકતી નથી. લાંબે ગાળે પેઢીઓ વચ્ચે જોડાણની શક્યતા પણ રહેલી છે.

❖ **પેઢીઓના જોડાણ નીચે કિંમત-નિર્ધારણ :**- વ્યક્તિગત રીતે જ્યારે ઉત્પાદન અને ભાવનિર્ધારણની પ્રક્રિયા લાંબા સમય સુધી ટકતી નથી ત્યારે જોડાણની શક્યતા ઊભી થાય છે અને આ જોડાણ બે સ્વરૂપના છે : સંપૂર્ણ જોડાણ અને

અપૂર્ણ જોડાણ. આ બન્નેની કિંમત નિર્ધારણની પ્રક્રિયા અલગ અલગ હોવાથી બન્ને વિશે અલગ સમજૂતી મેળવીએ :

- સંપૂર્ણ જોડાણમાં થતું કિંમત નિર્ધારણ : સંપૂર્ણ જોડાણ કે જેને સંપૂર્ણ કાર્ટેલ પણ કહેવામાં આવે છે, તેમાં ઉદ્યોગ તથા ઉદ્યોગની દરેક પેઢીઓની કિંમત તથા ઉદ્યોગને સેન્ટ્રલ કાર્ટેલ એડમિનિસ્ટ્રેશન દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે. અને તેની પાછળનો મુખ્ય હેતુ બધી જ પેઢીઓને સંયુક્ત નફામાં આ કાર્ટેલ એડમિનિસ્ટ્રેશન દરેક સભ્ય પેઢીને તેના ઉત્પાદનનું અમુક ક્વોટા ફાળવી આપે છે, કિંમત અને ઉત્પાદન નક્કી કરતા અગાઉ કાર્ટેલ એડમિનિસ્ટ્રેશન ઉદ્યોગ માંગની રેખાનો અંદાજ કાઢે છે, એટલે કે લોકોની માંગનો અંદાજ કાઢે છે જુદા જુદા ભાવો એ સમગ્ર ઉદ્યોગના ઉત્પાદનનું કેટલા પ્રમાણમાં વેચાણ થશે તે
- માંગ રેખા દ્વારા જાણવાનો પ્રયત્ન કરાય છે. ત્યારબાદ કાર્ટિલ એડમિનિસ્ટ્રેશન ઉદ્યોગ માંગની રેખાની સાથે સાથે નીચેની ધરતી સીમાંત આવકની રેખાની ગણતરી કરે છે અને પછી જ વિવિધ સભ્ય પેઢીઓ વચ્ચે ઉત્પાદનના પોતાની ફાળવણી પણ કરે છે આ બાબતને આકૃતિ દ્વારા સમજીએ.

આકૃતિ 3.7 અલ્પહસ્તક ઈજારામાં કિંમત નિર્ધારણ




ઉપરોક્ત આકૃતિમાં જોઈ શકાય છે કે DD માંગ રેખા અને MR સીમાંત આવકની રેખા છે. $MC_1$ અને $MC_2$ ઉદ્યોગમાં રહેલી બે પેઢીઓનું ઉત્પાદન ખર્ચ દર્શાવે છે જ્યારે $M_TC$ એ MC રેખાઓનો સરવાળો દર્શાવે છે. હવે કાર્ટેલ એડમિનિસ્ટ્રેશનનો મુખ્ય ઉદ્દેશ મહત્તમ નફો પ્રાપ્ત કરવાનો છે. તેથી જે બિંદુએ ઉદ્યોગની બધી જ પેઢીઓનું સીમાંત ખર્ચ અને સીમાંત આવક બન્ને સરખા થશે તે બિંદુ સુધી ઉત્પાદન કરવામાં આવશે એટલે કે તે $Q_TP$ કિંમત $OQ_T$ જેટલું ઉત્પાદન કરશે.

અહીં પ્રશ્ન ઉદ્ભવે છે કે અલ્પહસ્તક ઈજારામાં સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેશન

દ્વારા વિવિધ પેઢીઓનું જોડાણ કરીને જે ભાવ અને ઉત્પાદનની નીતિ અખત્યાર કરવામાં આવતી હોય છે તે વ્યવહારમાં શક્ય છે ખરી ? કારણ તેની પણ કેટલીક મર્યાદાઓ રહેલી છે જેમ કે,

- ➢ આ પ્રકારનું સંપૂર્ણ જોડાણ કેટલા સમય (ટૂંકા કે લાંબા ગાળા) સુધી અસ્તિત્ત્વમાં રહી શકે છે ?
- ➢ અલ્પ હસ્તક ઈજારા વાળી તમામ પેઢીઓ કાર્ટેલ એડમનિસ્ટ્રેશનનું સભ્યપદ ધરાવતી હોય તે જરૂરી છે.
- ➢ સંપૂર્ણ જોડાણનું વિશ્લેષણ એક ધારણાને આધીન છે કે નવી હરિફ પેઢીઓના ઉદ્યોગમાં પ્રવેશની કોઈ શક્યતા હોતી નથી પરંતુ વાસ્તવમાં નવી પેઢીઓના પ્રવેશની શક્યતા હંમેશા જોવા મળતી હોય છે જ્યારે નવી પેઢીઓના પ્રવેશની સંભાવનાઓ ઊભી થાય ત્યારે આ વિશ્લેષણ મર્યાદિત બને છે.
- ➢ સંપૂર્ણ જોડાણના વિશ્લેષણમાં નફાની વહેંચણી માટે જે કરાર કરવામાં આવે છે તેનાથી બધી પેઢીઓને સંતોષ થતો નથી આથી કાર્ટેલ વ્યવસ્થા લાંબા ગાળા સુધી ચાલતી નથી.
- ➢ અપૂર્ણ જોડાણ :

❖ **અલ્પ હસ્તક ઈજારામાં કિંમત નેતૃત્ત્વ અને કિંમત નિર્ધારણ :-** અલ્પહસ્તક ઈજારામાં નજીકની અવેજી વસ્તુઓ, પરસ્પરાવલંબન તથા ખાંચાવાળી માંગ વગેરે પરિબળોને કારણે કિંમત નેતૃત્ત્વ શક્ય બને છે. અહીં, કિંમત નેતૃત્વ એટલે એવી પરિસ્થિતિ કે જેમાં કોઈ એક પેઢી કિંમત નક્કી કરે છે અને બાકીની પેઢીઓ તેને અનુસરે છે તેથી નેતૃત્વ કરતી પેઢી મોટેભાગે મોટી અને મજબૂત પેઢી હોય છે અને બાકીની પેઢીઓ નાની અને મધ્યમ કક્ષાની હોય છે. કિંમત નેતૃત્ત્વ કરનાર પેઢી ખૂબ અનુભવી અને અગ્રગણ્ય હોય છે, કેટલીક વખત હરીફ પેઢીઓને હાંકી કાઢવા માટે પણ ભાવ કાપની નીતિ અપનાવીને તે રીતે કિંમત નેતૃત્વનો તે ઉપયોગ કરે છે.

અલ્પહસ્તક ઈજારામાં કિંમત નેતૃત્વ ધરાવનાર પેઢી વસ્તુની કિંમત નક્કી કરતી વખતે તે કેટલીક ગણતરીઓ પણ રાખતી હોય છે જેમ કે,


- ➢ પોતે જે નીતિ અમલમાં મુકશે તેનો પ્રતિસ્પર્ધી પેઢીઓ કેવો પ્રતિકાર કરશે તે અંગે ધારણા કરે છે.
- ➢ પોતાની પેદાશ અને પ્રતિસ્પર્ધી પેઢીઓ વચ્ચે રહેલા અવેજીની મૂલ્ય સાપેક્ષતા અંગે જાગૃત રહે છે.
- ➢ જ્યાં સુધી જાણી શકાય ત્યાં સુધી પ્રતિસ્પર્ધી પેઢીઓની કિંમત કેટલી રહેશે તે અંગેની તે ગણતરી કરે છે.

### 3.6.3 ઈજારામાં કિંમત નિર્ધારણની પ્રક્રિયા :-

ઈજારાવાળા બજારમાં એક જ ઉત્પાદક છે તેથી ઈજારદાર પેઢીના પુરવઠા પર અને કિંમત પર કાબુ ધરાવે છે, ઈજારામાં પેઢી અને ઉદ્યોગ એવો કોઈ તફાવત હોતો નથી ઈજારામાં પેઢીનો હેતુ મહત્તમ નફો કમાવવાનો હોય છે ઈજારદાર પેઢી વસ્તુના પુરવઠા પર કાબુ ધરાવતી હોવા છતાં તેની વસ્તુની

કિંમત વધારવાની કેટલીક મર્યાદા છે ઈજારદાર પેઢી વસ્તુનો પુરવઠો નિયત કરીને ગ્રાહકોને વસ્તુની ઊંચી કિંમત ચૂકવવા ફરજ પાડી શકે છે પરંતુ તે વસ્તુની અમર્યાદિત ઊંચી કિંમત લઈ શકતો નથી, કારણ કે અમર્યાદિત ઊંચી કિંમત એક ગ્રાહકો વસ્તુની ખરીદી બંધ કરીને દૂરની અવેજી વસ્તુનો વપરાશ કરશે તેવી સંભાવના રહેલી હોય છે આથી, ઈજારદાર પેઢી કાંતો કિંમત નક્કી કરી શકે અને કાંતો પુરવઠો નક્કી કરી શકે બન્ને એક સાથે નક્કી કરી શકતો નથી. આમ, ઈજારદાર વસ્તુની કિંમત નક્કી કરે તો વેચાણ ગ્રાહકોની માંગ પ્રમાણે થાય છે અને તે વેચાણ નક્કી કરે તો કિંમત ગ્રાહકોની માંગ પ્રમાણે થાય તે જરૂરી છે, અહીંયા ઈજારદારને અધિક કિંમતમાં કે અધિક વેચાણમાં નહીં એવી કિંમત કે વેચાણમાં રસ છે, જેથી અધિકતમ નફો મળે છે જે બાબતને આપણે આકૃતિ દ્વારા નીચે મુજબ સમજી શકીએ.

આકૃતિ 3.6.4 ઈજારામાં કિંમત નિર્ધારણ




આકૃતિમાં OX રેખા પર ઉત્પાદન/ વેચાણ અને OY રેખા પર આવક/ ખર્ચ લેવામાં આવ્યા છે. પેઢીની સરેરાશ અને સીમાંતરેખા ઋણ ઢાળ દર્શાવે છે. સીમાંત આવક રેખા અને સરેરાશ આવક રેખા નીચે છે. સરેરાશ ખર્ચની રેખા સીમાંત આવકની રેખાને છેલ્લા નીચલા બિંદુએ કાપીને ઉપર તરફ જાય છે. S બિંદુએ પેઢીની સીમાંત આવક અને સીમાંતખર્ચ સરખા થાય છે. OM સમતુલાનું ઉત્પાદન છે. આ ઉત્પાદનને પેઢીની સરેરાશ આવક KM અને પેઢીનું સરેરાશ ખર્ચ BM છે. તેથી પેઢી કુલ આવક OMKP અને કુલ ખર્ચ OMBQ થાય છે.

અસામાન્ય નફો = કુલ આવક - કુલ ખર્ચ

= OMKP - OMBQ

= PQBK

અહીં, PQBK કે જે પેઢીનો અસામાન્ય નફો છે.

ઈજારાવાળા બજારમાં પેઢીની સમતુલાની શરતો નીચે મુજબ છે.

- સીમાંત આવક = સીમાંત ખર્ચ
- કિંમત > સીમાંત ખર્ચ
- સરેરાશ આવક < સરેરાશ ખર્ચ, પરિણામે અસામાન્ય નફો પ્રાપ્ત થાય છે.

### 3.6.4 ઉભયપક્ષી / દ્વિપક્ષી ઈજારામાં કિંમત નિર્ધારણ :

દ્વિપક્ષી ઈજારો અથવા ઉભયપક્ષી ઈજારો એ એવી પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં વસ્તુ કે પેદાશનો એક જ ઉત્પાદક અને એક જ ગ્રાહક હોય છે. આમ, દ્વિપક્ષી ઈજારામાં ઉત્પાદક ઈજારદાર અને ખરીદનાર ઈજારદાર સામ-સામે હોય છે, કોઈ એક વસ્તુનો ઈજારો હોય છે અને તેથી તે વસ્તુની નજીકની વસ્તુ ઉપલબ્ધ હોતી જ નથી, તેથી તે વસ્તુ વેચવા માટે કોઈ સ્ત્રોત નથી અને ગ્રાહકને પણ એવું જ હોય છે કે તે વસ્તુ ખરીદવા માટે કોઈ સ્ત્રોત નથી વધુમાં દ્વિપક્ષી ઈજારો પેદાશો(વસ્તુ)ના બજારમાં ભાગ્યે જ જોવા મળતો હોય છે પરંતુ તે સાધન બજારમાં ખાસ કરીને જોવા મળે છે.

દ્વિપક્ષી ઈજારાનું એક મહત્ત્વનું ઉદાહરણ એ આપી શકાય કે જ્યાં કોઈ એક વિશાળ ઔદ્યોગિક ગૃહ કે વેપારિક ગૃહને કામદાર મંડળ કે જેની પાસે શ્રમિકોની સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો ઈજારો છે અને તેથી તેની સાથે તે ઔદ્યોગિક ગૃહે કામ પાર પાડવાનું(શરતો નક્કી કરવી/deal) છે અહીં પ્રશ્ન એ છે કે ક્યા વેતન દરે શ્રમિકોની સેવા એ ઉદ્યોગ ગૃહ મેળવી શકશે ? આ સંદર્ભે આપણે વસ્તુ બજાર કે પેદાશ બજારમાં દ્વિપક્ષી ઈજારા હેઠળ કિંમત અને ઉત્પાદન કઈ રીતે નિર્ધારિત થાય છે તેની ચર્ચા કરીએ.

❖ **ધારણાઓ :-**


- બજારમાં એક જ વસ્તુ કે પેદાશ છે.
- નજીકની અવેજી વસ્તુઓ ઉપલબ્ધ જ નથી.
- ઈજારદાર એ વસ્તુનો એકમાત્ર ઉત્પાદક કે વિક્રેતા છે.
- આ વસ્તુ કે પેદાશનો ખરીદનાર પણ એક જ છે.
- વસ્તુનું ઉત્પાદન કરતો ઈજારદાર અને વસ્તુનું ખરીદનાર ઈજારદાર એ બન્ને તેમનો મહત્તમ નફો પ્રાપ્ત કરવાનો કે સંતોષ પ્રાપ્ત કરવા માટે સ્વતંત્ર છે એટલે કે તેઓ બન્ને તેમનો મહત્તમ નફો મેળવવાનો ધ્યેય રાખે છે.

દ્વિપક્ષી ઈજારામાં કિંમત અને ઉત્પાદન નિર્ધારણનું વિશ્લેષણ એ બે વ્યક્તિઓ વચ્ચે બે વસ્તુઓનો વિનિમય કઈ રીતે થાય છે તે સમજાવે છે. સમતૃપ્તિ રેખાઓનો ખ્યાલ એજવર્થ બોક્સ અને સોદા રેખા વગેરે દ્વિપક્ષી

ઈજારામાં પૂરેપૂરા લાગુ પડે છે વધુમાં એકમાત્ર તફાવત એ છે કે દ્વિપક્ષી ઈજારામાં કોઈ એક ખરીદનાર એ ગ્રાહક છે કે જેની પાસે એ વસ્તુની ખરીદી કરવા માટે નાણા છે આથી એક ઈજારદાર કોઈ એક વસ્તુનું ઉત્પાદન કરી વેચે છે અને બીજી તરફ એક માત્ર ખરીદનાર ગ્રાહક છે કે જેની પાસે નાણા છે જે આ વસ્તુ ખરીદવા માટે ખર્ચે છે બીજા કોઈ અન્ય ગ્રાહકો નથી.

❖ **દ્વિપક્ષી ઈજારામાં માંગરેખા, સીમાંત આવક રેખા અને સીમાં ખર્ચ રેખા દ્વારા કિંમત-ઉત્પાદન નિર્ધારણ :-** દ્વિપક્ષી ઈજારામાં માંગરેખા, સીમાંત આવક રેખા અને સીમાંત ખર્ચ રેખા દ્વારા કિંમત-ઉત્પાદન નિર્ધારણ વિશ્લેષણ નીચેની આકૃતિ દ્વારા સમજાવી શકાય.

આકૃતિ 3.10 દ્વિપક્ષી ઈજારામાં ખર્ચ અને આવક રેખા




ઉપરોક્ત આકૃતિમાં DD રેખા એ વસ્તુ ખરીદનાર ગ્રાહકની માંગ રેખા છે જે તેની સીમાંત તૃષ્ટિગુણ રેખા પર આધારિત છે. વસ્તુનો એક જ ગ્રાહક હોવાથી તેની માંગ રેખા DD એ ઈજારદારની માંગ રેખા સાથે સંલગ્ન છે અને તેથી DD રેખા એ તેને માટે સરેરાશ આવક રેખા હશે.

આકૃતિમાં ઈજારદારની સીમાંત આવક રેખા છે જે DD માંગ રેખાને કોરસપોન્ડિંગ છે. MC એ ઈજારદારની સીમાંત ખર્ચ રેખા છે. હવે, આપણે ખરીદનાર ઈજારદારની રેખાની સમજૂતી મેળવીએ. જો ખરીદનાર ઈજારદાર એમ ધારતો હોય કે તેને વેચનાર ઈજારદારની ખર્ચ સ્થિતિને ધ્યાનમાં લઈ કિંમત નક્કી કરવાની પૂરી સત્તા છે તો તે વેચનાર ઈજારદારની સીમાંત ખર્ચ રેખા MCને તેની પોતાની પુરવઠા રેખા ગણે છે.

બીજા શબ્દોમાં કહીએ તો જો પુરવઠાકાર ઈજારદારને તેણે નક્કી કરેલી

કિંમત સ્વીકારવાની ફરજ પાડે તો તે પુરવઠાદાર ઈજારદાર પાસેથી એટલા પ્રમાણમાં વસ્તુ મેળવી શકશે કે જે બિંદુએ ખરીદનાર ઈજારદારની સીમાંત ખર્ચની રેખા તેણે નક્કી કરેલ કિંમતની બરાબર હોય આમ ખરીદનાર ઈજારદાર જો એમ વિચારે કે કિંમત નક્કી કરવાની તેને પૂરેપૂરી સત્તા છે તો વેચનાર પણ ઈજારદારની સીમાંત ખર્ચની રેખા એ સરેરાશ પુરવઠા કિંમતનો નિર્દેશ કરશે કે જે કિંમતે તે વસ્તુનો પુરવઠો પૂરો પાડશે.

આથી વેચનાર ઈજારદારની સીમાંત ખર્ચની રેખા એ તેની પુરવઠા રેખા અથવા સરેરાશ પુરવઠા કિંમત ASP પુરવઠા કિંમત છે જે આકૃતિમાં ASP તરીકે દર્શાવવામાં આવ્યું છે હવે ખરીદનાર ઈજારદારની સરેરાશ પુરવઠા રેખા એટલે કે ASP માં જેમ જેમ તે વધુ પ્રમાણમાં ખરીદી કરે છે તેમ તેમ સીમાંત પુરવઠા રેખા MSP એ સરેરાશ પુરવઠા રેખા ASP ની ઉપર હશે. આમ, સીમાંત પુરવઠા રેખા MSP એ સરેરાશ પુરવઠા રેખાની સીમાંત પર છે.

હવે વેચનાર ઈજારદાર જો એમ ધારે કે તેને ખરીદનારની માંગ રેખા પર ગમે તે કિંમત અને ઉત્પાદન નક્કી કરવાની સત્તા છે તો તે મહત્તમ નફો મેળવવા માટે તે તેનું સીમાંત ખર્ચ અને સીમાંત આવક સરખા થશે તે બિંદુ પર કિંમત અને ઉત્પાદન નક્કી કરવાનો પ્રયત્ન કરશે આકૃતિમાં દર્શાવ્યા મુજબ તે $OP_1$ કિંમતે $OQ_1$ જેટલું ઉત્પાદન કરશે જ્યાં સીમાંત ખર્ચ અને સીમાંત આવક સરખા થઈ રહે છે બીજા શબ્દોમાં કહીએ તો વેચનાર ઈજારદાર માટે મહત્તમ નફાની કિંમત $OP_1$ છે અને મહત્તમ નફો આપતું ઉત્પાદન $OQ_1$ છે.

હવે, જો ગ્રાહકના ઈજારાની વાત કરીએ તો, આકૃતિમાં DD માંગ રેખા એ તેનો સીમાંત તુષ્ટિગુણ દર્શાવે છે અથવા જે કિંમત તે ચૂકવવા તૈયાર થાય છે તે દર્શાવે છે. આમ ગ્રાહક ઈજારદાર તેનો મહત્તમ સંતોષ જેટલી ખરીદી $OP_2$ કિંમતે મેળવશે. આકૃતિમાં જોઈ શકાય છે કે $OP_2$ કિંમત એ $OP_1$ કિંમત કરતા નીચી છે એટલે કે વેચનાર $OP_1$ કિંમત રાખવા માંગે છે પણ ખરીદનાર-ગ્રાહક ઈજારદાર માટે $OP_1$ કિંમત વધારે છે.

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે જ્યારે વેચનાર અને ખરીદનાર બન્ને પોત-પોતાને કિંમત નિર્ધારક (PRICE MAKERS) તરીકે ગણે છે અને તે પ્રમાણે સ્વતંત્ર રીતે વર્તે છે ત્યારે તેઓની કિંમત તથા ઉત્પાદન જુદા જુદા હોય છે, પરંતુ દ્વિપક્ષી ઈજારા અન્વયે ખરીદનાર કે વેચનાર પાસે બીજો કોઈ વિકલ્પ કે માર્ગ હોતો નથી અને બન્ને એકબીજા સાથે વ્યવહાર કરવો જ પડે છે ત્યારે તે બન્ને એક કિંમત પર સંમત થવું પડે છે અને વાટાઘાટો કરીને સોદા કરશે અને વાસ્તવિક કિંમત જે નક્કી થશે તે કદાચ $OP_1$ અને $OP_2$ વચ્ચે રહેશે.

## 3.7 સારાંશ :

- ➢ બજાર એટલે ખરીદનારા અને વેચનારાઓના સંપર્કનું માધ્યમ.
- ➢ બજારમાં ઉત્પાદકો, વિક્રેતાઓ, ખરીદનારાઓ વગેરેની સંખ્યા બજાર માળખાનાં ઘટકો છે. આ ઘટકો બજાર માળખાનું સ્વરૂપ નક્કી કરે છે.
- ➢ બજારમાં ખરીદનારા અને વેચનારાની સંખ્યા તથા તેમની જરૂરિયાત વસ્તુ/ સેવાનાં કિંમત-નિર્ધારણ ઉપર અસર કરે છે.
- ➢ પૂર્ણ હરીફાઈમાં અનેક અસંખ્ય વેચનારા તથા ખરીદનારા હોવાથી કોઈ એક ગ્રાહક કે એક ઉપભોક્તા વસ્તુની કિંમત ઉપર પ્રભાવ પાડી શકતો નથી. બધા જ ઉત્પાદકો કે વિક્રેતાઓ અને બધા જ ઉપભોક્તાઓના પરસ્પરના વ્યવહારો કિંમત નક્કી કરે છે. તેને માંગ અને પુરવઠાના અદશ્ય હાથો વડે થતું બજાર સંચાલન કહે છે.
- ➢ ઈજારામાં માત્ર એક જ ઉત્પાદક હોય છે. પરંતુ તે કિંમત અને વેચાણનો પુરવઠો એમ બન્ને ઉપર એક જ સમયે કાબૂ ધરાવતો નથી. ઈજારાદાર એક સમયે કિંમત અથવા પુરવઠો એમ બે માંથી એક ઉપર અસર કરી શકે છે.
- ➢ અલ્પહસ્તક ઈજારા તથા ઈજારાયુક્ત હરીફાઈમાં વેચનારાઓની સંખ્યા ઓછી હોવાથી પરસ્પર કિંમત નિર્ધારણની પ્રક્રિયા વિશેષ અસર કરે છે. ઉપરાંત જાહેરાત (વેચાણ) ખર્ચ પણ મહત્ત્વનું પરિબળ બને છે.
- ➢ આધુનિક સમયમાં સરકાર તરફથી અપાતી સબસીડી અને કરવેરા પણ વસ્તુ/ સેવાની કિંમત ઉપર અસર કરે છે.

## 3.8 ચાવીરૂપ શબ્દો :

- ➢ સામાન્ય નફો : સામાન્ય નફો એવી સ્થિતિ છે કે જેમાં પેઢી તેના ખર્ચ જેટલી આવક મેળવી શકે છે. ધંધામાં ટકવા માટે સામાન્ય નફા જેટલી આવક પેઢીએ ફરજીયાત મેળવવી પડે છે. જ્યારે કુલ ખર્ચ (TC) અને કુલ આવક (TR) સરખા થાય ત્યારે પેઢી સામાન્ય નફો મેળવે છે.
- ➢ અસામાન્ય નફો : જ્યારે પેઢીનો કુલ સરેરાશ ખર્ચ કરતાં સરેરાશ આવક વધી જાય ત્યારે પેઢીને અસામાન્ય નફો મળે છે. આ સમયે મૂડીને મળવાપાત્ર સામાન્ય વળતરથી વધુ વળતર મળે ત્યારે અસામાન્ય નફાની સ્થિતિ સર્જાય છે.

## 3.9 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નીચેના પ્રશ્નો માટે વિસ્તારથી જવાબ લખો.**

(i) બજાર એટલે શું ? બજારનું સ્વરૂપ તથા ઘટકોનો પરિચય આપો.

(ii) બજારમાળખાને આધારે પૂર્ણ હરીફાઈમાં કિમત નિર્ધારણની પ્રક્રિયા સમજાવો.

(iii) બજારમાળખું એટલે શું ? ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં કિંમત નિર્ધારણની પ્રક્રિયા સમજાવો.

(iv) ઈજારામાં પેઢી દ્વારા થતું કિંમત નિર્ધારણ સમજાવો.

**(ખ) નીચેના વિષય ઉપર ટૂંકનોંધ લખો.**

(1) બજારનાં ઘટકો

(2) બજારનું સ્વરૂપ

(3) બજાર માળખું

❖ **વૈકલ્પિક પ્રશ્નો :**

(1) વાહન વ્યવહાર ખર્ચનો અભાવ ક્યા બજારનું લક્ષણ છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો

(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(2) ક્યા બજારમાં પેઢી એ જ ઉદ્યોગ બને છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો

(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(3) વેચાણ ખર્ચ ક્યા બજારનું અગત્યનું લક્ષણ છે ?

(A) ઈજારાયુક્ત હરીફાઈ (B) ઉભયપક્ષી ઈજારો

(C) અલ્પહસ્તક ઈજારો (D) પૂર્ણ હરીફાઈ

(4) કિંમત ચુસ્તતા કે ખાંચાવાળી માંગ રેખા ક્યા બજારમાં જોવા મળે છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો

(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(5) જ્યારે ખરીદનાર અને વેચનાર બન્ને પક્ષે ઈજારો હોય ત્યારે તેને ક્યો ઈજારો કહેવાય છે ?

(A) ઈજારાયુક્ત હરીફાઈ (B) ઉભયપક્ષી ઈજારો

(C) અલ્પહસ્તક ઈજારો (D) પૂર્ણ હરીફાઈ

(6) ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીઓના સમૂહને ............... કહે છે.

(A) જૂથ (B) ઉદ્યોગ

(C) બજાર (D) ગણ

(7) ભાવ હરીફાઈ ...................ની દ્રષ્ટિએ લાભદાયી છે.

(A) ગ્રાહકો (B) ઉત્પાદકો

(C) બેંક (D) સરકાર

(8) પૂર્ણ હરીફાઈમાં પેઢીની વસ્તુની માંગ............... હોય છે.

(A) સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ (B) મૂલ્ય સાપેક્ષ

(C) મૂલ્ય અનપેક્ષ (D) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ

(9) ક્યા બજારમાં પેઢીઓનો પ્રવેશ બંધ હોય છે ?

(A) ઈજારાયુક્ત હરીફાઈ (B) ઈજારો

(C) અલ્પહસ્તક ઈજારો (D) પૂર્ણ હરીફાઈ

❖ **સંદર્ભગ્રંથ**

❖ **M.C.Q. ના સાચા જવાબો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | (A) | 4. | (D) | 7. | (A) |
| 2. | (B) | 5. | (B) | 8. | (D) |
| 3. | (A) | 6. | (A) | 9. | (B) |

****************

# એકમઃ 4 - પેઢીના ખર્ચ

## ❖ રૂપરેખા :

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 ખર્ચના પ્રકારો

4.3 સ્થિર ખર્ચ અને અસ્થિરખર્ચનું મહત્ત્વ

4.4 સરેરાશ ખર્ચ

4.5 સીમાંત ખર્ચ

4.6 સરેરાશ અને સીમાંત ખર્ચ વચ્ચેના આંતરસબંધો

4.7 બજાર-સમય અ; ખર્ચ રેખાઓ

4.8 ઉત્પાદન વિસ્તરણ પથ

4.9 જુદી જુદી ખર્ચ રેખાઓ

4.10 ટુંકો-ગાળો અને ખર્ચ રેખાઓ

4.11 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભસૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 4.0 ઉદ્દેશો :

આ એકમના ઉદ્દેશો,

- ➢ વિદ્યાર્થીઓને પેઢીએ કરવાના થતા ખર્ચ, પેઢીના (Location) સ્થાનની અસર વિશે સમજણ આપવી.
- ➢ પેઢીએ કરવાના થતા ખર્ચ, પેઢીના (Location) સ્થાનની અસર માહિતગાર કરવા.

## 4.1 પ્રસ્તાવના :

પેઢીને આપેલ ઉત્પાદનની શક્યતાઓને આધારે અને સાધનોની સેવાઓની કીમતોને ધ્યાનમાં રાખી જુદા જુદા સમયે એટલે કે, (1) બજાર સમયમાં, (2) ટૂંકાગાળામાં, અને (3) લાંબાગાળામાં ઉત્પાદનનો કયો રસ્તો લેશે અને ઉત્પાદનનાં જુદાં જુદાં ધોરણો માટે કેટકેટલાં ઉત્પાદનનાં સાધનોની સેવાઓની માંગ કરશે તે ટૂંકમાં જાણવું હવે જરૂરી છે.

**4.1.1 ઉત્પાદન ખર્ચ :-** આર્થિક વિશ્લેષણમાં ઉત્પાદનખર્ચનો ખ્યાલ ખૂબ જ મહત્ત્વનો છે. ઉત્પાદનખર્ચના સંદર્ભ વિના કિંમતનિર્ધારણનો અભ્યાસ થઈ શકે નહીં. ઉત્પાદનના જથ્થા સાથે ઉત્પાદનખર્ચને સંબંધ છે. જુદા જુદા ઉત્પાદને ખર્ચ જુદું જુદું હોય છે. ઉત્પાદનમાં ફેરફાર થવા સાથે કુલ ઉત્પાદનખર્ચમાં અને સરેરાશ ખર્ચમાં પણ તફાવત સર્જાય છે. ઉત્પાદનખર્ચ એટલે વસ્તુના ઉત્પાદન માટે પેઢી દ્વારા કરવામાં આવતું ખર્ચ. પેઢીના ખર્ચના ત્રણ પ્રકારો પાડી શકાય : (1) વાસ્તવિક ખર્ચ (2) નાણાકીય ખર્ચ અને (3) વૈકલ્પિક ખર્ચ જેનો વિગતે અભ્યાસ કરીશું.

**4.1.2 વાસ્તવિક ખર્ચ :-** વસ્તુનું ઉત્પાદન કરવામાં વિવિધ સાધનોનો ઉપયોગ કરવો પડે છે. ઉત્પાદનપ્રક્રિયા સાથે ત્રણ વ્યક્તિઓ સીધી રીતે સંકળાયેલા હોય છે જેમ કે (1) નિયોજક, (2) શ્રમિકો અને (3) મૂડીપતિ. તેમાં પણ શ્રમ અને મૂડી મુખ્ય છે. જયારે નિયોજકને ચિંતા, અનિશ્ચિતતા અને બિનસલામતીનો સામનો કરવો પડે છે. સાથે સાથે મૂડીપતિને મૂડીની બચત કરવા વપરાશવૃત્તિનો ત્યાગ કરવો પડે છે, અને શ્રમિકોને પ્રત્યક્ષ રીતે જે પરિશ્રમ ઉઠાવવો પડે છે તેને પરિણામે થાક, કંટાળો અનુભવે છે. આમ નિયોજકની ચિંતા, મૂડીપતિનો વપરાશવૃત્તિનો ત્યાગ, શ્રમિકોનો પરિશ્રમ વગરેનો સમાવેશ ઉત્પાદનખર્ચમાં કરવામાં આવે છે. આ માટે પ્રો. માર્શલના જણાવે છે કે ઉત્પાદનપ્રક્રિયા સાથે સંકળાયેલા નિયોજક, શ્રમિકો અને મૂડીપતિ જે માનસિક અને શારીરિક શ્રમ તથા કષ્ટ ઉઠાવે છે તે વસ્તુના ઉત્પાદનનું વાસ્તવિક ખર્ચ છે.

પ્રો. સીનિયર નામના અર્થશાસ્ત્રીએ શ્રમ ₹ ત્યાગને વ્યક્ત કરવા માટે ''વાસ્તવિક ખર્ચ'' શબ્દનો ઉપયોગ કરેલ છે. જયારે સ્ટિગ્લર નામના અર્થશાસ્ત્રી વાસ્તવિક ખર્ચને બદલે 'બિનનાણાકીય ખર્ચ' શબ્દનો ઉપયોગ કરેલ છે. આ વાસ્તવિક ખર્ચને ટૂંકમાં સમજ્યા પછી ટૂંકમાં એની મર્યાદાઓ જોઈએ.

**4.1.3 મર્યાદાઓ :-**

- વાસ્તવિક ખર્ચ માપી શકાતો નથીઃ વાસ્તવિક ખર્ચનો સંબંધ ત્યાગ અથવા વપરાશ સાથે સંકળાયેલો છે. આ ઉપરાંત વાસ્તવિક ખર્ચ એ મનોવૈજ્ઞાનિક ખ્યાલ હોવાથી તેની માપી શકતો નથી.
- કામમાં હંમેશા ભોગ હોતો નથીઃ વાસ્તવિક ખર્ચના ખ્યાલમાં એવી ધારણા કરે છે કે શ્રમિકો કામ પસંદ કરતાં નથી. શ્રમ કરવાથી કંટાળો કે થાક અનુભવે છે અને આરામ પસંદ કરે છે. પરંતુ બેકાર વ્યક્તિને રોજગારી મળવાથી જે હર્ષ-આનંદ પ્રાપ્ત થાય છે તે કામ કરવાથી થતા થાક, કંટાળા કરતાં વધુ હોય છે ત્યારે વાસ્તવિક ખર્ચ ઓછું હોય છે.
- જમીનનું વાસ્તવિક ખર્ચ શૂન્યઃ ઉત્પાદનનું એક સાધન જમીન છે જે કુદરતે મનુષ્યને અનમોલ ભેટ આપેલ છે. જેવી રીતે મનુષ્યના શરીરનું મુલ્ય જાણી શકાતું નથી. તેવી જ રીતે જમીનનું વાસ્તવિક ખર્ચ પણ જાણી શકાતું નથી.

- કિંમત નિર્ધારણમાં બિનઉપયોગીઃ વાસ્તવિક ખર્ચનો ખ્યાલ સામાજિક દ્રષ્ટિએ ઉપયોગી હોવા છતાં કિંમતનિર્ધારણના અભ્યાસમાં શોધાયાં નથી. તેથી અર્થશાસ્ત્રમાં કિંમતનિર્ધારણની ચર્ચામાં વાસ્તવિક ખર્ચના ખ્યાલનો ઉપયોગ કરવામાં આવતો નથી.

**4.1.4 વૈકલ્પિક ખર્ચ (Opportunity Cost) :-** માનવની જરૂરિયાતો અમર્યાદિત છે, જ્યારે તેને સંતોષવાનાં સાધનો મર્યાદિત છે. આ ઉપરાંત સાધનો વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે. તેથી જ પસંદગીની સમસ્યા ઉદ્ભવે છે. સાધનો મર્યાદિત હોવાથી એક વસ્તુના ઉત્પાદનમાં જો સાધનોનો ઉપયોગ કરીએ તો બીજી વસ્તુના ઉત્પાદનમાં તે સાધનોનો ઉપયોગ જતો કરવો પડે છે. દા.ત., કોઈ એક જમીનમાં માત્ર ઘઉં પકવવામાં આવે એટલે કે શાકભાજી પકવવાના વિકલ્પને જતો કરવો પડે છે. આમ ઘઉંનું ઉત્પાદન કરવામાં આવે તો શાકભાજીના ઉત્પાદનમાં ઘટાડો થાય છે. આમ વૈકલ્પિક ખર્ચ અન્ય હરીફાઈયુક્ત જરૂરિયાતોનો કરવો પડતો ત્યાગ છે. આમ સાધનોને એક વસ્તુના ઉત્પાદનમાં ઉપયોગ કરીએ ત્યારે તેના અન્ય વૈકલ્પિક ઉપયોગો જતા કરવા પડે છે. દા. ત., કોઈ એક વ્યક્તિ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાય ત્યારે બેંકના ઑફિસર તરીકેના વિકલ્પને જતો કરવો પડે છે. આમ જતી કરેલી વસ્તુ ઉત્પન્ન કરેલી વસ્તુનો વૈકલ્પિક ખર્ચ છે.

આ માટે પ્રો. હેન્ડરસનના મતે, ''કોઈ પણ વસ્તુનું વૈકલ્પિક ખર્ચ તે વસ્તુના ઉત્પાદનને કારણે અન્ય ઉપયોગી વસ્તુના પુરવઠામાં થયેલો ઘટાડો છે.'' તેવી જ રીતે ફેડરિક બેન્હામ જણાવે છેઃ ''વૈકલ્પિક ખર્ચ એટલે છોડેલો શ્રેષ્ઠ વિકલ્પ.'' જેમકે -

(1) ગ્રાહકોને અનેક વસ્તુઓની ખરીદી કરવાની હોય છે. એટલે કે ગ્રાહક મર્યાદિત આવકમાંથી ચોખા અને કઠોળમાંથી કોઈ એકની જ ખરીદી કરવાની હોય ત્યારે ગ્રાહકને જેની વધુ જરૂર હશે તેની ખરીદી કરતી વખતે અન્ય ખરીદીનો ત્યાગ કરવો પડે છે.

(2) ઉત્પાદક તરીકેઃ એક ઉત્પાદક તરીકે ઉત્પાદકે નિર્ણય કરવો પડે છે કે કઈ વસ્તુનું ઉત્પાદન કરવું. 'અ' વસ્તુનું ઉત્પાદન કરે તો 'બ' વસ્તુના ઉત્પાદનમાં ત્યાગ કરવો પડે છે.

(3) શ્રમિક તરીકેઃ અર્થતંત્રમાં એક વ્યક્તિ રેલ્વેમાં સ્ટેશન માસ્તરની નોકરી સ્વીકારે તો કોલેજમાં અધ્યાપક તરીકેની નોકરીનો ત્યાગ કરવો પડે છે.

(4) સરકારને રોડ-રસ્તા બાંધકામ પાછળ ખર્ચ કરવો હોય તો રહેઠાણો બાંધવાના વિકલ્પને જતો કરવો પડે છે. આમ સમાજની દૃષ્ટિએ કોઈ એક વસ્તુનું વૈકલ્પિક ખર્ચ એટલે કોઈ એક વસ્તુ મેળવવા જતાં તેના શ્રેષ્ઠ વિકલ્પને જતો કરવો પડે છે. આમ ઉત્પાદનનાં સાધનોના સંદર્ભમાં વૈકલ્પિક ખર્ચનો વિચાર કરી શકાય. છતાંય સમાજની દ્રષ્ટિએ વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ ઉપયોગી છે. તેના આધારે વસ્તુઓની કિંમત

અને ઉત્પાદનનાં સાધનોનું વળતર જાણી શકાય છે. આંતરિક અને આંતરરાષ્ટ્રીય મૂલ્યોને સમજાવવામાં પણ વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ ઉપયોગી નીવડે છે. ભાડાનો આધુનિક સિદ્ધાંત તેમજ આવકની વહેંચણી સમજાવવામાં પણ વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ ઉપયોગી થાય છે.

**4.1.5** **મર્યાદાઓ :** વૈકલ્પિક ખર્ચના ખ્યાલનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં કેટલીક મર્યાદાઓનો ખ્યાલ રાખવો પડે છે, જે નીચે પ્રમાણે છે :

(1) કેટલાંક સાધનો એકોદ્દેશી હોય છે : ઉત્પાદનનાં કેટલાંક સાધનો વિશિષ્ટ પ્રકારનાં હોય છે જેમ કે કોઈ સાધન એકોદ્દેશી હોય એટલે કે એક સાધનનો એક જ ઉપયોગ શક્ય છે. ત્યારે જ આ સંજોગોમાં તે સાધન વડે અન્ય કોઈ ઉત્પાદન શક્ય ન હોય ત્યારે તેના ચાલુ ઉપયોગમાં રાખવા માટે વૈકલ્પિક ખર્ચ શૂન્ય ગણાય. આવાં સાધનોનું વળતર તેમના વૈકલ્પિક ખર્ચને આધારે નહિ, પરંતુ માંગના આધારે નક્કી થાય છે.

(2) બેરોજગાર સાધનો : વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ પૂર્ણ રોજગારીની સ્થિતિમાં જ સાચો પડે છે. જો પૂર્ણ રોજગારી ન હોય તો કેટલાંક સાધનો બેરોજગાર પડી રહેતાં હોય છે. આવાં બેરોજગાર સાધનોને કામે લગાડવામાં આવે ત્યારે બીજા કોઈ વિકલ્પનો ત્યાગ કરવામાં આવતો નથી તેથી વૈકલ્પિક ખર્ચ શૂન્ય છે.

(3) સાધનોની અગતિશીલતા : આ ખ્યાલમાં ઉત્પાદનનાં સાધનો સંપૂર્ણ ગતિશીલ છે તેવી ધારણા કરાવામાં આવી છે. વાસ્તવમાં સામાજિક અને બીજાં અનેક કારણોસર ઉત્પાદનનાં સાધનો ગતિશીલ હોતાં નથી. આ સાથે કોઈ એક સાધનના બધા જ એકમો સમાન છે. જે બાબત પણ વાસ્તવિક રીતે સત્ય નથી. જેને પરિણામે સાધનનો વિકલ્પ જાણી શકાતો નથી.

આમ વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ કેટલીક ધારણાઓ પર આધારિત છે : (1) સાધનોનો વૈકલ્પિક ઉપયોગ થાય છે. (2) સાધનો પૂર્ણ રીતે ગતિશીલ છે. (3) પૂર્ણ રોજગારી છે. (4) અર્થતંત્રમાં પૂર્ણહરીફાઈ છે. જો કે આ ધારણાઓ વાસ્તવિક રીતે જોવા જતાં પૂર્ણ રીતે શક્ય નથી. તેથી વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ મર્યાદાવાળો બને છે.

**4.1.5** **નાણાકીય ખર્ચ (Monetary Cost) :-** આર્થિક વિશ્લેષણમાં નાણાકીય ખર્ચનો ખ્યાલ ઉપયોગી છે, કારણ કે તે ચોક્સાઈથી માપી શકાય છે તેમજ ઉત્પાદન અને કિંમત નિર્ધારણમાં પણ ઉપયોગિતા ધરાવે છે. ''નાણાકીય ખર્ચ એટલે વસ્તુને પેદા કરવા માટે ઉત્પાદકને જે ખર્ચ કરવું પડે છે તેને નાણાકીય ખર્ચ કહેવામાં આવે છે.'' જો કે હિસાબી રીતે અને આર્થિક રીતે નાણાકીય ખર્ચ એકસરખા નથી. નિયોજક ઉત્પાદનનાં સાધનો તથા સેવાઓની ખરીદી કરે છે અને તેની જે કિંમત ચૂકવે છે તે ઉત્પાદનનું નાણાકીય ખર્ચ છે.

દા.ત., ઉછીની લીધેલી મૂડીનું વ્યાજ, શ્રમિકોનાં વેતન, કાચા માલની કિંમત, બળતણનું ખર્ચ, વાહનવ્યવહારનું ખર્ચ, મકાનનું ભાડું વગેરે નિયોજકને ભોગવવું પડતું ઉત્પાદનખર્ચ છે. આ ઉત્પાદનખર્ચ નાણાંમાં વ્યક્ત થાય છે. આ ઉત્પાદનખર્ચમાં નિયોજકની સેવાઓની બજારકિંમત ધારીને તેનો ઉત્પાદનખર્ચમાં સમાવેશ કરવામાં આવે છે.

નાણાકીય ખર્ચનો આધાર મુખ્યત્વે ત્રણ પરિબળો પર રહેલો છે : (1) ઉત્પાદનનાં સાધનોને ચૂકવેલી કિંમતો (2) પેઢીના ઉત્પાદનની કક્ષા (3) સમયનો ગાળો.

નાણાકીય ખર્ચનો ખ્યાલ કિંમતનિર્ધારણના વિશ્લેષણમાં ખૂબ જ ઉપયોગી બને છે. કુલ ઉત્પાદનખર્ચમાં ચૂકવેલી કિંમતો તથા અથવા ન ચૂકવેલી કિંમતો બજારકિંમતે નિર્ધારિત ખર્ચ ઉપરાંત નિયોજકના સામાન્ય નફાનો પણ સમાવેશ કરવામાં આવે છે.

## 4.2 ખર્ચના પ્રકારો :

સમયગાળાના મુખ્ય બે પ્રકારો છે : (1) ટૂંકો ગાળો (2) લાંબો ગાળો.


**4.2.1 ટૂંકો ગાળો :-** ટૂંકા ગાળાના ખર્ચના પ્રકારો :

(1) સ્થિર ખર્ચ (FC) (2) અસ્થિર ખર્ચ (VC) (3) કુલ ખર્ચ (TC)

**4.2.2 લાંબો ગાળો :-** સમયના ટૂંકાગાળામાં પેઢીના કદમાં વધઘટ થઈ શકતી નથી, પરંતુ તેની ફાજલ શક્તિનો ઉપયોગ કરી શકાય છે. જ્યારે સમયના લાંબાગાળામાં પેઢીના કદમાં વધઘટ થઈ શકે છે. ટૂંકા સમયના ગાળામાં પેઢી સ્થિર સાધનોમાં વધઘટ કરી શકતી નથી, પરંતુ પુરવઠામાં થોડી ઘણો વધારો-ઘટાડો કરી શકે છે. જ્યારે લાંબા ગાળે પુરવઠામાં માંગના ફેરફારો મુજબ વધ-ઘટ કરી શકાય છે. જયારે લાંબાગાળામાં ઉત્પાદનપદ્ધતિના ફેરફારો પણ ઉત્પાદનને પ્રભાવિત કરી શકે છે. સ્થિર અને અસ્થિર ખર્ચ વચ્ચેનો તફાવત માત્ર ટૂંકાગાળામાં જ જોવા મળે છે, લાંબાગાળામાં તેવો તફાવત દૂર થાય છે અને બધું જ ખર્ચ ''અસ્થિર ખર્ચ'' બને છે. પ્રો. માર્શલે સમયના આધારે (1) સમયનો અતિ ટૂંકો ગાળો (2) ટૂંકો ગાળો (3) લાંબો ગાળો (4) અતિ લાંબો ગાળો - એમ ચાર પ્રકારનો દર્શાવ્યા છે.

- **સ્થિર ખર્ચ (Fixed Cost = F.C.) :** ''ઉત્પાદનમાં વધારો-ઘટાડો કરવા છતાં જે ખર્ચમાં કોઈ જ ફેરફાર થતો નથી તે ખર્ચને સ્થિર ખર્ચ કહેવામાં આવે છે.'' સ્થિર ખર્ચ ઉત્પાદનના પ્રમાણ સાથે સંબંધ ધરાવતો નથી. ઉત્પાદન શૂન્ય હોય તોપણ અમુક સ્થિર ખર્ચ તો રહેવાનું જ. દા.ત, મકાનનું ભાડું, મૂડીનું વ્યાજ, કાયમી મજૂરોનાં વેતનો, વીજળી ખર્ચ વગેરેનું ખર્ચ ઉત્પાદન વધે કે ઉત્પાદન શૂન્ય થાય ત્યારે પણ આ સ્થિર ખર્ચને ટાળી શકાતું નથી. આવા સ્થિર ખર્ચને ઉત્પાદનનું કુલ સ્થિર ખર્ચ કહેવામાં આવે છે.


આકૃતિ નં. 4.1 કુલ સ્થિર ખર્ચ




આકૃતિમાં OX આડી ધરી પર ઉત્પાદન અને OY ઊભી ધરી પર ખર્ચ આપવામાં આવેલ છે. કુલ સ્થિર ખર્ચ રેખા પાયાની રેખાને સમાંતર આવેલી છે. જે દર્શાવે છે કે ઉત્પાદન ગમે તેટલું થાય, પરંતુ સ્થિર ખર્ચ OP રહેવાનું છે. આમ ઉત્પાદન શૂન્ય હોય કે વધે-ઘટે તોપણ ઉત્પાદનખર્ચ સરખું જ રહે છે. ઉત્પાદનના પ્રમાણ સાથે સ્થિર ખર્ચને સંબંધ નથી.

- **અસ્થિર ખર્ચ (Variable Cost = VC) :-** જે ખર્ચ ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સબંધ ધરાવે છે, તેને અસ્થિર ખર્ચ કહેવામાં આવે છે. પ્રો. માર્શલ અસ્થિર ખર્ચને ''મુખ્ય ખર્ચ''' તરીકે ઓળખાવે છે. ઉત્પાદનમાં વધારો થતાં અસ્થિર ખર્ચ વધે છે અને ઉત્પાદન ઘટતાં અસ્થિર ખર્ચ ઘટે છે. અસ્થિર ખર્ચમાં કાચા માલની કિંમત, બળતણનો ખર્ચ, મજૂરોનું વેતન, વાહનવ્યવહાર ખર્ચ, ટૂંકાગાળાની મૂડી પર ચૂકવવામાં આવતું વ્યાજ વગેરેનો સમાવેશ થાય છે. ઉત્પાદનમાં વધારો થાય તો અસ્થિર ખર્ચમાં વધારો થાય છે. ઉત્પાદન ઘટે તો અસ્થિર ખર્ચમાં ઘટાડો થાય છે. આમ ઉત્પાદનમાં વધારો અથવા ઘટાડો થવા સાથે જે ખર્ચમાં વધારો-ઘટાડો થાય તેને અસ્થિર ખર્ચ કહેવામાં આવે છે.

આકૃતિ નં. 4.2 કુલ અસ્થિર ખર્ચ





આકૃતિમાં OX આડી ધરી ઉપર ઉત્પાદન અને OY ઊભી ધરી પર ખર્ચ દર્શાવેલ છે. કુલ અસ્થિર ખર્ચની રેખા ધન ઢાળવાળી છે.

જેમ જેમ ઉત્પાદનમાં વધારો થાય છે તેમ તેમ અસ્થિર ખર્ચમાં પણ વધારો થાય છે, પરંતુ અસ્થિર ખર્ચના ફેરફાર અને ઉત્પાદનના ફેરફારો સપ્રમાણ હોય તે જરૂરી નથી.

- **કુલ ખર્ચ (Total Cost = TC) :** સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચ વચ્ચેનો તફાવત માત્ર ટૂંકા ગાળા પૂરતો છે. પ્રો. બેન્હામના જણાવ્યા પ્રમાણે લાંબા ગાળે બધા જ ખર્ચ અસ્થિર થાય છે. અહીંયાં સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચનો સરવાળો કરવાથી કુલ ખર્ચ પ્રાપ્ત થાય છે.

આકૃતિ નં. 4.3 સ્થિર ખર્ચ + અસ્થિર ખર્ચ = કુલ ખર્ચ




આકૃતિમાં પાયાની રેખાને સમાંતર FC રેખા સ્થિર ખર્ચની રેખા છે. ઉત્પાદન $OM_1$, $OM_2$ કે $OM_3$ પણ સ્થિર રહે છે. TC રેખા કુલ ખર્ચની રેખા છે. જે સ્થિર ખર્ચ FC અને અસ્થિર ખર્ચ VC નો સરવાળો છે. ઉત્પાદનમાં વધારો થતાં અસ્થિર ખર્ચમાં વધારો થાય છે.

$OM_1$ ઉત્પાદને $M_1$ $T_1$ $OM_2$ ઉત્પાદને $M_2T_2$ અને $OM_3$ ઉત્પાદને $OM_3T_3$ થતા કુલ ખર્ચ વધે છે. $M_1T_1$, $M_2T_2$ અને $M_3T_3$ થાય છે. તેથી કુલ ખર્ચની રેખા ડાબી બાજુ નીચેથી જમણી ઉપર તરફ જાય છે.

**4.2.3 સરેરાશ ખર્ચના પ્રકારો :-** સરેરાશ ખર્ચના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે :

- **સરેરાશ સ્થિર ખર્ચ (Average Fixed Cost = AFC) :** સરેરાશ સ્થિર ખર્ચ એટલે એકમ દીઠ સ્થિર ખર્ચ. સ્થિર ખર્ચને ઉત્પાદનના એકમો વડે ભાગવાથી સરેરાશ સ્થિર ખર્ચ પ્રાપ્ત થાય છે. ધારો કે સ્થિર ખર્ચ રૂ. 500 છે અને વસ્તુના ઉત્પન્ન કરેલા એકમો 100 છે. તો -

$$\text{સૂત્ર મુજબ સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{\text{કુલ સ્થિર ખર્ચ}}{\text{વસ્તુના એકમો}}$$

$$\text{સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{500}{100} \text{ રૂા.5 થશે.}$$

(1) સ્થિર ખર્ચ (FC) (2) અસ્થિર ખર્ચ (VC) (3) કુલ ખર્ચ (TC)

ઉત્પાદનના વધારાઘટાડા સાથે સ્થિર ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી. જેમ જેમ ઉત્પાદનમાં વધારો કરવામાં આવે છે તેમ તેમ સરેરાશ સ્થિર ખર્ચ વધુ ને વધુ એકમો વચ્ચે વહેંચાતા સરેરાશ સ્થિર ખર્ચમાં ઘટાડો થાય છે. તેથી સરેરાશ સ્થિર ખર્ચની રેખા (AFC) ડાબી બાજુ ઉપરથી જમણી બાજુ નીચે તરફ ઢળે છે એટલે કે સરેરાશ સ્થિર ખર્ચ રેખાનો ઋણ ઢાળ છે.

- **સરેરાશ અસ્થિર ખર્ચ (Average Variable Cost = AVC) :** સરેરાશ અસ્થિર ખર્ચ એટલે એકમ દીઠ અસ્થિર ખર્ચ. અસ્થિર ખર્ચને ઉત્પાદનના એકમો વડે ભાગવાથી સરેરાશ અસ્થિર ખર્ચ પ્રાપ્ત થાય છે. સૂત્રના રૂપમાં કહીએ

$$\text{સૂત્ર મુજબ સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{\text{કુલ અસ્થિર ખર્ચ}}{\text{વસ્તુના એકમો}}$$

$$\text{સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{400}{100} \text{ રૂા.4 થશે.}$$

ઉત્પાદનના વધારા-ઘટાડા સાથે અસ્થિર ખર્ચમાં પણ વધારો-ઘટાડો થાય છે. પરંતુ શરૂઆતના ઉત્પાદનના તબક્કામાં સરેરાશ અસ્થિર ખર્ચ ઘટે છે. પરંતુ તે અમુક બિંદુ સુધી જ ઘટે છે. જ્યાં સુધી સ્થિર સાધનોનો પૂરેપૂરો ઉપયોગ થતો નથી ત્યાં સુધી અસ્થિર ખર્ચ ઘટે છે. પરંતુ સ્થિર સાધનનો પૂરેપૂરો ઉપયોગ થઈ ગયા બાદ અસ્થિર સાધનોનું પ્રમાણ વધારવામાં આવતા અસ્થિર ખર્ચ વધવા પામે છે, જેને પરિણામે શરૂઆતના ઉત્પાદનના તબક્કામાં સરેરાશ અસ્થિર ખર્ચ રેખા (AVC) ડાબી બાજુથી જમણી બાજુ નીચે ઢળે છે, પરંતુ અમુક બિંદુ પછી તે જમણી બાજુ ઉપર જાય છે.

- **સરેરાશ કુલ ખર્ચ (Average Total Cost = ATC) :** કુલ ખર્ચને ઉત્પાદનના એકમો વડે ભાગવાથી સરેરાશ કુલ ખર્ચ પ્રાપ્ત થાય છે.


$$\text{સૂત્ર મુજબ સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{\text{કુલ ખર્ચ}}{\text{વસ્તુના એકમો}}$$

કુલ ખર્ચમાં સ્થિર ખર્ચ + અસ્થિર ખર્ચનો સમાવેશ થાય છે. તેથી

$$\text{સૂત્ર મુજબ કુલ ખર્ચ} = \frac{\text{કુલ સ્થિર ખર્ચ} + \text{કુલ અસ્થિર ખર્ચ}}{\text{વસ્તુના એકમો}}$$

ધારો કે સ્થિર ખર્ચ રૂ. 500 છે અને અસ્થિર ખર્ચ રૂ. 400 છે. અને વસ્તુના એકમોનું ઉત્પાદન થાય છે.

$$\text{તેથી સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{500+400}{100} \text{ રૂા.9 થશે.}$$




આકૃતિમાં કુલ ખર્ચની રેખા (ATC) છે. સ્થિર ખર્ચ (AFC) અને અસ્થિર ખર્ચની (AVC) રેખાઓ ઉપર હોય છે, કારણ કે બંને ખર્ચનો તે સરવાળો છે. આકૃતિમાં AFC, AVC અને ATC અનુક્રમે સરેરાશ સ્થિર ખર્ચ, સરેરાશ અસ્થિર ખર્ચ અને સરેરાશ કુલ ખર્ચ દર્શાવે છે.

## 4.3 સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચનું મહત્ત્વ :

''કુલ ખર્ચ એ સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચનો સરવાળો છે.'' જો કુલ ખર્ચ કરતાં કુલ આવક વધુ હોય તો ઉત્પાદકને નફો પ્રાપ્ત થાય છે અને કુલ ખર્ચ કરતાં કુલ આવક ઓછી હોય તો ઉત્પાદકને ખોટ જાય છે તેથી ઉત્પાદકને ખર્ચ પ્રાપ્ત થાય તેટલી કુલ આવક તો થવી જ જોઈએ. આમ સ્થિર અને અસ્થિર ખર્ચના ખ્યાલો ઉત્પાદકને ઉત્પાદન ચાલુ રાખવું કે બંધ કરવું તે અંગેનો નિર્ણય લેવામાં ઉપયોગી નીવડે છે.

જેમ કે જો સરેરાશ અસ્થિર ખર્ચ કરતાં કિંમત વધારે હોય તો આવા સંજોગોમાં થોડુંઘણું સરેરાશ સ્થિર ખર્ચ નીકળી શકે છે અને કુલ ખોટ ઓછી થાય છે. જો ઉત્પાદક ઉત્પાદન ચાલુ રાખશે તો તેને કુલ આવક કરતાં કુલ ખર્ચ જેટલું વધારે હશે તેટલી જ ખોટ ભોગવવી પડે છે.

જો સરેરાશ અસ્થિર ખર્ચ કરતાં કિંમત નીચી હશે તો ઉત્પાદન ચાલુ રાખવાથી જે ખોટ જાય છે.

## 4.4 સરેરાશ ખર્ચ (Average Cost = AC) :


*સરેરાશ ખર્ચ એટલે એકમદીઠ ખર્ચ.'' કુલ ઉત્પાદન ખર્ચને ઉત્પાદનના એકમો વડે ભાગવાથી સરેરાશ ખર્ચ પ્રાપ્ત થાય છે. સૂત્રના રૂપમાં –

$$\text{સરેરાશ ખર્ચ} = \frac{\text{કુલ ખર્ચ}}{\text{વસ્તુના એકમો}}$$

ધારો કે 100 એકમોનું ઉત્પાદન કરવાનું ખર્ચ રૂ. 250 આવે છે.

$$\text{તેથી સરેરાશ ખર્ચ} = \frac{250}{100} = \text{રૂા.2.5 એ સરેરાશ ખર્ચ કહેવાય.}$$

આકૃતિ નં.4.5 સરેરાશ ખર્ચ (AC)





ઉપરની આકૃતિમાં OX આડી ધરી પર ઉત્પાદન OY ઊભી ધરી પર ખર્ચ દર્શાવવામાં આવેલ છે. શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઊંચું હોય છે, કારણ કે ઉત્પાદન ઓછું અને સ્થિર ખર્ચ વધારે હોય છે. બીજી રીતે કહીએ તો સ્થિર ખર્ચ ઓછા ઉત્પાદન વડે વહેંચાય છે. તેથી સ્થિર ખર્ચ વધારે હોય છે. પરંતુ જેમ જેમ ઉત્પાદનમાં વધારો થાય છે તેમ તેમ સ્થિર ખર્ચ વધુ એકમો વચ્ચે વહેંચાતા સરેરાશ ખર્ચ ઘટે છે. પરંતુ ઘટતા મળતરનો નિયમ અમલમાં આવવાથી અસ્થિર ખર્ચ વધતાં સરેરાશ ખર્ચ વધવા પામે છે. આમ શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઘટે છે ત્યાર બાદ તેમાં વધારો થાય છે. આમ સરેરાશ ખર્ચ રેખા U (યૂ ) આકારની બને છે.

## 4.5 સીમાંત ખર્ચ (Marginal Cost = MC) :

કુલ ઉત્પાદનમાં એક એકમનો વધારો કરવાથી કુલ ખર્ચમાં જે વધારો થાય છે તે વધારાને સીમાંત ખર્ચ કહેવામાં આવે છે. દા.ત., 10 કિલો ઘઉંનું ઉત્પાદન કરવાનો રૂ. 100 ખર્ચ આવે અને 11 કિલો ઘઉંનું ઉત્પાદન કરવાનો રૂ. 110 ખર્ચ થાય તો વધારાના 1 કિલો ઘઉંના ઉત્પાદન માટે રૂ. 10 ખર્ચ આવે છે તે સીમાંત ખર્ચ છે.

આકૃતિ નં.4.6 સીમાંત ખર્ચ (MC)




કુલ ખર્ચના બે વિભાગો જેમાં સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચ છે જેમાં અસ્થિર ખર્ચ બદલાય છે. તેથી સીમાન્ત ખર્ચ એટલે કે અસ્થિર ખર્ચમાં થતો ફેરફાર એવું કહી શકાય. શરૂઆતના સમયમાં સીમાન્ત ખર્ચ ઘટવા પામે છે તેના કારણમાં વધતી સીમાંત પેદાશ છે અને ત્યાર બાદ સીમાન્ત ખર્ચમાં વધારો થાય છે તેનું કારણ ઘટતું વળતર છે.

સીમાંત ખર્ચ એટલે કુલ ઉત્પાદનમાં થતો ફેરફાર. સ્થિર ખર્ચમાં ફેરફાર થતો નથી, પરંતુ અસ્થિર ખર્ચમાં ફેરફાર થાય છે. તેથી કુલ ખર્ચમાં થતા ફેરફાર કુલ અસ્થિર ખર્ચના

ફેરફાર બરાબર હોય છે. ઉપરની આકૃતિમાં સીમાંત ખર્ચ રેખા વધારે ઝડપથી નીચે ઊતરે છે અને ઝડપથી ઊંચે જાય છે. ઉત્પાદન વધતાં શરૂઆતમાં સીમાંત ખર્ચ ઘટે છે. ત્યાર બાદ સીમાંત ખર્ચમાં વધારો થાય છે.

## 4.6 સરેરાશ અને સીમાંત ખર્ચ વચ્ચેના આંતરસંબંધો :

| ઉત્પાદન એકમો | કુલ ખર્ચ (રૂ.માં)(TC) | સરેરાશ ખર્ચ (રૂ.માં)(AC) | સીમાંત ખર્ચ (રૂ.માં)(MC) |
|---|---|---|---|
| 1 | 60 | 60 | – |
| 2 | 70 | 35 | 10 |
| 3 | 90 | 30 | 20 |
| 4 | 150 | 37.5 | 60 |
| 5 | 200 | 40 | 50 |
| 6 | 300 | 50 | 100 |
| 7 | 420 | 60 | 120 |

ઉપરના ઉદાહરણ પરથી સરેરાશ અને સીમાંત ખર્ચના આંતરસંબંધો નીચે મુજબ તારવી શકાય :

(1) શરૂઆતમાં સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ ઘટે છે. ત્યાર બાદ તે બંને વધે છે. જેમ કે ઉત્પાદનના ત્રીજા એકમ સુધી સરેરાશ અને સીમાંત ખર્ચ ઘટે છે. ત્યાર બાદ ઉત્પાદનના ચોથા એકમથી સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વધે છે.


(2) સરેરાશ ખર્ચ કરતાં સીમાંત ખર્ચ ઓછું હોઈ શકે છે. ઉપરની અનુસૂચિમાં દર્શાવ્યા પ્રમાણે ઉત્પાદનના ત્રીજા એકમ સુધી સરેરાશ ખર્ચ કરતાં સીમાંત ખર્ચ નીચું છે.

(3) સરેરાશ ખર્ચ કરતાં સીમાંત ખર્ચ વધુ હોઈ શકે છે. ઉપરની અનુસૂચિમાં દર્શાવ્યા પ્રમાણે પાંચમા, છઠ્ઠા અને સાતમા એકમોએ સરેરાશ ખર્ચ કરતાં સીમાંત ખર્ચ વધારે છે.

(4) સરેરાશ ખર્ચ કરતાં સીમાંત ખર્ચમાં ઝડપથી વધારો થાય છે. જેમ કે પાંચમાં એકમના ઉત્પાદન બાદ સીમાંત ખર્ચમાં ઝડપથી વધારો થાય છે.

(5) સીમાંત ખર્ચ સરેરાશ ખર્ચના પહેલાં જ વધવા માંડે છે. જેમ કે ચોથા એકમથી સીમાંત ખર્ચમાં વધારો થાય છે.

આકૃતિ નં.4.7 સરેરાશ અને સીમાંત ખર્ચ વચ્ચેનો સબંધ



આકૃતિમાં OX રેખા પર ઉત્પાદન, OY રેખા પર ખર્ચ અને સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચની રેખાઓ દર્શાવી છે. આકૃતિનો અભ્યાસ કરતાં નીચેનાં તારણો તારવી શકાય :

(1) શરૂઆતના ઉત્પાદન સમયે સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચમાં ઘટાડો થાય છે. આ સમયે સીમાંત ખર્ચની રેખા સરેરાશ ખર્ચની રેખાની નીચે આવેલી હોય છે.

(2) જ્યારે સરેરાશ ખર્ચ વધે છે ત્યારે સીમાંત ખર્ચમાં પણ વધારો થાય છે. ત્યારે સીમાંત ખર્ચની રેખા સરેરાશ રેખાની ઉપર હોય છે.

(3) જ્યાં બંને રેખાઓ એકબીજીને છેદે છે ત્યાં સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ સરખા થાય છે.


(4) ખર્ચની રેખાઓનો ઢાળ જોતાં કહી શકાય કે સરેરાશ ખર્ચ કરતાં સીમાંત ખર્ચમાં વધુ ઝડપથી વધારો થાય છે.

## 4.7 બજાર-સમય અને ખર્ચ રેખાઓ :

બજારના સમય દરમ્યાન પ્રથમ તો, સાધનોની સેવાઓનો જે જથ્થો પેઢીએ લઈ લીધો હોય છે તેમાં કશો ફેરફાર થઈ શકતો નથી. પેઢી તે સમય દરમિયાન કશુંયે વધારે ખરીદી કે વેચી શકતી નથી, બીજું, ઉત્પાદનની અપનાવેલી પદ્ધતિમાં પેઢી કોઈ પરિવર્તન પણ કરી શકતી નથી એટલે કે નક્કી કરેલી રીત અનુસાર જ ઉત્પાદનનાં સાધનોની સેવાઓનો ઉપયોગ થઈ શકે છે. ફક્ત જરૂર જણાય તો કોઈ એક સાધનની કે બીજાં કેટલાંક સાધનોની સેવાઓ વાપર્યા સિવાયની રાખી શકાય છે. ત્રીજું પેઢી પાસે જે ઉત્પાદનનાં-સાધનોની સેવા ઉપલબ્ધ છે તે આ સમયખંડ દરમ્યાન જ વાપરવાની છે. ટૂંકમાં, પેઢીને સાધનોની સેવાઓ અમુક સમય માટે જાણે કે ભાડાપટ્ટા (Lease) પર આપેલી ન હોય અથવા ભાડે આપવામાં આવી ન હોય તેમ માનવાનું છે.

આ સંજોગોમાં પેઢી ઉત્પાદનનાં જુદાં જુદાં સ્તરે ઉત્પાદનનાં સાધનોની સેવાઓનો ઉપયોગ કેટલા પ્રમાણમાં કરશે અથવા તો આ પેઢીનો ઉત્પાદન વિસ્તરણ પથ (Output expansion path) શું હોઈ શકે તે જાણવાની જરૂર રહે છે. આ સમજવા માટે આપણે આકૃતિ 4.8ની મદદ લઈશું.

આકૃતિ નં. 4.8 પેઢીનો ઉત્પાદન વિસ્તરણ પથ




## 4.8 ઉત્પાદન વિસ્તરણ પથ :

આકૃતિ 4.8માં ધારો કે પેઢી પાસે OJ યંત્રોની સેવાઓ અને OT શ્રમની સેવાઓ છે અને બે જ સાધનોની સેવાઓ વડે M બિંદુ આગળ તે મહત્તમ ઉત્પાદન કરી શકે છે. અહીં OTMJ લંબચોરસમાં બતાવેલા કોઈ પણ સમ ઉત્પાદન રેખા વડે દર્શાવતાં સાધનોના સંયોજનથી ઉત્પાદન કરી શકાય છે. જો $\frac{OT}{OJ}$ નું સાધન પ્રમાણ જાળવી રાખવામાં આવે તો O અને Mને જોડતી રેખા પર ઉત્પાદન વિસ્તરણ પથ આવે છે. એટલે કે, કદવિકાસના વળતરનો નિયમ ઉત્પાદનની પ્રક્રિયાને લાગુ પડે છે અને પ્રથમ કક્ષાનું એકરૂપ વિધેય (Homogenous function of first degree) હોવાથી કદ-વિકાસનું સ્થિર વળતર મળે છે. બીજી તરફ, OT સાધનની સેવાઓને સ્થાયી રાખીને OJ સાધનની સેવાઓનો જુદા જુદા જથ્થામાં ઉપયોગ કરવામાં આવે અથવા તો OJ સાધનની સેવાઓને સ્થાયી રાખી OT સાધનની સેવાઓ વાપરવામાં પેઢીની ખર્ચ રેખાઓ આવે તો પ્રમાણ ફેરફારનો અથવા ઘટતી પેદાશના દરનો નિયમ અમલી બને છે અને તે વખતે ઉત્પાદન વિસ્તરણ પથ JM અથવા TM રેખાઓ પર રહે છે. સાધનોની સેવાઓમાં $\frac{OT}{OJ}$નું પ્રમાણ જાળવી રાખવામાં ન આવે તો કદ-વિકાસના વળતરનો નિયમ તેમ જે પ્રમાણ ફેરફારના નિયમો એમ એકબીજામાં સમાઈ જાય છે. એનો અર્થ એ કે M સિવાયના કોઈ પણ ઉત્પાદન માટે પેઢી પાસે બંનેમાંથી એક અથવા બંને સાધનોનો કેટલોક ભાગ વપરાયા વિનાનો રહે છે. એટલે કે, આ બંને સાધનોમાંથી એક અથવા બંને-વપરાયા વિનાનાં રહે છે. હવે બંનેમાંથી ક્યું સાધન વપરાયા સિવાયનું રહે અને તેનો કેટલો ભાગ વપરાયા વિનાનો રહે એ બંને બાબતો પેઢીએ નક્કી કરવાની હોય છે. આ સમયે સાધનોની સેવાઓને મેળવવા (Acquisition)નો સવાલ રહેતો નથી પણ તેના વપરાશનો સવાલ રહે છે, જે બાબત પેઢીએ નક્કી કરવાની હોય છે. ટૂંકમાં, બજાર-સમયમાં મહત્તમ ઉત્પાદન તો બન્ને સાધનોના ઉપયોગથી જ મેળવી શકાય છે. પરંતુ, મહત્તમ ઉત્પાદન સિવાયનું ઉત્પાદન-બન્ને સાધનોમાંથી એક અથવા બંનેના કેટલાક ભાગને વપરાયા સિવાયનો રાખીને મેળવી શકાય છે, એટલા માટે પેઢીએ બંને પૂરેપૂરા વાપરવાં કે બન્નેમાંથી કોઈ એકનો પૂરેપૂરો ઉપયોગ ન કરવો કે બંનેનો કેટકેટલો હીસ્સો વાપરવો તે નક્કી કરવાનું હોય છે.

## 4.9 જુદી જુદી ખર્ચ રેખાઓ :


જો આ સમય દરમિયાન પેઢી પાસે જે સ્થાયી સાધનો હોય અને તેને ઓછાં-વત્તાં વાપરવાથી જે ખર્ચ કરવો પડે છે (કે જેને User Cost નામે ઓળખાય છે) તે ખર્ચ કરવાનો ન હોય તો પેઢીમાં સ્થાયી ખર્ચ જ રહે છે, એટલે કે કુલ ખર્ચ અને સ્થાયી ખર્ચ બંને સરખાં થાય છે. એટલે કે સરેરાશ સ્થાયી ખર્ચ AFC (Average Fixed Cost) અને સરેરાશ કુલ ખર્ચ ATC (Average Total Cost) સરખાં થાય છે. જો ખર્ચ રેખાઓને આકૃતિમાં બતાવવાની હોય તો સ્થાયી ખર્ચ અને કુલ ખર્ચની રેખાઓ M ઉત્પાદન સુધી આડી (Horizontal) આવે છે. સરેરાશ કુલ ખર્ચ અને સરેરાશ સ્થાયી ખર્ચની મૂલ્યસાપેક્ષતા એકમ (Unitary) થાય છે અથવા સ્થિર ખર્ચ (Constant Outlay) ની રેખા થાય છે કે જે અતિ વલય (Rectangular Hyperbola) ના સ્વરૂપે દર્શાવી શકાય છે. M ઉત્પાદન સુધી ગમે તે ઉત્પાદન કરીએ તો પણ કુલ ખર્ચ તો એક સરખું જ રહે છે જે બાબતને આકૃતિમાં 4.9 બતાવેલ છે. ટૂંકમાં, આ સંજોગોમાં ખર્ચ અને ઉત્પાદનને કશો સંબંધ રહેતો નથી.

આકૃતિ નં.4.9 જુદી જુદી ખર્ચ રેખાઓ





હવે જો આ પેઢી જ્યારે સાધન વપરાયા સિવાયનું રાખે અથવા વધારે કે ઓછા પ્રમાણમાં વાપરે ત્યારે તેને વાપરનારનું ખર્ચ (User cost) કરવું પડે છે અને જો તેમ હોય તો ખર્ચ અને ઉત્પાદનને સબંધ રહે છે. જો સાધનોની બજાર કિમંત આપેલી હોય અને તે બદલાયા વિનાની રહે તેમ માનવામાં આવે તો સ્પષ્ટ રીતનો ઉત્પાદન વિસ્તરણ પથ દોરી શકાય છે. બન્ને સાધનોની બજાર કિંમત વચ્ચેનું પ્રમાણ જો FN રેખાને બજેટ રેખા કે સમ ખર્ચ રેખા તરીકે ગણી શકાય. કારણ કે બન્નેની કિમતો બદલાતી નથી. જે બિંદુ આગળ બજેટ રેખા FN સમ ઉત્પાદનની રેખાને સ્પર્શક થાય છે તે ઉત્પાદન વિસ્તરણપથ થયો ગણાય. આકૃતિ 4.10માં આ રીતેનો ઉત્પાદન વિસ્તરણપથ OU રેખા તરીકે બતાવ્યો છે જે કદવિકાસની પેદાશનો નિયમ અનુસરે છે. અને U થી M સુધીનું ઉત્પાદન પ્રમાણ ફેરફારના નિયમને અનુસરશે.

આકૃતિ નં.4.10 ઉત્પાદન વિસ્તરણ પથ





જો ઉત્પાદનનો વધારો ઘટાડો થતાં બંને સાધનોની કિંમતના પ્રમાણમાં ફેરફાર થાય તો આ ઉત્પાદન વિસ્તરણ પથ સુરેખ (Linear) રહે નહીં. આ સમયે ઉત્પાદન વિધેય (Production function) ભલે સુરેખ (Linear) હોય પણ FNના ખર્ચની બજેટરેખા જુદો ઢાળ બતાવે અને તેમના સ્પર્શક બિંદુઓ સીધી રેખામાં નહીં પણ વક્ર રેખાના રૂપમાં આવે છે. ઉપરાંત, આ કિસ્સામાં વપરાશનું ખર્ચ ધન હોવાથી ઉત્પાદન બદલાય ત્યારે કુલ ખર્ચ વધે ઘટે છે, તેને કારણે અસ્થાયી ખર્ચ શરૂ થાય છે પરિણામે AFC અને ATC એ બે રેખાઓ એક રહેતી નથી, જે બાબત ખર્ચની રેખાઓ મારફતે આકૃતિ 4.11માં બતાવી શકાય છે.

આકૃતિ નં.4.11 અસ્થાયી ખર્ચ




કે જેમાં OU ઉત્પાદન સુધી ફક્ત વપરાશના ખર્ચને કારણે જે અસ્થાયી ખર્ચ વધે છે તે જ બતાવવામાં આવ્યું છે. ત્યારબાદ U થી M ઉત્પાદન સુધી તે એકદમ વધે છે જે વધારો શ્રમના વપરાશને કારણે થાય છે. હવે જો સ્થાયીખર્ચ દાખલ કરવામાં આવે તો આકૃતિ 4.11માં ફેરફાર થાય છે અને તે નીચેની આકૃતિ 4.12 મુજબ જોવા મળે છે, જેમાં બદલાયા સિવાયનું સ્થાયી ખર્ચ બતાવવામાં આવ્યું છે.


આકૃતિ નં.4.12 અસ્થાયી અને સ્થાયી ખર્ચ




આકૃતિ 4.11 અને આકૃતિ 4.12 અને આકૃતિ 4.9 પરથી સીમાંત અને સરેરાશ ખર્ચની રેખાઓ દોરી શકાય છે જે આકૃતિ 4.13માં સ્પષ્ટ રીતે બતાવવામાં આવેલ છે, જેમાં OU ઉત્પાદન સુધી સીમાંત ખર્ચ અને સરેરાશ અસ્થાયી ખર્ચ સરખા રહે છે અને ત્યારબાદ સીમાંત ખર્ચ એકદમ વધે છે જ્યારે સરેરાશ અસ્થાયી ખર્ચ AVC ધીમે ધીમે વધે છે સીમાંતખર્ચની રેખા સરેરાશ કુલ ખર્ચની રેખાને તેના લઘુતમ બિંદુ આગળ કાપે છે.

ટૂંકમાં જો વપરાશનું ખર્ચ શૂન્ય હોય તો પેઢીનું સ્થાયી ખર્ચ અને કુલ ખર્ચ બદલાયા વિનાના રહે છે અને તે બંને સરખા રહે છે, જે બાબત અગાઉ આકૃતિ 4.9માં બતાવેલ છે. અહીં ખર્ચ અને ઉત્પાદનને કશો સંબંધ રહેતો નથી સીમાંત ખર્ચ અને અસ્થાયી ખર્ચ બન્ને શૂન્ય રહે છે, જ્યારે વપરાશનું ખર્ચ ધન હોય ત્યારે ઉત્પાદન વિધેય અને વપરાશનું ખર્ચ ક્યા પ્રકારનાં છે તે પર ખર્ચની રેખાઓ કેવા પ્રકારની હશે તેનો આધાર રહે છે.

આકૃતિ નં.4.13 વિવિધ ખર્ચ રેખાઓ




જો વપરાશનું ખર્ચ ઘન હોય અને ઉત્પાદનનું વિધેય સમરૂપ અને (Linear) હોય, પરંતુ ઘટતા દરના ઉત્પાદનના નિયમ મુજબ હોય, અને સાધનોની સેવાઓની કીમત એકસરખી રહેતી હોય તો ખર્ચની રેખાઓ અગાઉ આકૃતિ 4.12માં બતાવ્યા મુજબની રહેશે.

જો વપરાશનું ખર્ચ ઘન હોય અને ઉત્પાદનનાં સાધનોની સેવાઓની કિમંત જેમ ઉત્પાદન વધે તેમ એકમ દીઠ વધે એમ હોય તો સીમાંતખર્ચ અને સરેરાશ ખર્ચ જેમ ઉત્પાદન વધે તેમ વધે છે. સીમાંત ખર્ચ તો સરેરાશ અસ્થાયી ખર્ચ કરતાં પણ વધારે હોય છે. કોઈ પણ ઠેકાણે તેઓ સરખા દરના રહેશે નહીં. U થી M ઉત્પાદનની વચ્ચે તો એનો વધારો એકદમ થશે અને સરેરાશ કુલ ખર્ચ પણ ઝડપથી વધવા માંડશે અને જો સરેરાશ કુલ ખર્ચની રેખા આ વખતે નીચે જતી હશે તો તે ખૂબ જ ધીમી પડી જશે. જે આકૃતિ 4.13માં બતાવવામાં આવેલ છે.

## 4.10 ટુંકો-ગાળો (Short-run) અને ખર્ચ રેખાઓ :

ટૂંકા સમય દરમ્યાન પેઢીનો ઉત્પાદન વિસ્તરણ પથ કેવા પ્રકારનો હશે અને ખર્ચની રેખાઓ કેવી હશે તે જાણવાનો પ્રયત્ન કરીએ. આપણે બજાર સમયમાં જે અનુમાનો કર્યા હતા તે અનુમાનોમાં ટુંકાગાળા માટે એક મહત્વનો ફેરફાર કરવાનો રહેશે. જે સાધનોની સેવાઓનો પેઢી ઉપયોગ કરે છે તેમાંથી ઓછામાં ઓછી એક સાધનની સેવા આપણે છૂટથી ખરીદી શકીએ અને તેનો ઉપયોગ વધારી-ઘટાડી શકીએ છીએ તેમ અહીં માનવાનું જરૂરી છે. તદુપરાંત બધાં સાધનોમાંથી ઓછામાં ઓછા એક સાધનની સેવા એવી છે કે, તે સ્થાયી જ રહે છે. એટલે કે પેઢી ઓછામાં ઓછા એક સાધનની સેવાની ખરીદી વધારી-ઘટાડી શકે છે, અને ઓછામાં ઓછા એક સાધનની સેવાની ખરીદી સ્થાયી રાખે છે. જો કે તેનો ઉપયોગ કરવો કે નહીં તે વિષે તો પેઢીએ નિર્ણય કરવાનો રહે છે. અન્ય તમામ બાબતો અગાઉ બજાર-સમય દરમિયાન જે બાબતોની ચર્ચા કરી હતી તેની માફક જ રહે છે.

અગાઉ આકૃતિ 4.8માં આપ્યા મુજબ ધારો કે, OY એ મૂડીની સેવાઓ છે કે, જે સ્થાયી છે અને શ્રમની સેવાઓ OT વધારી-ઘટાડી શકાય તેમ છે. આ સંજોગોમાં ઉત્પાદન વિસ્તરણપથ OP રેખા પર જશે. P પછી તે P અને Mને જોડતી રેખા પર જશે. OP સુધી ઉત્પાદનના કદવિકાસના વળતરના નિયમ મુજબ રહેશે. કારણ કે મૂડીની સેવાઓ વધારી શકાશે નહીં, જ્યારે

શ્રમની સેવાઓમાં વૃદ્ધિ થઈ શકશે. અહીં સૌથી વધુ ઉત્પાદન જ્યારે શ્રમની સીમાન્ત પેદાશ શૂન્ય થાય ત્યારે થશે. જે P બિન્દુ આગળ બતાવી શકાય. (આકૃતિ 4.8) અગાઉ બજાર-સમય દરમ્યાન મહત્તમ ઉત્પાદન M બિન્દુ સુધી થતું હતું જે હવે ટૂંકાગાળામાં $M_1$ સુધી થઈ શકશે.

આ સમયે પેઢીએ ઉત્પાદનના દરેક સ્તરે સાધનોના સંયોજનને ક્ષમતાપૂર્વકનું કરવું પડે છે. એટલે કે ન્યૂનતમ ખર્ચ સંયોજન (Least Cost Combination) ના નિયમનો અમલ કરવો પડે છે. જો N ઉત્પાદન મેળવવું હોય તે OK મૂડીની સેવાઓ વાપરી શકાય અને KY સેવાઓ વપરાયા સિવાયની રહે. આ વખતે OV શ્રમની સેવાઓ પણ વાપરવી પડે છે. જો ઉત્પાદન P આગળ કરવાનું હોય તો બધી જ મૂડીની સેવાઓ એટલે PS યંત્રોની સેવાઓ અને OS શ્રમની સેવાઓ વાપરવી પડે છે. ત્યારબાદ જો ઉત્પાદન વધારવાનું હોય તો ફક્ત શ્રમની વધુ સેવાઓ વાપરવાનું જરૂરી થાય છે. તે વખતે મૂડીની સેવાઓ સ્થાયી રહશે. OP સુધી મૂડીની સેવાઓનો કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો તે પેઢી વિચારી શકે છે. પરંતુ, P બિન્દુ બાદ ઉત્પાદન વધે ત્યારે આવો કોઈ વિચાર કરવાનો રહેતો નથી.

જો X = f (a,b) એ ઉત્પાદન વિધય હોય જેમાં a, અસ્થાયી સાધન અને b, સ્થાયી સાધન હોય તેમ જ કદ - વિકાસના વળતરનો નિયમ લાગુ પડતો હોય તો op ઉત્પાદન સુધી નીચેનું સમીકરણ મૂકી શકાય.

$$dx = \frac{\delta x}{OJ} da + \frac{\delta x}{OJ} d\, b$$ થાય... II

જો કદ-વિકાસનું વળતર સ્થિર હોય તો,

$$X = a\frac{\delta x}{\delta a} + b\,\frac{\delta x}{\delta a}$$ થાય...III

જો સમીકરણ II ને daથી ભાગવા dxમાં આવે તો,

$$\frac{\delta x}{\delta a} = \frac{\delta x}{\delta a} + \frac{\delta x}{\delta a}\,\frac{db}{da}$$ થાય...IV

જેમાં $\frac{\delta x}{\delta a}$,aની સીમાન્ત પેદાશ બતાવે છે. આ વખતે bની સીમાંત પેદાશ

શૂન્ય થાય એટલે કે $\frac{\delta a}{\delta b}$ શૂન્ય થાય તો,

$$\frac{x}{a} = \frac{\delta x}{\delta a}$$ થાય....VS

$\therefore$ સરેરાશ પેદાશ = સીમાંત પેદાશ

$\frac{x}{a}$ સૌથી વધુ હોય ત્યાં મહત્તમ ઉત્પાદન થશે.

ટૂંકમાં, OP રેખા પર મૂડીની સેવાઓની સીમાન્ત પેદાશ શૂન્ય હશે. શ્રમની સીમાન્ત અને સરેરાશ પેદાશ સરખા હશે અને એકસરખી રહેશે. P બાદ જ્યારે PM રેખા પર ઉત્પાદન વિસ્તરણ પથ જાય ત્યારે db શૂન્ય હશે.


તેથી $dx = \frac{dx}{da} da$ થશે..

P ઉત્પાદન બાદ PM રેખા પર bની સીમાન્ત પેદાશ વધશે, શ્રમની સીમાન્ત પેદાશ ઘટશે અને જ્યારે શ્રમની સીમાન્ત પેદાશ શૂન્ય થશે ત્યારે મૂડીની સેવાઓની સરેરાશ અને સીમાન્ત પેદાશ સરખી થશે, જ્યાં સરેરાશ પેદાશ મહત્તમ હશે.

અત્યાર સુધી ટૂંકા ગાળા વિષેની ચર્ચા દરમ્યાન એક સાધનની સેવા સ્થાયી ગણવામાં આવતી અને તેની, ખરીદી અને વપરાશમાં ફેરફાર ન થઈ શકે એમ માનવામાં આવતું. જો કે આ રીતનું અનુમાન વાસ્તવિક ન હતું, કારણ કે પેઢી પાસે સાધન હોય તો પણ તેની સેવા લેવાનું બંધ કરી શકે છે અને તે માટે તે સાધનના ગમે એટલા ભાગની સેવા લેવાનું બંધ કરી શકે એમ હોય છે, પછી ભલે તે સાધનની ખરીદી થઈ ગઈ હોય. પરંતુ પ્રણાલિકાગત અનુમાનથી કદવિકાસ વળતરના અને પ્રમાણ ફેરફારના વળતરના એ બંને નિયમો અલગ કરી શકાતા હતા. લાંબાગાળા માટે બધા જ સાધનોની સેવામાં ફેરફાર થઈ શકે તેવું અનુમાન કરીને, ટૂંકાગાળામાં પ્રમાણ ફેરફારના વળતરના નિયમો લગાડવા અને લાંબાગાળામાં કદ-વિકાસના વળતર નિયમો લાગુ પાડવાનું અનુકૂળ જણાતું હતું.


આ રીતે પ્રણાલિકાગત અનુમાનથી ટૂંકાગાળામાં પ્રમાણ ફેરફારના વળતરનો ભાગ જ ચર્ચામાં આવતો, જો મૂડીની સેવાઓ ખરીદેલી હોય અને ઉપયોગ પણ વધુ-ઓછો કરી શકાય તેમ ન હોય તો ઉત્પાદન વિસ્તરણપથ પણ OPUM (આકૃતિ 4.10) રેખા પર જ રહે અને ખર્ચની રેખાઓ ઉપરની આકૃતિ 4.14 પ્રમાણે થાય. વળી, આકૃતિ 4.15માં A અને C વિભાગમાં કુલ ઉત્પાદનને, સરેરાશ અને સીમાંત પેદાશમાં બતાવવામાં આવેલ છે અને તેવી રીતે આકૃતિના B અને D વિભાગમાં સરેરાશ અને સીમાંત પેદાશને સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચમાં બતાવેલ છે.

આકૃતિ નં.4.14 ટૂંકાગાળામાં ખર્ચરેખાઓ




હવે એમ માનો કે સ્થાયી સાધનોની ખરીદી થઈ ગઈ હોય પરંતુ તેનો વપરાશ નિયત ન હોય તો તે ઓછી સંખ્યામાં પણ વાપરી શકાય. અને જો એમ કરવાથી ઉત્પાદન વધારી શકાય તેમ હોય તો તે વાત આપણે હવે ધ્યાનમાં લેવી જોઈએ.

આકૃતિ નં.4.15 વિવિધ ખર્ચ રેખાઓ




આ પરિસ્થિતિમાં વપરાશનું ખર્ચ ન હોય અને પેઢી માટે ટૂંકાગાળાની સ્થિતિ હોય તો ઉત્પાદન વિસ્તરણ પથ O, P, U, M પર રહે છે. OY મૂડીની સેવાઓ OP સુધી મફત હોય છે. એટલે સમખર્ચ રેખાઓ આડી-સમાન્તર રેખામાં (Horizontal) રહે છે. જો અસ્થાયી સેવાની કીમત એક સરખી રહે તો સરેરાશ ખર્ચ અને સીમાન્ત ખર્ચ પણ સરખાં રહે છે અને જો કદવિકાસના વળતરનો સ્થિર નિયમ રહે તો સરખાં રહે છે. જેમ બજાર સમયમાં M ઉત્પાદન પર આવતાં અટકી જવાનું એમ અહીં થતું નથી. પણ તે શ્રમની સીમાન્ત પેદાશ શૂન્ય થાય એટલે કે M' સુધી જાય છે. ટૂંકમાં તે ખર્ચની રેખાઓ M'' ઉત્પાદન સુધી જાય છે અને તે આકૃતિ 4.15 મુજબની રહે છે. જો અસ્થાયી સાધનનું ખર્ચ +ve મૂકવામાં આવે તો આ બધી ખર્ચની રેખાઓ ઉપરની બાજુએ ખસે છે. જો વપરાશનું ખર્ચ મૂકવામાં આવે તો બજાર સમયના જેવી ખર્ચની રેખાઓ થઈ જાય છે.

## 4.11 તમારી પ્રગતિ ચકાસો

### (ક) લાંબા પ્રશ્નો

(1) સરેરાશ ખર્ચને વિસ્તૃત રીતે સમજાવો.

(2) સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચની સમજૂતી આપો.

(3) જુદી જુદી ખર્ચ રેખાઓની સમજૂતી તમારા શબ્દોમાં સમજાવો.

(4) ટૂંકો ગાળો અને ખર્ચ રેખાઓની સમજૂતી આપો.

**(ખ) ટૂંકા પ્રશ્નો**

(1) પેઢીના ખર્ચના ખ્યાલોની ટૂંકમાં સમજૂતી આપો.

(2) વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ ઉદાહરણ સહિત સમજાવો.

(3) વાસ્તવિક ખર્ચ અને નાણાકીય ખર્ચ પર નોંધ લખો.

(4) સરેરાશ અને સીમાંત ખર્ચના આંતર સબંધો સમજાવો.

(5) ઉત્પાદન વિસ્તરણ પથ.

**(ગ) ટૂંકનોંધની યાદી**

(1) સરેરાશ સ્થિર ખર્ચ અને સરેરાશ અસ્થિર ખર્ચ

(2) સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ

(3) ઉત્પાદન વિસ્તરણ પથ ઉપર સુરેખ રેખા

**(ઘ) બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)**

(1) બધા ખર્ચા કયા ગાળામાં પરિવર્તનશીલ હોય છે ?

(A) ટૂંકા (B) લાંબા

(C) મધ્યમ (D) બધા સમયગાળામાં

(2) ટૂંકાગાળામાં કયો ખર્ચ ઉત્પાદન સાથે બદલાતો નથી ?

(A) કુલ ખર્ચ (B) કુલ સ્થિર ખર્ચ

(C) કુલ અસ્થિર ખર્ચ (D) સીમાંત ખર્ચ

(3) કુલ અસ્થિર ખર્ચ રેખા............ ઢાળની હોય છે.

(A) ધન ઢાળની હોય છે.

(B) ઋણ ઢાળની હોય છે.

(C) ઊભી ધરીને સમાંતર હોય છે.

(D) આડી ધરીને સમાંતર હોય છે.

(4) સીમાંત ખર્ચ એટલે.................

(A) પ્રથમ એકમનો ખર્ચ (B) છેલ્લા એકમનો ખર્ચ

(C) વધારાના એકમનો ખર્ચ (D) મધ્યમ એકમનો ખર્ચ

(5) સરેરાશ ખર્ચની સરખામણીમાં સીમાંત ખર્ચ –

(A) વધુ ઝડપથી બદલાય છે

(B) ઓછી ઝડપથી બદલાય છે

(C) સરખી ઝડપથી બદલાય છે

(D) લઘુતમ ઝડપથી બદલાય છે

(6) સી.ખ. = સ.ખ. હોય ત્યારે કયો ખર્ચ લઘુતમ હોય છે ?

(A) કુલ ખર્ચ (B) સરેરાશ ખર્ચ

(C) સીમાંત ખર્ચ (D) સરેરાશ સ્થિર ખર્ચ

(7) ટૂંકાગાળામાં કઈ ખર્ચ રેખા ક્ષિતિજને સમાંતર હોય છે ?

(A) કુલ ખર્ચ રેખા (B) કુલ અસ્થિર ખર્ચ રેખા

(C) કુલ સ્થિર ખર્ચ રેખા (D) સીમાંત ખર્ચ રેખા

(8) સરેરાશ સ્થિર ખર્ચ + સરેરાશ અસ્થિર ખર્ચ =

(A) કુલ ખર્ચ (B) સરેરાશ ખર્ચ

(C) સીમાંત ખર્ચ (D) કુલ સ્થિર ખર્ચ

(9) ટૂંકાગાળામાં ઉત્પાદન વધે તેમ સતત ઘટતો ખર્ચ -

(A) સરેરાશ સ્થિર ખર્ચ (B) સરેરાશ અસ્થિર ખર્ચ

(C) સરેરાશ ખર્ચ (D) સીમાંત ખર્ચ

(10) કુલ ખર્ચ + કુલ ઉત્પાદન =........

(A) સીમાંત ખર્ચ (B) સરેરાશ સ્થિરખર્ચ

(C) સરેરાશ અસ્થિર ખર્ચ (D) સરેરાશ ખર્ચ

(11) સરેરાશ ખર્ચમાંથી સરેરાશ અસ્થિર ખર્ચ બાદ કરવામાં આવે તો શું મળે છે :

(A) સીમાંત ખર્ચ (B) સરેરાશ ખર્ચ

(C) સરેરાશ સ્થિર ખર્ચ (D) કુલ ખર્ચ

(12) ટૂંકાગાળામાં ઉત્પાદન શૂન્ય હોય તો પણ કયો ખર્ચ ધન હોય છે ?

(A) સીમાંત ખર્ચ (B) સરેરાશ ખર્ચ

(C) સ્થિર ખર્ચ (D) અસ્થિર ખર્ચ

(13) ઉત્પાદન શૂન્ય હોય ત્યારે કયો ખર્ચ શૂન્ય હોય છે ?

(A) સીમાંત ખર્ચ (B) સરેરાશ ખર્ચ

(C) સ્થિર ખર્ચ (D) અસ્થિર ખર્ચ

(14) સરેરાશખર્ચથી સીમાંત ખર્ચ ઓછો હોય તો ઉત્પાદન વધતાં સરેરાશ ખર્ચ .......

(A) વધે છે (B) ઘટે છે

(C) સ્થિર રહે છે (D) મહત્તમ હોય છે.

(15) વધારાના એકમના ઉત્પાદનના પરિણામે કુલ ખર્ચમાં થતો વધારો ક્યા નામથી ઓળખાય છે ?

(A) સરેરાશ ખર્ચ (B) સીમાંત ખર્ચ

(C) સરેરાશ સ્થિર ખર્ચ (D) સરેરાશ અસ્થિર ખર્ચ

(16) કાયમી સ્ટાફનું વેતન -

(A) પરિવર્તનશીલ ખર્ચ છે (B) અપરિવર્તનશીલ ખર્ચ છે

(C) વાસ્તવિક ખર્ચ (D) વૈકલ્પિક ખર્ચ છે

(17) ટૂંકા ગાળામાં કઈ ખર્ચ રેખા ................. આકારની હોઈ શકે નહીં ?

(A) સરેરાશ સ્થિર ખર્ચ રેખા(B) સરેરાશ અસ્થિર ખર્ચ રેખા

(C) સીમાંત ખર્ચ રેખા (D) સરેરાશ ખર્ચ રેખા

(18) ટૂંકા ગાળામાં નીચેનામાંથી ક્યો ખર્ચ અસ્થિર ખર્ચ છે ?

(A) જમીનનું ભાડું (B) બૅંક્લોનનું વ્યાજ

(C) કાયમી સ્ટાફનું વેતન (D) કાચા માલનો ખર્ચ

(19) કઈ ખર્ચરેખા આયોજન રેખા કહેવાય છે ?

(A) લાંબાગાળાની સ.ખ. રેખા

(B) લાંબા ગાળાની સી.ખ. રેખા

(C) ટૂંકાગાળાની સ.ખ. રેખા

(D) ટૂંકાગાળાની સી.ખ. રેખા

(20) ટૂંકાગાળામાં નીચેનામાંથી ક્યા ખર્ચને સીમાંત ખર્ચ સાથે સૌથી વધુ ગાઢ સબંધ છે ?

(A) સ્થિર ખર્ચ (B) સરેરાશ સ્થિર ખર્ચ

(C) કુલ ખર્ચ (D) અસ્થિર ખર્ચ

(21) ક્યું વિધાન સાચું છે ?

(A) ઉત્પાદન સાથે સ.ખ. વધે તો સી.ખ. વધે છે.

(B) સ.ખ. વધે છે ત્યારે સી.ખ. ઘટે છે.

(C) સી.ખ. જો સ.ખ. થી વધુ હોય તો ઉત્પાદન વધતાં સ.ખ. વધે છે.

(D) સ.ખ. વધે છે ત્યારે સી.ખ. શૂન્ય હોય છે.

(22) ક્યું સમીકરણ સાચું છે ?

(A) AVC = AFC – TVC (B) AVC = AFC + TVC

(C) AFC =ATC – AVC (D) AFC =ATC + AVC

(23) સરેરાશ સ્થિરખર્ચ મેળવવાનું સૂત્ર

(A) કુલ ખર્ચ ÷ કુલ ઉત્પાદન

(B) કુલ સ્થિર ખર્ચ ÷ કુલ ઉત્પાદન

(C) કુલ અસ્થિર ખર્ચ ÷ કુલ ઉત્પાદન

(D) સરેરાશ અસ્થિર ખર્ચ ÷ સરેરાશ ખર્ચ

❖ **સંદર્ભગ્રંથ**


(1) S. P.Kapoor & D. D. Mehta, (1965), “Economics” Price, Incom & Development, Published by Ram Prasad & Sons, Agra-3

(2) K.P.M Sundharam & M. C. Vaish, (1979), “Principales of Economics”, Published by Vikas Publishing House Pvt. Ltd. U.P

(3) https://www.selfstudys.com/sitepdfs/sGkSS6iumoRVxf7ffu8w

(૪) પ્રા. આર. કે. અમીન, (200), ‘‘મુલ્યોના સિદ્ધાંતો’’, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ, બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6


❖ **બહુવિકલ્પીય પ્રશ્નો ઉતર :**

1. (B) લાંબા
2. (B) કુલ સ્થિર ખર્ચ
3. (A) ધન ઢાળની હોય છે.

14. (B) ઘટે છે
15. (B) સીમાંત ખર્ચ
16. (B) અપરિવર્તનશીલ ખર્ચ છે

4. (C) વધારાના એકમનો ખર્ચ
5. (A) વધુ ઝડપથી બદલાય છે.
6. (C) સીમાંત ખર્ચ
7. (C) કુલ સ્થિર ખર્ચ રેખા
8. (B) સરેરાશ ખર્ચ
9. (B) સરેરાશ ખર્ચ
10. (D) સરેરાશ ખર્ચ
11. (C) સરેરાશ સ્થિર ખર્ચ
12. (C) સ્થિર ખર્ચ
13. (D) અસ્થિર ખર્ચ
17. (A) સરેરાશ સ્થિર ખર્ચ રેખા
18. (D) કાચા માલનો ખર્ચ
19. (B) લાંબાગાળાની સી.ખ. રેખા
20. (D) અસ્થિર ખર્ચ
21. (A) ઉત્પાદન સાથે સ.ખ. વધે તો સી.ખ. વધે છે.
22. (C) AFC =ATC – AVC
23. (B) કુલ સ્થિર ખર્ચ + કુલ ઉત્પાદન

****************

# એકમ: 5
# સ્થાનીયકરણ

## ❖ રૂપરેખા :

5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 સ્થાનીયકરણનો અર્થ

5.3 સ્થાનીયકરણને અસર કરતા પરિબળો

5.4 આલ્ફ્રેડ વેબરનો સ્થાન પસંદગીનો સિદ્ધાંત

5.5 ચાવીરૂપ શબ્દો

5.6 તમારી પ્રગતિ ચકાસો

➢ સંદર્ભસૂચિ

➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 5.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

➢ સ્થાનીયકરણનો અર્થ સમજી તેની ચર્ચા કરી શકશો.

➢ સ્થાનીયકરણને અસર કરતાં પરિબળો સમજી શકાય.

➢ આલ્ફ્રેડ વેબરનો સ્થાન પસંદગીનો સિદ્ધાંત સમજાવી શકશો.

## 5.1 પ્રસ્તાવના :

કોઈપણ ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે સ્થાન હોવું અનિવાર્ય છે. ઔદ્યોગિક એકમની સ્થાપના ક્યાં કરવી તે પ્રશ્ન ઔદ્યોગિક અર્થશાસ્ત્રના વિષયમાં ઘણું મહત્ત્વ ધરાવે છે. કારણ કે ઔદ્યોગિક પ્રવૃત્તિ ઉત્પાદન ખર્ચ પર અસર જન્માવે છે. ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે સ્થળ અંગેનો નિર્ણય સૌપ્રથમ કરવો પડે છે. કારણ કે, કેટલું ઉત્પાદન કરવું તથા ઉત્પાદનમાં કઈ પદ્ધતિ અપનાવવી. તે બન્ને નિર્ણયો સ્થળ સાથે સંકળાયેલા છે. ઉત્પાદનની પ્રવૃત્તિના મુખ્ય ત્રણ તબક્કાઓ છે.

(1) ઉત્પાદનનાં સાધનોનું એકત્રીકરણ

(2) ઉત્પાદનની પ્રક્રિયા અને

(3) ઉત્પાદિત ચીજવસ્તુની વહેંચણી

ઉત્પાદનની પ્રવૃત્તિના પ્રથમ તબક્કામાં, ઉત્પાદન માટે જરૂરી સાધનો જેવાં કે, કાચો માલ, શ્રમ, યંત્રો ચલાવવા માટે જરૂરી ઉર્જા-શક્તિ, વગેરે એકત્ર કરવા પડે છે અને આ સાધનો જે સ્થળે ઉત્પાદન કરવાનું હોય ત્યાં લાવવાં પડે છે. બીજા તબક્કામાં ઉત્પાદનનાં વિભિન્ન સાધનોનો ઉપયોગ કરીને તેમાંથી જે તે ચીજવસ્તુ તૈયાર કરવાની પ્રક્રિયા થાય છે. અને ત્રીજા તબક્કામાં, ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓને બજારમાં તેના

ગ્રાહકો સુધી પહોંચાડવાનું કાર્ય થાય છે. ઉત્પાદનની પ્રક્રિયામાં આ ત્રણ તબક્કાઓનો સમાવેશ કરી શકાય.

## 5.2 સ્થાનીયકરણનો અર્થ :

સ્થાનીયકરણ એટલે કે, ''શા માટે કોઈ એક ઉદ્યોગનો વિકાસ કોઈ એક સ્થળે કેન્દ્રિત થાય છે તે બાબતને સ્થાનીયકરણ કહેવામાં આવે છે.''

➢ ''ઉદ્યોગની સ્થાપના, સ્થળની પસંદગી, અમુક ચોક્કસ ઉદ્યોગો અમુક વિસ્તારોમાં સ્થપાય છે અને વિકસે છે. આથી તે વિસ્તારોમાં ઉદ્યોગોનું સ્થાનીયકરણ થયું એમ કહેવાય.''

## 5.3 સ્થાનીયકરણને અસર કરતાં પરિબળો :

ઔદ્યોગિક સ્થાનીયકરણને અસર કરતાં અનેક પ્રકારના પરિબળો વિષેની સમજ સ્થાનીયકરણનો પ્રશ્ન સમજવામાં મદદરૂપ છે. આર્થિક, ઐતિહાસિક, ભૌગોલિક, ટેકનિકલ વગેરે જેવા વિભિન્ન પરિબળો જુદી જુદી રીતે ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણમાં ભાગ ભજવે છે. આ વિભિન્ન પરિબળો સ્થાનીયકરણ પર કેવી રીતે અસર કરે છે. તે નીચે મુજબ તપાસીએ.

**5.3.1** **જમીન :-** ઔદ્યોગિક આર્થિક પ્રવૃત્તિ કરવા માટે જમીન ઉત્પાદનનું મહત્ત્વનું સાધન બની રહે છે. કોઈપણ ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે જમીનનો પ્રથમ ઉપયોગ થાય છે. અને આવશ્યક પરિબળો છે. અમુક એવા પ્રકારના ઉદ્યોગો જેમાં જમીનનો વિસ્તાર વધારે જોઈએ. જેમ કે ખાતર બનાવવાનો ઉદ્યોગ, લોખંડ અને પોલાદ બનાવવા માટે. ગાડીઓ બનાવવા માટે, ખનીજ તેલ શુદ્ધ કરવા માટેના ઉદ્યોગોમાં જમીન વધારે જોઈએ છે. આવા ઉદ્યોગમાં કાચો માલ રાખવા માટે, તૈયાર માલનો સંગ્રહ કરવા, વાહનો ઊભા કરવાં, કર્મચારી માટે રહેવાની સગવડ કરવી વગેરે હેતુઓને લઈને વધારાની જમીન રોકવી જરૂરી બને છે. જો ઉદ્યોગમાં મોટા પ્રમાણમાં જમીનની વપરાશની આવશ્યકતા હોય તો સ્વાભાવિક પણે શહેર થી દૂર ગ્રામ્ય વિસ્તારમાં જમીન સસ્તી મળી રહે. તેથી ઉદ્યોગોની સ્થાપના ત્યાં કરી શકાય. અને જ્યાં ભાવ નીચે હોય ત્યાં જ ઉદ્યોગો સ્થાપવા જોઈએ. ઉપરાંત મોટું કારખાનું નાખવાનું હોય તો સમતલ જમીન જરૂરી બને છે. અને ઉદ્યોગોને અનુકૂળ થઈ રહે.

વળી કેટલાક ઉદ્યોગો એવા હોય કે જેમને બહું જમીન જરૂર ન પડે અને તે શહેરમાં કે તેની નજીકમાં હોય તો ઉત્પાદનના સાધનો મેળવવમાં સરળ રહે અને ખર્ચ પણ ઓછો આવે એટલે આવા ઉદ્યોગો શહેરથી નજીક સ્થાપવા જોઈએ.

**5.3.2** **પાણી :-** કેટલાક ઉદ્યોગ એવા હોય છે કે, જેમાં પાણીની પ્રમાણમાં જરૂર પડતી હોય છે. આવા ઉદ્યોગો જ્યાં પણ સહેલાઈથી અને પૂરતા જથ્થામાં મળી રહેતું તે સ્થળો ઉદ્યોગના સ્થાનીયકરણ માટે પસંદ કરવામાં અને જેમ કે કાપડ ઉદ્યોગમાં રંગ કરવામાં ઘણું પાણી વપરાય તેમજ રાસાયણિક ઉદ્યોગોમાં પણ પાણીનો ઘણો વપરાશ થાય છે. આથી, આવા ઉદ્યોગો નદી કિનારે, મોટા સરોવર કે પછી જ્યાં પાણી વધારે અને સહેલાઈ મળી રહે તેવા સ્થળે સ્થાપવામાં આવે છે.

**5.3.3** **આબોહવા :-** અમુક પ્રકારના ઉદ્યોગોમાં ભેજવાળી હવા માફક આવતી હોય છે. જો કૃત્રિમ રીતે ભેજવાળું વાતાવરણ ઉપર કરવામાં આવે તો તે વધુ ખર્ચાળ બની રહે છે. જેમ કે, સુતરાઉ કાપડ માટે ભેજવાળું વાતાવરણ વધુ અનુકૂળ બની રહે તેથી તેવા ઉદ્યોગો તેવા હવામાનવાળી જગ્યાએ સ્થાન વધારે પસંદ કરવામાં આવે છે. આમ, ઉદ્યોગોને અનુકૂળ આબોહવા પણ ઉદ્યોગના સ્થાનીયકરણને અસર કરે છે.

**5.3.4** **પ્રદૂષણ :-** પર્યાવરણને નુકસાન કરતા ઔદ્યોગિક કચરો માનવ અને જીવસૃષ્ટિ માટે પણ હાનિકારક છે. તેવા ઉદ્યોગો માનવ વસવાટથી દૂર સ્થાપવા જોઈએ. ઉદ્યોગોમાં ઔદ્યોગિક કચરો ક્યાં અને કેવી રીતે નાંખવો તે પણ ઘણો મોટો છે. આવા પ્રકારના ઉદ્યોગો એવા સ્થળે નાખવા જોઈએ કે નકામો કચરો સહેલાઈથી નિકાલ કરી શકાય. ભારે રસાયણ ઉદ્યોગ, રાસાયણનિક ખાતરોનો ઉદ્યોગ, અણુશક્તિથી વીજળી પેદા કરવાનો ઉદ્યોગ, કોલસાથી ચાલતાં વીજળી ઉત્પન્ન કરવાનાં કારખાના વગેરે જેવા ઉદ્યોગો માટે ઔદ્યોગિક કચરાનો નિકાલ મહત્ત્વનો હોય છે.

વર્તમાન સમયમાં ઔદ્યોગિક કચરાથી થતા પર્યાવરણીય નુકસાન વિષેની સભાનતામાં ઘણો વધારો થયો છે. આને કારણે ઉદ્યોગોમાંથી નિકળતા ઘન કચરો અને દૂષિત વાયુ ને હાનીરહિત બનાવવાની પ્રક્રિયા માટે કાયદાઓ અને નિયમો નાખવામાં આવ્યા છે. ગંગા નદીને સ્વચ્છ બનાવવા આજુબાજુના કારખાનાઓ ઉપર સખત નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે. આથી કારખાનાઓનું ખર્ચ ઘણું વધી જાય છે. આથી ઉદ્યોગોનું સ્થાનીયકરણ માટે જીવસૃષ્ટિ અને માનવસૃષ્ટિ અને પર્યાવરણને ધ્યાનમાં રાખીને યોગ્ય જગ્યા પસંદ કરવી જોઈએ.

**5.3.5** **મૂડી :-** ઉદ્યોગોના વિકાસ, અને સ્થાપના માટે મૂડીની જરૂર પડે છે. મૂડી શબ્દ માત્ર નાણાંકીય મૂડીના અર્થમાંજ નહીં પરંતુ ઉદ્યોગોના મકાનો, યંત્રો વગેરે જેવી સ્થાયી મૂડી માટે પણ વપરાય છે. મૂડી એટલે ઉત્પાદનની પ્રક્રિયામાં ઉપયોગ કરવા માટે ખાસ બનાવવામાં આવેલી માનવ-સર્જિત વસ્તુઓ તેવો અર્થ થાય છે. મૂડી તેના આ બન્ને સ્વરૂપમાં ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણ પર અસર કરે છે. જમીનની સરખામણીમાં મૂડી ખૂબ જ ગતિશીલ સાધન છે. અને તેથી સામાન્ય રીતે મૂડી દેશના સર્વસ્થળે ઉપલબ્ધ બનાવી જોઈએ. બેંકો એ મૂડી મેળવવાનો એક મહત્ત્વનો સ્ત્રોત છે. જ્યાં બેંકિંગનો વિકાસ થયેલો હોય ત્યાં ઉદ્યોગોનો પણ વિકાસ થાય છે. ક્યા સ્થળે પોતાની ઔદ્યોગિક પ્રવૃત્તિ સ્થાપવાથી મૂડી ખર્ચ ઓછામાં ઓછું આવે તે પણ પેઢીને ધ્યાનમાં લેવું જોઈએ.

ઘણીવાર કોઈ અમુક સ્થળે સ્થાયી મૂડી સહેલાઈથી મળી શકે તેમ હોય એવા એ સ્થળ તરફ ઉદ્યોગો આકર્ષાય છે. જેમ કે કોઈ સ્થળે ઉદ્યોગો સ્થાપવા હોય ત્યાં જમીન, મકાનો, બાંધકામ તૈયાર હોય, તો ઉદ્યોગ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. ભારત દેશમાં ઉદયપુર, અને જયપુર જેવા સ્થળોએ વૈભવી હોટલો શરૂ કરવા માટે રાજાઓના મહેલોના સ્વરૂપે તૈયાર સ્થાયી મૂડીની પ્રાપ્તિને કારણે આ સ્થળોએ હોટલ ઉદ્યોગની સ્થાપના કરવાનું ખૂબ અનુકૂળ

રહેવું છે. સ્થાયી મૂડીનું નિર્માણ કરવાનું ખર્ચ પણ જુદા જુદા સ્થળે વધારે કે ઓછું આવતું હોય છે. તેથી આ ખર્ચ સ્થાનીયકરણનો મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણીવાર સરકાર પછાત વિસ્તારોમાં ઉદ્યોગો સ્થપાય તે ઉત્તેજન આપે છે. અને ઓછા વ્યાજના દરે ધિરાણ આપે સાથે સાથે મૂડી સહેલાઈથી પણ મળે છે અને મૂડી બચાવ ઓછું હોય છે. તે સ્થળ ઉદ્યોગોને આકર્ષે છે.

**5.3.6 કાચા માલ સામગ્રી :-** દરેક ઔદ્યોગિક એકમમાં કોઈને કોઈ કાચા માલસામગ્રીની જરૂર પડે છે. ઉદ્યોગો માટેનો કાચો માલ સામાન્ય રીતે બધી જ જગ્યાએ ઉપલબ્ધ હોતો નથી. આ કાચા માલ સામાન પણ ઉદ્યોગોના સ્થાનીયકરણ પર અસરો જન્માવે છે. અમુક પ્રકારનો કાચો માલ અમુક સ્થળોમાં જ જોવા મળે છે. જેમ કે, ભારત દેશમાં બંગાળ અને ઓરિસ્સા પુષ્કળ પ્રમાણમાં લોખંડની કાચી ધાતુ અને કોલસો બને છે. વળી ગોવા અને કર્ણાટકમાં લોખંડની કાચી ધાતુ ઘણા પ્રમાણમાં મળી આવે છે. ગુજરાતના કિનારા પર માછલા અને ખનીજ તેલ પુષ્કળ પ્રમાણાં મળે છે. જે ઉદ્યોગો માલ-સામગ્રી વધારે વપરાશ કરતો હશે તે ઉદ્યોગો તેવા સ્થળે સ્થપાશે. કે જે સ્થળે કાચા-માલ સામાન સહેલાઈથી મળી રહે અને ઓછા ખર્ચે મળી રહે.

આમ, ખનીજ આધારિત ઉદ્યોગો સામાન્ય રીતે જ્યાં ખનીજો મળી રહે છે ત્યાં વિકસે છે, ખેત-પેદાશો આધાર રાખતાં ઉદ્યોગ જે તે ખેત-પેદાશો જે પ્રદેશોમાં થતી હોય ત્યાં વિકસે છે, મોટાભાગની ઔદ્યોગિક પ્રવૃત્તિઓ કાચી માલ-સામગ્રી પાછળ કરવામાં આવતું ખર્ચ તે પ્રવૃત્તિ ઉત્પન્ન થતી વસ્તુના કુલ ખર્ચમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

**5.3.7 સામાજિક પરિબળો :-** ઔદ્યોગિક પ્રવૃત્તિ અને વિકાસ એ સમાજનું એક અંગ છે. ઉદ્યોગોમાં કામ કરતી દરેક વ્યક્તિ કોઈને કોઈ સમાજથી આવે છે. ભલે તે શ્રમિકો, ગ્રાહકો, શેરહોલ્ડરો, નિયોજકો કે રોકાણકાર હોય સામાન્ય રીતે પછાત વિસ્તારોમાં ઉદ્યોગો ઓછા પ્રમાણાં સ્થપાય છે. કારણ કે ત્યાં પ્રગતિશીલ સમાજ વ્યવસ્થાનો અભાવ હોય છે. મોટા મોટા શહેરો દિલ્હી, મુંબઈ, કલકત્તા, વાપી, સુરત, અમદાવાદ વગેરે જેવા શહેરોમાં ઉદ્યોગોનું સ્થાનીયકરણ જોવા મળે છે. કેમ કે, ઉદ્યોગો ને જાગૃત સમાજ અને ગ્રાહકો બન્ને તરફ તેવો આકર્ષાય છે.

**5.3.8 ઊર્જા-શક્તિ :-** તમામ ઉદ્યોગોમાં કોઈને કોઈ પ્રકારની ઊર્જા-શક્તિનો ઉપયોગ કરતા હોય છે. યંત્રો ચલાવવા ઊર્જા-શક્તિ જોઈએ. કોઈ ઉદ્યોગમાં વધારે કે ઓછી પરંતુ ઊર્જાશક્તિની જરૂર તો પડે છે. મોટા ભાગના ઉદ્યોગો વીજળી-શક્તિનો વપરાશ કરીને ઉત્પાદન કરે છે. તો ઘણા ઉદ્યોગો કોલસો અને ખનીજ-તેલ વાપરીને યંત્ર-સામગ્રી ચલાવવાની શક્તિ મેળવે છે. તો કેટલાક ઉદ્યોગો પાણી અને કુદરતી વાયુના ઉપયોગથી શક્તિ મેળવે છે. ક્યા પ્રકારની ઊર્જા શક્તિનો વપરાશ કેટલા પ્રમાણમાં આવશ્યક છે. તે બાબત ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણ માટે મહત્ત્વની બની રહે છે.

કેટલાક ઉદ્યોગોમાં પુષ્કળ પ્રમાણમાં ઊર્જા-શક્તિનો વપરાશ થતો હોય જેમ કે, તાંબુ, રસાયણો અને રાસાયણિક ખાતરના ઉદ્યોગો, એલ્યુમિનિયમ આ પ્રકારના ઉદ્યોગો કે જ્યાં પુષ્કળ પ્રમાણમાં સસ્તી ઊર્જા શક્તિ મળી રહે તેવા સ્થળે સ્થાપવી જોઈએ. હરિયાણા અને પંજાબમાં નદી પર બંધ બાંધીને વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. ત્યાં વીજળી આધારિત ઘણા ઉદ્યોગોની સ્થાપના પણ થઈ છે.

**5.3.9 શ્રમ :-** કોઈપણ ઔદ્યોગિક પ્રવૃત્તિ કરવા માટે શ્રમની જરૂર પડે છે. દરેક ઉદ્યોગમાં શ્રમની આવશ્યકતા જુદી-જુદી હોય છે. અમુક ઉદ્યોગોમાં ઓછો શ્રમ તો અમુક ઉદ્યોગોમાં વધારે શ્રમની જરૂર પડે છે. કેટલાક ઉદ્યોગમાં તાલીમ વિનાના શ્રમથી કામ ચાલે છે. જેમ કે મકાન બાંધકામ, ખાણો, ખોદકામ, પેકિંગ વગેરે જેવા ઉદ્યોગોમાં તાલીમ વિના શ્રમનો ઉપયોગ થઈ શકે છે. પરંતુ અમુક ઉદ્યોગોમાં તાલીમ પામેલા શ્રમિકોની જ જરૂર પડે છે. જેમ કે રિફાઈનરી, ભારે વીજળીની ચીજવસ્તુઓ, કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વગેરે જેવા ઉદ્યોગો.

દેશના બધા જ ભાગોમાં એકસરખી જમીન હોતી નથી તેવી રીતે એકસરખો શ્રમનો પુરવઠો પણ મળતો નથી કેટલીક જગ્યાએ શ્રમ વિપુલ પ્રમાણમાં તો કેટલીક જગ્યાએ શ્રમની તંગી જોવા મળે છે. કેટલીક જગ્યાએ તાલીમબદ્ધ તો કેટલીક જગ્યાએ તાલીમ વગરના શ્રમિકો જોવા મળે છે. જે ઉદ્યોગોમાં વધારે શ્રમની જરૂર હોય તેવા ઉદ્યોગો સામાન્ય રીતે મોટી સંખ્યામાં વસ્તીનો વસવાટ હોય તેવા સ્થળોએ સ્થાપવા વધુ અનુકૂળ બને છે. તેથી શ્રમનું ખર્ચ ઓછું; જેમ કે ઈજનેરી કૌશલ્યો પર આધારિત ઉદ્યોગો પંજાબ અને હરીયાણામાં બહુ વિકસ્યા છે. તેનું એક કારણ એ છે કે, પ્રદેશોની તે પ્રકારની ઊંચી કાર્યક્ષમતા છે. આ રીતે વેપારમાં ગુજરાતીઓનું વર્ચસ્વ અને નર્સિંગમાં કેરળનું વર્ચસ્વ વધુ જોવા મળે છે.

શ્રમ સામાન્ય રીતે ગતિશીલ સાધન છે. પરંતુ વિકસેલા દેશોમાં તેની ગતિશીલતા વધારે હોય છે. જ્યારે અલ્પવિકસીત દેશોમાં તેની ગતિશીલતા ઓછી છે. તેની પાછળ પ્રાચીન સંસ્કૃતિ, રૂઢીચુસ્ત નિયમો અને સમાજ જવાબદાર છે. તેથી શ્રમિક એક જગ્યાએથી બીજી જગ્યાએ સહેલાઈથી ગતિ કરતો નથી. શ્રમિકોના વેતનદર પણ જુદા-જુદા હોય છે. આથી શ્રમ પણ ઉદ્યોગોના સ્થાનીયકરણ પર મહત્ત્વનો ભાગ ભજવે છે.

**5.3.10 નિયોજન અને સંચાલન :-** કોઈપણ ઔદ્યોગિક પ્રવૃત્તિ કરવા માટે નિયોજક અને સંચાલન એ બે પરિબળ મહત્ત્વના છે. ઔદ્યોગિક સાહસની સ્થાપના અને વિકાસ એ જોખમ અને જવાબદારીનું કાર્ય છે. નિયોજકો અને સંચાલકો ઔદ્યોગિક પેઢી માટે ઉત્પાદનના અને સાધનો એકત્રિત કરીને તેમાંથી શું ઉત્પાદન કરવું, કેટલું ઉત્પાદન કરવું, કેવી રીતે ઉત્પાદન કરવું અને ઉત્પન્ન થયેલી વસ્તુઓની વહેંચણી કેવી રીતે કરવી તે અંગેના મહત્ત્વના નિર્ણયો લે છે. ઔદ્યોગિક પેઢી સફળ થશે કે નહીં તેનો આધાર નિયોજકો અને સંચાલકોની

કામગીરી પર આધાર રાખે છે. સાહસવૃત્તિ અને નિયોજન શક્તિ ધરાવતી વ્યક્તિઓ જ ઔદ્યોગિક સાહસો ઊભા કરી શકે અને વિકસાવી શકે.

સફળ નિયોજકો અને સંચાલકો એવા સ્થળોએ રહેવાનું પસંદ કરે છે કે જે સ્થળે સારી આબોહવા, તંદુરસ્ત જીવન, ઉચ્ચકક્ષાની સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સંશોધનની પ્રવૃત્તિઓ હોય, ઉચ્ચ તબીબી સગવડો, સલામતી પોતાની અપેક્ષા પ્રમાણેનું જીવન જીવવાની સ્વતંત્રતા, સારા રહેઠાણોની પસંદગી જેવી બાબતો મહત્ત્વની હોય છે. એટલે કે બેંગ્લોર, અમદાવાદ, મુંબઈ કે પુના જેવા શહેરો વધારે યોગ્ય લાગે છે. અમદાવાદ મુંબઈ અને કાનપુર જેવાં સ્થળોએ આવી શક્તિઓના વિકાસને કારણે અન્ય ઘણા પ્રકારના ઉદ્યોગોને સ્થપાઈને વિકસ્યા છે.

શહેરોથી દૂર અને ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યક્ષમ સંચાલન મળી શકે નહિ અને એવા સ્થળોએ ઔદ્યોગિક એકમો ઓછા સ્થપાય છે.

**5.3.11 કરવેરા :-** ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણને અસર કરતા પરિબળોમાં કરવેરાનો પણ સમાવેશ થાય છે. દરેક ઔદ્યોગિક પેઢીએ કોઈને કોઈ કરવેરા ચૂકવવા જ પડે છે. સામાન્ય રીતે પેઢી ત્રણ જુદી જુદી સત્તાઓને કરવેરા ચૂકવતી હોય છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સ્થાનિક સત્તાઓ કે જેમાં નગરપાલિકા, નગર પંચાયત, કે ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવતા કરવેરા સમગ્ર દેશમાં એકસરખા હોય છે. પરંતુ રાજ્યોના કરવેરા અલગ-અલગ હોય છે. જે રાજ્યોમાં કરવેરામાં રાહતો મળતી હોય તેવાં સ્થળોએ ઉદ્યોગો સ્થાપવાનું વલણ સામાન્ય રીતે જોવા મળે છે. કરવેરા ઉદ્યોગ-ધંધા માટેનું વાતાવરણ અનુકૂળ અને પ્રતિકૂળ બનાવવામાં મોટો ફાળો આપે છે અને તે રીતે તેની ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણ પર મોટી અસર જોવા મળે છે.

**5.3.12 સરકારની જાહેર નીતિ અને આયોજન :-** સરકાર પોતાની જાહેરનીતિ અને આયોજન મારફતે ઉદ્યોગોના સ્થાનીયકરણ પર અસર પહોંચાડે છે. અમુક સ્થળ અથવા વિસ્તારોમાં ઉદ્યોગોના વિકાસને ઉત્તેજન આપવા સરકાર કરવેરામાં રાહતો, છૂટછાટો આપવા ઉપરાંત વિશિષ્ટ સવલતો પણ પૂરી પાડે છે. જરૂરી પાયાની સગવડો ઊભી કરવામાં આવે છે. પાણી, વીજળી, બેંકિંગ, સંદેશો વ્યવહાર અને વાહન વ્યવહાર જેવી સગવડો પૂરી પાડવામાં આવે છે.

સરકારની 1977ની ઔદ્યોગિક નીતિમાં એવું સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું હતું કે, અમુક જનસંખ્યાથી વધારે વસતી ધરાવતા શહેરોમાં કોઈ નિયોજકો નવા ઉદ્યોગો કે સ્થાપીત ઉદ્યોગોના વિકાસ કરવા ઈચ્છતા હોય તો પહેલા સરકારની પરવાનગી લેવી પડશે. સરકાર ઉદ્યોગોને જુદી-જુદી રીતે મદદ કરી શકે છે. દેશમાં સરકાર નિયંત્રિત નાણાં-સંસ્થાઓ, વેપારી બેંકો, અને વિશિષ્ટ નાણાં-સંસ્થાઓ ઉદ્યોગોને મોટી નાણાંકીય સહાય કરે છે. આ મદદ અમુક જગ્યાએ સ્થપાતા ઉદ્યોગોને આપવી કે નહીં તે સરકાર નક્કી કરે છે.

આ રીતે સરકાર ઉદ્યોગોના સ્થાનીયકરણ પર સીધે સીધી અસર કરે છે. વળી સરકારે ઉદ્યોગોના સ્થાનીયકરણની નિયોજક દ્વારા થતી પ્રક્રિયામાં દખલગીરી કરવી જોઈએ કે નહીં અને કેટલે અંશે કરવી જોઈએ. તે વિવાદસ્પદ પ્રશ્ન છે. સરકારની નીતિ અને આયોજન દ્વારા થયેલું સ્થાનીયકરણ કે પછી નિયોજકો સામૂહિક નિર્ણયોથી થયેલું સ્થાનીયકરણ અર્થતંત્રને વધારે ફાયદારૂપ છે. તે નક્કી કરવું ઘણું અઘરું છે આમ, સરકારની નિતિ અને આયોજન સ્થાનીયકરણને અસર કરતું મહત્ત્વનું પરિબળ બનતું જાય છે.

**5.3.13 વ્યક્તિ પસંદગી :-** ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણમાં વ્યક્તિગત પસંદગી પણ મહત્ત્વનું પરિબળ છે. જે તે વિસ્તાર કે પ્રદેશમાં ક્યાં સ્થળે ઔદ્યોગિક સાહસ ઊભૂ કરવું તે નિયોજકની પસંદગી પર આધાર રાખે છે. સ્થાનીયકરણને અસર કરતાં પરિબળોમાં મહત્ત્વની દૃષ્ટિએ નિયોજક જ્યાં રહે છે તે પસંદગી કરે છે, વતનના લોકોને રોજગારી, વતનમાં પોતાની પ્રતિષ્ઠા વધે તેવી ઈચ્છા તેની પાછળ કામ કરે છે. સ્થાનીયકરણને અસર કરતાં પરિબળોમાં મહત્ત્વની દૃષ્ટિએ તેનો ક્રમ બજાર, વાહનવ્યવહારની સગવડો અને શ્રમ આવે છે. એટલે કે આર્થિક કારણોસર ક્યા પ્રદેશમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ સ્થાપવી તે નક્કી થાય છે. પરંતુ ચોક્કસ ક્યા સ્થળે પ્રવૃત્તિ સ્થાપવી તે નિયોજકની વ્યક્તિગત પસંદગી દ્વારા નક્કી થાય છે.

**5.3.14 બાહ્ય કરકસરો :-** બાહ્ય કરકસરો પણ ઉદ્યોગોના સ્થાનીયકરણના મહત્ત્વના પરિબળ તરીકે છે. ઘણા ઉદ્યોગો કોઈ એક જ સ્થળે સ્થપાય છે ત્યારે તે સ્થળે ઔદ્યોગિક પ્રવૃત્તિઓના કેન્દ્રિકરણ ને કારણે ઉદ્યોગો માટે કેટલીક બાહ્ય કરકસરો ઊભી થાય છે. એક સ્થાનીયકરણની કરકસરો અને બીજી શહેરીકરણની કરકસરો એમ બે પ્રકારની બાહ્ય કરકસરો છે. ઉદ્યોગોના કેન્દ્રિકરણને કારણે કોઈ એક જ સ્થળે વાસ્તવમાં કેવી રીતે વિભિન્ન પ્રકારની કરકસરો ઊભી થાય છે તેનું ઉત્તમ ઉદાહરણ અમદાવાદમાં વિકસેલા કાપડ ઉદ્યોગ દ્વારા મળી શકે તેમ છે. એક જ જગ્યાએ કાપડ ઉત્પન્ન કરતી પેઢીઓ આવેલી હોવાને કારણે અનેક પ્રકારની સામૂહિક સગવડોનો લાભ, ટેકનિકલ જાણકારીવાળા શ્રમિકો, તાલીમ આપવા માટેની વિવિધ સંસ્થાઓ, સંશોધન કરતી સંસ્થાઓ વગેરે સગવડો સ્થપાય છે. વળી આ ઉદ્યોગોનાં યંત્રો તથા અન્ય ઉપકરણો બનાવતી, તેનું સમારકામ કરતી, નાણાંકીય સગવડો ઊભી કરી આપનાર વેપારી બેંકો, ઔદ્યોગિક નાણાકીય સંસ્થા, વિકાસ નિગમ, શેરબજાર, વગેરેનો વિકાસ થાય છે. આ બધી જ સવલત ઉપરાંત અમદાવાદ દેશના અન્ય ભાગો સાથે રસ્તા, રેલ્વે, હવાઈમાર્ગ, સંદેશાવ્યવહાર દ્વારા સારી રીતે જોડાયેલું છે આ કેન્દ્રિકરણ અનેક જુદી-જુદી બાબતોમાં ઓછી ખર્ચાળ સગવડો પૂરી પાડીને ઉદ્યોગો માટે કરકસરો ઊભી કરે છે.

**5.3.15 બજારતંત્ર :-** ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણ માટે બજાર ઘણું મોટું પરિબળ ગણવામાં આવે છે. ઉદ્યોગોનું સ્થળ અને બજાર વચ્ચેનું અંતર ઘણું મહત્ત્વ ધરાવે છે. શ્રમ, કાચો માલ સામાન અને ઊર્જા-શક્તિની સરખામણીમાં બજારનું

આકર્ષણ ઉદ્યોગોમાં વધારે જોવા મળે છે. મોટા શહેરો, શહેરોમાં વધતી જતી ગીચતા અને શહેરી વસ્તીની વધુને વધુ ઊંચી જતી આવકને કારણે ઉદ્યોગોના સ્થાનીયકરણ પર બજારની અસર વધતી જાય છે. પહેલા ઔદ્યોગિક એકમો બજારમાં પ્રવર્તતી માંગ પૂરી પાડવા માટે ઉત્પાદન કરતી હતી. ત્યારે તેમને પોતાની વસ્તુઓના વેચાણ માટે ખાસ પ્રયત્નો કરવા પડતા ન હતા. પરંતુ વર્તમાનમાં સ્થિતિ બગડી ગઈ છે. હવે જ્યારે તેઓ બજારમાં પ્રવર્તતી માંગ માત્રને ધ્યાન રાખીને ઉત્પાદન નથી કરતી, પરંતુ વસ્તુઓ બજારમાં વેચવા માટે વિશિષ્ટ પ્રયત્નો કરવા પડે છે.

બજાર મુખ્યત્વે ત્રણ રીતે ઉદ્યોગોના સ્થાનીયકરણ પર અસર કરે છે. એક તો બજારનું સ્વરૂપ કેવું છે. તે બાબત મહત્ત્વનું બીજી અસર કરે છે તે પેઢીના ખર્ચ દ્વારા થાય છે જેમ પેઢી વસ્તુ ઉત્પન્ન કરવા માટે જરૂરી કાચી માલ-સામગ્રી, વગેરે મેળવવા માટે ખર્ચ કરે છે તેમ તેણે તૈયાર કરેલી વસ્તુ બજાર સુધી પહોંચાડવા અને તેમાં વેચવા માટે પણ ખર્ચ કરે છે. અને સ્થાનીયકરણ પર ત્રીજી રીતે અસર કરે છે તે કિંમતે તો કેટલાંક બજારોમાં થોડી ઊંચી કિંમતે તો કેટલાક બજારોમાં થોડી નીચી કિંમતે એક જ પ્રકારની વસ્તુ વેચી શકાય તેવી શક્યતા હોય છે. અહીં જુદા-જુદા સ્થળોએ લોકોની આવક અને અભિરુચિ જેવા પરિબળો કામ કરે છે. વર્તમાન સમયમાં ટેકનોલૉજીના કારણે બજાર-ઈકોમર્સનો વિકાસ થયેલો જોવા મળે છે. જેમાં વેબસાઈટ આધારે ખરીદ-વેચાણની પ્રક્રિયા થઈ શકે છે. અને આખું બજાર ઊભુ થયું છે.

**5.3.16 વિકાસ માળખું :-** જે વિસ્તારમાં ઉદ્યોગોને અનુકૂળ વિકાસ માળખાને વિકાસ થતો હોય તેવા સ્થળોમાં ઔદ્યોગિક પ્રવૃત્તિના એકમો સ્થપાય છે. અને વિકાસ પણ થાય છે. મોટા ભાગે શહેરોમાં ઉદ્યોગોના વિકાસ વધારે થવાની પૂરેપૂરી શક્યતા હોય છે. એટલે શહેરોમાં વધારે ઉદ્યોગો સ્થપાય છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ માટે પૂરતી સવલતો હોતી નથી. આથી ગામડામાં વિકાસ શહેરી વિસ્તાર જેટલો થતો નથી. આમ, ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણ માટે વિકાસ માળખું મહત્ત્વનું છે.

**5.3.17 ભાવનીતિ :-** ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણ પર ક્યા પ્રકારની ભાવનીતિ પેઢીઓ અપનાવશે તેની અસર થાય છે. ભાવનીતિની સ્થાનીયકરણ પર બે કારણો સર અસર ઊપજાવી શકે છે. એક તો, પેઢી ક્યા ભાવે પોતે ઉત્પન્ન કરેલી વસ્તુ વેચે છે તેના આધારે તો કેટલો જથ્થો વેચી શકશે. તે નક્કી થાય છે અને વેચાણ જથ્થો સ્થાનીયકરણ પર અસર કરે છે. બીજુ કારણ એ છે કે, એક-પેઢી જે વસ્તુનું ઉત્પાદન કરતી હોય તે બીજી પેઢી માટે કાચા-માલ હોય તેવું પણ થાય છે. તેથી પહેલી પેઢીની ભાવનીતિ બીજી પેઢીના સ્થાનીયકરણ પર અસર કરે છે.

ઔદ્યોગિક પેઢીઓ મુખ્યત્વે ત્રણ પ્રકારની ભાવનીતિ અપનાવે છે. (1) બધા જ ગ્રાહકોને એક જ ભાવે વસ્તુ પૂરી પાડવા નીતિ. જેને Cost insurance Freight (ખર્ચ, વિમો, ભાડું) એટલે કે સી.આઈ.એફ પણ કહેવામાં આવે

છે. (2) ભાવનીતિ અંગેની બીજી પદ્ધતિ કારખાનાના દરવાજા સુધી કિંમત એફ.ઓ.બી. (Free - on-board) તરીકે ઓળખવામાં આવે છે. ઉત્પાદક પોતાની વસ્તુના ભાવ પોતાના ઉત્પાદન સ્થળ સુધીનો નક્કી કરે છે. ઉત્પાદન સ્થળેથી વસ્તુ લઈ જવાનું જે ખર્ચ થાય તે ગ્રાહકને શીરે આવે છે. (3) આ પ્રકારની ભાવનીતિમાં, કોઈ અમુક વસ્તુનાં જુદા-જુદા સ્થળોએ આવેલા બધા ઉત્પાદકો ભેગા મળીને જાણે કે બધા પોતાનું ઉત્પાદન કોઈ અમુક એક જ સ્થળે કરતા હોય તેમ માનીને વસ્તુનો ભાવ લેવાનું નક્કી કરે છે. અને પછી સ્થળ વસ્તુ ગ્રાહક સુધી પહોંચાડવાનું ખર્ચ તે ભાવમાં ઉમેરવામાં આવે છે. આને આધાર-બિંદુ પદ્ધતિ (basic point system) કહેવામાં આવે છે.

આ બધા કારણસર ઔદ્યોગિક પેઢીઓ પોતાનું સ્થાનીયકરણ આધાર-બિંદુના સ્થળે અથવા તેનાથી નજીક રાખવાનું પસંદ કરે છે.

## 5.4 આલ્ફ્રેડ વેબરનો સ્થાન પસંદગીનો સિદ્ધાંત :

**5.4.1 પ્રસ્તાવના :-** ઔદ્યોગિક સ્થાનીયકરણના સિદ્ધાંતનું મૂળ ઉદ્‌ગમ સ્થાન જર્મની છે. 19મી સદીના ઉત્તરાર્ધમાં કેટલાક જર્મન અર્થશાસ્ત્રીઓએ ઉદ્યોગોના સ્થાનીયકરણ માટેના વિચારો રજૂ કર્યા હતાં. વિલિયમ લોનહાર્ડ નામના જર્મન અર્થશાસ્ત્રીએ પોતાના જર્મન સાહિત્યમાં સ્થાનીયકરણના વિચારો આપ્યા છે. લોનહાર્ડે 1882 અને 1885માં સ્થાનીયકરણ પરના પોતાના વિચારો પ્રસિદ્ધ કર્યા. તેમણે પોતાના લખાણોમાં સ્થાનીયકરણના ત્રિકોણો અને બજાર વિસ્તારના વિચારો રજૂ કર્યા. લોનહાર્ડના સ્થાનીયકરણ વિષેના વિચારો જર્મનીની બહાર ખાસ પ્રસાર થયા નહીં. કેમ કે તેમનાં લખાણોનું અંગ્રેજીમાં ભાષાંતર થયું નહીં. ત્યારપછી 20મી સદીની શરૂઆતમાં જર્મન ઔદ્યોગિક અર્થશાસ્ત્રી આલ્ફ્રેડ વેબર પર ઔદ્યોગિક સ્થાનીયકરણના સિદ્ધાંતની અસર જોવા મળી હતી. આલ્ફ્રેડ વેબરનો સિદ્ધાંત આજે પણ સ્થાનીયકરણની સમસ્યાના વિશ્લેષણમાં પાયાનો અને ઘણો અગત્યનો સિદ્ધાંત છે.

**5.4.2 વેબરના સિદ્ધાંતની સમજૂતી :-** આલ્ફ્રેડ વેબર નામના જર્મન અર્થશાસ્ત્રીએ આધુનિક ઔદ્યોગિક સ્થાનીયકરણના સિધ્ધાંતની રજૂઆત કરી છે. તેમને ઈ.સ.1909માં જર્મન ભાષામાંથી અંગ્રેજી ભાષામાં કરવામાં આવ્યા પછી તેમના વિચારોની ભારે અસર જોવા મળી છે. ઔદ્યોગિક સ્થાનીયકરણ ઉપર સમગ્રપણે વિચાર કરીને તેના પૂરેપૂરા સિદ્ધાંતની વૈજ્ઞાનિક રજૂઆત કરનાર પ્રથમ અર્થશાસ્ત્રી આલ્ફ્રેડ વેબર હતા. વેબરે સ્થાનીયકરણમાં પ્રશ્નનું સમગ્રલક્ષી પદ્ધતિએ વિશ્લેષણ કરીને વૈજ્ઞાનિક સ્વરૂપમાં સિદ્ધાંત સમજાવ્યો છે. વળી આ સિદ્ધાંત મુખ્યત્વે ચીજવસ્તુઓ ઉત્પન્ન કરતા ઉદ્યોગોનાં સંદર્ભમાં જ રજૂ કર્યો છે. સમગ્ર આર્થિક પ્રવૃત્તિના સ્થાનીયકરણ અંગેનો સર્વ સામાન્ય સિદ્ધાંત ઘડવાની શરૂઆત કરનાર પણ આ પ્રથમ અર્થશાસ્ત્રી હતા. વેબરે સ્થાનીયકરણના પ્રશ્ન પ્રત્યેનો તેનો અભિગમ પ્રથમ તારણો કાઢીને નિયમો આપવા અને પછી વાસ્તવમાં પ્રવર્તતી પરિસ્થિતિ દ્વારા તેમની ચકાસણી કરવી તેવો રહ્યો છે. એટલે કે આ સિદ્ધાંત નિગમ-પદ્ધતિનો ઉપયોગ કર્યા હોવાથી આ સિદ્ધાંતને સ્થાનીયકરણના નિગમન સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

### 5.4.3 વેબરના સિદ્ધાંતની ધારણાઓ :-

1. ઔદ્યોગિક પ્રવૃત્તિમાં ઉત્પાદન માટે જરૂરી સાધન સામગ્રી કે જે એક તો બધા જ સ્થળોએ પ્રાપ્ય હોય તેવી સાધનસામગ્રી અને બીજી કે જે અમુક નિશ્ચિત સ્થળોએ જ પ્રાપ્ય હોય છે.

2. ઔદ્યોગિક પેઢી જે ચીજ-વસ્તુ ઉત્પન્ન કરે છે તે ચીજવસ્તુના બજાર કેટલાંક નિશ્ચિત જુદા જુદા સ્થળોએ આવેલાં છે.

3. ઔદ્યોગિક એકમો દ્વારા પેદા થતી ચીજવસ્તુનાં બજાર પણ અમુક નિશ્ચિત સ્થળે આવેલાં હોય છે.

4. શ્રમ પ્રાપ્ત કરવા શ્રમશક્તિ અમુક નિશ્ચિત સ્થળોએ જ ચાલુ વેતનદરે પૂરતાં પ્રમાણમાં પ્રાપ્ત છે. શ્રમ શક્તિની ભૌગોલિક ગતિશીલતા બહુ ઓછી છે.

   વાસ્તવિક જગત ઘણું જટિલ છે. જટિલ પરિસ્થિતિને સરળ બનાવીને પછી સ્થાનીયકરણના પ્રશ્નને ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે. એટલે આ સિદ્ધાંતને સરળ બનાવવા અને વિકસાવવામાં જેમ જેમ જરૂર પડતી ગઈ તેમ તેમ બીજી ધારણાઓનો પણ સમાવેશ કર્યો છે. જેમ કે, વ્યાજનો દર, વીમા-ખર્ચ, કરવેરાનું પ્રમાણ વગેરે પરિબળોને ગણતરીમાં ન લેવાની ધારણા અને સાંસ્કૃતિક, આર્થિક તથા રાજકીય જીવન પદ્ધતિઓની બધી જગ્યાએ સમાનતા પ્રવર્તે છે. એવી ધારણાઓ પણ આ સિદ્ધાંતમાં સમાવેશ કરવામાં આવે છે.

### 5.4.4 સ્થાનીયકરણને અસર કરતાં ત્રણ પરિબળો :-

1. વેબરના સ્થાનીયકરણના સિદ્ધાંતને અસર કરતા ત્રણ પરિબળો છે. જેમાં સ્થળાંતર ખર્ચ, શ્રમનું ખર્ચ અને ઔદ્યોગિક પ્રવૃત્તિના કેન્દ્રિકરણ અથવા વિકેન્દ્રિકરણનાં બળોનો સમાવેશ થાય છે. સ્થળાંતર ખર્ચ અને શ્રમ ખર્ચ એ બે પ્રકારના ખર્ચ પ્રાદેશિક પરિબળો પર આધાર રાખે છે. કારણ કે તે સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ થતું હોય છે. વેબરની દૃષ્ટિએ સ્થાનીયકરણની સૌથી મહત્ત્વની અસર સ્થળાંતર ખર્ચની હોય છે અને સ્થળાંતર ખર્ચ બે પરિબળોનું પરિણામ છે. તેમ વેબર કહે છે. એક તો સ્થળાંતર કરવાનું અંતર અને બીજું સ્થળાંતર કરવાનું વજન, આ રીતે જે સ્થળાંતર ખર્ચ જે સ્થળે સ્થળાંતર કરવાની ઓછું આવતું હોય તે સ્થળે સ્થાનીયકરણ થાય છે.

**5.4.5 સ્થાનીયકરણનું સ્થળ શોધવાનાં ત્રણ સાધનો :-** સ્થળાંતર ખર્ચ લઘુત્તમ આવે તેવું સ્થાનીયકરણનું સ્થળ શોધવા માટે વેબર ત્રણ સાધનોનો ઉપયોગ કરે છે.

1. માલ-સામગ્રી દર્શક આંક
2. સ્થાનીયકરણ ભારદર્શક આંક અને
3. સ્થાનીયકરણના ત્રિકોણ

માલ સામગ્રી દર્શક આંક અને સ્થાનીયકરણ ભારદર્શક આંકમાં કેટલીક સરળ પરિસ્થિતિમાં લઘુત્તમ સ્થળાંતર ખર્ચ આવે તેવું સ્થળ શોધવામાં ઉપયોગી છે પરંતુ પરિસ્થિતિ જ્યારે વધારે જટિલ હોય ત્યારે સ્થાનીયકરણના ત્રિકોણના ઉપયોગથી કામ લેવું પડે છે.

1. માલ-સામગ્રી દર્શક આંક : માલ-સામગ્રી દર્શક આંક (M) એટલે, ઉત્પન્ન કરવામાં આવતી વસ્તુના એક એકમના ઉત્પાદન માટે વપરાશમાં લેવામાં આવતી સ્થાનિક માલ-સામગ્રીના વજનનું તૈયાર થયેલ વસ્તુના એક-એકમના વજન સાથેનું પ્રમાણ ધારો કે, વસ્તુનું એક એકમ ઉત્પન્ન કરવા માટેની સ્થાનિક માલ-સામગ્રીનું વજન 2 કિલોગ્રામ છે. અને તૈયાર થયેલ વસ્તુના એક એકમનું વજન 1 કિલોગ્રામ છે તો, માલ સામગ્રી દર્શક આંક $2 \div 1 = 2$ થશે જો વસ્તુના એકમદીઠ સ્થાનિક માલ-સામગ્રીનું વજન 1 કિલોગ્રામ હોય અને તૈયાર થયેલ વસ્તુનું વજન 2 કિલોગ્રામ હોય તો, માલ-સામગ્રી દર્શક આંક $1 \div 2 = \frac{1}{2}$ થાય. જો વસ્તુના ઉત્પાદનમાં સ્થાનિક માલ-સામગ્રીનો વપરાશ થતો જ ન હોય અને ફક્ત સાર્વત્રિક માલ-સામગ્રી વાપરવામાં આવતી હોય તો, માલ-સામગ્રી દર્શક આંક 0÷વસ્તુનું વજન = 0 થાય.

2. સ્થાનીયકરણ ભારદર્શક આંક : સ્થાનીયકરણનો ભારદર્શક આંક (S) એટલે અંતિમ વસ્તુના એક એકમનું વજન + તેમાં વપરાતા સ્થાનિક માલસામગ્રીનું વજન તૈયાર થઈ ગયેલ વસ્તુના એક એકમનું વજન 1kg હોય અને તેમાં વપરાયેલ સ્થાનિક માલસામગ્રીનું વજન 2 kg હોય તો સ્થાનીયકરણ ભારદર્શક આંક $1+2=3$ થશે. જો અંતિમ વસ્તુના એક એકમનું વજન 2 કિલોગ્રામ હોય અને તે એકમ માટે 1 કિલોગ્રામ વજનની સ્થાનિક માલ-સામગ્રી વાપરવામાં આવી હોય તો, સ્થાનીયકરણ ભારદર્શક આંક શોધવા માટે પહેલાં વસ્તુના એક એકમના વજનને એકમ-વજનમાં ફેરવવું પડશે. હંમેશા એકમ વજન 1 કિલોગ્રામ હોય તેથી વસ્તુના 2 કિલોગ્રામ વજનના એક એકમનું ઉત્પાદન કરવા માટે 1 કિલોગ્રામ વજનની સ્થાનિક માલ-સામગ્રી વાપરવી પડે તો વસ્તુના 1કિલોગ્રામ વજનના ઉત્પાદન માટે કેટલા વજનની સ્થાનિક માલ-સામગ્રી વાપરવી પડે ?

| વસ્તુનું વજન | | માલ-સામગ્રીનું વજન |
|---|---|---|
| 2 કિગ્રા (એકમદીઠ વજન) | : | 1 કિ.ગ્રા |
| 1 કિગ્રા (એકમ-વજન) | : | ? કિ.ગ્રા |

$$\frac{1 \times 1}{2} = \frac{1}{2} \text{ કિગ્રા.}$$

માલ-સામગ્રી દર્શક આંક અને સ્થાનીયકરણ ભારદર્શક આંકના મૂલ્યમાં એક બીજાની સમાંતર વધારો કે ઘટાડો થાય છે. બીજી રીતે કહીએ તો, જો માલ-સામગ્રી દર્શક આંક (M) શૂન્ય હોય તો, સ્થાનીયકરણ ભારદર્શક આંક (S) 1 હોય, જો M = ½ તો;

S = 1½, જો M = 1 તો : S = 2 વગેરે.

ક્યા પ્રકારની પરિસ્થિતિમાં સ્થાનીયકરણ માટેનું સ્થળ શોધવાની જરૂર ઊભી થઈ શકે ?

(1) પહેલી પરિસ્થિતિ જેમાં ફક્ત બે જ સ્થળો હોય. એક બજારનું સ્થળ અને બીજું સ્થાનિક માલ સામગ્રીનું સ્થળ તો સ્થાનીયકરણની સમજૂતી આપવાનું કાર્ય અઘરું નથી. બજાર સ્થળ અને સ્થાનિક માલ-સામગ્રીના સ્થળ વચ્ચેનું અંતર સામાન્ય પરિબળ છે. અને સ્થાનિક માલ-સામગ્રીનું વજન તથા ઉત્પન્ન કરેલ વસ્તુનું વજન એ બદલાતું પરિબળ છે. જો વસ્તુનું એક એકમ ઉત્પન્ન કરવા જરૂરી સ્થાનિક માલ-સામગ્રીનું વજન વસ્તુના એક એકમના વજન કરતાં વધારે હશે તો, ઉત્પાદનની પ્રવૃત્તિ સ્થાનિક માલ-સામગ્રીના સ્થળે સ્થપાશે. જો તૈયાર થયેલ વસ્તુના એક એકમનું વજન તે એકમ ઉત્પન્ન કરવા જરૂરી સ્થાનિક માલ-સામગ્રીના વજન કરતાં વધારે હશે તો, ઉત્પાદનની પ્રવૃત્તિ બજારના સ્થળે સ્થપાશે જો તૈયાર થયેલ વસ્તુના એક એકમનું વજન તે એકમ ઉત્પન્ન કરવા જરૂરી સ્થાનિક માલ-સામગ્રીના વજન કરતાં વધારે હશે તો, ઉત્પાદનની પ્રવૃત્તિ બજારના સ્થળે સ્થપાશે.

કાચા માલ સામગ્રી આંક (M) અને સ્થાનીયકરણ, ભારદર્શક આંક (S)નો ઉપયોગ કરીને ઓછું સ્થળાંતર વચ્ચે થઈ શકે તેવું સ્થાનીયકરણ શોધી શકાય છે જે વસ્તુના ઉત્પાદનમાં S ઊંચો હશે તે વસ્તુ પેદા કરતી પેઢીઓ સ્થાનિક માલ-સામગ્રી જે સ્થળે સરળતાથી મળતી હશે ત્યાં સ્થાનીયકરણ કરવાનું પસંદ કરશે. અનેવાહનવ્યવહાર ખર્ચ ઓછામાં ઓછું રાખશે. આનાથી વિરુદ્ધ જે ઉદ્યોગમાં S નીચો હશે તે ઉદ્યોગ બજારના સ્થળે સ્થાનીયકરણ કરવાનું પસંદ કરશે. જે ઉદ્યોગમાં માલ-સામગ્રી દર્શક આંક Mનું મૂલ્ય 1કરતાં ઓછું હશે તે ઉદ્યોગ બજારના સ્થળે સ્થાનીયકરણ કરવાનું પસંદ કરશે. આનાથી વિરુદ્ધ જે ઉદ્યોગમાં Mનું મૂલ્ય 1 કરતાં વધારે હશે તે ઉદ્યોગ સ્થાનિક માલ-સામગ્રીના સ્થળે સ્થપાશે.

ઉત્પાદનની પ્રક્રિયામાં વાપરવામાં આવતી સ્થાનિક માલ-સામગ્રી ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન પોતાનું વજન ગુમાવતી ન હોય તો (M)નું મૂલ્ય 1 કરતાં વધારે થશે નહિ તેમજ (S)નું મૂલ્ય 2 કરતાં વધુ થશે નહિં. કાચા માલ સામગ્રીના પ્રાપ્તિના સ્વયં ઉદ્યોગની સ્થાપના થાય તે માટે (M)નું મૂલ્ય 1કરતાં વધારે અને (S)નું મૂલ્ય 2 કરતાં વધારે હોય તે જરૂરી છે.

(2) બીજી પરિસ્થિતિ જેમાં કાચા માલની પ્રાપ્તિના એક કરતાં વધારે સ્થળો અને ઉદ્યોગોનું સ્થાનીયકરણ : જ્યારે કોઈ વસ્તુ ઉત્પન્ન કરવા માટે જરૂરી સ્થાનિક કાચા-માલ સામગ્રીની વસ્તુ એક કરતાં વધારે પણ હોય છે. અને કોઈ એક જ સ્થળે જુદી જુદી પ્રકારની માલ-સામગ્રી પ્રાપ્ત ન થતી હોય એવું બની શકે છે. એટલે કે આ સ્થિતિમાં ઉદ્યોગનું સ્થળ નક્કી કરવા માટેના વિકલ્પો ઊભા થાય છે. જેમ કે, સ્થાનિક માલસામગ્રીના સ્થાનીયકરણની પસંદગી માટે ત્રણ સ્થળ વૈકલ્પિક રીતે ઊભા થાય છે. એક કે સ્થાનીયકરણ બજારના સ્થળે થાય, બીજો બે સ્થાનિક માલ-સામગ્રીનાં સ્થળોમાંથી ગમે તે એક સ્થળે થાય અને ત્રીજો, સ્થાનીયકરણ બજારના સ્થળ કે સ્થાનિક માલ-સામગ્રીના સ્થળો સિવાયના કોઈ અન્ય સ્થળે થાય.

આ ત્રણ ઉકેલમાંથી ક્યો ઉકેલ સ્વીકાર્ય બનશે તે નક્કી કરવા માટે ઓછામાં ઓછું ખર્ચ જ્યાં આવે તે જોવાનું રહેશે.


જો ઉત્પન્ન કરવામાં આવતી વસ્તુનું વજન તેના ઉત્પાદનમાં વાપરવામાં આવતી બન્ને સ્થાનિક માલ-સામગ્રીના વજન કરતાં વધારે હશે તો ઔદ્યોગિક પેઢી બજારના સ્થળે સ્થાપવામાં આવશે. બીજી રીતે કહીએ તો Mનું મૂલ્ય 1કરતાં ઓછું અને Sનું મૂલ્ય 2 કરતાં ઓછું હશે તો ઉત્પાદન પ્રવૃત્તિ બજારના સ્થળે સ્થાનીયકરણ પામશે. આનાથી વિરુદ્ધ જો ઉત્પન્ન કરવામાં આવેલ વસ્તુનું વજન તેના ઉત્પાદન માટે વાપરવામાં આવતી બન્ને સ્થાનિક માલ-સામગ્રીઓના ભેગા વજન કરતાં ઓછું હશે તો ઉત્પાદન પ્રવૃત્તિ બજારના સ્થળે સ્થપાશે નહીં.

જો ઉત્પાદન કરવામાં આવતી છેલ્લી વસ્તુનું વજન બન્ને સ્થાનિક માલ-સામગ્રીઓના ભેગા વજન કરતાં ઓછું હોય તો પ્રશ્ન એ થશે કે, કાચા માલ-સામગ્રીની પ્રાપ્તિના સ્થળે ઉદ્યોગ સ્થાપવા ? જો વસ્તુના ઉત્પાદન માટે વાપરવામાં આવતી બે સ્થાનિક માલ-સામગ્રીઓમાંથી ગમે તે એક સ્થાનિક માલ સામગ્રીનું વજન તે વસ્તુના વજન અને તે ઉત્પાદન માટે વાપરવામાં આવતી બીજી સ્થાનિક માલ સામગ્રીના ભેગા વજન કરતાં વધારે હોય તો, ઉત્પાદનની પ્રવૃત્તિ પહેલી સ્થાનિક માલ સામગ્રીના સ્થળે સ્થાનીયકરણ પામશે.

**5.4.6 સ્થાનીયકરણના ત્રિકોણો વડે પ્રક્રિયાની સમજૂતી :-** ઉપરની બે પરિસ્થિતિમાં સ્થાનીયકરણ ક્યાં થશે તે નક્કી કરવાનું પ્રમાણમાં સહેલું છે. પરંતુ આ ત્રીજી પરિસ્થિતિ એવી છે કે, જેમાં માલ-સામગ્રી દર્શક આંક (M) અને સ્થાનીયકરણ ભારદર્શક આંક (S) કોઈ માર્ગદર્શન પુરું પાડી શકતા નથી. એટલે કે, ઉત્પન્ન થયેલ વસ્તુનું વજન તેને માટે ઉપયોગમાં લેવાતી બે જુદી-જુદી સ્થાનિક માલ-સામગ્રીઓના ભેગા વજન કરતાં વધારે નથી હોતું. પરંતુ બે સ્થાનિક માલ-સામગ્રીઓમાંથી કોઈ પણ એક સ્થાનિક માલ સામગ્રીનું વજન ઉત્પન્ન થતી વસ્તુનું વજન અને લોકોની સ્થાનિક માલ-સામગ્રીના ભેગા વજન કરતાં વધારે નથી હોતું. ધારો કે, એક ટન ખાંડ પેદા કરવા માટે 2 ટન કોલસો અને 3 ટન

શેરડીની જરૂર પડે છે. અને ત્યાં ખાંડનું બજાર, કોલસો પ્રાપ્ત કરવાનું સ્થળ, શેરડી પ્રાપ્ત કરવાનું સ્થળ જુદી જુદી જગ્યાએ આવેલા છે તો, ક્યા સ્થળે આ ઉદ્યોગો સ્થાપવા. આ કિસ્સામાં M અને S થી ઉકેલ લાવી શકાય તેમ નથી. અહીં વેબરે તેના પુરોગામી વિલિયમ લોનહાર્ડે ત્રિકોણનો ઉપયોગ કરી સ્થાનીયકરણના પ્રશ્નનો ઉકેલ લાવ્યા હતા. તેનો ઉપર 0 અહી કરવામાં આવ્યો છે. લોનહાર્ડેની જેમ વેબર એક ઉપભોગનું સ્થળ અને બે માલ-સામગ્રીના સ્થળો લે છે. આ ત્રણ સ્થળો સ્થળાંતર ખર્ચ સાથે સંકળાયેલાં છે. આ સ્થળો વચ્ચેનું અંતર અને આ અંતરે જે વજનની માલ-સામગ્રી કે ચીજ વસ્તુનું સ્થળાંતર કરવાનું છે. તે બન્ને ભેગા મળીને સ્થાનીયકરણના સ્થાન પર ખેંચાણ કરે છે.

આકૃતિમાં 5.1




ઉપરની આકૃતિ 5.1માં B બજાર અથવા ઉપભોગનું સ્થળ દર્શાવે છે. ઔદ્યોગિક પેઢી જે વસ્તુનું ઉત્પાદન કરે છે તે આ B સ્થળે રહેતા ગ્રાહકો સુધી પહોંચાડવાની હોય છે. જે વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે છે. તે વસ્તુ બનાવવા માટે પેઢી ને બે જાતની માલ સામગ્રીની જરૂર પડે છે. તેમાંની એક $M_1$ અને બીજી $M_2$ સ્થળેથી લાવવી પડે છે. એટલે કે, કુલ ત્રણ સ્થળો છે. B, $M_1$, અને $M_2$ આ ત્રણ સ્થળો વચ્ચે જે અંતર છે તે તેમની વચ્ચે આવેલી સીધી રેખા દ્વારા દર્શાવવામાં આવ્યું છે. B અને $M_1$ વચ્ચે $BM_1$ જેટલું અંતર છે. B અને $M_2$ વચ્ચે $BM_2$ જેટલું અંતર છે. અને $M_1$ અને $M_2$ વચ્ચે $BM_2$ જેટલું અંતર છે. અને $M_1$ અને $M_2$ વચ્ચે $M_1M_2$ જેટલું અંતર છે. આમ, ત્રિકોણ $BM_1M_2$ માં ત્રણ બિંદુઓ B, $M_1$ અને $M_2$ બજાર તથા માલ-સામગ્રી પ્રાપ્ત કરવાનાં સ્થળો દર્શાવે છે. અને ત્રણ બાજુઓ $BM_1$, $BM_2$ અને $M_1M_2$ આ ત્રણ સ્થળો વચ્ચેનું અંતર દર્શાવે છે.

જો કોઈ વસ્તુ ઉત્પન્ન કરવાની છે તે વસ્તુનું એક એકમ પેદા કરવા માટે માલ-સામગ્રી $M_1$ અને $M_2$ કેટકેટલા વજનમાં જોઈશે અને છેવટે ઉત્પન્ન થયેલી વસ્તુનું વજન કેટલું હશે તે જાણવું જોઈએ. ધારો કે, છેવટે ઉત્પન્ન થયેલી વસ્તુના એક એકમનું વજન L છે. અને આ વસ્તુનું એક એકમ પેદા

કરવા માટે જોઈતી માલ-સામગ્રી $M_1$નું Y તથા માલ-સામગ્રી $M_2$નું વજન E છે. બીજી એ બાબત જાણવી જોઈએ કે જે સ્થળે પેઢી સ્થાપવાન છે તે સ્થળ અને આ ત્રણ સ્થળે B, $M_1$ અને $M_2$ વચ્ચે કેટલું અંતર છે. જો પેઢી કોઈ એક સ્થળે સ્થાપવાની છે તે સ્થળ S છે. અને આ સ્થળ S તથા $M_1$ વચ્ચેનું અંતર K છે, $SM_2$ વચ્ચેનું અંતર C છે, અને SB વચ્ચેનું અંતર D છે. તો હવે, એ પ્રશ્ન છે કે S સ્થળ એવા સ્થાને મૂકવાનો છે કે જેથી YK + RC + LD લઘુત્તમ થાય અને જ્યાં S સ્થિર થાય તે સ્થાન લઘુત્તમ સ્થળાંતર ખર્ચવાળું સ્થાન હશે. અને તેથી તે સ્થાને આ ઔદ્યોગિક પ્રવૃત્તિં સ્થાનીયકરણ થશે.

5.4.7 **સ્થાનીયકરણ પર શ્રમના ખર્ચની અસર :-** ઉત્પાદન પેઢી સ્થાનીયકરણ પર સ્થળાંતર ખર્ચની અસર તપસ્યા પછી વેબર કહે છે કે શ્રમના ખર્ચને કારણે પણ ઉદ્યોગ તેના લઘુત્તમ સ્થળાંતર ખર્ચના સ્થળેથી ખસીને જે સ્થળે પ્રમાણમાં શ્રમ સસ્તો હોય તે સ્થળે સ્થળાંતર કરવાનું વિચારશે. જો શ્રમ ખર્ચમાં થતો ઘટાડો સ્થળાંતર ખર્ચમાં થતા વધારા કરતાં વધારે ન હોય તો ઔદ્યોગિક પ્રવૃત્તિ લઘુત્તમ સ્થળાંતર ખર્ચવાળા સ્થળે જ સ્થાનીયકરણ પામશે અને સસ્તા શ્રમ ખર્ચવાળા સ્થળે ખસશે નહીં.

5.4.8 **સ્થાનિક પરિબળની સ્થાનીયકરણ પર અસર :-** ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનિક પરિબળને કેન્દ્રિકરણ તરીકે પણ ઓળખાવે છે. કોઈ એક જ સ્થળે થતા કેન્દ્રિકરણને કારણે તે સ્થળે પોતાનું સ્થાનીયકરણ કરતી ઔદ્યોગિક પેઢીને કેટલાક લાભ થાય છે. અને તેને કારણે તેના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થઈ શકે છે. જો લઘુત્તમ સ્થળાંતર ખર્ચવાળા સ્થળને બદલે કેન્દ્રિકરણવાળા સ્થળે સ્થાનીયકરણ કરવાથી તેના સ્થળાંતર ખર્ચમાં થતો વધારો તેના ઉત્પાદન ખર્ચમાં થતા ઘટાડાથી ઓછો હોય તો જ તે કેન્દ્રિકરણવાળા સ્થળે સ્થાનીયકરણ કરશે. કેટલીક વાર શહેરી વિસ્તારોમાં કેન્દ્રિત થયેલા ઉદ્યોગો ગ્રામ્ય વિસ્તારો તરફ જવાનું વલણ ધરાવે છે. તેમાં સ્થાનિક પરિબળ કામ કરે છે.

5.4.9 **વેબરના સિદ્ધાંતનું મૂલ્યાંકન :-**

(1) આલ્ફ્રેડ વેબર સૌપ્રથમ વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક રીતે સ્થાનીયકરણના સિદ્ધાંતને વિસ્તારપૂર્વક સમજાવ્યો છે.

(2) વેબર પોતાના સિદ્ધાંતને વધુ સારી રીતે સમજાવવા માટે લોનહાર્ડે સ્થાનીયકરણના ત્રિકોણના ખ્યાલને આધારે આ સિદ્ધાંત સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

(3) વેબર ત્રણ જુદાં જુદાં પરિબળો સ્થળાંતર ખર્ચ, શ્રમખર્ચ અને કેન્દ્રિકરણના લાભની ઔદ્યોગિક પ્રવૃત્તિના સ્થાનીયકરણ પર શું અસરો થાય છે તે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

(4) વેબરના આ સિદ્ધાંતમાં સ્થળાંતર ખર્ચ, કાચા માલનું અને તૈયાર માલનું વજન વગેરેની ચર્ચા વિસ્તારમાં કરવામાં આવી છે. અને વાસ્તવિક પરિબળો પણ જણાય છે.

(5) વેબરે કાચા માલ કરતાં તૈયાર માલને વધુ મહત્ત્વ આપ્યું છે. તેથી આ સિદ્ધાંત વધુ વ્યવહારું અને વાસ્તવિકતાથી નજીક છે.

(6) આ સિદ્ધાંત પેઢીના માલિકોને સ્થાન પસંદ કરવામાં ઉપયોગી નીવડે છે.

(7) વેબરે સ્થાનીયકરણ માટે શ્રમના ખર્ચને ધ્યાનમાં લીધા છે. જ્યાં સસ્તા શ્રમખર્ચ હોય ત્યાં સ્થાનીયકરણ થાય છે.

(8) વેબરના આ સિદ્ધાંત સ્થાનીયકરણના સમગ્ર પ્રશ્નને સમજવાનો અને ઉકેલવાનો સૌથી વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવ્યો છે.

(9) વેબરનો આ સિદ્ધાંત વૈશ્વિક સ્તરે અમલમાં મૂકી શકાય તેવો છે.

આલ્ફ્રેડ વેબરે સ્થાનીયકરણના સિદ્ધાંતમાં કેવી રીતે લઘુત્તમ ખર્ચવાળું સ્થાનીયકરણનું સ્થળ નક્કી કરી શકાય છે તે દર્શાવે છે. ઘણા બધા અર્થશાસ્ત્રીઓએ આ સિદ્ધાંતની સમીક્ષા કરી છે. અને વેબરના સિદ્ધાંતો પર પ્રહારો કર્યો છે. અને વેબર પછી ઘણા બધા અર્થશાસ્ત્રીઓએ સ્થાનીયકરણના સિદ્ધાંતો રજૂ કર્યા છે. અને નવા સિદ્ધાંત આવતાં વેબરના સિદ્ધાંતની કેટલીક ત્રૃટીઓ દર્શાવી છે. જે નીચે મુજબ છે.

### 5.4.10 વેબરના સિદ્ધાંતની મર્યાદાઓ :-

(1) વેબરે તેના સિદ્ધાંતમાં અવાસ્તવિક ધારણા જેવી કે, વાહનવ્યવહાર ખર્ચમાં વસ્તુનું વજન અને સ્થળ વચ્ચેનું અંતર જ ધ્યાનમાં લીધા છે. પરંતુ વાહનવ્યવહારનું સ્વરૂપ, પ્રકાર, ગુણવત્તા, વિસ્તારો, રસ્તાનું પ્રમાણ, બળતણ ખર્ચ વગેરેને ધ્યાનમાં લીધું નથી. પરંતુ આ પરિબળો હકીકતમાં વાહનવ્યવહાર ખર્ચને અસર કરે છે.

(2) વેબરનો આ સિદ્ધાંત તાર્કિક રીતે સ્થાનીયકરણના પ્રશ્ન માટે અનુકૂળ નથી. કારણ કે, અનુમાનો પરથી સિદ્ધાંતનો ઉકેલ ન લખી શકાય. તેને બદલે પ્રશ્નનું વિશ્લેષણ કરવાની રીત વધારે યોગ્ય ગણાય. વિશ્લેષણ કરવાની રીત અપનાવવાથી સ્થાનીયકરણને અસર કરતાં કેટલાંક મહત્ત્વના બિન-આર્થિક પરિબળો, જેમ કે, ઐતિહાસિક અને સામાજિક પરિબળો પણ સિદ્ધાંતમાં સમાવી શકાય. સાજન્ટ ક્લોરેન્સ દ્વારા વેબરના સિદ્ધાંત તારવવાની રીત અથવા પદ્ધતિ અંગેની ટીકા કરવામાં આવી છે.

(3) વેબરે કરેલી અંતર અને વજન થી કરેલી ધારણા કે જેનાથી સ્થળાંતર-ખર્ચ નક્કી થાય છે. પરંતુ તે અવાસ્તવિક છે. પરંતુ સ્થળાંતર ખર્ચ નક્કી કરનારા બીજા પરિબળો પણ હોય છે. જેમ કે, સ્થળાંતરના સાધનનો પ્રકાર, સ્થળાંતર કરવાની વસ્તુનું કદ અને સ્વરૂપ, સ્થળાંતર ક્યાં બે સ્થળો વચ્ચે કઈ દિશામાં કરવાનું છે તે પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. ઓસ્ટિન એચ. રોબિન્સન એ વેબરની ધારણાઓની આકરી ટીકા કરનાર મુખ્ય અર્થશાસ્ત્રી છે.

(4) ઓસ્ટિન રોબિન્સના મત મુજબ વેબરે કરેલી સ્થાનીય માલ-સામગ્રી અને સાર્વત્રિક માલ-સામગ્રીને કાચા માલ-સામગ્રી સાથે બે પ્રકારમાં વહેંચી છે. તે બાબત બિનજરૂરી છે. પરંતુ, વાસ્તવમાં ઉદ્યોગો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી બધી માલ-સામગ્રી મેળવવાનાં વૈકલ્પિક સ્થળો હોય છે.

(5) વેબરના સિદ્ધાંતના વિભાજન જે કૃત્રિમ અને મનસ્વીરીતે કરેલું છે. તે નિગમ સિદ્ધાંતને બદલે પસંદગીપાત્ર બની રહે છે. એટલે સ્થાનીયકરણનો સિદ્ધાંત સર્વ સામાન્ય બની શકતો નથી.

(6) રોબિન્સ ટીકા કરતા કહે છે કે શ્રમ વિશે જે વેબરે ધારણા કરી છે તે બરાબર નથી. વેબર કહે છે કે શ્રમના કેટલાંક નિશ્ચિત સ્થળો હોય છે. અને આ સ્થળોએ શ્રમનો અમર્યાદિત પુરવઠો પ્રાપ્ત થઈ શકે તેમ હોય છે.

(7) રોબિન્સ વેબરના સિદ્ધાંતની ટીકા કરતા કહે છે કે, શ્રમ પણ ઉત્પાદનના અન્ય સાધનોની જેમ મર્યાદિત છે અને તેથી તેનો પુરવઠો અમર્યાદિત જથ્થામાં પ્રાપ્ત થઈ શકે તેમ હોય છે. તેવું બની શકે છે.

(8) શ્રમ વિષે વેબર કહે છે કે, શ્રમ ગતિશીલ નથી. પરંતુ વાસ્તવમાં શ્રમ પણ ગતિશીલતા ધરાવે છે.

(9) વેબરની પૂર્ણ હરીફાઈવાળા બજારની ધારણા પણ અવાસ્તવિક છે. વેબર કહે છે કે બજાર પૂર્ણ હરીફાઈવાળું છે અને તેના અમુક નિશ્ચિત સ્થળો છે. જ્યારે રોબિન્સે ટીકા કરતાં કહ્યું છે કે, પૂર્ણ હરીફાઈ અને ઉપભોગનાં નિશ્ચિત સ્થળો એ બે બાબતો એક સાથે હોઈ શકે નહીં.

(10) વેબર સ્થળાંતર ખર્ચ અને શ્રમખર્ચને પ્રાદેશિક પરિબળો અથવા મુખ્ય પરિબળો કહે છે અને કેન્દ્રિકરણનાં પરિબળોને સ્થાનિક પરિબળો કહે છે. આ વર્ગીકરણમાં કોઈ તર્ક દેખાતો નથી.

(11) એસ.આર. ડેનિસન ટીકા કરતા જણાવે છે કે વેબરના સિદ્ધાંતમાં ટેકનિકલ બાબતોથી પ્રશ્નના ઉકેલ પર ભાર મૂકવામાં આવ્યો છે. તેઓ પ્રશ્નના ઉકેલ માટે માલ-સામગ્રી દર્શક આંક, સ્થાનીયકરણ ભારદર્શક આંક, અને સ્થાનીયકરણના ત્રિકોણો પર આધાર રાખે છે. જેનાથી સ્થાનીયકરણનો પ્રશ્ન ઉકેલાશે જ એમ કહી શકાય નહીં.

(12) વેબરના સિદ્ધાંતમાં મુક્ત અર્થતંત્રની ધારણા કરવામાં આવે છે. જે અવાસ્તવિક છે. કારણ કે વાસ્તવિક જીવનમાં સામાજિક, રાજકીય, ધાર્મિક અસરો પણ સ્થાનીયકરણ પર પડે છે.

(13) વેબરનો સિદ્ધાંતમાં માત્ર પુરવઠાને ધ્યાનમાં લીધો છે. માંગની અવગણના કરવામાં આવી છે. જે યોગ્ય નથી.

(14) વેબરના સ્થાનીયકરણના સિદ્ધાંતની મુખ્ય ખામી એ પણ છે કે, વેબર તેના સિદ્ધાંતમાં પહેલા લઘુત્તમ સ્થળાંતર ખર્ચનું સ્થળ કેવી રીતે નક્કી

થાય છે તે સમજાવે છે. અને પછી શ્રમખર્ચ અને કેન્દ્રિકરણના લાભોની અસરને કારણે તે સ્થળને બદલે કેવી રીતે અન્ય કોઈ સ્થળે સ્થાનીયકરણ થાય છે તે દર્શાવે છે. તેથી આ સિદ્ધાંત વધારે કાર્યક્ષમ બનતો નથી.

### 5.4.11 વેબરના સિદ્ધાંતની સમીક્ષા :-

વેબરના સ્થાનીયકરણના સિદ્ધાંતની આકરી ટીકાઓ થઈ છે. પરંતુ આ સિદ્ધાંત ઔદ્યોગિક સ્થાનીયકરણની ઈમારત બાંધવાનાં પાયારૂપ છે. અને ઘણો મજબૂત પાયો ઉદ્યોગોના સ્થાનીયકરણ માટે આપ્યો છે. તે કહેવું યોગ્ય છે. આ સિદ્ધાંત મૂડીવાદી અર્થવ્યવસ્થા માટે વધુ યોગ્ય છે. વેબરનો આ સિદ્ધાંત આજે પણ ઔદ્યોગિક સ્થાનીયકરણને સમજાવવા માટે પૂરી યોગ્યતા ધરાવે છે. ડબલ્યુ. ઈસાઈડ નામના આધુનિક ઔદ્યોગિક અર્થશાસ્ત્રી કહે છે કે, યુ.એસ.એના લોખંડ અને પોલાદના ઉદ્યોગના સ્થાનીયકરણનું વિશ્લેષણ કરવામાં તેણે વેબરના સિદ્ધાંતનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. વેબરે સ્થળાંતર ખર્ચ પર મુકેલો ભાર છેલ્લા થોડાં વર્ષોમાં ખનીજતેલના વધી ગયેલા ભાવોને કારણે હવે અવાસ્તવિક નથી જણાતો. પરંતુ અન્ય સામાજિક અને રાજકીય સંદર્ભમાં આ સિદ્ધાંતની ઉપયોગિતા ઘટી જાય છે. આમ વેબરનું સ્થાનીયકરણ અંગેનું વિશ્લેષણ તાર્કિક અને ઓછી મર્યાદાવાળું પ્રારંભિક વિશ્લેષણ છે.

## 5.5 ચાવીરૂપ શબ્દો :

1. સ્થાનીયકરણ : કોઈ એક ઉદ્યોગોનો વિકાસ કોઈ એક સ્થળે કેન્દ્રીત થાય તે.
2. એકત્રીકરણ : એકત્રીકરણને એકીકરણ પણ કહેવામાં આવે છે.
3. ઔદ્યોગિક પ્રવૃત્તિ : જે પેઢી ઉદ્યોગોની સ્થાપના કરતી હોય અને વસ્તુઓ કે સેવાઓ ઉત્પન્ન કરતી હોય તે.
4. વિશ્લેષણ : અર્થઘટન કરવું અથવા પૃથ્થકરણ કરવું.
5. નિગમન પદ્ધતિ : સામાન્ય બાબતને આધારે આંશિક બાબત સિદ્ધ કરવું.
6. કેન્દ્રિકરણ કોઈ એક જગ્યાએ ઉદ્યોગોને કેન્દ્રીત કરવા.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો :

(અ) નીચેના પ્રશ્નોના વિસ્તારમાં જવાબ આપો.

(1) સ્થાનીયકરણનો અર્થ આપી તેને અસરકર્તા પરિબળો સમજાવો.

(2) આલ્ફ્રેડ વેબરનો સ્થાનીયકરણનો સિદ્ધાંત સમજાવો.

(3) સ્થાનીયકરણને અસરકર્તા કોઈપણ પાંચ પરિબળોની ચર્ચા સવિસ્તાર કરો.

(બ) ટૂંકનોંધ લખો.

(1) સ્થાનીયકરણને અસરકર્તા કોઈપણ ત્રણ પરિબળો.

(2) વેબરના મતે ક્યા પ્રકારની પરિસ્થિતિમાં સ્થાનીયકરણ માટેનું સ્થળ શોધવાની જરૂર ઊભી થઈ શકે ?

(3) સ્થાનીયકરણ પર શ્રમના ખર્ચની અસર અને સ્થાનિક પરિબળની અસર સમજાવો.

(4) વેબરના સ્થાનીયકરણના સિદ્ધાંતનું મૂલ્યાંકન કરો.

(5) વેબરના સ્થાનીયકરણના સિદ્ધાંતની મર્યાદાઓ.

(ક) નીચેના વૈકલ્પિક પ્રશ્નોના સાચા જવાબ આપો.

(1) કોઈપણ આર્થિક પ્રવૃત્તિ કરવા માટે ક્યા પરિબળનો પ્રથમ ઉપયોગ થાય છે ?

(A) જમીન (B) શ્રમ

(C) મૂડી (D) કાચા માલસામગ્રી

(2) નીચેના ક્યા ઉદ્યોગોમાં જમીનનો ઉપયોગ વધારે થાય છે ?

(A) ખાતર બનાવવાનો ઉદ્યોગ

(B) લોખંડ પોલાદ બનાવવાનો ઉદ્યોગ

(C) ખનીજ તેલ શુદ્ધ કરવા માટેનો ઉદ્યોગ

(D) ઉપરના બધા જ

(3) નીચેનામાંથી ક્યા ઉદ્યોગમાં પાણીની વપરાશ વધારે થાય છે ?

(A) કાપડ ઉદ્યોગ (B) રાસાયણિક ઉદ્યોગ

(C) ઉપરના બન્ને (D) એક પણ નહીં

(4) .................... એ મૂડી મેળવવાનો એક મહત્ત્વનો સ્ત્રોત છે.

(A) બેંકો (B) ખાનગી સંસ્થાઓ

(C) સ્વૈચ્છિક સંસ્થાઓ (D) ઉપરમાંથી એકપણ નહીં.

(5) ભારત દેશમાં ક્યા સ્થળે વૈભવી હોટલો શરૂ કરવા માટે રાજાઓના મહેલોના સ્વરૂપે તૈયાર સ્થાયી મૂડીની પ્રાપ્તિને કારણે આ સ્થળોએ હોટલ ઉદ્યોગની સ્થાપના કરવાનું ખૂબ અનુકૂળ રહ્યું છે.

(A) ઉદયપુર અને જયપુર (B) પાટણ

(C) ગાંધીનગર (D) ઉપરમાંથી એક પણ નહી

(6) ભારત દેશમાં ક્યા વિસ્તારમાં પુષ્કળ પ્રમાણમાં લોખંડની કાચી ધાતુ અને કોલસો બન્ને મળે છે ?

(A) બંગાળ અને ઓરિસ્સા (B) ગોવા

(C) કર્ણાટક (D) ઉપરના બધા જ

(7) ઉદ્યોગો માટે ભારત દેશમાં જાગૃત સમાજ અને ગ્રાહકો નીચેનામાંથી ક્યા વિસ્તારમાં વધારે જોવા મળે છે ?

(A) દિલ્હી, મુંબઈ (B) કલકત્તા, વાપી

(C) સુરત, અમદાવાદ (D) ઉપરના બધા જ

(8) નીચેનામાંથી ક્યા ઉદ્યોગોમાં વધારે પ્રમાણમાં ઊર્જા શક્તિનો વપરાશ થાય છે.

(A) તાંબુ અને એલ્યુમિનિયમ (B) રસાયણો અને રાસાયણિક ખાતરો

(C) ઉપરના બન્ને (D) કોઈપણ નહીં

(9) નીચેનામાંથી ક્યા ઉદ્યોગોમાં તાલીમ વગરના શ્રમિકોથી પણ કામ ચાલે છે ?

(A) મકાન બાંધકામ અને ખાણ ખોદકામ

(B) કાપડની ડિઝાઈન બનાવનાર

(C) ઈજનેરી ઉદ્યોગ

(D) ઉપરના બધા જ

(10) સરકારની................ વર્ષની ઔદ્યોગિક નીતિમાં એવું સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું હતું કે, અમુક જનસંખ્યાથી વધારે વસ્તી ધરાવતા શહેરોમાં કોઈ નિયોજકો નવા ઉદ્યોગો કે સ્થાપિત ઉદ્યોગોનો વિકાસ કરવા ઈચ્છતા હોય તો પહેલા સરકારની પરવાનગી લેવી પડશે.

(A) 1951 (B) 1977

(C) 1985 (D) 1999

(11) ઉદ્યોગોના કેન્દ્રિકરણને કારણે કોઈ એકજ સ્થળે વાસ્તવમાં કેવી રીતે વિભિન્ન પ્રકારની કરકસરો ઊભી થાય છે. તેનું ઉત્તમ ઉદાહરણ નીચેમાંથી ક્યું છે ?

(A) અમદાવાદમાં વિકસેલો કાપડ ઉદ્યોગ

(B) સુરતનો હીરા બજાર

(C) ગુજરાતના દરિયાકાંઠે વિકસેલો માછલી ઉદ્યોગ

(D) ઉપરના બધા જ

(12) બજાર મુખ્યત્વે ઉદ્યોગોના સ્થાનીયકરણ પર નીચેનામાંથી કઈ અસર કરે છે.

(A) બજારનું સ્વરૂપ (B) પેઢીનું ખર્ચ

(C) કિંમત (D) ઉપરના બધા જ

(13) ઔદ્યોગિક પેઢીઓ મખ્યત્વે નીચેનામાંથી કઈ ભાવનીતિ અપનાવે છે ?

(A) Cost insurance Freight (ખર્ચ, વીમો, ભાડું)

(B) Free on board (કારખાના દરવાજા સુધીની કિંમત)

(C) balic Point System (આધાર-બિંદુ)

(D) ઉપરના બધા જ

(14) ઔદ્યોગિક સ્થાનીયકરણના સિદ્ધાંતનું મૂળ ઉદ્ગમ સ્થાન ક્યો દેશ છે ?

(A) જર્મની (B) યુ.કે

(C) ફ્રાંસ (D) ભારત

(15) ક્યા જર્મન અર્થશાસ્ત્રીએ જર્મન સાહિત્યમાં સ્થાનીયકરણ, અંગેના વિચારો આપ્યા છે.

(A) પ્રો. પીગું (B) પ્રો. વિલિયમ લોનહાર્ડ

(C) હિક્સ (D) પ્રો. રોબિન્સ

(16) આલ્ફ્રેડ વેબરનો ક્યો સિદ્ધાંત પ્રસિદ્ધ થયો છે ?

(A) સ્થાનીયકરણ (B) વેતન ભંડોળ

(C) વેપાર ચક્રો (D) ઉપરનો કોઈપણ નહીં

(17) આલ્ફ્રેડ વેબરે ક્યા વર્ષમાં તેમની પુસ્તક જર્મન ભાષામાં પ્રસિદ્ધ કર્યું હતું ?

(A) 1890 (B) 1930

(C) 1909 (D) 1776

(18) આલ્ફ્રેડ વેબરે ક્યા પુસ્તકમાં સ્થાનીયકરણનો સિદ્ધાંત રજૂ કર્યો હતો ?

(A) Uber den Standort der Industrien

(B) Principlas of Economics

(C) Wealth or nations

(D) એકપણ નહીં.

(19) આલ્ફ્રેડ વેબરનું પુસ્તક ક્યા વર્ષમાં જર્મન ભાષામાંથી અંગ્રેજી ભાષામાં કરવામાં આવ્યું હતું ?

(A) 1890 (B) 1909

(C) 1929 (D) 1930

(20) આલ્ફ્રેડ વેબરનાં સ્થાનીયકરણના સિદ્ધાંતમાં કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે ?

(A) સમગ્રલક્ષી પદ્ધતિ (B) વ્યાપ્તિ પદ્ધતિ

(C) નિગમ પદ્ધતિ (D) બધી જ

(21) વેબરના મતે સ્થાનીયકરણને અસરકર્તા પરિબળો નીચેનામાંથી ક્યા છે ?

(A) સ્થળાંતર ખર્ચ

(B) શ્રમનું ખર્ચ

(C) ઔદ્યોગિક પ્રવૃત્તિનું કેન્દ્રિકરણ

(D) ઉપરના બધા જ

(22) વેબરના મતે સ્થળ શોધવાના સાધનો ક્યાં ક્યાં છે ?

(A) માલ-સામગ્રી દર્શક આંક

(B) સ્થાનીયકરણ ભારદર્શક આંક

(C) સ્થાનીયકરણના ત્રિકોણ

(D) ઉપરના બધા જ

(23) માલ-સામગ્રી દર્શક આંક અને સ્થાનીયકરણ ભારદર્શક આંકને અનુક્રમે કઈ સંજ્ઞા વડે ઓળખવામાં આવે છે.

(A) M અને S (B) S અને M

(C) M (D) S

(24) વેબરે પોતાના સ્થાનીયકરણના સિદ્ધાંતને વ્યવસ્થિત સમજાવવા માટે ક્યા અર્થશાસ્ત્રીના ખ્યાલને ધ્યાનમાં લીધો હતો.

(A) રોબિન્સ (B) લોનહાર્ડ

(C) સેમ્યુલસન (D) રીકાર્ડો

(25) વેબરનો સ્થાનીયકરણનો સિદ્ધાંત પેઢીના માલિકોને............ પસંદ કરવામાં ઉપયોગી નીવડે છે.

(A) સ્થાન (B) તરલતા

(C) વેપાર (D) બજાર

(26) વેબરે સ્થાનીયકરણ માટે શ્રમના ખર્ચને ધ્યાનમાં લીધો છે. જ્યાં........... શ્રમખર્ચ હોય ત્યાં સ્થાનીયકરણ થાય છે.

(A) મોંઘા (B) સસ્તા

(C) મધ્યમ (D) ઉપરના બધા જ

(27) વેબરે તેના સિદ્ધાંતમાં વાહનવ્યવહાર ખર્ચમાં વસ્તુનું વજન અને સ્થળ વચ્ચેનું અંતર જ ધ્યાનમાં લીધા છે. એના સિવાય નીચેની કઈ બાબતો ધ્યાનમાં લીધી નથી ?

(A) વાહનવ્યવહારનું સ્વરૂપ, પ્રકાર, ગુણવત્તા

(B) વિસ્તાર અને બળતણ ખર્ચ

(C) રસ્તાનું પ્રમાણ

(D) ઉપરના બધા જ

(28) ક્યા અર્થશાસ્ત્રીએ વેબરના સિદ્ધાંત તારવવાની રીત અને પદ્ધતિ અંગેની ટીકા કરી છે ?

(A) પ્રો. પીગું (B) પ્રો. માર્શલ

(C) સાર્જેન્ટ ફ્લોરેન્સ (D) પ્રો. લોનહાત

(29) વેબરે કરેલી અંતર અને વજનની કરેલી ધારણા કે જેનાથી સ્થળાંતર ખર્ચ નક્કી થાય છે.

(A) ઓસ્ટિન એચ. ચેબિન્સન (B) ફ્લોરેન્સ

(C) હિક્સ (D) એકપણ નહીં

(30) ........... અર્થશાસ્ત્રીના મત મુજબ વેબરે કરેલી સ્થાનીય માલ સામગ્રી અને સાર્વત્રિક માલસામગ્રીને કાચા માલ-સામગ્રી સાથે બે પ્રકારમાં વહેંચી છે.

(A) લોનહાર્ડ (B) ઓસ્ટિન. એચ. રોબિન્સન

(C) પ્રો. સ્મિથ (D) પેન્ટીકીન

(31) .................અર્થશાસ્ત્રી વેબરની ટીકા કરતાં જણાવે છે કે, આ સિદ્ધાંતમાં ટેકનિકલ બાબતોથી પ્રશ્નના ઉકેલ પર ભાર મૂકવામાં આવ્યો છે.

(A) રોબિન્સ (B) ફ્લોરેન્સ

(C) એસ.આર. ડેનિસન (D) એકપણ નહીં

(32) ક્યા અર્થશાસ્ત્રી કહે છે કે, યુ.એસ.એના લોખંડ અને પોલાદના ઉદ્યોગોના સ્થાનીયકરણનું વિશ્લેષણ કરવામાં વેબરના સિદ્ધાંતનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે.

(A) ડબલ્યું ઈસાર્ડ (B) રોબિન્સ

(C) ડેનિસન (D) હિક્સ

❖ **સંદર્ભગ્રંથ**

(1) ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ (1994) ડૉ.હરજીવન સુથાર, 124 to 149, 170 to 187

(2) Aifred weber, Uber den Standort der industrien (1929), trans-lated by C.J. Fried rich, aifred weber's Theory of the location of Industry, Shicago University Press Chicago, 1929

❖ **બહુવિકલ્પીય પ્રશ્નો ઉત્તર :**

| | | | |
|---|---|---|---|
| 1. | (A) જમીન | 17. | (C) 1909 |
| 2. | (D) ઉપરના બધાજ | 18. | (A) Uberden Standort der Industrien |
| 3. | (C) ઉપરના બન્ને | 19. | (C) 1929 |
| 4. | (A) બેંકો | 20. | (C) નિગમ પદ્ધતિ |
| 5. | (A) ઉદયપુર અને જયપુર | 21. | (D) ઉપરના બધાજ |
| 6. | (D) ઉપરના બધાજ | 22. | (D) ઉપરના બધાજ |
| 7. | (D) ઉપરના બધાજ | 23. | (A) M અને S |
| 8. | (C) ઉપરના બન્ને | 24. | (B) લોનહાર્ડ |

9. (A) મકાન બાંધકામ અને ખાણ ખોદકામ
10. (B) 1977
11. (A) અમદાવાદમાં વિકસેલો કાપડ ઉદ્યોગ
12. (D) ઉપરના બધાજ
13. (D) ઉપરના બધાજ
14. (A) જર્મની
15. (B) પ્રો. વિલિયમ લોનહાર્ડ
16. (A) સ્થાનીયકરણ
25. (A) સ્થાન
26. (B) સસ્તા
27. (D) ઉપરના બધાજ
28. (C) સાર્જેન્ટ ફ્લોરેન્સ
29. (A) ઓસ્ટિન એચ. રોબિન્સન
30. (B) ઓસ્ટિન એચ. રોબિન્સન
31. (C) એસ.આર. ડેનિસન
32. (A) ડબલ્યું ઈસાર્ડ

****************

# એકમ: 6
# સ્થાનીયકરણના સિદ્ધાંતો

## ❖ રૂપરેખા :

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 સ્થાનીયકરણના સિદ્ધાંતો

6.3 પેઢીના સ્થાન પસંદગીના વ્યવહારિક ઉદાહરણો ભારતના સંદર્ભે

6.4 સારાંશ

6.5 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભસૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 6.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓ નીચેની બાબતો સમજી શકશે.

- ➢ ઉદ્યોગોનું સ્થાન નક્કી કરવાની પદ્ધતિ જાણી શકશે.
- ➢ ભારતના જુદા જુદા ઉદ્યોગો વિષે માહિતી પ્રાપ્ત કરશે.
- ➢ ભારતના ઉદ્યોગો ક્યા-ક્યા રાજ્યમાં સ્થપાયા છે તે જાણકારી મેળવશે.

## 6.1 પ્રસ્તાવના :

વિકસિત કે અલ્પ વિકસિત દેશના વિકાસમાં કૃષિ ક્ષેત્રનો ફાળો વિશેષ હોય છે અને તેની સાથો સાથ ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો પણ વિશેષ જોવા મળે છે કૃષિ ક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્ર એકબીજાના પૂરક તરીકે કામગીરી કરે છે વિકાસની ભરપૂર શક્યતાઓને લીધે ઔદ્યોગીકરણ ઝડપી ગતિએ થવા લાગ્યું છે આજે એક તરફ કૃષિ વિકાસ થાય છે તો બીજી તરફ ઉદ્યોગોનો પણ ઝડપી વિકાસ થવા લાગ્યો છે તેના કારણે દેશમાં રોજગારી આવક અને સંપત્તિના પ્રમાણમાં પણ વધારો થવા લાગ્યો છે માટે ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો વધારવા ઉદ્યોગોનું સ્થાન એવી જગ્યાએ પસંદ કરવું જોઈએ જેથી ઉદ્યોગોનો સારામાં સારો વિકાસ થાય અને દેશના આર્થિક વિકાસમાં યોગ્ય ફાળો આપી શકે આ માટે કેટલાક સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે જેને સ્થાનીયકરણના સિદ્ધાંતો કહે છે.

## 6.2 સ્થાનીયકરણના સિદ્ધાંતો :

ઉદ્યોગોના સ્થાનીયકરણ અંગે જુદા જુદા સિદ્ધાંતો અને તેના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં 19મી સદીના ઉત્તરાર્ધમાં જર્મન શાસ્ત્રીઓએ ઉદ્યોગોના સ્થાનીયકરણની બાબતમાં કેટલાક વિચારો રજુ કર્યા હતા તેમાં વિલિયમ લોનહાર્ડ નામના જન્મશાસ્ત્રીએ વર્ષ 1882 અને અજાર 1888માં ઉદ્યોગોના સ્થાનીયકરણ અંગેની સમજૂતી આપી હતી પરંતુ આ જર્મન ભાષામાં હોવાને કારણે બહુ વિકસિત થયા ન હતા. ત્યારબાદ આલ્ફ્રેડ વેબર નામના જર્મન અર્થશાસ્ત્રીએ લોનહાર્ડના વિચારો કેન્દ્રમાં રાખીને 20મી સદીની શરૂઆતમાં ઉદ્યોગોના સ્થાનીયકરણ અંગે સિદ્ધાંતો રજૂ કર્યા હતા. જે અત્યારે પ્રસિદ્ધ પામે છે આ સિદ્ધાંત અનુસાર અમુક ઉદ્યોગો અમુક સ્થળે શા માટે સ્થાપ્યો છે તથા ટેકનોલૉજી અને ઔદ્યોગિક પર્યાવરણમાં થતા ફેરફારોને ઉદ્યોગોના સ્થળમાં ફેરફાર થશે કે નહીં તેની સમજૂતી આ સિદ્ધાંત દ્વારા આપવામાં આવી છે.

**6.2.1 સાર્જન્ટ ફ્લોરેન્સનો સ્થાનીયકરણનો સિદ્ધાંત :-** સાર્જન્ટ ફ્લોરેન્સ જેઓ બ્રિટિશના પ્રખર અર્થશાસ્ત્રી છે. તેમના મતે કોઈ એક દેશમાં ઉદ્યોગની વહેંચણી અને ઉદ્યોગોનું સ્થાન નક્કી કરવામાં જુદા જુદા પ્રદેશો વચ્ચે જે સંમ અને વિષમ પ્રમાણના અંદર વાતાવરણ હોય છે અને કોઈ જગ્યાએ ઉદ્યોગો વધુ કે ઓછા હોય છે તેની સમજૂતી આપતા કેટલાક પ્રેરક લેખો લખ્યા છે જેમાં ''ઈકોનોમિક્સ રિસર્ચ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી'' અને ''સિલેક્શન ઓફ ઈન્ડસ્ટ્રીયલ ફોર ડિસ્પેરિયલ રૂરલ એરિયા''નો ઉલ્લેખ કરી શકાય. સાર્જન્ટ ફ્લોરેન્સ નામના અર્થશાસ્ત્રીએ ઉદ્યોગોના સ્થાનને નક્કી કરવા માટે તર્કશાસ્ત્રીય વ્યાપ્તિ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. ઉદ્યોગોના સ્થાન નક્કી કરવા માટે તેમને કેટલીક આંકડાકીય માહિતી એકત્ર કરી અને તેના વિશેષણ દ્વારા સ્થાનીયકરણનો સામાન્ય સિદ્ધાંત તારવવાનો પ્રયાસ કર્યો છે. સાર્જન્ટ ફ્લોરેન્સ વ્યાપ્તિ વિશ્લેષણ સ્થાનીયકરણના સિદ્ધાંતમાં અતિ મહત્ત્વનો સાબિત થયો છે.

વેબર દ્વારા સ્થાન પસંદગીનો સિદ્ધાંત આપવામાં આવેલો છે. તેવી જ રીતે ફ્લોરેન્સના મત પ્રમાણે ઔદ્યોગિક પ્રવૃત્તિને ઉદ્યોગોમાં રોકાયેલા લોકોની સંખ્યા સાથે સબંધ છે. તેઓના મત પ્રમાણે જે પ્રકારની ઔદ્યોગિક પ્રવૃત્તિના કોઈ એક સ્થળ વિશે આપણે વિચારતા હોઈએ ત્યારે તે જ ઔદ્યોગિક પ્રવૃત્તિમાં સમગ્ર દેશમાં રોકાયેલાની શ્રમ-સંખ્યા અને દેશના બધા જ ઉદ્યોગોમાં રોકાયેલા શ્રમિકોની સંખ્યા સાથે સ્થાનીયકરણનો પ્રશ્ન સબંધ ધરાવે છે. આ બાબત સમજાવવા માટે તેમને આ સિદ્ધાંતમાં સ્થાનીયકરણનો આંક અને સ્થાનીયકરણ સહ-ગુણક આવા બે ખ્યાલો રજૂ કર્યો છે.

❖ **સ્થાનીયકરણનો આંક :** વેબરે સ્થાનીયકરણ માટે સ્થાનીયકરણ આંક શોધ્યો હતો તે મુજબ કોઈપણ દેશના સંદર્ભમાં સ્થાનીયકરણનું મૂલ્ય એક કરતાં વધારે કે ઓછું હોઈ શકે છે. સાર્જન્ટને રજૂ કરેલા આંકના સંદર્ભમાં કહી શકાય કે જો કોઈ દેશના પ્રદેશના સ્થાનીયકરણના આંકનું મૂલ્ય એક કરતાં વધારે હોય તો તે સૂચવે છે કે તે પ્રદેશને આ ઉદ્યોગમાં સમગ્ર દેશના સંદર્ભમાં જે હિસ્સો મળવો જોઈએ તે કરતા વધુ હિસ્સો મળ્યો છે. એટલે કે ઉદ્યોગોનો તે પ્રદેશમાં સ્થાનીયકરણ થયું છે તેમ કહેવાય અને એનાથી ઊલટું જો

સ્થાનીયકરણના આંકનું મૂલ્ય એક કરતાં ઓછું આવે તો દર્શાવે છે કે તે પ્રદેશમાં આ ઉદ્યોગોનો વિકાસ સમગ્ર દેશના સંદર્ભમાં ઓછો થયો છે. તેમ કહી શકાય આ માટે ફ્લોરેન્સ એ બે પદ્ધતિઓ રજૂ કરી છે.

1. જે પ્રદેશનો જે ઉદ્યોગના સંદર્ભમાં સ્થાનીયકરણનો આંક શોધવાનો હોય તે ઉદ્યોગમાં તે દેશમાં કામ કરતાં કુલ કામદારોને તે પ્રદેશના તે ઉદ્યોગમાં રોકાયેલા કામદારોના ટકાવારી પ્રમાણમાં દેશના કુલ કામદારોમાં તે પ્રદેશના કુલ કામદારોને ટકાવારીના હિસ્સાથી ભાગતા સ્થાનીયકરણ આંક પ્રાપ્ત થાય છે. ધારો કે ભારતમાં સિમેન્ટના ઉદ્યોગો 80 લાખ કામદારો છે તેમાંથી 40 લાખ કામદારોએ ગુજરાત રાજ્યમાં છે એટલે કે ભારતના સિમેન્ટ ઉદ્યોગના 50% કામદારો ગુજરાતના છે. હવે ધારો કે ભારતના બધા જ ઉદ્યોગોમાં કુલ કામદારો 20 કરોડ છે અને ગુજરાતમાં બધા જ ઉદ્યોગોમાં કુલ કામદારો 80 લાખ છે. તો આ સ્થિતિમાં ગુજરાતમાં સિમેન્ટના ઉદ્યોગના સ્થાનીયકરણનો આંક આ રીતે શોધી શકાય.

$$\text{ગુજરાતમાં સિમેન્ટના ઉદ્યોગોનો સ્થાનીયકરણ આંક} = \frac{\dfrac{\text{ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગમાં કામદારોની સંખ્યા}}{\text{ભારતમાં સિમેન્ટ ઉદ્યોગમાં કામદારોની સંખ્યા}} \times 100}{\dfrac{\text{ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગમાં કામદારોની સંખ્યા}}{\text{ભારતમાં સિમેન્ટ ઉદ્યોગમાં કામદારોની સંખ્યા}} \times 100}$$

ઉપરોક્ત સમીકરણમાં ઉદાહરણ મુજબ સંખ્યા મુકતા.

$$= \frac{\dfrac{40,00,0000}{80,00,000} \times 100}{\dfrac{80,00,0000}{20,00,000,000} \times 100}$$

$$= \frac{50}{4}$$

$$= 12.5$$

= 12.5 અહીં સ્થાનીયકરણનો આંક 12.5 એટલે કે 1 કરતા વધુ આવે છે જે દર્શાવે છે કે ગુજરાતમાં સિમેન્ટના ઉદ્યોગમાં સ્થાનીયકરણ થયું છે.

2. ટકાવારી દ્વારા સ્થાનીયકરણ આંક શોધવાની પદ્ધતિ :

કોઈ એક પ્રદેશમાં કુલ કામદારોના જે તે ઉદ્યોગમાં કામ કરતા કામદારોની ટકાવારીનો હિસ્સો અને દેશની કુલ કામ કરતી વસ્તીમાં સમગ્ર દેશમાં જે તે ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું ટકાવારી પ્રમાણ આ બન્ને ટકાવારીના ગુણોત્તરથી પ્રાપ્ત થતા આંકને તે પ્રદેશનો સ્થાનીયકરણઆંક કહેવામાં આવે છે. જે આગળના ઉદાહરણ પ્રમાણે આધારિત ગુજરાત રાજ્યમાં સિમેન્ટના ઉદ્યોગોનો સ્થાનીયકરણ આંક નીચે મુજબ ગણાવી શકાય.

$$\text{ગુજરાતમાં સિમેન્ટના ઉદ્યોગોનો સ્થાનીયકરણ આંક} = \frac{\dfrac{\text{ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગમાં કામદારોની સંખ્યા}}{\text{ભારતમાં સિમેન્ટ ઉદ્યોગમાં કામદારોની સંખ્યા}} \times 100}{\dfrac{\text{ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગમાં કામદારોની સંખ્યા}}{\text{ભારતમાં સિમેન્ટ ઉદ્યોગમાં કામદારોની સંખ્યા}} \times 100}$$

ઉપરોક્ત સમીકરણમાં ઉદાહરણ મુજબ સંખ્યા મુકતા.

$$= \frac{\dfrac{40,00,0000}{80,00,000} \times 100}{\dfrac{80,00,0000}{20,00,000,000} \times 100}$$

$$= \frac{50}{4}$$

$$= 12.5$$

= 12.5 અહીં સ્થાનીયકરણનો આંક 12.5 એટલે કે 1 કરતા વધુ આવે છે જે દર્શવિ છે કે ગુજરાતમાં સિમેન્ટના ઉદ્યોગમાં સ્થાનીયકરણ થયું છે.

આમ, બન્ને પદ્ધતિમાં જવાબ એક કરતાં વધુ આવે છે તેથી કહી શકાય કે ભારતમાં ગુજરાત રાજ્યના સિમેન્ટ ઉદ્યોગોમાં ઘણું સ્થાનીયકરણ થયું છે અને ઊંચું થયું છે એમ પણ ગણાવી શકાય આથી વિરુદ્ધ જો સ્થાનીયકરણના એક કરતાં ઓછું હોય તો જે તે ઉદ્યોગ તે પ્રદેશમાં ખાસ વિકાસ પામતો નથી. તેમ આપણે કહી શકીએ છીએ.

સ્થાનીય કારણો સહગુણાંક. કોઈ એક ઉદ્યોગ કેન્દ્રને વૃત્તિ ધરાવે છે કે નહીં તે બાબત સમજવા માટે સુરેશના સ્થાને ક્રમશઃ ગુણાકારનો ખ્યાલ ઉપયોગ કરે છે.

બ્રિટિશ અર્થશાસ્ત્રી સાર્જન્ટ ફ્લોરેન્સ નામના અર્થશાસ્ત્રી કોઈ એક દેશમાં ઉદ્યોગોની વહેંચણી તથા ઉદ્યોગોનું સ્થાનીયકરણ જુદા જુદા પ્રદેશો વચ્ચે વિષમ પ્રમાણમાં થાય છે કે નહીં તેની સમજૂતી આપવા માટે આ સિદ્ધાંત આપેલો હતો. જેમાં સ્થાનિક પ્રાપ્ત કરવાની પદ્ધતિમાં ટકાવારી પદ્ધતિ દ્વારા આપણે સ્થાનીયકરણ આંક આગળ જોયો. પરંતુ બીજી એક પદ્ધતિએ સ્થાનીયકરણનો સહગુણાંક. આ સહગુણક આંક શોધવા માટે એક ઉદ્યોગમાં કામ કરતા કામદારોની સંખ્યા દેશના જુદા જુદા પ્રદેશોમાં કેટલી છે તે પહેલા પ્રાપ્ત કરવામાં આવે છે. ત્યારબાદ આ ઉદ્યોગોમાં કામ કરતાં કુલ કામદારોમાં દરેક પ્રદેશનો ટકાવારી હિસ્સો નક્કી કરવામાં આવે છે. તેને આધારે બધા ઉદ્યોગોમાં કામ કરતાં પ્રાદેશિક કામદારોને ટકાવારી બાદ કરતાં જે ધન આંક આવે તેને તે સરવાળામાં 100 વડે ભાગતા જે આંક પ્રાપ્ત થાય તેને સ્થાનીયકરણ સહગુણાંક આંક કહે છે.

ભારતમાં કુલ ઔદ્યોગિક કામદારોની સંખ્યા 10 કરોડ છે જેમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ, અને પશ્ચિમ ભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું

છે, અને આ પ્રદેશમાં કુલ કામદારોની સંખ્યા અંદાજિત ઉત્તરમાં ચાર કરોડ, દક્ષિણમાં બે કરોડ, પૂર્વમાં ત્રણ કરોડ અને પશ્ચિમમાં એક કરોડ છે. હવે ધારો કે પોલાદના ઉદ્યોગમાં ચાર કરોડ કામદારો છે. અને આ ચાર વિભાગમાં અથવા પ્રદેશોમાં તેમની સંખ્યા અનુક્રમે એક કરોડ, બે કરોડ, 50 લાખની 50 લાખ છે આમ કુલ 4 કરોડ કામદારો છે જેને 100% ગણી શકાય. આવી સ્થિતિમાં ટકાવારી અને વિચલન નીચે મુજબ ગણી શકાય.

| ક્રમ | પ્રદેશ (દિશા મુજબ) | ભારતમાં કુલ કામદારોમાં ટકાવારી હિસ્સો પ્રદેશમાં | પોલાદ ઉદ્યોગમાં કામદારોનો ટકાવારી હિસ્સો | વિચલન |
|---|---|---|---|---|
| 1 | ઉત્તર | 40 | 25 | +15 |
| 2 | દક્ષિણ | 20 | 50 | -30 |
| 3 | પૂર્વ | 30 | 12.5 | +17.5 |
| 4 | પશ્ચિમ | 10 | 12.5 | -2.5 |

જેથી ધન વિચલન (ઉત્તર-૧૫ + પૂર્વ-17.5) બન્નેનો સરવાળો 32.5 થાય છે. જેનો સ્થાનીય કરણનો સહગુણાક આંક 32.5/100 = 0.325 (ઉદ્યોગોમાં કામ કરતાં પ્રાદેશિક કામદારોને ટકાવારી બાદ કરતાં જે ધન આંક આવે તેને તે સરવાળામાં 100 વડે ભાગતા જે આંક પ્રાપ્ત થાય તેને સ્થાનીયકરણ સહગુણાંક આંક કહે છે.)

જે સ્થાનીયકરણનો સ્થાનીયકરણ સહગુણક આંક નીચો હોય તે ઉદ્યોગો દેશના જુદા જુદા પ્રદેશમાં છુટાછવાયેલા પથરાયેલા હોય છે. આથી વિપરીત જે ઉદ્યોગનો સ્થાનિક કરણ આંક ઉંચો હોય તે ઉદ્યોગનું સ્થાનીયકરણ દેશમાં કોઈએ પ્રદેશમાં કેન્દ્રિત થયેલું હોય છે. આમ ઉપરોક્ત ઉદાહરણાં સ્થાનિક સહગુણક એક કરતા ઓછો છે જેથી તેનો અર્થ થાય કે આ ઉદ્યોગ દેશના ઉદ્યોગોમાં સહજતાથી વિકસી શકે તેવો છે. ઉદ્યોગ જેવા કે મકાન બાંધકામ ઉદ્યોગ, આટા બનાવવાનો ઉદ્યોગ, ઈંટ બનાવવાનો ઉદ્યોગ વગેરેનો સહગુણક નીચો હોય છે તેથી આ ઉદ્યોગમાં પ્રસારણ વૃત્તિ વધારે જોવા મળે છે.

❖ **સિદ્ધાંતની મર્યાદાઓ :**

1. પ્રદેશના વિભાજનની મુશ્કેલી : આ સિદ્ધાંતમાં સહ ગુણાંક શોધવા માટે દેશમાં કુલ કામદારો જુદા જુદા વિભાગમાં અથવા પ્રદેશોમાં ટકાવારી હિસ્સાની ગણતરી કરવી પડે છે. તેથી તે દેશના વિભાગો કે પ્રદેશોનો વિભાજન કરવું અનિવાર્ય છે. પરંતુ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે આવું વિભાજન ક્યા ધોરણે કરવું તે સ્પષ્ટ કહી શકાતું નથી. જેથી આંકડાકીય માહિતી સંપૂર્ણ હોવાની સંભાવના ઓછી હોય છે.

2. મૂડીવાદી અર્થ વ્યવસ્થા ને જ લાગુ પડે છે : મૂડીવાદી અર્થ વ્યવસ્થા અથવા મુક્ત અર્થવ્યવસ્થામાં સ્થાનીયકરણના વલણો અથવા માત્ર વ્યક્તિ વિશ્લેષણ લાગુ પાડી શકે પરંતુ કેન્દ્રી આયોજન વાળા અર્થતંત્રમાં સ્થાનીયકરણના વલણો અને માત્રાને આ વિશ્લેષણ સમજાવી શકે નહીં.

3. માત્ર પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે : સાર્જન્ટ ફ્લોરેન્સનું ઉપયુક્ત વિશ્લેષણ અંગે પ્રવર્તમાન પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરે છે. વળી ઉદ્યોગના કેન્દ્રિકરણનો કોઈ એક સ્વરૂપ અને તેના કારણો સમજાવી શકાતા નથી. બીજું કે જુદા જુદા વિભાગોમાં અથવા પ્રદેશોમાં સાધનની ફાળવણી યોગ્ય છે કે નહીં તે બાબત અંગે પણ પ્રકાશ પ્રાપ્ત થઈ શકતો નથી.

4. સ્થાનીયકરણનો સહગુણક દરેક માટે અલગ અલગ હોય છે : સ્થાનીયકરણનો સહગુણક આંક દરેક દેશમાં ઉદ્યોગોની ભૌગોલિક વહેંચણીના સ્વરૂપ પર આધાર રાખે છે. અને દરેક દેશમાં ઉદ્યોગોની ભૌગોલિક સરખી હોતી નથી. તેથી સ્થાનીયકરણનો સહગુણાંક દરેક દેશ માટે સ્થાનિકે સંજોગો અનુસાર અલગ અલગ હોઈ શકે છે.

### 6.2.3 સ્થાનીયકરણના આધુનિક સિદ્ધાંતો :-

1. **અમેરિકન અર્થશાસ્ત્રી ડૉ. એડગર હુવર :** 1937માં સ્થાનીયકરણનો સિદ્ધાંત રજૂ કર્યો. તેમના મતે ઉત્પાદનની બજાર કિંમત નક્કી કરતી વખતે કુલ ઉત્પાદન ખર્ચમાં સ્થળાંતર ખર્ચ ઉમેરવામાં આવે છે. તેમના સમગ્ર વિશ્લેષણમાં વેબરની જેમ ખર્ચના ખ્યાલને સ્થાનીયકરણ માટે મહત્ત્વનું પરિબળ ગણાવ્યું છે. ખર્ચના પરિબળને તેમને બે વિભાગમાં વહેંચ્યું છે વાહન વ્યવહાર ખર્ચ અને ઉત્પાદન ખર્ચ હુવરની પ્રથમ તબક્કે સમજ એવી છે કે અંતરના પ્રમાણમાં વાહન વ્યવહાર ખર્ચ વધતું નથી ખરેખર તો આવા ખર્ચમાં ઉમેરો અંતરમાં વધતા પ્રમાણ કરતા ઓછો હોય છે. ઉત્પાદનના સાધનો સંપૂર્ણપણે ગતિશીલ છે. ત્યારે વાહન વ્યવહાર ખર્ચ અને ઉત્પાદન ખર્ચ નક્કી કરવામાં મહત્ત્વ નિર્ણાયક પરિબળો છે તેમ સમજાવ્યું છે.

2. **ટોડ પેલેન્ડર નો સિદ્ધાંત :** સ્વીડનના અર્થશાસ્ત્રી પેલેન્ડર સ્થાનીયકરણના સિદ્ધાંતોમાં મહત્ત્વનું પ્રદાન છે. વર્ષ 1935માં પોતાના આ સિદ્ધાંતમાં તેમને બે બાબતો સમજાવી છે એક જયારે બજાર કિંમત અને કાચા માલનું સ્થળ આપેલું હોય ત્યારે ઉત્પાદન ક્યાં શરૂ થશે અને બીજું ઉત્પાદનનું સ્થળ હરીફાઈની સ્થિતિ. તે સ્થળે થતું વસ્તુના વેચાણ માટે કેટલો વિસ્તાર મળી શકે તે સમજાવવાનો પ્રયત્ન આ સિદ્ધાંત દ્વારા કરવામાં આવેલો છે.

   આમ વેબર હુવર અને પેલેન્ડર માંગના પરિબળને સ્થિર ધારી ન્યૂનતમ ખર્ચને સ્થળ પસંદગી માટે અગત્યનું પરિબળ ગણાવ્યું છે.

3. **લોશનો આવક માંગ સબંધિત સ્થાનીયકરણનો સિદ્ધાંત :** ક્રિસ્ટલરે 1933 અને ઓગસ્ટ લોશે 1940માં ઉદ્યોગ વિસ્તાર પસંદગી અંગેના પોતાના

વિચાર રજૂ કર્યા. જેમાં બજારનું કદ અને બજારની નિકટતાના બે ખ્યાલો ને નિર્ણાયક પરિબળો તરીકે સ્વીકારી છે. લોશે ને ન્યૂનતમ ખર્ચના ખ્યાલને ફગાવી દીધો છે. બજાર વિસ્તારમાં ઉત્પાદનનું ખર્ચ એકસરખું છે અને વેપારની શરતો પણ એક સરખી છે તેવી ધારણા પણ આ સિદ્ધાંત સમજાવવામાં આવે છે. આ સિદ્ધાંત પ્રમાણે દરેક ઉત્પાદન પોતાનું સ્થળ એવું પસંદ કરશે જ્યાં તે વધુમાં વધુ બજાર હિસ્સો પ્રાપ્ત કરી શકે અને પોતાના હરીફ કરતા નીચી કિંમતે માલનું વધુ વેચાણ કરી શકે. આ સિદ્ધાંત વસ્તુની માંગ અને પેઢીનું બજાર કદ બદલાતા ઉદ્યોગનું સ્થળ પણ બદલાય છે તેમ સૂચવે છે.

4. **વોલ્ટર આઈઝાર્ડનો પરિબળોનો પારસ્પરિક સબંધ દર્શાવતો સિદ્ધાંત :** વર્ષ 1956 અને 1969ના સમય દરમિયાન સ્થાનીયકરણના સિદ્ધાંતો વોલ્ટરનો ફાળો નોંધનીય છે. સ્થાનીયકરણ સિદ્ધાંતનો લોકેશન એન્ડ સ્પેસ ઈકોનોમી વિશે વસ્તુમાં તેનું મહત્ત્વનું પ્રદાન જોવા મળે છે. અર્થશાસ્ત્રની બીજી શાખાઓ સાથે સ્થાનીયકરણને સબંધ છે તે વાતનો તેઓ સમર્થન કરે છે. આ સંદર્ભમાં તેમણે જાણીતો અવેજીનો સિદ્ધાંત ઉપયોગમાં લીધો છે. તેમણે અર્થશાસ્ત્રની સાથે સંકળાયેલા બધા પાસા ને આવરી લીધા છે. છતાં ઉત્પાદકીય પ્રવૃત્તિને જ મહત્ત્વ આપેલું છે. અગાઉના સ્થાનીયકરણના સિદ્ધાંતની જેમ અહીં પણ વાહન વ્યવહાર પરિબળને મહત્ત્વ આપ્યું છે. સ્થાનીયકરણના સિદ્ધાંત સમજાવવા માટે ત્રિકોણનો ઉપયોગ કરી આ સિદ્ધાંતની સમજૂતી આપવામાં આવેલી છે. આ સિદ્ધાંત વેબ્રનો ક્લાસિકલ સિદ્ધાંત, પેલન્ડરનો બજાર વિસ્તારનો ખ્યાલ. લોશનો કેન્દ્ર સ્થળનો સિદ્ધાંત વગેરે બાબતોને સાંકળવાનો પ્રયત્ન થયો છે. આ બધા જ પરિબળો સ્થળ પસંદગીના અવેજી પરિબળો છે.

કોઈપણ ઔદ્યોગિક એકમ સ્થાપવાનો નિર્ણય કરનાર ઉત્પાદક સમક્ષ તેના આયોજનમાં સૌપ્રથમ પ્રશ્ન એવો છે કે ઉદ્યોગ માટે ક્યું સ્થળ પસંદ કરવું કારણ કે જ્યારે ઉદ્યોગ પસંદ કરે છે. ત્યારે એના સ્થળની પસંદગી પણ મહત્ત્વની હોય છે. અને એકમના સ્થાપક માટે સ્થળ પસંદગીની સમસ્યા હોય છે કારણ કે એવી જગ્યાએ સ્થળ પસંદ કરવું પડે જ્યાં ઉત્પન્ન કરવામાં આવતી વસ્તુ ઓછામાં ઓછા ખર્ચે ઉત્પન્ન કરી શકાય અને ઓછામાં ઓછા ખર્ચે ગ્રાહકો સુધી પહોંચાડી શકાય. આમ, જુદા જુદા સ્થળે ઔદ્યોગિક એકમનું ઉત્પાદન ખર્ચ જુદો જુદો હોય છે કારણ કે જે જગ્યાએ ઉદ્યોગોના કાચો માલ હોય તે જગ્યાએથી બીજી જગ્યાએ ઉદ્યોગ તમે સ્થાપિત કરો છો તો ઉત્પાદન ખર્ચમાં થોડોક વધારો થતો હોય છે કારણ કે વાહન વ્યવહાર ખર્ચનો ઉમેરો થાય છે. પરંતુ જે જગ્યાએ કાચો માલ હોય તેના નજીકના સ્થળે ઉદ્યોગની પસંદગી કરવામાં આવે તો ઉત્પાદન ખર્ચમાં ઘણો ઘટાડો કરી શકાય છે. અને વસ્તુની કિંમતમાં ઘટાડો કરી ગ્રાહકોની માંગમાં વધારો કરી ઔદ્યોગિક એકમ નફો પ્રાપ્ત કરી શકે છે. પરંતુ ઘણા સમયે કુદરતી કે ભૌગોલિક

કારણોસર કેટલાક ઉદ્યોગો કાચા માલના સ્થળથી અન્ય કક્ષાએ કે જે જગ્યા સૌથી વધુ વાહનવ્યવહાર, સંદેશા વ્યવહારની સમલોતો કે શ્રમિકોની પ્રાપ્યતા હોય તેવી જગ્યાએ ઉદ્યોગ પસંદ કરવામાં આવતા હોય છે. દાખલા તરીકે ગુજરાતનો ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં શેરડીનું ઉત્પાદન થાય છે તો મોટાભાગે દક્ષિણ ગુજરાતમાં ખાંડના કારખાનાનો વિકાસ ઘણો વધુ થયો છે. કારણ કે ત્યાં તેમણે ઝડપથી શેરડી એટલે કે કાચો માલ પ્રાપ્ત થાય છે. અને સરળતાથી ખાંડ અને ગોળનું ઉત્પાદન કરી શકાય છે. તો અન્ય જગ્યાએ પણ ખાંડના કારખાના છે. પણ તેમણે ઉત્પાદન ખર્ચ થોડુંક વધારે આવે છે. કારણ કે તેમને વાહનવ્યવહાર ખર્ચ કરવું પડે છે. આમ કોઈપણ ઔદ્યોગિક એકમ સ્થાપવાનો નિર્ણય કરનાર ઉત્પાદકને સૌપ્રથમ ઉદ્યોગનું સ્થાન પસંદ કરવા માટેનું સૌથી મહત્ત્વનો પ્રશ્ન હોય છે જેનો યોગ્ય નિર્ણય લેવાનો હોય છે.

## 6.3 પેઢીના સ્થાન પસંદગીના વ્યવહારિક ઉદાહરણો ભારતના સંદર્ભે :

1. લોખંડ પોલાદ ઉદ્યોગ :

ભારતનો લોખંડ અને પોલાદનો ઉદ્યોગ ચાવીરૂપ ઉદ્યોગ છે. આ ઉદ્યોગના ઉત્પાદનમાંથી યંત્રો ઓજારો અને યંત્રોના નાના મોટા ભાગો બનાવવામાં આવે છે. ભારતમાં લોખંડ બનાવવાનો વ્યવસાય ઘણો જૂનો છે. સીરીયાના દમાસ્ક શહેરમાં તલવાર બનાવવા માટે લોખંડની આયાત ભારતમાંથી કરવામાં આવતી હતી. ભારતમાં લોખંડ અને પોલાદનું પ્રથમ કારખાનું તમિલનાડુમાં પોર્ટોનોવા નવા નામના સ્થળે 1830માં સ્થાપવામાં આપવામાં આવ્યું હતું. પણ કેટલાક કારણો સાથે બંધ પડી ગઈ ત્યાર પછી 1864માં પશ્ચિમ બંગાળમાં કુલટી ખાતે જ કારખાનું સ્થપાઈ જે આજે પણ ચાલુ છે. લોખંડ અને પોલાદનું મોટા ભાગનું પાયા પરનું ઉત્પાદન કરતું ઝારખંડ જમશેદપુરનું કારખાનું 1907માં શરૂ થયું ત્યાર પછી પશ્ચિમ બંગાળમાં બર્નપુર અને કર્ણાટકમાં ભદ્રાવતી ખાતે કારખાના સ્થપાયા.

સ્વાતંત્ર્ય બાદ દેશમાં ભિલાઈ, બોકારો, રાઉંકિલા, દુર્ગાપુર વિશાખાપટમ, સેલમ વગેરે સ્થળે આધુનિક અને મોટા કારખાના સ્થપાયા. લોખંડ-પોલાદ ભારે ઉદ્યોગ છે. તેમાં કાચા માલ તરીકે લોહયસ્ક, કોલસો, ચૂનાનો પથ્થર અને મેગેનીઝ કાચી ધાતુ વપરાય છે. ગુજરાતમાં હજીરા પાસે મીની સ્ટીલ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યું છે. ટાટા સિવાયના ભારતના લોખંડ-પોલાદના બધા કારખાનાનું વહીવટ સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ હસ્તક છે. લોખંડ પોલાદ ઉત્પાદનમાં વિશ્વમાં ભારતનું સ્થાન પાંચમા નંબરનું છે.

ડિસ્કોના કારખાના માટે સિંગભૂમ નજીકની કોલહન તથા આ મુંડીની ખાણોમાંથી લોહ ધાતુ મેળવવામાં આવે છે. ઓરિસ્સાની મયુરભુજની ખાણોમાંથી પણ લોહ ધાતુ મેળવવામાં આવે છે. રાણીગંજ અને જરીયાથી કોલસો લાવવામાં આવે છે. અને કેટલીક સહાય ધાતુ જેવી કે મેંગેનીઝ, ડોલોમાઈટ વગેરે પણ દૂરથી મંગાવવામાં આવે છે. આ કેન્દ્રમાં લોખંડના પતરા, રેલવેના ડબ્બા, પાટા, સ્લીપર્સ વગેરે વસ્તુ બનાવવામાં આવે છે. પણ તેનો મુખ્ય ઉત્પાદન લોખંડની શુદ્ધ ધાતુ એટલે કેટલીક આર્યન છે.

હીરાપુરમાં પીક આર્યન બને છે. આ કારખાનામાં સિંગભૂમ તથા મયુરભુજની લોહધાતુ અને રામનગર, રાણીગંજ તથા ઝરિયાના કોલસાનો ઉપયોગ કરવામાં આવે છે. ઓરિસ્સામાં આવેલું રૂરકેલા જાહેર ક્ષેત્રનું મહત્ત્વનું વિશાળ કારખાનું છે. જે જર્મનીના સહયોગથી શરૂ કરવામાં આવેલ છે. રેલમાર્ગ માટે ઉપયોગી વસ્તુ બનાવે છે. મધ્યપ્રદેશમાં આવેલું ભિલાઈનું કારખાનું રશિયન ટેકનોલૉજી તૈયાર કરવામાં આવેલું છે. બિહારમાં બાકારો નજીક લોખંડ પોલાદનું જાહેર ક્ષેત્રનું કારખાનું સ્થાપવામાં આવેલું છે. તમિલનાડુમાં સાલેમ આંધ્રપ્રદેશમાં વિશાખાપટનમ ખાતે સ્ટીલ અને પોલાદનું ઉત્પાદન કરતા વિશાળ કારખાના શરૂ કરવામાં આવેલા છે. આમ ભારતમાં જુદા જુદા રાજ્યોમાં ઉદ્યોગના સ્થળની પસંદગી તેના કાચા માલને આધારે કરવામાં આવેલી છે તેમ છતાં કેટલીક સમસ્યા જોવા મળી છે કારણ કે પીગ આર્યન, કોલસો અને વીજળીના ભાવો અનેક ઘણો વધારો થયો એ જેના કારણે કાચા માલના ઉત્પાદન ખર્ચ વધવા લાગે છે. અને વસ્તુની કિંમત પણ વધી છે તેની સાથે સાથે લોખંડ પોલાદના ઉદ્યોગની મુખ્ય સમસ્યા કોલસા છે. પરંતુ કોલસાના ભાવો અનેક ગણો વધારો કર્યો છે અને કોલસાની ગુણવત્તા પણ ઘટવા પામી છે. બીજી બાજુ વીજળીની અછત પણ છે જોકે હવે સૂર્ય ઊર્જાને કારણે કદાચ એમાં ઘટાડો કરી શકાય એવો છે. તેની સાથે સાથે લોખંડ અને પોલાદ માટે ટેકનોલૉજીનો પણ ઉપયોગ કરવામાં આવતો હોય છે. પરદેશી ટેકનોલૉજી સાથે સંચાલન શક્તિના અભાવના કારણે અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ભારતના અંદર લોખંડ પોલાદના ઉદ્યોગની સંચાલન શક્તિ બીન અસરકારક રહેવા પામી છે. રાજકીય દબાણ, ઔદ્યોગિક અશાંતિ હડતાલ વગેરેને કારણે ઉત્પાદકતા નીચી રહે છે.

2. કાપડ ઉદ્યોગ :

ભારતમાં 1430 થી 1470ના સમયગાળામાં તુર્કીસ્થાનના કારીગરોને કાશ્મીરમાં બોલાવીને તેમની મદદથી ઊનના રેસાઓનો ઉપયોગ કરી શાલ બનાવવાની શરૂઆત થઈ હતી. ભારતમાં મુઘલ જે કે 1526 થી 1571 દરમિયાન કાપડ ઉદ્યોગ અને વસ્તુના વ્યાપારને ઘણું પ્રોત્સાહન મળ્યું હતું. આ સમય ભારતમાં બંગાળ કાપડ ઉદ્યોગ કેન્દ્ર બન્યું છે. બંગાળના કાપડની માંગ અમેરિકા અને જાપાન જેવા દેશોમાં રહી હતી. ઔદ્યોગિક ક્રાંતિ પછી યુરોપના દેશોમાં કાપડ અને વસ્ત્રોની માંગ વધવા લાગી. આ માંગ સ્થાનિક કક્ષાએ પૂરી થાય તેમ નથી આવા સમયે યુરોપના દેશોએ ભારતમાંથી કાપડ અને વસ્તુને મોટા પ્રમાણમાં આયાત કરી હતી.

ભારતના કાપડ ઉદ્યોગના વિકાસમાં મહારાષ્ટ્ર અગ્રેસર છે. ભારતમાં મહારાષ્ટ્ર રાજ્ય સૌથી વધુ કપાસ ઉત્પાદન કરતું રાજ્ય છે. ભારતના કુલ સુતરાઉ કાપડ અને સુતરના ઉત્પાદનમાં મહારાષ્ટ્રનો ફાળો સૌથી વધુ અનુક્રમે 35 અને 30 ટકા જેટલો રહ્યો છે. આ ઉપરાંત ભારતમાં સૌથી વધુ કોટન મિલો એટલે 125 જેટલી મહારાષ્ટ્રમાં સ્થિત છે. મહારાષ્ટ્રમાં લગભગ 65 મિલિયન કિલો કપાસનું વાર્ષિક ઉત્પાદન થાય છે. જે દેશના કુલ ઉત્પાદનના 25% જેટલું છે દેશમાં કાપડ અને વસ્ત્ર ઉત્પાદનમાં 10.6 ટકા અને રોજગારીમાં 10.2 ટકા જેટલો ફાળો રહ્યો છે. મહારાષ્ટ્રમાં કપાસના ઉત્પાદન માટે કાળી માટીનું ફળદ્રુપ ક્ષેત્ર, સુતરના તાતણાંને અનુકૂળ ભેજવાળી આબોહવા, ઊર્જા અને વિશાળ શ્રમ બળ હોવાને કારણે કાપડ ઉદ્યોગ વિકાસ પામ્યો છે. ભારતની પ્રથમ બિલ બોમ્બે સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપની 7 જુલાઈ 1856ના રોજ મુંબઈ મહારાષ્ટ્ર ખાતે શરૂ કરવામાં આવી. મહારાષ્ટ્રને કોટન પોલીસ રાજ્ય તરીકે પણ ઓળખવામાં આવે

છે. જેમાં ઈચલકરંજી, ભિવંડી અને માલેગાંવ કાપડ ઉદ્યોગના કેન્દ્ર છે. મહારાષ્ટ્રની જેમ રાજસ્થાન પણ કાપડ ઉદ્યોગ માટે જાણીતું છે. રાજસ્થાનના પાલી, ભીલવાડ બાડમેર, જયપુર, નાથદ્વારા વગેરે વિસ્તાર કાપડ ઉદ્યોગ માટે જાણીતા છે. રાજસ્થાનના પાલી, ભીલવાડ બાડમેર, જયપુર, નાથદ્વારા વગેરે વિસ્તાર કાપડ ઉદ્યોગ માટે જાણીતા છે. રાજસ્થાનના કાપડ ઉદ્યોગમાં ભીલવાડા માટેનું મોટું પ્રદાન છે. આજે તેને ભારતના ટેક્સટાઈલ સીટી પણ કહેવામાં આવે છે. આ ઉપરાંત પાલી જિલ્લાઓમાં પણ વિકાસ ખૂબ જ સારી રીતે થવા જોવા મળ્યો છે. તેની સાથે ભારતના કાપડ ઉદ્યોગમાં જેનું અગ્રણી ફાળો છે તેવું છે તમિલનાડુ રાજ્ય. તમિલનાડુ ભારતના કાપડ ઉદ્યોગની કરોડરજ્જુ સમાન ગણવામાં આવે છે. તમિલનાડુ ભારતનું સૌથી મોટું સેક્ટર છે. ભારતની 2049 મોટી અને નાની સુતરાઉ કાપડ મિલોમાંથી 900 થી પણ વધુ મિલો તમિલનાડુમાં આવેલી છે. તમિલનાડુ ત્રીજું સૌથી મોટું સુતરાઉ કાપડનું ઉત્પાદક છે. તમિલનાડુમાં કોઈમ્બતુર, તીરુપ્પુર, ઈરોડ, કરુર, મદુરાઈ, કાકીનાડા વગેરે કાપડના ઉદ્યોગના કેન્દ્રો છે. તેનું લગભગ 700 જેટલા ડાઈંગ અને પ્રિન્ટીંગ એકમો આવેલા છે. તીરુપ્પુરના કાપડ વિકાસને ધ્યાનમાં રાખીને તેને ડોલર સીટી તેમજ કોટન સીટી તરીકે ઓળખવામાં આવે છે.

3. ખાંડ ઉદ્યોગ :

ભારતમાં ખાંડ ઉદ્યોગો ખેતી ઉપર આધારિત સૌથી મોટો ઉદ્યોગ છે. ખાંડ ઉદ્યોગ ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અને ભારતમાં ખાંડનું ઉત્પાદન વિશ્વમાં બીજા નંબર છે. 190 લાખ મિલિયન ટન ઉત્પાદનની ક્ષમતા ધરાવતી 554 જેટલી ખાંડ ફેક્ટરીઓ છે. ખાંડની આ કંપનીઓ (કારખાનાઓ) ભારતમાં 18 જેટલા રાજ્યોમાં આવેલી છે. તેમજ તેમાંની લગભગ 60 ટકા સહકારી ક્ષેત્રની છે. ગુજરાત રાજ્યમાં 65,000 ટન ની ઉત્પાદન ક્ષમતાં ધરાવતા 17 જેટલા ખાંડ કારખાનાઓ કાર્યરત છે. આ તમામ કારખાનાઓ સહકારી ક્ષેત્રના જ કારખાનાઓ છે. ગુજરાતમાં ખેતીલાયક 125 લાખ હેક્ટર જમીનમાંથી 1.90 લાખ હેક્ટર જેટલી જમીનમાં શેરડીની ખેતી થાય છે. 4.50 લાખ કરતાં પણ વધારે ખેડૂતોનો સહકારી ખાંડ મંડળીના સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવે છે. 2008-09ના વર્ષમાં 94.44 લાખ મે. ટન શેરડીનું પિલાણ કરી 10.20 લાખ મે. ટન ખાંડનું ઉત્પાદન કરેલ છે. અને 10.40 ટકા રીકવરી મેળવેલ છે. આ મંડળીઓનું કુલ ટર્નઓવર રૂા.2000 કરોડ કરતાં વધારે છે. શેરડી પિલાણ સિઝન દરમ્યાન આ મંડળીઓ 3.15 લાખ કરતાં પણ વધારે લોકોને સીધી અથવા તો આડકતરી રીતે રોજગારી પૂરી પાડે છે.

સમગ્ર ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનો વ્યાપ જુદા જુદા ક્ષેત્રોમાં વધ્યો છે. ગુજરાતમાં 65 હજાર કરતા પણ વધુ સહકારી મંડળીઓ છે, જેની સાથે 1 કરોડ 30 લાખ કરતાં વધુ સભાસદો જોડાયેલ છે. ભારત દેશના કુલ ખાંડ ઉત્પાદનમાં સહકારી ખાંડ ફેક્ટરીઓનો હિસ્સો 59.8 % રહેલો છે. માત્ર ગુજરાત જ એવું રાજ્ય છે જેમાં ખાંડ ઉદ્યોગ એક માત્ર સહકારી ક્ષેત્રે સ્થપાયો છે અને વિકસ્યો છે. ગુજરાત રાજ્યની 25 ખાંડ મંડળીઓ ગુજરાત રાજ્ય સહકારી મંડળી ખાંડ ઉદ્યોગ સંઘનું સભ્યપદ ધરાવે છે. જે પૈકી 17 ખાંડ મંડળીઓ કાર્યાન્વિત છે, જેમાં 15 મંડળીઓ દક્ષિણ ઝોનમાં છે. તથા 6 નવી ખાંડ મંડળીઓ છે, જે પ્રાથમિક તબક્કામાં છે. કાર્યરત 17 ખાંડ મંડળીઓની દૈનિક પિલાણ ક્ષમતા 65000 ટન શેરડીની છે.

4. સિમેન્ટ ઉદ્યોગ :

ભારતમાં સૌપ્રથમ સિમેન્ટ ઉત્પાદનની શરૂઆત 1904માં મદ્રાસમાં થઈ હતી ત્યારબાદ તેનો વિકાસ થતો રહ્યો છે 1912 13માં પોરબંદર અને કટની મધ્ય પ્રદેશ, રાજસ્થાન લખેટીમાં સિમેન્ટનો ઉપયોગ વધતા સિમેન્ટના ઉદ્યોગનો વિકાસ થતો ગયો છે. આયોજનની શરૂઆતમાં સિમેન્ટના 21 કારખાના હતા જેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 3.28 મિલિયન હતી. સરકારનો સિમેન્ટ ઉદ્યોગ પર સંપૂર્ણ અંકુશ હતો.

ભારત ચીન પછી વિશ્વનો બીજો સૌથી મોટો સિમેન્ટ ઉત્પાદક દેશ છે. અને વિશ્વની લગભગ 8% સ્થાપિત ક્ષમતા ધરાવે છે. ઝડપી શહેરીકરણ અને મોટાપાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ભારતના બાંધકામ ઉદ્યોગના વિસ્તરણને આગળ ધપાવી નિર્માણ સામગ્રીમાં સિમેન્ટ મુખ્ય ઘટક છે. જે દેશા વિકાસને બળ આપે છે. તે તેમાં બહારની ઘણી ટોચની સંસ્થાઓ કંપનીઓમાં આવે છે જેમ કે અલ્ટ્રાટેક સિમેન્ટ, શ્રી સિમેન્ટ, અંબુજા સિમેન્ટ, દાલમીયા ભારત, જીકે સિમેન્ટ, બિરલા કોર્પોરેશન, રામકો સિમેન્ટ, ઈન્ડિયા સિમેન્ટ લિમિટેડ, સ્ટાર સિમેન્ટ લિમિટેડ વગેરે જેવી કંપની ભારતમાં નોંધપાત્ર કામગીરી કરી રહી છે.

પ્રથમ પંચવર્ષીય યોજના (1951-66)ના આરંભકાળે દેશમાં સિમેન્ટનાં 21 કારખાનાંઓની કુલ ઉત્પાદનક્ષમતા 32.80 લાખ ટન અને ઉત્પાદન આશરે 26.92 લાખ ટન હતું. ઉદ્યોગમાં કુલ મૂડીરોકાણ રૂા.29 કરોડ હતું. તેમાં 33,000 કામદારો રોજી મેળવતા હતા. ઈ.સ. 1954માં ઉત્તર પ્રદેશ રાજ્યે સિમેન્ટનું કારખાનું સ્થાપતાં દેશમાં જાહેર ક્ષેત્રમાં સિમેન્ટનાં બે કારખાનાં થયાં હતાં. ઈ.સ. 1955માં એ.સી.સી.ના સીંદરીમાં આવેલ રાસાયણિક ખાતરના કારખાનાએ ચૂનામાં ખાતરનો આપંક (sludge)મિશ્ર કરી દેશમાં પ્રથમ વાર મિશ્ર સિમેન્ટનું ઉત્પાદન કર્યું હતું. જુલાઈ, 1956થી સિમેન્ટની વહેંચણીનું કાર્ય રાજ્ય વ્યાપાર નિગમ (state Trading Corporation - STC)ને સોંપવામાં આવ્યું હતું.

5. શણ ઉદ્યોગ :

શણ એ બીજા ક્રમે આવતો ભારતનો ઉદ્યોગ છે. શણ અને શણની બનાવેલી વસ્તુઓના ઉત્પાદનમાં ભારતનું સ્થાન બાંગ્લાદેશ પછી વિશ્વમાં બીજો ક્રમ ભારતનો છે. દેસના શણ કુલ ઉત્પાદનમાં બંગાળ લગભગ 80 % આંધ્રપ્રદેશ 10% અને બાકીનું બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, અસમ અને ત્રિપુરામાં શણનું ઉત્પાદન થાય છે. અને ઉત્પાદન કરવા પાણીની જરૂર પડે તેથી મોટાભાગની મિલો હુગલી નદી કિનારે આવેલી છે. સસ્તુ માનવબળ અને નિકાસ માટે વિમાની સુવિધાથી અહીં ઔદ્યોગિક વિકાસ થયો છે. વધુ ઉત્પાદન ખર્ચ થતા આંતરરાષ્ટ્રીય બજારમાં ક્ષણની ઘટતી જતી માંગ જેવી સમસ્યાઓનો સામનો શણ ઉદ્યોગ કરી રહ્યો છે.

વિકાસના સંદર્ભમાં પણ શરણના ઉદ્યોગનું ઘણું મહત્ત્વ છે. 205 લાખ લોકો તેમાં ઉદ્યોગમાં કામ કરે છે દેશમાં અત્યારે 73 થી પણ વધુ મિલો છે જેમાંથી 60 કરતાં પણ વધુ મિલકત પશ્ચિમ બંગાળમાં આવેલી છે. અન્ય ઉદ્યોગોની સરખામણી 12% ઉદ્યોગ હિસ્સો ધરાવે છે. શણની પેદાશોના વિશ્વના ભારતીયનો ઉદ્યોગ 32 ટકા હિસ્સો ધરાવે છે. અને વિશ્વની કુલ નિકાસ 46% ધરાવે છે. 500 કરોડ રૂપિયાનું મૂડીરોકાણ

આ ઉદ્યોગમાં થયું છે અને 1838 શણ ઉદ્યોગો, કુટીર ઉદ્યોગોમાં પણ કામ કરી રહ્યા છે, કેટલાક પ્રશ્નો પણ છે જેમાં કાચા માલનો પ્રશ્ન છે, જૂની મશીનરી અને ઉત્પાદન પદ્ધતિના પ્રશ્નો, પાકિસ્તાન, બ્રાઝિલ, ફિલિપાઈન્સ અને આફ્રિકાના કેટલાક દેશો સાથે હરિફાઈના પ્રશ્નો છે,

## 6.4 સારાંશ

વિશ્વના બધા જ દેશો જુદી જુદી રીતે ભૌગોલિકતાની દ્રષ્ટિએ તફાવત છે અને તેને આધારે ઉદ્યોગો અને વસ્તુઓનું ઉત્પાદનની પસંદગી થતી હોય છે તેવી જ રીતે ભારતની ભૌગોલિકતાની દ્રષ્ટિએ પણ વિવિધતા ધરાવે છે અને ભારતના રાજ્યો તે પ્રમાણે વસ્તુનું ઉત્પાદન કરતા હોય છે. સ્થાનીકરણના જુદા જુદા સિદ્ધાંતો દ્વારા રાષ્ટ્રમાં રાજ્યોમાં કે શહેરમાં ઉદ્યોગોના સ્થળની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે તે અંગેની માહિતી મેળવી શકાય છે. જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા જુદા જુદા ઉદ્યોગો માટે કેવી રીતે સ્થાન પસંદ કરવામાં આવે છે તે એના સિદ્ધાંતો રજૂ કરાયા છે. જેને આધારે ઉદ્યોગોના સ્થળની પસંદગી કરતા ઉદ્યોગોનો અને દેશનો સારી રીતે વિકાસ કરી શખાય છે. પરંતુ કેટલાક કારણોસર ઉદ્યોગોને જે તે સ્થળ પર કેન્દ્રિત થતા હોય છે. જેથી ઉદ્યોગોને કેન્દ્રીકરણ થતું હોય છે પરંતુ વાહનવ્યવહારની, સંદેશા વ્યવહારની સગવડને કારણે કેન્દ્રીકરણના પ્રમાણમાં ઘટાડો કરી વિકેન્દ્રીકરણ કરી અને સમગ્ર દેશમાં જુદા જુદા ઉદ્યોગો દ્વારા ઉત્પાદન આવકને રોજગારમાં વધારો કરી દેશને આર્થિક વિકાસમાં વધારો કરી શકાશે.

## 6.5 સ્વાધ્યાય :

❖ નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર આપો.

1. વેબરનો સ્થાનીયકરણનો સિદ્ધાંત વિગતે ચર્ચો.
2. સાર્જન્ટ ફ્લોરેન્સનો સિદ્ધાંત ચર્ચો.
3. સ્થાનીયકરણના સિદ્ધાંતો સમજાવો.
4. ભારતના મહત્ત્વના ઉદ્યોગોના સ્થાનીયકરણ વિષે નોંધ લખો.

❖ નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.

1. સ્થાનીયકરણના આધુનિક સિદ્ધાંતો ચર્ચો.
2. લોખંડ-પોલાદનો ઉદ્યોગની ચર્ચા કરો.
3. ખાંડ-શણના ઉદ્યોગની ચર્ચા કરો.
4. કાપડના ઉદ્યોગ વિષે માહિતી આપો.

❖ બહુ વિકલ્પ પ્રશ્નો :

(1) ઉદ્યોગ સ્થાનીયકરણના સિદ્ધાંતો સૌપ્રથમ કઈ ભાષામાં લખાયેલ હતા.

(A) જર્મન (B) અંગ્રેજી

(C) રશિયન (D) પ્રાલી

(2) વેબરે લખાયેલ પુસ્તક ક્યા વર્ષે અંગ્રેજી ભાષામાં રૂપાંતર કરાયું હતું.

(A) 1929 (B) 1931

(C) 1961 (D) 1950

(3) વેબરના મતે ઉદ્યોગના સ્થાનને અસર કરતું સૌથી મહત્ત્વનું પરિબળ ક્યું છે.

(A) સ્થળાંતર ખર્ચ (B) વીજળી ખર્ચ

(C) મજુરી ખર્ચ (D) બધાય

(4) સાર્જન્ટ ફ્લોરેન્સ જેઓ ................ના પ્રખર અર્થશાસ્ત્રી છે.

(A) જર્મની (B) બ્રિટિશ

(C) અમેરિકા (D) રશિયા

(5) કોઈ દેશના પ્રદેશના સ્થાનીયકરણના આંકનું મૂલ્ય એક........... કરતાં હોય તો તે સૂચવે છે કે તે પ્રદેશને આ ઉદ્યોગમાં સમગ્ર દેશના સંદર્ભમાં જે હિસ્સો મળવો જોઈએ.

(A) ઓછું (B) વધારે

(C) સરખું (D) એકપણ નહીં

(6) અમેરિકન અર્થશાસ્ત્રી ડૉ.એડગર હુવરે.................માં સ્થાનીયકરણનો સિદ્ધાંત રજૂ કર્યો.

(A) 1938 (B) 1937

(C) 1940 (D) 1947

(7) .............ને આવક માંગ સબંધિત સ્થાનીયકરણનો સિદ્ધાંત.

(A) વેબર (B) માર્શલ

(C) લોશનો (D) પીગું

(8) ભારતમાં લોખંડ અને પોલાદનું પ્રથમ કારખાનું............માં નાખવામાં આવ્યું.

(A) કેરલ (B) બિહાર

(C) તમિલનાડુ (D) ગુજરાત

(9) ઝારખંડ જમશેદપુરનું કારખાનું..............માં શરૂ થયું.

(A) 1903 (B) 1905

(C) 1907 (D) 1910

(10) ભારતમાં ..............નું ઉત્પાદન વિશ્વમાં બીજા નંબર છે.

(A) ગોળ (B) શેરડી

(C) મશીનરી (D) ખાંડ

❖ **સંદર્ભસૂચિ :**


(1) Industrial Economics, New Popular Prakashan, Surat, 2009-10.

(2) Industrial Economics, Creative Prakashan, Vraraval.

(3) Industrial Economics, Bharat Prakashan.

(4) Industrial Economics, Ram Prasad Publication, Hindi Language, Dr. Gupt-
https://books.google.co.in/books/about/
INDUSTRIAL_ECONOMICS_IN_HINDI-Online reading

(5) https://youtu.be/n9P77UatAtU?si=LZBMRKSZkJmM0mtH

(6) https://youtu.be/kzWjIT9Iti4?si=jVHKVeu2ch2I0XFb


❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

1. (A) જર્મન
2. (A) 1929
3. (A) સ્થળાંતર ખર્ચ
4. (B) બ્રિટિશ
5. (B) વધારે
6. (B) 1937
7. (C) લોશનો
8. (C) તમિલનાડુ
9. (C) 1907
10. (D) ખાંડ

****************

# એકમઃ 7 - ઔદ્યોગિક નીતિ

## ❖ રૂપરેખા :


7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 ઔદ્યોગિક નીતિનો અર્થ

7.3 ઔદ્યોગિક નીતિની આવશ્યકતા

7.4 1948ની ઔદ્યોગિક નીતિ

7.5 1956ની ઔદ્યોગિક નીતિ

7.6 1973ની ઔદ્યોગિક નીતિ

7.7 1977ની ઔદ્યોગિક નીતિ

7.8 1980ની ઔદ્યોગિક નીતિ

7.9 1991ની નવી ઔદ્યોગિક નીતિ

7.10 ભારત સરકારની 2023ની ઔદ્યોગિક નીતિ

7.11 સારાંશ

7.12 તમારી પ્રગતિ ચકાસો

➢ સંદર્ભ પુસ્તકો


## 7.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

➢ ઔદ્યોગિક નીતિનો અર્થ ભારતમાં ઔદ્યોગિક નીતિની આવશ્યકતા અગત્યતા અંગેની માહિતી સરળતાથી મેળવી શકશો.

➢ ભારતની 1948ની ઔદ્યોગિક નીતિ, 1956ની ઔદ્યોગિક નીતિ - આ નીતિના હેતુઓ તેમજ મર્યાદાઓ, 1973ની ઔદ્યોગિક નીતિ, 1977ની ઔદ્યોગિક નીતિ, 1980ની ઔદ્યોગિક નીતિ - ઉદ્દેશો, અર્થતંત્રની પુનઃ સુધારણા માટેનાં પગલા વગેરે સરળતાથી સમજી શકશો.

➢ ઉદારીકરણના સંદર્ભમાં રજૂ કરવામાં આવેલી 1991ની નવી ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો, ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ, 1991ની ઔદ્યોગિક નીતિ લાભ અને ગેરલાભ અંગેની સમજૂતી મેળવી શકશો.

➢ ભારત સરકારની 2023ની ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો અને તેની મુખ્ય વિશેષતાઓ

અંગેની માહિતી પ્રાપ્ય કરી શકશો.

## 7.1 પ્રસ્તાવના :

"ભારતના ઉદ્યોગો એટલા કાર્યક્ષમ હોવા જોઈએ કે સરકારની મદદ સિવાય વિશ્વ બજારમાં હરીફાઈનો મુકાબલો કરી શકે." - આર્થિક સર્વેક્ષણ - 2000-01

બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં સરકારે ઉદ્યોગોનો વિકાસ કરવા કોઈ રચનાત્મક ઔદ્યોગિક એકમોનો વિકાસ કરવા કોઈ રચનાત્મક ઔદ્યોગિક નીતિ અપનાવી ન હતી તેથી એ સમયમાં ભારતમાં ઉદ્યોગોની સ્થાપના ખાનગી પ્રયાસોને પરિણામે જ થઈ. તે સમયે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ મુક્ત વ્યાપારવાદના હિમાયતી હતા. પરંતુ જર્મન અર્થશાસ્ત્રી ફ્રેડરિક લિસ્ટે 'બાળ ઉદ્યોગો'ના રક્ષણ માટે રાજ્યની દરમિયાનગીરી દ્વારા સંરક્ષણાત્મક નીતિનો ઉપયોગ કરવાની હિમાયત કરી હતી.

1919 થી 1929ના યુદ્ધના સમયગાળા દરમિયાન રાષ્ટ્રના વિકાસને ઝડપી બનાવવાની નીતિ અમલમાં મૂકતા વર્ષ 1916માં દેશમાં એક ઔદ્યોગિક કમિશનની નિમણૂંક થઈ. આ કમિશને કરેલી ભલામણોમાં સૌથી મહત્ત્વની ભલામણ એ હતી કે ઉદ્યોગોનો વિકાસ કરવા સરકારે પગલા ભરવા પડશે એટલુ જ નહીં, તેના સિવાય ઉદ્યોગો વિકસી શકશે નહીં. એવું તારણ આ કમિશને વ્યક્ત કર્યું હતું.

ભારતે ઝડપી આર્થિક વિકાસના સાધન તરીકે આર્થિક આયોજનનો સ્વીકાર કરીને 1951માં તેને અમલમાં મૂક્યું છે. આ આર્થિક આયોજનમાં ઉદ્યોગીકરણ એ અતિ મહત્ત્વનો ભાગ ભજવવાનો હોવાથી દેશમાં યોગ્ય ઔદ્યોગિક નીતિની ખૂબ જ આવશ્યકતા રહેલી છે એટલું જ નહીં ભારતમાં ઔદ્યોગિક નીતિ ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## 7.2 ઔદ્યોગિક નીતિનો અર્થ :

ઔદ્યોગિક નીતિ એ બે શબ્દોની બનેલી પરિભાષાનો સંદર્ભ ખૂબ જ વિશાળ છે. ઔદ્યોગિક નીતિમાં ઔદ્યોગિક એકમો પર નિયંત્રણ રાખવા ઉદ્યોગીકરણના કાર્યક્રમોની અમુક રૂપરેખા પૂરી પાડવા માટે અપનાવવામાં આવતી નીતિઓ, સિદ્ધાંતો, કાયદાઓ, ઉદ્યોગો અંગે કરવેરા અને જકાતનીતિ, સરકાર તેમજ ખાનગીક્ષેત્રે વચ્ચેના સબંધો, વહીવટ તેમજ કાર્ય પ્રણાલિ, વિદેશી મૂડી અંગે સરકારનું વલણ વગેરે અનેકવિધ બાબતોનો સમાવેશ થાય છે. ઉદ્યોગીકરણના ક્ષેત્રે સરકારની કેવી અપેક્ષાઓ છે તેમજ તે કેવા પ્રકારના કાર્યક્રમો અપનાવે છે તે બધી જ બાબતો ઔદ્યોગિક નીતિ દ્વારા તારવી શકાય છે.

કોઈ એક ચોક્કસ સમયના ગાળા દરમિયાન ઔદ્યોગિક વિકાસના હેતુ પાર પાડવા માટે સરકાર દ્વારા અપનાવાતી નીતિ એટલે ઔદ્યોગિક નીતિ. બીજા શબ્દોમાં કહીએ તો ઉદ્યોગોની સ્થાપના, વિસ્તરણ, સંચાલન કામગીરી અને વિકાસ અંગે સરકારની નીતિને ઔદ્યોગિક નીતિ કહેવામાં આવે છે.

## 7.3 ઔદ્યોગિક નીતિની આવશ્યકતા (અગત્યતા) :

ભારતમાં એપ્રિલ 1951થી આયોજનપંચ અમલમાં મૂકવામાં આવ્યું છે. એ દૃષ્ટિએ દેશમાં યોગ્ય ઔદ્યોગિક નીતિ આવશ્યક બની છે. આયોજનની દૃષ્ટિ એ ભારતમાં ઔદ્યોગિક નીતિ નીચેની રીતે આવશ્યક બની છે.

- દેશમાં આર્થિક આયોજન અપનાવવામાં ભારે મૂડીરોકાણની આવશ્યકતા ઊભી થાય છે. સરકારે આ માટે પહેલ કરવી પડે છે. તેમાં જાહેર અને ખાનગી ક્ષેત્રે ક્યા ઉદ્યોગોની સ્થાપના કરવી ? ક્યા ઉદ્યોગો નો વિકાસ કરવો ? ક્યા ઉદ્યોગોને પ્રાથમિકતા આપવી ? એ મહત્ત્વની બાબત છે. જેથી આ બધી જ બાબતોની તકેદારી રાખવા માટે દેશમાં સુરેખ ઔદ્યોગિક નીતિ આવશ્યક છે.
- દેશમાં આર્થિક વિકાસ થતા એની સાથે જ ઈજારાશાહી અને આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ ન થાય એ માટે યોગ્ય ઔદ્યોગિક નીતિ આવશ્યક છે.
- દેશમાં ભૌતિક મૂડી તેમજ માનવમૂડીના સાધનો મર્યાદિત છે. આ સંજોગોમાં દેશમાં ઔદ્યોગિક વિકાસ યોગ્ય રીતે થાય તે ખૂબ જ જરૂરી છે. જો નક્કી કરેલા ક્રમ અને તેની અગ્રિમતા મુજબ ઔદ્યોગિક વિકાસ ન થાય તો દેશમાં વપરાશી વસ્તુને બદલે મોજશોખ અને સુખસગવડની વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગોની સ્થાપના થાય કે જે દેશના આયોજનને સુસંગત ન પણ હોય. ટૂંકમાં દેશમાં સાધનોનો ઈષ્ટ ઉપયોગ થાય તે માટે સુવ્યવસ્તિત ઔદ્યોગિક નીતિ ઘડાય અને તે અમલમાં મૂકાય તે અતિ આવશ્યક છે.

ભારતમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી 1948માં સૌપ્રથમ ઔદ્યોગિક નીતિ જાહેર કરવામાં આવી હતી. ત્યાર પછી મહાલનોબિસ કમિટીની ભલામણો પ્રમાણેની વ્યૂહરચના અમલમાં મૂકી શકાય જેને નહેરૂ-મહાલનોબિસ મોડેલ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે માટે 1956માં બીજી ઔદ્યોગિક નીતિ જાહેર કરવામાં આવી હતી. 1956ની ઔદ્યોગિક નીતિને પાયાની નીતિ તરીકે સ્વીકારી છે. ત્યારબાદ તેમાં 1973, 1977 અને 1980, 1985 અને 1986માં અગત્યના સુધારા થયા હતા. પરંતુ 1956ની ઔદ્યોગિક નીતિના પાયાના તત્ત્વોનો સમાવેશ એમાં અકબંધ રહ્યો હતો. વર્ષ 1991માં નવી ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકવામાં આવી હતી. જે આર્થિક ઉદારીકરણની વિચારસરણી પર આધારીત હતી.

## 7.4 1948 ની ઔદ્યોગિક નીતિ :

1948ની ઔદ્યોગિક નીતિ ભારત સરકારની પ્રથમ ઔદ્યોગિક નીતિ હતી. 6 એપ્રિલ 1948માં ભારત સરકારે પ્રથમ ઔદ્યોગિક નીતિનો ઠરાવ કર્યો હતો. આ ઔદ્યોગિક નીતિ મિશ્ર અર્થતંત્રના સિદ્ધાંત પર આધારિત હતી. દેશનો ઔદ્યોગિક પાયો મજબુત થાય એ હેતુથી આ નીતિની જાહેરાત કરવામાં આવી હતી. આ નીતિના ઠરાવમાં એવું જણાવવામાં આવ્યુ હતુ કે ઉદ્યોગોનું વિભાગીકરણ કરવુ. સંરક્ષણ, અણુશક્તિ, રેલ્વે વગેરે ઉદ્યોગોમાં રાજ્યનો ઈજારો સ્થપાયો. કોલસો, ટેલિફોન, ખનીજતેલ, લોખંડ, પોલાદ વગેરે ઉદ્યોગો ખાનગી ક્ષેત્ર હેઠળ જ્યારે કેટલાક ઉદ્યોગો ખાનગી અને જાહેરક્ષેત્ર હેઠળ ખુલ્લા મૂકાયા. આ નીતિમાં ગૃહ અને નાના ઉદ્યોગોના વિકાસને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું. એટલું જ નહીં મજૂર અને માલિકો વચ્ચેનાં સુમેળભર્યાં સબંધો જળવાય તેને પણ મહત્ત્વ આપ્યું હતું.

1948ની આ પ્રથમ ઔદ્યોગિક નીતિમાં ઉદ્યોગો પ્રત્યેના સરકારનાં સામાન્ય અને બહોળા વલણનો નિર્દેશ કરવામાં આવ્યો હતો. અને તેથી આર્થિક વિકાસના સંદર્ભમાં સરકાર વતી ઔદ્યોગિક વિકાસનાં નક્કર કાર્યક્રમની પહેલ કરવામાં આ નીતિ અસરકારક કે સફળ ન નીવડતા તેના સ્થાને બીજી ઔદ્યોગિક નીતિની આવશ્યકતા ઊભી થઈ.

## 7.5 1956 ની ઔદ્યોગિક નીતિ

બીજી પંચવર્ષીય યોજનાથી અર્થતંત્રમાં ભારે ઉદ્યોગોના વિકાસને અગત્યતા તેમજ આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ અટકાવવાની પણ આવશ્યકતા હોવાથી 30 એપ્રીલ 1956ના રોજ તે વખતના વડાપ્રધાન શ્રી નહેરૂએ ભારત સરકારની નવી ઔદ્યોગિક નીતિની સંસદમાં જાહેરાત કરી હતી.

### 7.5.1 ઉદ્દેશો હેતુઓ :

1956ની ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો નીચે મુજબ હતા.

- ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવું.
- આર્થિક વિકાસને વેગ આપવો.
- ભારે અને પાયાના ઉદ્યોગોનો વિકાસ કરવો.
- આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ અટકાવવું.
- જાહેર ક્ષેત્રનું વિસ્તરણ કરવું.
- આવક અને સંપતિની અસમાનતા ઘટાડવી.
- નાના પાયાના અને ગૃહ ઉદ્યોગોના મહત્ત્વનો સ્વીકાર કરવો.
- પ્રાદેશિક અસમાનતા હળવી કરવી.
- સહકારી ક્ષેત્રને સુદૃઢ કરવું.

1956ની આ ઔદ્યોગિક નીતિથી ઉદ્યોગોનું સુસંકલિત માળખું. તૈયાર થયું. તેમજ જાહેરક્ષેત્રને અતિ વિસ્તૃત અને મહત્ત્વની કામગીરી પ્રાપ્ત થઈ. ટૂંકમાં આયોજનના ઉદ્દેશો સિદ્ધ કરી શકાય તે પ્રકારનું સુસંકલિત માળખું 1956ની ઔદ્યોગિક નીતિમાં તૈયાર થયું.

### 7.5.2 મર્યાદાઓ :

1956ની આ ઔદ્યોગિક નીતિના ઠરાવના અમલમાં કેટલીક મર્યાદાઓ રહી જવા પામી હતી કેમ કે,

- કૃષિક્ષેત્રની અવગણના
- વણવપરાયેલી ઉત્પાદન શક્તિ
- બેરોજગારીમાં વધારો
- વધુ ખર્ચાળ અને બિનકાર્યક્ષમ ઉદ્યોગોનો વિકાસ
- ઔદ્યોગિક અશાંતિમાં વધારો
- ઈજારો અને આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ
- પ્રાદેશિક અસમાનતા

- ભાવતંત્રમાં દખલગીરી
- દેશી ઉદ્યોગોનો ઈજારો.

જો કે આ નીતિના ઠરાવે એમ પણ નોંધ્યુ હતું કે ''વાસ્તવમાં નીતિના જાહેર કરાયેલા ઉદ્દેશોમાં અપેક્ષા પ્રમાણેનાં પરિણામો જોવા મળ્યા નથી.''

## 7.6 1973 ની ઔદ્યોગિક નીતિ :

ભારતમાં 1956 થી 1973ના સમય દરમિયાન એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે દેશમાં આર્થિક વિકાસ માટે ખૂબ જ અગત્યના ઉદ્યોગો જેવા કે સિમેન્ટ, ખાતર વગેરે ક્ષેત્રે પ્રગતિ ખૂબ જ ધીમી રહી જ્યારે ખાનગી ક્ષેત્રે રહેલા ઓછાં મહત્ત્વના ઉદ્યોગોનો વિકાસ ઝડપી થયો તેથી વિદેશી હૂંડિયામણ અને દેશના સાધનોનો દુર્વ્યય વધતો ગયો. એટલું જ નહીં સરકારે નાના ઉદ્યોગોને સંરક્ષણ પૂરું પાડ્યું હોવાથી મોટાભાગના ઉદ્યોગોનો વિકાસ રૂંધાયો. આથી 1956ની ઔદ્યોગિક નીતિમાં જે ફેરફારો જાહેર કર્યા, તે 1973ની ઔદ્યોગિક નીતિ ગણાય છે. આ પરિવર્તનો પરવાના નીતિ સાથે સબંધિત રહ્યા હતા.

1973ની ઔદ્યોગિક નીતિના મુદ્દાઓમાં ખાસ કોઈ નવીનતા ન જણાઈ. જુની નીતિ થી આ નીતિ અલગ લાગતી નથી, માત્ર પુનઃ ઉચ્ચારણ જ જણાય છે. આ નીતિમાં માત્ર MRTP Act અને પરવાના નીતિમાં રહેલો વિરોધાભાસ દૂર કરવાનો પ્રયાસ થયો હતો.

## 7.7 1977 ની ઔદ્યોગિક નીતિ :

1956થી 1976ના સમયગાળા દરમિયાન જોવા મળેલ ઉપરોક્ત મર્યાદાઓને કારણે તેમજ ભારતમાં આંતરિક કસોટી પછી છેલ્લા ત્રણ દાયકાના કોંગ્રેસી શાસનને હટાવીને માર્ચ 1977માં જનતા પક્ષની સરકાર સત્તા સ્થાને આવી નવી રાજકીય પરિસ્થિતિ, નવી જરૂરિયાતો તેમજ નવા ધ્યેયોને લઈને 23મી ડિસેમ્બર 1977ના રોજ આ ઔદ્યોગિક નીતિની જાહેરાત કરવામાં આવી.

1977ની નીતિમાં નાના પાયાના અને ગૃહ ઉદ્યોગોની મુખ્ય ભૂમિકા રહી છે. સૌથી નાના ઉદ્યોગો માટેનું અનામતક્ષેત્ર 180 પરથી વધારીને 500 વસ્તુઓ માટે કરવામાં આવ્યું. આ નીતિમાં મોટા ઔદ્યોગિક એકમોને ગૌણ સ્થાન આપ્યું. જાહેરક્ષેત્રની કાયાપલટ પર ભાર મૂકવામાં આવ્યો. રોજગારીમાં વૃદ્ધિ થાય તેવા નિકાસલક્ષી ઉદ્યોગોનો વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો. એટલું જ નહિ વ્યાવસાયિક સંચાલનમાં શ્રમિકોનો હિસ્સો તેમજ મોટા ઔદ્યોગિક એકમો અંગે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા.

1977ની ઔદ્યોગિક નીતિમાં મુખ્યત્ત્વે ત્રણ દિશાનું પરિવર્તન દૃષ્ટિપાત થયું.

(અ) મોટા શહેરોથી નાના નગરો તેમજ ગ્રામીણ વિસ્તાર તરફ.

(બ) મોટા ઉદ્યોગથી નાના ઉદ્યોગો તરફ અને

(ક) ભારે ખર્ચાળ ટેકનોલૉજીથી ઓછી ખર્ચાળ ટેકનોલૉજી તરફ.

આથી એમ કહી શકાય કે આ ઔદ્યોગિક નીતિમાં સૌ પ્રથમ વ્યવસ્થિત પ્રયાસ એ કરવામાં આવ્યો કે આ પિરામિડને એકદમ ઉપરથી એકદમ નીચેની તરફ ફેરવી નાખી શકાય. જોડે અગાઉ ની 1948, 1956 અને 1973જેમાં 1973ની ઔદ્યોગિક નીતિ કરતાં 1977ની ઔદ્યોગિક નીતિમાં કેટલીક જોગવાઈઓ વધુ અસરકારક જોવા મળી હતી.

### 7.7.1 મર્યાદાઓ :

જોકે 1977ની ઔદ્યોગિક નીતિના અમલમાં કેટલીક મર્યાદાઓ સ્પષ્ટ થઈ હતી જેમ કે નાના ઉદ્યોગોને વધુ મહત્ત્વ આપવાનો મૂળભૂત ઉદ્દેશ સિદ્ધ થયો નથી. એટલું જ નહીં નાના ઉદ્યોગોની અગત્યતાનો સ્વીકાર કર્યો હોવા છતાં છઠ્ઠી યોજનામાં માત્ર 2% સાધનો આ ક્ષેત્ર માટે ફાળવવામાં આવ્યા હતા.

## 7.8 1980 ની ઔદ્યોગિક નીતિ :

જનતા સરકારને સ્થાને જાન્યુઆરી 1980માં કેન્દ્રમાં પુનઃ કોંગ્રેસ સરકારનું શાસન સ્થપાયું. 23 જુલાઈ 1980ના રોજ લોકસભામાં નવી ઔદ્યોગિક નીતિનો ઠરાવ તત્કાલીન ઉદ્યોગપ્રધાન ડૉ. ચરણજિત ચનાનાએ રજૂ કર્યો હતો.

1956ની ઔદ્યોગિક નીતિના આધારસ્તંભ ગણીને આ નીતિ ઘડવામાં આવી છે.

### 7.8.1 ઉદ્દેશો :

1980ની ઔદ્યોગિક નીતિ નીચેના મહત્ત્વના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી હતી.

1. ઉદ્યોગોની સ્થાપિત ઉત્પાદન શક્તિનો મહત્તમ ઉપયોગ કરવો.
2. પ્રાદેશિક અસમાનતા નિવારવી.
3. મહત્તમ રોજગારીનું સર્જન કરવું.
4. નિકાસલક્ષી અને આયાત અવેજીકરણના ઉદ્યોગોના વિકાસમાં ઝડપ વધારવી.
5. મહત્તમ ઉત્પાદન તેમજ ઉત્પાદકતાની પ્રાપ્તિ.
6. એગ્રો ઈન્ડસ્ટ્રીઝના વિકાસ દ્વારા ખેતીના વિકાસને ઉત્તેજન આપવું.
7. આંતરરાષ્ટ્રીય સબંધોમાં સુધારો કરવો.
8. વિકાસ પામતા નાના ઉદ્યોગોને શહેરોની સમકક્ષ મૂડીરોકાણ અને અન્યલાભ આપવા.
9. ગ્રાહકોને ઔદ્યોગિક ઉત્પાદનના ઊંચા ભાવ અને નીચી ગુણવત્તા સામે રક્ષણ પૂરું પાડવું.

### 7.8.2 અર્થતંત્રની પુનઃ સુધારણા માટેના પગલાં :

સ્થપાયેલી ઉત્પાદન શક્તિનો પૂર્ણ ઉપયોગ તેમજ ઉદ્યોગોનું વિસ્તરણ આ બે વિકસતા દેશોના ઉદ્યોગીકરણ માટેની મહત્ત્વની બાબતો છે. તેથી અર્થતંત્રની પુનઃ સુધારણા કરવા માટે આ ઔદ્યોગિક નીતિમાં નીચેના પગલાં સૂચવવામાં આવ્યા છે.

1. ઉદ્યોગીકરણ : ઉદ્યોગો એ ખેતીને પૂરક છે. તેથી ઉદ્યોગીકરણ ખેતીમાં ઉપયોગી બને તેવું (આંતર માળખું) ઊભું કરવામાં સહાયરૂપ થાય છે. તેથી આ ઔદ્યોગિક નીતિમાં એમ દર્શાવાયું છે કે 'ઉદ્યોગીકરણ શક્ય તેટલા વધારે લોકો ને પોતાનામાં આવરી લે તેવું હોવું જોઈએ.'

   આ ઔદ્યોગિક નીતિમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે ઉદ્યોગીકરણના લાભોની વહેંચણી દેશની મોટાભાગની વસ્તીને આવરી લે તેવી હોવી જોઈએ. જેથી આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ નિવારી શકાય.

2. જાહેર ક્ષેત્રે અસરકારક સંચાલન : આ ઔદ્યોગિક નીતિએ એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું પડશે કે જેથી તે "Nobody's Sector"ને બદલે 'The People's Sector' તરીકે જાહેર સાહસની ગણતરી થઈ શકે. ટૂંકમાં આ નીતિ જાહેર ક્ષેત્રમાં પ્રજાનો વિશ્વાસ પ્રસ્થાપિત થાય તેવી સ્થિતિનું નિર્માણ કરવા માંગે છે.

3. ખાનગી ક્ષેત્ર : આર્થિક સમવાયતંત્ર : આ ઔદ્યોગિક નીતિમાં એવું સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે નાના અને મોટા ઔદ્યોગિક એકમો એકબીજાના વિરોધી નહીં પરંતુ આ વિભાગો દ્વારા સુસંકલિત ઔદ્યોગિક વિકાસ થઈ શકે એ રીતે જોગવાઈઓ કરવામાં આવશે. એટલું જ નહીં આ માટે ઔદ્યોગિક રીતે જેને પછાત જિલ્લાઓ તરીકે ઓળખવામાં આવ્યા છે. તેવા વિસ્તારોમાં પૂરક નાના અને ગૃહ એકમોમાં સુક્ષ્મ એકમો (Nucleus Plants) ઊભા કરીને આર્થિક સમવાયતંત્રનો ખ્યાલ વિકસાવવામાં આવશે.

   ટૂંકમાં ઉદ્યોગ તેમજ નિયમન શક્તિનું વિકેન્દ્રિકરણ કરવામાં આ યોજના મદદરૂપ થશે.

4. ગ્રામીણ વિસ્તારોમાં ઉદ્યોગોને પ્રોત્સાહન : આ નીતિના ઠરાવમાં જણાવ્યું છે કે દેશની ગ્રામીણ વસ્તીને વધારે રોજગારી અને વધુ આવક મળે અને છતાંપણ ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિ વિષયક પર્યાવરણ સમતુલા જોખમાય નહીં તે પ્રમાણેનાં અનુકૂળ ઉદ્યોગોને ગ્રામીણ વિસ્તારમાં સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

5. નાના ઔદ્યોગિક એકમોની પુનઃ વ્યાખ્યા : આ નીતિમાં નાના ઔદ્યોગિક એકમોની મૂડીરોકાણની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. તે અનુસાર સૂક્ષ્મ એકમોની મર્યાદા રૂા.1 લાખથી વધારીને રૂા.2 લાખ નાના પાયાના એકમોની મર્યાદા 10 લાખ રૂા. થી વધારીને 20 લાખ રૂા. અને સહાયક એકમોની મર્યાદા રૂા.15 લાખથી વધારીને રૂા.25 લાખ કરવામાં આવી છે, આમ મૂડીરોકાણની મર્યાદામાં વધારો થવાને કારણે કેટલાક જુના ઔદ્યોગિક એકમો પોતાના યંત્રો, સાધનો તેમજ એકમોનું આધુનિકરણ કરી શકાય.

6. મોટા ઉદ્યોગોને રાહત : 1980ની ઔદ્યોગિક નીતિના ઠરાવમાં અદ્યતનીકરણ, તંદુરસ્ત સ્તરણ તેમજ નિકાસોને ધ્યાનમાં રાખીને મોટા ઉદ્યોગોને રાહત આપવી એવું જણાવવામાં આવ્યું છે. એટલું જ નહીં

આ મોટા ઉદ્યોગોને કરવેરામાં રાહત આપવામાં આવશે. ટેકનોલૉજીનો સ્વીકાર કરવામાં આવશે તેમજ નિકાસ કરતા ઉદ્યોગોને નિયમોમાં છૂટછાટ આપવામાં આવશે એવું જણાવવામાં આવ્યું છે.

7. ઔદ્યોગિક માંદગી અને જોડાણ અને હસ્તગત અંગે રાજ્યની નીતિ : જે ઔદ્યોગિક એકમો માંદગી અનુભવતા હોય અને તેમાં પુનઃ સુધારો થવાની શક્યતાઓ રહેલી હોય તેવા માંદા ઉદ્યોગોને કુશળ સંચાલનવાળા તંદુરસ્ત એકમો સાથે ભાળવવાની છૂટ આપવામાં આવશે. એટલું જ નહીં આવક વેરાના Section-71-A હેઠળ આવા એકમોને રાહત આપવામાં આવશે.

8. પ્રાદેશિક અસમાનતા દૂર કરવી : આ ઔદ્યોગિક નીતિના ઠરાવમાં એવું જણાવવામાં આવ્યું છે કે પ્રાદેશિક અસમાનતા દૂર કરવી અને એ માટે સરકારે વિકેન્દ્રિકરણને ભાર આપીને પછાત વિસ્તારોમાં ઉદ્યોગોની સ્થાપનાને પ્રોત્સાહિત કરવાનું જણાવ્યું છે તેમજ ખાનગી અને જાહેર ક્ષેત્રનાં રોકાણને સરકાર પ્રોત્સાહિત કરશે એવું આ ઔદ્યોગિક નીતિમાં જણાવ્યું છે.

9. સંશોધન અને વિકાસમાં રાહત : ભારતીય ઉદ્યોગોમાં મુખ્યત્ત્વે ત્રણ હેતુઓ : જેવા કે..

   - અછતવાળા સાધનોનો મહત્તમ ઉપયોગ
   - ગ્રાહકોને □ાજબી કિંમતે ગુણવત્તાવાળી વસ્તુઓની પ્રાપ્તિ.
   - નિકાસોમાં વધારો વગેરે. સિદ્ધ થાય એ માટે સરકારે સંશોધન અને વિકાસ R & D (Research and Development)ની પ્રવૃત્તિને આવકારશે. એવું આ નીતિના ઠરાવમાં જણાવવામાં આવ્યું છે તેમજ આધુનિક ટેકનોલૉજી સમાવવાની ક્ષમતા પ્રાપ્ત કરી હોય તેઓને આ પ્રકારની ટેકનોલૉજી આયાત કરવાની છૂટ આપશે અને એ દ્વારા ઔદ્યોગિક એકમોની કાર્યક્ષમતામાં સુધારો કરી શકાશે.

### 7.8.3 1980ની ઔદ્યોગિક નીતિનું મૂલ્યાંકન :

જુદા જુદા અભ્યાસુઓએ અર્થશાસ્ત્રીઓએ 1980ની ઔદ્યોગિક નીતિના વિવિધ પાસાઓની ચર્ચા જુદા જુદા દ્દષ્ટિકોણથી કરેલ છે. જેમાંથી કેટલાક મુદ્દાઓ નીચે પ્રમાણે તારવી શકાય.

1. 1980ની ઔદ્યોગિક નીતિમાં મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રો.જગદીશ ભગવતી પણ જણાવે છે કે "નિકાસ કમાણીની દ્દષ્ટિએ વિચારીએ તો ગૃહ ઉદ્યોગ માટેનો ભારતીય આયોજકોનો શ્રમપ્રધાન પધ્ધતિ અંગેનો આ દ્દષ્ટિકોણ બિનકાર્યક્ષમ અને ગેરરસ્તે લઈ જનારો છે." આમ ઝડપી ઔદ્યોગિક વિકાસ માટે આધુનિક ઉત્પાદન પદ્ધતિની હિમાયત કરવામાં આવી છે.

2. ઔદ્યોગિક નીતિના ઠરાવમાં નક્કી કરેલા ઉદ્દેશોમાં :

   (અ) આધુનિક પદ્ધતિ દ્વારા ઉત્પાદન અને

   (બ) રોજગારીની તકોમાં વૃદ્ધિ :-

   આ બન્ને હેતુઓનો સમાવેશ થાય છે. આ બન્ને હેતુએ એકસાથે સિદ્ધ થઈ શકે તેમ નથી. તેથી બેરોજગારીની સમસ્યા દૂર કરવામાં આ ઔદ્યોગિક નીતિ સંપૂર્ણ રીતે સફળ નીવડી શકે તેમ નથી. ભારત તેમજ અન્ય દેશોનો આ અંગે અનુભવ રહ્યો છે કે ઉદ્યોગીકરણ થવાની સાથે ઔદ્યોગિક રોજગારીમાં થયેલ વધારો ધીમો રહ્યો છે.

3. 1980ની ઔદ્યોગિક નીતિમાં કુટિર ઉદ્યોગોની મદદથી ગામડાઓના વિકાસ માટેની ખાસ જોગવાઈઓ કરવામાં આવી હોય તેમ જણાતુ નથી. ''આર્થર લેવીસ આ અંગે જણાવે છે કે'' ઔદ્યોગિક વિકાસ માટે ગ્રામ્ય વિભાગની વધેલી ખરીદશક્તિ મહત્ત્વનાં ઉત્તેજક તરીકેની કામગીરી બજાવે છે.

4. આ ઔદ્યોગિક નીતિ સામેની એક અતિ મહત્ત્વની ટીકા એ પણ કરવામાં આવે છે કે 1980ની ઔદ્યોગિક નીતિમાં નાના એકમોની પુનઃવ્યાખ્યા કરીને એમની મૂડીરોકાણની મર્યાદા ઉંચે લઈ જવાને પરિણામે વાસ્તવિક લઘુ ઉદ્યોગોનું રક્ષણ જોખમાય એવી શક્યતા નકારી શકાય નહીં. આના પરિણામે જે ઔદ્યોગિક એકમો શક્તિશાળી છે તે વધુ શક્તિશાળી બનશે અને નબળા એકમો વધુ નબળા બનશે.

5. 1980ની ઔદ્યોગિક નીતિમાં મોટા ઉદ્યોગને જે છૂટછાટો તેમજ રાહતો આપવામાં આવી છે તેના પરિણામે અર્થતંત્રમાં આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ તેમજ આવકની અસમાનતામાં વધારો થશે. એટલું જ નહીં વધારામાં લોકશાહીનાં વલણોને નિયંત્રિત કરવા અંગે સરકારની નીતિ કેવા પ્રકારની રહેશે તે અંગેની સ્પષ્ટતા આ નીતિમાં કરવામાં આવી નથી.

6. આ નીતિના અમલની ટીકા એ થઈ છે કે ઔદ્યોગિક પદ્ધતિમાં જે સ્વતંત્રતા અપાવી જોઈએ તે 1980ની ઔદ્યોગિક નીતિના ઠરાવ પછી પણ અપાઈ હોય એમ જણાતું નથી.

7. 1980ની ઔદ્યોગિક નીતિના અમલ સામે સૌથી મોટી ટીકા એ રહી હતી કે ઔદ્યોગિક પદ્ધતિમાં જે સ્વતંત્રતા અપાવી જોઈએ તે 1980ની ઔદ્યોગિક નીતિના ઠરાવ બાદ અપાઈ હોય તેમ જણાતુ નથી. કરવેરા, જકાતો, રાષ્ટ્રીયકૃત બેંકો, વિકાસ કોર્પોરેશનો અને સરકારનું વહીવટીતંત્ર એવી રીતે ગોઠવાયેલું હતું કે જે રોકાણ અંગેના નિર્ણયોને બજાર પરિબળોથી પ્રભાવિત થવા દેતુ ન હતું.

સરકારે દેશમાં ઔદ્યોગિક વિકાસ માટે 1948, 1956, 1973, 1977 અને 1980 એમ પાંચ ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકી છે. આ ઠરાવોમાં સરકારે કેવા પ્રકારની ઔદ્યોગિક વિકાસ માટેની વ્યૂહરચના

અપનાવવા માંગે છે તેનું પ્રતિબિંબ જોવા મળે છે. આ નીતિના ઠરાવમાં ઘણીબધી અગત્યની બાબતો જેવી કે જાહેર ક્ષેત્રનો વિસ્તાર ભારે ઉદ્યોગોનો વિકાસ, પછાત વિસ્તારોના વિકાસ માટેનાં પગલાં, ગૃહ ઉદ્યોગોના વિકાસને સ્થાન વગેરેને મહત્ત્વ મળ્યું છે. પ્રાદેશિક અસમતુલા દૂર થઈ શકે તે હેતુથી પછાત વિસ્તારોના વિકાસ પર વધુ ભાર મૂક્યો છે. જો કે આ નીતિ ઔદ્યોગિક વ્યવસ્થામાં જે સ્વતંત્રતા અપાવી જોઈએ તે આપી શકી નથી. સંભવ છે કે1991ની ઔદ્યોગિક નીતિ આ ક્ષેત્રે કાંઈક કરી શકે.

## 7.9 1991ની નવી ઔદ્યોગિક નીતિ :

"જો આ નવી ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો સિદ્ધ થશે તો વધુ ખુલ્લા કાર્યક્રમ અને ગુણવત્તા માટે જાગૃત એવા ઔદ્યોગિક ક્ષેત્રનું નિર્માણ થશે જે વૈશ્વિક સ્પર્ધાનો સામનો કરવા માટે શક્તિમાન હશે."

ધી ઈકોનોમીક ટાઈમ્સ 1980 પછી ભારતે ખૂબ જ ભારે આર્થિક કટોકટી અનુભવી છે એ સમયે ભારતની વિદેશી વિનિમય અનામત ખૂબ જ ઓછી હતી. જાન્યુઆરી 1991માં ભારત પાસે ફોરેન-એક્સચેન્જ સ્વરૂપે માત્ર 89 કરોડ ડોલર હતા. ભારત પાસે બે સપ્તાહની આયાત કરી શકાય તેટલું વિદેશી ચલણ બચ્યું હતું. 1990ના અખાતી યુદ્ધને લીધે ઓઈલના ભાવમાં ત્રણ ઘણો વધારો થયો હતો. કુવૈત પર ઈરાકના હુમલાના કારણે ભારતે તેના હજારો કામદારોને સ્વદેશ પાછા લાવવા પડ્યા હતા. પરિણામે વિદેશમાં રહીને કામ કરતાં ભારતીયો દ્વારા સ્વદેશ મોકલવામાં આવતું વિદેશી ચલણ સંપૂર્ણપણે અટકી ગયું હતું. એટલું જ નહીં ભારતમાં રહેલી રાજકીય અસ્થિરતા - મંડલ પંચની ભલામણોના વિરોધમાં ફાટી નીકળેલા જનાક્રોશે અર્થતંત્રને ડૂબાડવામાં કોઈ કરકસર રાખી નહતી.

રાક્ષસીકદના વિદેશી દેવાના બોજાના કારણે ઊભા થયેલા વિદેશી ચૂકવણીનો બોજો વધતા અર્થકારણ હચમચી ગયુ હતું. ખાનગી ક્ષેત્રના સાહસ અને સ્પર્ધાશક્તિમાં ઘટાડો થયો હતો. માંદા ઔદ્યોગિક એકમોની સંખ્યા ખાનગી અને જાહેરક્ષેત્ર બન્ને ક્ષેત્રમાં ઝડપથી વધી હતી. જાહેરક્ષેત્ર તેની પાસેથી રાખવામાં આવેલ અપેક્ષાઓ પાર પાડવામાં નિષ્પળ નિવડ્યું હતું. આવી પરિસ્થિતિમાં અર્થતંત્રને આ બધી સમસ્યાઓમાંથી બહાર લાવવા માટે તત્કાલિન પી.વી. નરસિંહરાવની સરકારે કેટલાક અપ્રિય પણ વાસ્તવદર્શી પગલાં યોજ્યા છે અને આ સાથે જ 24 મી જુલાઈ 1991માં તત્કાલિન નાણાંમંત્રી શ્રી મનમોહનસિંહે નવી ઔદ્યોગિક નીતિની રજૂઆત કરી હતી. આ ઔદ્યોગિક નીતિનાં મૂળભૂત ત્રણ તત્ત્વો છે : (અ) ઉદારીકરણ (બ) ખાનગીકરણ અને (ક) વૈશ્વિકીકરણ. આ ત્રણ તત્ત્વોના સમૂહને માળખાલક્ષી અનૂકુલન કહે છે.

આ ત્રણેય મૂળભૂત તત્વો એવો સંકેત આપે છે કે ભારત સરકાર હવે એવું માને છે કે આયોજનના છેલ્લાં દાયકા દરમિયાન ભારતમાં ઔદ્યોગિક વિકાસનો સંગીન પાયો અસ્તિત્ત્વમાં આવી ગયો છે. એટલું જ નહીં ઔદ્યોગિક ક્ષેત્રમાં ખૂબ જ વૈવિધ્ય આવ્યુ છે અને તેથી જ આજે જાહેરક્ષેત્ર એટલુ જરૂરી નથી જેટલું આયોજનની શરૂઆતના વર્ષોમાં હતું.

### 7.9.1 નવી ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો (હેતુઓ) :

"1956ના ઔદ્યોગિક નીતિના ઠરાવને નજર સમક્ષ રાખીને સરકાર ચાવીરૂપ ક્ષેત્રોમાં જરૂરી અંકુશો રાખશે." એવી જાહેરાત સાથે નવી ઔદ્યોગિક નીતીની દિશા સાવ બદલી ગઈ છે. શ્રી પી.વી. નરસિંહ રાવની સરકારે 1991માં રજૂ કરેલી ઔદ્યોગિક નીતિનો મૂળભૂત ઉદ્દેશ આમ જનતાને આર્થિક તેમજ સામાજિક ન્યાય આપવાનો છે. અને આ મુખ્ય ઉદ્દેશની સિદ્ધિ માટે ઝડપી ઔદ્યોગિક વિકાસનો નિર્ધાર કરવામાં આવ્યો છે. નવી ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

- ભારતીય નિયોજકોના કૌશલ્યનો પૂર્ણતમ ઉપયોગ કરવો.
- જાહેર સાહસોની જે ક્ષેત્રો માટે યોગ્યતા હોય તેમને તેજ ક્ષેત્રોની સોંપણી કરવી.
- ભારતની ટેકનોલૉજીના વિકાસને પ્રોત્સાહન મળે એ માટે સંશોધન અને વિકાસના (R & D) પ્રયત્નોને ઉત્તેજન આપવું.
- ઈજારાશાહી પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા માટે પ્રયત્નો કરવા (MRTP Act).
- મૂડીરોકાણના દરમાં વધારો કરવો.
- સામાજિક રાષ્ટ્રીય ઉદ્યોગક્ષેત્રની હરીફાઈનો સામનો કરવો.
- શ્રમિકોને રોજગારલક્ષી તાલીમ અને સુરક્ષાની સગવડો પૂરી પાડવી જેથી ટેકનોલૉજીકલ પરિવર્તનોથી તેમને નુકશાન થવાની શક્યતા ન રહે.
- બજારના પરિબળોને મુક્ત રીતે કામ કરવા દેવું.

ટૂંકમાં આ ઔદ્યોગિક નીતિનો ઉદ્દેશ ભારતીય ઉદ્યોગોમાં ધરખમ ઉદારીકરણ દાખલ કરવાનો અને ઉદ્યોગોને અમલદારશાહી અને કાનૂની નિયંત્રણમાંથી મુક્ત કરવાનો છે.

ઉપરોક્ત ઉદ્દેશોની સફળતા માટે આ નવી ઔદ્યોગિક નીતિમાં પ્રયોજવામાં આવેલાં પગલાઓ અગાઉની તમામ ઔદ્યોગિક નીતિઓનાં પગલાંથી જુદા છે જે આ પ્રમાણે છે.

- બિન જરૂરી અંકુશો તેમજ નિયંત્રણો દૂર કરવા તેમજ ખાનગી નિયોજકોને ઉત્પાદન તેમજ રોકાણની વધુ સ્વતંત્રતા આપવી.
- ખાનગી નિયોજકોને ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ માટે જરૂરી મૂડી સહેલાથી મળી રહે તે માટે મૂડી બજારનો વિકાસ કરવો.

### 7.9.2 1991ની ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ :

ઉપરોક્ત ઉદ્દેશોને લક્ષમાં રાખીને 1991ની ઔદ્યોગિક નીતિના ઠરાવમાં મુખ્યત્ત્વે નીચેની જોગવાઈઓ કરવામાં આવી છે.

1. પરવાના અંગે : 1991ની ઔદ્યોગિક નીતિમાં 18 ઉદ્યોગો જેવા કે કોલસો અને લિગ્નાઈટ, ખાંડ, દારૂ, પશુજન્ય ચરબીઓ અને તેલ, સિગારેટ, મોટરકાર, પ્લાયવુડ, ડ્રગ્સ અને તે માટેની સાધનસામગ્રી, સ્વાસ્થ્યને હાનિકારક રસાયણો, પેટ્રોલિયમ અને પેટ્રોલિયમ પેદાશો, પેપર અને ન્યૂઝ પ્રિન્ટ ઘરવપરાશ માટેના રેફ્રિજરેટર જેવી 18 વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલું જ નહિ 1993થી મોટરકાર મોજશોખની વસ્તુ અને ચામડું એમ ત્રણ ઉદ્યોગો પરવાના મુક્ત થતાં હવે 15 ઉદ્યોગોને જ પરવાના લેવાના રહેશે. આ સિવાયના ઉદ્યોગોમાં હવે નવા પ્રોજેક્ટ સ્થાપવા કે વિસ્તરણ માટે માત્ર માહિતી જ આપવાની રહેશે. હવે ઔદ્યોગિક સાહસિકો એ નવા પ્રોજેક્ટ અને પેતાના ઉદ્યોગોનું વિસ્તરણ કરવું હોય તો માત્ર માહિતી મેમોરેન્ડમ જ ફાઈલ કરવાનું રહેશે. ઔદ્યોગિક નીતિના આ દસ્તાવેજમાં એમ પણ દર્શાવવામાં આવ્યું છે કે ''પરવાનામાં આપવામાં આવેલી મુક્તિ અનેક પ્રગતિશીલ નાના અને મધ્યમ કદનાં ઔદ્યોગિક સાહસિકોને મદદરૂપ થશે.''

   રેલ્વે, ઓટોમેટિક એનર્જી, ખનીજતેલ જેવાં 8 ઔદ્યોગિક ક્ષેત્રો માત્ર જાહેર ક્ષેત્રો માટે અનામત રખાયા છે. 1993 થી જાહેરક્ષેત્રની અનામત યાદીમાંથી 2 ઉદ્યોગો બાદ કરતાં હવે 6 ક્ષેત્ર જ અનામત રહે છે.

   વિદેશી મૂડીની જેમ જ વિદેશી ટેકનોલૉજીનો પ્રવેશ પણ સરળ બનાવવામાં આવ્યો છે. એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે High Priority industries ઊંચી અગ્રતા ધરાવતા ઉદ્યોગો જેવા કે મેટલર્જિકલ ઉદ્યોગો, બોયલર એન્ડ સ્ટીમ જનરેટીંગ પ્લાન્ટ, ઈલેક્ટ્રિકલ ઈક્વીપમેન્ટ, ટેવિકોમ્યુનીકેશન, ઈક્વીપમેન્ટ ટ્રાન્સપોર્ટેશન, ઈન્ડસ્ટ્રીયલ મશીનરી, એગ્રીકલ્ચર મશીનરી, ઈન્ડસ્ટ્રીટયલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સમાં આપોઆપ વિદેશી ટેકનોલૉજી માટે આયાત કરવાની પરવાનગી પણ આપવામાં આવશે. ટૂંકમાં ઊંચી અગ્રતા ધરાવતા ઉદ્યોગો એવા છે કે જે મૂડીજન્ય માલસામાનનું ઉત્પાદન કરશે જેના દ્વારા અર્થતંત્રની કાર્યક્ષમતા વધારી શકશે તેમજ તદ્દન નવી ઔદ્યોગિક પેદાશો ઊભી કરવામાં સરળતા રહેશે જો કે આ ઉદ્યોગો માટે ખૂબ મોટું મૂડીરોકાણ તેમજ નવી ટેકનોલૉજીની જરૂર પડશે.

2 વિદેશી મૂડીરોકાણ અંગે છૂટછાટ : ભૂતકાળના 1973ના (Foreign Exchange Regulation Act) 'ફેરાના કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે અને તે અનુસાર હાલમાં ઉચ્ચ અગ્રામતા ધરાવતા હોય તેવા ઉદ્યોગોમાં મૂડીરોકાણ 51% પર લઈ જવામાં આવશે. વિદેશી ટેકનોલૉજી કરારોની સ્વયં મંજૂરી અને 51% ઈક્વિટી મંજૂરી માટેના ઔદ્યોગિક એકમોની યાદીમાં 34 ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફુડ પ્રોસેસિંગ ખાતરો, કૃષિયંત્રો, ટુરિઝમ, ટ્રાન્સપોર્ટેશન, સિન્થેટિક, ડિટરજન્ટ, કેમિક્લ્સ, ઈન્ડસ્ટ્રીયલ મશીનરી, સોયા પ્રોડક્ટ્સ જેવા 34

ઉદ્યોગોમાં સીધું મૂડીરોકાણ કરવામાં કોઈ પ્રકારનો અવરોધ રહેશે નહી. તેમ પણ જણાવવામાં આવ્યું છે આ ઉપરાંત વિદેશી મૂડીરોકાણની દરખાસ્તોની સાથે વિદેશી મૂડીરોકાણ આકર્ષાય તે માટે આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે ચર્ચા વિચારણા કરવા માટે તેમજ પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણને મંજૂરી આપવા માટે એક ખાસ સત્તાધારી બોર્ડની રચના કરવામાં આવશે. જો કે અહીં શરત મૂકવામાં આવી છે કે "વિદેશી ઈક્વિટી" ધરાવતી કંપનીઓ દ્વારા વિદેશોમાં મોકલનાર ડિવિડન્ડને અમુક સમયગાળામાં વિકાસ કમાણી દ્વારા સરભર કરવું પડશે.

3 ઈજારાશાહી ધારામાં છૂટછાટ :

- ઈજારાશાહી પંચની ભલામણ અનુસાર ઓગષ્ટ 1967માં The Monopolies and Restrictive Trade Practices (MRTP) Act બિન સંસદમાં રજૂ કર્યું હતુ અને સંસદે આ બિલ 18મી ડિસેમ્બર 1969ના દિવસે પસાર કર્યું અને આના આધારે 1 જૂન 1970 થી MRTP Act કાયદાનો અમલ શરૂ કર્યો. આ કાયદા અન્વયે અમુક ઉદ્યોગો જૂથોના હાથમાં થતુ આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ રોકવાની નીતિ અપનાવાઈ હતી. 1986 થી ઔદ્યોગિક નીતિથી ઔદ્યોગિકરણના લાભ કેન્દ્રીત ન થાય એ માટે રૂ.100 કરોડ કે તેથી વધુ મૂડીરોકાણ વાળા ઉદ્યોગોને આ કાયદો લાગુ પાડવામાં આવતા. આવા મોટા ઉદ્યોગોને આ કાયદો લાગુ પાડવામાં આવતો. આવા મોટા ઉદ્યોગગૃહોને નવા રોકાણ કે વિસ્તરણની મંજૂરી આપવામાં આવતી ન હતી. પરંતુ 1970 થી 1990ના 20 વર્ષના અનુભવને જોતાં નવી નીતિમાં મૂડીરોકાણની મહત્તમ મર્યાદા ત્યજી દઈ એકમોની ઈજારાશાહી અને પ્રતિબંધક રીત-રસમો ઉપર ધ્યાન રાખવાની બાબતને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ રોકાણ મર્યાદા દૂર કરવાથી દેશમાં મોટા ઉદ્યોગો શરૂ થશે તેમજ ઔદ્યોગીકરણના ધીમા પડેલા દરમાં વધારો થશે એવો એક તર્ક રહેલો છે.
- MRTP Actમાં સુધારો કરવામાં આવશે.
- ઈજારાશાહીને અંકુશિત કરવા તેમજ અવરોધક અને ગેરવાજબી ગેરરીતિઓ રોકવા અમુક ખાસ પ્રકારની જોગવાઈઓને મહત્ત્વ આપવામાં આવશે.
- MRTPના કાયદામાં જરૂરી હોય તેવા સુધારાઓ કરવામાં આવશે અને તેને કારણે MRTP કંપનીઓને નવા એકમોની સ્થાપના, એકમોનું વિસ્તરણ, વિલીનીકરણ, જોડાણ એકમ લઈ લેવું તેમજ ડિરેક્ટરોની નિમણૂંક કરવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવાની આવશ્યકતા રહેશે નહીં.
- MRTP કમિશનને અપાતી સત્તાને વ્યાપક બનાવવામાં આવશે. ઈજારાશાહી તપાસ પંચને ગેરવાજબી વેપારી રીતરસમો સામે યોગ્ય

પગલાં લેવાની સત્તા અપાશે. આ પંચ ગ્રાહક કે ગ્રાહકવર્ગની ફરિયાદને આધારે કે જાતે આવી તપાસ કરી શકશે. આ કમિશનને શિક્ષાત્મક અને વળતરાત્મક પગલા લેવાની પણ સત્તા આપવામાં આવશે.

4 જાહેરક્ષેત્રના સાહસો અંગેની નીતિ :

1991ની ઔદ્યોગિક નીતિના ઠરાવમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે ''જાહેર ક્ષેત્રનો હિસ્સો ચાલુ રહેશે પરંતુ આ જાહેરક્ષેત્રો વ્યૂહાત્મક ક્ષેત્રોમાં તેમનું પ્રાધાન્ય ટકાવી રાખે તે માટે સર્વગ્રાહી પગલાં લેવામાં આવશે.'' આ માટે આ નીતિમાં નીચે મુજબની કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.

- અમુક ઉદ્યોગો જાહેર સાહસો માટે જ અનામત રખાયા છે અને તેમાં પસંદગીના ક્ષેત્રો ખાનગીક્ષેત્ર માટે ખુલ્લા રખાશે નહીં.
- નવી ઔદ્યોગિક નીતિમાં શસ્ત્રો અને દારૂગોળો, અણુઊર્જા, ખનીજતેલ, રેલ્વે પરિવહન, કોલસો અને લિગ્નાઈટ વગેરે છ ક્ષેત્રો જાહેરક્ષેત્ર માટે અનામત રાખવામાં આવ્યા છે. જો કે આ અનામત ક્ષેત્રોની સંખ્યા અગાઉ 17 હતી જે ઘટાડીને આ નીતિમાં છ જેટલી કરાઈ છે.
- અનામત ન રાખેલ હોય તેવા ક્ષેત્રોમાં પણ જાહેર સાહસોએ પ્રવેશવું હોય તો તેમને મંજૂરી આપવામાં આવશે. જાહેર ક્ષેત્રના સાહસોમાં જે મૂડીરોકાણ કરવામાં આવ્યુ છે તેની સમીક્ષા કરાશે.
- ખાનગીક્ષેત્રે જે એકમો બિનકાર્યક્ષમ અને માંદા છે તેમના માટે BIFR (Board of Industrial Finance and Reconstruction) નામની સંસ્થા કામ કરે છે. તે માંદા જાહેર સાહસોના એકમોની સમીક્ષા કરશે. આવા જાહેર સાહસોના એકમોમાં કામ કરતા શ્રમિકોનું હિત સચવાય તેમજ તેમને સામાજિક સલામતી મળે તેવા પગલા લેવામાં આવશે.
- જાહેરક્ષેત્રની કંપનીના બોર્ડને વધુ ધંધાદારી બનાવવામાં આવશે તેમજ તેમને વધુ સત્તાઓ આપવામાં આવશે.
- જાહેર સાહસો માટે સાધનો ઊભા થઈ શકે તેમજ જનસમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન મળે તે હેતુથી જાહેર સાહસોમાં સરકારનું મૂડીરોકાણ હોય છે. તેનો કેટલોક ભાગ મ્યુચ્યુઅલ ફંડ, નાણાંકીય સંસ્થાઓ, જાહેર જનતા અને કામદારોને ભરણાં માટે આપવામાં આવશે. આ ઔદ્યોગિક નીતિના ઠરાવમાં એમ પણ દર્શાવવામાં આવ્યું છે કે આમ કરવાથી ''સાધનો ઊભા કરવાની સાથે જનતાની ભાગીદારીને પ્રોત્સાહન મળશે.''

- જો મોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ(MOU) પદ્ધતિ દ્વારા જાહેર ક્ષેત્રના એકમોની કામગીરીની સુધારણાને મહત્તમ અગત્યતા અપાશે અને વ્યવસ્થાપન પણ વધુ સ્વતંત્રતા આપીને તેમની જવાબદારીનો ખ્યાલ રાખવામાં આવશે.

5 વિદેશી ટેકનોલૉજીના કરાર અંગે :

1991ની ઔદ્યોગિક નીતિમાં વિદેશી મૂડીરોકાણની જેમ જ વિદેશી ટેકનોલૉજીની આયાતને સરળ બનાવી દેશના ઉદ્યોગોની કાર્યક્ષમતામાં વધારો કરવાનો પ્રયાસ થયો છે. આ નીતિમાં મેટલ ઉદ્યોગો, ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ, બોઈલર એન્ડ સ્ટીલ જનરેટીંગ પ્લાન્ટ, ટેલિકોમ્યુનિકેશન ઈક્વિપમેન્ટ ટ્રાન્સપોર્ટેશન ઈન્ડસ્ટ્રીયલ મશીનરી, ઈન્ડસ્ટ્રીયલ ઈન્સ્ટ્રુમેન્ટ, કેમિકલ અને ફર્ટિલાઈઝર જેવા ઉચ્ચ અગ્રતાવાળા ઉદ્યોગોમાં વિદેશી ટેકનિકલ સહાયની આયાત કરવાની પરવાનગી નીચેની મર્યાદામાં આપોઆપ મળી જશે.

- આવી રોયલ્ટી પેટે ચૂકવવાની થતી રકમ રૂ.1 કરોડની મર્યાદામાં કંપનીના ઘરેલું વેચાણના 5% તેમજ નિકાસના 8% જેટલી હોવી જોઈએ. જેની ચૂકવણી કરાર કર્યાથી 10 વર્ષના સમયગાળાના કુલ વેચાણનાં 8 % ની મર્યાદામાં રહેવી જોઈએ.

- જો ચૂકવણી કરવા માટે હૂંડિયામણની જરૂરિયાત ન હોય તો ઉપર મુજબની અગ્રતાક્રમ સિવાયના ઉદ્યોગોમાં પણ ઉપરોક્ત મર્યાદામાં વિદેશી ટેકનિકલ સેવાના કરારને આપોઆપ મંજૂરી આપવામાં આવશે.

- ભારતમાં ઉદ્યોગોમાં આધુનિક ટેકનોલૉજીકલ ગતિશીલતા લાવવા માટે ભારતીય કંપનીઓને તેમના વિદેશી ભાગીદાર સાથે ટેકનોલૉજી ટ્રાન્સફરની શરતો અંગે વાટાઘાટોની છૂટ આપવામાં આવશે.

- વિદેશી ટેકનિશિયનો રાખવા તેમજ સ્વદેશમાં વિકસાવેલી ટેકનોલૉજીના વિદેશી પરીક્ષણ માટે હવેથી અગાઉથી મંજૂરી લેવાની રહશે નહીં.

- આ ઔદ્યોગિક નીતિમાં જેમની પાસે બજાર અંગેની કુશળતા છે તેવી વિદેશી ટ્રેડીંગ કંપનીઓને દેશની નિકાસોમાં વધારો થઈ શકે તે મટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે પરિણામે નવી નવી ઔદ્યોગિક પેદાશોનું ઉત્પાદન કરવું શક્ય બનશે.

6 ઉદ્યોગોના સ્થળ અંગેની નીતિ :

1991ની ઔદ્યોગિક નીતિમાં એવું જણાવવામાં આવ્યું છે કે 10 લાખ કરતાં વધુ વસ્તી સિવાયના સ્થળે જો કોઈએ ઔદ્યોગિક એકમ શરૂ કરવું હોય તો તેની કેન્દ્ર સરકાર પાસેથી ઔદ્યોગિક મંજૂરી મેળવવાની જરૂર રહેશે નહીં. જોકે જે ઉદ્યોગો માટે પરવાના મેળવવા ફરજિયાત

હોય તેવા ઉદ્યોગો માટે આ પ્રકારની મંજૂરી મેળવવી આવશ્યક છે. 10 લાખ કરતાં વધુ વસ્તી ધરાવતા હોય તેવા સ્થળે કોમ્પ્યુટર, સોફ્ટવેર અને પ્રિન્ટીંગ, ઈલેક્ટ્રોનિક જેવા પ્રદૂષણ સર્જક ન હોય તેવા ઉદ્યોગો સિવાયના ઉદ્યોગો શહેરથી 25 કિલોમીટર બહાર હોવા જોઈએ. અને તે અગાઉથી નક્કી કરેલ ઔદ્યોગિક વિસ્તારોમાં ન હોવા જોઈએ. 10 લાખ કરતાં વધુ વસ્તી ધરાવતા શહેરો સબંધી ઉદ્યોગોના સ્થાપના સ્થળ અંગેની નીતિમાં કોઈજ ફેરફાર રહેશે નહીં.

આ ઉપરાંત ગ્રામીણ વિતારો કે પછાત વિસ્તારોમાં ઉદ્યોગો સ્થપાય તે માટે યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે અને રોકાણ માળખું એ રીતનું ઘડાશે આવું કરવા માટેનો હેતુ એ છે કે શહેરોની ગીચતા ઓછી થાય.

7 લઘુ ઉદ્યોગ અંગેની નીતિ :

24 જુલાઈ 1991ની ઔદ્યોગિક નીતિના ઠરાવમાં એવું દર્શાવવામાં આવ્યું હતું. કે "ઔદ્યોગિક અને કૃષિ રોજગારીને પ્રોત્સાહિત કરવા લઘુ ઉદ્યોગ માટે કેટલીક વસ્તુઓ અનામત રાખવાની નીતિ ચાલુ રાખવામાં આવશે. જો કે આ ઉદ્યોગો માટેની જોગવાઈ પાછળથી કરવામાં આવશે." સરકારની આ જાહેરાતને અનુલક્ષીને 6 ઓગષ્ટ 1991ના રોજ લઘુ અને અતિ લઘુ ઉદ્યોગો માટેની જે નીતિ જાહેર કરી તેમાં નીચેના મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે.

- ➢ કોઈપણ જાતના સ્થળ અવરોધ સિવાય અતિ લઘુ એકમોની મૂડી મર્યાદા વધારીને 25 લાખ રૂપિયા અને નાના એકમો માટેની મર્યાદા 1 કરોડ રૂા. કરવામાં આવી.
- ➢ રોજગારી સર્જન તેમજ ઉદ્યોગોની વિકાસ ક્ષમતાને ધ્યાનમાં લઈ સેવાક્ષેત્રને સૌપ્રથમ અતિ લઘુક્ષેત્ર તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- ➢ અતિલઘુ ક્ષેત્રના ઔદ્યોગિક એકમો માટે એક અલગ પ્રકારના પ્રોત્સાહન પેકેજની જાહેરાત કરવામાં આવી છે.
- ➢ નાના પાયાના અને અતિ લઘુ ક્ષેત્રનાં એકમોની ધિરાણની 100% જરૂરિયાત સંતોષવા માટે એક અલગ મોનિટરીંગ સેલની રચના કરવામાં આવી છે. અત્યાર સુધી સસ્તુ ધિરાણ આપવાનો જે ઝોક છે તે બદલીને પૂરતું ધિરાણ ગુણવત્તાના ધોરણે આપવા પર ભાર મૂકવામાં આવશે.
- ➢ આ નીતિમાં નાના પાયાના ક્ષેત્રે 'રિસ્ક કેપિટલ'ની પ્રાપ્તિમાં ગતિશીલતા આવે તે માટે 'લિમિટેડ પાર્ટનરશીપ એક્ટ' દાખલ કરવાની દરખાસ્ત છે.
- ➢ નાના પાયાના ક્ષેત્રમાં કાર્યરત અન્ય ઔદ્યોગિક એકમોને અન્ય એકમમાં મહત્તમ 24% સુધીની શેર ભાગીદારીની છૂટ આપવામાં આવી છે.

- નાના પાયાના ઉદ્યોગોને વિલંબિત ચૂકવણીના પ્રશ્નો ઉકેલાઈ જાય તે હેતુથી આ ઉદ્યોગોનાં બિલની ઝડપથી ચૂકવણી થાય તે માટે યોગ્ય ધારાકીય જોગવાઈ કરવાની પણ દરખાસ્ત છે.
- નાના પાયાના ક્ષેત્રની સેવામાં "SIDO" ખાતે એક 'Expert Development Center' સ્થાપવામાં આવશે.
- 'મહિલા સાહસિક'ને વિશિષ્ટ પ્રકારની તાલીમ કાર્યક્રમો દ્વારા વિશેષ સહાય આપવામાં આવશે.
- 'સમાન હેતુ માટે સહકારી સંગઠનનો અભિગમ'- સ્વીકારીને સહકારી સંસ્થાઓ, જાહેરક્ષેત્રની સંસ્થાઓ તેમજ અન્ય ધંધાદારી એજન્સીઓ દ્વારા નાના અને અતિ નાના-લઘુ એકમોએ ઉત્પાદિત કરેલ વસ્તુઓને બજાર મળી રહે તેવી નીતિ અપનાવવામાં આવશે.
- 'હેન્ડલુમ', 'હેન્ડીક્રાફ્ટ' તેમજ ખાદી અને ગ્રામોદ્યોગોના ઉત્તેજન માટે એક પેકેજ દાખલ કરવાની પણ આ નીતિમાં દરખાસ્ત છે.
- આ ઉપરાંત આ ઉદ્યોગોને નોકરશાહીની પકડમાંથી છોડાવવાની તેના પર નિયંત્રણો નાબૂદ કરવાની અને તમામ નિયમો અને નિયમનોની સમીક્ષા કરવાની ખાતરી પણ આ નીતિમાં આપવામાં આવી છે.

8. મૂડીમાલની આયાત અંગે :

આ નીતિમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો વિદેશી ઈક્વિટી દ્વારા વિદેશી હૂંડિયામણની જોગવાઈ હશે તો તેવા સંજોગોમાં મૂડીમાલની આયાતને આપોઆપ મંજૂરી મળી જશે. જો મૂડી માલની આયાત માટે વિદેશી ઈક્વિટીની ખાતરી નહીં હોય તો ઔદ્યોગિક વિકાસ ખાતામાંના 'Sectoretariat of Industrial Approvals'ની મંજૂરી આવશ્યક બનશે.

9. બ્રોડ બેન્ડની સગવડ :

જ્યાં સુધી પ્લાન્ટ અને મશીનરીમાં વધારાનું કામ કરવામાં ન આવે ત્યાં સુધી હાલના તેમજ નવા ઔદ્યોગિક એકમોને કોઈપણ ઉત્પાદન માટે બ્રોડ બેન્ડની સગવડ પૂરી પાડવામાં આવશે તેવી આ ઔદ્યોગિક નીતિમાં જોગવાઈ કરવામાં આવી છે.

### 7.9.3 1991ની ઔદ્યોગિક નીતિનું મૂલ્યાંકન :

1991 થી અમલમાં આવેલી ઔદ્યોગિક નીતિથી ભારતનાં આર્થિક ઈતિહાસમાં એક નવા યુગનો આરંભ થયો છે. આ નીતિના અમલથી સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્રનું સ્વરૂપ બદલાઈ ગયું છે એટલું જ નહીં આ નીતિના અમલથી ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની દિશામાં દેશે પ્રગતિ કરી છે. 1991ની ઔદ્યોગિક નીતિના મુખ્યત્ત્વે નીચેના લાભ અને ગેરલાભ છે.

1. 1991ની ઔદ્યોગિક નીતિના લાભ : (તરફેણની દલીલો) :

આ ઔદ્યોગિક નીતિની તરફેણમાં નીચેની દલીલો કરવામાં આવી છે.

- ❖ કાર્યક્ષમતામાં સુધારો : 'Economic and Political Weekly' નામના સામયિકમાં New Industrial Policy Questions of efficient growth and Social Objectives નામના લેખમાં J.CSandesara એમ દર્શાવે છે કે 1991ની ઔદ્યોગિક નીતિએ નીચેની રીતે કાર્યક્ષમતામાં સુધારો કરીને ઐદ્યોગિક ઉત્પાદન વધારવાના પ્રયાસો કરેલ છે.

  - ➢ પરવાના નીતિ, વિદેશી ટેકનોલૉજી, MRTP Actમાં છૂટછાટ વિદેશી રોકાણ વગેરેને કારણે પ્રોજેક્ટ માટેના સમય તેમજ ખર્ચમાં બચત કરીને તેનો ઉત્પાદક હેતુઓ માટે ઉપયોગ થાય તો તેની કાર્યક્ષમતામાં વધારો થશે.
  - ➢ જાહેર ક્ષેત્રમાં માંદા એકમોને બંધ કરવામાં આવશે તો ફાજલ પડેલા સાધનોનો વધુ ઉત્પાદન દિશાઓમાં ઉપયોગ થતા સાધન ફાળવણી વધુ કાર્યક્ષમ બનશે.
  - ➢ જાહેર ક્ષેત્ર માટે અનામત ઉદ્યોગોની સંખ્યા ઘટાડવામાં આવી છે જેથી ખાનગી ક્ષેત્રનો વિસ્તાર થશે. જાહેર ક્ષેત્રની સરખામણીમાં ખાનગી ક્ષેત્રમાં વળતરનો દર વધુ છે આથી એમ કહી શકાય કે સાધનોની ફાળવણી વધુ કાર્યક્ષમ બનશે.
  - ➢ જાહેર સાહસોના એકમોને વધુ સ્વતંત્રતા આપવામાં આવતા તેનું વ્યવસાયીકરણ થવાથી જાહેર ક્ષેત્રની કામગીરી સુધરતા કાર્યક્ષમતામાં સુધારો થશે.
  - ➢ વિદેશી મૂડી તેમજ વિદેશી ટેકનોલૉજીની આયાત અંગેની જોગવાઈઓની ચર્ચામાં ભાગ લેતા પ્રો.જે.સી. સાંડેસરા એવું જણાવે છે કે વિદેશોમાંથી મૂડી, ટેકનોલૉજી તેમજ સંચાલકીય શક્તિઓને આવકારવાની જોગવાઈઓને કારણે એકબાજુ દેશમાં અછતવાળા સાધનોનો પુરવઠો વધશે જ્યારે બીજી બાજુ ઉત્પાદનની કાર્યક્ષમતા સુધરશે.
  - ➢ ઈજારાશાહી અને પ્રતિબંધક ગેરકાયદેસરની રીતરસમો અપનાવતી કંપનીઓ સામે MRTP કમિશનને વધુ સત્તાઓ મળવાથી હરીફાઈ વધશે અને કાર્યક્ષમતામાં સુધારો થશે.

- ❖ સાધન પુરવઠામાં સુધારા : 1991ની ઔદ્યોગિક નીતિના અમલના પરિણામે દેશમાં સાધનના પુરવઠામાં વધારો થતાં ઔદ્યોગિક વિકાસ અને પરિણામે આર્થિક વિકાસ ગતિશીલ બનશે. અંકુશો અને નિયંત્રણોમાં ઘટાડો થવાથી ભ્રષ્ટાચાર ઘટશે અને જે નાણું અપ્રમાણિક અધિકારીઓ પાસે જતુ હતુ. તે ઉત્પાદન માટે ઉપલબ્ધ બનશે તેમજ કિંમત વેતન અને નફા વગેરે પર નિયંત્રણોમાં જેમ

જેમ ઘટાડો થશે તેમ તેમ ઔદ્યોગિક રોકાણ વધુ નફાકારક બનશે અને પ્રજાને વધુ બચત અને મૂડીરોકાણ કરવાની પ્રેરણા મળશે.

- ❖ હૂંડિયામણ અંગે : 1991ની નીતિની અગત્યની જોગવાઈ મુજબ કંપની જે હૂંડિયામણ ખર્ચે છે તેને શેર, મૂડી કે નિકાસ દ્વારા મેળવવાનું રહેશે. તેની રોયલ્ટીની રકમ - ચૂકવણી નિકાસ કમાણી સાથે જોડવામાં આવી છે તેથી હૂંડિયામણની કટોકટી હળવી થશે.

- ❖ નાના ઉદ્યોગો અંગે : 1991ની ઔદ્યોગિક નીતિમાં નાના ઉદ્યોગોને અનામત દ્વારા રક્ષણ આપવાને બદલે તેમની યોગ્ય રીતે હરીફાઈક્ષમતા વધારતા પગલાં લીધા છે તે ખૂબ જ આવકારદાયક છે. પુરતું અને ગુણવત્તાયુક્ત ધિરાણ પર મૂકવામાં આવેલ ભાર વધુ આવકાર્ય છે. નાના અને ગ્રામોદ્યોગના વિકાસને વેગ આપવા વિવિધ પ્રોત્સાહનો આ નીતિમાં આપવામાં આવ્યા છે જે પ્રયત્નો આવકાર્ય છે.

  1991ની ઔદ્યોગિક નીતિ જાહેર થયા પછી "The Economic Times"ના તંત્રી લેખે એમ દર્શાવ્યુ હતું કે "જો આ નવી ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો સિદ્ધ થશે તો વધુ ખુલ્લા કાર્યક્ષમ તેમજ ગુણવત્તા માટે જાગૃત ઔદ્યોગિક માળખાનું નિર્માણ થશે જે વૈશ્વિક સ્પર્ધાનો સામનો કરવા માટે શક્તિમાન બનશે. પરંતુ ઘણાં લાંબા સમયથી સંરક્ષણની ટેવ પડેલા આપણાં ઉદ્યોગો આ નીતિ અંગે કેવા પ્રતિભાવો આપશે એ એક મહત્ત્વની બાબત છે."

2. 1991ની ઔદ્યોગિક નીતિના ગેરલાભ : (વિરુદ્ધની દલીલો) :

ઉપરોક્ત ચર્ચાને આધારે એવુ ફલિત થાય છે કે સમગ્ર અર્થતંત્રની દૃષ્ટિએ આ ઔદ્યોગિક નીતિ લાભદાયી છે. પરંતુ આ નીતિના પરિણામો સમાજનાં કેટલાક વર્ગ માટે કષ્ટદાયક હોઈ શકે આ નીતિના ગેરલાભો આ પ્રમાણે છે.

- ❖ વિદેશી ટેકનોલૉજીની મર્યાદાઓ : વિદેશી ટેકનોલૉજીની ટીકા કરતાં પરાંજપે એમ દર્શાવે છે કે આપણાં ઉદારીકરણનો એક અગત્યનો હેતુ દેશના શ્રમના વધુ પડતા પુરવઠાને અસરકારક રીતે રોકવાનો છે. પરંતુ વિદેશી ટેકનોલૉજી મૂડી પ્રચુર હોવાથી રોજગારી સર્જનમાં તે નિષ્ફળ જાય છે. એટલું જ નહીં આયાત થતી ટેકનોલૉજી ત્વરિત ઉપયોગી હોવાના બદલે જૂની સેકન્ડ હેન્ડ અને કાળગ્રસ્ત હોય તો તે ઔદ્યોગિક વિકાસ માટે અસંગત રહેશે.

- ❖ રોજગારી સર્જન અંગે ઉપેક્ષા : 1991ની ઔદ્યોગિક નીતિમાં અદ્યતન ટેકનોલૉજી સાથે વિકાસના મુદ્દાને વધુ મહત્ત્વ અપાયું છે. જ્યારે રોજગારીક્ષેત્રની અવગણના કરવામાં આવી છે. આ નીતિમાં હરીફાઈમાં ટકવા માટે કંપનીએ અદ્યતન મૂડીપ્રધાન ટેકનૉલૉજીને સ્વીકારવી પડે છે. એના પરિણામે રોજગારીની તકોનું સર્જન ઓછું થવાથી બેરોજગારીનો પ્રશ્ન તીવ્ર બને છે.

❖ નાના ઉદ્યોગો પર વિપરીત અસર : નાના ઉદ્યોગોને દેશની તેમજ વિદેશી મોટી મોટી કંપનીઓની હરીફાઈનો ડર રહેતો હોય છે. આ નીતિ અગાઉના નાના ઉદ્યોગોને જેટલી સગવડો મળતી હતી તે હવે આ નીતિમાં મળવાની નથી. 1991ની ઔદ્યોગિક નીતિમાં નાના ઉદ્યોગોને પૂરતુ સમયસર ધિરાણ મળી રહે તેવો વિશ્વાસ આપવામાં આવ્યો છે. પરંતુ આ ધિરાણ સસ્તા વ્યાજના દરે મળશે એવી સ્પષ્ટતા કરવામાં આવી નથી. એટલું જ નહીં પરંતુ નાના ઉદ્યોગો કે જે મૂડી અને ટેકનોલૉજીની દૃષ્ટિએ નિર્બળ છે તેવા ઉદ્યોગો આ વિશાળકાય ઉદ્યોગોનો સામનો કરી શકે તેમ નથી તેથી આવા નાના ઉદ્યોગો કાં તો મોટા ઉદ્યોગોના વર્ચસ્વ નીચે આવી જશે અથવા તો આ ઉદ્યોગો નાશ પામશે.

❖ આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ : 1991ની ઔદ્યોગિક નીતિમાં MRTP Act હેઠળની ઈજારાશાહીને નિયંત્રિત કરતી રોકાણ મર્યાદા નાબૂદ કરવામાં આવી છે એના પરિણામે મોટા ઉદ્યોગગૃહોના હાથમાં તેમજ બહુરાષ્ટ્રીય કંપનીઓના હાથમાં આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ વધવાની પૂરેપૂરી શક્યતા છે. જે તે ક્ષેત્રની મોટી-વિશાળકાય કંપનીઓને કારણે નાની કંપનીઓનો વિકાસ રૂંધાશે. આમ આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ કરીને ખૂબ નફો મેળવતી રીત-રસમો અમલમાં મૂકશે.

❖ પ્રાદેશિક અસમાનતામાં વધારો : આ નીતિમાં લાયસન્સ નીતિ તેમજ અન્ય ક્ષેત્રોમાં આર્થિક ઉદારીકરણ આવતા પ્રાદેશિક અસમાનતા વધશે. જે પ્રદેશોમાં આંતરમાળખું સારુ હશે. સ્થાનીયકરણનાં પરિબળો અનુકૂળ હશે અને જે પ્રદેશો વિકસિત હશે ત્યાં જ ઉદ્યોગોની સ્થાપના થશે જ્યારે પછાત પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસના લાભ ઓછા મળવાથી ત્યાં ઉદ્યોગ ઓછા સ્થપાશે પરિણામે પ્રાદેશિક અસમાનતા વધશે.

❖ અન્ય : 1991ની ઔદ્યોગિક નિતિના ઉપર જણાવેલ ગેરલાભ ઉપરાંત કેટલાક અન્ય પ્રશ્નો પણ સર્જાયા છે. જેવા કે : વિદેશીઓ પરના અવલંબનમાં વધારો, સુખસગવડ અને મોજશોખની ચીજવસ્તુઓના ઉત્પાદન તરફ વધુ ઝોક લક્ષ્યાંક કરતા ઓછું રોકાણ, વિમૂડીરોકાણ, (Disinvestment) લક્ષ્યાંક કરતાં ઓછું થયું છે. ચીન અને દક્ષિણ એશિયાના દેશોની માલના લાદણ જેવી નીતિઓ, દેશનાં રમકડાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ બનાવતા ઉદ્યોગને મુશ્કેલીમાં મૂકી દીધા છે. આંતરિક બચતોમાં ઘટાડો થશે. આ નીતિમાં નિયંત્રણોમાં ઘટાડો થતાં બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતનાં બજારનો લાભ લેવા વિકાસને બદલે વપરાશના ઉદ્યોગોમાં આવતા વપરાશવૃત્તિમાં વધારો થાય છે વગેરે.

❖ **સમીક્ષા :**

નવી નીતિના અમલ સાથે રાજકારણીઓના બહાર આવતા મોટા આર્થિક કૌભાંડો એ પણ આર્થિક નીતિઓ સામે પડકારો ઊભા કર્યા છે. સત્તા ટકાવવા આર્થિક નિર્ણયો પણ રાજકીય રંગે લેવાઈ રહ્યા છે. જે લાંબાગાળાની ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા માટે અવરોધક છે. વેપાર તુલાની ખાદ્ય વધી. હૂંડિયામણની અનામતોની સધ્ધરતા ઘટાડી નાણાના બાહ્ય મૂલ્યમાં ઘટાડો થવાનું વલણ વધ્યું છે. આથી જ પ્રો.એચ.કે.પંજાજયેના મતે "આધુનિક ટેકનોલૉજી જેમાં આવશ્યક નથી તેમાં તથા ઊંચી અગ્રતાવાલા ઉદ્યોગોમાં પણ કેટલાક એવા ઉદ્યોગો છે કે જે દેશની મૂડી દ્વારા સ્થપાઈ. કાર્યક્ષમ કામગીરી બજાવે છે તેમાં વિદેશી મૂડીને આવકારવાની નીતિ અયોગ્ય છે."

સમગ્ર રીતે જોતાં નવી ઔદ્યોગિક નીતિ આવકારદાયક છે. જેમાં બજારતંત્ર પરનો વધારે ઝોક નિયંત્રણો દૂર કરવા માટેનો હિંમતભર્યા પ્રયાસ તેમજ ભારતીય અર્થતંત્રના આધુનિકરણ દ્વારા તેને વિશ્વના અર્થકારણ સાથે સંકલિત કરવાનો પ્રયાસ જોવા મળે છે. જો આ પગલાં સફળ નીવડશે તો ભારતમાં વધારે મુક્ત, ગુણવત્તા સભર, કાર્યક્ષમ અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્પર્ધા કરી શકે તેવું ઔદ્યોગિક ક્ષેત્ર અમલમાં આવશે.

## 7.10 ભારત સરકારની 2023ની ઔદ્યોગિક નીતિ :

કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયે 1991ની નીતિને બદલવા માટે 2023ની નવી ઔદ્યોગિક નીતિનો ડ્રાફ્ટ બહાર પાડ્યો. આ ઔદ્યોગિક નીતિ મુખ્યત્ત્વે કોવિડ-19 રોગચાળાને કારણે આર્થિક પ્રવૃત્તિમાં આવેલા વિક્ષેપો તેમજ અનિશ્ચિતથાઓ અને પુરવઠા શૃંખલાઓમાં વિક્ષેપોને કારણે આવતા ચઢાવ-ઉતારને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવી છે. તાજેતરના વર્ષોમાં ભારત અન્ય દેશોની જેમ ઔદ્યોગિક નીતિ માટે નવા અભિગમની જરૂરિયાત સાથે ઝઝૂમી રહ્યું છે જે સતત આર્થિક વિકાસને સરળ બનાવી શકે અને રાષ્ટ્રને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્રમાં પરિવર્તિત કરી શકે.

### 7.10.1 ઉદ્દેશો :

ભારત સરકારની ઔદ્યોગિક નીતિ 2023ના મુખ્યત્ત્વે બે ઉદ્દેશો છે.

1. રાષ્ટ્રીય સ્તરે આર્થિક પ્રવૃત્તિની ગતિ વધારવી અને
2. ઔદ્યોગિક ક્ષેત્રને સ્થિરતા પ્રદાન કરવી અને એ માટે એક મિકેનિઝમ્સ તૈયાર કરવું.

### 7.10.2 ઔદ્યોગિક નીતિ 2023ના ડ્રાફ્ટમાં જરૂરી સુધારાઓ :

ભારતમાં 1991ની ઔદ્યોગિક નીતિ સામેના કેટલાક પડકારો હતા જેવાકે ભારતીય અર્થતંત્ર કૃષિપ્રધાનમાંથી ઔદ્યોગિક અને સેવાઓ દ્વારા સંચાલિત અર્થતંત્રમાં પરિવર્તિત થયું છે. જેથી મોટાપાયે શ્રમનું શોષણ થવા લાગ્યું છે. આ ઉપરાંત IT તેમજ નાણાંકીય સેવાઓ જેવા ઉચ્ચ કુશળ સેવા સંચાલિત ઉદ્યોગોમાં અને બાંધકામ ક્ષેત્રમાં કેન્દ્રીત થતા દેશમાં બેરોજગારીનું સંકટ સર્જાયું છે. એટલું જ નહીં ભારતમાં 80% થી વધુ કર્મચારીઓ અનૌપચારિક ક્ષેત્રમાં રોકાયેલા છે.

ભારતના વિકાસના માર્ગ નિર્ણાયક વિકાસના તબક્કાઓને છોડીને રીટેલ ઉત્પાદન નિર્વાહ, આરોગ્ય સંભાળ, શિક્ષણ અને આવાસ સહિતના વિવિધ ક્ષેત્રોમાં પ્રવેશતા સમગ્ર ક્ષેત્રમાં અસંતુલન ઊભુ થાય છે. શિક્ષણમાં IT, IIT, ITI અને IIM જેવી કેટલીક સંસ્થાઓ ટોચના સ્નાતકો, તૈયાર કરે છે. જેથી આ સ્નાતકોની આવક વધી રહી છે જ્યારે અન્ય વર્ગની આવકમાં એટલો વધારો થતો નથી તેથી આવકની અસમાનતામાં વધારો થયો છે. તેમજ ઉચ્ચ આવક ધરાવતી શહેરી વસ્તીની તરફેણમાં કલ્યાણના લાભોની વહેંચણી થઈ છે. જે દેશમાં ભારે વિષમતા સર્જે છે. આ સંદર્ભમાં વર્ષ 2023ની ઔદ્યોગિક નીતિના ડ્રાફટમાં કેટલાક જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા છે. જેવા કે :

- Development Finance Institution (DFI) ઓછા ખર્ચે ધિરાણ આપવા માટે ભારતના ફોરેક્સ રિઝર્વનો ઉપયોગ કરીને એક DFI બનાવવી જોઈએ અને અદ્યતન તકનીકી ક્ષેત્રોમાં કંપનીઓને પ્રોત્સાહિત કરવા માટે ટેકનોલૉજી ફંડ બનાવવું જોઈએ.
- વન નેશન - વન સ્ટાન્ડર્ડ : વન નેશન વન સ્ટાન્ડર્ડ એ ગુણવત્તા યુક્ત ઉત્પાદનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપે છે અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં નવીનતા માટે દબાણ કરે છે.
- મેગા કલસ્ટર્સ : વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ સાથે સંકલન કરવા અને નાના વ્યવસાયોને કોર્પોરેટ બોન્ડ અને માર્કેટ સુધી પહોંચાડવામાં મદદ કરવા માટે મેગા ક્લસ્ટર વિકસાવવાની યોજનાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્તમાન વૈશ્વિક ગતિશીલતાનો સામનો કરવા માટેની નીતિ : આબોહવા પરિવર્તન, ગ્રીન એનર્જી પ્રતિબદ્ધતાઓ તેમજ પશ્ચિમની ચીન - પ્લસ-વન વ્યૂહરચના સાથે વ્યવહારનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.
- સૂક્ષ્મ, નાના અને મધ્યમ સાહસો : MSMES માટે યુનિવર્સલ એન્ટરપ્રાઈઝ ID એ તેમની ક્રેડિટ રેટીંગ પદ્ધતિ છે જે Name ક્લસ્ટર ફાઈનાન્સિંગ મોડેલને વધુ મજબુત બનાવવામાં મદદ કરશે.

### 7.10.3 ઔદ્યોગિક નીતિ 2023ની મુખ્ય વિશેષતાઓ :

- મેક ઈન ઈન્ડિયા : પોલિસીનો ઉદ્દેશ સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપીને વિદેશી રોકાણને આકર્ષીને ભારતને મેન્યુફેક્ચરીંગ હબમાં પરિવર્તન કરવાનો છે તે ઉદ્યોગોને દેશમાં ઉત્પાદન એકમો સ્થાપવા માટે પ્રોત્સાહિત કરે છે.
- સ્માર્ટ ટેકનોલૉજી : આ નવી નીતિમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT) આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને રોબોટિક્સ જેવી આધુનિક તકનીકનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તકનીકો ઉત્પાદનમાં ઉત્પાદકતા અને સ્પર્ધાત્મકતા વધારે છે.

➢ વ્યવસાય કરવાની સરળતા : નિયમનકારી પ્રક્રિયાઓને સરળ બનાવવી અને અમલદારશાહી અવરોધોને ઘટાડવા એ બે આવશ્યક ઘટકો છે. સુવ્યવસ્થિત મંજુરીઓ અને લાઈસન્સ એ વધુ રોકાણ આકર્ષવા માટે મદદરૂપ સાબિત થાય છે.

➢ ક્ષેત્રીય મિશન : સેમિકન્ડક્ટર મિશન અને ગતિશક્તિ જેવી પહેલ ચોક્કસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એટલું જ નહીં વૃદ્ધિ અને નવીનતાને પ્રોત્સાહન આપે છે.

### 7.10.4 નીતિ સબંધિત ચિંતાઓ :

➢ વૈશ્વિક પ્રવાહો અને ટ્રાન્સફર : વિશ્વભરમાં તકનીકી વિક્ષેપ આર્થિક સ્થિરતા અને ભૌગોલિક રાજકીય સ્પર્ધાને કારણે બજાર સંચાલિત અભિગમો પુર્નવિચારણા થઈ રહી છે.

➢ ચીનનો ઉદય : ચીનના ઝડપી ઔદ્યોગિકરણે પ્રેરણા અને ચિંતા બન્ને જન્માવ્યા છે. જેમ જેમ તે વૈશ્વિક ઉત્પાદન પાવર હાઉસ બની રહ્યું છે તેમ તેમ અન્ય દેશો તેમની પોતાની વ્યૂહરચનાનું પુનઃ મૂલ્યાંકન કરી રહ્યા છે.

➢ તકનીકી ફેરફારો : ઓટોમેશન, ડિજિટલાઈઝેશન અને ઈન્ડસ્ટ્રી 4.0 સરકારની સંડોવણીની જરૂરિયાતને અન્ડરસ્કોર કરે છે. ઔદ્યોગિક નીતિઓ આર્થિક પ્રવૃત્તિઓને આકાર આપી શકે છે. નવીનતામાં વધારો કરી શકે છે. અને ઉત્પાદકતામાં વધારો કરી શકે છે.

➢ નબળો મેન્યુફેક્ચરીંગ બેઝ : વિશ્વભરના દેશો જાણે છે કે સતત આર્થિક વિકાસ કરવો હોય તો મજબૂત ઉત્પાદન ક્ષેત્ર નિર્ણાયક છે. મજબૂત ઉત્પાદન આધાર વિના કોઈપણ મોટી અર્થવ્યવસ્થા દ્વારા ગરીબી ઘટાડવી અથવા લાંબાગાળાની સમૃદ્ધિ હાંસલ કરી શકાય નહીં.

ભારતની તાજેતરની મેન્યુફેક્ચરીંગ પુશ જેમાં ''મેક ઈન ઈન્ડિયા'' જેવી પહેલનો સમાવેશ થાય છે જે વૈશ્વિક પ્રવાહો સાથે સંરેખિત છે.

➢ પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ (PLI) આ સ્કીમને ઘણીવાર ઔદ્યોગિક નીતિના પ્રેરક તરીકે જોવામાં આવે છે તે મુખ્યત્વે ચોક્કસ ક્ષેત્રોમાં ઉત્પાદનને વેગ આપવા માટે નાણાંકીય પ્રોત્સાહનો પૂરા પાડે છે પરંતુ આ ભારતને વૈશ્વિક ઉત્પાદન ક્ષેત્રમાં રૂપાંતરિત કરવા માટે જરૂરી વ્યાપક માળખાકીય પડકારોને પૂર્ણ રીતે સંતોષી શકે તેમ લાગતું નથી.

➢ ઘટતી જતી મેન્યુફેક્ચરિંગ રોજગારી : ઉન્નત અર્થતંત્રો પણ આ પડકારનો સામનો કરી રહ્યાં છે. તેઓને સ્પર્ધા જાળવી રાખવા અને નોકરીઓ ઊભી કરવાના માર્ગો શોધવા મુશ્કેલ છે.

➢ ચોથી ઔદ્યોગિક ક્રાંતિ દ્વારા સામનો કરવામાં આવેલ પડકારો : ભારતની નવી ઔદ્યોગિક નીતિ ચોથી ઔદ્યોગિક ક્રાંતિ દ્વારા ઊભા થયેલા પડકારો

અને તકોને સ્વીકારે છે. તેનો ઉદ્દેશ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બ્લોકચેન અને ડ્રોન જેવી ઉભરતી ટેકનોલૉજીમાં ભારતને વૈશ્વિક નેતા તરીકે સ્થાન આપવાનો છે જે થોડુક મુશ્કેલ લાગે છે.

## 7.11 સારાંશ :

ભારતની ઔદ્યોગિક નીતિ હવે અમલદારશાહીના ચક્રવ્યૂહમાં ફસાયેલી નથી. તેના બદલે તે સંતુલિત અભિગમ શોધે છે. વ્યવસાયોને પ્રોત્સાહિત કરતી વખતે બજારની નિષ્ફળતાઓને સુધારવા માટે પર્યાપ્ત નિયમનકારી દબાણ લાવે છે. જેમ જેમ ભારત આર્થિક પરિવર્તન તરફ તેની સફળ ચાલુ રાખે છે તેમ તેમ ગતિશીલ અને આગળ દેખાતી ઔદ્યોગિક નીતિ નિર્ણાયક રહે છે. એક સારી રીતે ઘડવામાં આવેલી ઔદ્યોગિક નીતિ જે મહત્ત્વાકાંક્ષા સાથે વ્યવહારવાદને સંતુલિત કરે છે તે ભારતને આગળ ધપાવી શકે છે.

દેશની ઔદ્યોગિક નીતિને ફરી એકવાર પૂરી તાકાતથી અજમાવવામાં આવી રહી છે. વૈશ્વિક સ્તરે સરકારોને લાગે છે કે તેઓ સબસિડી નવા નિયમો અને ટેરિફની મદદથી તેમની અર્થવ્યવસ્થાને ઝડપી દરે વૃદ્ધિના માર્ગ પર લાવી શકે છે. આનાથી ભવિષ્યમાં ઔદ્યોગિક માળખું વધુ મજબૂત બનશે. છેલ્લા બે દાયકામાં વૈશ્વિકરણની નિષ્ફળતાના પ્રતિભાવ તરીકે આ નીતિનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જેને કેટલાક લોકો યોગ્ય ગણાવી રહ્યા છે. ઔદ્યોગિક નીતિની તરફેણમાં દલીલ દરવામાં આવી રહી છે. કે ભારત હવે પહેલાં જેવું રહ્યું નથી. ભારતીય ચલણ સારી રીતે સંચાલિત છે અને વર્તમાન ખાતામાં સરળતાથી મુખ્ય વિદેશી ચલણમાં રૂપાંતરિત કરી શકાય છે. વિદેશી કંપનીઓને હજુ પણ ભારતીય બજારમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી રહી છે. પરંતુ તેમના માટે તકની સમાનતા માત્ર નામ માત્રની જ છે.

ઔદ્યોગિક નીતિ માટે ખુલ્લી અને પારદર્શક નીતિ-નિર્માણની જરૂર છે. આ કાર્ય માટે નિષ્ણાંતોની જરૂર છે. ટૂંકમાં ઔદ્યોગિક નીતિ હેઠળ સ્થાનિક ખાનગી કંપનીઓએ ભાગીદાર બનવું પડશે અને મૂળભૂત સંશોધન અને તકનીકનો સ્વીકાર કરવો પડશે.

## 7.12 તમારી પ્રગતિ ચકાસો :

(અ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

1. 1956ની ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો જણાવી આ નીતિના પરિણામોની સમીક્ષા કરો.
2. ભારત સરકારની 1991ની ઔદ્યોગિક નીતિનું મૂલ્યાંકન કરો.
3. 1991ની ઔદ્યોગિક નીતિની જોગવાઈઓનું આર્થિક તેમજ ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ મૂલ્યાંકન કરો.
4. ભારતમાં ઉદારીકરણ અંગેની ઔદ્યોગિક નીતિ સમજાવો.
5. ભારત સરકારની વર્ષ 2023ની ઔદ્યોગિક નીતિના મુખ્યત્ત્વે ઉદ્દેશો જણાવી તેની મુખ્ય વિશેષતાઓ વર્ણવો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) ઔદ્યોગિક નીતિનો અર્થ આપો.

(2) 1991ની ઔદ્યોગિક નીતિના હેતુઓ જણાવો.

(3) ઔદ્યોગિક નીતિમાં ક્યા ત્રણ મૂળભૂત તત્ત્વો જોવા મળે છે ?

(4) ભારત સરકારે સૌપ્રથમ ઔદ્યોગિક નીતિ ક્યારે અમલમાં મૂકી ?

(5) 1991ની ઔદ્યોગિક નીતિની મુખ્ય ત્રણ જોગવાઈઓ જણાવો.

(6) 1991ની ઔદ્યોગિક નીતિ સામેના મુખ્ય પડકારો ક્યા હતા ?

(7) ભારત સરકારની ઔદ્યોગિક નીતિ 2023ના મુખ્યત્ત્વે બે ઉદ્દેશો ક્યા છે ?

(8) ઔદ્યોગિક નીતિ 2023ની મુખ્ય વિશેષતાઓ જણાવો.

(ક) નીચે આપેલા વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(1) નવી ઔદ્યોગિક નીતિ નીચેનામાંથી કઈ સરકારે રજૂ કરી હતી ?

(A) પી.વી. નરસિંહરાવ (B) ઈન્દિરા ગાંધી

(C) મનમોહનસિંહ (D) નરેન્દ્ર મોદી

(2) નીચેનામાંથી શેનો નવી ઔદ્યોગિક નીતિના મૂળભૂત તત્ત્વોમાં સમાવેશ થતો નથી ?

(A) ખાનગીકરણ (B) વૈશ્વિકીકરણ

(C) ખાનગીકરણ (D) સામાજીકરણ

(3) જે ઉદ્યોગની માલિકી ખાનગી અને સરકારની ભેગી હોય છે તે ક્યો ઉદ્યોગ છે ?

(A) જાહેર ક્ષેત્ર (B) ખાનગી ક્ષેત્ર

(C) સંયુક્ત ક્ષેત્ર (D) સહકારી ક્ષેત્ર

(4) ભારતની ઈ.સ.1991ની નવી ઔદ્યોગિક નીતિમાં કેટલા ઉદ્યોગો જાહેરક્ષેત્ર માટે અનામત રખાયા હતા ?

(A) 18 (B) 6

(C) 3 (D) 2

(5) નવી ઔદ્યોગિક નીતિ બાદ જાહેરક્ષેત્રના એકમોની ખોટ કેવી રહી છે ?

(A) ઘટી છે. (B) વધી છે.

(C) એની એજ રહી છે. (D) શૂન્ય થઈ છે.

(6) ભારતમાં નીચેનામાંથી ક્યા રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ ઓછો છે ?

(A) ગુજરાત (B) બિહાર

(C) મહારાષ્ટ્ર (D) પંજાબ

(7) લાંબા સમય સુધી ખોટ કરતા એકમને કેવા એકમો કહે છે ?

(A) નાના એકમો (B) મધ્યમ એકમો

(C) મોટા એકમો (D) માંદા એકમો

(8) ક્યા ઉદ્યોગો વધુ રોજગારી સર્જક છે ?

(A) મધ્યમ કદના એકમો (B) નાના પાયાના એકમો

(C) મોટા પાયાના એકમો (D) ઉપરોક્ત તમામ

(9) ભારતમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી સૌપ્રથમ ઔદ્યોગિક નીતિ ક્યા વર્ષમાં જાહેર કરવામાં આવી ?

(A) 1947 (B) 1948

(C) 1956 (D) 1991

(10) 1991 ઔદ્યોગિક નીતિ નીચેનામાંથી કઈ વિચારસરણી પર આધારિત છે ?

(A) ઉદારીકરણ (B) સામાજીકરણ

(C) સહકારીકરણ (D) એકપણ નહીં.

(11) 1980 ની ઔદ્યોગિક નીતિના આધારસ્તંભ તરીકે કઈ નીતિની ગણના કરવામાં આવી હતી ?

(A) 1956 (B) 1948

(C) 1973 (D) 1976

(12) નવી ઔદ્યોગિક નીતિની રજૂઆત ક્યારે કરવામાં આવી છે ?

(A) જુલાઈ 1991 (B) ઓગષ્ટ 1991

(C) નવેમ્બર 1991 (D) ડિસેમ્બર 1991

(13) 1991 ની ઔદ્યોગિક નીતિના ઉદ્દેશોમાં ક્યા ઉદ્દેશોનો સમાવેશ થતો નથી ?

(A) સંશોધન અને વિકાસના પ્રયત્નોને ઉત્તેજન આપવું

(B) મૂડીરોકાણના દરમાં વધારો કરવો.

(C) બજારના પરિબળોને મુક્ત રીતે કામ કરવા દેવું.

(D) ટેકનોલૉજિકલ પરિવર્તનોનો અસ્વીકાર કરવો.

(14) 1991 ની ઔદ્યોગિક નીતિ અગાઉ કેટલા ઔદ્યોગિક ક્ષેત્રો માત્ર જાહેર ક્ષેત્રો માટે અનામત રખાયા હતા ?

(A) છ (B) સાત

(C) સત્તર (D) દસ

(15) MRTP (The Monopolies and Restrictive Trade Practices) Actનો અમલ ક્યારે શરૂ થયો ?

(A) 1 જુન 1968 (B) 1 જુન 1969

(C) 1 જુન 1970 (D) 1 જુન 1972

(16) 1991ની ઔદ્યોગિક નીતિમાં નાના એકમોની મૂડી મર્યાદા કેટલી કરવામાં આવી છે ?

(A) 50 લાખ રૂા. (B) 1 કરોડ રૂા.

(C) 5 કરોડ રૂા. (D) 10 કરોડ રૂા.

## ❖ સંદર્ભ સૂચિ


1. જોષી એમ. વી. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ક્રિએટીવ પ્રકાશન.
2. પટેલ બી. એસ. અને ભટ્ટ કાર્તિકેય એસ. "ભારતીય અર્થશાસ્ત્ર, સી. જમનાદાસ પ્રકાશન ગૃહ, અમદાવાદ."
3. 2011, 'Industrial Performance 1991-2008 : 'A Review in D.M. Nachane. Indian Development Report - 2011, New Delhi.

   Web Site : https : www.Business Standard.com


## ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (A) પી.વી. નરસિંહરાવ
2. (D) સામાજીકરણ
3. (C) સંયુક્ત ક્ષેત્ર
4. (B) 6
5. (A) ઘટી છે.
6. (B) બિહાર
7. (D) માંદા એકમો
8. (B) નાના પાયાના એકમો
9. (B) 1948
10. (A) ઉદારીકરણ
11. (A) 1956
12. (A) જુલાઈ 1991
13. (D) ટેકનોલૉજિકલ પરિવર્તનોનો અસ્વીકાર કરવો.
14. (C) સત્તર
15. (C) 1 જુન 1970
16. (B) 1 કરોડ રૂા.

*************

# એકમઃ 8
# ટેકનિકલ પરિવર્તનો

## ❖ રૂપરેખા :

8.0 ઉદ્દેશો

8.1 પ્રસ્તાવના

8.2 ટેકનિકલ પરિવર્તનનો અર્થ

8.3 ઉદ્યોગોમાં ટેકનિકલ પરિવર્તનનું મહત્ત્વ

8.4 ટેકનિકલ પરિવર્તનને અસર કરતાં પરિબળો

8.5 ટેકનિકલ પરિવર્તનની અસરો

8.6 સારાંશ

8.7 ચાવીરૂપ શબ્દો

8.8 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભ સૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 8.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ ટેકનિકલ પરિવર્તનનો અર્થ સમજાવી શકશો.
- ➢ ટેકનિકલ પરિવર્તનને અસર કરતાં પરિબળો ઓળખી શકશો.
- ➢ ટેકનિકલ પરિવર્તનની ઉત્પાદનખર્ચ, સાધનોની ઉત્પાદકતા તથા ઉત્પાદનની ગુણવત્તા ઉપર થતી અસરો નોંધી શકશો.

## 8.1 પ્રસ્તાવના :

ઔદ્યોગિક વિકાસ અનેક પરિબળો ઉપર આધાર રાખે છે. તેમાં આંતરિક અને બાહ્ય એમ બન્ને પ્રકારનાં પરિબળો અસર કરે છે. જરૂરી સાધનો, કાચા માલની ઉપલબ્ધિ, રાજકીય સ્થિરતા, માથાદીઠ અને રાષ્ટ્રીય આવક, આંતરરાષ્ટ્રીય પરિબળો, પ્રાકૃતિક સ્થિતિ વગેરે બાહ્ય પરિબળો છે, જે નિયોજકનાં નિયંત્રણ બહાર હોય છે. જ્યારે બીજાં પરિબળો જેમ કે કાર્ય / ઉત્પાદનનાં સ્થળની સ્થિતિ, ઔદ્યોગિક સબંધો ઉપલબ્ધ સાધનોનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગો, વસ્તુ કે પેદાશની ગુણવત્તાની જાળવણી, ઉપલબ્ધ ટેકનોલૉજીનો યોગ્ય ઉપયોગ વગેરે ઉદ્યોગ કે પેઢી માટે આંતરિક પરિબળ કહી શકાય, તેના ઉપર નિયોજકનું નિયંત્રણ હોય છે. આપેલી સ્થિતિનો યોગ્ય ઉપયોગ કરીને કઈ રીતે ઉત્પાદનનો ખર્ચ ઘટાડી શકાય ? વધુ ઉત્પાદન મેળવી શકાય ? વગેરે ટેકનિકલ ફેરફારોથી શક્ય બને છે. આ એકમમાં આપણે ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં ટેકનિકલ પરિવર્તનો વિશે અભ્યાસ કરીશું.

## 8.2 ટેકનિકલ પરિવર્તનોનો અર્થ અને વ્યાખ્યા :

ઉત્પાદનનાં સાધનોનાં પ્રમાણમાં ફેરફાર થયા વિના ઉત્પાદનનાં પ્રમાણમાં ફેરફાર થાય તેને ટેકનિકલ પરિવર્તન તરીકે ઓદ્યોગિક અર્થશાસ્ત્રમાં ઓળખવામાં આવે છે. પ્રો. ક્રિસ્ટોફર ફ્રી મેન (Christopher Freeman 1921-2010, United Kingdom) દ્વારા આ વિષય ઉપર વિશેષ અભ્યાસ કરવામાં આવ્યો છે. વધારે સ્પષ્ટ રીતે કહીએ તો ઉત્પાદન વ્યવસ્થામાં આવેલા ફેરફાર કે જેનાથી ઉત્પાદનનાં પ્રમાણમાં વધારો કે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય અથવા ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો થાય તેને ટેકનિકલ ફેરફારો કહી શકાય.

ટેકનિકલ ફેરફારો કોઈ વાર ટેકનોલૉજીકલ ફેરફાર તરીકે પણ ઓળખવામાં આવતા હોય છે. જો કે બન્ને ભિન્ન છે. ટેકનોલૉજીકલ ફેરફારોમાં યાંત્રિક કે વૈજ્ઞાનિક શોધખોળોનો સમાવેશ થાય છે. દા.ત. જુનાં સમયે ઓફિસ વર્ક માટે કાગળ, સ્ટેશનરી વગેરેનો ઉપયોગ થતો હોય તેને બદલે હવે કમ્પ્યુટરાઈઝ્ડ વર્ક થાય. તે ટેકનોલૉજીકલ પરિબળ છે. ફિલ્મોનાં શૂટિંગ સાદા કેમેરાને બદલે આધુનિક કેમેરાથી ફોટોગ્રાફ લેવામાં આવે કે ફિલ્મોનું શૂટિંગ કરવામાં આવે તેને Advance Technology કે ટેકનોલૉજીકલ ફેરફાર કહેવામાં આવે છે.


બીજી બાજુ ઉપલબ્ધ અને પ્રવર્તમાન ટેકનોલૉજીના ઉપયોગમાં ફેરફાર કરીને ઉત્પાદન ખર્ચ, ગુણવત્તા કે પ્રમાણમાં ફેરફાર થાય તેને ટેકનિકલ પરિવર્તન કહે છે. ટેકનિકલ પરિવર્તનની અંદર ટેકનોલૉજીકલ પરિવર્તન હોઈ શકે અથવા ન પણ હોઈ શકે. ટેકનિકલ પરિવર્તનનો ખ્યાલ વિસ્તૃત છે. કારણ કે ઉત્પાદન ખર્ચ, ગુણવત્તા અને પ્રમાણમાં યંત્રો અને મશીનરી તો હોય જ છે, તે ઉપરાંત ઉત્પાદનનાં અન્ય સાધનોના કાર્યક્ષમ ઉપયોગનું પણ તેમાં મહત્ત્વ છે. નિયોજન ક્ષમતા, શ્રમિકોની ઉત્પાદકતા વગેરે ટેકનિકલ પરિવર્તનમાં આવે છે, જ્યારે ટેકનોલૉજીકલ પરિવર્તન મુખ્યત્વે મૂડી હોય સાધનોમાં થતા ફેરફાર સાથે સબંધિત હોય છે.

આપણા આ એકમમાં ટેકનિકલ પરિવર્તનોનો અભ્યાસ આપણે કરવાના છીએ. ઘણા અર્થશાસ્ત્રમાં ઔદ્યોગિક આર્થિક વિકાસમાં ટેકનોલૉજીકલ પરિવર્તનો કરતાં ટેકનિકલ પરિવર્તનોને વધારે મહત્ત્વનાં ગણાવે છે, કારણ કે ઔદ્યોગિક ઉત્પાદન માત્ર ટેકનોલૉજી ઉપર આધારિત નથી. ટેકનિકલ પરિવર્તનોને વધારે સ્પષ્ટતાથી સમજવા માટે આપણે નીચે આપેલા મુદ્દા ઉપર ધ્યાન આપીએ.

(i) કાર્યક્ષમતામાં સુધારો : ઉત્પાદન પ્રક્રિયામાં નવીનીકરણ, સંગઠનાત્મક ફેરફારો વગેરેથી એવા ફેરફારો અમલમાં મૂકવામાં આવે કે જેનાથી કાર્યક્ષમતામાં વધારો થાય સમયની બચત થાય વગેરે.

(ii) ટેકનોલૉજીકલ ફેરફારો ટેકનિકલ ફેરફારોમાંનો એક ભાગ છે : આગળની ચર્ચામાં આપણે જોયું કે ટેકનિકલ ફેરફારો એક વિસ્તૃત ખ્યાલ છે. તેમાં ટેકનોલૉજીકલ ફેરફારો ઉપરાંત સંગઠનાત્મક માળખામાં ફેરફાર, સાધનોનો વધારે કાર્યક્ષમ ઉપયોગ વગેરે પણ સમાવીષ્ટ છે અહીં આપેલી આકૃતિ-1 આ બાબતને સ્પષ્ટ કરે છે.


**આકૃતિ**-1



આકૃતિ-1 માં બતાવ્યા પ્રમાણે ટેકનિકલ ફેરફારમાં ટેકનોલૉજીકલ ફેરફારનો સમાવેશ થાય છે. પરંતુ માત્ર ટેકનોલૉજીકલ પરિવર્તન એ જ ટેકનિકલ પરિવર્તન નહીં. જેમ કે સતત એક પ્રકારનું કાર્ય કરવાથી કોઈ શ્રમિક તેને વધારે કુશળતાથી કરી શકે તો તે ટેકનિકલ ફેરફાર છે.

(iii) ઉત્પાદન વિધેયમાં ફેરફાર : જુદાં જુદાં ઉત્પાદન સાધનોનાં નિશ્ચિત પ્રમાણ અને તેનાથી થતાં નિશ્ચિત ઉત્પાદનનાં પ્રમાણના ગુણોત્તરને ઉત્પાદન વિધેય કહેવાય છે. એટલે કે ઉત્પાદન અને ઉત્પાદન સાધનો વચ્ચેનો સબંધ દર્શાવે છે. ટેકનિકલ પરિવર્તનથી ઉત્પાદન વિધેયની રેખા ઉપર તરફ ગતિ કરે છે એટલે કે તેટલાં જ ઉત્પાદન સાધનથી પહેલાં કરતાં વધુ ઉત્પાદન થાય છે. જુઓ નીચે આકૃતિ-2 માં દર્શાવેલ છે.

**આકૃતિ-2**




આકૃતિ-2 દર્શાવે છે કે OQ શ્રમનાં એકમોથી શરૂઆત OP ઉત્પાદન થતું હતું. ટેકનિકલ પરિવર્તનોથી શ્રમની પહેલાં જેટલાં જ એકમોથી ઉત્પાદનમાં વધારો થયો છે. ઉત્પાદન OP થી $OP_1$, થયું છે.

(iv) તટસ્થ અને બિનતટસ્થ ટેકનિકલ ફેરફારો : તટસ્થ ટેકનિકલ પરિવર્તનો (Neutral Tech Changes) એટલે તે બધાં જ ઉત્પાદન સાધનોને સમાન રીતે લાગુ પડે છે. તે જનરલ કે સર્વસામાન્ય ફેરફારો કહી શકાય. જ્યારે બિનતટસ્થ ટેકનિકલ પરિવર્તનો કોઈ ખાસ ઉત્પાદન પ્રક્રિયા કે સાધનને અસર કરે તેમ બને. આ પ્રમાણેના અભ્યાસો જે. આર. હિક્સ, સોલો, હેરોડ વગેરે દ્વારા કરવામાં આવ્યા છે. આ વિગતને આપણે થોડી વિસ્તારથી લઈએ.

(a) પ્રો.હિક્સના મત મુજબ જ્યારે કોઈ ટેકનિકલ ફેરફાર (જેમાં ટેકનોલૉજીકલ ફેરફાર પણ હોઈ શકે) ઉત્પાદનનાં તમામ સાધનો ઉપર એકસમાન લાગુ પાડવામાં આવે, પરંતુ સાધનોની સીમાંત ઉત્પાદકતા સ્થિર જ રહે છે.

(b) સોલોનાં મોડેલ મુજબ ટેકનિકલ પરિવર્તનો પછી કોઈ એક સાધનની સીમાંત ઉત્પાદકતામાં વધારો થાય. સોલોએ કરેલા અભ્યાસ મુજબ મૂડીની સીમાંત ઉત્પાદકતામાં વધારો થાય છે.

(c) હેરોડ દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ મૂડીની સીમાંત કાર્યક્ષમતા સ્થિર રહે છે. જ્યારે શ્રમની સીમાંત કાર્યક્ષમતામાં વધારો થાય છે.

(d) અહીં આપણે એક ચોથી શક્યતા પણ વિચારી શકીએ કે બન્ને (કે તમામ સાધનોની સીમાંત કાર્યક્ષમતામાં વધારો થાય.)

(v) પ્રો.કેનેથ એરો : કાર્યાનુભવ દ્વારા શીખવાનો વિચાર (Learning by doing, Kenneth Arrow) : કાર્ય અને તેમાં સફળતા માટે અનુભવનું મહત્ત્વ પ્રો.કેનેથ એરો દ્વારા દર્શાવવામાં આવ્યું છે. કોઈ શ્રમિક કે નિયોજક ઘણા લાંબા સમયથી જે કાર્ય કરતા હોય તેમાં તેને અનુભવથી કુશળતા આવતી હોય છે. સાધનોનો ઓછો બગાડ, કાર્યમાં ઝડપ, કાર્ય સબંધી અવરોધો અને સમસ્યાઓનું નિરાકરણ વગેરે પણ ટેકનિકલ ફેરફારોનું એક અંગ કહી શકાય.

આમ, અહીં આપણે ટેકનિકલ પરિવર્તનો એટલે શું તેની વિસ્તૃત સમજૂતી મેળવી. ટેકનિકલ પરિવર્તનમાં જ્ઞાન, પ્રક્રિયા અને ટેકનોલૉજી (Input/ Output relation)નો સમાવેશ થાય છે.

## 8.3 ટેકનિકલ પરિવર્તનનું મહત્ત્વ :

ટેકનિકલ પરિવર્તનમાં યાંત્રિક અને ટેકનોલૉજીકલ ફેરફારોથી આગળ વધીને વહીવટી તેમજ કાર્યપદ્ધતિ સબંધિત ફેરફારો પણ સમાવીષ્ટ છે. તે આપણે જોયું અહીં એ વિચારવાનું રહે કે કોઈપણ ઉત્પાદક ટેકનિકલ ફેરફારો ક્યા હેતુથી અપનાવે ? ટેકનિકલ ફેરફારોનું મહત્ત્વ શું છે ? આપણે જાણીએ છીએ કે પેઢીનો મુખ્ય હેતુ નફાનો હોય છે. જો જાહેર ક્ષેત્રની પેઢી હોય તો નફા ઉપરાંત પ્રજાકલ્યાણ કે તેવા બિનઆર્થિક ઉદ્દેશો પણ હોઈ શકે. આ પ્રકારે પેઢીનો મુખ્ય ઉદ્દેશ કોઈપણ હોઈ શકે તેમ છતાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવું, વસ્તુ અને સેવાની ગુણવત્તા સુધારવી જેવા અનેક હેતુ મૂળભૂત હોય છે. આ મુદ્દામાં આપણે ટેકનિકલ ફેરફારનું મહત્ત્વ કે ઉદ્દેશોની નોંધ કરીએ.

(1) સાધનોની કાર્યક્ષમતામાં સુધારો : ટેકનિકલ ફેરફારોથી ઉત્પાદન સાધનોની કાર્યક્ષમતામાં સુધારો થાય છે. જેમ કે યાંત્રિકરણથી શ્રમિકોના સમયની અને શ્રમની બચત થાય છે. કાર્યભરની પુનઃવહેંચણી કરવી, એકને બદલે બે કે વધુ સુપરવાઈઝરોની નિયુક્તિ કરવી વગેરેથી સંચાલકીય સરળતા રહે છે. સાધારણ બીજને બદલે સુધારેલાં બિયારણોથી જમીનની ઉત્પાદકતામાં પણ વધારો થાય છે. આમ, સાધનોની કાર્યક્ષમતામાં વધારો એ ટેકનિકલ ફેરફારો અપનાવવાનો હેતુ છે. કારણ કે મર્યાદિત સાધનોના મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગથી ઉત્પાદનનો ખર્ચ ઘટે છે. અથવા તો તેટલાં જ સાધનોથી વધુ ઉત્પાદન લઈ શકાય છે. જે સરવાળે નફા તરફ દોરી જાય છે.

(2) નવીનીકરણ અને ઉત્પાદન વિકાસ : નવીનીકરણ કરવું એ ટેકનિકલ ફેરફારોમાંનું એક ઘટક છે. નવીનીકરણમાં ઉત્પાદન પદ્ધતિમાં ફેરફાર, ઉત્પાદનમાં ફેરફાર કાચા માલના પુરવઠાનાં સ્થળ અને તૈયાર ઉત્પાદનનાં બજારમાં ફેરફાર, નવાં યંત્રનો ઉપયોગ વગેરે જેવી અનેક બાબતો આવે છે. આ નવીનીકરણ પણ પ્રો.શુમ્પીટરના સિદ્ધાંત અનુસાર નફા માટેનો જ એક ટેકનિકલ ફેરફાર છે.

(3) ઉપભોક્તાઓના સંતોષમાં વધારો : ઉત્પાદન, વેચાણ અને ઉપભોગનાં સમગ્ર સંચાલનમાં ઉપભોક્તા સંતોષ પણ મુખ્ય છે. ઉત્પાદનની ગુણવત્તા સુધારો, વધુ ઉત્પાદનથી સતત પુરવઠો, વાજબી કિંમતે તથા વેચાણ પછીની સેવાઓ જેવી પદ્ધતિ અપનાવીને ટેકનિકલ ફેરફારો ઉપભોક્તાઓના સંતોષનું સ્તર ઉપર લાવી શકે છે.

(4) હરીફાઈવાળાં બજારમાં ઉત્પાદકને લાભ : ટેકનિકલ ફેરફારો અપનાવીને ઉત્પાદક તેના હરીફ ઉત્પાદકોની સરખામણીએ ઓછા ખર્ચે વધુ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવીને ગ્રાહકોને વધુ સંતોષ આપી શકે છે. આમ, વધારે કાર્યક્ષમતાથી ઉત્પાદન કરીને ઉત્પાદક સ્પર્ધાવાળાં બજારમાં લાભ મેળવી શકે છે.

(5) અર્થતંત્રમાં આવતા ફેરફારો સાથે અનુકૂલન સાધવું : અર્થતંત્ર ગતિશીલ છે. તેમાં રાજકીય, સામાજિક, આંતરરાષ્ટ્રીય, પ્રાકૃતિક વગેરે ફેરફારોની સાથે ઉત્પાદકે માંગ અને પુરવઠામાં થતા ફેરફારોને પણ અનુસરવા પડતા હોય છે. આ ફેરફારો મુજબ ટેકનિકલ ફેરફારો કરવાથી પેઢી બજારમાં અને સ્પર્ધામાં ટકી શકે છે.

## 8.4 ટેકનિકલ પરિવર્તનને અસર કરતાં પરિબળો :

(1) સાધન કિંમતો

(2) બજારમાં સ્પર્ધાનું તત્ત્વ અને પ્રમાણ

(3) નફાની સંભાવના

(4) પર્યાવરણીય અસરો

(5) લોકોનો અભિગમ (કર્મચારીઓ, શ્રમિકો, ઉપભોક્તાઓ) અને માંગનું પ્રમાણ

(6) સ્થાનિક રાજકીય અને આંતરરાષ્ટ્રીય પરિબળો

(7) ટેકનિકલ પરિવર્તનો લાગુ પાડવાનું સ્તર અને સંભાવના Potential range of application

(8) વૈજ્ઞાનિક શોધખોળો અને વિકાસ

(9) કદમાપની અસરો

અહીં ઉપર ટેકનિકલ પરિવર્તનને અસર કરતાં પરિબળોની યાદી આપેલી છે. આપણે જાણીએ છીએ કે ટેકનિકલ ફેરફારનો ખ્યાલ વિસ્તૃત છે. તેમાં યાંત્રિક ફેરફાર ઉપરાંત વહીવટી અને સંચાલકીય ફેરફારો પણ સમાયેલા છે. નફાના ઉદ્દેશથી કામ કરતી પેઢીના આ નફા ઉપરાંતના પણ કેટલાક હેતુઓ છે, જેમ કે વેચાણનું મહત્તમીકરણ, ઉત્પાદનખર્ચમાં ઘટાડો, બજાર હિસ્સા (Market Share)માં વધારો વગેરે આ હેતુઓ પણ પેઢી કે ઉદ્યોગનાં નિર્ણયીકરણમાં ભાગ ભજવે છે. આ તમામને ધ્યાને રાખતાં આપણે ટેકનિકલ પરિવર્તનને અસર કરતાં પરિબળોનો પરિચય મેળવીએ. કોઈવાર પેઢી માટે ટેકનિકલ પરિવર્તનો કરવાનું સરળ હોય તેમ છતાં તે ટેકનિકલ પરિવર્તન ન

કરે તેવું પણ બને દા.ત., ફેક્ટરી બે શિફ્ટને બદલે ત્રણ શિપ્ટમાં ચલાવવી, ઉત્પાદક ત્રણ શિફ્ટમાં ફેક્ટરી ચલાવી શકે તેમ હોવા છતાં બે શિફ્ટમાં જ ઉત્પાદન ચાલુ રાખે તેમ થઈ શકે કારણ કે ત્રણ શિફ્ટમાં ઉત્પાદન કરવામાં પુરવઠા બાજુ કોઈ સમસ્યા ન હોય પણ તેટલાં વધારાનાં ઉત્પાદન જેટલી વસ્તુની માંગ ન હોય. અથવા માંગ હોય પરંતુ કદવિસ્તારને કારણે ખર્ચમાં જેટલો વધારો થાય તેટલો વધારો નફામાં ન થતો હોય આમ અનેક પરિબળો ટેકનિકલ પરિબળોને અસર કરે છે.

(1) સાધન કિંમતો : ચાલુ ટેકનોલૉજીમાં જ સાધનોના ઉપયોગના ગુણોત્તરમાં ફેરફાર કરીને ખર્ચ ઘટાડી શકાતો હોય કે ઉત્પાદન વધારી શકાતું હોય તેમ બને. દા.ત. ઓફિસ, ઉત્પાદન ફેક્ટરીના કામમાં ઓટોમેશન (યાંત્રિકરણ)નું પ્રમાણ વધારીને ઉત્પાદન ઝડપથી વધારી શકાય. પરંતુ જો રોકાણકારનું આર્થિક બજેટ કે રોકાણભંડોળ ન હોય તો યાંત્રિકરણ અપનાવી શકાતું નથી.

(2) બજારમાં સ્પર્ધાનું તત્ત્વ અને પ્રમાણ : પૂર્ણ હરીફાઈ કે ઈજારાયુક્ત હરીફાઈ ઉત્પાદન ખર્ચ ઘટાડવાના પ્રયાસો ઉત્પાદકો કરતા હોય છે. પરંતુ ઈજારાવાળા બજારમાં ગ્રાહકો આ એક જ ઉત્પાદક દ્વારા કરવામાં આવતું ઉત્પાદન ખરીદવાના હોવાથી ટેકનિકલ પરિવર્તન અપનાવવામાં ઉત્પાદકો ઉત્સાહ બતાવતા નથી.

(3) નફાની સંભાવના : બજારમાં બીજા ઉત્પાદકો પણ ટેકનિકલ ફેરફાર અપનાવતા હોવાથી જો કોઈ એક ઉત્પાદક ટેકનિકલ ફેરફાર ન કરે તો સ્પર્ધામાં ટકી શકે નહીં. આમ, બજારમાં નવી ટેકનોલૉજીનો ઉપયોગ, સાધનને ચૂકવવામાં આવતું વળતર, કામની શરતો વગેરે બાબતે સ્પર્ધામાં રહેલા અન્ય ઉત્પાદકોનું વર્તન તથા રાજ્યના નિયમો પણ ટેકનિકલ પરિવર્તનો અપનાવવા કે નહીં અપનાવવા પાછળ ભાગ ભજવે છે.

(4) પર્યાવરણીય અસરો : અહીં આપણે કુદરતી પર્યાવરણના સંદર્ભમાં વાત કરીએ છીએ. આર્થિક પ્રવૃત્તિ કે અસમતુલિત ઉત્પાદન પ્રવૃત્તિથી પર્યાવરણ પ્રદૂષિથ થતું હોય ત્યારે પ્રદૂષણ નિયંત્રિત કરવા માટે તે પ્રકારની ઉત્પાદન પદ્ધતિ (Production Technique) અપનાવવી પડે છે. તેમાં ઊર્જાની બચત કરતાં સાધનોનો વપરાશ વધારવો, રસાયણોયુક્ત ઉત્પાદનની યોગ્ય રીતે નિકાલની વ્યવસ્થા કરવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આ પ્રકારે ટેકનિકલ ફેરફારો કરતી વખતે ઉત્પાદનખર્ચમાં વધારો થતો હોવાથી કે નફામાં વધારો નહીં થતો હોવાથી ઉત્પાદકો નવા ફેરફારો કરવાનું પસંદ કરતા નથી. પરંતુ સરકારની નીતિ ગ્રાહકનો અભિગમ વગેરેને લીધે ઉત્પાદકે આ પ્રકારના ટેકનિકલ ફેરફારો અપનાવવા પડે છે.

(5) ટેકનિલ પરિવર્તનો લાગુ પાડવાનો વિસ્તાર અને શક્યતાઓ : ઘણાં ટેકનિકલ પરિવર્તનો વિશે ઉત્પાદકને માહિતી હોવા છતાં તેનાં ઉત્પાદન એકમનું કદ મુખ્ય નિર્ણાયક પરિબળ બને છે. દા.ત. હરિયાળી ક્રાંતિ સમયે ભારતમાં ઘણા ખેડૂતો

નવી ટેકનોલૉજી અપનાવી શક્યા ન હતા. કારણ કે આ ખેડૂતોનાં ખેતરનું કદ અત્યંત નાનું હતું. તેમાં સુધારેલી યાંત્રિક પદ્ધતિ અપનાવવામાં ખર્ચ ઘણો વધી જતો હતો. જો કે તેમાં સુધારેલાં બિયારણનો ઉપયોગ કરી શકાય. પરંતુ તે માટે પણ નાના ખેડૂતો પાસે કિંમત ચૂકવવાની ક્ષમતા ન હોવાથી ટેકનિકલ ફેરફારો શક્ય બની શક્યા ન હતા. માત્ર મોટા ખેડૂતો અને વિશાળ ખેતરો માટે ટેકનિકલ ફેરફારો શક્ય બન્યા હતા.

(6) વૈજ્ઞાનિક શોધખોળો અને વિકાસ : નિયોજકો ટેકનિકલ પરિવર્તન કરવા ઈચ્છતા હોય અને તેમની પાસે નાણાંભંડોળ તથા અન્ય શક્યતાઓ પણ હોય તેમ છતાં વૈજ્ઞાનિક શોધખોળો કે ટેકનોલૉજી વિકાસના અભાવે ટેકનિકલ પરિવર્તન શક્ય ન બને એવું થાય. દા.ત. ઊર્જાની બચત કરવા માટે કે ઊર્જાનું ઉત્પાદન દરેક ઘરમાં કરવા માટે સોલર પેનલ લગાવી શકાય છે. પરંતુ જ્યાં સુધી નાનાં કદની કે ક્ષમતાના સોલર પેનલ નહોતી બનતી ત્યાં સુધી તેનો ઉપયોગ વ્યાપક બની શક્યો ન હતો.

(7) સ્થાનિક રાજકીય અને આંતરરાષ્ટ્રીય પરિબળો : કેટલીક મશીનરી, કાચો માલ વગેરે વિદેશથી આયાત કરવાં પડતાં હોય તેવી સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય આર્થિક અને રાજકીય પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે. બે દેશો વચ્ચેના રાજકીય સબંધો, ચલણનો વિનિમયદર, વિકાસ અને ટેકનોલૉજીનું વિદેશમાં સ્તર વગેરે ટેકનિકલ પરિબળો ઉપર અસર કરે છે.

(8) ઉત્પાદનમાં સહભાગી થનારા લોકો અને ગ્રાહકોનો અભિગમ : જો ઉપભોક્તાની માંગ હોય તો તે પ્રમાણે ઉત્પાદન ફેરફાર કરવા પડે છે. તેના અભાવે ગ્રાહકો ગુમાવવા પડે તેવી જ રીતે શ્રમિકો, કર્મચારીઓ તથા રોકાણકર્તાઓનો અભિગમ પણ ટેકનિકલ ફેરફારો માટે મહત્ત્વનો બને છે. ટેકનિકલ ફેરફારોની સાથે તે માટેની તાલીમ પણ શ્રમિકોને આપવી પડતી હોય છે. વિકાસમુખી અભિગમ ધરાવતા તથા જેનો પુરવઠો ફેરફારક્ષમ છે તેવા શ્રમિકો ટેકનિકલ પરિવર્તનને તુરંત અનુકૂળ થઈ જાય છે.

આમ, ટેકનિકલ પરિવર્તનને અસર કરતાં પરિબળો આપણે જોયાં આ બધાં કે અમુક પરિબળો પેઢી તેમજ ઉદ્યોગો એક સમયે અસર કરતાં હોય તેમ બની શકે. સમયની સાથે પરિબળોમાં પણ ફેરફાર સંભવિત છે. આ પરિબળોને Demand-pull અને Technology-push પરિબળોમાં વિભાજીત કરી શકાય. ડિમાન્ડ-પુલ એટલે એવાં પરિવર્તનો કે ઉપભોક્તા કે શ્રમિકોની માંગને આધારે થયાં હોય અથવા નિયોજકે પણ તેની જરૂરિયાત અનુભવી હોય. જેમાં વસ્તુની ડિઝાઈન કે ગુણવત્તામાં ફેરફાર, કાચા માલ અને બજારમાં સ્થળમાં ફેરફાર, શ્રમિકો માટેની કાર્યસ્થિતિમાં ફેરફાર, યાંત્રિક અને અન્ય સંચાલકીય ફેરફારો આવી શકે.

ટેકનોલૉજી પુશ પરિવર્તનોમાં વૈજ્ઞાનિક શોધખોળોને લીધે નવી ટેકનોલૉજીના પ્રવેશથી તેનો ઉપયોગ કરવો જરૂરી બને તેવા ફેરફારો આવી શકે.

## 8.5 ટેકનિકલ પરિવર્તનની અસરો :

ટેકનિકલ પરિવર્તન અપાવવાના ઉદ્દેશોમાં જ તેની અસરો સમાવીષ્ટ છે જો કે ઉદ્દેશો હકારાત્મક પરિણામો મેળવવા માટેના હોય છે. જ્યારે કોઈ અસરો એવી પણ હોઈ શકે છે, કે જે અનૈચ્છિક હોય, ટેકનિકલ ફેરફારોની આર્થિક અસરો આપણે હવે આ મુદ્દામાં વિસ્તારથી જોઈએ.

**(i) શ્રમ બજાર ઉપર અસર :**

યુ.એસ. અને યુરોપના સંદર્ભમાં ટેકનોલૉજી ઉત્પાદકતા અને શ્રમ બજાર વિશે કરવામાં આવેલા અભ્યાસ ઉપરથી ટેકનિકલ ફેરફારોની શ્રમબજાર ઉપર જુદી જુદી અસરો જોવા મળી છે. જેમાં,

- તાલીમ અને બિનતાલીમી શ્રમિકોનાં વેતનમાં તફાવત
- નવી ટેકનોલૉજીના ઉપયોગની કુશળતા મેળવવા સુધીના સમય દરમ્યાન ઘર્ષણજન્ય બેરોજગારી
- કુલ ઉત્પાદન આવકમાં વેતનનો હિસ્સો વધવા પામ્યો છે.

ટેકનિકલ ફેરફારોથી ઉત્પાદન એકમમાં આંતરિક અને બાહ્ય એમ બે પ્રકારની અસરો થાય છે. આ અસરો તે ઉત્પાદન એકમ સુધી જ મર્યાદિત હોઈ શકે છે અથવા તેની અસરો સમગ્ર અર્થતંત્ર માટે પણ હોઈ શકે છે.

**(ii) ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો :**

ટેકનિકલ ફેરફારોથી ઉથ્પાદક સાધનોનું વધુ ઉત્પાદન થાય છે. આમ, ઉત્પાદન સાધનોની ઉત્પાદકતામાં વધારો થાય છે. તેનાથી કદમાપની અસરોનો પણ લાભ મળે છે. એટલે કે ઉત્પાદન અને બજાર વિસ્તૃત થાય છે.

**(iii) નવીનીકરણ અને નવા ઉદ્યોગો માટેની તકો :**

ટેકનિકલ ફેરફારોથી નવી આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારની તકો ઊભી થાય છે. જેમ કે મોબાઈલ ફોનની શોધથી તેનાં રિપેરીંગમાં રોજગારીની તકો, કે પછી ઓનલાઈન વેચાણ અને ખરીદીથી પરિવહન અને ગ્રાહક સેવા માટેનાં નવાં સ્વરૂપોમાં રોજગારીની તકો ઊભી થાય છે.

**(iv) વૈશ્વિક વેપાર ઉપર અસર :**

ટેકનોલૉજીના ઊપયોગથી ઉત્પાદનખર્ચ ઘટતાં અને વસ્તુની ગુણવત્તામાં સુધારો થતાં નિકાસની તકો વધે છે. જો કે તે માટે મોટા પાયા પર રોકાણની જરૂર હોવાથી નાના રોકાણકારો માટે નકારાત્મક અસરો પણ ઊભી થાય છે.

(v) **પર્યાવરણ અને કુદરતી સંસાધનો ઉપરની અસરો :**

ટેકનિકલ ફેરફારોથી ઉત્પાદન વધવાની સાથે કુદરતી સંસાધનોનું વધુ શોષણ થાય છે, જો કે પર્યાવરણીય સાધનો જેમ કે ઊર્જા, જળ વગેરેની બચત કરતી પદ્ધતિ યંત્રોનો ઉપયોગ વધારવામાં આવે તો કુદરતી સંસાધનો પર્યાવરણની જાળવણી પણ કરે છે. આમ, ક્યા પ્રકારની ટેકનોલૉજી અપનાવવામાં આવે છે તેના ઉપર આધાર છે.

(vi) **જીવનની ગુણવત્તામાં સુધારો :**

ઊંચી ગુણવત્તાયુક્ત ઉત્પાદનની પ્રાપ્તિ, કાર્યક્ષમતામાં વધારો વગેરેને કારણે જીવનની ગુણવત્તામાં સુધારો થાય છે. કાર્યસ્થળની સ્થિતિમાં સુધારો, નવા યંત્રોથી શ્રમની બચત વગેરેથી શ્રમિકોનાં કાર્યની સ્થિતિની ગુણવત્તા સુધરે છે.

(vii) **ઉત્પાદનખર્ચમાં ઘટાડો :**

3D પ્રિન્ટીંગ, પ્રોટોટાઈપ મોડેલ વગેરે ટેકનોલૉજી ઉપયોગથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, કાચા માલના બગાડમાં ઘટાડો વગેરે હકારાત્મક અસરો થાય છે. તેનાથી કાર્યક્ષમતા અને ગુણવત્તા પણ સુધરે.

**(viii) અર્થતંત્રનાં પરંપરાગત માળખામાં વિક્ષેપ :**

ટેકનિકલ ફેરફારોથી અર્થતંત્રનાં પરંપરાગત માળખામાં વિક્ષેપ ઊભો થાય છે. આધુનિક ઔદ્યોગિક સબંધોનાં નવાં સ્વરૂપોએ ગિગ અર્થતંત્ર (Gig Economy)ને જન્મ આપ્યો છે, જેમાં ટૂંકા ગાળાના અને કરાર આધારિત રોજગાર સબંધોનો જન્મ થયો છે. અસંગઠિત શ્રમ બજારથી શ્રમિકોને નુકસાન થવાનો તથા રોજગાર આપનાર ફાયદો થવાની વધુ તક છે, જો કે તાલીમ અને કૌશલ્ય ધરાવતા શ્રમિકોની માંગમાં વધારો થયો છે.

આમ, ટેકનિકલ ફેરફારોથી ઔદ્યોગિક ક્ષેત્રની સાથે સમાજ તથા શ્રમબજાર અને અર્થતંત્રમાં સર્વગ્રાહી ફેરફારો જોવા મળે છે.

**(ix) વૈજ્ઞાનિક શોધખોળોને ઉત્તેજન તથા ઉત્પાદન એકમમાં આંતરિક માળખાકીય ફેરફારોને પ્રોત્સાહન :**

ઉત્પાદન એકમોના ટેકનિકલ ફેરફારની તરફેણના અભિગમથી વૈજ્ઞાનિક શોધખોળોને ઉત્તેજન મળે છે. સમાજમાં શૈક્ષણિક ગુણવત્તા સુધરે છે અને શિક્ષણની તકોમાં પણ વધારો થાય છે.

## 8.6 સારાંશ :

- ઔદ્યોગિક વિકાસને અસર કરતાં પરિબળોમાં ટેકનોલૉજીકલ ફેરફારો અને ટેકનિકલ ફેરફારો હોય છે.
- ટેકનોલૉજીકલ ફેરફાર યાંત્રિકરણ અને વૈજ્ઞાનિક શોધખોળો સબંધી હોય છે, જ્યારે ટેકનિકલ પદ્ધતિમાં ટેકનોલૉજીકલ ફેરફાર ઉપરાંત સંચાલકીય, કુશળતા, ઔદ્યોગિક સબંધોમાં સુધારો વગેરેનો પણ સમાવેશ થાય છે. આમાં ટેકનિકલ ફેરફારનો ખ્યાલ વિસ્તૃત છે.

- ➢ સાધનોની કાર્યક્ષમતામાં સુધારો, નવીનીકરણ અને ઉત્પાદન વિકાસ, ઉપભોકતાઓના સંતોષમાં વધારો, હરીફાઈવાળા બજારમાં ઉત્પાદકોને લાભ, અર્થતંત્રમાં આવતા ફેરફારો સાથે અનુકૂલન સાધવું વગેરે ટેકનિકલ ફેરફારના હેતુઓ છે.
- ➢ સાધન કિંમતો, ગ્રાહકો, શ્રમિકો, ઉત્પાદકોનો અભિગમ, નફાની સંભાવના, સામાજિક રાજકીય સ્થિતિ વગેરે ટેકનિકલ ફેરફારોને અપનાવવાના નિર્ણય ઉપર અસર કરે છે.
- ➢ ટેકનિકલ પરિવર્તનથી શ્રમ બજારની સમતુલામાં વિક્ષેપ પડે છે. કુશળ અને તાલીમી શ્રમિકોની માંગમાં વધારો થાય છે. કુલ રાષ્ટ્રીય આવકમાં શ્રમ સાધનને મળતાં વેતનનો હિસ્સો વધે છે.
- ➢ ટેકનોલૉજીકલ સુધારાને અપનાવતાં યાંત્રિકરણમાં જો વધારો થાય તો બેરોજગારીનું પ્રમાણ વધવાની સંભાવના છે.
- ➢ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, સાધનોની બચત થાય છે. પર્યાવરણીય સંસાધનોની બચત થાય છે.

## 8.7 ચાવીરૂપ શબ્દો :

- ➢ નવીનીકરણ : ઉત્પાદન પ્રક્રિયામાં સમાવીષ્ટ જુદા જુદા તબક્કાઓ પૈકી કોઈ એક તબક્કામાં સુધારો કે નવીન પ્રક્રિયાને લાગુ કરવું તેને નવીનીકરણ કહેવામાં આવે છે. તેમાં ઉત્પાદનનું નવું યંત્ર ઉપયોગમાં લેવું, કાચો માલ નવાં સ્થળેથી મેળવવો, નવું બજાર શોધવું, વસ્તુના આકાર કે અન્ય લક્ષણમાં ફેરફાર કરવો. ઉત્પાદનની પદ્ધતિમાં ફેરફાર કરવો કે અન્ય કોઈ નવી રીત કે વસ્તુને આચરણમાં મૂકવી તેને નવીનીકરણ કહેવાય છે. તે અંગ્રેજીમાં Innovation કહેવાય છે. તેનો હેતુ નફાનો હોય છે. અથવા ખોટ ઘટાડવાનો હોય છે.
- ➢ યાંત્રિકરણ : ઉત્પાદનની કોઈ ક્રિયામાં માનવશ્રમનો ઉપયોગ ઘટાડીને યંત્રોના ઉપયોગમાં વધારો કરવો તેને યાંત્રિકરણ કહે છે.
- ➢ ઔદ્યોગિક સબંધો : ઔદ્યોગિક ક્ષેત્રમાં રોજગાર આપનાર અને રોજગાર મેળવનાર વચ્ચેના સબંધોને ઔદ્યોગિક સબંધો કહેવામાં આળે છે. વેતનનું પ્રમાણ, કામના કલાકો, કાર્યસ્થળની સ્થિતિ વગેરેનો તેમાં સમાવેશ થાય છે. શ્રમ સંગઠનો અને સંચાલકો વચ્ચેના સબંધોનો અભ્યાસ કરતુ આ ક્ષેત્ર છે, જેમાં કાયદાઓ, નિયમો સામાજિક કલ્યાણ યોજનાઓ વગેરેથી તેમાં હસ્તક્ષેપ કરે છે.

## 8.8 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો.**

(i) ટેકનિકલ ફેરફારોનો અર્થ સમજાવો. ટેકનિકલ ફેરફારોનું મહત્ત્વ શું છે ?

(ii) ટેકનિકલ ફેરફારોનું મહત્ત્વ સમજાવો અને ટેકનિકલ ફેરફારોને અસર કરતાં પરિબળોનું વર્ણન કરો.

(iii) ટેકનિકલ ફેરફારોનું મહત્ત્વ અને તેની અસરો લખો.

**(ખ) નીચે આપેલા વિષય ઉપર ટૂંકનોંધ લખો.**

(i) ટેકનિકલ પરિવર્તનોનું મહત્ત્વ

(ii) ટેકનિકલ પરિવર્તનને અસર કરતાં પરિબળો

(iii) ટેકનિકલ પરિવર્તનની અસરો.

**(ગ) નીચે આપેલા પ્રશ્નો માટે સાચા વિકલ્પની પસંદગી કરો.**

(i) ક્યા હેતુથી ટેકનિકલ ફેરફાર કરવામાં આવે છે ?

(A) ઉત્પાદન ખર્ચમાં ઘટાડો (B) કુદરતી સંસાધનોની બચત

(C) નફામાં વધારો (D) આપેલા બધા જ

(ii) ટેકનિકલ પરિવર્તન એટલે શું ?

(A) આધુનિક યંત્રોનો ઉપયોગ

(B) સંચાલકીય ફેરફારો

(C) (a) અને (b) બન્ને

(D) ઉપરનામાંથી એકપણ નહીં.

(iii) ટેકનિકલ પરિવર્તનના અભ્યાસ સાથે ક્યા વિદ્વાનનું નામ સંકળાયેલું નથી.

(A) ક્રિસ્ટોફ્ટ ફ્રીમેન (B) એડમ સ્મિથ

(C) જે. આર. હિક્સ (D) સોલો

(iv) બધાં જ ઉત્પાદન સાધનને સમાન રીતે લાગુ પડે તેને કેવી ટેકનિકલ પ્રગતિ કહેવાય છે ?

(A) તટસ્થ ટેકનિકલ પ્રગતિ

(B) બિન તટસ્થ ટેકનિકલ પ્રગતિ

(C) રાષ્ટ્રીય ટેકનિકલ પ્રગતિ

(D) આપેલામાંથી એક પણ નહીં.

❖ **સંદર્ભગ્રંથ**

(1) Dahlman, carl J., "Technological changes in industry in Developing Countries", Finance and Development, June 1989, International Monetary Fund

(2) Dosi Giovanni, Nelson Richard R. "Technical change and industrial dynamics as evolutionary process", www.econstor.eu

(3) Dosi, Giovanni, Technical change and industrial transformation: the theory and an application to the semi-conductor Industry", Macmillan, London, 1984

(4) Freeman Chris, "The economics of technical change", Cambridge journal of economics, October 1994

(5) Jacoby Henry D., Reilley John M., MacFarland James R., "Technology and Technical Change in the MIT EPPA model", Science and the policy on Global Change, Massachusetts Institute of Technology, Cambridge, 2024

(6) https://www.google.com/search?q=economic impact+of+technical changes+in+industries Soq-economic impact+of+technical changes in industries&aqs=chrome. 69:57j33/10/1601 3331671 140290158 sourceid=chrome&ie=UTF-8

(7) https://researchtdr.com/how-technology-is-changing-the-landscape-of-economic-development/#texte These%20changes%20are%20improving%20efficiency,and%20reshap ing 20traditional 20retail 20models.

(8) https://www.google.com/search?sca_esv=50371467212c212c&q=effects+of+technical chari ges&nirf-effects+of+technological changes&sa=X&ved=2ahUKEwilkYHUuv-MAxVdd2wGHabULw0Q8BYoAXoECA8QAg&biw=1366&bih=657&dpr=1

(9) https://onlinelibrary.wiley.com/doi/epdf/10.1111/j.1465-7295.1984.tb00714.x

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

(i) (D) આપેલા બધા

(ii) (C) (a) અને (b) બન્ને

(iii) B એડમ સ્મિથ

(iv) A તટસ્થ ટેકનીકલ પ્રગતિ

*************

# એકમ: 9
# ઔદ્યોગિક સંબંધો

## ❖ રૂપરેખા :

9.0 ઉદ્દેશો

9.1 ઔદ્યોગિક સબંધો

9.2 Gig (ગીગ) અર્થતંત્ર

9.3 સારાંશ

9.4 ચાવીરૂપ શબ્દો

9.5 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભ પુસ્તકો
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 9.0 ઉદ્દેશો :

આ એકમ એકમના અભ્યાસ કર્યા પછી તમે..,

- ➢ ઔદ્યોગિક સંબંધ શું છે, તેની લાક્ષણિકતા અને વિકસાવવાના ઉદ્દેશો સમજાવી શકાશે.
- ➢ ઔદ્યોગિક સંબંધોનું ઔદ્યોગિક વિકાસમાં મહત્વ ચર્ચા કરી શકાશે.
- ➢ દેશના આર્થિક વિકાસમાં ઔદ્યોગિક સંબંધોની અગત્યતાથી માહિતગાર થશો;
- ➢ અર્થતંત્રમાં જોવા મળતા રોજગારીના નવા સ્વરૂપ એવા ગિગ રોજગારીથી માહિતગાર થશો;
- ➢ ગિગ અર્થતંત્રની શ્રમિકો નોકરીદાતા અને ઔદ્યોગિક સબંધો પર પડતી અસરો સમજી શકશો.
- ➢ ગિગ અર્થતંત્રના સંદર્ભમાં શ્રમ કાયદાઓમાં કેવા પરિવર્તનોની જરૂર છે તેની સમજ કેળવવા.
- ➢ ભારતમાં ગિગ રોજગારીની સ્થિતિ વિશે સમજ કેળવવા.
- ➢ ઔદ્યોગિક સંબંધો અને ગિગ અર્થતંત્ર વિશેના જ્ઞાનનો ઉપયોગ માલિક -શ્રમિક, શ્રમિક – શ્રમિક અને શ્રમિક – સરકાર વચ્ચેના સંબંધોને સુધારવા માટે જરૂરી ઉપાયો સૂચવી શકાશે .

## 9.1 ઔદ્યોગિક સબંધો :

**9.1.1 પ્રસ્તાવના :** ઉત્પાદનની પ્રક્રિયા દરમ્યાન નિયોજકો કે સંચાલકો દ્વારા શ્રમના ઉપયોગ દ્વારા ઉત્પાદનના અન્ય સાધનોના સંયોજનથી વસ્તુ કે સેવાનું ઉત્પાદન કાર્ય હાથ ધરવામાં આવે છે. આમ, ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન ઉત્પાદનના સજીવ સાધનો નિયોજક કે સંચાલક અને શ્રમ એકબીજાના ગાઢ સંપર્કમાં આવે છે અને તેમની વચ્ચે સંબંધો વિકસે છે. વર્તમાન સમયમાં

મોટા પાયા પર ઉત્પાદન કાર્ય હાથ ધરવામાં આવતું હોવાથી ઔદ્યોગિક એકમના માલિક અને શ્રમિકો વચ્ચે કોઈ સીધો સંબંધ સ્થપાતો નથી, બન્ને પક્ષો ફક્ત વ્યાવસાયિક રીતે જ એકબીજા સાથે જોડાય છે. આવી પરિસ્થિતિમાં માલિક કે સંચાલકો અને શ્રમિકો વચ્ચે લાગણીના કોઈ સંબંધ સ્થપાતા નથી તેમના સંબંધોમાં વ્યવસાયીકતા અને સ્વાર્થ વિશેષ જોવા મળે છે અને કેટલીકવાર સંઘર્ષમાં પરિણમે છે. કોઈપણ દેશમાં ઔદ્યોગિક વિકાસ ત્યારે જ થઈ શકે જ્યારે ઔદ્યોગિક ક્ષેત્રે તેના વિવિધ ઘટકો જેવાં કે માલિક, સંચાલક, શ્રમિક, સરકાર વગરે વચ્ચે સુમેળ ભર્યા સંબંધો હોય. આ સંબંધોમાં સંવાદિતાનો અભાવ હોય તો તે દેશમાં ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વિકાસને મંદ પાડે છે. ઔદ્યોગિક સંબંધો ઔદ્યોગિક લોકશાહીની સ્થાપના અને તેની જાળવણીમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ દૃષ્ટિ એ જોઈએ તો ઔદ્યોગિક ક્ષેત્રે સુમેળ ભર્યા સંબંધો જળવાઈ રહે તે ઉદ્યોગ અને દેશના વિકાસ માટે ખૂબ જ મહત્વનું છે.

9.1.2 **ઔદ્યોગિક સંબંધોનો અર્થ :** સામાન્ય રીતે ઔદ્યોગિક સંબંધોમાં મુખ્યત્વે માલિક અને શ્રમિકો વચ્ચેના સંબંધોનો વિચાર કરવામાં આવે છે. પરંતુ વિસ્તૃત રીતે જોઈએ તો, ઉત્પાદન સાથે સંકળાયેલા વિવિધ પક્ષો જેવાં કે માલિક, સંચાલક, શ્રમિક અને સરકાર વચ્ચેના સંબંધો એટલે ઔદ્યોગિક સંબંધો એવો અર્થ કરી શકાય. કેટલાક નિષ્ણાતો દ્વારા ઔદ્યોગિક સંબંધોની આપવામાં આવેલી વ્યાખ્યાઓ નીચે મુજબ છે;

પ્રો.ઓવેન અને પ્રો.ફિન્સ્ટન, ''ઔદ્યોગિક સંબંધ એ એવી પ્રક્રિયા છે જેમાં માનવ ઈચ્છાઓના પૂર્ણ કે આંશિક સંતોષ માટે માનવી નક્કર કે અમૂર્ત શક્તિ સાથે વ્યવહાર કરે છે, જેનાથી જટીલ સંબંધોમાં પરિવર્તન આવી શકે.''

પ્રો.લેસ્ટર આર. એ., ''ઔદ્યોગિક સંબંધોમાં વિવાદાસ્પદ ઉદ્દેશ્ય, મૂલ્યો, પ્રોત્સાહનો, આર્થિક સુરક્ષા, શિસ્ત અને ઔદ્યોગિક લોકશાહી, અધિકાર, સ્વતંત્રતા અને સોદાબાજી તેમજ સહયોગ વચ્ચેના કાર્યાત્મક સંબંધોની પ્રાપ્તિ માટેના પ્રયત્નોનો સમાવેશ થાય છે.''

પ્રો.કલેગ એચ. એ., ''ઔદ્યોગિક સંબંધોના ક્ષેત્રમાં શ્રમિક અને તેઓના શ્રમિક સંઘો, સંચાલન, માલિકોના સંગઠનો અને રોજગારીને નિયંત્રિત કરતી રાજ્યની સંસ્થાઓના અભ્યાસનો સમાવેશ થાય છે.''

પ્રો.વી.બી. સીઘ, ''ઔદ્યોગિક સંબંધો એ આધુનિક ઉદ્યોગોમાં શ્રમિકો - માલિકોના આંતરવલણોમાંથી નિષ્પન્ન થતા સામાજિક સંબંધો છે. જેને રાજ્ય દ્વારા ઘણી રીતે નિયંત્રિત કરવામાં આવે છે. સામાજિક પરિબળો દ્વારા સંગઠિત થાય છે, પ્રવર્તમાન સંસ્થાઓ દ્વારા અસર પામે છે. તેમાં રાજ્ય, કાનૂની પદ્ધતિ, માલિકો અને શ્રમિકોના સંસ્થાગત સ્તરે સંગઠનો, ઔદ્યોગિક વ્યવસ્થાતંત્રની તરાહ, મૂડીમાળખું, શ્રમિકોનું વળતર અને આર્થિક સ્તરે બજારના પરિબળોનો અભ્યાસ કરવામાં આવે છે.''

આંતરરાષ્ટ્રિય શ્રમ સંગઠન (ILO), ''ઔદ્યોગિક સંબંધો રાજ્ય અને શ્રમિકો અને માલિકો વચ્ચેના વ્યવસાયગત સંગઠનો વચ્ચેના સંબંધો સાથે સંકળાયેલા છે.''

આકૃતિ 9.1 ઔદ્યોગિક સંબંધો




ઉપરોક્ત વર્ગીકરણ દ્વારા ઔદ્યોગિક સંબંધનો અર્થ સમજાવવાનો અહીં પ્રયત્ન કર્યો છે. વર્ગીકરણમાં દર્શાવ્યા પ્રમાણે ઔદ્યોગિક સંબંધોમાં વિવિધ ઘટકો જેવાં કે માલિકો, શ્રમિકો, સરકાર, માલિકોના સંગઠન, શ્રમિક સંઘો, કોર્ટ અને ટ્રિબ્યુનલનો સમાવેશ થાય છે. આમાંથી માલિકોના સંગઠન, શ્રમિક સંઘો, કોર્ટ અને ટ્રિબ્યુનલ ઔદ્યોગિક સંબંધોમાં પેદા થતા વિક્ષેપોના નિરાકરણ માટે પ્રયત્ન કરે છે.

આગળ વિવિધ વિદ્વાનો દ્વારા ઔદ્યોગિક સંબંધોની આપવામાં આવેલી વ્યાખ્યાઓ પરથી કહી શકાય કે, ઔદ્યોગિક સંબંધો શ્રમિકો અને સંચાલકો વચ્ચેના સંબંધોથી વિશેષ છે. તેમાં આવા સંબંધોના પરિણામે ઉદ્દભવતી ઘણી બાબતો જેવી કે રોજગારી, વળતર, નિયંત્રણો, નિયમો વગેરેનો સમાવેશ થાય છે. સરકાર પણ ઔદ્યોગિક સંબંધોમાં અગત્યનો ભાગ ભજવે છે.

**9.1.3 ઔદ્યોગિક સંબંધોની લાક્ષણિક્તાઓ :** ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે ઔદ્યોગિક સંબંધોની વિવિધ લાક્ષણિક્તાઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- ઔદ્યોગિક સંબંધ એક પ્રક્રિયા છે.
- ઔદ્યોગિક સંબંધ એ સામાજિક સંબંધોનો એક ભાગ છે.
- ઔદ્યોગિક સંબંધ એ માલિકો, શ્રમિકો અને સરકારના સંબંધોનો સમન્વય છે.
- ઔદ્યોગિક સંબંધ સમગ્ર સંચાલન કે વ્યવસ્થાપનનો એક ભાગ છે.
- શ્રમિકોની સમસ્યાનો ઉકેલ લાવવો એ ઔદ્યોગિક સંબંધોનો મુખ્ય ઉદ્દેશ્ય છે.
- ઔદ્યોગિક સંબંધો સંસ્થા તેમજ સરકારની નીતિઓને અસર કરે છે.
- ઔદ્યોગિક સંબંધો બહુ આયામી હોય છે, તેમાં વિવિધ પ્રકારના સંબંધોનો સમાવેશ થાય છે, જેવાકે.
  - માલિકોના સંગઠન અને શ્રમિકો વચ્ચેના સંબંધ
  - સરકાર અને માલિકો વચ્ચેના સંબંધ
  - સરકાર, શ્રમ સંગઠનો અને માલિકો અને તેમના સંગઠનો વચ્ચેના સંબંધ

- માલિક અને શ્રમિકો વચ્ચેના સંબંધ
- માલિક અને શ્રમ સંગઠનો વચ્ચેના સંબંધ
- માલિકોના સંગઠન અને શ્રમિકોના સંગઠનો વચ્ચેના સંબંધ
- શ્રમિકો અને શ્રમિકો વચ્ચેના સંબંધ
- શ્રમિક સંગઠનોના આંતરસંબંધ
- સરકાર અને શ્રમ સંગઠનો વચ્ચેના સંબંધ

9.1.4 **ઔદ્યોગિક સંબંધના ઉદ્દેશ્યો :** ઔદ્યોગિક સંબંધોના મુખ્ય બે ઉદ્દેશ્યો છે (1) ઔદ્યોગિક શાંતિ જાળવી રાખવી અને (2) ઔદ્યોગિક સહકારને સુરક્ષિત રાખવો. ઔદ્યોગિક સંબંધોના વિવિધ હેતુઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય;

- ઉત્પાદનની પ્રક્રિયામાં ભાગ લેનારા તમામ ઘટકો વચ્ચે પરસ્પર સમજણ અને સદ્દભાવનાને સુનિશ્ચિત કરીને શ્રમ અને માલિકોના હિતોનું રક્ષણ કરવું.
- ઔદ્યોગિક સંઘર્ષ ટાળવા અને સુમેળભર્યા સંબંધો વિકસાવવા.
- શ્રમની ગેરહાજરીના વલણને ઘટાડીને રોજગારીમાં વધારો કરવો.
- શ્રમની ઉત્પાદક્તા વધારી ઔદ્યોગિક ઉત્પાદન વધારવું.
- હડતાલ, તાળાબંધી અને ઘેરાવ જેવી ઔદ્યોગિક અશાંતિ સર્જતી પ્રવૃત્તિઓનું પ્રમાણ શ્રમિકોને વાજબી વેતન, સુધારેલી રહેણીકરણી અને કામ કરવાની સારી પરિસ્થિતિ આપીને ઘટાડવું.
- શ્રમિકોની આર્થિક સ્થિતિમાં તેમજ ઔદ્યોગિક વ્યવસ્થાપનમાં સુધારો કરવો.
- રાજ્ય દ્વારા ઔદ્યોગિક એકમો પર ચોક્કસ પ્રકારના નિયંત્રણનો ઉપયોગ કરીને સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધોને પ્રોત્સાહન આપવા માટે.

જો ઔદ્યોગિક શાંતિ સ્થાપવી હોય તો કામદારોને યોગ્ય વેતન, કામની સારી સ્થિતિ, કામના વાજબી કલાકો, રજાઓ અને જીવનની લઘુત્તમ સુવિધાઓની ખાતરી આપવી જોઈએ. જો આ તમામ બાબતો સંતોષાય તો સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો સ્થપાય છે અને ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે છે તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે સહકાર અને સુરક્ષાનુ વાતાવરણ સર્જાય છે. તેથી ઔદ્યોગિક સંબંધોમાં સરકારની ભૂમિકાને પણ મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. સરકાર વિવિધ પ્રકારના કાયદાઓ અને નીતિઓ દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરે છે તેમજ જો કોઈ કારણસર ઔદ્યોગિક અશાંતિ સર્જાય તો તેનું ઝડપથી નિરાકરણ આવે તે માટે પ્રયત્નશીલ હોય છે. આવું સુમેળભર્યું ઔદ્યોગિક વાતાવરણ દેશના ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વિકાસને વેગ આપે છે.

9.1.5 **ઔદ્યોગિક સંબંધોનું મહત્વ :** ઔદ્યોગિક સંબંધોની જાળવણી એ વર્તમાન ઔદ્યોગિક વ્યવસ્થાની સૌથી જટિલ સમસ્યા છે. માલિક અને શ્રમિક બન્ને માટે પોતપોતાના હિતો જળવાય એ માટે તેમની વચ્ચે સુમેળભર્યા સંબંધ જરૂરી છે. સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો વિના ઔદ્યોગિક વિકાસ સાધવો ખૂબ જ મુશ્કેલ છે. વિકસિત દેશોનો આર્થિક ઈતિહાસ દર્શાવે છે કે આર્થિક

વિકાસ સાધવા માટે ઝડપી ઔદ્યોગિક વિકાસ સાધવો આવશ્યક છે. આથી, આર્થિક વિકાસ સાધવા માટે પણ સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો જળવાય અને ઔદ્યોગિક ક્ષેત્રે સહકારનું વાતાવરણ સર્જાય તે જરૂરી છે. નીચે દર્શાવેલા કેટલાક મુદ્દાઓ સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધોના મહત્વને દર્શાવે છે.

(1) અવિરત ઉત્પાદન – સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધોનો સૌથી મોટો લાભ એ છે કે તેના પરિણામે ઉત્પાદન પ્રક્રિયામાં કોઈ વિક્ષેપ પેદા થતો નથી અને ઉત્પાદન પ્રક્રિયા અવિરત ચાલુ રહે છે. આમ, સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો ઉત્પાદનમાં સાતત્યની ખાતરી આપી રોજગારી અને આવકમાં સ્થિરતાની ખાતરી આપે છે. અવિરત ઉત્પાદન પ્રક્રિયાને પરિણામે ઉદ્યોગ ક્ષેત્રે સંસાધનોનો કાર્યક્ષમ કે મહત્તમ ઉપયોગ શક્ય બને છે અને પરિણામે એકમની ક્ષમતા અનુસાર મહત્તમ ઉત્પાદન થઈ શકે છે.

(2) ઔદ્યોગિક વિવાદોમાં ઘટાડો – સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધોના પરિણામે ઔદ્યોગિક વિવાદો ઘટે છે. આવી પરિસ્થિતિમાં વેતન, કામના કલાકો, કામની પરિસ્થિતિ વગેરે સંતોષકારક હોવાને માલિક -શ્રમિકો, શ્રમિકો – શ્રમિકો, સરકાર – માલિકો, સરકાર – શ્રમિકો વચ્ચે વિવાદાસ્પદ બાબતોમાં ઘટાડો થતાં ઔદ્યોગિક વિવાદો ખૂબ ઓછા થાય છે. ઔદ્યોગિક વિવાદોનું પ્રમાણ ઘટતાં હડતાલ, તાળાબંધી, ધીમે કામ કરોની નીતિ, ઘેરાવ અને ફરિયાદો વગેરે જેવા ઔદ્યોગિક અશાંતિના વિવિધ સ્વરૂપોનું પ્રમાણ ઘટે છે. સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધોના કારણે સહકાર અને પ્રોત્સાહનના વાતાવરણનું સર્જન થતાં તે ઔદ્યોગિક ઉત્પાદન વધારવામાં મદદ કરે છે.

(3) ઔદ્યોગિક લોકશાહીને પ્રોત્સાહન – ઔદ્યોગિક લોકશાહી એટલે ઔદ્યોગિક શ્રમિકોને અસર કરતાં નિર્ણયો લેવામાં શ્રમિકોની ભાગીદારીનો સ્વીકાર કરવો અને તેને યોગ્ય સ્થાન આપવું. સારા અને સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધોમાં આ બાબતને ધ્યાનમાં લેવામાં આવે છે અને સંયુક્ત ચર્ચા – વિચારણા દ્વારા નિર્ણયો લેવામાં આવે છે. કેટલીકવાર ઔદ્યોગિક સંબંધોમાં શ્રમિકોના પ્રશ્નોના ઉકેલ માટે સામૂહિક સોદાબાજીનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રક્રિયા તેમાં સંકળાયેલા તમામ પક્ષો વચ્ચે સહકાર અને પરસ્પર સમજૂતી પર આધાર રાખે છે, આ એક લોકશાહી પ્રક્રિયા છે. આવી પ્રક્રિયા શ્રમિકોના મનોબળમાં વધારો કરે છે અને તેમને સંસ્થાના વિકાસ અને સમૃદ્ધિમાં તેમનું શ્રેષ્ઠ યોગદાન આપવા પ્રોત્સાહિત કરે છે.

(4) શ્રમિકોના મનોબળ અને ઉત્સાહમાં વધારો – સારા ઔદ્યોગિક સંબંધો શ્રમિકોનું મનોબળ સુધારે છે તેમનામાં સુરક્ષાની ભાવના પેદા કરી કામ કરવાના ઉત્સાહમાં વધારો કરે છે. શ્રમિકોનો ઉત્સાહ ઉત્પાદનમાં વધારો લાવે છે. સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો શ્રમિકોમાં પોતાપણાનો ભાવ પેદા કરે છે જે તેને ઉત્સાહથી કામ કરવા પ્રેરે છે. જો માલીકો પણ શ્રમિકોને પોતાના સમજી ઉદારતાથી વર્તે તો તેનાથી શ્રમિકોના મનોબળ અને ઉત્સાહમાં વધારો થાય છે જે ઔદ્યોગિક સંવાદિતાના સર્જન દ્વારા ઔદ્યોગિક ઉત્પાદન વધારવામાં મદદરૂપ થાય છે.

(5) માનસિક શાંતિ - હકારાત્મક માનસીકતા અને સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો શ્રમિકો અને માલિક બન્ને માટે માનસિક શાંતિ લઈને આવે છે. જો માલિકો દ્વારા શ્રમિકોને ઉદ્યોગના ભાગીદાર ગણી તેમના પ્રત્યે ઉદાર અભિગમ અપનાવવામાં આવે અને બીજી બાજુ શ્રમિકો દ્વારા પણ માલિકની સત્તાનો સ્વીકાર કરવામાં આવે તો પરિણામ સ્વરૂપે ઉત્પાદન વધતાં બન્ને પક્ષોના હિત જળવાય છે. બન્ને પક્ષો માનસિક શાંતિ અનુભવે છે.

(6) સંસાધનોનો યોગ્ય ઉપયોગ – શ્રમિકો અને માલિકો દ્વારા એકબીજા સાથે સહકારની ભાવનાથી વર્તવામાં આવે અને સારા ઔદ્યોગિક સંબંધો જાળવવામાં આવે તો તે ઉત્પાદન વધારવામાં મદદરૂપ નીવડે છે. આવું ઔદ્યોગિક વાતાવરણ શ્રમ, મૂડી, સમય વગેરેનો વ્યય થતો અટકાવી કાર્યક્ષમ ઉત્પાદનના સ્તર તરફ લઈ જાય છે જે ઉત્પાદનમાં વૃદ્ધિ લાવે છે.

(7) આર્થિક વિકાસ – સારા અને સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો કાર્યક્ષમતા વધારે છે અને ઔદ્યોગિક એકમોના ટર્નઓવર અને મૂર્ત લાભો ઘટાડી દેશના આર્થિક વિકાસને વેગ આપે છે.

ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે સારા અને સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો સંસાધનોના ઈષ્ટતમ ઉપયોગ દ્વારા ઉત્પાદનમાં ઉચ્ચ સ્તરની પ્રપ્તિની ખાતરી આપે છે. સુમેળભર્યા ઔદ્યોગિક વાતાવરણમાં માનસિક શાંતિ શ્રમિકોના મનોબળ અને ઉત્સાહમાં વધારો કરી તેમની કાર્યક્ષમતામાં વધારો કરે છે. સામાજિક ન્યાયના ઉદ્દેશ્યને સિદ્ધ કરવા સાથે ઝડપી ઔદ્યોગિક વિકાસ સાધવો હોય તો સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો સ્થાપવા આવશ્યક છે.

## 9.2 Gig (ગીગ) અર્થતંત્ર :

**9.2.1 પ્રસ્તાવના :** વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે શ્રમબજારમાં પરિવર્તન આવી રહ્યું છે, કાયમી ધોરણે કર્મચારીની નિમણૂંક કરવાને બદલે હંગામી ધોરણે ચોક્કસ સમયગાળા માટે કે કોઈ ચોક્કસ પ્રકલ્પ માટે શ્રમિકોને રોજગારી આપવાનું કે ભાડે રાખવાનું પ્રમાણ વધવા લાગ્યું છે. રોજગારીની આવી સ્થિતિમાં રોજગારી ચાલુ રહેવાની કોઈ ગેરંટી હોતી નથી તેમજ શ્રમિક કે કર્મચારી પોતાની ઈચ્છા પ્રમાણે એક કામ છોડી બીજા કામમાં જોડાવા માટે સ્વતંત્ર હોય છે. આવી અર્થવ્યવસ્થાને ગિગ (Gig) અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. ગિગ અર્થતંત્રના વિકાસમાં ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગે નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. ઉબેર, ઝોમેટો, સ્વીગી જેવી ઓનલાઈન પરિવહન અને ડિલિવરી વ્યવસ્થા ગિગ રોજગારી પૂરી પાડે છે.

**9.2.2 Gig (ગીગ) અર્થતંત્રનો અર્થ :** ગિગ શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે સંગીત ક્ષેત્રે કરવામાં આવતો હતો, જેનો અર્થ સાતત્ય વિના ગીત વગાડવું એવો કરવામાં આવે છે. વર્તમાન સમયમાં પણ રોજગારીના ક્ષેત્રે આવેલા પરિવર્તનો પરંપરાગત રોજગારીની વ્યવસ્થાથી વિપરીત ગિગ સંગીત જેવી છે, જેમાં કામદાર પોતાની ઈચ્છા પ્રમાણે કામમાં જોડાવા અને કામમાંથી મુક્ત થવા માટે સંપૂર્ણ રીતે સ્વતંત્ર હોય છે. આમ, ગિગ અર્થતંત્ર એ સ્થિતિસ્થાપક રીતે

કાર્ય કરે છે, તે એક મુક્ત બજાર પ્રણાલી છે જેમાં હોદ્દાઓ કામચલાઉ હોય છે અને રોજગારી આપતા એકમો કે સંગઠનો ટૂંકા ગાળા માટે સ્વતંત્ર કામદારો સાથે કરાર કરે છે.

ગિગ અર્થતંત્રમાં લોકો પાર્ટ-ટાઇમ અથવા કામચલાઉ હોદ્દા પર અથવા સ્વતંત્ર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. ગિગ અર્થતંત્રના પરિણામે સસ્તી, વધુ કાર્યક્ષમ સેવાઓ ઉપલબ્ધ બને છે. વર્તમાન સમયમાં ઉબેર, ઝોમેટો, સ્વીગી જેવી સેવાઓ ગિગ અર્થતંત્રનો ભાગ બને છે. તેમજ કોલેજો કે યુનિવર્સિટી દ્વારા રોકવામાં આવતા વીઝીટિંગ પ્રાધ્યાપકો પણ આ શ્રેણીમાં આવે છે.

**9.2.3 Gig (ગીગ) અર્થતંત્રના લાભ :** ગિગ અર્થતંત્રમાં રોજગારી દાતાઓને નાણાં અને સંસાધનોની બચત થાય છે. તેઓ કર્મચારીઓને માંદગી રજા અને આરોગ્ય વીમા જેવા લાભો પ્રદાન કરવા માટે જવાબદાર બનતા નથી. તેમજ ઘણીવાર કાર્યાલયની જગ્યા, સાધનસામગ્રી અને તાલીમ આપવાની જરૂર હોતી નથી. ગિગ મોડલ વ્યવસાયને નિષ્ણાતો સાથે કરાર કરવા સક્ષમ બનાવે છે, જેઓને જો પૂર્ણ-સમયના કર્મચારી તરીકે રોકવામાં આવે તો ખૂબ ખર્ચાળ નીવડી શકે છે. તેમજ તેમની પાસે પસંદગી માટે અરજદારોની વિશાળ શ્રેણી હોય છે, તેઓએ તેમની પહોંચના આધારે કોઈને નોકરી પર રાખવાની જરૂર નથી. ગિગ અર્થતંત્રના વિકાસમાં આર્થિક કારણો પણ પરિબળ છે. રોજગારી દાતાને કેટલીકવાર પૂર્ણ-સમયના કે કાયમી કર્મચારી રાખવાનું પરવડે નહીં તે ચોક્કસ કામ માટે પાર્ટ-ટાઇમ અથવા કામચલાઉ કર્મચારીઓને રાખે છે.

કર્મચારીની દૃષ્ટિએ જોઈએ તો તેઓ પોતાની ઈચ્છિત જીવનશૈલી સુધી પહોંચી શકે તે માટે તેઓ કેટલીકવાર વધારાના કામ તરીકે આવું ગિગ કામ કરવા તૈયાર થાય છે. આ ઉપરાંત, આજના સમયમાં વ્યક્તિ માટે રોજગારી કે વ્યવસાય બદલવો એ એક સામાન્ય બાબત ગણાય છે, જેમાં પણ ગિગ અર્થતંત્રનું પ્રતિબિંબ જોઈ શકાય છે. સ્વતંત્ર કામદારો એવી ફ્રીલાન્સ નોકરીઓ પસંદ કરી શકે છે જેમાં તેઓ રસ ધરાવતા હોય, જે નવી તકો પૂરી પાડે છે અને જે તેમની પસંદગીઓ અને સમયપત્રક માટે અનુકૂળ હોય છે. તેઓ એવી પૂર્ણસમયની નોકરીમાં અટવાઈ જવા નથી ઈચ્છતા જેમાં તેમને રસ કે અનુકૂળતા ન હોય. આ પ્રકારની ફ્રીલાન્સ ઇકોનોમી પણ કામદારોને તેઓ ક્યારે કામ કરવા માગે છે તે પસંદ કરવાની તક પૂરી પાડે છે અને તેમને એક જ રોજગારદાતા સાથે બાંધી દેતા નથી અથવા તેના પર નિર્ભર રહેવાથી બચવામાં મદદ કરે છે. કોરોના કાળ પછી ગિગ રોજગારીમાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો નોંધાયો છે. કોરોના દરમ્યાન જે લોકોએ રોજગારી ગુમાવી હતી તેમાંથી ઘણા લોકો આવી ગિગ રોજગારીમાં જોડાયા છે. આ ઉપરાંત, આજના આધુનિક યુગમાં ડિજીટલ ટેક્નોલોજીના વિકાસને પરિણામે કામના સ્થળથી દૂર રહીને અથવા ઘરેથી કામ કરવાનું વધુને વધુ સામાન્ય બની રહ્યું છે. જોમેટો, સ્વીગી જેવી કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારી ગિગ રોજગારીના જ ઉદાહરણો છે.

ઉપભોક્તાઓની દૃષ્ટિએ જોઈએ તો ઘણીવાર ગિગ મોડેલ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ ઉચ્ચ ગુણવત્તાવાળી અને કિંમતની દૃષ્ટિએ સસ્તી હોય છે. આ ઉપરાંત આવી સેવાઓ વધુ અનુકૂલન સાથે પૂરી પાડવામાં આવે છે.

આમ, ગિગ અર્થતંત્રના ફાયદાઓને નીચે પ્રમાણે વર્ણવી શકાય ;

➢ રોજગારીમાં વિવિધતા :- ગિગ રોજગારીની વ્યવસ્થા શ્રમિકને વૈવિધ્યપૂર્ણ રોજગારીની તક પૂરી પાડે છે. જ્યારે કોઈ એક જ કંપનીમાં લાંબા સમય માટે રોજગારીથી સંકળાવ ત્યારે કેટલીકવાર કામથી કંટાળો આવવો સ્વાભાવિક હોય છે. ગિગ પ્રકારનું કામ આવા કંટાળાનો ઉકેલ આપે છે. ગિગ પ્રકારની રોજગારી શ્રમિકોને કામમાં વિવિધતાની તક પૂરી પાડી એક અલગ અનુભવ દ્વારા કૌશલ્યમાં વિવિધતા લાવવાની તક પૂરી પાડે છે, જે પરંપરાગત નોકરીમાં વધુ મુશ્કેલ હોઈ શકે છે.

➢ સ્વતંત્રતા :- ગિગ રોજગારી વ્યક્તિને પોતાની અનુકૂળતા પ્રમાણે કામનો સમય નક્કી કરવાનું અને પોતાને અનુકૂળ કામ પસંદ કરવાની સ્વતંત્રતા પ્રદાન કરે છે. આવી સ્વતંત્રતા વ્યક્તિને કામ અને જીવન વચ્ચે સંતુલન જાળવવામાં મદદરૂપ થાય છે. આવકનો ત્યાગ કર્યા વિના વ્યક્તિગત જવાબદારીઓને પ્રાધાન્ય આપવાનું સરળ બનાવે છે.

➢ સ્થિતિસ્થાપકતા :- ગિગ રોજગારીની તરફેણની સૌથી મહત્વની બાબત એ સ્થિતિસ્થાપકતા છે. એક ગિગ વર્કર તરીકે, વ્યક્તિ ક્યારે, કયું, ક્યાં કોની સાથે કામ કરવું અને કોની સાથે કામ ન કરવું તેની પસંદગી કરી શકે છે. વ્યક્તિ પોતાના કામની ન્યૂનત્તમ કિંમત પણ નક્કી કરી શકે છે, અઠવાડિયાના અંતે, રજાના દિવસે કે રાત્રે કામ કરવાની પસંદગી પણ વ્યક્તિ કરી શકે છે. આમ, ગિગ રોજગારીમાં વ્યાપક પ્રમાણે અનુકૂળતા અને સ્થિતિસ્થાપકતા જોવા મળે છે.

➢ આવક :- ગિગ રોજગારીમાં જ્યારે કામદાર કોઈ વિશિષ્ટ આવડત કે કૌશલ્ય ધરાવતો હોય ત્યારે ઘણીવાર વધુ આવક કમાવાની સંભાવના વધારે જોવા મળતી હોય છે. આ ઉપરાંત જો શ્રમિક કુશળ હોવાની સાથે સાથે એકસાથે અનેક પ્રકલ્પ પર કામ કરવાની ક્ષમતા ધરાવતો હોય કે અનેક ગ્રાહકોના કાર્યો એકસાથે કરવાની ક્ષમતા ધરાવતો હોય તો પણ પરંપરાગત નિશ્ચિત પગારવાળી નોકરીઓની તુલનામાં વધુ આવક કમાઈ શકે છે તેમજ પોતાની આવક ઝડપથી વધારી શકે છે.

➢ કારકિર્દી પરીક્ષણ :- જ્યારે વ્યક્તિ કોઈ નવી રોજગારીમાં પોતાની કારકિર્દી બનાવવાનું વિચારી રહ્યો હોય ત્યારે ગિગ રોજગારી આવી નવી કારકિર્દી માટેની પ્રયોગશાળા બની શકે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ બાંધકામ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવા ઈચ્છે છે તો તેણે સૌપ્રથમ નાના - નાના કરાર પર કામ કરી પોતાની આવડત અને આ કારકિર્દીના ભવિષ્ય વિશે જાણવું જોઈએ. આમ, ગિગ કામ દ્વારા વ્યક્તિ કારકિર્દી પરીક્ષણ કરી આગળનો નિર્ણય લઈ શકે છે.

**9.2.4 Gig (ગીગ) અર્થતંત્રના ગેરલાભ :** ગિગ અર્થતંત્રના અનેક ફાયદા વર્ણવવામાં આવે છે, પરંતુ આ વ્યવસ્થાના પણ કેટલાક ગેરફાયદા છે, તેથી ગિગ રોજગારીમાં ઝંપલાવતાં પહેલાં તેના સૌથી મહત્વપૂર્ણ ગેરફાયદાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે. આવા ગેરફાયદા નીચે પ્રમાણે દર્શાવી શકાય.

➢ કર અને ખર્ચ :- ગિગ રોજગારીને સ્વરોજગારી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, જેનો અર્થ છે કે આવા કામદારે કેટલાક પ્રકારના કર ચૂકવવા

પડશે તેમજ ઓફિસ સપ્લાય અને માર્કેટિંગ જેવા ખર્ચાઓ પણ ઉઠાવવા પડશે. આવા કર અને ખર્ચ કેટલાક ગિગ કામદારો પર બોજારૂપ બની શકે છે. જ્યારે વ્યક્તિ વધારાની આવક મેળવવા માટે કોઈ અન્ય રોજગાર (side hustle) શરૂ કરી રહી હોય, ત્યારે ટકાઉ આવક ન થાય ત્યાં સુધી ખર્ચ એક મહત્વપૂર્ણ અવરોધ બની શકે છે.

- લાભોનો અભાવ :- ગિગ રોજગારીનો સૌથી મોટો ગેરફાયદો એ છે કે આવા કામદારો સામાન્ય રીતે આરોગ્ય વીમા અથવા પૂર્ણ-સમયના કર્મચારી તરીકે કામ કરતાં કામદારોને મળતા અન્ય લાભો જેવાકે સવેતન રજા, બોનસ વગેરે માટે લાયક નથી હોતા. ગિગ કામદારો એ કામચલાઉ કામદારો હોવાથી કંપનીએ સામાન્ય રીતે તેમને લઘુત્તમ વેતન અથવા ઓવરટાઇમ ચૂકવવાની પણ જરૂર હોતી નથી. આમ, ગિગ કામદારો કાયમી કર્મચારીઓને મળતા અનેક લાભોથી વંચિત રહે છે.

- એકલતા :- જ્યારે ગિગ કામદાર પોતાના ઘરેથી ઑનલાઈન કાર્ય કરતાં હોય ત્યારે આવા કામદારો એકલવાયાપણાનો અનુભવ કરે છે. સમાજ અને બાહ્ય જીવન સાથેનો તેમનો સંપર્ક નહિવત રહી જાય છે આ સંજોગોમાં સામાજિક ક્રિયાપ્રતિક્રિયા અને સહયોગ પર વ્યક્તિમાં ખીલતા કેટલાક ગુણોનો તેમનામાં અભાવ જોવા મળી શકે છે. ગિગ કામદાર માટે આ એક મહત્વપૂર્ણ નુકસાન હોઈ શકે છે.

- દોડધામવાળું જીવન :- ગિગ કામદારની આવક તે કેટલા પ્રકલ્પ પર કેવા પ્રકારનું કાર્ય, કેટલા સમયમાં પૂર્ણ કરે છે અને તે માટે તેને કેટલી ચૂકવણી કરાય છે તેના પર આધાર રાખે છે. આવી સ્થિતિમાં ગિગ કામદાર પોતાનું કાર્ય ઝડપથી પૂર્ણ કરવા પ્રયત્ન કરે છે અને પરિણામ સ્વરૂપે તેનું જીવન અત્યંત દોડધામભર્યું બની જાય છે.

- તણાવ :- ગિગ રોજગારીમાં અનેક અનિશ્ચિતતાઓ જોવા મળે છે, આવા કામદારની આવકમાં સતત વધઘટ થતી હોય છે. આવકની અસ્થિરતા માનસિક તણાવ અને નાણાકીય ખેંચનું કારણ બની શકે છે, ખાસ કરીને જ્યારે વ્યક્તિ આવક માટે ફક્ત ગિગ કામ પર આધાર રાખે ત્યારે આવું થવાની શક્યતા ઘણી વધી જાય છે. સ્થિર આવક જાળવવા માટે પૂરતું કામ હોવું એ ગિગ કાર્ય સાથે એક પડકાર છે.

- કામ અને જીવન વચ્ચે સંતુલન :- ગિગ રોજગારીની તરફેણમાં એવી દલીલ કરવામાં આવે છે કે કામની સ્વતંત્રતા અને સ્થિતિસ્થાપકતાને પરિણામે વ્યક્તિ કામ અને જીવન વચ્ચે સંતુલન જાળવી શકે છે. પરંતુ વાસ્તવમાં ગિગ કામદાર માટે કાર્ય અને જીવન વ્યવસ્થાપન એ સૌથી મોટો પડકાર છે. જો ગિગ કામદાર પોતાનું સમયપત્રક બનાવવા માટે ટેવાયેલ ન હોય તો ગિગ કામ વિક્ષેપકારક બની શકે છે. બિનઅનુભવી કામદારો સરળતાથી ઘણા બધા ગિગ કામ લઈ શકે છે, જેના કારણે વધુ પડતું કામ અને શક્તિ વેડફાઈ છે.

- નોકરીદાતા-કર્મચારી સબંધ અને ગિગ અર્થતંત્ર :- કાયમી કર્મચારીઓ સાથે સંબંધ : ગિગ કામદારો માટે બીજો એક મોટો પડકાર એ પણ છે કે

કોઈ કંપનીમાં તે કામ અર્થે વારંવાર જતા હોય ત્યારે ત્યાં કામ કરતાં કાયમી કર્મચારીઓ માટે આવા ગિગ કામદારો ઈર્ષાનું કારણ બને છે. કાયમી કર્મચારીઓને પોતાની રોજગારી છિનવાઈ જવાનો ભય લાગે છે તેથી તેઓ આવા ગિગ કામદારોને પોતાના હરીફ તરીકે જોતા હોય છે.

ગિગ અર્થતંત્ર એ કામદારને રોજગારીમાં સ્થિતિસ્થાપકતા અને પોતાના માલિક પોતે બનવાની ક્ષમતા પ્રદાન કરે છે, પરંતુ તેના ગેરફાયદા પણ છે. ગિગ અર્થતંત્રમાં જોડાતા પહેલાં તેના ફાયદા અને ગેરફાયદાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું મહત્વપૂર્ણ છે. ગિગ કાર્ય કરવાનું નક્કી કરતાં પહેલાં તેના સંભવિત પડકારોને ઘટાડવાના ઉપાયો શોધવા ખૂબ જરૂરી છે.

**9.2.5 નોકરીદાતા-કર્મચારી સબંધ અને ગિગ અર્થતંત્ર :-** નોકરીદાતા અને કર્મચારી વચ્ચેનો રોજગાર કરાર એ આ બન્ને પક્ષકારોની જવાબદારીને વ્યાખ્યાઈત કરે છે. આ કરારમાં કામનો પ્રકાર, કર્મચારીનો પગાર, કામના કલાકો અને અન્ય નિયમો અને શરતો નક્કી કરવામાં આવે છે. આ કરાર અંતર્ગત કાર્યસ્થળ પર સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણ પૂરૂ પાડવાની જવાબદારી નોકરીદાતાની હોય છે. ગિગ કામદાર અને કર્મચારી વચ્ચે એક પાતળી રેખા હોય છે જે રોજગાર કરારના મૂળભૂત વિચાર પર પ્રશ્ન ઉઠાવે છે. આ તફાવત ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે, આ મજૂર કાયદાઓમાં આવક, કામની સ્થિતિ, નોકરીદાતા - કર્મચારી વચ્ચેના વિવાદનું નિરાકરણ અને કામદારોની સુરક્ષા જેવી બાબતોનો સમાવેશ થાય છે. ગિગ કામદારો કાયમી કર્મચારીઓને આપવામાં આવતા અનેક લાભો અને કાયદાકીય સુરક્ષાના દાયરાની બહાર રહી જાય છે.

કામદારોને તેમના રોજગારની પ્રકૃતિ, નોકરીદાતા સાથેના સંબંધો અને કંપની સાથે રોજગાર કરારના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે. તે વિવિધ પરિબળો પર આધાર રાખે છે જેમ કે તેમની બદલીમાં બીજા કામદારને રોકી શકાય છે, રોજગાર પ્રદાન કરનાર પ્લેટફોર્મ કામદાર પર કેટલું નિયંત્રણ ધરાવે છે. ગિગ અર્થતંત્ર હેઠળ કામ કરતાં કામદારોને પરંપરાગત રીતે સ્વ-રોજગાર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. કોઈ શ્રમિક એ ગિગ કામદાર છે કે કર્મચારી છે તે ઓળખવા માટે કામની શરતો, નોકરીદાતાના નિયંત્રણ અને બન્ને પક્ષકારોના હેતુઓનું મૂલ્યાંકન કરવાથી જાણી શકાય છે. આ મૂલ્યાંકન કરવા માટે કરારનું શીર્ષક, કામે રાખવા અને કામ પરથી છૂટા કરવાની સત્તા, સાધનોની માલિકી જેવી બાબતોને ધ્યાનમાં લેવાય છે. માલિક - શ્રમિક, શ્રમિક - શ્રમિક તેમજ શ્રમિક - સરકાર વચ્ચેના સંબંધના અસ્તિત્વને ઘણી બાબતો અસર પહોંચાડતી હોય છે જેમકે; કામના કલાકો, પક્ષકારોના એકબીજા પ્રત્યેના અભિગમો, વેતન, અન્ય લાભો વગેરે. ગિગ અર્થતંત્રમાં રોજગારીદાતાને કામદાર સાથે કામ પૂરતો જ સંબંધ હોય છે એટલે તેમને આવા કામદારોના કલ્યાણ વિશે ક્યારેય કોઈ વિચાર સુધ્ધાં આવતો નથી. ગિગ કામદારોને કાયમી કર્મચારી જેવા કોઈ લાભ, પગાર સ્લીપ જેવા આવકના કોઈ પૂરાવા મળતા નથી કે તેમની કોઈ નિશ્ચિત આવક હોતી નથી

અને પરિણામ સ્વરૂપે કોઈ બેંક તેમને ધિરાણ આપવા તૈયાર હોતી નથી, જેથી આવા કામદારો એ નાણાકીય જરૂરિયાતના સમયે તેમણે શાહુકારો કે સગા-સંબંધીઓ પાસેથી ઊંચા વ્યાજદરે નાણાં ઉછીના લેવા પડે છે. આવા અસંગઠિત ધિરાણના પરિણામે ગિગ કામદારોની આર્થિક પરિસ્થિતિ ક્યારેક કફોડી બની જાય છે. આમ, ગિગ કામદારો અનેક રીતે શોષણનો ભોગ બને છે અને જ્યારે તેઓ પોતાના તેમના અધિકારોના રક્ષણ માટે પોતાની માગણીઓ રજૂ કરે ત્યારે ઔદ્યોગિક સંબંધોમાં વિક્ષેપ પેદા થાય છે.

**9.2.6 ભારતમાં ગિગ અર્થતંત્રની સ્થિતિ :** વૈશ્વિક સ્તરે અને ભારતમાં ગિગ અર્થતંત્ર એક મુખ્ય રોજગાર આપનાર ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે. ભારતના વર્તમાન શ્રમ માળખાનો અભ્યાસ કરવામાં આવે તો ભારતીય શ્રમ બજાર એ ગિગ કામદારોના સંદર્ભમાં સમગ્ર વિશ્વમાં પાંચમા સ્થાને છે. નીતિ આયોગના અંદાજ પ્રમાણે 2020 માં આ ક્ષેત્રમાં 77 લાખ કામદારો હતા, જેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે, જે બિન-કૃષિ કાર્યબળના 2.6 ટકા અથવા ભારતમાં કુલ કાર્યબળના 1.5 ટકા છે. આર્થિક સર્વેક્ષણ 2024માં દર્શાવ્યા અનુસાર ભારતમાં 2029-30 સુધીમાં ગિગ કાર્યબળ બિન-કૃષિ કાર્યબળના 6.7 ટકા અથવા કુલ રોજગારીના 4.1 ટકા થવાનો અંદાજ છે. ભારતમાં હાલમાં લગભગ 47 ટકા ગિગ કાર્ય મધ્યમ કૌશલ્યવાળી નોકરીઓમાં, લગભગ 22 ટકા ઉચ્ચ કૌશલ્યવાળી નોકરીઓમાં અને લગભગ 31 ટકા ઓછી કૌશલ્યવાળી નોકરીઓમાં છે. આ વલણો દર્શાવે છે કે મધ્યમ કૌશલ્યવાળા કાયમી કામદારોનું પ્રમાણ ધીમેધીમે ઘટી રહ્યું છે અને ઓછી કૌશલ્યવાળા અને ઉચ્ચ કૌશલ્યવાળા કામદારોનું પ્રમાણ વધી રહ્યું છે. એવી અપેક્ષા રાખી શકાય છે કે 2030 સુધી મધ્યમ કૌશલ્યવાળા કામદારોનું વર્ચસ્વ ચાલુ રહેશે, પરંતુ અન્ય કૌશલ્યો સાથે ગિગ વર્ક ઉભરી આવશે.

ભારતમાં ગિગ અર્થવ્યવસ્થા તેજીમાં હોવા છતાં, પિરામિડના તળિયે કાર્યરત લોકો અત્યંત મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસોમાં દર્શાવ્યા પ્રમાણે ગિગ કામદારો અનેક સમસ્યાઓ જેવી કે વધુ કામના કલાકો, ઓછું વળતર, અચાનક કામ છીનવી લેવું વગેરેના પરિણામે ઉચ્ચ શારીરિક અને માનસિક તણાવનો સામનો કરે છે. આ બાબતોના સંદર્ભમાં શ્રમ કાયદામાં સુધારાની તરફેણ કરવામાં આવે છે.

**9.2.7 શ્રમ કાયદા અને ગિગ અર્થતંત્ર :** વર્તમાન પ્રવાહોના સંદર્ભમાં શ્રમ કાયદાઓમાં જરૂરી પરિવર્તન માટે નીચે મુજબની દલીલો રજૂ કરવામાં આવે છે.

- અનુકૂલનની જરૂરિયાત : ગિગ કામદારોને નોકરીદાતા પોતાના કર્મચારી ગણતા નથી તેથી તેમને કાયમી કર્મચારી જેવા કોઈ લાભ તેમને આપવામાં આવતા નથી. આમ આ ભેદભાવ અનેક સમસ્યાઓનું કારણ બને છે તેથી સરકારે કાયદા દ્વારા આવા ગિગ કામદારોને રક્ષણ પૂરૂ પાડવું જોઈએ એવો એક મત હંમેશાં પ્રવર્તતો રહ્યો છે. ગિગ અર્થતંત્રના ઝડપી વિકાસે પ્રવર્તમાન શ્રમ કાયદાઓમાં રહેલી ખામીઓ અને આવા ગિગ કામદારો પ્રત્યેના વલણમાં રહેલા નોંધપાત્ર અંતરને ઉજાગર કર્યું છે. મોટા ભાગના અર્થતંત્રોમાં પ્રવર્તમાન શ્રમ કાયદાઓમાંના ઘણા

કાયદા એવા સમયમાં ઘડવામાં આવેલા છે કે જ્યારે પૂર્ણ-સમયની અને કાયમી રોજગારી એ સામાન્ય બાબત હતી. આ કાયદાઓ ગિગ કામદારો એ સામનો કરવી પડતી વિશિષ્ટ સમસ્યાઓ અને પડકારોનો સામનો કરવા માટે પૂરતા નથી. તેથી વર્તમાન નવી અર્થવ્યવસ્થામાં બધા જ કામદારોને સુરક્ષિત રાખવા માટે શ્રમ કાયદાઓમાં યોગ્ય પરિવર્તન સાથે વર્તમાન રોજગારીના પ્રવાહો સાથે અનુકૂલન સાધવું અત્યંત આવશ્યક છે.

- શ્રમિકોનું પુનઃવર્ગીકરણ ગિગ કાર્યનો સ્વીકાર : બદલાયેલા પ્રવાહો સાથે અનુકૂલન સાધવા માટે કેટલાક દેશોએ પોતાના શ્રમ કાયદાઓનું પુનઃઅર્થઘટન કરવાનું શરૂ કરી દીધું છે. જેમકે, કેટલાક દેશો એ ઉબેર અને ઓલા જેવી કંપનીઓ સાથે જોડાયેલા ડ્રાઈવરો (ગિગ કામદારો)ને ''કામદારો'' તરીકે વર્ગીકૃત કરી સ્વતંત્ર કોન્ટ્રાક્ટરો અને કર્મચારીઓ વચ્ચેની શ્રેણી તરીકે ગણી, તેમને સંપૂર્ણપણે કર્મચારી બનાવ્યા વિના લઘુત્તમ વેતન અને પેઇડ વેકેશન જેવા કેટલાક મૂળભૂત લાભો આપવાનું શરૂ ર્ક્યું છે. આમ, આવશ્યક સુરક્ષા પૂરી પાડતી વખતે ગિગ કાર્ય જે સુગમતા આપે છે તેનો પણ સ્વીકાર કરવામાં આવે છે.

- આંશિક લાભો : અન્ય એક દલીલ એવી પણ કરવામાં આવે છે કે ગિગ કામદારો માટે પોર્ટેબલ લાભ પ્રણાલીઓનું નિર્માણ કરવું જોઈએ. આ પ્રણાલિ હેઠળ ગિગ કામદારોને પરંપરાગત પૂર્ણસમયના કર્મચારીઓની જેમ, આરોગ્ય વીમા અને નિવૃત્તિ યોજનાઓ જેવા લાભો મેળવી શકે છે. આવા લાભો મેળવવા માટે તેમણે કોઈ ચોક્કસ સમય માટે કોઈ ચોક્કસ કંપનીમાં જોડાઈ રહેવું જરૂરી નથી. આવી વ્યવસ્થા માટે ગિગ કામદારોના યોગદાન દ્વારા ભંડોળ ઊભું કરી શકાય અને તેમાંથી તેમને આરોગ્ય વીમો, નિવૃત્તિ યોજનાઓ અને અપંગતા વળતર જેવા વિવિધ લાભો આપી શકાય. આવી વ્યવસ્થા તેમની નાણાકીય સ્થિરતામાં વધારો કરે છે અને સ્થિતિસ્થાપક અર્થતંત્રને પ્રોત્સાહન આપે છે.

- ભેદભાવ અને શોષણ સામે રક્ષણ : ગિગ અર્થતંત્રના વિકાસ સાથે ગિગ શ્રમિકો પ્રત્યે ભેદભાવ, તેમની પજવણી અને તેમના શોષણના પ્રશ્નો વિકટ બનતા ગયા છે. આવા પડકારોનો સામનો કરવા માટે પણ શ્રમ કાયદામાં સુધારાની માંગ કરવામાં આવે છે. ગિગ કામદારો અન્ય કામદારો દ્વારા કરવામાં આવતી પજવણી, આવા કામદારો પ્રત્યેનું અલગ વલણ વગેરેનો સામનો કરે છે આ ઉપરાંત કંપનીના માલિક અને અન્ય કાયમી કર્મચારીઓ દ્વારા તેમની પાસેથી વધારાનું કામ કરવી ઓછું વળતર વગેરે રીતે તેમનું શોષણ કરવામાં આવે છે. ગિગ કામદારોના કાર્યસ્થળના મુદ્દાઓ, તેમની સુરક્ષા વગેરે બાબતોને ધ્યાનમાં રાખી શ્રમ કાયદાઓમાં જરૂરી સુધારા કરવાની આવશ્યકતા છે.

- સંગઠનોની રચના અને સામુહિક સોદાશક્તિ : ગિગ કામદારોને સંગઠન બનાવી તેમની સામુહિક સોદાશક્તિ વધારવા માટે કાયદાકીય જોગવાઈ કરી ગિગ કામદારોના સંગઠનને પ્રોત્સાહન આપવું જોઈએ. આવા સંગઠનો ગિગ કામદારોના રક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે,

તેમને વાજબી વેતન મેળવી આપવામાં, કામની સારી પરિસ્થિતિ ઉપલબ્ધ બનાવવામાં ઉપયોગી થઈ શકે છે.

આમ, વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને વર્તમાન શ્રમ કાયદાઓમાં આવશ્યક સુધારા કરવા માટે વારંવાર રજૂઆતો થતી રહે છે. ભારતમાં આ સંદર્ભમાં કેટલાક સુધારા થયા છે. 2019ના વેતન ધારામાં ગિગ કામદારો સહિત સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતાં કામદારો માટે એક સાર્વત્રિક લઘુત્તમ વેતનની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ, 2020ના સામાજિક સલામતી ધારા હેઠળ ગિગ કામદારોને એક નવી વ્યાવસાયિક શ્રેણી તરીકે ઓળખાવવામાં આવેલ છે. આ કાયદામાં "ગિગ કામદાર" ને વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે અને સરકારને તેમના માટે ખાસ કરીને સામાજિક સલામતી યોજનાઓ જેવી કે; જીવન વીમો, આરોગ્ય વીમો, અપંગતા વીમો, આરોગ્ય લાભો, પ્રસૂતિ લાભો અને વૃદ્ધાવસ્થા સલામતી વગેરેને લગતી યોજનાઓ અમલમાં મૂકવાની સત્તા આપે છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા માનનીય સુપ્રીમ કોર્ટ સમક્ષ એક અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં ગિગ કામદારો અને સ્થળાંતરિત કામદારો માટે સામાજિક સલામતીની માંગ કરવામાં આવી હતી. માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા આ સંદર્ભમાં અસંગઠિત કામદારોને કેન્દ્ર સરકાર અને વિવિધ રાજ્ય સરકારો દ્વારા રજૂ કરાયેલી યોજનાઓનો લાભ મળી શકે તેવી જોગવાઈ કરવા સુચના આપવામાં આવી હતી. વધુમાં, માનનીય સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય સરકારોને આત્મ નિર્ભર ભારત યોજના હેઠળ આ કામદારોમાં ડ્રાય રાશન કેવી રીતે વહેંચવામાં આવશે તેની પદ્ધતિઓનો ઉલ્લેખ કરતી એફિડેવિટ ફાઇલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

વર્ષ 2023માં, રાજસ્થાન ગિગ કામદાર અધિનિયમ લાગુ કરનાર પ્રથમ ભારતીય રાજ્ય બન્યું હતું. આ કાયદામાં ગિગ કામદારોને ચોક્કસ ચુકવણી શરતોને આધિન પરંપરાગત રોજગારના ક્ષેત્રની બહાર કરારબદ્ધ કાર્ય કરતાં કામદારો તરીકે વ્યાખ્યાઈત કરવામાં આવ્યા છે. આ કાયદા અંતર્ગત રાજસ્થાન પ્લેટફોર્મ આધારિત ગિગ કામદાર કલ્યાણ બોર્ડની સ્થાપના કરી ગિગ કામદારોના કલ્યાણ માટેની સામાજિક સલામતીની યોજનાઓના નિરીક્ષણ કરવા અને કલ્યાણ ભંડોળના સંચાલનની વ્યવસ્થા કરવા માટેની જોગવાઈ કરવાનું નિર્ધારીત કરેલ છે. આ ઉપરાંત આ કાયદાના ઉલ્લંઘન કરવા બદલ દંડની જોગવાઈ પણ કરવામાં આવેલ છે.

કર્ણાટક રાજ્યએ તેની વિધાનસભામાં કર્ણાટક પ્લેટફોર્મ-આધારિત ગિગ કામદાર (સામાજિક સુરક્ષા અને કલ્યાણ) બિલ, 2024 નામનું ડ્રાફ્ટ બિલ પણ રજૂ કર્યું હતુ. આ બિલનો હેતુ, અન્ય બાબતોની સાથે, ગિગ કામદારો માટે આવશ્યક સામાજિક સલામતી પૂરા પાડવા,

ગિગ કામદાર કલ્યાણ બોર્ડની સ્થાપના કરવા માટેનો છે. પ્રસ્તાવિત ડ્રાફ્ટમાં કાયદાનું પાલન ન કરવાના કિસ્સામાં નાણાકીય દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ બિલમાં નિર્ણયીકરણની પ્રક્રિયામાં પારદર્શકતા લાવવા, ખોટી રીતે કામ પરથી દૂર કરવા સામે રક્ષણ આપવા અને કર્મચારીઓ માટે દ્વિ-સ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા પૂરી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બિલ મુજબ, અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત કામદારોને ચૂકવણી કરવી પડશે અને તેમના વેતનમાંથી કરવામાં આવેલા કોઈપણ કપાત અંગે કામદારને જાણ કરવી પડશે. તેમાં એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે કર્મચારી "વાજબી કારણોસર" પ્રતિ સપ્તાહ ચોક્કસ સંખ્યામાં કામ કરવાનો ઇનકાર કરી શકે છે અને તે બદલ તેની સામે કોઈપણ પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે નહીં.

એક કરોડથી વધારે ગિગ કામદારોની સુખાકારી સુનિશ્ચિત કરવાના ઉમદા આશય સાથે ભારત સરકારના 2025ના કેન્દ્રિય અંદાજપત્રમાં પ્લેટફોર્મ આધારિત ગિગ કામદારોને ઔપચારિક માન્યતા અને સામાજિક સલામતીના લાભો આપવા માટે એક વ્યાપક માળખાની રચના કરવાનું સ્વીકારવામાં આવ્યું છે. ગિગ કામદારોને વડાપ્રધાન જન આરોગ્ય યોજના હેઠળ આવરી લઈ તેમને આરોગ્ય સુરક્ષા પ્રદાનકરવાનું સ્વીકારવામાં આવ્યું છે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ઈ-શ્રમ પોર્ટલ પર પ્લેટફોર્મ આધારિત ગિગ કામદારોની નોંધણી માટેનો એક પાયલોટ પ્રોજેક્ટ પહેલાંથી જ હાથ ધરવામાં આવેલ છે. આ પાયલોટ પ્રોજેક્ટના ભાગ રૂપે ચાર અગ્રણી એગ્રીગેટર્સ - અર્બન કંપની, ઝોમેટો, બ્લિંકિટ અને અંકલ ડિલિવરી - પહેલાથી જ નોંધણી કરાવી ચૂક્યા છે. અંદાજપત્ર-2025માં આ કાર્યક્રમના વિસ્તરણ પર ભાર મૂકવામાં આવ્યો છે અને એ ખાતરી કરવામાં આવશે કે ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલ દરેક ગિગ અને પ્લેટફોર્મ કામદારને આવશ્યક સામાજિક સુરક્ષા લાભો પ્રાપ્ત થાય.

## 9.3 સારાંશ :

ગિગ અર્થતંત્રનો જે રીતે વિકાસ થયો છે તે રોજગારીના માળખા અને પરિભાષામાં થઈ રહેલા મોટા પરિવર્તનો દર્શાવે છે. ગિગ અર્થતંત્રે લોકોની અને વ્યવસાયોની કાર્યપધ્ધતિમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ગિગ અર્થતંત્ર કામદારોને કામની સ્વતંત્રતા અને વિશાળ શક્યતાઓ પ્રદાન કરવા સાથે સર્જનાત્મકતા અને નાણાકીય સ્વતંત્રતા માટે તકો પ્રદાન કરે છે, પરંતુ લાંબાગાળે સામાજિક સલામતીના પડકારો પણ રજૂ કરે છે. ગિગ અર્થતંત્રની વિશિષ્ટતાઓના પરિણામ સ્વરૂપે ગિગ કામદારોને કાયમી કર્મચારી જેવા લાભોથી વંચિત રાખી તેમનો લાભ ઉઠાવવાનું (શોષણ કરવાનું) રોજગારીદાતાઓ માટે શક્ય બનાવ્યું છે. ગિગ કામદારોના અધિકારોનું રક્ષણ કરતી સુવ્યવસ્થિત વ્યૂહરચના અને કાયદાકીય જોગવાઈઓની તાતી જરૂરિયાત જણાય છે. વર્તમાન રોજગારીના પ્રવાહોને ધ્યાનમાં રાખી સુસંગત વૈશ્વિક ધોરણ સ્થાપિત કરવાથી ગિગ કામદારોના અધિકારોનું રક્ષણ થશે અને સાથે સાથે કામ કરવા માટે યોગ્ય

વાતાવરણ સર્જી શકાશે જે આધુનિક યુગમાં રોજગારીની બદલાતી જતી પ્રકૃતિ સાથે સુમેળ સાધી શકશે. વર્તમાન રોજગારીના પ્રવાહોને ધ્યાનમાં રાખીને ગિગ કામદારો માટે નિર્ણયો લેવાની અને કાયદાકિય જોગવાઈઓ કરવાની શરૂઆત થઈ ચૂકી છે, જે ભવિષ્યમાં ગિગ કામદારોની વિવિધ સમસ્યાઓના નિરાકરણમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

## 9.4 ચાવીરૂપ શબ્દો :

- ➢ ઔદ્યોગિક સંબંધ : ઉદ્યોગ સાથે જોડાયેલ વિવિધ પક્ષો જેમકે; માલિક, સંચાલક, શ્રમિક અને સરકાર, વચ્ચેના પારસ્પરિક સંબંધો
- ➢ ઔદ્યોગિક ઝઘડા કે વિવાદ : ઉદ્યોગ સાથે જોડાયેલા વિવિધ પક્ષો વચ્ચે હિતોના ટકરાવના પરિણામે ઉભા થતા ઝઘડા
- ➢ ઔદ્યોગિક લોકશાહી : ઔદ્યોગિક લોકશાહી એટલે ઔદ્યોગિક શ્રમિકોને અસર કરતાં નિર્ણયો લેવામાં શ્રમિકોની ભાગીદારીનો સ્વીકાર કરવો અને તેને યોગ્ય સ્થાન આપવું
- ➢ ગિગ અર્થતંત્ર : એવી આર્થિક વ્યવસ્થા જેમાં લોકો સ્વતંત્ર રીતે પોતાની અનુકૂળતા અનુસાર સ્થિતિસ્થાપક રીતે કામચલાઉ હોદ્દા પર કામ કરે છે
- ➢ આંશિકક લાભો : એવા લાભો જે કોઈ ચોક્કસ નોકરી અથવા નોકરીદાતા સાથે જોડાયેલા નથી પરંતુ કામદાર સાથે જોડાયેલા છે
- ➢ શ્રમ સંગઠન : કામદારોના હિતો અને અધિકારોના રક્ષણ માટે રચવામાં આવેલું એક સંગઠન.
- ➢ સામુહિક સોદાશક્તિ : સામૂહિક સોદાબાજી એ એક પ્રક્રિયા છે જેમાં કામ કરતાં લોકો, તેમના યુનિયનો દ્વારા, તેમના નોકરીદાતાઓ સાથે કરાર પર વાટાઘાટો કરે છે. જેથી તેઓ તેમની રોજગારની શરતો નક્કી કરી શકે, જેમાં પગાર, લાભો, કલાકો, રજા, નોકરીની આરોગ્ય અને સલામતી નીતિઓ, કાર્ય અને પરિવારને સંતુલિત કરવાની રીતો અને ઘણું બધું સામેલ છે. આ સોદાબાજી કરવાની શક્તિ એટલે સામુહિક સોદાશક્તિ.

## 9.5 તમારી પ્રગતિ ચકાસો :

❖ **બહુવિકલ્પી પ્રશ્નો :**

(1) ................ એ ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ પક્ષો વચ્ચેના તમામ પ્રકારના સંબંધોનો ઉલ્લેખ કરે છે.

(A) ઔદ્યોગિક સંબંધો (B) માનવ સંબંધો

(C) સામાન્ય સંબંધો (D) આ તમામ

(2) ઔદ્યોગિક સંબંધોના કાર્યક્ષેત્રમાં .................. નો સમાવેશ થતો નથી

(A) નોકરીદાતા અને કર્મચારી સંબંધ

(B) કર્મચારી અને શ્રમ સંગઠન સંબંધ

(C) નોકરીદાતા, કર્મચારી અને શ્રમ સંગઠન સંબંધ

(D) કર્મચારી અને ગ્રાહક સંબંધ

(3) ઔદ્યોગિક સંબંધોના મુખ્ય પાસાઓ ............... છે

(A) સ્વસ્થ સંચાલક અને મજુર સંબંધોનો પ્રોત્સાહન અને વિકાસ

(B) ઔદ્યોગિક શાંતિ જાળવવી અને ઔદ્યોગિક વિવાદ ટાળવો

(C) ઔદ્યોગિક લોકશાહીનો વિકાસ

(D) આ બધા

(4) ગિગ અર્થતંત્રની પ્રાથમિક લાક્ષણિક્તા કઈ છે ?

(A) લાંબાગાળાની રોજગારી

(B) સ્વતંત્ર કામ કે ટૂંકાગાળાના કરારો

(C) નિશ્ચિત વેતન

(D) સરકારી રોજગારી કે નોકરી

(5) ''ગિગ અર્થતંત્ર'' પ્રાથમિક રીતે .................. નો ઉલ્લેખ કરે છે.

(A) પરંપરાગત રોજગાર (B) કામચલાઉ રોજગાર વ્યવસ્થા

(C) સરકારી નોકરી (D) જાહેરક્ષેત્રે રોજગારી

(6) ............ને ગિગ અર્થતંત્રનો સૌથી મોટો લાભ ગણવામાં આવે છે.

(A) રોજગારીની સલામતી

(B) ઊંચા વેતન

(C) કામના કલાકોની સ્થિતિસ્થાપકતા

(D) પેન્શનનો લાભ

(7) ............... એ ભારતમાં ગિગ અર્થતંત્રનું મુખ્ય ચાલકબળ છે.

(A) સ્માર્ટફોનના ઉપયોગમાં વધારો

(B) ટેક્નોલોજીના ઉપયોગમાં ઘટાડો

(C) પરંપરાગત રોજગારીમાં વૃદ્ધિ

(D) ગ્રામિણ વસ્તીમાં વધારો

(8) ...............નો સામાન્ય સંબંધ ગિગ રોજગાર સાથે છે.

(A) રોજગાર સલામતીમાં વધારો

(B) આવકની અનિશ્ચિતતા

(C) નિવૃત્તિના ઊંચા લાભ

(D) કામના નિશ્ચિત કલાકો

(9) ................ એ ગિગ કામદારનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે.

(A) પૂર્ણ સમયનો સોફ્ટવેર ઈજનેર

(B) સરકારી કારકૂન

(C) ઉબેર, ઓલાના ડ્રાઈવર

(D) કાયમી શિક્ષક

(10) ગિગ અર્થતંત્રમાં ................. સૌથી વધુ અસમર્થ સાબિત થાય છે.

(A) ઉચ્ચ કૌશલ્ય ધરાવનાર

(B) શિક્ષિત વ્યવસાયિક

(C) નિમ્ન કૌશલ્ય ધરાવનાર

(D) સરકારી કર્મચારી

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(1) ઔદ્યોગિક સંબંધોની વિભાવના સમજાવો.

(2) ઔદ્યોગિક સંબંધનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ જણાવો.

(3) ઔદ્યોગિક સંબંધને વ્યાખ્યાઈત કરી તેના ઉદ્દેશ્યો જણાવો.

(4) ઔદ્યોગિક સંબંધના અર્થ, લાક્ષણિક્તાઓ અને મહત્વની ચર્ચા કરો.

(5) ગિગ અર્થતંત્રનો ખ્યાલ સમજાવો.

(6) ગિગ અર્થતંત્રના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા કરો.

(7) ગિગ અર્થતંત્રની ઔદ્યોગિક સંબંધો પરની અસરોની ચર્ચા કરો.

(8) ભારતમાં ગિગ અર્થતંત્ર વિશે નોંધ લખો.

(9) ગિગ અર્થતંત્રના સંદર્ભમાં શ્રમ કાયદાઓમાં ફેરફાર શા માટે આવશ્યક છે?

(10) ગિગ અર્થતંત્રના સંદર્ભમાં ભારતમાં શ્રમ કાયદામાં કરવામાં આવેલા ફેરફારો વિશે નોંધ લખો.

❖ **સંદર્ભગ્રંથ**

(1) Alex De Ruyter, & Martyn Brown. (2019). *The Gig Economy.* Agenda Publishing.

CFI Team. (25 January 2025). *Gig Economy*. CFI: https://corporatefinanceinstitute.com/resources/economics/gig-economy/

Jamie Woodcock, & Mark Graham. (2020). *The Gig Economy - A Critical Introduction.* Cambridge, UK: Polity Press.

M. V. Joshi. (1999). *Labour Economics and Labour Problems.* New Delhi: Atlantic Publishers.

Ministry of Finance, Government of India. (01 February 2025). *Budget Speech of Finance Minister.* https://www.indiabudget.gov.in/: https://

www.indiabudget.gov.in/doc/Budget_Speech.pdf

NITI Aayog. (2022). *India's Booming Gig and Platform Economy - Perspectives and Recommendations on the Future of Work.* New Delhi: NITI Aayog, Government of India.

S. C. Kuchhal. (1960). *The Industrial Economy of India.* Allahabad: Chaitanya Publishing House.

S. D. Punekar, S. B. Dedhar, & Saraswathi Sankaran. (1990). *Labour Welfare, Trade Unionism and Industrial Relations.* Mumbai: Himalaya Publishing House.

V. V. Giri. (1960). *Labour Problems in Indian Industry.* Bombay: Asia Publishing House.

World Economic Forum. (22 November 2024). *What is the gig economy and what's the deal for gig workers?* World Economic Forum: https://ww.weforum.org/stories/2024/11/what-gig-economy-workers/

वी. सी. सिन्हा, पुष्पा सिन्हा, & विवेक सिन्हा. (2007). औद्योगिक अर्थशास्त्र (Industrial Economics). इलाहाबाद: लोकभारती प्रकाशन.

મહેશ વી. જોશી. (1995-96). ઉદ્યોગોનું અર્થશાસ્ત્ર-2 (શ્રમ અર્થશાસ્ત્ર અને ઔદ્યોગિક સબંધો). રાજકોટ દર્પણ પ્રકાશન

## ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) ઔદ્યોગિક સબંધો
2. (D) કર્મચારી અને ગ્રાહક સબંધ
3. (D) ઉપયુક્ત બધા/ ઉપરોક્ત બધા
4. (B) સ્વતંત્ર કામ કે ટૂંકાગાળાના કરારો
5. (B) કામચલાઉ રોજગાર વ્યવસ્થા
6. (C) કામના કલાકોની સ્થિતિસ્થાપકતા
7. (A) સ્માર્ટફોનના ઉપયોગમાં વધારો
8. (B) આવકની અનિશ્ચિતથા
9. (C) ઉબેર, ઓલાના ડ્રાઈવર
10. (C) નિમ્ન કૌશલ્ય ધરાવનાર

************

# એકમ: 10
# ઔદ્યોગિક નાણાં વ્યવસ્થા

## ❖ રૂપરેખા :

10.0 ઉદ્દેશો

10.1 પ્રસ્તાવના

10.2 મૂડીની જરૂરીયાત

10.3 ઔદ્યોગિક ધિરાણના વિવિધ સ્ત્રોત અને વ્યવસ્થાપન

10.4 સારાંશ

10.5 ચાવીરૂપ શબ્દો

10.6 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભસૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 10.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી,

- ➢ આ એકમના અભ્યાસ થકી વિદ્યાર્થી વર્ગને ઔધોગિક ક્ષેત્ર માટે નાણાનું મહત્વ અને તેની કામગીરીથી વાકેફ થશે.
- ➢ આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી વર્ગને ઔધોગિક નાણા વ્યવસ્થાના અર્થથી માહિતગાર કરવામાં આવશે અને તેની તલસ્પર્શી સમજુતી પૂરી પાડવામાં આવશે.
- ➢ પ્રસ્તુત પ્રકરણના અભ્યાસ કરવાથી વિદ્યાર્થી વર્ગ ઔધોગિક ક્ષેત્ર માટે મૂડીની જરૂરિયાત અને મૂડી પ્રાપ્તિના સ્ત્રોતથી માહિતગાર થશે.

## 10.1 પ્રસ્તાવના :

પ્રવર્તમાન સમયગાળોએ ઔદ્યોગિક યુગ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે વર્તમાન સમયમાં ઉદ્યોગોનો જે ઝડપી વિકાસ થઈ રહ્યો છે તેમજ ભારતની રાષ્ટ્રીય આવકમાં પણ બિન કૃષિ ક્ષેત્રનો હિસ્સો ઝડપથી વધી રહ્યો છે તે મુજબ વર્તમાન યુગને ઔધોગિક યુગ તરીકે ઓળખીએ તો એમાં સહેજ પણ અતિશયોક્તિ ગણી શકાય નહીં. ઔધોગિક ક્ષેત્રની કામગીરી સરળતાથી અને ઝડપથી થાય તે આવકાર્ય અને પ્રશંસનીય ગણી શકાય માનવ શરીર માટે જેમ રક્તની જરૂર પડે છે, અને રક્તનો પ્રવાહ યોગ્ય દબાણથી વહે તે પણ જરૂરી છે કારણ કે જો રક્તનો પ્રવાહનું દબાણ વધી જાય તો હાઈ બ્લડપ્રેશર અને ઘટી જવા પામે. તો લો બ્લડપ્રેશર જેવી બીમારીનો ભોગ માનવ શરીર બને છે ઔધોગિક ક્ષેત્રમાં નાણાનો પુરવઠો રક્ત પ્રવાહની જેમ અગત્યનું કાર્ય કરે છે, સમયસર અને યોગ્ય પ્રમાણમાં નાણાનો પ્રવાહ વહે તે ખૂબ જ જરૂરી માનવામાં આવે છે. વર્તમાન સમય ઔદ્યોગિક યુગની સાથે નાણાકીય યુગ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે નાણાં વગરના અર્થતંત્રની કલ્પના કરવી મુશ્કેલ નહીં પરંતુ

અશક્ય છે. અર્થતંત્રની દરેક આર્થિક પ્રવૃત્તિઓના કેન્દ્રમાં નાણું રહેલું છે. ઔદ્યોગિક ક્ષેત્ર માટે નાણા વ્યવસ્થા તે ઔદ્યોગિક પ્રવૃત્તિ પ્રારંભ કરવાથી માંડી અંત સુધી આવશ્યક સ્ત્રોત પ્રાપ્ત થઈ રહે તે ખૂબ જ જરૂરી ગણાય છે, અને આ નાણા વ્યવસ્થા સામાજિક સંસ્થાઓ, ખાનગી સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, વ્યાપારી બેંકો વેન્ચર કેપિટલ અને મૂડી બજાર તરફથી પૂરી પાડવામાં આવતી હોય છે. ઔદ્યોગિક ક્ષેત્ર માટે નાણા બે માર્ગ દ્વારા પ્રાપ્ત થાય છે, જેમાં આંતરિક માર્ગ અને બાહ્ય માર્ગ. આંતરિક માર્ગમાં પોતાની મૂડી, શેર-મૂડી, ડિબેન્ચર, જાહેર થાપણો, વેપારી બેંકો તેમજ વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓના ધિરાણનો સમાવેશ થાય છે. ઔદ્યોગિક એકમો પોતાની મૂડી માંગની જરૂરીયાત આંતરિક માર્ગ દ્વારા ન સંતોષી શકે તો બાહ્ય માર્ગનો આશ્રય લેવાની ફરજ પડે છે અને બાહ્ય માર્ગ એટલે વિદેશી નાણાકીય સંસ્થાઓ અને વિદેશી મૂડી રોકાણ દ્વારા ઔદ્યોગિક પેઢી પોતાની નાણાકીય જરૂરીયાત સંતોષે છે.

## 10.2 મૂડીની જરૂરીયાત :

કોઈપણ રાષ્ટ્રની ઔદ્યોગિક નીતિ અને સ્થળ પસંદગી ઉપર આધાર રાખતો હોય છે. ઔદ્યોગિક નીતિની સાથે જો પર્યાપ્ત માત્રામાં મૂડી નહિ હોય તો રાષ્ટ્રની બધી જ યોજનાઓ ધીમી, નિસ્તેજ અને અર્થવિહીન બની જવા પામે છે. ઔદ્યોગિક પ્રવૃત્તિને સતત ગતિશીલ રાખનારું પરિબળ એ મૂડી છે. મૂડી બજારનું એક જાણીતું વિધાન છે તે મુજબ "Capital is the lubricant which keeps the wheels of trade, commerce and industry moving.1" મૂડી એ એવું પ્રવાહી તેલ છે જે ઔધોગિક ક્ષેત્રના વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગના પૈડાને ગતિમાન રાખે છે. ઔદ્યોગિક એકમોને પ્લાન્ટ, યંત્રસામગ્રી અને મશીનરી જેવા પાયાની અસ્ક્યામત ઉભી કરવા માટે લાંબાગાળાના ધિરાણની જરૂરીયાત ઉભી થવા પામે છે. ઔધોગિક પ્રવૃતિના કાચો માલ ખરીદવા, યંત્રો નિભાવ માટે અને અગત્યની કામગીરી માટે મધ્યમ ગાળાના ધિરાણની, છૂટક શ્રમિકને વેતન, પરિવહન તથા વીજળી વગેરે ઔધોગિક એકમોને ગતિશીલ રાખવા માટે ટૂંકા ગાળાના ધિરાણની જરૂર પડે છે. ઔધોગિક એકમને જે વિવિધ હેતુઓ માટે મૂડીની જરૂર પડે છે તેનો અભ્યાસ નીચેના મુદ્દાસર વિસ્તાર પૂર્વક અભ્યાસ કરી શકાય.

- ➢ માળખાગત સુવિધાઓના વિકાસ અર્થે : ઔદ્યોગિક એકમોને પોતાના પ્રકલ્પ માટે ઘણીવાર માળખાગત સુવિધાઓના વિકાસમાં નોંધપાત્ર રોકાણની જરૂર પડે છે, જેમ કે ઉત્પાદન સુવિધાઓ, ગોડાઉન, વેરહાઉસ, પરિવહન સુવિધાઓ વિકસાવવા, જમીન સંપાદન કરવા અને ઔધોગિક વસાહતમાં શેડ બાંધવા માટે વિવિધ ઔદ્યોગિક પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે સુવિધાઓ બાંધવા અથવા વિસ્તરણ કરવા વિકસાવવા માટે નાણાંની જરૂર પડતી હોય છે.

- ➢ મશીનરી અને જરૂરી ટેકનોલોજીકલ વિકાસ માટે : ઔદ્યોગિક પ્રવૃત્તિઓના ઉત્પાદનને અસરકારક રીતે ગુણવત્તા યુક્ત બનાવવા માટે વિશિષ્ટ મશીનરી, સાધનો અને ટેકનોલૉજીની જરૂર પડે છે. ઔદ્યોગિક એકમની ઉત્પાદકતા અને ગુણત્તા સુધારવા માટે મશીનરી અને નવીનતમ ટેકનોલૉજીકલ સાધનો ખરીદવા અથવા ભાડે મેળવવા માટે તેમજ ટેકનોલૉજી અપગ્રેડ કરવા માટે નાણાંની જરૂર પડતી હોય છે.

- ➢ બજાર વિસ્તરણ : ઔદ્યોગિક એકમે તેના બજાર માંગને પહોંચી વળવા માટે પોતાના એકમ અને બજાર વિસ્તરણ કરવાની જરૂર પડે છે, જે માટે તે ઉત્પાદનને વધારવાની યોજના અમલમાં મુકે છે, જેની માટે આવા એકમને વધુ મૂડીની જરૂરીયાત ઉભી થાય છે.

- કાચો માલ : ઔદ્યોગિક એકમ પોતાની ઉત્પાદન પ્રક્રિયામાં સૌથી અગત્યનું પરિબળ કાચો માલ છે, કારણકે તૈયાર વસ્તુ બજારમાં વેચાણ માટે આવે છે તે પહેલાના ઉત્પાદનના નીચેના તબક્કામાં કાચા માલની જરૂરી ઉભી થતી હોય છે જે સમયસર સંતોષાવી જરૂરી બની જતી હોય છે. કાચા માલ માટે મૂડીની જરૂરી ઔદ્યોગિક એકમના કદ અ; ઉત્પાદન ક્ષમતા ઉપર આધારિત હોય છે.

- શ્રમ ખર્ચ : કોઈપણ રાષ્ટ્રમાં શ્રમિકોએ ઔદ્યોગિક એકમમાં કેન્દ્રવર્તી સ્થાન ધરાવતા હોય છે, કારણકે કુશળ અને અકુશળ શ્રમિકને ઔદ્યોગિક પ્રવૃત્તિમાં સાંકળવા અને તેમને શ્રમ કાર્યમાં ટકાવી રાખવા માટે વેતન અને વેતન સિવાયના બિન નાણાકીય લાભ અને તાલીમ ખર્ચને આવરી લેવા માટે મૂડીની જરૂર ઊભી થતી હોય છે.

- પરચુરણ ખર્ચ : ઔદ્યોગિક સાહસિકો માટે ઉદ્યોગો ચલાવવા અને અર્થતંત્રમાં કાર્યરત બીજા ઉદ્યોગો સામે હરીફાઈમાં ટકાવી રાખવા માટે ઘણા બધા પરચુરણ ખર્ચ કરવા પડતા હોય છે. પરચુરણ ખર્ચમાં માર્કેટિંગ ખર્ચ, વિવિધ વીમાનું પ્રિમિયમ, મકાનનું ભાડું, યંત્ર સામગ્રીનો નિભાવ ખર્ચ, ગોડાઉનનું ભાડું, કાચોમાલ અને તૈયાર માલનું સંગ્રહ ખર્ચ વગેરેની ગણતરીમાં ઉપરોક્ત વિવિધ ખર્ચને લઈ શકાય.

- સલામતી અને નિયમનકારી જરૂરિયાતો : ઔદ્યોગિક ક્ષેત્રો સરળતાથી સલામતી સહીત ચલાવવા માટે આવો ખર્ચ કરવો આવશ્યક બની જતો હોય છે. ઔદ્યોગિક સાહસમાં મજુર કે માલિક પ્રવેશ પામે ત્યારથી લઈ તે પોતાના કામગીરીના કલાકો દરમિયાન આ સાહસમાં રોકાય તે માટે પર્યાવરણીય નિયમો અને સલામતી આવશ્યકતાઓનું પાલન કરવાની જરૂર હોય છે. આ જવાબદારીઓને પહોંચી વળવા અને કાર્યસ્થળની સલામતી સુનિશ્ચિત કરવા અને પર્યાવરણીય નકારાત્મક અસરને ઘટાડવા માટે અમુક પગલાં અમલમાં મૂકવા માટે નાણાંની જરૂર પડતી છે.

- બજારીકરણ : વર્તમાન સમયગાળામાં ઔદ્યોગિક પેઢીઓએ બીજી હરીફ પેઢી સામે ટકી રહેવા માટે બજારમાં પોતાની વસ્તુનું માર્કેટિંગ અર્થાત પોતાની ઉત્પાદકીય વસ્તુના પ્રચાર અને પ્રસાર કરવા માટે ટેલીવીઝન, રેડિયો, હોર્ડિંગ, વર્તમાન પેપર, સિનેમાઘરમાં સ્લાઈડ બતાવીને વગેરે માર્ગો દ્વારા વેચાણ ખર્ચ કરવું પડતું હોય છે.

- વૈશ્વિક બજારના લાભ પ્રાપ્ત કરવા માટે : 1991 ની નવી આર્થીક નીતિ બાદ વૈશ્વિક બજારના લાભ અને વિદેશી બજાર હસ્તગત કરવા માટે પેઢીઓ ધિરાણ માટે મૂડી માંગની વધુ આવશ્યકતા ઊભી થતી હોય છે. સરકાર નિકાસમાં વૃદ્ધિ થાય તે માટેનો પ્રોત્સાહન રૂપી પગલા લેતી હોવાથી નીચા વ્યાજના દરે મૂડી પૂરી પાડતી હોય છે, જે મૂડી માંગની વૃદ્ધિ તરફ દોરી જાય છે. પોતાની પેદાશને ટેકો આપવા, આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ વિસ્તરણ કરવા માટે નાણાંની જરૂર હોય છે. આ માટે બજાર સંશોધન, વૈશ્વિક બજાર પુરવઠો વધારવા અને આંતરરાષ્ટ્રીય વહીવટી કુનેહ પ્રાપ્ત કરવા માટે આવકના પ્રવાહમાં વધારો લાવવા માટે મોટા પ્રમાણમાં મૂડીની જરૂર ઉભી થાય છે.

- પર્યાવરણીય સમતુલા સાથેનો ઔધોગિક વિકાસ : ઔદ્યોગિક વિકાસનો ઊંચો દર પ્રાપ્ત કરવાની લ્હાયમાં પર્યાવરણીય સમતુલા જોખમાતી હોય છે અને અંતે વિકાસ વિનાશ તરફ દોરી જાય છે. ઔદ્યોગિક સાહસો વધુને વધુ સાધનોનો કાર્યક્ષમ અને વિવેક પૂર્વક ઉપયોગ કરતા થાય તે માટે ઊર્જા કાર્યક્ષમતા, ટકાઉપણું અને પર્યાવરણીય સલામતી ઉપર ધ્યાન કેન્દ્રિત કરી કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા, સંસાધનનો વપરાશ મહત્તમ અને વિવેકયુક્ત કરવા, પર્યાવરણીય ટકાઉપણું વધારવા માટે, ઉર્જા-કાર્યક્ષમ તકનીકો, નવીનીકરણ ઉર્જા સ્ત્રોતો અને ટકાઉ પ્રથાઓમાં રોકાણ માટે નાણાંકીય મૂડી ખૂબજ જરૂરી બની જાય છે.

- ઔદ્યોગિક એકમનું વિસ્તરણ : નાણાકીય મૂડીની જરૂરીયાત પેઢીએ નવા એકમના વિસ્તરણ માટે પણ જરૂર પડતી હોય છે. ઉદાહરણ તરીકે નવા બજારોમાં પ્રવેશ મેળવવા, નવી ઉત્પાદકીય વસ્તુનું ઉત્પાદન હાથ ધરવું, સ્પર્ધકો અથવા પૂરક વ્યવસાયો હસ્તગત કરવા અને વધતી માંગને પહોંચી વળવા વૃદ્ધિને વેગ આપવા અને બજારની તકો મેળવવા માટે નાણાકીય મૂડીની આવશ્યકતા ઊભી થતી હોય છે.

## 10.3 ઔદ્યોગિક ધિરાણના વિવિધ સ્ત્રોત અને વ્યવસ્થાપન :

ઔધોગિક એકમો માટે મૂડી જરૂરિયાત ખૂબ જ અગત્યતા ધરાવતી હોય છે ઉદ્યોગપતિ ઔદ્યોગિક પ્રકલ્પ હાથ ધરે ત્યારથી લઇ તૈયાર વસ્તુ બજારમાં આવે ત્યાં સુધી ઉદ્યોગપતિએ વિવિધ તબક્કામાંથી પસાર થવું પડે છે અને તેને આ વિવિધ પ્રવૃત્તિઓમાં નાણાંની જરૂરિયાત પુષ્કળ પ્રમાણમાં ઊભી થતી હોય છે જેમાં ઔદ્યોગિક એકમની સ્થાપના કરવી તેનું વિસ્તરણ કરવા જેવા કે ઔદ્યોગિક વસાહતમાં શેડની સ્થાપના પોતાની પેઢીમાં પાણીનું કનેક્શન, ડ્રેનેજ લાઈન, વિવિધ યંત્ર સામગ્રી, મશીનરી કાચોમાલ ખરીદવો, તૈયાર માલ વેચાણ માટે પરિવહન વ્યવસ્થા, કામચલાઉ અને કાયમી શ્રમિકોને વળતરની ચુકવણી જમીનને ભાડું વગેરે.. દરેક ઔદ્યોગિક પ્રવૃત્તિમાં કેન્દ્રવર્તી સ્થાન એ નાણું ધરાવે છે, અને આ ઉદ્યોગોને નાણાકીય સહાય પૂરી પાડવાના હેતુથી આપણા રાષ્ટ્રમાં સમયાંતરે વિવિધ ઔદ્યોગિક નાણા સંસ્થાઓ ધિરાણ કરતી સંસ્થાઓનો ઉદય થયો છે.

**10.3.1 ભારતમાં નાણા અને મૂડી બજાર :** નાણા અને મૂડી બજાર ભારતીય અર્થતંત્રના અગત્યના ઘટક માનવામાં આવે છે. આ બજારોના માધ્યમથી નાણાંનો પ્રવાહ, રોકાણ અને ધિરાણના વ્યવહારો સંચાલિત થાય છે. ભારતીય નાણાકીય પ્રણાલી કે જે ધિરાણ ભંડોળની થાપણો અથવા ભંડોળની માંગ અને પુરવઠાનો સંદર્ભ આપે છે, તેમાં બે ભાગોનો સમાવેશ થાય છે, જેમ કે, ભારતીય નાણા અને મૂડી બજાર. ભારતીય નાણા બજાર એ છે કે જેમાં ટૂંકા ગાળાના ધિરાણ ઉધાર આપવામાં આવે છે. બીજી તરફ ભારતમાં મૂડી બજારએ મધ્યમ ગાળાના અને લાંબા ગાળાના ભંડોળ પૂરું પાડવા માટેનું બજાર છે. સામાન્ય રીતે, આપણે ભારતીય નાણા બજારને સંગઠિત ક્ષેત્ર અને અસંગઠિત ક્ષેત્રમાં વર્ગીકૃત કરીએ છીએ. નાણા બજારના સંગઠિત ક્ષેત્રમાં ભારતમાં વાણિજ્યિક બેંકોનો સમાવેશ થાય છે, જેમાં ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્રની બેંકો અને વિદેશી બેંકોનો પણ સમાવેશ થાય છે. અસંગઠિત નાણાકીય બજાર (Unorganized Financial Mark[a]) એવા નાણાકીય બજારો છે જ્યાં નાણા વ્યવહાર સરકાર દ્વારા સીધો નિયમન કરાયેલા નથી, અસંગઠિત નાણાકીય બજારના ઉદાહરણમાં ખાનગી શાહુકાર, નાણાકીય દલાલો, ચિટફંડ કંપનીઓ, હૂંડી વ્યવહાર, સરકારમાં નોંધણી વિના ધિરાણ આપતી પેઢીઓ, સહિત સ્વદેશી બેંકર્સનો સમાવેશ થાય છે. નાણાબજારએ ઔધોગિક પેઢીઓને ટૂંકા સમયગાળા માટે ધિરાણ પૂરું પાડે છે અને નાણાકીય વ્યવહાર કરે છે, ખાસ કરીને એક વર્ષ કે તેથી ઓછા સમયગાળા માટે ધિરાણ આપે છે જેમાં ટ્રેઝરી બિલ્સ, ડિપોઝિટના પ્રમાણપત્રો અને કોમર્શિયલ પેપર જેવા અત્યંત પ્રવાહી સાધનોના વિનિમયનો સમાવેશ થાય છે.

❖ નાણાબજારના સાધનો :

- ટ્રેઝરી બિલ્સ (T-Bills) : સરકાર દ્વારા એક વર્ષ સુધીની પરિપક્વતા સાથે જારી કરાયેલ ટૂંકા ગાળાના બીલ છે.

- વિવિધ થાપણો : વ્યાપારી બેંકો દ્વારા ઓફર કરવામાં આવતી બાંધી મુદ્દતની, નિશ્ચિત વ્યાજ દરો સાથેની અને પરિપક્વતા અવધિ સાથેની થાપણોનો સમાવેશ થાય છે.

- વ્યાપારી પત્ર (Commercial Paper) : વ્યાપારી પત્ર એક અલ્પકાલીન અને નાણાંકીય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે જારી કરવામાં આવે છે, જે બેંકો કરતાં સસ્તું ધિરાણ મેળવવાનું સાધન છે.નિગમ અને નાણાકીય સંસ્થા દ્વારા ટૂંકા ગાળાની જવાબદારીઓ માટે  નાણા આપવા માટે જારી કરાયેલા ટૂંકા ગાળાના, સાધનો તરીકે અને તાત્કાલિક નાણાકીય જરૂરિયાતો સંતોષવા માટે, જેમ કે કાચોમાલ (inventory) ખરીદવા, ઉત્પાદન સાધનોને વળતર ચુકવવા માટે મુખ્યત્વે વ્યાપારી પત્ર મજબૂત ક્રેડિટ રેટિંગ ધરાવતી મોટી અને  ક્રેડિટપાત્ર કંપનીઓ દ્વારા જારી કરવામાં આવે છે.

- પુનઃખરીદી કરારો (Repos) : પુનઃ ખરીદી કરાર શબ્દ ઉપરથી તેનો અર્થ ખ્યાલ આવે છે કે જ્યાં એક પક્ષ જામીનગીરીને ઉચ્ચ કિંમતે પુનઃખરીદીના કરાર સાથે વેચે છે. ટૂંકા ગાળાના ઉધાર કરારો છે જ્યાં એક પક્ષ (સામાન્ય રીતે નાણાકીય સંસ્થા) તે જામીનગીરીને પછીની તારીખે, સામાન્ય રીતે થોડા દિવસો અથવા સપ્તાહમાં , થોડી ઊંચી કિંમતે ફરીથી ખરીદવાના કરાર સાથે જામીનગીરીનું વેચાણ કરે છે.

- આંતરબેંક ધિરાણઃ (Inter-bank Loan)જો કોઈ એક બેંક પાસે તાત્કાલિક ટૂંકા ગાળાની રોકડની અછત હોય પરંતુ તે મૂડીબજારમાં અસ્કયામતો વેચવા અથવા ભંડોળ ઊભું કરવા માંગતી નથી, તો તે વધુ તરલતા ધરાવતી અન્ય બેંક પાસેથી ઉધાર લઈ શકે છે. ઉધાર લેનાર બેંકસાથે સંમત સમયમર્યાદામાં લોનની ચુકવણી કરવી પડતી હોય છે.

- મની માર્કેટ : મની માર્કેટએ નાણાકીય બજારનો એક ભાગ છે જ્યાં ટૂંકા ગાળાના હેતુ માટે ધિરાણ આપે છે. સામાન્ય રીતે અંત્યંત ટૂંકા ગાળાથી લઈને એક વર્ષ સુધીના સમયગાળા માટે તે ઓછા જોખમવાળા નાણાકીય સાધનોનો વ્યવહાર કરે છે. મની માર્કેટનો મુખ્ય હેતુ વ્યવસાયકારને નાણાકીય પ્રવાહિતતા પૂરી પાડવાનો છે, જેનાથી તેઓ તેમની ટૂંકા ગાળાની નાણાકીય જરૂરિયાતો પૂરી કરી શકે. મની માર્કેટ વ્યાજ દરોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. વધુમાં, કેન્દ્રીય બેંકો ઘણીવાર નાણાકીય નીતિ લાગુ કરવા, શાખ પ્રવૃત્તિઓને પ્રભાવિત કરવા અને ફુગાવાને નિયંત્રિત કરવા માટે મની માર્કેટ સાધનોનો ઉપયોગ કરે છે.

- વચન ચિઠ્ઠી : વચન ચિઠ્ઠીએ એક લેખિત, કાયદેસર રીતે બંધનકર્તા દસ્તાવેજ છે જેમાં એક પક્ષ બીજા પક્ષની માંગ પર અથવા નિશ્ચિત ભવિષ્યની તારીખે ચોક્કસ રકમ ચૂકવવાનું વચન(બાહેધરી) આપે છે. વચન ચિઠ્ઠીમાં સ્પષ્ટપણે ચૂકવવાની નિશ્ચિત રકમ, નિશ્ચિત ચુકવણીની તારીખ,વ્યાજ દર, ચુકવણીની શરતો અને નાદારી માટે દંડ જેવી વિગતો પણ સામેલ કરવામાં આવે છે.

વચન ચિઠ્ઠીએ ધિરાણ વ્યવસ્થામાં સુરક્ષા અને સ્પષ્ટતા પૂરી પાડે છે. કાયદેસર રીતે લાગુ કરી શકાય છે, એટલે કે જો એક પક્ષ ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો ચુકવણી કરનાર રકમ વસૂલવા માટે કાનૂની કાર્યવાહી કરી શકે છે. ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની શાખ વ્યવસ્થા માટે વ્યક્તિઓ, વ્યવસાયકારો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે.

- વિનિમય બિલ : વિનિમય બિલ (બિલ ઓફ એક્સચેન્જ) માં મુખત્વે ત્રણ પક્ષકાર હોય છે, જેમાં એક પક્ષ (ડ્રોઅર) દ્વારા બીજા પક્ષ (પેઇ) ની માંગ પર અથવા પૂર્વનિર્ધારિત ભવિષ્યની તારીખે તૃતીય પક્ષ (ચુકવણી કરનાર/ નાણાકીય સંસ્થા / બેંક) ને ચોક્કસ રકમ ચૂકવવા માટે જારી કરાયેલ લેખિત, બિનશરતી આદેશ છે. તે ભારતમાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રૂમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ દ્વારા સંચાલિત એક વાટાઘાટ યોગ્ય સાધન છે. વિનિમય બિલનો ઉપયોગ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપારમાં થતો જોવા મળે છે, તેમાં રકમ, ચુકવણીની તારીખ અને સામેલ પક્ષોનો સ્પષ્ટ ઉલ્લેખ હોય છે. આ વિનિમય બિલનોને ચુકવણીના જોખમો ઘટાડવા અને સરળ વ્યાપારી વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે એક આવશ્યક સાધન બનાવે છે.

- ટૂંકા ગાળાનું નાણાકીય બજાર (Call Market): ટૂંકા ગાળાનું નાણાકીય બજાર છે જ્યાં નાણા ભંડોળનું ઉધાર અને ધિરાણ ખૂબ જ ટૂંકા ગાળા માટે થાય છે, સામાન્ય રીતે આ બજારમાં, બેંકો, નાણાકીય સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ ભારતીય નાણાબજારનું એક મહત્વનું બજાર કોલ નાણાબજાર તરીકે ઓળખાય છે,જે ખૂબ જ ટૂંકા ગાળાની નાણાની જરૂરીયાત પૂરી કરે છે.આ બજારના નામ અનુસાર Money at call ફોન કોલ ઉપર નાણા ઉપલબ્ધ આ ખ્યાલ આધારિત કોલ મની માર્કેટ ખુબજ ટૂંકા ગાળાની સુચનાને અનુસરી ઔધોગિક પેઢીને નાણાંની જરૂરીયાત સંતોષે છે.

## ❖ કૉલ મની માર્કેટની મુખ્ય લાક્ષણિકતાઓમાં નીચે મુજબ :

- કૉલ નાણા બજારના વ્યવહારો ખૂબ જ ટૂંકા ગાળા માટે હોય છે,સામાન્ય રીતે 1 દિવસ થી14 દિવસ સુધી લંબાવી શકે છે.
- આ બજારમાં વ્યાજ દર ''કોલ રેટ'' તરીકે ઓળખાય છે અને તે બજારમાં ભંડોળની માંગ અને પુરવઠા દ્વારા નક્કી કરવામાં આવે છે.
- અર્થતંત્રમાં નાણાકીય પ્રવાહિતાનું નિયમન પ્રાથમિક સહભાગીઓ, વ્યાપારી બેંકો, નાણાકીય સંસ્થાઓ અને કેન્દ્રીય બેંક દ્વારા થાય છે.
- કૉલ નાણા બજારનો મુખ્ય હેતુ બેંકિંગ સિસ્ટમમાં તરલતા જાળવવી અને સંસ્થાઓને ટૂંકા ગાળાની રોકડ જરૂરિયાતો પૂરી કરવા અથવા વધારાનું ભંડોળ ઉભી કરવાની મંજૂરી આપવાનું રહેલું છે.

આમ, ઔધોગિક ક્ષેત્ર માટે નાણાકીય વ્યવસ્થા કાર્યક્ષમ, તરલ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં કોલ મની માર્કેટ નિર્ણાયક ભૂમિકા ભજવે છે, અને ટૂંકા ગાળાના વ્યાજ દરોને સ્થિર કરે છે.

**10.3.2 મૂડીબજાર (Capital Market) :** મૂડીબજારએ નાણાકીય બજારનો એક ભાગ છે જ્યાં લાંબા ગાળાની જામીનગીરી, જેમ કે શેર અને બોન્ડની ખરીદી અને વેચાણ થાય છે. તે વ્યવસાયો, સરકારો અને અન્ય સંસ્થાઓને લાંબા ગાળાના રોકાણો, પ્લાન્ટ એકમ વિસ્તરણ અને માળખાગત પ્રકલ્પ માટે મૂડી એકત્ર કરવા સક્ષમ બનાવે છે. અર્થવ્યવસ્થાના વૃદ્ધિ અને વિકાસ માટે મૂડી બજારો આવશ્યક અને જરૂરી છે, કારણ કે તે રોકાણકારોથી જારીકર્તા સુધી ભંડોળના પ્રવાહને સરળ બનાવે છે.

❖ મૂડીબજારના સાધનો :

- શેર(Equity Finance): પેઢીઓ દ્વારા જારી કરાયેલ માલિકીની જામીનગીરીઓ જ્યારે બજારમાં રોકાણકારો શેર સ્વરૂપે ખરીદે છે, ત્યારે તેઓ કંપનીના આંશિક માલિકો બની જાય છે અર્થાત તેઓને માલિકી હક્ક પ્રાપ્ત થાય છે. પેઢીને શેર વેચવાથી લાંબા સમય ગાળા માટે ધિરાણ પ્રાપ્ત થઇ રહે છે.

- બોન્ડ્સ : નિગમ, નગરપાલિકાઓ અથવા સરકારો દ્વારા જારી કરાયેલ દેવાનાં સાધનોને બોન્ડ તરીકે ઓળખવામાં આવે છે. બોન્ડ્સમાં સામાન્ય રીતે નિશ્ચિત વ્યાજ દરો હોય છે અને પાકતી મુદત એક વર્ષથી વધુ હોય છે.

- પસંદગીશેર (preference share): પસંદગીના શેર રોકાણકારોને નિશ્ચિત ડિવિડન્ડ દ્વારા પ્રમાણમાં સ્થિર આવક પ્રદાન કરે છે, જ્યારે પેઢીઓને નિયંત્રણમાં ઘટાડો કર્યા વિના મૂડી એકત્ર કરવી હોય તો તેવી પેઢીઓ પસંદગીના શેર દ્વારા મૂડી એકત્રિત કરવાનો માર્ગ પસંદ કરે છે, કારણ કે પસંદગીના શેરધારકોને સામાન્ય રીતે મતદાન અધિકારો હોતા નથી.

- એન્જલ રોકાણકારો : એન્જલ રોકાણકારો લાંબા સમય ગાળા માટે નવા ઉગતા ઉધોગને મૂડી પ્રદાન કરીને ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ પ્રકારનું ધિરાણ સ્ટાર્ટઅપને મળતું પ્રથમ બાહ્ય રોકાણ/ ધિરાણ છે. તેમના રોકાણો નવા વ્યવસાયોને આગળ વધવા, રોજગારી સર્જન અને પર્યાવરણમાં યોગદાન આપવામાં મદદ કરે છે.

- ડિબેન્ચર : ડિબેન્ચરએ પેઢી અથવા સરકાર તરફથી જાહેર જનતા પાસેથી ભંડોળ એકત્રિત કરવા માટે જારી કરાયેલ લાંબા ગાળાના દેવાનું સાધન છે. ડીબેન્ચર મૂળભૂત રીતે દેવાની લેખિત સ્વીકૃતિ છે, જેમાં જારીકર્તા પાકતી મુદતે ચોક્કસ સમયના અંતરે ઉધાર લીધેલી રકમ ઉપર નિશ્ચિત વ્યાજ દર સાથે ચૂકવવાનું વચન આપે છે. ડિબેન્ચર ઇક્વિટીની તુલનામાં પ્રમાણમાં ઓછા જોખમ સાથે સ્થિર આવક મેળવવા માંગતા રોકાણકારોમાં લોકપ્રિય હોય છે, જેના પરિણામે નાગરિકો તેના ઉપર વિશ્વાસ મૂકી નાણા થાપણ તરીકે જમા કરાવતા હોય છે. નાગરિકો દ્વારા થાપણ તરીકે જમા કરેલ રોકાણને પેઢીઓ મૂડીરોકાણમાં ફેરવતી હોય છે.

- જાહેર થાપણો : જાહેર થાપણોએ (Public Deposit)પેઢીઓ દ્વારા રાષ્ટ્રના નાગરિકો પાસેથી ટૂંકા અથવા મધ્યમ ગાળાના ધિરાણના સ્ત્રોત તરીકે શેર અથવા ડિબેન્ચર જેવી જામીનગીરી ઉપલબ્ધ કરાવ્યા વિના એકત્રિત કરવામાં આવતા ભંડોળનો એક પ્રકાર છે. આ થાપણો સામાન્ય

રીતે અખબારોમાં જાહેરખબર પ્રકાશિત કરીને કરવામાં આવે છે અને નિશ્ચિત વ્યાજ દર સાથે નાણા થાપણ તરીકે ઉઘરાવવામાં આવે છે. જાહેર થાપણો ઉપર ચૂકવવામાં આવતો વ્યાજદર સામાન્ય રીતે રોકાણકારોને આકર્ષવા માટે વ્યાપારી બેંકો દ્વારા આપવામાં આવતા વ્યાજ દર કરતાં વધારે હોય છે.

➢ શેરમૂડી : શેરમૂડીએ એક પ્રકારની આર્થિક ભંડોળ ઉભી કરી આપવાની વ્યવસ્થા છે, જેમાં કેટલાંક લોકોએ કંપની, અથવા માલિકી હક્કો સાથે ભાગીદારી કરીને તેમાં મૂડીરોકાણ કરવા માટે આગળ આવ્યા હોય છે. આ વ્યવસ્થામાં અનેક લોકો અથવા સંસ્થાઓ એક જ પ્રોજેક્ટ અથવા કંપનીના શેર ખરીદીને માલિકી હક્ક ધરાવતા હોય છે. શેરમૂડીમાં રોકાણ કરતી વખતે કેટલાક જોખમો પણ હોઈ શકે છે. જો કંપનીનું પ્રવર્તમાન અથવા ભાવિ ઉજ્જ્વળ ન હોય તો તેને નુકસાન થવાની સંભાવના છે. જ્યારે બીજી તરફ જો ભવિષ્ય સારું હોય તો નફાકારકતા શેર ધારક અને કંપનીના માલિકને આર્થિક પાસું સબળ બનતું હોય છે. દરેક શેર ધારક કંપનીના નફામાં અને નુકસાનમાં એમ બન્ને પક્ષે ભાગીદાર બનતો છે. શેરમૂડી સામાન્ય રીતે બે પ્રકારના હોય છેઃ જાહેર શેરમૂડી(Public Shareholding) અને ખાનગી શેરમૂડી(Private Shareholding) જાહેર શેરમૂડીમાં કોઈ પણ વ્યક્તિ શેર ખરીદી શકે છે. આ પ્રકારના શેર સામાન્ય રીતે શેરબજારમાં ઉપલબ્ધ હોય ખાનગી શેરમૂડીમાં વ્યક્તિઓ કે સંસ્થાઓ જાહેર રીતે શેર વેચતા નથી. ખાનગીકંપનીના નફામાં શેરધારકોને તેમના સ્ટોકના પ્રમાણ મુજબ વિતરણ થાય છે. અને શેરધારકોને કંપનીની નીતિઓ અને નિર્ણયો પર મતદાન કરવાનો અધિકાર હોય છે. આ અધિકાર શેરની માત્રા પર આધારિત હોય છે. શેરમૂડીના ફાયદા તે સમયે મળે છે જ્યારે કંપની નફામાં હોય, પરંતુ ખોટનો દર પણ રહે છે, જો કંપની નુકસાન અનુભવતી હોય.

નાણા બજાર અને મૂડી બજાર બંને નાણાકીય વ્યવસ્થાની કામગીરી માટે નિર્ણાયક ભૂમિકા બજાવે છે, જે વિવિધ નાણાકીય જરૂરિયાતો પૂરી કરવામાં સહાયરૂપ નીવડે છે. નાણા બજાર ટૂંકા ગાળાના ધિરાણની સુવિધા પૂરી પાડે છે, અર્થતંત્રમાં તરલતા સુનિશ્ચિત કરે છે. જ્યારે મૂડી બજાર લાંબા ગાળાના ભંડોળ એકત્ર કરવા, વ્યવસાયોના વિકાસમાં મદદ કરવા અને આર્થિક વિકાસમાં યોગદાન આપવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. રોકાણકારો, પેઢીઓ અને સરકારો તેમના સંબંધિત નાણાકીય લક્ષ્યોને પૂરા કરવા માટે આ નાણાકીય બજારોમાં ભાગ લે છે, પછી ભલે તે ટૂંકા ગાળાની પ્રવાહિતા માટે હોય કે લાંબા ગાળાના રોકાણ માટે હોય.

**10.3.3 બેંક ધિરાણ (Bank Loan) :** બેંક એક એવી નાણાકીય સંસ્થા છે જે થાપણો મેળવવા અને ધિરાણ આપવાનું મહત્વનું કાર્ય કરે છે. જે લોકોને પોતાની પાસે રહેલા નાણાંની ચોક્કસ સમયગાળા દરમિયાન જરૂર નથી તેઓ પોતાની મૂડી વ્યાજ કમાણી કરવાના હેતુથી બેંકમાં થાપણ તરીકે જમા કરાવે છે જ્યારે બીજી તરફ જે લોકોને પોતાના વ્યવસાયના વિકાસ માટે મૂડીની જરૂર છે તેઓ ધિરાણ સ્વરૂપે બેંકો પાસેથી ઉછીના નાણાપ્રાપ્ત કરે છે અને તે ધિરાણ ઉપર બેંકને નિર્ધારિત વ્યાજની ચુકવણી કરે છે. બેંક ધિરાણ લોન, કેશ

ક્રેડીટ, ઓવર ડ્રાફ્ટ, વિનિમય પત્રો, વિવિધ જામીનગીરી ખરીદવી અને વેચવી વગેરે સ્વરૂપે ધિરાણ કરતી હોય છે.

**બેંક ધિરાણના પ્રકારો :**

- ટૂંકા ગાળાનું બેંક ધિરાણ : ટૂંકાગાળાનું બેંક ધિરાણ મુખત્વે ૩ મહિનાથી ૧૨ મહિના સુધીનું અથવા વધુમાં વધુ ૧૮ મહિનાના સમયગાળા સુધી આપવામાં આવે તો તેને ટૂંકા સમયગાળા માટેના બેંક ધિરાણ તરીકે ઓળખવામાં આવે છે. બેંક ધિરાણનો ઉપયોગ ધંધાકીય હેતુઓ માટે કે ટૂંકા ગાળામાં નાણાંકીય જરૂરિયાતોને પરીપૂર્ણ કરવા માટે થાય છે.
- મધ્યમ ગાળાના બેંક ધિરાણ : મધ્યમ ગાળાના બેંક ધિરાણનો અર્થ બેંકો દ્વારા સામાન્ય રીતે એક વર્ષથી ત્રણ વર્ષ સુધીના સમયગાળા માટે આપવામાં આવે છે, જેનો હેતુ ટૂંકા ગાળાની ભંડોળની જરૂર હોય તેવી પ્રવૃત્તિઓને નાણા આપવાનો છે, સામાન્ય રીતે લાંબા ગાળાના ધિરાણ જેટલો સમય લાંબો હોતો નથી અને ટૂંકા સમયગાળા કરતાં સમય અવધી વધુ હોય છે. આ પ્રકારના ધિરાણનો ઉપયોગ સામાન્ય રીતે મશીનરી ખરીદવા, સાધનોને અપગ્રેડ કરવા અને વ્યવસાય વિસ્તરણ કરવા માટે થાય છે. વ્યાજ દર ઉધાર લેનારની ક્રેડિટ યોગ્યતા અને લોનની પ્રકૃતિના આધારે બદલાય છે.
- લાંબા ગાળાનું બેંક ધિરાણ(Long-Term Loan): લાંબાગાળાનું બેંક ધિરાણ મુખત્વે ત્રણ વર્ષથી વધુ સમય માટે આપવામાં આવે છે. તેનો ઉપયોગ મોટા વ્યાપારી કાર્ય, મશીનરી ખરીદી, અને જમીન અથવા અન્ય મિલકત ખરીદવા માટે થાય છે. ધિરાણના બીજા પણ ઉદેશ્ય હોય છે જેમકે ઔદ્યોગિક શેડ /મકાન માટે, પ્રકલ્પ / પ્રોજેક્ટ વિસ્તરણ કરવા માટે, મશીનરી ખરીદવા માટે અને જરૂરીયાત મુજબ ધિરાણની જરૂરીયાત ઉભી થતી હોય છે. અહી આપણે માત્ર ઉધોગોના સંદર્ભમાં ટૂંકા, મધ્યમ અને લાંબા સમયગાળાની વિગતવાર જાણકારી મેળવી છે.

**10.3.4 ખાનગી મૂડી :** ખાનગી મૂડીએ કંપનીઓના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ખાસ કરીને ઉદ્યોગપતિ અહી પોતાની મૂડી રોકે છે અથવા ખાનગી રોકાણકારો પાસેથી જરૂરીયાત મુજબની મૂડીભંડોળ પ્રાપ્ત કરી પોતાની આવશ્યકતાને સંતોષે છે. ખાનગી મૂડીએ જાહેર શેરબજારોને સમાવિષ્ટ કર્યા વિના, વ્યાપાર, વાણિજ્ય કામગીરીનો વિકાસ અને વિસ્તરણ અથવા કોઈ સંપતિ સંપાદન કરવા માટે ધિરાણની જરૂરીયાત ખાસ કરીને ખાનગી વ્યક્તિગત રોકાણકારો અથવા સંસ્થાઓ દ્વારા, ખાનગી માલિકીની કંપનીઓમાં રોકાણ કરાયેલા ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે.

**10.3.5 વિકાસ બેંકો (Development Banks) :** આ વિવિધ ઔધોગિક વિકાસ સંસ્થાઓ ઔદ્યોગિક સાહસિકોને મધ્યમ તેમજ લાંબા ગાળા માટે ધિરાણ પૂરું પાડે છે. જેમાં ઉધોગ સાહસિકોને માળખાગત જરૂરિયાતો માટે વૈશ્વિક બજારમાં હરીફાઈનો સામનો કરવા પોતાની વસ્તુનું સંશોધન અને વિકાસ કરવા અને ગુણવત્તા સભર વસ્તુ ઉભી કરવા માટે બેંકો તરફથી ધિરાણ પ્રાપ્ત થતું હોય છે. વિકાસ બેંકો રાષ્ટ્રના ટકાઉ વિકાસ અને સમૃદ્ધિ માટે લાંબા ગાળાના રોકાણ માટે નાણાં પૂરા પાડતી હોય છે. આ બેંકોનો મુખ્ય ઉદ્દેશ

વ્યાપારી પ્રવૃત્તિઓ, ઔદ્યોગિક વિકાસ, કૃષિ, નાની અને મધ્યમ કદની ઉદ્યોગોની પ્રોત્સાહન અને બિન નફાકારક ગતિશીલ યોજનાઓ પર આધારિત છે. આ બેંકો સામાન્ય રીતે ઓછા વ્યાજદરમાં લાંબા ગાળાની લોન આપે છે. ભારતમાં વિકાસ બેક્કના ઉદાહરણ એશિયન વિકાસ બેંક, વિશ્વ વિકાસ બેંક, ભારતીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ બેંક છે.

**10.3.6 સાહસી મૂડી (Venture Capital - VC) :** ''સાહસ મૂડી'' એ એક વ્યવસાયિક શબ્દ છે, જે વ્યાપાર અથવા ધંધા વ્યવસાયની શરૂઆત કરવા માટેની મૂડીના સંદર્ભમાં વપરાય છે. સાહસ મૂડી એવી પેઢીઓની મૂડી છે, જે નવા પ્રકલ્પને આગળ વધારવા અને વિકસાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. સામાન્ય રીતે, આ એક એવી મૂડી વિશે વાત કરે છે, જેને નવા ધંધા કે વ્યવસાયિક પ્રવૃત્તિ માટે શરૂ કરવા ઉપયોગમાં લેવામાં આવે છે, કે જે ઊંચા જોખમ અને મોટા વળતર સાથે સંકળાયેલ વ્યવસાય હોય. સાહસી મૂડીમાં આપણે સ્ટાર્ટઅપ કંપનીઓને સમાવિષ્ટ કરી શકીએ. આમ,વેન્ચર કેપિટલ/ સાહસી મૂડીએ નવી વિકસતી અને ઊર્જાવાન પેઢીઓ માટેનું એક મહત્વપૂર્ણ નાણાંકીય સાધન છે. આ રોકાણકારો મુખત્વે સ્ટાર્ટઅપ અને નાના વ્યવસાયોમાં મૂડીરોકાણ કરે છે. જે ઝડપી ગતિએ વિકસવા માટે શક્યતા ધરાવે છે. અહી વેન્ચર કેપિટલ એ એવી મૂડી છે જે નાના, નવિન અને ઊંચા વૃદ્ધિની શક્યતા ધરાવતી સ્ટાર્ટઅપ કંપનીઓમાં રોકાણ માટે ધિરાણની સગવડ ઉભી કરી આપે છે.

**10.3.7 સરકારી અનુદાન અને સબસિડી :** ઘણી સરકારો ઔદ્યોગિક વિકાસ અનેનવીનતા અથવા ગ્રીન પહેલને પ્રોત્સાહન આપવા માટે નાણાકીય સહાય પૂરી પાડે છે. ''સરકારી અનુદાન'' એ તે નાણાં છે, જે સરકાર દ્વારા વ્યક્તિગત લોકો, સંસ્થાઓ અથવા વ્યવસાયો માટે કેટલીક ખાસ યોજના અથવા પ્રવૃતિ માટે આપવામાં આવે છે. આ અનુદાન સામાન્ય રીતે વ્યાજ વગર અને પરત ચૂકવણી જ ન કરવાની હોય એ રીતે આપવામાં આવે છે.

સરકારી અનુદાનનો મુખ્ય હેતુ એ છે કે, તે નોન-પ્રોફિટ સેક્ટર, રાજકીય, સામાજિક, શૈક્ષણિક, અથવા આર્થિક વૃદ્ધિ માટે નીતિઓ અને યોજના દ્વારા સમર્થન કરવામાં આવે. આ અનુદાન વિભિન્ન ક્ષેત્રોમાં ઉપલબ્ધ હોઈ શકે છે, જેમ કે :

- શૈક્ષણિક અનુદાન : વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સંલગ્ન ખર્ચ માટે.
- કૃષિ અનુદાન : ખેડૂતો માટે ખેતી સંબંધિત સક્રિયતાઓ માટે.
- ઉદ્યોગ સંરક્ષણ : નાના અને માધ્યમ ઉદ્યોગો માટે.
- આર્થિક મદદ : નિરાધાર લોકો અને વિપત્તિગ્રસ્ત વિસ્તારો માટે.

  આ અનુદાન થકી, સરકારનો હેતુ છે કે આર્થિક અને સામાજિક વિકાસ માટે મદદ કરવી, અને એ શ્રેષ્ઠ પ્રોજેક્ટને પ્રોત્સાહિત કરવાનો હોય છે.

**10.3.8 ભારતમાં બિલ બજાર :** બિલ બજાર અથવા ડિસ્કાઉન્ટ બજારએ નાણા બજારનો સૌથી મહત્વપૂર્ણ સ્ત્રોત છે જ્યાં ટૂંકા ગાળાના બિલો સામાન્ય રીતે 90 દિવસ સુધીના ખરીદવા અને વેચવામાં આવે છે. ભારતમાં બિલ બજારએ

એવી નાણાકીય બજાર વ્યવસ્થા છે કે જ્યાં દેશના રોકાણકાર ટૂંકા ગાળા માટે ફંડ પ્રાપ્ત કરી શકે છે અને બીજી દ્રષ્ટિએ, રોકાણકારો માટે તે એક એવા વિકલ્પ પૂરા પાડે છે જેમાં ઓછા જોખમ સાથે નફો પ્રાપ્ત કરી શકે. બિલ બજારને આગળ વ્યાપારી બિલ બજાર અને ટ્રેઝરી બિલ બજારમાં વિભાજિત કરવામાં આવે છે. બિલ બજારમાં ટ્રેઝરી બીલ, વ્યાપારી બીલ અને ડિસ્કાઉન્ટ બિલનો સમાવેશ થાય છે. બિલ બજારને લીધે નાણા બજારમાં સુગમતા અને નિયમિત મૂડી પ્રવાહ મળી રહે છે.ભારતના નાણા બજારમાં બિલ વેપાર ઉપર નિયંત્રણ રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) કરે છે. આ યોજના મુખ્યત્વે ઉદ્યોગ, વેપાર અને વાણિજયના ક્ષેત્રોમાં કેન્દ્રિત રહી છે. બિલને ત્રણ પ્રકારે વિભાજીત કરવામાં આવે છે, (1) વિનિમયના બિલ અથવા વેપારને નાણાં આપવા માટે વપરાતા વેપારી બિલો; (2) ફાઇનાન્સ બિલ અથવા પ્રોમિસરી નોટ્સ; અને (3) ટ્રેઝરી બિલો સરકારની કામચલાઉ નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા માટે વપરાય છે. આ બિલો રાહત બજારમાં ખરીદી અને વેચી શકાય છે જેમાં વ્યાપારી બેંકો, રાહત ગૃહ / ડિસ્કાઉન્ટ હાઉસ અને અન્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

## 10.4 સારાંશ :

પ્રસ્તુત પ્રકરણમાં આધોગિક સંસ્થાઓ માટે નાણાકીય જરૂરીયાત અને તેને સંતોષવાના સ્ત્રોત અને વ્યવસ્થાનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે ઔધોગિક ક્ષેત્ર માટે મૂડીએ કેન્દ્રવર્તી સ્થાન ધરાવે છે. ઔધોગિક સાહસિકોને નાણાની જરૂરીયાત વિવિધ હેતુસર થતી જોવા મળે છે જેમાં ઉત્પાદન સાધનોને આર્થિક પ્રવૃતિમાં જોડવાથી લઈને વસ્તુ તૈયાર થાય તે બજારમાં વેચાણ માટે આવે ત્યાં સુધીમાં ઉધોગકારને નાણાંની જરૂરીયાત વિવિધ ઔધોગિક નાણાકીય સ્ત્રોત દ્વારા સંતોષાતી હોય છે. વિવિધ નાણાકીય સંસ્થાઓ ઔધોગિક પેઢીઓને પોતાની જરૂરિયાત અને હેતુ અનુસાર ધિરાણ પૂરું પાડતી હોય છે. આ નાણાકીય મૂડીની ભૂમિકા તપાસતા ખ્યાલ આવે છે કે અર્થતંત્રમાં મૂડીની જરૂરીયાત માળખાગત સુવિધાઓના વિકાસ માટે, વિશિષ્ટ મશીનરી, સાધનો અને ટેકનોલોજીની જરૂરીયાત પરિપૂર્ણ કરવા માટે, બજાર વિસ્તરણ કરવા, કાચો માલ ખરીદવા અને સલામતી આવશ્યકતાઓનું પાલન કરવા માટે મૂડીની જરૂરીયાત ઊભી થતી હોય છે. આ વિભિન્ન હેતુઓ માટે થતી મુડીકીય માંગ પરિપૂર્ણ કરતાં વિવિધ સ્ત્રોત અને વ્યવસ્થાનો પણ અહી અભ્યાસ કર્યો છે.

## 10.5 ચાવીરૂપ શબ્દો :

1. નાણાકીય સંસ્થા : "નાણાકીય સંસ્થા"એ એવી સંસ્થા છે જે નાણાકીય સેવાઓ પ્રદાન કરે છે, જેમ કે મૂડી, નાણા વ્યવહારો, લોન, અને અન્ય નાણાકીય જરૂરીયાતો પરિપૂર્ણ કરે છે. આ નાણાકીય સંસ્થાઓ સામાન્ય રીતે રાષ્ટ્રીયકૃત બૅંક્રો, ખાનગી બેંકો, વીમા કંપની, અને અન્ય નાણાકીય સેવાઓ પ્રદાન કરનારી સંસ્થાઓના રૂપમાં હોય છે.

2. નાણાકીય ધિરાણ : "નાણાકીય ધિરાણ" એ રીતે વ્યાખ્યાયિત કરી શકાય છે, જ્યારે કોઈ સંસ્થા અથવા વ્યક્તિ બીજા વ્યક્તિ અથવા સંસ્થાને ચોક્કસ સમયગાળા માટે જરૂરી નાણાકીય સહાય આપતી હોય છે. જે અંતર્ગત નાણાંની પુનઃચુકવણી, વ્યાજનો દર અને ધિરાણની શરતો પૂર્વ નિશ્ચિત અને બંને પક્ષોને બંધનકર્તા હોય છે. આ રીતે, નાણાકીય ધિરાણ વ્યકિતઓ અને વ્યવસાયો માટે નાણાંની જરૂરીયાત મહત્વપૂર્ણ સાધન બની શકે છે.

3. મૂડી : "મૂડી" : (Capital) એ નાણાકીય અથવા અર્થતંત્ર સંબંધિતએ સંસાધનો અને સંપત્તિ છે જે કોઈ વ્યક્તિ, વ્યવસાય, અથવા સંસ્થા પોતાના ધંધા, ઉદ્યોગ, અથવા

અન્ય આર્થિક પ્રવૃત્તિના વિકાસ માટે ઉપયોગ કરે છે. જેમાં નાણાં, મિલકતો, મશીનરી, કાચા માલ, અને માનવ સંસાધનોનો સમાવેશ થાય છે. મૂડીના ઘણા પ્રકારો હોઈ છે; જેમકે નાણાકીય મૂડી, ભૌતિક મૂડી, અને માનવ મૂડી.

4. રાહત ગૃહ (Discount House) : નાણાકીય અર્થતંત્રમાં, રાહત ગૃહ/ડિસ્કાઉન્ટ હાઉસએ એક એવી પેઢી છે જે વેપાર, ડિસ્કાઉન્ટિંગ અને વિનિમય અથવા પ્રોમિસરી નોટ્સના બિલની વાટાઘાટોમાં નિષ્ણાત છે . તેના વ્યવહારો સામાન્ય રીતે મોટા પાયા પર કરવામાં આવે છે જેમાં સરકારી બોન્ડ  અને ટ્રેઝરી બિલનો પણ સમાવેશ થાય છે.ડિસ્કાઉન્ટ હાઉસએ નાણાકીય સંસ્થાઓ છે જે નાણા ધીરનાર તરીકે કામ કરે છે, અથવા વાણિજ્યિક ધિરાણકર્તાઓ અને ઉધાર લેનારાઓ વચ્ચે મધ્યસ્થી તરીકે સેવા આપે છે, વિવિધ ટૂંકા ગાળાની સિક્યોરિટીઝ અને સાધનોમાં વેપાર કરે છે.

## 10.6 બહુવિકલ્પીય પ્રશ્નો :

1. અંત્યંત ટૂંકા ગાળા માટે નીચેનામાંથી કોણ ધિરાણ આપે છે ?

   (A) વિકાસ બેંકો　　(B) કૉલ મની માર્કેટ

   (C) સાહસી મૂડી　　(D) ખાનગી મૂડી   કૉલ મની માર્કેટ

2. નીચેનામાંથી ઔદ્યોગિક પેઢીઓને કયા હેતુસર મૂડીની જરૂરીયાત ઊભી થાય છે ?

   (A) માળખાગત સુવિધાઓ માટે

   (B) બજાર વિસ્તરણ

   (C) કાચો માલ

   (D) ઉપરોક્ત તમામ

3. સમયના ટૂંકા સૂચન અનુસાર કોણ નાણા ઉપલબ્ધ કરાવી આપે છે ?

   (A) કૉલ મની માર્કેટ　　(B) સાહસી મૂડી

   (C) જાહેર અનુદાન　　(D) વિકાસ બેંકો

4. ઔદ્યોગિક ક્ષેત્રે મૂડી પૂરી પાડતા સ્ત્રોત કયા છે ?

   (A) સાહસી મૂડી　　(B) વિકાસ બેંકો

   (C) જાહેર અનુદાન　　(D) ઉપરોક્ત તમામ

5. નીચેના હેતુઓમાંથી ઔદ્યોગિક પેઢીઓને કયા હેતુસર મૂડીની જરૂરીયાત ઉભી થાય છે ?

   (A) પરચુરણ ખર્ચ　　(B) શ્રમ ખર્ચ

   (C) બજારીકરણ　　(D) ઉપરોક્ત તમામ

6. અસંગઠિત નાણાકીય બજારના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

   (A) નાણા વ્યવહાર સરકાર દ્વારા સીધો નિયમન કરાયેલા નથી

   (B) નાણા વ્યવહાર સરકાર દ્વારા સીધો નિયમન કરવામાં આવે છે.

   (C) અસંગઠિત નાણાકીય બજારના ઉદાહરણમાં ખાનગી શાહુકાર, નાણાકીય દલાલો..

   (D) પેઢીઓને ટૂંકા સમયનાગાળા માટે ધિરાણ પૂરું

7. નીચેનામાંથી નાણા બજારનું ઉદાહરણ કયું નથી ?

(A) શેર (B) આંતરબેંક ધિરાણ

(C) ટ્રેઝરી બિલ્સ (D) વ્યાપારી પત્ર

8. સાહસી મૂડી સંદર્ભે નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે ?

(A) નવીન સાહસો

(B) પુનઃ ધિરાણ

(C) ઊંચા જોખમ સાથે સંકળાયેલ પેઢી

(D) ઊંચા વૃદ્ધિની શક્યતા ધરાવતી પેઢી

## 10.7 સ્વાધ્યાય :

1. ઔધોગિક ક્ષેત્ર માટે મૂડીની જરૂરીયાત વિષે નોંધ લખો.
2. ઔધોગિક ક્ષેત્રે મૂડી પૂરી પાડતા વિવિધ સ્ત્રોત વિષે વિગતવાર સમજાવો.
3. ઔદ્યોગિક ધિરાણના વિવિધ સ્ત્રોતઅને વ્યવસ્થા વિષયક નોંધ લખો.
4. ઔદ્યોગિક ધિરાણના વિવિધ સ્ત્રોતપૈકી બેંક ધિરાણ અને શેરમૂડી વિષે નોંધ લખો.
5. વિકાસ બેંકો વિષે વિગતે નોંધ લખો.

## 10.8 બહુવિકલ્પીય પ્રશ્નોના ઉત્તર :

1. (B) કૉલ મની માર્કેટ
2. (D) ઉપરોક્ત તમામ
3. (A) કૉલ મની માર્કેટ
4. (D) ઉપરોક્ત તમામ
5. (D) ઉપરોક્ત તમામ
6. (B) નાણા વ્યવહાર સરકાર દ્વારા સીધો નિયમન કરવામાં આવે છે.
7. (A) શેર
8. (B) પુનઃ ધિરાણ

❖ **સંદર્ભસૂચિ :**

1. Bryce, M. D. (1960). Industrial Development. London: McGraw-Hill Boko .
2. Gaud.A.P and Shukla S.M. (1958). Industrial Organasation .Agra: Navyug sahity Sadan.
3. Misra , S. K., & Puri, V. K. (2004). Indian Economy. New Delhi: Himalaya Publishing House.
4. Ruddar datt, K. S. (2023). Indian Economy. Ramnagar: S.Chand & Company Ltd.

5. S.S.M.DESAI. (1988). INDUSTRIAL ECONOMY OF INDIA .NEW DELHI: HIMALAYA PUBLISHING HOUSE.

5. Sadhu, A. N. (1988). Industrial Economics. Delhi: Himalaya Publishing House.

6. V, P. B. (2003). Indian Financial System. New Delhi: Pearson Education Pvt Ltd.

7. એસ બી મહેતા . (1973). વિદેશોનો આર્થિક ઈતિહાસ. અમદાવાદ, ગુજરાત : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

8. ગિરીશ ઠક્કર. (1972). ઉધોગોનું અર્થશાસ્ત્ર. ગિરીશ ઠક્કર માં,ઉધોગોનું અર્થશાસ્ત્ર (પૃ. 533). અમદાવાદ, ગુજરાત : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

9. વિષ્ણુશંકર એચ જોશી. (2000). ભારતની આર્થિક સમસ્યાઓ . અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ .

*************

# એકમ: 11
# નાણાં સંસ્થાઓનો પરિચય

❖ **રૂપરેખા :**

11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 નાણાં સંસ્થાનો અર્થ

11.3 નાણાં સંસ્થાના કાર્યો

11.4 નાણાં સંસ્થાઓનું મહત્ત્વ

11.5 ભારતમાં નાણાં સંસ્થાઓ

11.6 નાણાં સંસ્થાઓનું નિયમન

11.7 નાણાં સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન

11.8 પડકારો

11.9 ઉપસંહાર

11.10 ચાવીરૂપ શબ્દો

11.11 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભ સૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 11.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ નાણાં સંસ્થાઓનો પરિચય વિસ્તૃત રીતે મેળવી શકશો.
- ➢ નાણાં સંસ્થાનો અર્થ, કાર્યો તેમજ નાણાં સંસ્થાઓનું મહત્ત્વ વિશે તમે માહિતગાર બની શકશો.
- ➢ ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્ર ધિરાણ આપતી નાણાં સંસ્થાઓની વિસ્તૃત સમજૂતી મેળવી શકશો.
- ➢ કૃષિક્ષેત્રે ધિરાણ આપતી વિવિધ બેંકોની માહિતી મેળવી શકશો.
- ➢ ભારતમાં નિયમનકારી નાણાં સંસ્થાઓની માહિતી તમે સરળતાથી મેળવી શકશો. તેમજ આપના આર્થિક પરિપ્રેક્ષ્યમાં નાણાં સંસ્થાઓ કેવા પડકારોનો સામનો કરવો પડે છે તે સમજી શકશો.

## 11.1 પ્રસ્તાવના :

''નાણાં સંસ્થાઓની સફળતાનો આધાર તેની સંખ્યા કે નાણાંકીય મદદના પ્રમાણ પર જ રહેતો નથી. આ સંસ્થાઓની સેવાઓ કાર્યક્ષમ કરકસરયુક્ત અને ઝડપી બને એટલું જ નહીં પરંતુ આ સંસ્થાઓના સાધનો પૂરતા પ્રમાણમાં વધે તે પણ મહત્ત્વનું છે.''

- ડૉ. તારકેશ્વરી મૌટિન

''કાર્યશીલ મૂડીબજારની જરૂર માત્ર વ્યક્તિગત બચતો ને ઔદ્યોગિક વિકાસ માટે ગતિશીલ બનાવવા માટે જ નહિ પરંતુ નાણાં સંસ્થાઓ તેમની ઔદ્યોગિક વિકાસની કામગીરી અસરકારક રીતે બજાવી શકે તે માટે પણ છે.''

- બી. કે.મદન

આયોજન પહેલા રાષ્ટ્રના વિકાસ માટે ખેતી અને ઉદ્યોગો એ બે જ ક્ષેત્રોને મુખ્ય આધારસ્તંભ તરીકે ગણવામાં આવતા હતા. પરંતુ આધુનિક યુગમાં આ બે ક્ષેત્રો ઉપરાંત સેવાક્ષેત્રનું પણ આર્થિક વિકાસમાં એટલુંજ મહત્ત્વ રહ્યું છે. આમ હવે સર્વાંગીય આર્થિક વિકાસનાં ખ્યાલ તરફ વિશ્વ અને ભારત પ્રયાણ કરી રહ્યું છે. તેથી આ તમામ ક્ષેત્રનો વિકાસ એ પાયાની જરૂરિયાત બની છે અને આ બધા જ ક્ષેત્રના વિકાસ માટે નાણું એ આર્થિક ક્ષેત્રનો જીવન આધાર છે. તેની પૂર્તિ માટે નાણાં સંસ્થાઓની સ્થાપના કરવાનું અનિવાર્ય બની રહે છે. અને તેથી જ કેટલાક વિદ્વાનો જણાવે છે કે નાણાં સંસ્થાઓ નાણાં પૂરા પાડતી અન્ય પદ્ધતિઓના વિકલ્પ તરીકે નહિ, પરંતુ પૂરક તરીકેની કામગીરી બજાવે છે. માનવ શરીરમાં જેટલું મહત્ત્વ રૂધિરાભિસરણ તંત્રનું છે તેટલું જ મહત્ત્વ અર્થતંત્રમાં નાણાં સંસ્થાઓનું છે તેથી જ આઝાદી પછી દેશમાં આર્થિક વિકાસના ધ્યેયને સિદ્ધ હાંસલ કરવા માટે નાણાં સંસ્થાઓના વિકાસને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

## 11.2 નાણાં સંસ્થાનો અર્થ :-

નાણાં સંસ્થા એ એક એવી સંસ્થા છે જે ધિરાણ, રોકાણ, સંપત્તિ વ્યવસ્થાપન અને કરન્સી એક્સચેન્જ સહિત નાણાંકીય સેવાની સુવિધા આપે છે. દા.ત. બેંકો, ક્રેડિટ યુનિયન વીમા કંપનીઓ, બ્રોકરેજ કંપનીઓ અને મૂડીરોકાણ ફંડો વગેરેનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ બચતને એકત્રિત કરીને વ્યક્તિઓ અને વ્યવસાયોને ધિરાણ પૂરું પાડીને રોકાણોને સક્ષમ કરીને અને નાણાંકીય જોખમોનું સંચાલન કરીને અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કરજદારોને બચત અને રોકાણકારી સથે જોડીને નાણાં સંસ્થાઓ દ્વારા આવશ્યક નાણાંકીય સેવાઓ પ્રદાન કરવા ઉપરાંત તે પારદર્શિતા સુનિશ્ચિત કરવા, ગ્રાહકોને સુરક્ષિત કરવા અને એકંદરે નાણાંકીય પ્રણાલીની સ્થિરતા જાળવવા માટે સરકારી અધિકારીઓ દ્વારા તેને નિયંત્રિત કરવામાં આવે છે.

નાણાં સંસ્થાઓ એ છે કે જે અંતિમ દેવાદાર અને અંતિમ લેણદાર વચ્ચે મધ્યસ્થી બનીને એકબીજાની જરૂરિયાતો ને સંતોષવામાં પ્રત્યક્ષ રીતે સહાયક બને છે.

## 11.3 નાણાં સંસ્થાના કાર્યો :

ભારતમાં નાણાંસંસ્થાઓના વિકાસલક્ષી કાર્યો નીચે મુજબ છે.

(i) નાણાં સંસ્થાઓ જોખમયુક્ત મૂડી પૂરી પાડે છે.

(ii) નવા ઔદ્યોગિક એકમોની સ્થાપના કરવા માટે મદદ કરે છે.

(iii) ટૂંકાગાળા, મધ્યમ અને લાંબાગાળાની લોન આપવાનું કાર્ય નાણાં સંસ્થાઓ કરે છે.

(iv) વિશિષ્ટ પ્રોજેક્ટ્સ માટે સર્વેક્ષણ, અભ્યાસ તેમજ સંશોધનો ગોઠવી આપવાનું કાર્ય કરે છે.

(v) જો કોઈ એકમ ચાલુ હોય અને તેનું વિસ્તરણ કરવું હોય તો નાણાં સંસ્થા મદદ કરે છે.

(vi) નાણાં સંસ્થાઓ ઔદ્યોગિક ક્ષેત્રે કંપનીઓના શેર, ડિબેન્ચર તેમજ બોન્ડ ખરીદવાનું કાર્ય કરે છે.

(vii) કોઈપણ ચાલુ પ્લાન્ટની પુર્નરચના કરવી હોય, યંત્રોનાં આધુનિકરણ તેમજ વિસ્તરણ કરવું હોય તો નાણાં સંસ્થાઓ મદદ પૂરી પાડે છે.

(viii) કંપનીઓને દેશ તેમજ વિદેશમાંથી જો યંત્ર સામગ્રીની ખરીદી માટે લોન લીધી હોય તો તેની વિલંબિત ચૂકવણીઓની ગેરંટી નાણાં સંસ્થાઓ આપે છે.

(ix) દેશના તેમજ વિદેશી રોકાણકારોને નિયોજકીય તેમજ ટેકનિકલ ભાગીદારી મેળવવાનું કામ આ સંસ્થાઓ કરે છે.

(x) નવા નિયોજકોને બજારની માહિતી આપે છે તેમજ ટેકનિકલ જાણકારી અને સલાહસૂચન આપવાનું કાર્યપણ આ સંસ્થાઓ કરે છે.

(xi) ઉદ્યોગોનું વિકેન્દ્રિકરણ કરે છે તેમજ પછાત વિસ્તારોનો વિકાસ કરવા માટે નાણાં સંસ્થા મદદરૂપ બને છે.

## 11.4 નાણાં સંસ્થાઓનું મહત્ત્વ :

આર્થિક વિકાસમાં નાણાં સંસ્થાઓનું મહત્ત્વ અદ્વિતીય છે. વિકાસના એન્જિન તરીકે નાણાં સંસ્થાઓની ભૂમિકા નીચે દર્શાવેલ મુદ્દાઓને આધારે સ્પષ્ટ થશે.

(i) ઔદ્યોગિક સાહસોની સ્થાપના, વિકાસ અને વિસ્તરણના માધ્યમ તરીકેની તેમની ભૂમિકા પ્રજામાં સાહસવૃત્તિ વિકસાવે છે.

(ii) નાણાં સંસ્થાઓ નવા અને નાના નિયોજકોને માર્ગદર્શન તેમજ સલાહ સૂચન આપે છે આ સંસ્થાઓ મૂડીરોકાણ વધુ ઉત્પાદક અને નફાકારક બને તે માટે તેમને પ્રોત્સાહન પુરુ પાડે છે.

(iii) નાણાં સંસ્થાઓ પ્રાદેશિક અસમતુલા નિવારવામાં નોંધપાત્ર રીતે મદદરૂપ બને છે. ઉદ્યોગોને ધિરાણ તેમજ અન્ય સવલતો પૂરી પાડીને નાણાં સંસ્થાઓ ઉદ્યોગીકરણની પ્રક્રિયાને વેગ આપે છે.

(iv) નાણાં સંસ્થાઓ સંચાલન તાલીમની સગવડો પૂરી પાડે છે, અને ઉદ્યોગોમાં સંચાલકીય શક્તિ વિકસાવે છે.

(v) નાણાં સંસ્થાઓએ બજાર સર્વેક્ષણ, રોકાણ વિષયક સંશોધનો તથા આર્થિક અને ટેકનિકલ અભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરીને ઉદ્યોગોના વિકાસ અંગે જરૂરી પૂરતી માહિતી ઉપલબ્ધ બનાવી છે.

(vi) ઉદ્યોગોને વિદેશી મૂડી પૂરી પાડવામાં આ સંસ્થાઓ મદદ રૂપ થાય છે. અને ભારતનાં ઔદ્યોગિક વિકાસમાં આવતા અછતગ્રસ્ત મૂડીનો અવરોધ દૂર કરવામાં આ સંસ્થાઓએ ઠીક સફળતા હાંસલ કરી છે.

ટૂંકમાં દેશનો ઝડપી, સમતોલ, વૈવિધ્યપૂર્ણ, રોજગારલક્ષી વિકાસ થાય તે માટે આ સંસ્થાઓ દેશના વિવિધ ઉદ્યોગોને નાણાંકીય તેમજ બિનાણાંકીય સહાય તેમજ સલાહ સૂચનો આપવાનું સમગ્રલક્ષી કાર્ય એક યા બીજી રીતે કરે છે.

## 11.5 ભારતમાં નાણાં સંસ્થાઓ :

ભારતમાં નાણાં સંસ્થાઓનું માળખું નીચે મુજબ રજૂ કરી શકાય.

નાણાં સંસ્થાઓ

- બેંકિગ સંસ્થાઓ
  - ખાનગી વેપારી બેન્કો
  - રાષ્ટ્રીયકૃત બેન્કો
  - વિદેશી બેન્કો
  - સહકારી બેન્કો
- બિનબેંકિગ સંસ્થાઓ
  - ઉદ્યોગલક્ષી બેન્કો
    - મોટા ઉદ્યોગો માટે
      - ભારતીય ઔદ્યોગિક વિકાસ બેન્ક
      - ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમ
      - ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ નિગમ
      - ઈન્ડસ્ટ્રીયલ રીકન્સટ્રક્શન બેન્ક ઓફ ઈન્ડિયા
    - નાના ઉદ્યોગો બેન્કો
      - ભારતીય નાના ઉદ્યોગોની વિકાસ બેંક
    - રાજ્ય સ્તરની બેન્કો
      - રાજ્ય નાણાંનિગમ
      - રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ
      - ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
  - ખેતીલક્ષી બેન્કો
    - નાબાર્ડ
    - પ્રાદેશિક ગ્રામીણ બેંકો
    - જમીન વિકાસ બેંકો
- અન્ય નાણાં સંસ્થાઓ
  - યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા
  - એક્સિસ બેંક
  - જીવન વીમા નિગમ
  - નેશનલ હાઉસિંગ બેંક
  - નિકાસ-આયાત બેંક
  - ફેક્ટરીંગ એજન્સીઓ

ભારતમાં નાણાં સંસ્થાઓને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરી શકાય.

(અ) બેન્કિંગ નાણાં સંસ્થાઓ

(બ) બિન બેન્કિંગ નાણાં સંસ્થાઓ અને

(ક) અન્ય નાણાં સંસ્થાઓ

જેમાં બિનબેન્કિંગ સંસ્થાઓમાં ઉદ્યોગલક્ષી નાણાં સંસ્થાઓ અભ્યાસક્રમમાં હોવાથી આપણે ઔદ્યોગિક નાણાં સંસ્થાઓની વિસ્તૃત રીતે ચર્ચા કરીશું. બાકીની નાણાં સંસ્થાઓ જેમાં બેન્કિંગ નાણાં સંસ્થાઓ, ખેતીલક્ષી બેન્કો તેમજ અન્ય નાણાં સંસ્થાઓનો ટૂંકમાં પરિચય મેળવીશું.

**11.5.1 બેન્કિંગ સંસ્થાઓ :**

1. ખાનગી વેપારી બેન્કો :

રાષ્ટ્રીયકરણ પહેલાં ભારતમાં જે કુલ ખાનગી બેન્કો કાર્યરત હતી તેમાંથી જુલાઈ 1969 તથા 1980માં જે બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું તે સિવાયની બાકી રહેલી તેમજ જે બેન્કો કાર્યરત હોય તેને ખાનગી બેન્કો તરીકે ઓળખવામાં આવે છે. જેમાં દા.ત.SBI, BOB, BOI, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, આંધ્રા બેન્ક, કેનેરા બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર વગેરે જેવી બેંકો ખાનગીક્ષેત્રે કામ કરી રહી છે. ખાનગીક્ષેત્રની બેંકોમાં કાર્યક્ષમતા, નફાકારકતા, વિશ્વસનીયતા તેમજ સદ્રઢતાની બાબતમાં ઘણું ખૂટે છે. આ દિશામાં આ બેંકોએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે.

2. રાષ્ટ્રીયકૃત બેન્કો :


દેશનાં સર્વાંગી વિકાસના ધ્યેયને હાંસલ કરવા માટે 19મી જુલાઈ 1969ના રોજ એક વટહુકમ બહાર પાડીને તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરાબેન ગાંધીએ જે બેન્કોનું મૂડીભંડોળ રૂા.50 કરોડ કરતાં વધુ હતું તેવી 14 મોટી વેપારી બેન્કોનું અને ત્યારબાદ રૂા.200 કરોડથી વધુ મૂડીભંડોળ ધરાવતી બીજી છ બેન્કોનું એપ્રિલ 1980માં રાષ્ટ્રીયકરણ કર્યું. આમ, 1969 પછી રાષ્ટ્રીયકૃત બેંકોએ રાષ્ટ્રના હિતને ધ્યાનમાં રાખીને તેની કામગીરીની પદ્ધતિ, દિશા અને ક્ષેત્રીય ધિરાણમાં આમૂલ પરિવર્તન સર્જીને રાષ્ટ્રના આર્થિક વિકાસને બળ પૂરું પાડવામાં મૂલ્યવાન ફાળો નોંધાવ્યો છે. પરંતુ સાથે સાથે રાષ્ટ્રીયકૃત બેંકોના નબળાં વહીવટને કારણે કેટલીક સમસ્યાઓ પણ ઊભી થવા પામી છે.

3. વિદેશી બેન્કો :

વિદેશી બેન્કો એ ભારતીય નાણાં સંસ્થાઓમાં એક સંગઠિત નાણાં બજારનું અંગ છે. આ બેન્કોની માલિકી વિદેશી હોવાથી તેને વિદેશી બેન્કો તરીકે ઓળખવામાં આવે છે. આ બેન્કોની સ્થાપનાનો મુખ્ય હેતુ એ છે કે વિદેશ સાથેનાં વેપારને નાણાંકીય સહાય કરવી. આ બેન્કોની મૂડી વિદેશી ચલણમાં હોય છે. આ બેન્કો તમામ પ્રકારના અન્ય બેન્કિંગ કામકાજ પણ કરે છે. ભારતમાં કામ કરતી વિદેશી બેન્કોમાં બેન્ક ઓફ સિલોન, અમેરિકન એક્સપ્રેસ બેન્કિંગ કોર્પોરેશન, સીટી બેન્ક, સોનાલી બેન્ક, ધી રોયલ બેન્ક ઓફ સ્કોટલેન્ડ વગેરેનો સમાવેશ થાય છે.

4. સહકારી બેન્કો :

ભારતી બેન્કિંગ માળખાના સંગઠિત વિભાગમાં સહકારી બેન્કોનું સ્થાન મહત્ત્વનું છે. આ બેન્કોની સ્થાપના 20મી સદીની શરૂઆતમાં કરવામાં આવી હતી. સહકારી બેન્કોની સ્થાપનાનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોને વાજબી દરે ટૂંકા અને મધ્યમ ગાળાનું ધિરાણ પૂરું પાડવું. અને તેમને શાહુકાર અને ખાનગી ધિરાણ કરતી અન્ય સંસ્થાઓના શોષણમાંથી મુક્ત કરવાનો હતો. ત્યાર પછીના વર્ષોમાં શહેરી વિસ્તારોમાં પણ નાના કારીગરો વેપારીઓ, ઉદ્યોગપતિઓ, નોકરિયાત વર્ગ, મધ્યમવર્ગ વગેરેને સહકારી બેન્કો ધિરાણ પુરુ પાડવાનું કાર્ય બજાવે છે. સહકારી બેન્કિંગ સંસ્થાઓમાં : (અ) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (બ) રાજ્ય સહકારી બેંકો (ક) નાગરિક સહકારી બેંકો તેમજ (ડ) પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓનો સમાવેશ થાય છે.




### 11.5.2 બિન બેન્કિંગ સંસ્થાઓ :

ભારતમાં બિનબેન્કિંગ સંસ્થાઓને બે વિભાગમાં વર્ગીકૃત કરી શકાય.

(i) ઉદ્યોગલક્ષી બેંકો અને (ii) ખેતીલક્ષી બેંકો

1. ઉદ્યોગલક્ષી બેન્કો :

ભારતમાં આઝાદી પછી લાંબાગાળાના ઔદ્યોગિક ધિરાણો પૂરા પાડવા માટે ઘણી બધી નાણાં સંસ્થાઓનો વિકાસ થયો છે. જેમાંથી ઔદ્યોગિક ક્ષેત્રનાં વિકાસમાં જે સંસ્થાઓનો ખૂબ જ મૂલ્યવાન ફાળો છે તેવી સંસ્થાઓની આપણે વિગતે ચર્ચા કરીશું.

ઉદ્યોગલક્ષી નાણાં સંસ્થાઓમાં રાષ્ટ્રીય સ્તર અને રાજ્ય સ્તરની એમ બે પ્રકારની સંસ્થાઓનો સમાવેશ થાય છે. (અ) રાષ્ટ્રીય સ્તરની નાણાંકીય સંસ્થાઓમાં મોટા ઉદ્યોગો અને નાના ઉદ્યોગો માટે એમ બે રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

❖ ભારતીય ઔદ્યોગિક વિકાસ બેન્ક (Industrial develoment Bank of India - IDBI) :

➢ સ્થાપના : ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ઔદ્યોગિક બેંકની સ્થાપના માટેનાં મુખ્યત્વે બે હેતુઓ હતા. (અ) વિવિધ નાણાં સંસ્થાઓની કામગીરીનું સંકલન કરવું અને (બ) ઔદ્યોગિક માટે જે વિશાળ પાયા પર નાણાંકીય સાધનોની આવશ્યકતા હતી તે સંતોષવી. આમ આ બેવડા હેતુને ધ્યાનમાં રાખીને તત્કાલીન કેન્દ્રીય નાણાંમંત્રી શ્રી મોરારજી દેસાઈએ આ ટોચની સંસ્થા સ્થાપવાની કલ્પના કરી હતી અને ત્યારપછીના નાણાંમંત્રી ટી.ટી. કૃષ્ણામાચારીએ તેને વાસ્તવિક રૂપ આપીને રિઝર્વ બેન્કની સંપૂર્ણ માલિકીની અને તેને અવેજી એવી IDBIની સ્થાપના સંસદના કાયદા દ્વારા તા. 01-07-1964ના રોજ કરવામાં આવી છે.

➢ ઉદ્દેશો :

(i) વિવિધ નાણાં સંસ્થાઓની કામગીરીનું સંકલન કરવું તેમજ તેઓને વિકાસોપયોગી માર્ગદર્શન પૂરું પાડવું.

(ii) ઝડપથી વિકસતા જતાં ઔદ્યોગિકરણને બળ પૂરું પાડવા માટે આધારભૂત ઉદ્યોગોને આવશ્યક મૂડી પૂરી પાડવી.

(iii) દેશના ઔદ્યોગિક વિકાસની જરૂરિયાતોને સંતોષવા માટે તેમજ મોટા પ્રમાણમાં ધિરાણો પૂરા પાડી શકાય એવો ઉદ્દેશ પણ આ સંસ્થાની સ્થાપના પાછળ રહેલો છે.

IDBIના ઉપર્યુક્ત ઉદ્દેશોને આધારે સ્પષ્ટ થાય છે કે આ સંસ્થા અન્ય નાણાંકીય સંસ્થાઓથી કેટલેક અંશે જુદી પડે છે. આ બેન્ક સંપૂર્ણ ઔદ્યોગિક વ્યવસ્થાનું નેતૃત્ત્વ ધરાવે છે. જેવી રીતે રિઝર્વબેન્ક અન્ય વ્યાપારી બેન્કો તેમજ સહકારી બેન્કો માટે સર્વેસર્વા છે. તેમ આ બેન્ક પણ અન્ય ઔદ્યોગિક ધિરાણ સંસ્થાઓ માટે સર્વોચ્ચ સ્થાને છે. જોકે આ સંસ્થા વધુ કાર્યક્ષમ બની શકે અને તેને સ્વાયતત્તા બનવા માટે વર્ષ 1976ના ફેબ્રુઆરી માસથી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાથી અલગ કરવામાં આવી છે તેથી હવે તેની માલિકી ભારત સરકાર છે. ભારત સરકારે સંસદના કાયદા દ્વારા એપ્રિલ 1990માં IDBIની સંપૂર્ણ માલિકીની પરંતુ IDBIની ગૌણ કંપની તરીકે સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા (SIDBI) નામની એક અલગ સંસ્થાની રચના કરવામાં આવી છે.

➢ કાર્યો : ઓદ્યોગિક વિકાસ બેન્કે તેના સર્વોચ્ચ સ્થાનને અનુરૂપ દેશના ઔદ્યોગિક વિકાસમાં મદદરૂપ બનવાનું કાર્ય શરૂ કરી

દીધેલ છે. તે મોટા પાયા પર ઔદ્યોગિક નાણાં પ્રબંધ કરાવી આપવા ઉપરાંત મોટા કદનાં ખાતરનાં કારખાના, પેટ્રોકેમિકલ્સ પ્રોજેક્ટ, એલ્યુમિનિયમ વગેરે માટે જ્યારે ખાનગી સાહસિકો આગળ આવવા માટેનો વિચાર કરે છે ત્યારે તેમને બધા જ પ્રકારની સહાયની ખાતરી પૂરી પાડીને આ સંસ્થાએ ઉદ્યોગોનો વિકાસ શક્ય બનાવ્યો છે. IDBIના કાર્યો નીચે મુજબ છે.

(અ) પ્રત્યક્ષ સહાય : IDBI પ્રત્યક્ષ સહાયનાં રૂપમાં ઉદ્યોગોને નીચેની સવલતો પૂરી પાડે છે.

- ઔદ્યોગિક એકમોને લોન તેમજ ધિરાણ આપે છે.
- ઉદ્યોગોનાં શેર-ડિબેન્ચર ખરીદે છે અને તેમને નાણાં પૂરા પાડે છે.
- શેર-ડિબેન્ચરોનું અંડર રાઈટિંગ કરી આપવાનું કાર્ય બજાવે છે.
- ખાનગી ક્ષેત્રના ઔદ્યોગિક એકમોની અન્ય સંસ્થાઓ પાસેથી જે લોન લેવામાં આવેલી છે તે લોનની ગેરંટી IDBI પૂરી પાડે છે.

(બ) પરોક્ષ સહાય : IDBI ઔદ્યોગિક સાહસોને નીચેની રીતે પરોક્ષ સહાય લોન પર પુનઃ ધિરાણ આપે છે.

- ઔદ્યોગિક નાણાં સંસ્થાઓએ આપેલ 3 થી 25 વર્ષ સુધીની લોન પર પુનઃ ધિરાણ આપે છે.
- વ્યાપારી બેંકો તેમજ સહકારી બેંકોની 3 થી 10 વર્ષની મુદતની લોન સામે પુનઃ ધિરાણ આપવાનું કાર્ય કરે છે.
- રાજ્ય નાણાં સંસ્થાઓ તેમજ અન્ય નાણાં સંસ્થાઓનાં શેર ડિબેન્ચરમાં નાણાંનું રોકાણ કરે છે અને તેમનાં નાણાંકીય સાધનોમાં વધારો કરી આપે છે.
- વ્યાપારી બેંકો તેમજ સહકારી બેંકોએ આપેલ નિકાસ ધિરાણ સામે પુનઃધિરાણ પુરુ પાડવાનું કાર્ય આ બેન્ક કરે છે.

(ક) ખાસ સહાય : IDBI એ વિશિષ્ટ સહાયનાં રૂપમાં નીચે પ્રમાણેની સગવડો પૂરી પાડે છે.

- પછાત વિસ્તારોમાં ઉદ્યોગોની સ્થાપના કરવી હોય તો તે અંગેના તપાસ સંશોધનો હાથ ધરી આવા ઉદ્યોગોને ઉદાર શરતોથી સહાય આપે છે.

- ➢ કાપડ અને શણ જેવાં ઉદ્યોગોનું અદ્યતનિકીકરણ કરવા માટે તેમને હળવી શરતોથી લોન આપે છે.
- ➢ ટેકનિકલ જ્ઞાન ધરાવતા સાહસિકો ઉદ્યોગો શરૂ કરી શકે એ માટે બીજ મૂડી પૂરી પાડે છે.
- ➢ જે ઉદ્યોગો અન્ય કોઈ રીતે મૂડી પ્રાપ્ત કરે તેમ ન હોય તો તેને સસ્તા દરે મૂડી પૂરી પાડે છે.

(ડ) વિદેશી ચલણમાં મદદ : જો ઔદ્યોગિક એકમોને સહાય માટે વિદેશી ચલણની જરૂરિયાત હોય તો તે પ્રકારે મદદ કરવા IDBI આંતરરાષ્ટ્રીય બજારમાંથી વિદેશી ચલણ એકત્ર કરીને તેનું ભંડોળ રચી શકે છે. આમ, આ બેન્કની કાર્યપદ્ધતિ વૈવિધ્યપૂર્ણ છે.

- ➢ સંચાલન વ્યવસ્થા : IDBI કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત સંચાલન મંડળની દેખરેખ નીચે કામ કરે છે. આ સંચાલક મંડળમાં (i) સરકારના (ii) બેન્કોના (iii) અન્ય નાણાંકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ નિયુક્ત કરવામાં આવે છે. વર્તમાનમાં ટી.એન. મનોહરન IDBIના ચેરમેન તેમજ ડેપ્યુટી મેનેજીંગ ડાઈરેક્ટર જયકુમાર એસ.પી.લાઈ છે. જ્યારે મેનેજીંગ ડીરેક્ટર તેમજ CEO મિ.રાકેશ શર્મા છે.

  1958માં સ્થાપવામાં આવેલ રિફાઈનાન્સ કોર્પોરેશન ફોન ઈન્ડસ્ટ્રીઝની સંપૂર્ણ જવાબદારી આ સંસ્થાને સોંપવામાં આવી છે. ઉપરાંત હાલમાં ICICI, UTI તેમજ SIDBI જેવી માતબર સંસ્થાઓ તેની સહાયક સંસ્થાઓ તરીકે કાર્ય કરે છે.

- ➢ IDBIની કામગીરી : આપણે અગાઉ જોયુ તેમ IDBI પ્રત્યક્ષ સહાય પરોક્ષ સહાય, વિશિષ્ટ સહાય અને વિદેશી ચલણમાં સહાય વગર ઔદ્યોગિક એકમોને સહાય આપે છે. તે નાણાંકીય સહાયની સાથે બિનનાણાંકીય સહાય પણ આપે છે. IDBIનું ઔદ્યોગિક એકમોને આપવામાં આવતુ ધિરાણ ખૂબ મોટુ છે જે પ્રમાણ ડિસેમ્બર 2024માં રૂા.2,06,807 કરોડ થયું છે આજ વર્ષે થાપણોનું પ્રમાણ પણ રૂા.2,82,439 કરોડ થયુ છે. IDBIની કુલ જવાબદારીઓ અને સંપત્તિનું પ્રમાણ ડિસેમ્બર 2024માં રૂા.17,797 કરોડ થઈ છે. ચોખ્ખું મૂડીરોકાણ ડિસેમ્બર 2024માં રૂા.1,20,230 કરોડ થયું છે. ડિસેમ્બર 2024માં કર ચૂકવણી પછીનો નફો રૂા.8,195 કરોડ થાય છે. આજ સમયમાં કુલ NPAનું પ્રમાણ 3.57% (2,7,635 કરોડ) ચોખ્ખું NPAનું પ્રમાણ 0.18% (રૂા.365 કરોડ) તેમજ PCR 99.47% જેટલુ છે. આમ 60 વર્ષના સમયગાળાના સંદર્ભમાં IDBIની કામગીરી નોંધપાત્ર છે.

IDBI ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ નિગમ તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે ધિરાણ પુરુ પાડતી સંસ્થાઓને ઔદ્યોગિક મૂડી પ્રાપ્ત કરાવવામાં સહાય કરે છે અને તે માટે તેની શેરમૂડી તેમજ બોન્ડમાં ભાગીદારી નોંધાવે છે અન્ય સંસ્થાઓના જોખમોમાં સહભાગી બનવા માટે IDBI પુનઃ ધિરાણની વિશિષ્ટ સવલતો આપી રહી છે.

ઔદ્યોગિક વિકાસ બેન્કે દેશનો સમતોલ પ્રાદેશિક વિકાસ થાય માટે તેણે કેટલાંક વિશિષ્ટ પ્રયત્નો કર્યા છે. અર્થતંત્રની દૃષ્ટિએ જે અગત્યનાં ઉત્પાદક એકમો હોય તેને આ બેન્કે Soft Loanની સગવડ પૂરી પાડી છે. ખૂબ જ નાના ઔદ્યોગિક એકમોને મદદ કરવા માટે રાષ્ટ્રીયકૃત બેંકો મારફતે વર્ષ 1988માં નેશનલ ઈક્વિટી ફંડ યોજના. શરૂ કરી હતી. આવા નાના એકમો ને એકજ સ્થળેથી જરૂરી મદદ અને માર્ગદર્શન મળી રહે તે માટે એક બારી યોજના ઔદ્યોગિક વિકાસ બેન્કે દાખલ કરી હતી.

આમ આ બેન્ક દેશના ઉદ્યોગોના ઝડપી વિકાસમાં સહાયભૂત થવાની સાથે સાથે આપણાં આયોજનનાં સામાજિક હેતુઓ સિદ્ધ કરવામાં પણ મહત્ત્વની કામગીરી બજાવી રહી છે. તે ખૂબ જ અગત્યની બાબત ગણાવી શકાય.

- ➢ ટીકાઓ : ભારતની ઔદ્યોગિક વિકાસબેંકની સ્થાપનાના સમયથી આજ સુધીની કામગીરી ખૂબ જ પ્રશંસાને પાત્ર છે. છતાં પણ વિકાસ બેન્ક તરીકેની કામગીરી હજુ પણ સારી રીતે થઈ શકે તેમ છે. આ બેન્કની કેટલીક ટીકાઓ પણ થાય છે જેવી કે,
- ➢ ઔદ્યોગિક બેન્કે કરેલી કામગીરીમાં નાના પાયાના એકમો માટેની કામગીરી પ્રમાણમાં ઓછી જણાય છે.
- ➢ સમતુલિત પ્રાદેશિક વિકાસ પ્રત્યે આ બેન્કે ઓછું ધ્યાન આપ્યું છે.
- ➢ ઉદ્યોગ વિકાસ માટે બિનનાણાંકીય પગલાં લેવામાં આ બેન્ક આયોગ્ય ઉતરી છે.

❖ ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમ (Industrial FinanceCorporation of India - I.F.C.I) :

- ➢ સ્થાપના : સંસદના કાયદા દ્વારા અમલમાં આવેલી સર્વપ્રથમ સંસ્થા ઔદ્યોગિક નાણાં નિગમ છે. આ સંસ્થાની સ્થાપના 1 જુલાઈ 1948ના રોજ કરવામાં આવી છે.
- ➢ ઉદ્દેશ : IFCIનો મુખ્ય ઉદ્દેશ દેશમાં મોટા ઉદ્યોગોની મધ્યમ અને લાંબાગાળાની નાણાંકીય જરૂરિયાતોની મદદરૂપ

બનવાનો છે. વ્યાપારી બેંકો અને ખાનગી કરનારી સંસ્થાઓના પૂરક બનીને કાર્ય કરવાનો હેતુ પણ આ બેન્કનો રહેલો છે. આ સંસ્થાની સ્થાપના માત્ર ભારતમાં જ નોંધાયેલ ખાનગી ક્ષેત્રની કંપનીઓ અને સરકારી એકમોને નાણાંકીય સહાય પ્રદાન કરવા માટે કરવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ તેના કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવતા તે હવે સાર્વજનિક અને સંયુક્ત ક્ષેત્રનાં ઔદ્યોગિક એકમોને પણ નાણાંકીય સહાય આપે છે.

- કાર્યો : IFCI નીચેના કેટલાક અગત્યનાં કાર્યો બજાવે છે.

(i) ઔદ્યોગિક સાહસોને વધુમાં વધુ 25 વર્ષ માટે લોન આપે છે.

(ii) દેશના ચલણ તેમજ વિદેશી ચલણ આ બન્નેમાં લોન આપવાનું કાર્ય કરે છે.

(iii) ઔદ્યોગિક સાહસોનાં શેર અને ડિબેન્ચરની બાંયધરી આપે છે.

(iv) ઔદ્યોગિક એકમો દ્વારા અનુસૂચિત બેન્કો અથવા રાજ્ય સહકારી બેન્કો પાસેથી લેવામાં આવતી લોનની ગેરંટી આપે છે.

(v) ઔદ્યોગિક એકમોને કુશળ સંચાલકો પૂરા પાડવા માટે સંચાલકો માટેની તાલીમની વ્યવસ્થા પણ કરે છે.

(vi) વિદેશથી આયાત કરવામાં આવેલ તેમજ દેશનાં ઉત્પાદકો પાસેથી ઉધાર ખરીદવામાં આવતી યંત્ર સામગ્રી માટે ગેરંટી આપે છે.

(vii) કેન્દ્ર સરકારની પૂર્વ સંમતિ સાથે ઔદ્યોગિક એકમો દ્વારા અન્ય દેશોમાં આવેલ નાણાંકીય સંસ્થાઓ પાસેથી વિદેશી ચલણમાં મેળવવામાં આવતી લોનની ગેરંટી આપે છે.

(viii) કેન્દ્ર સરકાર તથા વિશ્વબેન્ક દ્વારા ઔદ્યોગિક એકમોને આપવામાં આવનાર લોનની ગેરંટી આપે છે.

IFCI દ્વારા આપવામાં આવતુ ધિરાણ જમીન, મકાન, પ્લોટ વગેરે સ્થાયી અસ્કયામતોને સિક્યોરિટી તરીકે ગણવાનું વલણ રાખે છે. કાચા અને તૈયાર માલનાં સ્ટોકને સિક્યોરિટી તરીકે ધ્યાનમાં લેવામાં આવતી નથી વળી, ડાયરેક્ટરોની વ્યક્તિગત ગેરંટી લેવામાં આવે છે. ટૂંકમાં IFCI એ કરેલી મદદની સલામતી માટે જરૂરી કાળજી લઈ શકે તેવી સત્તાઓ આ બેન્કને મળેલ છે અને તેનો તે ઉપયોગ પણ કરે છે.

- લોનની ચકાસણી : લોન માંગનાર ઔદ્યોગિક સાહસની લોન મંજૂર કરતા પહેલાં તેની અરજીઓના આધારે તે ઔદ્યોગિક સાહસની નીચેનાં દૃષ્ટિકોણથી ચકાસણી કરે છે.

  (i) રાષ્ટ્રીય અર્થતંત્રમાં તે ઉદ્યોગનું સ્થાન

  (ii) નાણાંકીય મદદ માટેની યોજનાના ઉત્પાદન ખર્ચ બાબતની વાસ્તવિકતા.

  (iii) સંચાલનની કાર્યદક્ષતા

  (iv) બાંયધરીનું સ્વરૂપ

  (v) જરૂરી કાચો માલ, નિષ્ણાંતોની સેવા વગેરેની પ્રાપ્તિની શક્યતા

  (vi) ઉદ્યોગ દ્વારા તૈયાર થનારા માલની ગુણવત્તા અને ઉત્પાદિત વસ્તુની દેશ માટેની આવશ્યકતા.

  ઉપરોક્ત તમામ દૃષ્ટિકોણથી ઔદ્યોગિક એકમ જો વ્યવહારુ હોય તો જ તેની લોન મંજુર કરવામાં આવે છે.

  લોન આપ્યા પછી IFCI દ્વારા જે ઔદ્યોગિક એકમને લોન આપવામાં આવી હોય તેનો ઉપયોગ નક્કી કરેલ શરતોને ધ્યાનમાં રાખીને થાય છે કે નહિં ? ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં સફળતા મળી છે કે નહીં ? ઉત્પાદિત વસ્તુની ગુણવત્તા સુધારવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો છે કે નહીં ? તે અંગે અમુક ચોક્કસ સમયે રિપોર્ટ મંગાવવામાં આવે છે અને ઔદ્યોગિક એકમની તપાસ કરવા માટે અવારનવાર અધિકારીઓને મોકલવામાં આવે છે. જો નક્કી કરેલી શરતોનું પાલન કરવામાં ઔદ્યોગિક એકમ બેદરકારી દાખવે, લોનનું વ્યાજ ભરવામાં અયોગ્ય હોય તો તેની જામીનગીરીની વસ્તુઓ વેચવાનો તેમજ વહીવટી પોતાને હસ્તક લઈ લેવાનો અધિકાર આ બેન્ક ધરાવે છે.

- ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમની કામગીરી : દેશમાં જુદા જુદા ઉદ્યોગોના વિકાસ માટે IFCI નાણાંકીય સહાય આપે છે. વિમાનમથક, રસ્તા, ટેલિકોમ, પાવર, વનનિર્માણ તેમજ સેવાક્ષેત્ર જેવી અન્ય યોજનાઓનો સમાવેશ થાય છે. આમ 70 વર્ષોથી નાણાંકીય સહાય આ નિગમ આપે છે. આ ઉપરાંત મોટી યોજનાઓ જેવી કે અદાણી, મુદ્રાપોટ, ગોવા ઈન્ટરનેશનલ એરપોર્ટ, સાલાસર હાઈવે, એન.આર. એ.એસ ટ્રાન્સમિશન, રાયચૂર પાવર કોર્પોરેશન જેવી અનેક પરિયોજનાઓની સ્થાપના માટે IFCI દ્વારા નાણાંકીય સહાય કરવામાં આવી છે.

IFCI એ દેશમાં બજારની જુદી જુદી સંસ્થાઓ જેવી કે સ્ટોક એક્સચેંજો, ઉદ્યોગ વિકાસ સંગઠનો, પરામર્શકારી સંગઠન, શૈક્ષણિક તેમજ કૌશલ્ય વિકાસ સંસ્થાઓની સ્થાપના માટે નિર્ણાયક ભૂમિકા ભજવી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારે માર્ચ 2015માં IFCIને અનુસૂચિત જાતિઓના ઉદ્યોગ સાહસિકો માટે 'ઋણ વૃદ્ધિ ગેરંટી યોજના' શરૂ કરેલ છે.

આમ સ્વતંત્રતા પછી ભારતમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવાના હેતુથી જુલાઈ 1948માં સ્થાપવામાં આવેલું આ નિગમ દેશની સૌપ્રથમ અસ્તિત્ત્વમાં આવેલી સરકાર પ્રેરિત નાણાંકીય સંસ્થા છે. તેની અધિકૃત મૂડી શરૂઆતમાં રૂા.10 કરોડ હતી જે 2024માં રૂા.5000 કરોડ થઈ છે અને જરૂર પડે તો કેન્દ્ર સરકાર તેમાં વધારો કરી શકે છે.

IFCI એ જુદી જુદી સંસ્થાઓની સ્થાપનામાં પણ મહત્ત્વ પૂર્ણ ભૂમિકા નિભાવી છે. જેમાં સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન નેશનલ સ્ટોક એક્સચેન્જ લિમિટેડ, એલ.આઈ. સી, હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ, ટુરિઝમ ફાઈનાન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વગેરેનો સમાવેશ થાય છે. સમયની સાથે સાથે બજારોમાં પરિવર્તનો આવતા બીજી સહાયક કંપનીઓ જેવી કે : સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, IFCI ફાઈનાન્સીઅલ સર્વિસિસ લિમિટેડ વગેરેનાં વિકાસમાં IFCI એ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત IFCI એ પોતાના સામાજિક ક્ષેત્રનાં પ્રયાસોને આધીન પ્રબન્ધ વિકાસ સંસ્થા, ઈન્સ્ટીટ્યુટ ઓફ લીડરશીપ ડેવલપમેન્ટ તેમજ રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ નીધિ જેવી સંસ્થાઓની સ્થાપના કરેલ છે.

IFCI ને શેરમૂડી માર્ચ 2024માં રૂા.2489.61 કરોડ છે. ટેક્ષ ચૂકવ્યા પહેલાનો નફો અને ટેક્ષ ચૂકવ્યા પછીનો નફો માર્ચ 2024માં અનુક્રમે રૂા.483.80 કરોડ અને રૂા.126.25 કરોડ જેટલો છે. વર્ષ 2024માં કુલ આવક રૂા.785.80 કરોડ છે. જયારે કુલ ખર્ચ આજ સમયમાં રૂા.376.25 કરોડ જેટલું છે. IFCI દ્વારા જે ઉદ્યોગોને લોન આપવામાં આવી છે તેમાં ખાંડ, કાપડ, કાગળ, ધાતુ, રાસાયણિક પદાર્થો, મોટર અને યંત્રો બનાવનાર ઉદ્યોગો મુખ્યત્વે છે. IFCI દ્વારા જેને ઉચ્ચ પ્રાયોરિટી આપીને ધિરાણ આપવામાં આવી રહ્યું છે તેમાં ખાતર, સિમેન્ટ, ઊર્જા પ્લાન્ટ્સ, કાગળ, ઔદ્યોગિક મશીનરી વગેરેનો સમાવેશ થાય છે. આ ધિરાણ તેઓને લોન, વિદેશી લોન તેમજ શેર અને ડિબેન્ચરનું અંડરરાઈટીંગ કરીને આપે છે.

➢ IFC એ તાજેતરમાં તેની કામગીરીમાં વિવિધતા લાવવાનો પ્રયત્ન કર્યો છે આ યોજનાઓમાં :

(i) મહિલા સાહસિકો માટેની વ્યાજ સબસિડી યોજના

(ii) નાના પાયાના એકમોને વેચાણ માટે સહાયરૂપ કન્સલ્ટન્સી - ફી સબસિડી યોજના

(iii) લઘુ નાના અને આનુષાંગિક એકમોના આધુનિકરણને પ્રોત્સાહિત કરતી યોજના.

(iv) નાના-મધ્યમ એકમોમાં પ્રદૂષણ નિયંત્રણની યોજના વગેરેનો સમાવેશ થાય છે.

આમ, એકંદરે IFCI એ ખૂબ જ સારી પ્રગતિ કરી છે.

➢ ટીકાઓ : IFCIની કામગીરી અંગે કેટલીક ટીકાઓ થઈ છે જે આ પ્રમાણે છે.

(i) નાણાંકીય સહાયની બાબતમાં તેનું વલણ પક્ષપાતપૂર્ણ રહ્યું છે.

(ii) પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવામાં આ સંસ્થા અસફળ રહી છે. આજ સુધીમાં જેટલી નાણાંકીય સહાય રાજસ્થાન, ઓરિસ્સા આસામ મધ્યપ્રદેશ, અને કેરલમાં આવેલ ઉદ્યોગોને કરી છે તેટલી જ સહાય એક માત્ર મહારાષ્ટ્રના ઉદ્યોગોને કરી છે. આમ પ્રાદેશિક અસમાનતા સર્જાઈ છે.

(iii) નાણાંકીય સહાય આપવામાં મધ્યમ અને નાના ઉદ્યોગોના હિતોની ઉપેક્ષા કરવામાં આવે છે.

(iv) IFCI એ જે ઔદ્યોગિક એકમોને ધિરાણ આપેલ છે. તેના પર યોગ્ય નિયંત્રણ રાખવામાં મહદઅંશે તે અસમર્થ રહેલ છે.

(v) બિન ઉપજાઉ અસ્કયામતો (NPAs)નો બોજો વધતો ગયો છે.

❖ ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ નિગમ (Industrial credit and Investment corporation of India - I.C.I.C.I) :

➢ સ્થાપના : ICICI એ ભારતની ખાનગીક્ષેત્રે રહેલી એક ખૂબ જ અગત્યની નાણાં સંસ્થા છે. ઈ.સ. 1954માં વિશ્વબેંકના નિષ્ણાતો ભારતમાં આવ્યા હતા. તેમણે કરેલી ભલામણના આધારે ખાનગી ઔદ્યોગિક એકમોને નાણાંકીય સહાય પૂરી પાડવાનાં મુખ્ય હેતુથી કંપનીધારા હેઠળ જાન્યુઆરી 1955માં

ICICIનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યુ અને માર્ચ 1955માં આ સંસ્થાએ કામગીરીની શરૂઆત કરી હતી.

- ઉદ્દેશો : ICICIની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ખાનગી ક્ષેત્રમાં સ્થાપિત ઔદ્યોગિક એકમોને તેના વિકાસ કાર્યક્રમોમાં સહાય પ્રદાન કરવાનો છે અને આ મુખ્ય ઉદ્દેશની સિદ્ધિ માટે ICICI કેટલાક પેટા ઉદ્દેશો ધરાવે છે જે આ પ્રમાણે છે.

  (i) ખાનગીક્ષેત્રે ઔદ્યોગિક એકમની સ્થાપના વિકાસ તેમજ તેમના આધુનિકરણનાં કાર્યમાં સહાયરૂપ બનવું.

  (ii) દેશમાં મૂડીબજારને વિકસિત કરવું.

  (iii) ખાનગી ક્ષેત્રનાં ઔદ્યોગિક એકમોમાં સ્વદેશી મૂડીરોકાણ પ્રોત્સાહિત કરવું.

  (iv) ઔદ્યોગિક વિકાસ તેમજ મૂડીરોકાણને પ્રોત્સાહિત કરીને તેને સમર્થન આપવું.

- નાણાંકીય સાધનો : ICICI પોતાનાં નાણાંકીય સાધનો ઊભા કરવા માટે

  (i) શેર બહાર પાડીને નાણાં મેળવે છે.

  (ii) ભારત સરકાર પાસેથી લોન મેળવે છે.

  (iii) ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક પાસેથી લોન મેળવે છે.

  (iv) વિદેશમાંથી વિદેશી ચલણમાં લોન મેળવે છે.

  ભારતમાં ધી શિપિંગ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડ નામની એક મહત્ત્વની કંપની લગભગ ICICI જેવી જ કામગીરી બજાવતી હતી. એપ્રિલ 1996ના વર્ષ પછી ICICIના નાણાંકીય સાધનોમાં વધારો થયો છે તેમ કહી શકાય.

- કાર્યો : ICICI મુખ્યત્વે ખાનગીક્ષેત્રે રહેલા ઔદ્યોગિક એકમોની સ્થાપના અને વિકાસ માટે નાણાંકીય સહાય પૂરી પાડે છે. એ દૃષ્ટિએ ICICI મુખ્યત્વે નીચેના કાર્યો બજાવે છે.

  (i) ખાનગીક્ષેત્રનાં ઔદ્યોગિક એકમોના શેર ખરીદે છે.

  (ii) નવા શેર તેમજ ડિબેન્ચરનું અંડરરાઈટીંગ કરી આપે છે.

  (iii) વિદેશી ચલણ મેળવી આપે છે.

  (iv) અન્ય સંસ્થાઓ પાસેથી લેવામાં આવતા ઋણ અંગે ગેરંટી આપે છે.

  (v) ખાનગી ક્ષેત્રમાં સ્થાપિત ઔદ્યોગિક એકમ દ્વારા વિદેશમાંથી મૂડીજન્ય માલની આયાત કરવા માટે વિદેશી ચલણમાં લોન મેળવી આપવામાં સહાય કરે છે.

(vi) ઔદ્યોગિક એકમોને ટેકનિકલ તેમજ વ્યવસાયલક્ષી સલાહ આપવાનું કાર્ય કરે છે.

➢ ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ :

(i) નિગમની કામગીરી : ICICI એ ખાનગી, સંયુક્ત, જાહેર અને સહકારી એમ તમામ ક્ષેત્રોના ઔદ્યોગિક એકમોને વિવિધ સ્વરૂપે નાણાંકીય સહાય પૂરી પાડે છે. આ સહાય બેન્કે રૂપિયામાં તેમજ વિદેશી ચલણમાં આપી છે. ICICI એ કરેલી સહાયનો મોટો હિસ્સો ખાનગી ઔદ્યોગિક એકમોનો છે. તેણે પાવર, ટેલિકોમ, માઈનિંગ, પેટ્રોકેમિકલ્સ, ફર્ટિલાઈઝર-પેસ્ટીસાઈડ્સ, ખાંડ ટેક્સ્ટાઈલ, પેપર, પેપર પ્રોડક્ટ્સ, રબર-રબર પ્રોડક્ટ્સ, સિમેન્ટ, મેટલ-મેટલ પ્રોડક્ટ્સ. ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ્સ ઈલેક્ટ્રોનિક્સ ટ્રાન્સપોર્ટ ઈક્વિપમેન્ટ્સ, શિપિંગ વગેરે ક્ષેત્રોનાં એકમોને સહાય આપી છે. આ ઉપરથી તેણે દેશના ઉદ્યોગોના વૈવિધ્યકરણમાં આપેલા ફાળાનો ખ્યાલ આવી શકે છે.

વર્ષ 1961-62માં ICICI એ માત્ર રૂા.14.8 કરોડની સહાય મંજૂર કરી હતી. આ રકમ વધીને વર્ષ 2015માં 3,87,522 કરોડ રૂા. અને માર્ચ 2024માં રૂા.11,84,406 કરોડ થઈ હતી. ICICIની કુલ થાપણો વર્ષ 2015માં રૂા.3,61,563 કરોડ હતી જે માર્ચ 2024માં રૂા.14,12,825 કરોડ થઈ છે. શેર મૂડી અને અનામત વર્તમાન સમયમાં અનુક્રમે રૂા.80,429 કરોડ અને રૂા.2,38,399 કરોડ થયું છે. વર્ષ 2015માં ICICIની ચોખ્ખી વ્યાજની આવક રૂા.19,940 કરોડથી વધીને માર્ચ 2024માં રૂા.74,306 કરોડ થઈ છે. દરેક પ્રકારના કર ચૂકવ્યા બાદ ICICIનો નફો વર્ષ 2015માં રૂા.11,175કરોડ હતો જે માર્ચ 2024માં રૂા.40,888 કરોડનો થયો હતો.

ICICI ભારતના ઔદ્યોગિક ક્ષેત્ર તેમજ સેવાક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બજાવી રહી છે. IFC, IDBI અને ICICI નું જૂથ દેશના ઉદ્યોગોની મશીનરી તેમજ ટેકનોલૉજીને બદલવાનું મહત્ત્વનું કામ કરી રહ્યું છે. તેમાં ICICI ને મુખ્ય જવાબદારીઓ સોંપાયેલી છે. અને તે કામ આ નાણાં સંસ્થા સંતોષકારક રીતે બજાવી રહી છે.

ICICI એ મરચન્ટ બેન્કિંગ વિભાગ શરૂ કર્યો છે. જૂન 1993માં તેણે મ્યુચ્યુઅલ ફંડની યોજના અમલમાં મૂકવા માટે ICICI એસેટ મેનેજમેન્ટ

કંપની લિમિટેડની રચના કરી છે. આ નાણાં સંસ્થાએ તાજેતરમાં નીચેની સહાયક સંસ્થાઓની સ્થાપના કરેલ છે.

(ii) કોર્પોરેટ ક્ષેત્રને ક્રેડિટ રેટીંગ સેવા પૂરી પાડવા માટે VTI સાથે મળીને તેણે ક્રેડિટ રેટીંગ ઈન્ફર્મેશન સર્વિસીઝ ઓફ ઈન્ડિયા લિમિટેડ (CRISIL)ની સ્થાપના પણ કરી છે.

(iii) ઔદ્યોગિક એકમોને ટેકનોલૉજી હસ્તાંતર કરવા અને અપગ્રેડ કરવા માટે જરૂરી મદદ કરવા તેમજ ટેકનોલૉજીની માહિતી પૂરી પાડવા ટેકનોલૉજી ડેવલપમેન્ટ એન્ડ ઈન્ફર્મેશન કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડ (TDICIL)નામની કંપની શરૂ કરી છે.

(vi) પ્રોગ્રામ ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ કોમર્શિયલ ટેકનોલૉજી (P.A.C.I)ની સ્થાપના કરવામાં આવી છે.

આ પ્રકારની સહાયક સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. કે જે ICICI ને જુદી જુદી રીતે સહાય કરવાનું કાર્ય કરે છે.

આજે ICICIનું દેશનાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ઝળહળતું સ્થાન છે. આજે દેશમાં ICICI જે કામગીરી બજાવી રહી છે તે મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય.

(i) રીટેલ ફાયનાન્સિયલ સેવાઓ

(ii) કોર્પોરેટ ફાયનાન્સિયલ સેવાઓ

રિટેલ ફાયનાન્સિઅલ સેવાઓ તેની જે વિવિધ ગૌણ સંસ્થાઓ કામ કરી રહી છે. તેમાં ICICI બેંક, ICICI કેપીટલ, ICICI ઈન્ફોટેક, ICICI પર્સનલ ફાયનાન્સિયલ સર્વીસીસ, ICICI વેબટ્રેડ અને ICICI હોમ ગણાવી શકાય.

કોર્પોરેટ ફાઈનાન્સિયલ સેવામાં રોકાયેલી સંસ્થાઓ અર્થાત્ વિભાગોમાં ICICI, ICICI બેન્ક, ICICI સિક્યોરિટીઝ, ICICI બ્રોકરેજ, ICICI વેન્ચર, ICICI નોલેજપાર્ક ગણાવી શકાય.

❖ ઈન્ડસ્ટ્રીયલ રિકન્સ્ટ્રક્શન બેન્ક ઓફ ઈન્ડિયા (I.R.B.I) :

➢ સ્થાપના : ઔદ્યોગિક વિકાસ બેન્કના પ્રોત્સાહનથી ઈન્ડસ્ટ્રીયલ રિકન્સ્ટ્રક્શન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ હતી. IRBI Act 1984 અંતર્ગત 1985માં

ઈન્ડસ્ટ્રીયલ રિકન્સ્ટ્રક્શન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની નવરચના કરીને ઈન્ડસ્ટ્રીયલ રિકન્સ્ટ્રક્શન બેન્ક ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી હતી.

- ઉદ્દેશ : IRBIનો મુખ્ય ઉદ્દેશ માંદા અથવા તો બંધ પડી ગયેલા ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહિત કરીને ચાલુ કરવાનો હતો. આ ઉપરાંત આ સંસ્થા ટેકનિકલ તેમજ સંચાલકીય મદદ પણ પૂરી પાડે છે. આ સંસ્થાની અધિકૃત મૂડી રૂા.200 કરોડની છે અને ભરપાઈ થયેલી મૂડી રૂા.50 કરોડની છે. આ બેન્ક બે માર્ગો દ્વારા ભંડોળ મેળવે છે. (i) કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેન્ક પાસેથી ધિરાણ લઈને અને (ii) વ્યાજ અને ડિવિડન્ડની કમાણી કરીને તેમજ દેવાદારો પાસેથી લોનની રકમ પાછી મેળવીને.

- કાર્યો : IRBIના મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે.

  (i) મોટા ઔદ્યોગિક એકમોની પુર્નરચના તેમજ આધુનિકરણ કરવા માટે મુદતી ધિરાણ આપે છે.

  (ii) વધારાના ખર્ચાને પહોંચી વળવા તેમજ અસમતુલાઓનું નિવારણ કરવા માટે તે આનુષાંગિક મદદ આપે છે.

  (iii) આંતર માળખાકીય સવલતો, માર્ગદર્શન તથા સંચાલકીય અને વાણિજ્યલક્ષી બેન્કિંગની સગવડો પૂરી પાડવાનું કાર્ય કરે છે.

  (iv) માંદા એકમોને મૂડી મળી શકે એ માટે એમના શેર, ડિબેન્ચર તથા બોન્ડ પર બાંયધરી આપે છે તેમજ તેમની લોન તેમજ વિલંબિત ચૂકવણી માટે ગેરંટી પૂરી પાડે છે.

  (v) IRBI ભાડાપટ્ટાથી તેમજ હપ્તા પદ્ધતિથી યંત્રસામગ્રી અને અન્ય સાધનો ઉપલબ્ધ બનાવે છે. માર્ચ 1995 સુધીમાં માંદા અને નબળા એકમોને કુલ રૂા.778 કરોડની રકમ મંજૂર કરી હતી અને 397 કરોડની રકમ વહેંચી હતી. મંજૂર કરેલી ધિરાણની રકમ રૂા.624 કરોડ હતી. માર્ચ 1997ની IRBIની અસ્કયામતો અને જવાબદારીઓને નવી કંપનીના નામે Industrial Investment Bank of India (I.I.B.I)ના નામે હસ્તાંતર કરેલ છે.

❖ નાના ઉદ્યોગો માટેની રાષ્ટ્રીય સ્તરની ભારતીય નાના ઉદ્યોગોની વિકાસ બેંક (S.I.D.B.I) (Small Scale Industrial Development of India) :

➢ સ્થાપના : નાના ઉદ્યોગો માટેની રાષ્ટ્રીય સ્તરની બેન્કમાં SIDBIનો સમાવેશ થાય છે. નાના પાયાના ઉદ્યોગોને નાણાંકીય તેમજ બિન નાણાંકીય સહાય વધુ પ્રમાણમાં મળી રહે, એટલું જ નહિં તેમને મળતી મદદનું યોગ્ય સંકલન થઈ શકે તે માટેનું કાર્ય ઔદ્યોગિક વિકાસ બેંક કરતી હતી. છતાં આ કાર્ય વધુ અસરકારક રીતે કરી શકાય તે માટે 1988-89ના કેન્દ્રીય બજેટમાં ઔદ્યોગિક વિકાસ બેન્કની સંપૂર્ણ માલિકી ધરાવતી પરંતુ તેની અવેજીમાં કામ કરી શકે એવી એક ભારતીય નાના ઉદ્યોગોની વિકાસ બેંક નામની સંસ્થા સ્થાપવાની જાહેરાત કરવામાં આવી અને એ માટે સંસદમાં ઓક્ટોબર 1989માં બિલ પાસ કરવામાં આવ્યું અને 2 એપ્રિલ 1990માં એ પોતાની કામગીરીની શરૂઆત કરી દીધી હતી. આ બેંકની અધિકૃત મૂડી રૂા.250 કરોડની છે જે રૂા.1000 કરોડ સુધી વધારવાની તેને સત્તા આપવામાં આવી છે.

➢ ઉદ્દેશો : SIDBIના દેશમાં MSME માટે અગત્યના ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

(i) નાના પાયાના ઉદ્યોગોને મોટાપાયા પર નાણાંકીય તેમજ બિનનાણાંકીય સહાય કરવી.

(ii) નાના ઉદ્યોગોને પ્રત્યક્ષ ધિરાણની સવલતો પૂરી પાડવી

(iii) જે નાના ઉદ્યોગો અસ્તિત્ત્વમાં હોય તેવા એકમોનો ટેકનિકલ વિકાસ કરવો એટલુ જ નહિ તેનું આધુનિકરણ કરવું.

(iv) સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં નાના ઉદ્યોગોના ઉત્પાદનનાં વેચાણ માટે પ્રોત્સાહન પૂરું પાડવું.

(v) નાના ઉદ્યોગોને પરોક્ષ ધિરાણની સવલતો પૂરી પાડવી.

(vi) અર્ધ શહેરી વિસ્તારોમાં રોજગારીની તકોમાં વૃદ્ધિ કરવી જેથી ગ્રામ વિસ્તારમાંથી શહેરી વિસ્તારોમાં રોજગારી માટે સ્થળાંતર ન કરવું પડે.

(vii) જળવાયુ પરિવર્તન પર રાષ્ટ્રીય યોજનાઓને સમર્થન આપવું.

આમ, મોટા ઉદ્યોગની વડી બેંક તરીકે જે રીતે ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક કામગીરી બજાવે છે તેવીજ રીતે નાના ઉદ્યોગોની વડી બેંક તરીકે ભારતીય નાના ઉદ્યોગોની વિકાસ બેંક કામગીરી બજાવી રહી છે એમાં શંકાને સ્થાન નથી.

➢ કાર્યો : SIDBI પાસે નીચે પ્રમાણે કાર્યોની અપેક્ષા રાખવામાં આવી છે.

(i) નાના પાયાના એકમોને જે સંસ્થાઓ લોન આપે છે તેનું તેમને રિફાયનાન્સ કરવું તેમજ આવી સંસ્થાઓનાં સાધનોમાં વધારો કરવો.

(ii) રાષ્ટ્રીય ઈક્વિટીફંડ, મહિલા ઉદ્યમ ફંડ, મહિલા વિકાસ ફંડ તેમજ નાના ઉદ્યોગો માટે જરૂરી વસ્તુઓ ઉધાર આપનાર એજન્સીઓને સસ્તાદરે પાયાની મૂડી પૂરી પાડવામાં મદદરૂપ થાય છે.

(iii) નાના પાયાના એકમોના વિકાસ માટે SIDBI અનેક પ્રકારની સગવડો પૂરી પાડે છે.

(iv) રાજ્યના નાના ઉદ્યોગ વિકાસ નિગમોને દુર્લભ કાચોમાલ તેમજ નાના ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત વસ્તુઓની ખરીદી માટે નાણાંકીય સહાય પૂરી પાડે છે.

(v) નાના પાયાના એકમોની નિકાસપાત્ર પેદાશોનાં ઉત્પાદન માટે જે પ્રાથમિક સંસ્થાઓ ધિરાણ આપે છે તેમને SIDBI પ્રત્યક્ષ મદદ આપે છે એટલું જ નહિ આપેલી લોનને રિફાયનાન્સ કરે છે.

આમ દેશમાં ખૂણે ખૂણે પથરાયેલા નાના એકમોને મદદ કરવા માટે SIDBI દેશની વેપારી બેન્કો સહકારી બેન્કો પ્રાદેશિક ગ્રામ્ય બેન્કો, રાજ્ય નાણાં નિગમો વગેરે સંસ્થાઓ અને તેમની શાખાઓના વ્યાપક નેટવર્કનો ઉપયોગ કરે છે.

(vi) ભારતીય નાના ઉદ્યોગોની વિકાસ બેન્કની પ્રગતિ :

| વર્ષ 2023-24 | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | રકમ (રૂા.0 કરોડમાં) | |
| 1. | મૂડીરોકાણ | 27,413.44 | કરોડ |
| 2. | ડિપોઝિટ | 1,99,945.60 | કરોડ |
| 3. | લોન અને ધિરાણ | 3,77,995.54 | કરોડ |
| 4. | કુલ આવક | 20,001.43 | કરોડ |
| 5. | કુલ ખર્ચ | 14,852.23 | કરોડ |
| 6. | દેવુ | 200657.92 | કરોડ |
| 7. | કુલ NPA (નોન પરફોર્મિંગ એસેટ)નું પ્રમાણ | 0.02% | |
| 8. | દર શેરદીઠ આવક (EPS) | રૂા.58.81 | |
| 9. | ચોખ્ખો નફો | 4026 | કરોડ |

❖ નાના ઉદ્યોગો માટેની રાજ્ય સ્તરની નાણાં સંસ્થા : રાજ્ય નાણાં નિગમ : (State Finance Corporation - I.F.C) :

➢ સ્થાપના : નાના અને મધ્યમ કદનાં ઔદ્યોગિક એકમોની નાણાંકીય મુશ્કેલીઓ હળવી કરવા માટે ભારત સરકારે 1951માં સ્ટેટ ફાઈનાન્સીઅલ એક્ટ પસાર કર્યો અને તેના પરિણામે બધા રાજ્યોમાં રાજ્ય નાણાંકીય નિગમો સ્થાપવાની શરૂઆત થઈ હતી. આ કાયદા અંતર્ગત IFC ગુજરાત સરકાર દ્વારા 1961માં સ્થપાયેલી નાણાંકીય સંસ્થા છે. રાજ્ય નાણા નિગમ ગુજરાત સરકારનાં ઉદ્યોગ અને ખાણ વિભાગનાં નિયંત્રણ હેઠળ છે.

રાજ્યોમાં બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓ પછાત વિસ્તારોમાં અને નાના તથા મધ્યમ કદનાં ઔદ્યોગિક એકમોને પૂરતું ધિરાણ આપતી ન હતી. તે ખામી નિવારણનાં ઉદ્દેશથી રાજ્ય સ્તરે આ નિગમોની સ્થાપના કરવામાં આવી હતી. ભારતમાં દરેક રાજ્યદીઠ એક એવા 18 નિગમોની સ્થાપના વર્ષ 1967-68 સુધીમાં થઈ હતી. ડિસેમ્બર 1972માં રાજ્ય નાણાં નિગમને લગતો કાયદો નાના એકમોની તરફેણમાં સુધારવામાં આવ્યો.

રાજ્ય નાણાં નિગમોની મૂડી રાજ્ય સરકારોએ રૂા.50 લાખથી રૂા.5 કરોડની મર્યાદામાં નક્કી કરી હતી. મોટાભાગનાં અધિકૃત નિગમોની અધિકૃત મૂડી રૂા.2 કરોડ અને ભરપાઈ થયેલી મૂડી રૂા.1 કરોડ જેટલી છે. આ નિગમને રાજ્ય સરકારો, રિઝર્વબેંક, વર્ગીકૃત બેંકો, સહકારી બેંકો અને વીમાકંપનીઓએ મૂડી પૂરી પાડી છે. આ નિગમ નાણાંકીય સાધનો વધારવા માટે ડિબેન્ચર બહાર પાડી શકે છે. કેન્દ્ર સરકારનું ઔદ્યોગિક નાણાં નિગમ મોટા ઉદ્યોગ માટે કામ કરે છે. જ્યારે રાજ્ય નાણાં નિગમ નાના અને મધ્યમ કદનાં ઉદ્યોગો માટે કામ કરે છે.

➢ પ્રવૃત્તિઓ : આ નિગમે નીચે પ્રમાણેની પ્રવૃત્તિઓ હાથ ધરવાની હતી.

(i) નાના અને મધ્યમ કદનાં ઔદ્યોગિક એકમોને ધિરાણ આપવા.

(ii) આવા ઔદ્યોગિક એકમોને 20 વર્ષમાં ભરપાઈ થઈ શકે એવી લોનો અને ધિરાણ મંજૂર કરવાની છૂટ આપવી.

(iii) ઔદ્યોગિક એકમોના શેર, બોન્ડ, ડિબેન્ચર વગેરેને રાજ્ય નાણાં નિગમનાં ધોરણે અંડરરાઈટ કરવાની છૂટ આપવી.

(iv) ઔદ્યોગિક એકમોએ બહાર પાડેલા શેરોમાં નાણાં રોકવા.

(v) ટેકનિકલ ઉત્પાદકોને નાણાં ધીરીને તેમના ઉદ્યોગોના વિકાસમાં મદદરૂપ બનવું.

(vi) નિગમ કોઈપણ એકમને જે કંઈ લોન આપે તે નિગમની ભરપાઈ થયેલી મૂડીનાં 10% કરતાં વધુ ન હોવી જોઈએ અથવા 10 લાખ રૂપિયા કરતાં વધુ ન હોવી જોઈએ. આ બેમાંથી જે રકમ ઓછી હોય તેટલી લોન આપી શકે.

➢ રાજ્ય નાણાં નિગમની કામગીરી : રાજ્ય નાણાં નિગમે અલગ અલગ રાજ્યોમાં નીચે મુજબની કામગીરી બજાવી છે.

(i) આ સંસ્થાઓ દ્વારા નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને ધિરાણ આપ્યા છે. રાજ્ય સરકારોએ નાના ઔદ્યોગીક એકમોને અગ્રિમતા ક્ષેત્રમાં મૂક્યા હતા. આમ છતાં તેમને બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી ધિરાણ મળી શકતા નહોતા.

(ii) આ નિગમોએ ખૂબ પછાત વિસ્તારોમાં ઓછા વ્યાજના દરે લોન આપીને, ઘણાં નાના અને મધ્યમ કદનાં એકમોને મદદ કરી છે.

(iii) ડિસેમ્બર 1972ના તેના કાયદામાં સુધારો કરીને આ નિગમે જેમની ભરપાઈ થયેલી મૂડી રૂા.1 કરોડથી વધુ હોય એવા મોટા ઔદ્યોગિક એકમોને ધિરાણ આપવું નહી એવું નક્કી કરવામાં આવ્યું. એનું કારણ એ હતું કે આ નિગમો માત્ર નાના અને મધ્યમ એકમોને જ મદદ કરી શકે.

(iv) રાજ્ય નાણાં નિગમો નિષ્ણાંત ટેકનિશિયનોને ધિરાણ આપીને તેમજ ધિરાણો ભરપાઈ કરીને મુદતમાં વધારો કરી તેઓને ઘણી મદદ કરી છે. પરિણામે તેઓ નવા ઔદ્યોગિક એકમો સ્થાપી શક્યા છે. નિષ્ણાંત ઉદ્યોગપતિઓ ઈલેક્ટ્રિક સાધનોના ઉત્પાદનનો ઉદ્યોગ, કેમિકલ ઉદ્યોગ, યંત્ર ઉદ્યોગ વગેરેની સ્થાપના કરી શક્યા છે.

(v) આ નિગમો નાના અને મધ્યમ એકમોને 8% થી 15.5% ની મર્યાદામાં વ્યાજે ધિરાણ આપે છે. પરંતુ તેમને જો ઔદ્યોગિક વિકાસ બેંક તરફથી સહાય મળી હોય તો તેનો વ્યાજનો દર 8 થી 11% ની વચ્ચે રાખે છે.

(vi) આ નિગમ આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા દ્વારા નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને વિદેશી હૂંડિયામણ મેળવી આપવામાં સહાયરૂપ બને છે.

(vii) આ નિગમ રોડ-ટ્રાન્સપોર્ટ સંચાલકોને પણ ધિરાણ આપે છે.

(viii) સામાન્ય રીતે નાના અને મધ્યમ ઉદ્યોગોને મુખ્ત્વે ત્રણ પ્રકારનાં ધિરાણની આવશ્યકતા રહેતી હોય છે.

- જે તે ઔદ્યોગિક એકમની સ્થાપના માટે મૂડીની જરૂરિયાત
- ઉત્પાદનમાં વધારો કરવા વિકાસ કે વૈવિધ્યીકરણ માટેનાં ધિરાણો
- આ નિગમે શેરમૂડી માટે ખૂબ જ ઓછી રકમ આપી છે. એનું કારણ એ છે કે તેમના પર ઔદ્યોગિક એકમોની શેરમૂડીમાં નાણાં રોકવા પર મર્યાદા મૂકવામાં આવી છે.

➢ ટીકા : આ નિગમની એક મહત્ત્વની ટીકા એ થાય છે કે આ નિગમ સંગઠિત ઉદ્યોગોને જ સહાય કરે છે તેથી ઘણાં અસંગઠિત નાના ઉદ્યોગોને મદદ મળવાનો અવકાશ ઘટી ગયો છે. કારણ કે અસંગઠિત નાના એકમો પાસે પૂરતા દસ્તાવેજો હોતા નથી હિસાબો વ્યવસ્થિત રીતે રાખતા નથી તેથી આ પ્રશ્ન રહે છે.

❖ રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ : (State Industrial Development Corporation - SIDC) :

➢ સ્થાપના : રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ એ રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળનું એક સરકારી નિગમ છે. રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમની સ્થાપના 1956ના કંપની એક્ટ અંતર્ગત 1995માં કરવામાં આવી છે. જેનું મુખ્ય કામ એ છે કે મધ્યમ, અને સૂક્ષ્મ એકમોને પ્રોત્સાહન આપવું. આ ઉપરાંત તે મોટા અને મધ્યમ સાહસોને તેની લોનની રકમને આધારે 13.5% થી 17% વ્યાજના દરે ધિરાણ આપવામાં મદદરૂપ થાય છે.

➢ હેતુઓ : રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગંમના હેતુઓ આ પ્રમાણે છે.

(i) લઘુ, નાના, મધ્યમકક્ષાના ઔદ્યોગિક એકમોને વિકાસ માટે પ્રોત્સાહન આપવું.

(ii) કુશળ ઉદ્યોગ સાહસિકોને મદદરૂપ બનવું.

(iii) વેપારની સાથે સાથે પ્રચાર અને માર્કેટીંગ કરવું એ પણ આ નિગમનું ધ્યેય રહેલું છે.

(iv) ઔદ્યોગિક માળખાગત સુવિધાના વિકાસમાં મદદ કરવી.

➢ કામગીરી : રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં ઝડપી ઔદ્યોગિકરણનો છે. આ નિગમ દ્વારા સમગ્ર રાજ્યમાં સ્થાપવામાં આવેલ ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારોને પ્લોટ ફાળવવા માટે સરળ ઓનલાઈન પારદર્શીય પદ્ધતિ અપનાવવી. ઔદ્યોગિક વિકાસ માટે યોગ્ય સ્થાનો, રસ્તા, વિજળી, ગટર, પાણીની સગવડ, શેરી લાઈટ તેમજ ફેક્ટરી જેવી સુવિધાઓ પૂરી પાડે છે તેમજ ઔદ્યોગિક વસાહતો બનાવવાનું કાર્ય પણ કરે છે. જેમ કે : ગાંધીનગરમાં ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, વાપી, અંક્લેશ્વર, પાનોલી, નંદેશરી, નરોડા, વટવા ખાતે કેમીકલ એસ્ટેટ, મોરબીમાં સીરામીક ઉદ્યોગ વગેરેના વિકાસ માટે આ નિગમ કામગીરી બજાવે છે. નિગમે 25 જિલ્લામાં 182 ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરી છે. ઔદ્યોગિક વસાહતોમાં Special Investment Region (વિશેષ રોકાણ ક્ષેત્ર - SIR) જેવી ઔદ્યોગિક એસ્ટેટની સ્થાપના કરી છે. આમ માળખાગત સુવિધાઓ સાથે ઔદ્યોગિક વસાહતો બનાવવા અંગેની કામગીરી પણ આ નિગમ કરે છે. એટલું જ નહિ નાના પાયાના સાહસિકો માટે આ નિગમ અગાઉથી નાણાંની ચૂકવણી પણ કરે છે.

❖ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ : (Gujrat Industrial development Corporation - GIDC) :

➢ સ્થાપના : ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ 1962 અંતર્ગત 1 ઓગષ્ટ 1962ના રોજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સ્થાપના થઈ હતી. આ નિગમ ગુજરાત રાજ્યમાં ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતું એક વિકાસ નિગમ છે. જેની મુખ્ય ઓફિસ ગાંધીનગર ખાતે આવેલી છે. જાણીતા ઉદ્યોગપતિની કંપનીઓ (રિલાયન્સ તેમજ નિરમા) એ તેમના ધંધાની શરૂઆત ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમમાંથી કરી હતી.

➢ ઉદ્દેશો : ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

(i) રાજ્યમાં ઉદ્યોગોના સમતોલ અને ઝડપી વિકાસ માટે સહાયરૂપ બનવું.

(ii) સૂક્ષ્મ, નાના ઔદ્યોગિક એકમો માટે ઔદ્યોગિક વસાહત વિકસાવવા માટે નાણાંકીય સહાય કરવી.

(iii) રાજ્યમાં વિવિધ સ્થળોએ યોગ્ય જમીન સંપાદન કરવી.

(iv) પાયાની ઔદ્યોગિક સગવડોનો વિકાસ કરવો.

(v) નિગમની વસાહતોમાં પાયાની આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવી.

➢ કામગીરી : ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ઉદ્યોગોને પ્રોત્સાહન તેમજ વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે વિશિષ્ટ કામગીરી બજાવે છે. ઔદ્યોગિકરણના હેતુ સિદ્ધ કરવા આ નિગમ રાજ્યમાં વિવિધ સ્થળોએથી યોગ્ય જમીનો સંપાદન કરીને તેમાં પાયાની ઔદ્યોગિક સવલતોનો વિકાસ કર્યો છે.

વિશ્વસ્તરે આર્થિક અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે નિગમ દ્વારા Special Investment Region (SIR) પેટ્રોલિયમ, કેમીકલ અને પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (PCPIR) સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તેમજ ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરવામાં આવી છે. નિગમ દ્વારા રાજ્યમાં વર્ષ 2022-23માં લગભગ 442.81 હેક્ટર જમીન વસાહતો માટે મેળવવામાં આવી છે. નિગમે વર્ષ 2022-23માં રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર મારફત રૂા.750.17 કરોડની (હવાલા સહિત) નાણાંકીય સહાય મેળવેલ છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન ઉદ્યોગકારો પાસેથી રૂા.702.81 કરોડની વસુલાત કરી છે.

નિગમ તેની વસાહતને એક વિકસિત ટાઉનશીપમાં ફેરવવાના ભાગરૂપે એ વસાહતમાં પોસ્ટ ઓફીસ, ટેલિફોન એક્સચેન્જ, પોલીસચોકી, હોસ્પિટલ, હોટલ અને કેન્ટીન, સિનેમા, શોપીંગ સેન્ટર, ગોડાઉન, કોમ્યુનીટિ હોલ જેવી વિવિધ સવલતો પૂરી પાડવામાં મદદરૂપ થાય છે. વર્ષ 2022-23માં આ નિગમ દ્વારા કુલ 13369 જેટલા શેડનું બાંધકામ કરવામાં આવ્યું છે. તેમજ 2025 વર્ષમાં 1793.24 કિ.મી. રસ્તાઓનું બાંધકામ કરેલ છે.

અરજદારની સુવિધા માટે નિગમ દ્વારા ડીજીટલ ટેકનોલૉજીનો ઉપયોગ કરી Digitally signed ઓર્ડર સીધા અરજદારને ઈ.મેલ મારફતે મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

નિગમ દ્વારા I.T ની મદદથી Ease of doing Business અંતર્ગત Investor Facilitation Portal અને Good Governance હેઠળ વિવિધ ઓનલાઈન એપ્લીકેશન કાર્યરત કરવામાં આવેલ છે.

નિર્ણય લેવામાં ઉપયોગી થાય તે માટે નિગમે GIS ઉપર આધારીત ડિસિજન સપોર્ટ સિસ્ટમ હાલ 50 GIDC એસ્ટેટ માટે, પાઈલોટ બેઝીસ પર અમલમાં મૂકેલ છે. જે પાછળથી બધાં એસ્ટેટ માટે અમલમાં મૂકવામાં આવશે. સરકારશ્રીના Digital Indiaના સ્વપ્નને સાકાર કરવા માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની નિયુક્તિ કરી શકાય એટલી કામગીરી કમ્પ્યુટર મારફતે કરવાની યોજના પ્રસ્થાપિત કરી છે.

ઝડપી નિર્ણય લેવાનું શક્ય બને એ માટે નિગમની વિવિધ ક્ષેત્રીય કચેરીઓને વડી કચેરી સાથે વિડીયો કોન્ફરન્સિંગથી સાંકળવામાં આવી છે. વર્ષ 2022-23માં કુલ 31 ઔદ્યોગિક વસાહતો નિર્દિષ્ટ વિસ્તારમાં કાર્યરત છે.

વર્ષ 2022-23માં નિગમે કુલ ખર્ચ રૂા.1743.00 કરોડ કરેલ છે. જે પૈકી આંતરમાળખાકીય વિકાસ કામો પાછળ રૂા.369.50 કરોડનો ખર્ચ કરેલ છે. આજે સમયમાં નિગમ દ્વારા બાકી રહેલું પ્રમાણ અંદાજિત રૂા.466.68 કરોડ હતુ જેમાંથી નિગમે 63.15% જેટલી રકમ વસુલ કરી હતી.

(i) ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આમ્બેડકર ઉદ્યોગ ઉદય યોજના હેઠળ લાભાર્થીઓને આપવામાં આવતી સહાય અંગે માહિતી એકત્રિત કરવા માટે એક મોડ્યુલ બનાવવામાં આવ્યું છે.

(ii) નિગમની વસાહતોમાં આવેલ ખુલ્લા વણવપરાશી પ્લોટની માહિતી એકત્રિત કરવા મોડ્યુલ બનાવવામાં આવ્યું છે.

(iii) નિગમ દ્વારા ઈ-હરાજી કાર્યવાહી માટે મોડ્યુલ વિકસાવવામાં આવ્યું.

(iv) નિગમની અધિકૃત વેબસાઈટ ઉપરથી સરળતાથી માહિતી મળી રહે તે હેતુથી વેબસાઈટને અદ્યતન કરવામાં આવેલ છે.

### 11.5.3 અન્ય નાણાં સંસ્થાઓ :

મૂડી બજારમાં જે નાણાં સંસ્થાઓ કામ કરે છે તે ઉપરાંત કેટલીક અન્ય નાણાં સંસ્થાઓ પણ કાર્ય કરે છે જે આ પ્રમાણે છે.

1. યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (UTI) :

યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા એ એક સંગઠિત બિનબેન્કીંગ નાણાં સંસ્થા છે. તે પોતાના ઉદ્દેશને લક્ષમાં રાખીને મૂળભૂત કાર્યો તો કરે જ છે. પરંતુ તે નોન બેન્કીંગ નાણાં સંસ્થાઓના કાર્યો પણ કર્યા છે અને એ રીતે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાએ ભારતનાં ઔદ્યોગિક મૂડીમાળખામાં અગ્રિમસ્થાન પ્રાપ્ત કર્યું છે. UTI એ ઔદ્યોગિક મૂડી પ્રબંધમાં પ્રત્યક્ષરીતે

અને પરોક્ષ રીતે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ટ્રસ્ટ મૂડીબજારને બજારતંત્ર દ્વારા ટેકો પૂરો પાડી શેર ડિબેન્ચર દ્વારા નાણાં ઊભા કરી શકાય તેવું વાતાવરણ સર્જવાની મહત્ત્વની કામગીરી કરી છે. જો કે યુનિટ ટ્રસ્ટનો વહીવટ ગંભીર ક્ષતિઓયુક્ત હોવાનું બહાર આવી રહ્યું છે. પરિણામે લોકોને તેમાંથી વિશ્વાસ ડગવા લાગ્યો છે. 30 જુલાઈ 2007ના રોજ UTI બેન્કે તેનું નામ બદલીને એક્સિસ બેન્ક કર્યું છે.

2. એક્સિસ બેન્ક :

એક્સિસ બેંક લિમિટેડ જે અગાઉ UTI બેંક (1993-2001) તરીકે જાણીતી હતી. એક્સિસ બેંક એક ભારતીય બહુરાષ્ટ્રીય બેન્કિંગ અને નાણાંકીય સેવાઓ આપતી સંસ્થા છે જેનું મુખ્ય મથક મુંબઈ છે. આ બેન્ક મોટી અને મધ્યમ કદની કંપનીઓ, નાના, મધ્યમ ઉદ્યોગો તેમજ છુટકછવાયા વ્યવસાયોને નાણાંકીય મદદ કરે છે. ડિસેમ્બર-2024માં તેની શાખાઓની સંખ્યા 5706 છે. 2024માં આવક રૂા.1,37,989 કરોડ જ્યારે સંચાલન આવક આજ સમયમાં રૂા.39356 કરોડ છે અને ચોખ્ખી આવક રૂા.26386 કરોડ છે. કુલ સંપત્તિ રૂા.1518239 કરોડ છે. જ્યારે કુલ શેર રૂા.1,55,512 કરોડના છે.

એક્સિસ બેંક ભારતમાં ખાનગી બેંકોમાં સૌથી મોટુ ઓટોમેટીક ટેલર મશીન ધરાવે છે. એક્સિસ બેંક ગ્રાહકોને ચાલુ ખાતાઓ, રોકડ સેવાઓ, મૂડીબજાર સેવાઓ વેપાર, વિદેશી વિનિમય, કરવસુલાતના ક્ષેત્રોમાં ટ્રાન્ઝેક્શન બેન્કિંગ સબંધિત ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડે છે.

બેન્ક તેની માલિકીની પેટાકંપનીઓ દ્વારા ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ અને ટ્રસ્ટ્રીશિપ સેવાઓ પૂરી પાડે છે. એક્સિસ બેન્કના ઈક્વિટી શેર બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા પર લિસ્ટેડ છે.

3. જીવન વીમા નિગમ (Life Insurance Corporation of India - LIC) :

- સ્થાપના : જીવન વીમા નિગમ એ એક સંગઠિત બિનબેન્કિંગ નાણાંકીય સંસ્થા છે. તે ભારતની સૌથી મોટી જીવન વીમા કંપની અને રાજ્યની માલિકીની સંસ્થા છે. 1 સપ્ટેમ્બર 1956ના રોજ તેની સ્થાપના થઈ છે. વીમા ઉત્પાદનો અને સેવાઓની વિશાળ શ્રેણી સાથે LICનું ભારતમાં વીમા ઉદ્યોગમાં એક વિશ્વાસનીય નામ બની ગયું છે. આજે તેના 25 કરોડ કરતાં વધુ ગ્રાહકો છે.

- ઉદ્દેશો : સરકાર દ્વારા સપ્ટેમ્બર 1956માં 245 જેટલી ખાનગી વીમા કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કરીને LICની સ્થાપના કરી છે. જેના મુખ્ય ઉદ્દેશોમાં :-

  (i) વીમાધારકના મૂડીરોકાણની આર્થિક સુરક્ષા કરવી.

(ii) યોગ્ય અને જોખમને અનુરૂપ વીમાના પ્રિમિયમના દર રાખવા

(iii) વીમાધારકને ઝડપી અને ન્યાયી સેવા મળતી રહે તેવી વ્યવસ્થા કરવી.

(iv) વીમા ઉદ્યોગનું મૂડીભંડોળ સંપૂર્ણપણે વીમાધારકને ફાયદાકારક નીવડે તે રીતે તેનું સલામત રોકાણ કરવું. વગેરેનો સમાવેશ થાય છે. આ ઉદ્દેશોમાં LICનો મૂળભૂત ઉદ્દેશ શહેરી અને ગ્રામીણ પ્રદેશોમાં આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગોનાં લોકોને તેમજ પ્રત્યેક વ્યક્તિને વીમાનું સુરક્ષા કવચ પ્રદાન થાય તે હતો જે ઉદ્દેશમાં તેને સફળતા મળી છે. LIC મૂડી બજારમાં લાંબાગાળાનાં ધિરાણો પૂરા પાડવાની સુંદર કામગીરી કરે છે LIC E સેવાઓ વપરાશ કર્તાઓને તેના મોબાઈલ એપ્લિકેશન દ્વારા તેમના ઘરમાંથી આરામથી વીમા સબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવા સક્ષમ બનાવે છે.

4. ફેક્ટરીંગ એજન્સીઓ :

- સ્થાપના : ફેક્ટરીંગ એજન્સી એ સંગઠિત બિનબેંકિગ નાણાંકીય સંસ્થા છે. ફેક્ટર એક કમિશન એજન્ટ હોય છે. જે પોતાના ગ્રાહકોને ફંડ અપાવવાની સાથે સાથે પોતાના ગ્રાહકો વતી ધિરાણની વસુલાત તેમજ ચૂકવણીની જવાબદારીનો સ્વીકાર કરીને પોતાના ગ્રાહકને સુરક્ષા પ્રદાન કરીને જોખમ મુક્ત કરે છે. આમ ફેક્ટરીંગ નાણાંકીય સેવા પૂરી પાડવાનું અને વસુલવાનું કાર્ય કરે છે. અને તેના બદલામાં તેને નિશ્ચિત કમિશન પ્રાપ્ત થાય છે.

  S.B.I એ જુલાઈ 1991ના રોજ એક નવી સહાયક કંપની ''એસ.બી.આઈ. ફેક્ટર્સ એન્ડ કોમર્શિયલ સર્વિસ લિમિટેડ''ની રચના કરી છે. એજ રીતે કેનેરા બેંકે દક્ષિણ ભારતમાં ઔદ્યોગિક એકમોને ફેક્ટરીંગ સેવા પૂરી પાડવા માટે 24મી ઓગષ્ટ 1991ના રોજ કેન બેંક ફેક્ટરીંગ લિ. શરૂ કરી છે. ક્રમશઃ ઉત્તરભારત તથા પૂર્વભારતમાં પણ ફેક્ટરીંગ સેવા સ્થાપિત કરવાની ઉત્સુકતા બતાવી છે.

  આ ફેક્ટરીંગ એજન્સીની સેવાઓ સંગઠિત બેંકિંગ સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી હોવાથી તેમાં સલામતીનું તત્ત્વ ઘણું વધુ હોય છે. તેથી ઉધાર માલનાં વેચાણની પ્રવૃત્તિને ફેક્ટરીંગ એજન્સીની સેવાઓથી સારું એવું પ્રોત્સાહન મળતું હોવાથી આ રીતની સેવાઓ દેશના ઔદ્યોગિક વિકાસ માટે ઉપકારક ગણાવી શકાય.

## 11.6 નાણાં સંસ્થાઓનું નિયમન :

ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રને જુદી જુદી નાણાંકીય સંસ્થાઓએ આપેલ મદદના અભ્યાસ પરથી એ સ્પષ્ટ થાય છે કે ઔદ્યોગિક ક્ષેત્રની નાણાંકીય જરૂરિયાતો સંતોષવાની પ્રશંસનીય કામગીરી આ સંસ્થાઓએ બજાવી છે. નાણાં સંસ્થાઓને સુરક્ષિત મજબૂત તેમજ પારદર્શક રીતે કાર્ય કરવાની ખાતરી આપવા માટે તેને નિયંત્રિત કરવી આવશ્યક બને છે. નિયમનકારી દેખરેખનો મુખ્ય હેતુ ગ્રાહકોને સુરક્ષિત કરવાનો નાણાંકીય છેતરપિંડીને અટકાવવાનો તેમજ નાણાંકીય પ્રણાલીની સ્થિરતાને જાળવવાનો છે. મુખ્ય નિયમનકારી સંસ્થાઓમાં નીચેની સંસ્થાઓનો સમાવેશ થાય છે.

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા - ભારતમાં RBI વાણિજ્યિક બેંકો, એન.બી.એફ.સી. તેમજ અન્ય સંસ્થાઓની દેખરેખ રાખે છે. જેથી આ નાણાં સંસ્થાઓ યોગ્ય મૂડી અનામત રાખે છે અને ધિરાણ પ્રથાઓનું પાલન કરે છે.
- સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન અને ફાઈનાન્સિઅલ ઈન્ડસ્ટ્રી રેગ્યુલેટરી ઓથોરીટીઃ ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટસમાં આ સંસ્થાઓ મૂડીરોકાણને સુરક્ષિત કરવા અને યોગ્ય બજારોને પ્રોત્સાહન આપવા માટે સિક્યોરીટીઝ માર્કેટ તેમજ બ્રોકરેજ (દલાલ) કંપનીઓને નિયંત્રિત કરે છે.
- ફેડરલ રિઝર્વ - નાણાંકીય સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે નાણાંકીય નીતિનું સંચાલન કરે છે.
- ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા આ સંસ્થા ભારતના ઈન્સ્યોરન્સ ઈન્ડસ્ટ્રીની દેખરેખ રાખે છે તેમજ નિયંત્રિત કરે છે જે પોલીસીધારકોને સુરક્ષિત કરવા માટે ધોરણોનું પાલન સુનિશ્ચિત કરે છે.

  નાણાંકીય સંસ્થાઓ માટેની અનુપાલન આવશ્યકતાઓમાં કેટલીક વાર મૂડી અનામત રાખવી તેમજ KYCના નિયમોનું પાલન કરવું વગેરે છે.

## 11.7 નાણાં સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન :

નાણાં સંસ્થાઓ માત્ર આર્થિક વિકાસને જ નહિં. પરંતુ લોન, નાણાંકીય આયોજન તેમજ ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ ઓફર કરીને વ્યક્તિઓને નાણાંકીય સુરક્ષા પ્રદાન કરવામાં મદદ કરે છે. સરકારી નીતિઓ અને ભાગીદારી દ્વારા નાણાં સંસ્થાઓ સામાજિક કલ્યાણની પહેલ તેમજ નાણાંકીય સાક્ષરતા કાર્યક્રમોને અમલમાં મૂકવામાં ભૂમિકા ભજવે છે. જોકે નાણાં સંસ્થાઓનું મહત્ત્વ વધવાથી ખાનગી ક્ષેત્રમાં ઉદ્યોગો પર તેમનું વર્ચસ્વ વધતું ગયું છે. આ નાણાં સંસ્થાઓની કામગીરીમાં કેટલીક મર્યાદાઓ જોવા મળે છે. જે નીચે પ્રમાણે છે.

- નાણાં સંસ્થાઓએ ખેતી અને ગામડાઓની ઉપેક્ષા કરીને ઉદ્યોગો તેમજ શહેરો ને વધુ મદદ પૂરી પાડી છે.
- નાણાં સંસ્થાઓએ મંજૂર કરેલી સહાય અને ચૂકવેલ સહાય વચ્ચેનો સમયગાળો વધારે રહેતા ઔદ્યોગિક એકમો મૂશ્કેલીમાં મૂકાય છે.
- નાણાં સંસ્થાઓ પાસેથી લીધેલી લોન પર આપવી પડતી વ્યાજની રકમને આવકવેરામાંથી મુક્તિ મળતી હોવાથી બચત કરવાની વૃત્તિ પર વિપરીત અસર પડે છે.
- પછાત વિસ્તારોના વિકાસ માટેનાં રાહતરૂપ સહાયનો ઉપયોગ નિયોજકોએ વિકસિત રાજ્યોના પછાત જિલ્લાઓમાંજ કર્યો છે એવું જણાયું છે જે અયોગ્ય છે.

- સહકારી ક્ષેત્ર અનેક દૃષ્ટિએ વધુ મહત્ત્વનું હોવા છતાં નાણાં સંસ્થાઓએ કરેલી સહાયમાં તેનો હિસ્સો ખૂબ જ ઓછો રહ્યો છે.
- નાણાં સંસ્થાઓની મુદતવીતી બાકી લોનનું પ્રમાણ વધતું જાય છે.

## 11.8 પડકારો :

આજના આર્થિક પરિપ્રેક્ષ્યમાં ઘણાં બધા પડકારોનો સામનો નાણાં સંસ્થાઓએ કરવો પડે છે. જેમ કે :-

- તકનીકી વિક્ષેપ : ડિજિટલ બેન્કો નાણાંકીય ઉદ્યોગને બદલી રહ્યા છે. જે પરંપરાગત સંસ્થાઓ સાથે સ્પર્ધા કરતી વધુ સુવિધાજનક તેમજ ઓછી કિંમતની સેવાઓ પ્રદાન કરે છે.
- સાઈબર સુરક્ષા જોખમો : નાણાં સેવાઓના ડિજિટાઈઝેશન સાથે, સાઈબર જોખમ અંગે સંવેદનશીલ છે. જે સુરક્ષા અને છેતરપિંડીના કેસ વધતા તેને રોકવા એ એક પડકાર છે.
- રિસ્ક મેનેજમેન્ટ : સ્થિરતા જાળવવા અને નોંધપાત્ર નુકશાનને ટાળવા માટે ધિરાણ જોખમ, બજાર જોખમ અને ઓપરેશન જોખમને મેનેજ કરવું આવશ્યક છે જે નાણાં સંસ્થા માટે તેનો સામનો કરવો એ એક પડકાર છે.

## 11.9 ઉપસંહાર :

નાણાં સંસ્થાઓ આજના આધુનિક અર્થવ્યવસ્થાનાં હૃદયસમાન છે. જે નાણાં સંસ્થાઓ કામ કરે છે તે ટ્રાન્ઝેક્શન, મૂડીરોકાણ તેમજ જોખમ સંચાલનની સુવિધા આપે છે. આ સંસ્થાઓ તેમનાં કાર્યો દ્વારા આર્થિકવિકાસ સંપત્તિ નિર્માણ તેમજ સામાજિક વિકાસમાં પોતાનું યોગદાન આપે છે. જ્યારે આ સંસ્થાઓ તેમના કાર્યો દ્વારા નિયમનો સુનિશ્ચિત કરે છે ત્યારે તે જવાબદારી પૂર્વક કાર્ય કરે છે. નાણાં સંસ્થાઓ ઉદ્યોગોના ઝડપી વિકાસમાં સહાયભૂત થવાની સાથે સાથે આપણાં નીતિ આયોગના સામાજિક હેતુઓ સિદ્ધ કરવામાં પણ મહત્ત્વની કામગીરી બજાવી રહી છે. એ ખૂબ જ મહત્ત્વની બાબત ગણાવી શકાય.

ડૉ. તારકેશ્વર મૈટિન આ અંગે જણાવે છે કે ''નાણાં સંસ્થાઓની સફળતાનો આધાર તેની સંખ્યા કે નાણાંકીય મદદના પ્રમાણ પર જ રહેતો નથી. આ સંસ્થાઓની સેવાઓ કાર્યક્ષમ, કરકસરયુક્ત અને ઝડપી બને તેટલું જ નહિં પરંતુ આ સંસ્થાઓનાં સાધનો પૂરતા પ્રમાણમાં વધે તે પણ મહત્ત્વનું છે.''

## 11.10 ચાવીરૂપ શબ્દો (Key Words) :

- નાણા સંસ્થાઓ : નાણા સંસ્થા એ એવી સંસ્થા છે જે ધિરાણ, રોકાણ, સંપત્તિ વ્યવસ્થાપન અને કરન્સી એક્સચેન્જ સહિત નાણાકીય સેવાઓની સુવિધા આપે છે.

## 11.11 તમારી પ્રગતિ ચકાસો :

**(અ) નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો.**

(1) નાણાં સંસ્થાઓનો અર્થ આપી તેના કાર્યો અને મહત્ત્વ વર્ણવો.

(2) ભારતની ઔદ્યોગિક વિકાસ બેન્કનાં મુખ્ય કાર્યો દર્શાવી તેની કામગીરીની સમીક્ષા કરો.

(3) ઔદ્યોગિક ક્ષેત્રે ધિરાણ કરતી વિવિધ નાણાં સંસ્થાઓનો પરિચય આપો.

(4) ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમ (I.F.C.I) અને ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ નિગમ (ICICI)ની વિશે વિગતવાર ચર્ચા કરો.

(5) બિનબેન્કિંગ સંસ્થાઓમાં ઔદ્યોગિક ક્ષેત્રે ધિરાણ કરતી સંસ્થાઓમાં રાજ્ય સ્તરની બેન્કોની પ્રગતિ ચકાસો.

**(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(i) નાણાં સંસ્થાનો અર્થ આપો.

(ii) ભારતમાં ઉદ્યોગલક્ષી બેન્કોમાં રાષ્ટ્રીય સ્તરની મોટા ઉદ્યોગો માટે કઈ બેન્કો કામ કરે છે.

(iii) ઔદ્યોગિક વિકાસ બેન્કની સ્થાપના ક્યારે થઈ ?

(iv) ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમનો મુખ્ય ઉદ્દેશ જણાવો.

(v) ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ નિગમના કોઈપણ બે કાર્યો જણાવો.

(vi) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની મુખ્ય ઓફિસ ક્યાં આવેલી છે ?

**(ક) સાચો વિકલ્પ પસંદ કરી લખો.**

(1) ઔદ્યોગિક વિકાસ બેંક (IDBI)ની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

(A) 19 જુલાઈ 1949 (B) 1 જુલાઈ 1964

(C) 19 જુલાઈ 1982 (D) 1 જુલાઈ 1991

(2) રાષ્ટ્રીય સ્તરે નાના ઉદ્યોગોને ધિરાણ આપતી નીચે પૈકીની કઈ ઉદ્યોગલક્ષી બેંકો છે ?

(A) S.I.D.B.I (B) S.L.D.B

(C) S.F.C (D) S.I.D.C

(3) નીચેનામાંથી કઈ બેન્ક ભારતમાં ઔદ્યોગિક વિકાસની દિશામાં કામ કરી રહી છે ?

(A) ભારતની ઔદ્યોગિક વિકાસ બેન્ક

(B) નાબાર્ડ

(C) એક્ઝીમ બેન્ક

(D) વેપારી બેન્ક

(4) ભારતમાં ઈન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા ક્યા વર્ષથી સ્વતંત્ર કોર્પોરેશન તરીકે અસ્તિત્ત્વમાં આવી છે ?

(A) 1949 (B) 1964

(C) 1976 (D) 1999

(5) Industrial Bank of India નું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?

(A) મુંબઈ (B) અમદાવાદ

(C) દિલ્હી (D) બેંગ્લોર

(6) ઔદ્યોગિક ક્ષેત્રે ધિરાણ પૂરું પાડતી નાણાંકીય સંસ્થાઓનું સંકલન નિયમન અને સુપરવિઝન કઈ સંસ્થા કરે છે ?

(A) Nabard (B) RBI

(C) Exim Bank (D) IDBI

(7) આઝાદી પછી ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે સૌ પ્રથમ નાણાંકીય સહાય પૂરી પાડતી સંસ્થા કઈ છે ?

(A) UTI (B) ICICI

(C) IFCI (D) RBI

(8) ભારતમાં ICICI (Industrial Credit and Investment Corporation of India)ની સ્થાપના કોણે કરી ?

(A) જાહેરક્ષેત્ર

(B) ખાનગીક્ષેત્ર

(C) સહકારક્ષેત્ર

(D) જાહેર અને ખાનગી બન્ને

(9) IFCનું પૂર્ણ રૂપ આપો.

(A) Industrial Finance Commission

(B) Indian Finance Commission

(C) Industrial Fund Corporation

(D) Indian Fund Corporation

(10) નીચે પૈકી કઈ ઉદ્યોગલક્ષી બેન્કો રાજ્ય સ્તરે કામગીરી બજાવે છે ?

(A) SIDC (B) IDBI

(C) IFCI (D) SIDBI

(11) ઈન્ડસ્ટ્રીઝ ફાયનાન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (IFCI) ઉદ્યોગોને ક્યા પ્રકારનું ધિરાણ પૂરું પાડે છે ?

(A) ટૂંકાગાળાનું

(B) ટૂંકા અને મધ્યમ ગાળાનું

(C) મધ્યમ અને લાંબાગાળાનું

(D) મધ્યમ ગાળાનું

❖ **સંદર્ભ સૂચિ :**

1. ડૉ. મુરલીધરન : (2009) ''આધુનિક બેન્કિંગ સિદ્ધાંત અને વ્યવહાર'' પી.એચ. આઈ કારનીંગ પ્રાઈવેટ લિમિટેડ.

2. ''ભારતમાં શહેરી સરકારી બેંકોનો સંક્ષિપ્ત ઈતિહાસ'' :- ભારતીય રિઝર્વ બેન્ક ત્રણ માર્ચ 2015.

3. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા : આર.બી.આઈ. બુલેટિન - માર્ચ 2024.

4. સંતોષકુમાર દાસ (1980) : ''પ્રાચીન ભારતનો આર્થિક ઈતિહાસ'' - કોસમો પબ્લિકેશન્સ.

5. વર્ષ 2023-24ના વાર્ષિક અહેવાલો.

- ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક
- ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમ
- ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ નિગમ
- ભારતીય નાના ઉદ્યોગોની વિકાસ બેંક
- રાજ્ય નાણાં નિગમ
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

❖ **હેતુલક્ષી પ્રશ્નોના જવાબ :**

(1) (B) 1 જુલાઈ 1964

(2) (A) S.I.D.B.I

(3) (A) ભારતની ઔદ્યોગિક વિકાસ બેન્ક

(4) (C) 1976

(5) (A) મુંબઈ

(6) (D) IDBI

(7) (C) IFCI

(8) (B) ખાનગીક્ષેત્ર

(9) (A) Industrial Finance Commission

(10) (A) SIDC

(11) (C) મધ્યમ અને લાંબાગાળાનું

**************

# એકમઃ 12
# ઔદ્યોગિક ન્યાય વ્યવસ્થા

## ❖ રૂપરેખા :

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 ઔદ્યોગિક ક્ષેત્ર માટે ન્યાયતંત્રનું મહત્ત્વ (ભૂમિકા)

12.3 ઔદ્યોગિક ક્ષેત્ર માટે જુદા જુદા કાયદાઓનો પરિચય

12.4 ભારતની ઔદ્યોગિક ન્યાય વ્યવસ્થાનું મૂલ્યાંકન

12.5 સારાંશ

12.6 ચાવીરૂપ શબ્દો

12.7 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભ સૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 12.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ અર્થતંત્રમાં ઉદ્યોગોના વિકાસ માટે ન્યાયતંત્રનું મહત્ત્વ ચર્ચી શકશો.
- ➢ ભારતમાં ઉદ્યોગો માટે પ્રવર્તમાન જુદા જુદા કાયદાઓનો પરિચય આપી શકશો.
- ➢ ભારતની ઔદ્યોગિક ન્યાય વ્યવસ્થાનું મૂલ્યાંકન કરી શકશો.

## 12.1 પ્રસ્તાવના :

ઉદ્યોગો કે ઔદ્યોગિક એકમની સ્થાપના, કામગીરી તથા સંચાલનને લગતા કાયદા અને નિયમોનો સમૂહ ઔદ્યોગિક ન્યાય વ્યવસ્થા કહેવાય છે. ઉદ્યોગો સાથે જોડાયેલા ઉત્પાદકો, વિક્રેતાઓ, શ્રમિકો, ઊપભોક્તાઓ તથા તેઓની પરસ્પરની ફરજો અને અધિકારો વિશેનું નીતિનિયમોનું માળખું ઔદ્યોગિક ન્યાયતંત્રનું ઘટક છે. તે ઉપરાંત સ્થાનિક તથા વૈશ્વિક પર્યાવરણીય સમસ્યાઓ, રાષ્ટ્રહિત, સ્થાનિક પ્રજા પ્રત્યેની જવાબદારી, સામૂહિક આરોગ્ય અને નૈતિકતા જેવાં પાસાઓવાળો વિસ્તૃત વિષય ઔદ્યોગિક ન્યાયતંત્રનો છે. આ એકમમાં આપણે ઔદ્યોગિક કાયદાઓનાં મહત્ત્વ (ભૂમિકા) વિશે ચર્ચા કરીશું તથા જુદા જુદા ઔદ્યોગિક કાયદાઓનો પરિચય મેળવીશું. અહીં એ વાત ખાસ નોંધવી જોઈએ કે સમય અને જરૂરિયાત મુજબ કાયદાઓમાં પણ પરિવર્તન થતું હોય છે. ઉપરાંત કેટલાક કાયદા બધા જ ઉદ્યોગોને સર્વસામાન્ય રીતે લાગુ પડતા હોય છે. તો કેટલાક અમુક વિશેષ ઉદ્યોગને જ લાગુ પડતા હોય છે. હવે, આપણે આ કાનૂની માળખાનું મહત્ત્વ જોઈએ.

## 12.2 ઔદ્યોગિક ન્યાયતંત્રનું મહત્ત્વ (ભૂમિકા) :

(i) કામદારોના હક્કોનું રક્ષણ કરવું : ઔદ્યોગિક કાયદા કામદારો (શ્રમિકો)ના હક્કોનું રક્ષણ કરે છે. જેમાં વેતન, કામના કલાકો અને કામની સ્થિતિ, કામનાં સ્થળે સુરક્ષા, ધર્મ, નીતિ વગેરેના આધાર ઉપર બિન-ભેદભાવપૂર્ણ વાતાવરણ અને વ્યવહાર, રજાઓના નિયમો, સામાજિક સુરક્ષા, વિવાહના સમયે પરસ્પર ચર્ચાથી સમસ્યા/વિવાદનો ઉકેલ વગેરે જેવા કાયદાઓ શ્રમિકોનું રક્ષણ કરે છે. તેનાથી રોજગારની સ્થિતિમાં સુધારો, શ્રમિકોનાં શોષણ સામે રક્ષણ બાળમજૂરી સામે રક્ષણ તથા સમાનતાભર્યા વાતાવરણનું સર્જન થાય છે.

(ii) ઔદ્યોગિક સબંધોમાં સુધારો : શ્રમિક (મજૂર) સંગઠનો અને બીજી બાજુ ઉત્પાદકોનાં સંગઠનોનાં હિત પરસ્પર સંઘર્ષમાં આવે છે. આવા સમયે કામદારો દ્વારા સ્પષ્ટ માર્ગદર્શન મળી રહેતાં શ્રમિકો અને ઉત્પાદકો વચ્ચે સબંધોમાં સુધારો થાય છે.

(iii) આર્થિક વિકાસમાં યોગદાન : સ્થિર અને ન્યાયી ઔદ્યોગિક સબંધોથી કામનાં સ્થળનું વાતાવરણ સ્વસ્થ રહે છે. તેનાથી ઉત્પાદકતામાં વધારો થાય છે.

ઉત્પાદકતા અને ઉત્પાદનમાં વધારો થવાથી રાષ્ટ્રના આર્થિક વિકાસને પ્રોત્સાહન મળે છે.

(iv) ઉપભોક્તાઓનું રક્ષણ : કાનૂની માળખું ઉત્પાદનની ગુણવત્તા, પ્રમાણ, પેકિંગ, પરિવહન વગેરે સબંધે ગ્રાહકોને માટે સુરક્ષા પૂરી પાડે છે. ઉત્પાદન કરવામાં આવતી વસ્તુઓ અને સેવાઓની ગુણવત્તા જળવાય તથા ઉપભોક્તાઓને યોગ્ય વસ્તુ અને સેવા મળે તે માટે નિયમો અને કાયદાઓની રચના કરવામાં આવી છે. તેનાથી ઉત્પાદકો ઉત્પાદન પ્રક્રિયામાં નૈતિકતા જાળવે છે. વસ્તુમાં ભેળસેળ, ઉતરતી ગુણવત્તા, પુરવઠામાં અનિયમિતતા, માહિતીથી જુદી વસ્તુ આપવી વગેરે સામે ઉપભોક્તાઓને રક્ષણ મળે છે.

(v) ઉત્પાદકોને રક્ષણ : કાયદાનું તંત્ર માત્ર કામદારો કે ઉપભોક્તાઓને જ નહીં પરંતુ ઉત્પાદકોને પણ રક્ષણ આપે છે. બે ઔદ્યોગિક એકમો વચ્ચેનો સંઘર્ષ, આંતરરાષ્ટ્રીય વેપાર કે બે સ્થાનિક રાજ્યો વચ્ચેનો વેપાર, કાચા માલના સપ્લાયર્સ, બેંકિંગ અને ફાયનાન્સ સેવા પૂરી પાડનારા, સંપત્તિ, ફેક્ટરીનું મકાન વગેરેની માલિકી સબંધી તથા અન્ય બાબતોએ ઉદ્યોગના માલિકો એટલે કે ઉત્પાદકોને પણ રક્ષણ પૂરું પાડે છે.

(vi) રાષ્ટ્રહિત : કેટલીક વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ રાષ્ટ્રહિતનાં વિરૂદ્ધમાં હોય તો તેવી બાબતોએ ઉદ્યોગોએ કાયદાનું પાલન કરવું પડે છે. શસ્ત્રો, નશીલા પદાર્થો, કાળાબજાર, દાણચોરી, કરચોરી, સ્વાસ્થ્યને નુકસાનકારક વસ્તુનું ઉત્પાદન વગેરે રાષ્ટ્રહિતથી વિરૂદ્ધ હોય તો ઉદ્યોગ સમક્ષ કાનૂની પગલાં લઈ શકાય છે.

(vii) જાહેર સંપત્તિ અને કુદરતી સંપત્તિની સુરક્ષા તથા પર્યાવરણીય સમતુલા માટે : નફાના હેતુથી ઉત્પાદન કરતા ઉદ્યોગો પર્યાવરણીય સમતુલાને અવગણે છે. તેનાથી પ્રદૂષણ તેમજ બીજા જોખમો ઉત્પન્ન થાય છે. કાનૂની માળખું આ બાબતોને કાયદામાં વણી લઈને ઉદ્યોગોએ પાલન કરવા નિયમોનું માળખું ઘડે છે અને તેનું પાલન કરાવે છે. જેમાં ઘનકચરાનો નિકાલ, રસાયણના ઉદ્યોગો માટેના નિયમો વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

(viii) આંતરરાષ્ટ્રીય વેપાર માટેના કાયદા : જો કોઈ ઉદ્યોગ આંતરરાષ્ટ્રીય વેપાર સાથે જોડાયેલ હોય તો દેશનાં અર્થતંત્ર તથા હિતને ધ્યાનમાં રાખીને કાયદા ઘડવામાં આવેલા હોય છે.

જો દેશનાં અર્થતંત્ર તથા જાહેર હિતની વિરૂદ્ધ હોય તો તેવી આયાત કે નિકાસ ઉપર પ્રતિબંધ લગાવવાના કાયદા પણ બની શકે છે.

આમ, કંપની કાયદાના કાર્યક્ષેત્ર વિશાળ છે. શેર હોલ્ડર્સ ઉપભોક્તા, ઉત્પાદકો, શ્રમિકો તથા રાષ્ટ્ર અને પર્યાવરણનું હિત ધ્યાનમાં રાખીને કાયદાઓનું નિર્માણ કરવામાં આવે છે. ભારત ઉપરાંત, યુ.કે. દક્ષિણ આફ્રિકા, યુ.એસ. વગેરે દેશોમાં પણ ઉદ્યોગો સંદર્ભે ધારાધોરણો, નિયમો તથા કામદારો ઘડવામાં આવે છે.

(ix) કાયદાઓનું અસ્તિત્ત્વ અને તે બાબતની જાણકારી ઉત્પાદકો, રોકાણકારો, (શેર હોલ્ડરો) ઉપભોક્તાઓ વચ્ચેના વિવાદો અને સંઘર્ષને ટાળે છે.

(x) બૌદ્ધિક સંપત્તિ તથા સંશોધનોને લગતા હક્કોનું રક્ષણ કરે છે.

## 12.3 ઔદ્યોગિક ક્ષેત્ર માટેના જુદા જુદા કાયદાઓનો પરિચય :

પારદર્શક, માર્ગદર્શક, સ્પષ્ટ અને લોકોમાં વિશ્વાસ ઉત્પન્ન કરે તેવા કાયદાઓનું હોવું જરૂરી છે. તે સાથે બદલાતા સમય સાથે કાયદામાં ફેરફાર કરી શકાય તે પણ એટલું જ જરૂરી છે.

સામાન્ય રીતે ઔદ્યોગિક કાયદાઓમાં શ્રમિક કાયદાઓની ચર્ચા વધારે થતી હોય છે જો કે તે ઉપરાંત પણ ઘણા વિષયો અને મુદ્દાઓને આવરી લેતા કાયદાઓનું ઘડતર થયેલું છે. જેમાં, પર્યાવરણ સુરક્ષા અંગેના કાયદા, ઔદ્યોગિક નીતિ, કોઈ ખાસ ઉદ્યોગો માટેના કાયદા જેમ કે દવાઓ અને રસાયણ સાથે સંકળાયેલા ઉદ્યોગોને લગતા કાયદા, ઈન્ફોર્મેશન ટેકનોલૉજી વગેરે હવે આપણે એકપછી એક ક્ષેત્ર સબંધી ઉદ્યોગો માટેના કાયદાઓનો પરિચય મેળવીએ.

### 12.3.1 શ્રમિકોના હક્કો અને સુવિધાઓનું રક્ષણ :

ઔદ્યોગિક કાયદાઓનો હેતુ કામદારો વચ્ચે ન્યાયી અને સમાનતાભર્યું વાતાવરણ ઊભું કરવાનો રહે છે. સમાનકામ માટે સમાન વેતન, કામના કલાકો, કાર્યસ્થળ ઉપરની સલામતી વગેરેનો અહીં સમાવેશ થાય છે. શ્રમિકોનું શોષણ વધુ કામ અને ઓછું વેતન, જાતિ કે ધર્મ, વય, શારીરિક સક્ષમતાના આધારે થતું ગેરવર્તન વગેરે સામે રક્ષણ મળે છે.

### 12.3.2 સ્થિરતા સાથે આર્થિક વિકાસને વેગ આપતું ઔદ્યોગિક વાતાવરણ સર્જવું. :

ઔદ્યોગિક કાયદા ઔદ્યોગિક સબંધો જાળવવા માટેનું તંત્ર પણ સંચાલિત કરે છે. બે ઔદ્યોગિક એકમો, સરકાર અને ઉદ્યોગ એકમ, શ્રમિકો અને ઉદ્યોગ એકમ, સપ્લાયર્સ, રીટેઈલર્સ અને વિક્રેતા કે ગ્રાહકો સાથેના વિવાદોમાં કાયદાકીય માળખું માર્ગદર્શક બને છે. તેનાથી સામાજિક ન્યાય, ઉદ્યોગોની સમાજ પ્રત્યેની ફરજો, શ્રમિકોની અને ઉદ્યોગોના સામૂહિક નિર્ણયો, અર્થતંત્રની જરૂરિયાતો વગેરેને ધ્યાને લઈને શાંતિપૂર્ણ રીતે ઉત્પાદન પ્રક્રિયાની ખાતરી મળે છે.

### 12.3.3 પર્યાવરણ સબંધી કાયદા :

ઔદ્યોગિક ઉત્પાદન પ્રવૃત્તિ કુદરતી સંસાધનોના ઉપયોગથી થાય છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી ઝડપી ઉત્પાદન અને બદલેલી ઉત્પાદન પદ્ધતિને કારણે

ઉત્પાદન ઝડપથી થવા લાગ્યું. પરિણામે પર્યાવરણીય સંસાધનોનું શોષણ થવા લાગ્યું. જે પર્યાવરણીય અસમતુલા ઊભી કરે છે. પર્યાવરણીય સંસાધનો કોઈ એક ઉદ્યોગ એકમની નહીં પણ જાહેર માલિકીની વસ્તુ હોવાથી પ્રદૂષણ ન થાય તે બાબતનું ધ્યાન રાખવાની જવાબદારી ઉદ્યોગોની પણ છે. ઉત્ખનન, પાણીનો વપરાશ, ઉદ્યોગમાં વપરાયેલાં પાણીનો નિકાલ, e-વેસ્ટનો નિકાલ, જોખમી રસાયણોનો નિકાલ, ઉપરાંત ધ્વનિ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ વગેરે સબંધી કાયદા અમલમાં છે.

તો બીજી બાજુ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ થાય તે સમયે પ્રદૂષણ ટાળી શકાતું નથી. આવા સમયે કોઈ સ્થાપિત ઉદ્યોગ એકમ વધુમાં વધુ કેટલું પ્રદૂષણ કરી શકે તે માટેના પણ કાયદાઓ બનાવવામાં આવેલા છે. મર્યાદાથી વધુ પ્રદૂષણ ફેલાવતાં ઔદ્યોગિક એકમો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

જે ઔદ્યોગિક એકમો ઊર્જાની બચત, પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ, સાધનોની બચત, પર્યાવરણ સુરક્ષા જેવાં પગલાં લેતી હોય તેને પ્રોત્સાહન પણ આપવામાં આવતું હોય છે.

### 12.3.4 કરવેરા અંગેના કાયદા :

ઔદ્યોગિક એકમો જે આર્થિક પ્રવૃત્તિ કરે છે તેના ઉપર જુદા જુદા કરવેરા લેવામાં આવે છે. તેનાથી કંપની કરવેરાથી ઔદ્યોગિક વિકાસની તરફેણમાં જ ઘણી પ્રવૃત્તિઓ થઈ શકે છે. જેવી કે આંતરમાળખાકીય સગવડોનો વિકાસ, દેશની સરહદોની સુરક્ષા, દેશમાં આંતરિક શાંતિ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, વહીવટી ખર્ચનો નિભાવ વગેરે. આ માટેના સ્પષ્ટ કાયદાઓ બનાવવામાં આવેલા હોય છે.

તે ઉપરાંત આંતરરાષ્ટ્રીય વેપાર સાથે જોડાયેલા એકમો માટે આયાત-નિકાસ સબંધી કેટલાક કાયદાઓ પણ હોય છે. રાષ્ટ્રહિત, આર્થિક વિકાસનો તબક્કો વગેરેને ધ્યાને લેતાં આવા કાયદાઓનું નિર્માણ કરવામાં આવે છે. આયાત કે નિકાસનું પ્રમાણ, ગુણવત્તા, કિંમતો જેવાં પાસાંઓ આ કાયદામાં હોય છે.

### 12.3.5 ઔદ્યોગિક નીતિ અને નિયમન :

ઉદ્યોગો સબંધી કેટલાક કાયદા પ્રશાસન કે સરકારને મટે પણ હોય છે. જેમાં ઉદ્યોગોને આપવાની સુવિધાઓ, ક્યાં ઉદ્યોગોને કેટલી નાણાંકીય કે બિનનાણાંકીય સહાય આપવી. કઈ જગ્યાએ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવું, કઈ વસ્તુનાં ઉત્પાદનને વધારવા કે ઘટાડવાના નિયમો ઘડવા, વગેરે જેવાં પાસાંઓ આ કાયદામાં હોય છે.

### 12.3.6 વિશિષ્ટ ઉદ્યોગો માટેના કાયદા :

અમુક ઉદ્યોગો એવા હોય છે કે તેની કાર્યપરિસ્થિતિ, મહત્ત્વ, અસરો વગેરે સર્વસામાન્યને લાગુ પડે તેવાં નથી હોતાં. દા.ત. દવાઓ અને રસાયણોનું ઉત્પાદન કરતા ઉદ્યોગો, માહિતી તકનીકી (Information Technology),

બેંકિંગ, સંદેશાવ્યવહાર, ખાદ્યાન્ન અને કૃષિ વિષયક ઉદ્યોગો, ટકાઉ ઈલેક્ટ્રોનિક વસ્તુનું ઉત્પાદન કરતા ઉદ્યોગો વગેરે.

ઉપરોક્ત યાદીમાં આપણે કેટલાક કાયદાઓનાં ક્ષેત્ર વિશે જાણ્યું. અર્થતંત્ર અને સમય બન્ને ગતિમાન છે. તેથી સમયની જરૂરિયાત મુજબ કાયદાઓમાં પણ પરિવર્તન આવે છે. દા.ત., સાયબર ક્રાઈમ, નાણાંકીય છેતરપિંડી વગેરે. આમ, કાનૂની માળખું વિકાસને પ્રોત્સાહન અને સંરક્ષણ આપે છે. અને વિકાસના રસ્તામાં આવતી અડચણોને દૂર કરે છે.

અહીં આપણે આ પ્રકારના કેટલાક કાયદાઓની નોંધ કરીએ.

(a) Industrial Development Regulation ACT (IDR) : ઔદ્યોગિક વિકાસ અને નિયંત્રણ ધારો 1951માં અસ્તિત્વમાં આવ્યો હતો. ઔદ્યોગિક પ્રવૃત્તિ માટેનો પરવાનો, રોકાણની મર્યાદાને આધારે લઘુ એકમ તરીકેની વ્યાખ્યા, ઉદ્યોગ એકમમાં શ્રમિકોની સંખ્યા અને રોકાણ ખર્ચ વગેરે આ કાયદા હેઠળ આવરી લેવામાં આવતાં હતા.

(b) ચૂકવણાંમાં મોડું થવા બાબતનો કાયદો (Delayed Payment Act) (1993) : પ્રસ્તુત કાયદો લઘુ એકમોને મળવાના થતાં ચૂકવણાં બાબતે સુરક્ષા પૂરી પાડે છે અને લઘુ એકમોને પેનલ્ટી વ્યાજ વસૂલવા માટે પણ જોગવાઈ કરી આપે છે.

(c) ફેક્ટરી એક્ટ : આ કાયદો કામમાં સ્થળે જોખમ સામે પૂરતાં રક્ષણ બાબતનો છે. શ્રમિકોને સુરક્ષા અને કલ્યાણની યોજનાઓને આ કાયદાથી પ્રોત્સાહન મળે છે.

(d) લઘુત્તમ વેતન ધારો : જ્યાં શ્રમ સંગઠનો અસ્તિત્વમાં ન હોય કે નબળાં હોય ત્યાં આ કાયદો ઉપયોગી બને છે. તે તાલીમી, બિનતાલીમી એમ બધા જ પ્રકારનાં શ્રમિકો માટે આ લાગુ પડે છે.

(e) ઔદ્યોગિક સ્થાપના અંગેનો કાયદો : શ્રમિકોની ભરતી, શિસ્તભંગના પગલાં, મળવાપાત્ર રજાઓ શ્રમિકોને કામ ઉપરથી છૂટા કરવા વગેરે જેવી બાબતોને લાગુ પડે છે. જ્યાં 50 થી વધુ શ્રમિકો હોય ત્યાં આ કાનૂન મુજબ પાલન કરવાનું રહે છે. આસામ રાજ્યની બાબતમાં.

(f) વેતન ચૂકવણાંનો કાયદો : શ્રમિકો, કર્મચારીઓને કોઈપણ શોષણ વિના યોગ્ય સમયે અને નિયમિત રીતે વેતન મળે તે વાતનું રક્ષણ કરતો આ કાયદો છે. આ પ્રકારે વેતનમાં બધાંજ પ્રકારનાં વળતર, બોનસ, શ્રમિકોને છૂટા કરતી વખતે કરવાનું થતું ચૂકવણું વગેરેનો સમાવેશ થાય છે.

(g) સ્ત્રી કર્મચારીની રોજગારી અંગનો કાયદો (1970) : આ કાયદા મુજબ નર્સ અને મિડવાઈફ સ્ત્રી કર્મચારીને સવારે 6 વાગ્યાથી પહેલાં અને સિવાય કોઈપણ સાંજે 7 વાગ્યા પછી કામ ઉપર ફરજિયાત રોકી શકાય નહીં.

(h) આંતરરાજ્ય સ્થળાંતરિત શ્રમિકો અંગેનો કાયદો (1979) સ્ત્રી તથા પુરૂષ કર્મચારીઓને અલગ શૌચાલય તથા પ્રસાધન વિભાગ પૂરા પાડવાં જરૂરી છે.

(i) સગર્ભાવસ્થા અંગેનો કાયદો : જો સ્ત્રી કર્મચારીને કાર્ય પર 80 દિવસ થઈ ગયા હોય તો તેને સગર્ભાવસ્થા સમયે માતૃત્વ ધારણ કરવા માટે રજા તેમજ અન્ય નોંધેલ લાભો મળવા અંગનો કાયદો છે.

(j) સમાન વળતર અંગેનો કાયદો (1976) : સ્ત્રી પુરુષને સમાન કામ અંગે સમાન વળતર અંગેનો કાયદો છે. જે આંતરરાજ્ય સ્થળાંતરિત કર્મચારીઓને પણ લાગુ પડે છે.

(k) સામાજિક જવાબદારી અંગેનો કાયદો (Corporate Social Responsibility (CSR) ACT 2013) : 2013નો કંપની કાયદો નફો કરતી કંપનીઓને તેમનાં પાછલાં હિસાબી વર્ષના ઓછામાં ઓછા 2% સામાજિક જવાબદારીઓ પાછળ ખર્ચ કરવાનું જણાવે છે. આ પ્રકારનો ભારતનો કાયદો વિશ્વમાં સૌપ્રથમ વખત લાગુ પાડવામાં આવ્યો છે. સમાજમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, પર્યાવરણ સંરક્ષણ જેવી પ્રવૃત્તિઓથી સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવવાના સંદર્ભે.

(l) પર્યાવરણ અંગનો કાયદો : હવા અને જળપ્રદૂ,ણ નિયંત્રણ કાયદો (1981) : આ કાયદો ઔદ્યોગિક પ્રવૃત્તિઓથી થતાં હવા અને જળપ્રદૂષણ નિયંત્રણમાં રાખવાની ઔદ્યોગિક એકમોને ફરજ પાડે છે.

(m) કચરાનું વ્યવસ્થાપન : 2016નો કચરાનાં વ્યવસ્થાપન અંગેનો કાયદો ઘન અને પ્રવાહી કચરાનો યોગ્ય નિકાલ કરવાની ફરજ પાડે છે.

(n) ધ્વનિ પ્રદૂષણ (નિયંત્રણ) કચરો (2000) ધ્વનિ પ્રદૂષણ કરતાં એકમો સામેનો છે.

(o) પર્યાવરણ સુરક્ષાનો કાયદો (1986) આ કાયદાથી સરકારને પર્યાવરણ સુરક્ષા માટેનું માળખું અને માર્ગદર્શન પૂરું પાડે છે, ઉપરાંત તેના ઉપાયો કરવા માટેની પણ સ્વતંત્રતા આપે છે.

(p) ઉપભોક્તા સુરક્ષા કાયદો (2019) : અન્યાયી વ્યાપારિક પ્રવૃત્તિઓ સામે આ કાયદો રક્ષણ આપે છે. આ કાયદાથી ગ્રાહકોને ઉત્પાદન અંગેની માહિતી, પસંદગી, વળતર ઉત્પાદન સબંધી સુરક્ષા, સ્વાસ્થ્ય માટે જોખમ વગેરે બાબતે રક્ષણ મળે છે.

જોકે આ સાથે ઉપભોક્તા (ગ્રાહકો) પણ તે ઉત્પાદન યોગ્ય રીતે ઉપયોગમાં લેવું, યોગ્ય રકમ કિંમત ચૂકવી, ફરિયાદ નોંધાવવી તથા અન્ય પ્રત્યે આદરપૂર્ણ વ્યવહાર કરવો જેવી ફરજો ગ્રાહકો માટે આવે છે.

(q) ઉદ્યોગ-વિશેષ કાયદા :

Q :1 ઉત્ખનન : Mine Act 1952 થી ઉત્ખનન પ્રવૃત્તિમાં રહેલી પેઢીઓ ઉપર નિયંત્રણો મૂકે છે, જેમાં સુરક્ષા, સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમિકોનું કલ્યાણ વગેરે જેવા મુદ્દાઓ છે.

Q :2 IT ક્ષેત્ર (Information Technology Sector) : IT Act 2000 સાયબર ક્રાઈમ, ઈલેક્ટ્રોનિક વસ્તુઓનું ઉત્પાદન, વેચાણ, ડેટા (Data/માહિતી)ની સુરક્ષા, છેતરપિંડી કરવા વગેરે બાબતે પેઢીઓ તેમજ ઉપભોક્તાઓને સુરક્ષા પૂરી પાડે છે.

Q :3 ખાદ્ય પદાર્થોના ઉદ્યોગો : ખાદ્ય પદાર્થોની સુરક્ષા, સ્વચ્છ અને ભેળસેળ વિનાનું ઉત્પાદન, પૂર્વ નિર્ધારિત ધોરણો સાથેનો પુરવઠો ગુણવત્તા જળવાય તે માટે માર્ગદર્શન અને નિયંત્રણ પૂરું પાડે છે.

Q :4 ફાર્માસ્યુટીકલ ઉદ્યોગ : Drugs and Cosmetics Act, 1940 દવાઓ અને રસાયણોના ઉદ્યોગમાં ઉત્પાદન, વિતરણ અને વેચાણ જેવાં પાસાઓને નિયંત્રિત કરે છે.

(r) અન્ય કાયદાઓ :

- ➢ સ્પર્ધા અંગેનો કાયદો (2002) (The Competition Act) આ કાયદો આર્થિક વ્યાપારિક ક્ષેત્રે સ્પર્ધા વિરોધી પ્રવૃત્તિઓને રોકે છે. ન્યાયી અને પારદર્શિક સ્પર્ધાયુક્ત વાતાવરણ બજારમાં ઊભું થાય તેવો હેતુ છે.
- ➢ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ (GST Act (2017) આ કાયદાથી GST અસ્તિત્વમાં આવેલો છે.

## 12.4 ભારતની ઔદ્યોગિક ન્યાય વ્યવસ્થાનું મૂલ્યાંકન :

વિદ્યાર્થી મિત્રો, આપણે મુદ્દા નંબર 12.3 માં ઔદ્યોગિક ક્ષેત્રને લગતા કેટલાક કાયદાઓનો પરિચય મેળવ્યો. અહીં બધા જ કાયદાઓ આપેલા નથી. તે એક વિશાળ વિષય બને છે. અહીં માત્ર તેનો પ્રાથમિક પરિચય જ આપી શકાય તેમ છે.

આપણે જોયું કે ભારતમાં બંધારણની રચના થઈ છે. તાજેતરમાં જ ભારતીય ન્યાય સંહિતા પણ જુલાઈ 2024થી અપનાવવામાં આવી છે. સંસદ દ્વારા કાયદાઓનું ઘડતર કરવામાં આવે છે. ભારતના કાયદાતંત્રમાં ઉદ્યોગોનાં તમામ પાસાંઓ જેવાં કે ઉત્પાદન, વેચાણ, ખરીદી, ઉત્પાદકો, શ્રમિકો, ઉપભોક્તા વગેરેનો આવરી લેવાયાં છે. વળી તમામ સહભાગી ઘટકોને લગતી તમામ પ્રક્રિયા, પર્યાવરણ, સામાજિક જવાબદારી, રાષ્ટ્રહિત, ઉપભોક્તા, શ્રમિકોને સુરક્ષા મહિલા કર્મચારીઓ વગેરે સબંધી કાયદાઓનું નિયંત્રણ કરવામાં આવ્યું છે.

આપણે જોઈ શકીએ છીએ કે કાયદાઓમાં ફેરફાર પણ થયેલા છે. આધુનિક પરિસ્થિતિ અનુસાર સાયબર ક્રાઈમ, ઈન્ફોર્મેશન ટેકનોલૉજી ઈન્ડસ્ટ્રી વગેરેને લગતા કાયદાઓ પણ છે. સ્ત્રીઓને માતૃત્ત્વ સમયની રજા, સમાનકામ માટે સમાન વળતર વગેરે કાયદાઓથી શ્રમિકો, ઉપભોક્તા વગેરેને રક્ષણ મળે છે. તે ઉપરાંત અર્થતંત્રમાં સ્પર્ધા અને પારદર્શકતાનું વાતાવરણ રહે તે માટે પણ કાયદાકીય જોગવાઈ છે.

## 12.5 સારાંશ :

વિદ્યાર્થી મિત્રો, આપણે મુદ્દા નંબર 12.3 માં ઔદ્યોગિક ક્ષેત્રને લગતા કેટલાક કાયદાઓનો પરિચય મેળવ્યો. અહીં બધા જ કાયદાઓ આપેલા નથી. તે એક વિશાળ વિષય બને છે. અહીં

- ➢ ઔદ્યોગિક પ્રવૃત્તિ અડચણો વિના ચલાવી શકાય તે માટે ન્યાયતંત્રમાં જુદા જુદા કાયદાઓનું નિર્માણ કરીને જોગવાઈ કરવામાં આવી છે.
- ➢ ઉત્પાદક, શ્રમિક, ઉપભોક્તા વગેરેની સાથે રાષ્ટ્રહિત, પર્યાવરણ સુરક્ષા, આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિતિ, વગેરેને ધ્યાનમાં રાખીને કાયદાઓ ઘડવામાં આવે છે.

- ઔદ્યોગિક ક્ષેત્ર માટે ઔદ્યોગિક એકમની સ્થાપના, તેનું સંચાલન, શ્રમિકોની નિમણૂંક, વેતન અને અન્ય ભથ્થાં, સ્ત્રી કામદારો માટેના કાયદા, સાયબર સિક્યુરીટી, ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ જેવા કાયદાઓથી ન્યાયતંત્ર બને છે.
- 2024થી અપનાવવામાં આવેલ ભારતીય ન્યાયસંહિતામાં જૂની કાયદા વ્યવસ્થામાં અનેક ફેરફારો કરીને સુધારો કરવામાં આવ્યો છે.

## 12.6 ચાવીરૂપ શબ્દો :

- ઔદ્યોગિક સબંધો : રોજગાર આપનારા અને રોજગાર મેળવનારા (શ્રમિકો) વચ્ચેના કોઈપણ સબંધોને ઔદ્યોગિક સબંધો કહેવાય છે. તેમાં વેતન ભથ્થાંઓ, કામના કલાકો, કાર્યસ્થળની સ્થિતિ, શ્રમિકોની ફરજો વગેરેનો સમાવેશ થાય છે.
- દાણચોરી : દાણનો અર્થ થાય છે જકાત અથવા કરવેરો. કર ચૂકવ્યા વિના થતી આર્થિક પ્રવૃત્તિને દાણચોરી કહેવાય છે. આયાત, નિકાસ, ઉત્પાદન/ વેચાણ છૂપાવવું વગેરે ક્રિયાઓ સંદર્ભે દાણચોરી થઈ શકે છે. તેને મુખ્યત્વે આયાત-નિકાસ સાથે સબંધિત માનવામાં આવે છે.
- આંતરમાળખાકીય સગવડો : સારા રસ્તાઓ, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, પાણી ઊર્જા, શિક્ષિત અને તાલીમબદ્ધ, સ્વસ્થ શ્રમિકો વગેરે ઔદ્યોગિક વિકાસનો આધાર છે. આ સુવિધાઓ વિના ઔદ્યોગિક વિકાસ થઈ શકતો નથી. આ સગવડોને આંતર માળખાકીય સગવડો કહેવાય છે.
- ઉદ્યોગોને બિન-નાણાંકીય સહાય : જે સહાયમાં સીધો નાણાંકીય વ્યવહાર થતો ન હોય તે પ્રકારની સહાયને બિન-નાણાંકીય સહાય કહેવાય છે. જેમ કે, ઔદ્યોગિક એકમ (કે સમગ્ર ઉદ્યોગ)ને સંસાધનો પૂરાં પાડવાં, બજાર, ઉત્પાદન, કાચા માલ, ટેકનોલૉજી વગેરે બાબતે માર્ગદર્શન આપવું. પ્રદર્શન અને મેળાઓનું આયોજન કરીને સહાય કરવી. કર્મચારીઓને તાલીમ આપવી, આંતરરાષ્ટ્રીય સ્તરે સંપર્ક કરાવી આપવો વગેરે.

## 12.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચે આપેલા પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

(i) ઔદ્યોગિક વિકાસ માટે ન્યાયવ્યવસ્થાનું મહત્ત્વ સમજાવો અને ઉદ્યોગો માટે પ્રવર્તમાન કાયદાઓનો પરિચય આપો.

(ii) ભારતમાં ઉદ્યોગો માટેના કાયદાઓનો પરિચય આપો તથા તેનું મૂલ્યાંકન કરો.

(ખ) નીચે આપેલા વિષયો ઉપર ટૂંકનોંધ લખો.

(i) ઔદ્યોગિક વિકાસ માટે ન્યાયતંત્રનું મહત્ત્વ

(ii) ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટેના કાયદા

(ગ) નીચે આપેલા પ્રશ્નો માટે સાચા વિકલ્પની પસંદગી કરો.

(1) નીચેનામાંથી ક્યું વિધાન ઔદ્યોગિક કાનૂની વ્યવસ્થાનું મહત્ત્વ દર્શાવે છે ?

(A) ઉપભોક્તાઓનું રક્ષણ કરે છે.

(B) ઔદ્યોગિક સબંધો બાબતે માર્ગદર્શન પૂરું પાડે છે.

(C) શેર હોલ્ડરો તથા ઉત્પાદકતાઓનાં હિતોનું રક્ષણ કરે છે.

(D) ઉપરનાં બધાં જ

(2) નીચેનામાંથી ક્યું વિધાન ઔદ્યોગિક ન્યાયવ્યવસ્થા સબંધે ખોટું છે ?

(A) રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખે છે.

(B) આર્થિક પ્રવૃત્તિઓની પારદર્શકતા અને સ્પર્ધાનું વાતાવરણ જાળવવામાં માર્ગદર્શક બને છે.

(C) હંમેશાં ઉપભોક્તા તરફેણ કરે છે.

(D) સરકારને નીતિનિર્માણમાં સહાયક અને માર્ગદર્શક બને છે.

(3) ઔદ્યોગિક કાયદા વ્યવસ્થામાં ક્યાં લક્ષણો હોવાં જરૂરી છે ?

(A) પારદર્શકતા (B) માર્ગદર્શક

(C) સ્પષ્ટ અને વિલાસ પ્રેરક (D) ઉપરના બધા જ

(4) ભારતીય ન્યાય સંહિતા ક્યાં વર્ષથી અમલમાં આવેલ છે ?

(A) 2024 (B) 2013

(C) 1951 (D) 1947

## ❖ સંદર્ભ સૂચિ :


➢ https://www.dcmsme.gov.in/publications/policies/Iframe.htm#::text=The%20industries%20(Development%20and%20Regulation, been%20made%20in%20the%20Act

➢ https://www.icsi.edu/ccgrt/research/bare-acts/corporate laws/#::text=Based%20on%20the%20recommendation%20of,7

➢ https://www.apu.apus.edu/area-of-study/security-and-global-studies/resources/what-is-business-law #::text=How%20Business%20Laws%20Protect%20Employees, business%2C%20might%20bring%20dire%20consequences

➢ https://labour.gov.in/list-enactments: ministry::text=The%20Industrial%20Disputes%20Act%2C%201947, The%20Maternity%20Benefit%20Act%2C%201961


## ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ :

(1) (d) ઉપરનાં બધાં જ

(2) (C) હંમેશાં ઉત્પાદકોની તરફેણ કરે છે

(3) (d) ઉપરનાં બધાં જ

(4) (a) 2024

********************

## એકમ: 13
## ઔદ્યોગિક માંદગી અને વણવપરાયેલી ઉત્પાદનશક્તિ

### ❖ રૂપરેખા :

13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 ઔદ્યોગિક માંદગીની વ્યાખ્યાઓ અને અર્થ

13.3 ઔદ્યોગિક માંદગીના લક્ષણો

13.4 ઔદ્યોગિક માંદગીના કારણો

13.5 ઔદ્યોગિક માંદગી દૂર કરવાના ઉપાયો

13.6 પ્રકરણનો સારાંશ

13.7 ચાવીરૂપ શબ્દો

13.8 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભસૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### 13.0 ઉદ્દેશો :

પ્રસ્તુત એકમના અભ્યાસ પાછળ મુખ્યત્વે નીચેના હેતુઓ રહેલા છે.

- ➢ વિદ્યાર્થીઓ ઔદ્યોગિક માંદગી અંગે સમજાવી શકશે.
- ➢ ઔદ્યોગિક માંદગીના લક્ષણો, કારણો તેમજ ઔદ્યોગિક માંદગી દૂર કરવાના ઉપાયો સમજાવી શકશે.
- ➢ ઔદ્યોગિકક્ષેત્રે વણવપરાયેલી ઉત્પાદન શક્તિ, અંગે સમાવી શકશે.

### 13.1 પ્રસ્તાવના :

ઔદ્યોગિક એકમો પૈકી કોઈ એક  કે કેટલાક એકમોમાં ક્યારેક અથવા અમુક સમય ગાળામાં પ્રતિકૂળ પરિસ્થિતિ આવતી હોય છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિના સંજોગોમા ઔદ્યોગિક એકમો માટે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનું મુશ્કેલ બનતું હોય છે અને પેઢી ગમે ત્યારે ઉત્પાદન કાર્ય બંધ કરે તેવી સ્થિતિ સર્જાતી હોય છે. આવી સ્થિતિએ ઔદ્યોગિક એકમની માંદગી તરીકે ઓળખાય છે. માંદા એટલે કે નબળા એકમ. આવા એકમ બહુ મુશ્કેલીપૂર્વક બજારમાં ટકી રહેતા હોય છે અને ઉદ્યોગ છોડી જવાની ભીતીમાં પણ હોય છે. ઔદ્યોગિક માંદગીની ચર્ચા બે રીતે કરવી જરૂરી ગણાય. (1) કોઈ પણ ઉદ્યોગની કોઈ એક પેઢી કે કેટલીક પેઢીઓની માંદગી  (2) કોઈ એક ઉદ્યોગ અથવા તો અર્થતંત્રના મોટા ભાગના ઉદ્યોગોમાં માંદગી એટલે કે Slow-down એટલે કે ઘટાડા તરફી વલણ તથા મંદી (Recession) તરીકે ઓળખાય છે.

## 13.2 ઔદ્યોગિક માંદગીનો અર્થ અને વ્યાખ્યાઓ :

ઔદ્યોગિક એકમની માંદગી એટલે કોઈ પેઢી નબળો દેખાવ કરે છે અને તેના પરિણામે સતત નુકસાન એટલે કે ખોટ કરે છે અને પોતાના દેવા ચૂકવવામાં વધુ મુશ્કેલી અનુભવે છે તેવી પેઢી. આવી પેઢી વધારાના નાણાં નફા વડે ઉભા કરી શકતી નથી અને બહારના સાધનો ઉપર વધુ આધાર રાખતી થાય છે.

માંદગી પેઢીનું વર્તમાન ખુબ જ સંઘર્ષમય હોય છે અને તેના અસ્તિત્વને ટકાવવું મુશ્કેલ બનતું જાય છે.

❖ **ઔદ્યોગિક માંદગીની વ્યાખ્યાઓ :**

**13.3.1 લઘુ ઉદ્યોગ વિકાસ કમિશ્નરે :-** લઘુ ઉદ્યોગના સંદર્ભમાં માંદા એકમોની વ્યાખ્યા મુજબ :-

1. 5 વર્ષ દરમિયાન પેઢીની ઉત્પાદનશક્તિના મહત્તમ ઉપયોગ કરતાં 50 ટકાથી ઓછી ઉત્પાદનશક્તિનો ઉપયોગ થતો હોય.
3. પેઢીના (નેટવર્થ) સંપત્તિના મૂલ્યમાં 50 ટકાથી વધુ ઘટાડો થવો.
4. પેઢી છ મહિના કરતાં વધુ સમય સુધી ઉત્પાદન કાર્ય બંધ રાખે.

**13.3.2 The Sick Industrial Companies Act 1985 :-** The Sick Industrial Companies Act 1985 મુજબ માંદુ એકમ એવું એકમ કે જે સતત બે નાણાકીય વર્ષ સુધી ખોટ કરતું હોય અને તેની એકંદર ખોટ બીજા નાણાકીય વર્ષ દરમ્યાન પેઢીની નેટવર્થ એકંદર સંપત્તિ મૂલ્ય જેટલી અથવા વધુ હોય.

**13.3.3 State Bank Of India :-** સ્ટેટ બેક્ર ઓફ ઇન્ડિયા અનુસાર માંદી પેઢી એ એવું એકમ છે, જે સતત આંતરિક વધારો (surplus) સતત વધારો મેળવી શકતી નથી અને તેને ટકી રહેવા માટે બાહ્ય ભંડોળ ઉપર આધાર રાખવો પડે છે.

**13.3.4 Company Act 2002 :-** કંપની એક્ટ 2002 અનુસાર

1. માંદુ એકમ એટલે પેઢીની એકંદર ખોટ અથવા પેઢીની સંચિત ખોટ એ સતત ૪ વર્ષના નેટવર્થ ના 50% કે તેથી વધુ હોય અથવા
2. પેઢી સતત ત્રણ ક્વાર્ટર સુધી (એક ક્વાટર એટલે ત્રણ માસ) તેના લેણદારો દ્વારા માગણી કરવામાં આવતાં દેવાઓ ચૂકવી ન શકે તેવી સ્થિતિ.

## 13.3 ઔદ્યોગિક માંદગીના લક્ષણો :

➢ **પેઢીના કુલ વેચાણમાં વધુ સમય સુધી ઘટાડો થવો :-** કંપની સમયસર જરૂરિયાત પૂરતું ઉત્પાદન કરી ન શકે અથવા એકસરખી ગુણવત્તાવાળો માલ ગ્રાહકોને પૂરો પાડી ન શકે, કંપની કિંમત ઘટાડાની હરીફાઈ કરવા સક્ષમ ન હોય આવા સંજોગોમાં કંપનીના વેચાણમાં ઘટાડો થવા પામે છે અને કેટલાક જરૂરી પ્રયાસો કરવા છતાં પણ કંપનીનું વેચાણ વધી શકતું નથી. વેચાણ ઘટવાને પરિણામે કંપનીના નફામાં ઘણો ઘટાડો થાય છે અને ખોટ પણ સહન કરવી પડે છે.

- **ખોટની સ્થિતિ :-** કંપનીના નફામાં ઘટાડો થતો જાય તે પેઢીની માંદગીનું એક પ્રારંભિક લક્ષણ ગણાય. પેઢીની આ સ્થિતિ ચાલુ રહે તો પેઢીએ ખોટ પણ સહન કરવી પડે છે અને ઘણા પ્રયાસો પછી પણ ખોટ ભરપાઈ થઈ શકતી નથી.
- **ઉત્પાદનશક્તિના પૂર્ણ ઉપયોગનો અભાવ અને વણવપરાયેલ ઉત્પાદનશક્તિની સ્થિતિ :-** પૂરતી માંગ અને વેચાણના અભાવે પેઢીની ઉત્પાદનશક્તિનો પૂરતો ઉપયોગ થતો નથી અને કેટલીક ઉત્પાદનશક્તિ વણવપરાયેલી રહેવા પામે છે પરિણામે આ પેઢીનું સરેરાશ ખર્ચ હરીફ પેઢીઓની તુલનાએ ઊંચું રહેતું હોય છે.
- **રોજિંદી નાણાકીય જરૂરિયાતો માટે બાહ્ય સાધનો ઉપર વધતો આધાર :** પેઢી ઘટતા જતા નફા અને ખોટની પરિસ્થિતિમાં રોજિંદા કામકાજ માટે નાણાની તીવ્ર અછત અનુભવે છે. વર્કિંગ કેપિટલ માટે પેઢીએ બાહ્ય સાધનો ઉપર આધાર રાખવો પડે છે.
- **ધિરાણ મર્યાદા વધારવાના વારંવાર પ્રયાસો :-** નબળી નાણાકીય પરિસ્થિતિને પરિણામે પેઢીએ રોજ-બ-રોજના કામકાજ માટે નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા માટે નાણાકીય સંસ્થાઓ સમક્ષ અવાર નવાર ધિરાણ મર્યાદા વધારવા પ્રયાસો કરવા પડે છે.
- **પેઢીના શેરના ભાવમાં સતત ઘટાડો :-** પેઢીના શેરના ભાવમાં સતત ઘટાડો થતો જાય છે તથા પેઢીની કુલ સંપત્તિના મૂલ્યમાં પણ ઘટાડો થાય છે.
- **લેણાની ચુકવણીમાં વિલંબ :-** કર, દેવા, વ્યાજ ,ડિવિડન્ડ, કાચામાલની ચુકવણી, કામદારોના વેતનની ચૂકવણી વગેરેની ચુકવણીઓ સમયસર થઈ શકતી નથી અને ખાસ કરીને દેવાની ચૂકવણીમાં પેઢી ડિફોલ્ટરની સ્થિતિમાં આવે છે.
- **વિલંબિત ટેક્નોલોજીકલ સુધારા :-** ટેક્નોલોજીકલ સુધારા વિલંબિત થાય છે અને ઉત્પાદન પદ્ધતિ નવપ્રવર્તન વગેરે અવરોધાય છે. આમ પેઢીમાં કોઈ ટેકનોલોજીકલ સુધારા થતા નથી.
- **હિસાબ અને ઓડિટ :-** હિસાબ અને ઓડિટ સમયસર થતા નથી. ઇન્વેન્ટરી, બુકકીપીંગ વગેરે વ્યવસ્થિત રીતે જળવાતા નથી.

## 13.4 ઔદ્યોગિક માંદગીના કારણો :-

ઔદ્યોગિક માંદગી કોઈ એક પરિબળને કારણે ઉદ્ભવતી નથી પરંતુ અનેક પરિબળોની સામુહિક અસર ઔદ્યોગિક બીમારીમાં પરિણમે છે. ઔદ્યોગિક માંદગીનું કારણ બે જૂથમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. (1) આંતરિક કારણો અને (2) બાહ્ય કારણો

### 13.4.1 આંતરિક કારણો :-

1. **પેઢીનું બિન કાર્યક્ષમ સંચાલન :-** પેઢીના નિયોજકો અને સંચાલકોના નિયંત્રણ અને સંચાલન હેઠળના કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિઓને પરિણામે પેઢી મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાય અને તેના અસ્તિત્વ ને ટકાવવું મુશ્કેલ બને તે બધા પરિબળો એ પેઢીની ઔદ્યોગિક માંદગી માટે ના આંતરિક પરિબળો ગણાય. પેઢીની માંદગી માટે ઘણા બધા

આંતરિક પરિબળો જવાબદાર હોય છે પરંતુ મુખ્ય જવાબદાર પરિબળ એ પેઢીનું બિન કાર્યક્ષમ સંચાલન અને યોજકો દ્વારા લેવામાં આવતા અયોગ્ય નિર્ણયોને ગણાવી શકાય.

2. **ટેકનિકલ પરિબળો :-** યોજકો અને સંચાલકો દ્વારા પેઢીને ઉત્પાદન પ્રક્રિયા માટે અયોગ્ય ઉત્પાદન પદ્ધતિ અપનાવવામાં આવે તથા ઉતરતી કક્ષાના મૂડી સાધનો વસાવવામાં આવે અથવા પેઢીની વૃદ્ધિ માટે યંત્રો અને ઉત્પાદન પદ્ધતિની પસંદગી ઉપર યોગ્ય ધ્યાન આપવામાં ન આવે અથવા સમયાંતરે આધુનિક ઉત્પાદન પદ્ધતિ કે આધુનિક ટેકનોલોજી નો ઉપયોગ કરવામાં ન આવે તો પેઢીનું ઉત્પાદન માટેનું ટેકનિકલ પાંસુ અત્યંત બિનકાર્યક્ષમ અને બિન ઉત્પાદક અથવા અલ્પ ઉત્પાદક બને છે. પેઢી યોગ્ય માહિતી મેળવવા તથા વિવિધ વિવાદોમાં યોગ્ય સુચનાઓ પહોચાડવા અંગેની પદ્ધતિ વિકસાવી ન શકે તેથી પણ ટેકનોલોજીની દ્રષ્ટિએ પાછળ રહી જાય છે. આના પરિણામે પેઢીની ઉત્પાદકતા ઘટે છે અને પેઢીનો એકંદર ખર્ચ વધે છે.

3. **અયોગ્ય સ્થાન પસંદગી :-** પેઢીના ઉત્પાદન પ્લાન્ટની સ્થળની પસંદગી અયોગ્ય હોય તો કાર્યક્ષમતાપૂર્વક પ્લાન્ટનું સંચાલન કરી શકતી નથી. પેઢીનું ઉત્પાદન પ્લાન્ટ એવી જગ્યાએ પસંદ કરવામાં આવ્યુ હોય કે જ્યાં કાચામાલની પ્રાપ્તિ કુશળતાપૂર્વક કરવાનું મુશ્કેલ હોય, જ્યાં પૂરતા કુશળ અને કેળવાયેલા શ્રમિકો ઉપલબ્ધ ન હોય, જ્યાં પૂરતા પ્રમાણમાં આંતરમાળખાકીય સુવિધાઓ વિકસી ન હોય, જ્યાં વાણિજ્ય સેવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોય, આવા સ્થળે ઉત્પાદન પ્લાન્ટ માટે ઘણી બધી મુશ્કેલીઓ સર્જાય છે અને કાર્યક્ષમતાપૂર્વક ઉત્પાદન કાર્ય થઈ શકતું નથી. ખોટા સ્થાનની પસંદગીને લીધે ઉત્પાદન એકમ આર્થિક મુશ્કેલીમાં સપડાય છે.

4. **ખોટા અને અવાસ્તવિક માંગના અંદાજો :-** પેઢીને પોતાની પેદાશ માટે ની માગના અંદાજો વધુ પડતા મહત્વકાંક્ષી હોય તથા અવાસ્તવિક હોય તે સંજોગોમાં પેઢી સ્થાપિત ઉત્પાદનશક્તિની સામે પુરતી માંગના અભાવની સમસ્યા અનુભવે છે. બજારમાં થતા ગ્રાહકોની પસંદગીના ફેરફારો તથા બજારમાં આવનાર અવેજી ચીજો અને હરીફ પેઢીઓ અંગેના ખોટા અંદાજોને પરિણામે પેઢીની ઉત્પાદનશક્તિ નો પૂરતો ઉપયોગ થઈ શકતો નથી અને પેઢીનું સરેરાશ ખર્ચ ઊંચું રહેવા પામે છે. માંગ અંગેના ખોટા અને અવાસ્તવિક અંદાજો એ ઔદ્યોગિક એકમની માંદગી માટે મહત્વનું આંતરિક કારણ ગણાવી શકાય.

5. **સ્થાયી ઉત્પાદનશક્તિમાં વધુ પડતું રોકાણઃ-** બજારની માંગના વલણો અને ભાવિ પરિવર્તનો અંગે પેઢીના વધુ પડતા અવાસ્તવિક અંદાજોને આધારે મોટા પાયા ઉપર ઉત્પાદન કરવા માટે પેઢી દ્વારા વધુ પ્રમાણમાં સ્થાપિત ઉત્પાદનશક્તિ ઉભી કરવામાં આવે છે. પેઢી દ્વારા વેચાણ

અને માર્કેટિંગ અંગેના ઘણા પ્રયાસો પછી પણ પેઢીની વસ્તુઓની માંગમાં પુરતો વધારો થઇ શકતો નથી ત્યારે પેઢીની સ્થાપિત ઉત્પાદનશક્તિનો ઘણો વણ-વપરાયો હોય છે તેને પરિણામે સરેરાશ સ્થાયી ખર્ચ તેમજ સરેરાશ ખર્ચ ઘણું ઊંચું રહેવા પામે છે અને વસ્તુઓનું વેચાણ ઊંચી કીમતે કરવાની ફરજ પડે છે. આ સંજોગોમાં બજારમાં પેઢીની હરીફાઈ ક્ષમતા ઘટવા પામે છે અને નફાનું પ્રમાણ ઘટતું જાય છે અને સમય જતાં ખોટ થવા પામે છે.

6. **ખરીદી વિભાગની નબળી કામગીરી :-** પેઢીના ઉત્પાદન કાર્ય માટે જરૂરી કાચા માલ, મશીનરી તથા જરૂરી સ્પેરપાર્ટ્સ વગેરેની ખરીદી યોગ્ય રીતે થવા ન પામે તો પેઢીએ ઊંચા ખર્ચે અથવા નીચી ગુણવત્તાવાળો માલ ખરીદવો પડે છે જે પેઢીની ઉત્પાદિત વસ્તુઓની ગુણવત્તા ઘટાડે છે અને ઉત્પાદન ખર્ચમાં વધારો કરે છે. આ ઉપરાંત સમયસર પુરતા સ્ટોકની જાળવણીનો અભાવ તથા નબળી કક્ષાની સ્ટોક જાળવણીને પરિણામે પેઢીની કાર્યક્ષમતા ઘટે છે, જે પેઢીને માંદા એકમોની સ્થિતિ તરફ દોરી જાય છે.

7. **બિનકુશળ શ્રમ વ્યવસ્થાપન :-** ઉત્પાદન કાર્ય માટે જરૂરી કેળવાયેલા શ્રમિકો પૂરતા પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં ન આવે અને તેને બદલે ઓછા કેળવાયેલા શ્રમિકોનો ઉપયોગ કરવામાં આવે તો શ્રમિકોની ઉત્પાદકતા નીચી રહેવા પામે છે. જરૂરિયાત અનુસાર શ્રમિકોને યોગ્ય તાલીમ અને કૌશલ્ય જાળવણીની વ્યવસ્થાના અભાવને પરિણામે પણ શ્રમિકોની કાર્યક્ષમતા નીચી રહેવા પામી છે. માનવ સંસાધન વિભાગના અધિકારીઓ, જુદા જુદા વિભાગના કર્મચારીઓ તથા શ્રમિકો સાથે યોગ્ય સુમેળપૂર્ણ સંવાદ અને સંબંધો જાળવી ન શકે તો માનવ સંસાધન એટલે કે માનવ મૂડી પાસેથી પેઢી કાર્યક્ષમતાપૂર્વક કામ લઈ શકતી નથી. માનવ સંસાધન વિભાગની નબળી કે અયોગ્ય નીતિઓને પરિણામે કર્મચારીઓ અને શ્રમિકોમાં અસંતોષ વધવા પામે છે તેથી તેમની કાર્યવૃત્તિમાં ઘટાડો થાય છે.

8. **મજૂર સંગઠનની ઉંચી સોદા શક્તિ અને ઊંચું વેતન માળખું :-** કેટલાક એકમોમાં કામદારોના યુનિયન વધુ સંગઠિત, મજબૂત અને વધુ આક્રમક હોય છે. શ્રમિક મંડળો ઔદ્યોગિક એકમની આર્થિક સ્થિતિ તથા નફાને અનુરૂપ વેતનો તેમજ બોનસ જેવાં નાણાકીય લાભો માટે વધુ પડતા આગ્રહ રાખે છે. જેને વશ થઈને ઔદ્યોગિક એકમ કામદારોને ઊંચા વેતન તથા અન્ય નાણાકીય લાભો આપવા મજબૂર બને છે. વેતન અને બોનસ જેવા બિન નાણાકીય લાભો વધુ પડતા ઊંચા હોય તેને પરિણામે પેઢીની આર્થિક સ્થિતિ નબળી પડે છે અને પેઢીનો નફો ઘટે છે અને પેઢી ખોટ કરતી થાય છે.

9. **નબળી માર્કેટિંગ વ્યૂહરચના :-** પેઢીએ પોતાની ઉત્પાદનશક્તિને અનુરૂપ ઉત્પાદનના વેચાણ માટે માંગની જાળવણી કરવા માટે યોગ્ય

વેચાણ વ્યવસ્થા અને અસરકારક માર્કેટિંગ વ્યૂહરચના કરવી આવશ્યક હોય છે. આ માટે કોઈપણ ઉત્પાદન એકમે પોતાની પેદાશોની બજારમાં પ્રવર્તી માંગ, માંગના વલણો, ગ્રાહકોની રૂચી અને તેમાં આવતાં પરિવર્તનો વગેરેની યોગ્ય માહિતી સતત મેળવવી જરૂરી હોય છે. ગ્રાહકોની પસંદગી અને વલણો (વર્તમાન અને ભાવિ) અંગે કુશળ નિષ્ણાતો દ્વારા સર્વે અને સંશોધન કરાવીને તેને અનુરૂપ માંગ અને ઉત્પાદન અંગે ના ફેરફારો કરવા પડે છે. આ ઉપરાંત પોતાની પેદાશોની બજારમાં માંગ વધે, દ્રઢ થાય તથા અવેજી ચીજો સામે હરિફાઈ ક્ષમતા વધે તે માટે આક્રમક અને અસરકારક જાહેરાત અને માર્કેટિંગ કરવું જોઈએ.

કારણ કે માંગ અંગેની યોગ્ય માહિતીના અભાવે તથા અસરકારક માર્કેટિંગ વ્યૂહરચના અને કાર્યક્ષમ વેચાણ વિભાગના અભાવે પેઢીની ઉત્પાદનશક્તિનો પૂરતો ઉપયોગ થઈ શકતો નથી માંગનો અભાવ પેઢીની આર્થિક સ્થિતિને નબળી પાડે છે.

10. **બિનકાર્યક્ષમ નાણાકીય વ્યવસ્થાપન :-** પેઢીની આર્થિક સ્થિતિનો આધાર ઘણે અંશે અસરકારક નાણાકીય સંચાલન ઉપર હોય છે. બજારમાંથી વાજબી વ્યાજ દરો એ જરૂરી નાણાં અને મૂડી ઉભા કરવા, સમયસર નાણાં સંસ્થાઓ અને મૂડી સંસ્થાઓને દેવાઓની ચૂકવણી કરવી તથા આંતરિક મૂડીભંડોળો અને નાણાકીય તરલતાનો કાર્યક્ષમ સંચાલન કરવું જરૂરી હોય છે. પેઢીનું નાણાકીય સંચાલન કાર્યક્ષમ રીતે ન થાય તો પેઢી પાસેના કેટલાક નાણા અને મૂડીનો ઓછો ઉપયોગ થાય છે એટલે કે તેમનો પૂરતો અને કાર્યક્ષમ ઉપયોગ થઈ શકતો નથી. આના પરિણામે પેઢીનું નાણા અને મૂડી ઉપરનો વ્યાજરૂપી ખર્ચ વધે છે. જે પેઢી ઉપર બોજ વધારીને પેઢીના નફામાં ઘટાડો કરાવીને પેઢીને ખોટ તરફ દોરી જાય છે. રોજબરોજના પેઢીના સંચાલન માટે જરૂરી અને આર્થિક વ્યવહારો સમય સર સઊંચારુ રૂપે પાર પાડવા માટે જરૂરી કાર્યકારી મૂડીની અછત વર્તાય અને તેની સમસ્યા જો યોગ્ય રીતે હલ કરી ન શકાય તો પેઢી આર્થિક કટોકટીની મુશ્કેલીમાં મુકાય છે.

11. **યોજક અને વ્યવસાયિક સંચાલકોની નિર્ણય અને સંચાલન શક્તિમાં ઉણપ :-** કેટલીક પેઢીના પ્રમોટર્સ એટલે કે યોજકો અને વ્યવસાયિક સંચાલકો ઉપર પેઢીના કાર્યક્ષમ સંચાલન, પેઢીની વૃદ્ધિ, પેઢીના નફા અને પેઢીની એકંદર આર્થિક સ્થિતિ, પેઢીનો બજાર પ્રભાવ ઉપર આધાર હોય છે. જો યોજકો વધુ દીઘર્દ્રષ્ટા અને પોતાની પેઢીના વિકાસમાં પૂરતો રસ ધરાવતા હોય તો પેઢીના વિકાસ અને સંચાલનના મહત્વના નિર્ણયો યોગ્ય સમયે ત્વરિતપણે લેવાય છે. જે પેઢીના કામકાજમા સફળતાપૂર્વક આગળ વધારે છે. વિશેષ કરીને મૂડીભંડોળ પ્રાપ્ત કરવુ, કાર્યકારી મૂડી મેળવવા અંગેના સંબંધો વિકસાવવા, ઉત્પાદન એકમના સ્થાનની પસંદગી કરવી, કંપની સાથે સંબંધિત ગ્રાહકો તથા કંપનીની જરૂરિયાતો

પૂરી પાડતી વિવિધ પેઢીઓ સાથેના સંબંધો, પેઢીનો વિકાસ પ્લાન તથા પેઢીના વ્યવસાયિક સંચાલકોની પસંદગી ખૂબ જ યોગ્ય રીતે થાય તો પેઢી એક સફળ ઔદ્યોગિક એકમ બને છે. જો યોજકોમાં ઉપરોક્ત લાક્ષણિકતાઓ ન હોય તો પેઢીનો વિકાસ જોખમાય છે.

**13.4.2 ઔદ્યોગિક એકમની માંદગી માટેના બાહ્ય પરિબળો :-** કેટલાક પરિબળો પેઢીના સંચાલકોના નિયંત્રણ બહારના હોય છે. આવા પરિબળો સામે પેઢી કોઈ અસરકારક ઉકેલ શોધી શકતી નથી.

1. **કાચા માલની ઉપલબ્ધતાના પ્રશ્નો :-** પેઢીના ઉત્પાદન માટે જરૂરી કાચા માલનો પુરવઠો અવરોધાય અને યોગ્ય સમયે જરૂરિયાત મુજબ સારી ગુણવત્તામાં ઉપલબ્ધ ન થાય તો પેઢીનું ઉત્પાદન કાર્ય અવરોધાય છે અને ઉત્પાદન ખર્ચમાં વધારો થાય છે. ઉત્પાદનનો આધાર કાચા માલ, ખેતપેદાશોના પુરવઠા અથવા કેમિકલ, રસાયણો કે અન્ય ઉદ્યોગ દ્વારા ઉત્પાદિત ચીજો કે ખાણ-ખનીજના પુરવઠા ઉપર આધારિત હોય છે. કાચામાલના આ બધા સ્ત્રોતો ઉપર મૌસમની પ્રતિકૂળતા, ઊર્જાની પ્રતિકૂળતા, પરિવહનની પ્રતિકૂળતા કે કુદરતી પ્રતિકૂળતા જેવા પરિબળો અસર કરે છે. આવા કોઈ પણ કારણસર કાચામાલની પ્રાપ્તિમાં ગંભીર અવરોધો સર્જાય તો પેઢીની આર્થિક સ્થિતિ નબળી પડે છે. જો વિદેશી આયાતો ઉપર કાચામાલનો આધાર હોય અને વિદેશોમાં વિવિધ કારણોસર કાચા માલની અછત ઉદ્ભવે તો ઘણા ઔદ્યોગિક એકમો ઉત્પાદન પ્રક્રિયામાં અવરોધ અનુભવે છે અને તેમની આર્થિક સ્થિતિ નબળી પડે છે

2. **ઉર્જા, પાણી અને પરિવહન સુવિધાના અવરોધો :-** ઉદ્યોગોમાં ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખવા માટે ઉર્જા પ્રાપ્તિ આવશ્યક હોય છે. ઉર્જાના સ્ત્રોતો પૈકી કોલસો, ગેસ, ડિઝલ કે અન્ય બળતણ તથા વિદ્યુત પુરવઠાની જરૂરિયાત રહે છે. જો આ વિવિધ પ્રકારના ઉર્જા સ્ત્રોતોમાં ગંભીર અવરોધો સર્જાય તો પેઢી ઉત્પાદન કાર્ય ચાલુ રાખવા માટે જરૂરી ઊર્જા મેળવી શકતી નથી અને તેથી ઉત્પાદન કાર્યને ગંભીર અસર પહોંચે છે. ઘણા ઉદ્યોગોની ઉત્પાદન પ્રક્રિયામાં પાણીનો ભરપૂર ઉપયોગ થતો હોય છે. જો પાણી પુરવઠો ઉદ્યોગને પુરતા પ્રમાણમાં પ્રાપ્ત ન થાય અથવા નિયમિતપણે પ્રાપ્ત ન થાય તો ઉત્પાદન પ્રક્રિયામાં અવરોધ સર્જાય છે. જેને લીધે ઉત્પાદન ખર્ચ વધશે અને  ઉદ્યોગની આર્થિક સ્થિતિ નબળી પડે છે. ઉપરાંત પરિવહન સેવાઓ જેમકે રેલ્વે, સડકમાર્ગ જળમાર્ગ, વગેરે પર કોઈ સંકટ કે અવરોધો આવે તો ઉત્પાદનને સિધી અસર કરે છે. અને ઉત્પાદન ઘટતા પેઢીની સ્થિતિ નબળી પડે છે.

3. **સરકારની નીતિઓ :-** સરકારની નીતિઓ હંમેશા એકસરખી રહેતી નથી અને તેમાં ક્યારેક મોટા ફેરફારો થતા હોય છે. સરકારની નીતિઓમાં આયાત-નિકાસ નીતિ, જકાત નીતિ, વેપારનીતિ, ઉદ્યોગ નીતિ, ઉદ્યોગો

પર નિયંત્રણોની નીતિમાં ફેરફાર થાય તો તે પેઢીઓ ઉપર પ્રતિકૂળ અસરો સર્જે છે. આ નીતિઓના ફેરફારોને કેટલીક પેઢીઓ ઝડપથી અનુકૂળ થઈ શકતી નથી, તેથી તેવી પેઢીઓની આર્થિક સ્થિતિ નબળી પડે છે.

4. **કર અને કર નીતિના ફેરફારો :-** સરકારની કરનીતિમાં ફેરફારો થતા હોય છે તેને પરિણામે પેઢીઓ ઉપરના કરબોજમાં પણ વધઘટ થતી હોય છે. વધુ પડતા કરબોજની પ્રતિકૂળ અસરો પેઢીઓના ઉત્પાદન સાધનો ઉપર તેમજ વેચાણ ઉપર અસર કરે છે. વધુ પડતો કરબોજ બધી પેઢીઓ એકસમાન રીતે સહન કરવાની શક્તિ ધરાવતી નથી. કેટલીક પેઢીઓ કરના ફેરફારોને પચાવી ન શકે તો તેમની આર્થિક સ્થિતિ નબળી પડે છે. કરવેરાના દર અને તેની નીતિઓમાં ફેરફારથી પણ પેઢીઓના સંચાલન તેમજ નફા ઉપર અસર થાય છે.

5. **વાણિજ્ય સેવાઓ :-** પેઢીઓના સઊંચારુ સંચાલન અને વૃદ્ધિ માટે વાણિજ્ય સેવાઓ ખૂબ જ આવશ્યક હોય છે. બૅક્િંગ, વીમો, શિપમેન્ટ, વિદેશી હુંડિયામણ પ્રાપ્તિ અને પરિવર્તન, મૂડી બજારની સેવાઓ વગેરે કોઈ ચોક્કસ વિસ્તારમાં કેટલાક સમય માટે અવરોધાય અને આ સેવાઓ મેળવવાની યોગ્ય વ્યવસ્થા ન કરી શકતી પેઢીઓ વિવિધ તબક્કે પેઢીના સંચાલનમાં અવરોધો અનુભવે છે.

6. **ગ્રાહકોની પસંદગીમાં ફેરફારો :-** ગ્રાહકોની જરૂરિયાતો તથા પસંદગીઓમાં સતત ફેરફારો થતા હોય છે, ક્યારેક ગ્રાહકોની પસંદગીના ફેરફારો વધુ ઝડપી હોય છે. કેટલીક પેઢીઓ ગ્રાહકોની પસંદગીમાં થતા ફેરફારોને યોગ્ય સમયે સમજી શકતી નથી. ગ્રાહકોની માંગમાં રુચિના આધારે તેમજ અવેજી ચીજોની પ્રાપ્તિને આધારે પેઢીની પેદાશની માંગ ઉપર ખુબ જ પ્રતિકુળ અસર થાય છે અને પેઢી જાહેરાતો કે માર્કેટિંગના પ્રયાસો વડે પણ ગ્રાહકની માંગ વધારી શકતી નથી તેથી પેઢી આર્થિક મુશ્કેલીમાં મુકાય છે.

7. **અવેજી પેદાશોમાં વધારો :-** બજારમાં કોઈપણ વસ્તુની અવેજી પેદાશો આવતી હોય છે એને પરિણામે ગ્રાહકો આ અવેજી પેદાશો તરફ આકર્ષાય છે. વળી અવેજી વસ્તુઓમાં આવતા સંશોધનો અને નવપ્રવર્તનોની પ્રતિકુળ અસર પેઢીની માંગ ઉપર થવા પામે છે. પરિણામે પેઢીની વસ્તુઓની માંગ ઘટતા પેઢીનું કુલ વેચાણ ઘટે છે ખરેખર ભાવો ઘટાડવાથી વેચાણ વધી પણ શકે છે. હરહંમેશ વેચાણ ઘટશે જ તેવુ બનતું નથી.

8. **નવી કંપનીઓ દ્વારા વધતી હરિફાઈ :-** કોઈપણ બજારમાં નવી પેઢીઓની પ્રવેશની વધતી ઓછી શક્યતાઓ હોય છે. કોઈ ઉદ્યોગમાં જો વધુ પેઢીઓ ટૂંકાગાળામાં પ્રવેશે તો હરીફાઈ વધવા પામેં છે.આ સંજોગોમાં કોઈ પેઢી જો અસરકારક હરીફાઈ કરી ન શકે તો પેઢીના નફામાં ઘટાડો થાય છે અને ખોટની સ્થિતિ પણ આવી શકે છે

9. **જે તે ઉદ્યોગ કે સમગ્ર અર્થતંત્રમાં મંદીની અસર :-** ઉદ્યોગ અને સમગ્ર

અર્થતંત્રમાં હંમેશા એક સરખી સ્થિતિ રહેતી નથી. ક્યારેક કોઈ ઉદ્યોગમાં અથવા તો સમગ્ર અર્થતંત્રમાં (Slow-down) એટલે કે ધીમી વિકાસગતિ કે નકારાત્મક નિકાસની સ્થિતિ આવતી હોય છે. દેશની આર્થિક સ્થિતિ અથવા તો વિદેશી પરિબળોની રીતે અર્થતંત્રમાં સ્થગિતતા અથવા તો મંદીની સ્થિતિ આવતી હોય છે. ઉત્પાદન વૃદ્ધિ, રોજગાર વૃદ્ધિ, આવકવૃદ્ધિ વગેરે ધીમા પડે છે અને ક્યારેક નકારાત્મક પણ બને છે. રોજગારી અને આવકો ઘટતા ઘણી બધી વસ્તુઓની માંગમાં ઘટાડો થવા પામે છે. તેને પરિણામે કેટલાંક ઉત્પાદન એકમો ઉપર પ્રતિકૂળ આર્થિક અસરો થવા પામે છે.

10. **રાજકીય સ્થિરતા અથવા બદલાતી રાજકીય પરિસ્થિતિ :-** દેશમાં જો નીતિઓ, ઉદ્યોગો અને મૂડીપતિઓની વિરુદ્ધમાં હોય તો તેની પ્રતિકૂળ અસર શેરબજાર ઉપર પડે છે અને તે દ્વારા નવા મૂડીરોકાણો અવરોધાય છે. બજારમાંથી મૂડી ઊભી કરવાનું ઉદ્યોગો માટે મુશ્કેલ બને છે તથા ઉદ્યોગોના નફામાં અને નેટવર્થ માં ઘટાડો થાય છે. જો લાંબા સમય સુધી સ્થિર શાસન આપી શકે તેવી સરકારને બદલે ત્રિશંકુ કે મિશ્ર બહુમતીવાળી અન્ય પક્ષોના ટેકા વડે ચાલતી સરકાર આવે તો તેની અસર પણ મૂડી બજાર ઉપર પ્રતિકૂળ થવા પામે છે. સ્થાયી સરકાર ન હોય અથવા નબળી સરકાર હોય તે સંજોગોમાં સરકારની આર્થિક નીતિઓમાં સાતત્ય રહેવાની ખાતરી હોતી નથી. તેથી અનિશ્ચિતતાઓનો માહોલ સર્જાય છે અને મૂડી બજાર તથા ઉદ્યોગ જગત પર તેની પ્રતિકૂળ અસરો થાય છે .

11. **આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિમાં ફેરફારો :-** આંતરરાષ્ટ્રીય સ્તરે જુદા જુદા દેશોના સંબંધો બદલાતા હોય છે.જેમાં આર્થિક કે રાજકીય હિતોના ટકરાવ વધુ તીવ્ર બને અથવા તો યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય કે બે અથવા વધુ દેશો વચ્ચે યુદ્ધ થવા પામે તેવી સ્થિતિમાં આર્થિક પ્રતિબંધો લગાવાતા હોય છે તથા વેપારમાં અવરોધો ઉદભવતા હોય છે. કોઈ એક દેશના સંબંધો અન્ય વિદેશી દેશ કે દેશો સાથે બગડે તો પણ વ્યાપાર અને આર્થિક વ્યવહારો ખોરવાતા હોય છે. જેમાં કાચામાલની પ્રાપ્તિ, મૂડી સામગ્રીની પ્રાપ્તિ તથા વેચાણની સરળતા વગેરેમાં અવરોધ સર્જાય છે.

12. **સમગ્ર ઉદ્યોગ કે અર્થતંત્રમાં વધતી જતી ઔદ્યોગિક અશાંતિ :-** શ્રમ સંગઠનો રાજકીય પક્ષોના ટેકા વડે વધુ મજબૂત અને આક્રમક બને ત્યારે ઔદ્યોગિક અશાંતિ વધવા પામે છે. વધતી જતી ઔદ્યોગિક અશાંતિ આર્થિક એકમો સુધી પહોંચે છે. કેટલાક આર્થિક એકમોમાં ઔદ્યોગિક અશાંતિ વધુ પ્રમાણમાં સર્જાય છે. સરકારી ટેકો, કામદાર સંગઠનના નેતાઓનું વધુ પ્રભુત્વ તથા કામદાર મંડળોની વધુ સક્રિયતા વગેરે સ્થિતિમાં કામદારોની માંગ વધતી જાય છે. વધુ વેતન, બોનસ, અન્ય નાણાકીય લાભો, કામની વધુ સારી સુવિધાઓ, કામના કલાકો, રજાઓ વગેરે બાબતે કામદાર મંડળો પેઢીઓ ઉપર વધુ પડતું દબાણ

સર્જે છે. જે પેઢીઓ કામદાર પ્રવૃત્તિઓ અને ઔદ્યોગિક અશાંતિ સામે સુમેળભર્યો ઉકેલ લાવી શકતી નથી, તે પેઢીઓમાં વારંવાર હડતાલ, તોડફોડ, ધીમે કામ કરવાની વૃત્તિ, પેનડાઉન સ્થિતિ, માલિકોને કામના સ્થળે ઘેરાવ કરવો વગેરે દ્વારા ઉત્પાદન પ્રક્રિયા ઉપર અત્યંત પ્રતિકૂળ અસર થવા પામે છે અને પેઢી નાના એકમની સ્થિતિમાં આવે છે.

13. **કુદરતી પ્રતિકૂળતાઓ :-** કેટલીક કુદરતી આફતો દેશના જુદા જુદા ભૌગોલિક વિસ્તારોમાં ક્યારેક અથવા વધુ વખત આવતી હોય છે. દરિયાઈ વાવાઝોડા વારંવાર અમુક વિસ્તારોમાં આવતા હોય છે. ક્યારેક ધરતીકંપ, સુનામી, પુર, અતિ વૃષ્ટિ, દુષ્કાળ જેવી કુદરતી આફતોને પરિણામે કેટલાક ઔદ્યોગિક એકમોને પુષ્કળ નુકસાન થતું હોય છે. જેની ભરપાઈ વિમા કંપનીઓ દ્વારા પૂરતા પ્રમાણમાં થઈ શકતી નથી. કુદરતી આફતોને પરિણામે ભારે નુકસાનનો ભોગ બનતી પેઢીઓ માંદા આર્થિક એકમો બને છે.

## 13.5 ઔદ્યોગિક માંદગી દુર કરવાના ઉપાયો :-

ઔદ્યોગિક એકમોની માંદગી દૂર કરવાના ઉપાયો બે વિભાગમાં દર્શાવી શકાય. કેટલાક ઉપાયો ઔદ્યોગિક એકમના સ્તરે એટલે કે પેઢીએ કરવાના હોય છે જ્યારે કેટલાક ઉપાયો સરકારે તથા નાણાકીય સંસ્થાઓએ કરવાના હોય છે .

**13.5.1 પેઢીએ ઔદ્યોગિક માંદગી દૂર કરવાના ઉપાયો :-** પેઢીની આર્થિક સ્થિતિ કથળે અને અમુક પ્રયાસો કર્યા પછી પણ તેમાં સુધારો ન જણાય તો પેઢીએ તે સ્થિતિ સ્વીકારી લેવાના બદલે પરિસ્થિતિ સામે ઝૂકી જવાના બદલે પરિસ્થિતિ સામે આખર સુધી ઝઝૂમવાની તૈયારી રાખવી જોઈએ. આમ કરવાથી કેટલીક પરિસ્થિતિમાં ફેરફાર થઈ શકે છે અને પેઢીએ વિચારપૂર્વક કરેલા વ્યવહારુ ઉપાયો પેઢીની સ્થિતિમાં સુધારો લાવી શકે છે .

1. **કામદારો સાથે સુમેળભર્યું વાતાવરણનું સર્જન :-** પેઢીની કથળેલી સ્થિતિનું એક મહત્વનું કારણ એ કામદારો સાથેના સારા સબંધોનો અભાવ હોય છે. સંચાલકો દ્વારા કામદારો સાથે સંબંધો સુધારવાના પ્રયાસો કરવા જોઈએ. કામદારોની માંગણીઓ સંતોષવા માટે તથા તેમની સમસ્યાઓ ઉકેલવા માટે સંચાલકો તત્પર છે તેવો વિશ્વાસ કેળવવો જોઈએ. જો કામદારો વર્તમાનમાં પેઢી માટે થોડો ભોગ આપે તો પેઢીની પરિસ્થિતિ સુધરતા તેમની માંગણીઓને સંતોષવાની ખાત્રી માલિકે આપવી જોઈએ.

2. **જરૂરિયાત મુજબ કામદારોની ભરતી :-** કામદારો અને કર્મચારીઓની જેટલી જરૂરિયાત હોય તેટલા પ્રમાણમાં જ તેમને કામ ઉપર ચાલુ રાખવા જોઈએ. પેઢીની કામદારો અને શ્રમિકોને કામ ઉપર રાખવાની નીતિ સાવચેતીપૂર્વક અમલમાં મુકવી જોઇએ. કેટલાક કામદારો કે શ્રમિકોને કાયમી કરવાને બદલે કોન્ટ્રાક્ટ પદ્ધતિ ઉપર કામે રાખવા જોઈએ કે જેથી તેમની જરૂરિયાત ન હોય ત્યારે તેમને છુટા કરી શકાય અને તેમના વેતન પાછળ થતા ખર્ચના બોજને ઘટાડી શકાય છે.

3. **માનવ સંસાધનની કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો :-** પેઢીમાં જુદા જુદા સ્તરે અધિકારીઓ, કર્મચારીઓ અને શ્રમિકો પોતપોતાની વહેચાયેલી જવાબદારી યોગ્ય રીતે અદા કરે, એમના ઉપર સુપરવિઝન વ્યવસ્થા અસરકારક બનાવવી અને કોઈ પણ પ્રકારની કામગીરીને ખલેલ પહોંચાડે કે પેઢીને નુકસાન કરે તેવી અયોગ્ય કામગીરીઓ ઉપર કડક નિયંત્રણ રાખવું જોઈએ. આના પરિણામે બધા સ્તરે માનવ સંસાધનની કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો થઈ શકે છે. વળી જરૂરિયાત મુજબ તેઓને નવપ્રવર્તનો તથા નવા ટેકનીકલ સંશોધનોના ઉપયોગથી તાલીમબદ્ધ અપગ્રેડ કરવા જોઈએ. જેથી માનવ સંસાધનની કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો થાય છે જેનો લાભ આખરે પેઢીને થાય છે.

4. **કર્મચારીઓને અભિપ્રાયો આપવાની સ્વતંત્રતા :-** આર્થિક એકમના જુદા જુદા વિભાગોમાં કામ કરતાં કર્મચારીઓ અને શ્રમિકો પોત પોતાના કામમાં નિપુણતા ધરાવતા હોય છે અને કેટલાક કામદારો તથા શ્રમિકો પોતાના વિભાગની સમસ્યાઓને સારી રીતે સમજતા હોય છે તથા તેના વ્યવહારિક ઉકેલ પણ જાણતા હોય છે. ઉચ્ચ કક્ષાના અધિકારીઓ અને સંચાલકોના ધ્યાનમાં બધા વિભાગોની નાની નાની અને ઝીણી ઝીણી બાબતો ધ્યાનમાં હોતી નથી. આથી કેટલાક સામાન્ય જણાતા વ્યવહારુ પ્રશ્નો તથા તેના ઉકેલો તેમના ધ્યાનમાં હોતા નથી. જો પેઢી દ્વારા માનવ સંસાધન સાથે એટલે કે બધા જ કર્મચારીઓ અને શ્રમિકોને પેઢીના પ્રશ્નો ધ્યાન ઉપર લાવવા તથા તેના ઉકેલ માટે સૂચનો કરવા માટેની સ્વતંત્રતા આપવામાં આવે તો પેઢીની ખરાબ સ્થિતિમાંથી પેઢી બહાર આવી શકે છે. કામદારોને પોતાના અભિપ્રાયો સંચાલકો સમક્ષ મૂકવાની સ્વતંત્રતાને ઔદ્યોગિક લોકશાહી કહી શકાય.

5. **કુશળ અને અનુભવી સંચાલકોની સેવા :-** વધુ કુશળ અને અનુભવી સંચાલકોની સેવાઓ લેવી જોઈએ. પેઢીને મુશ્કેલ સ્થિતિમાંથી બહાર લાવવાની ક્ષમતા છેવટે પગારદાર સંચાલકો તથા તજ્જ્ઞો ઉપર હોય છે.

6. **તજ્જ્ઞોની સેવાઓ લેવી :-** ઉદ્યોગ જગતના વિશેષજ્ઞ કે તજ્જ્ઞોની સેવાઓ લેવી જોઈએ. કેટલાક નિષ્ણાંતોને પેઢી કાયમી પગાર તરીકે રાખી ન શકે તો ઉદ્યોગ જગતના આર્થિક બાબતોના, નાણાકીય બાબતોના, પબ્લિક રિલેશન અંગેના વિવિધ નામી તજ્જ્ઞોની સેવાઓ પેઢીએ લેવી જોઈએ. ખાસ કરીને આર્થિક સલાહકારો અને ઔદ્યોગિક ક્ષેત્રના સલાહકારો પેઢીની મુશ્કેલ સ્થિતિમાં તેમના અનુભવોના આધારે પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરીને પેઢીની સ્થિતિ સુધારવા અંગેના વ્યવહારુ ઉપાયો સૂચવી શકે જે પેઢી માટે ઘણા લાભદાયી નીવડી શકે.

**13.6.2 બાહ્ય ઉપાયો :-** પેઢી દ્વારા પેઢીની નબળી આર્થિક સ્થિતિ સુધારવા માટેના પૂરતા પ્રયાસો કરવા છતાં જો પેઢીની આર્થિક સ્થિતિ કથળતી જાય અને માંદા એકમોની સ્થિતિમાં મુકાય તે સ્થિતિમાં પેઢીને બહાર લાવવા માટે રાજ્ય

દ્વારા કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. આ સિવાય નાણાકીય સંસ્થાઓ પણ સરકારના નિર્દેશ અનુસાર માંદા એકમોને સહાય કરતી હોય છે. છેવટના ઉપાય તરીકે અન્ય મજબુત કંપની સાથે હોલ્ડિંગ કે મર્જર સ્વરૂપે મદદમાં આવે છે, તેનો હાથ માંદી પેઢીએ પકડવો કે સહારો લેવો જોઈએ.

1. **માંદા એકમોને લોનની સહાય :-** સરકાર દ્વારા માંદા એકમોને આર્થિક સહાય કરવા માટે ટેક્ષ આધારિત લોન સહાયની જોગવાઈ કરવામાં આવી છે. પેઢી દ્વારા છેલ્લા 5 વર્ષ દરમિયાન ચુકવવામાં આવેલ એકસાઈઝની રકમના 50% જેટલી લોન સહાય આપવામાં આવતી હતી. હવે એક્સાઇજના બદલે છેલ્લા ૫ વર્ષ દરમિયાન પેઢીએ ભરેલ GST (વસ્તુ અને સેવા કર) ના 50% જેટલી આર્થિક સહાય લોન સ્વરૂપે આપવામાં આવે છે. આના પરિણામે પેઢીના આર્થિક સંકટમાં થોડો ઘટાડો થાય છે અને પેઢીને ટકી રહેવા માટેનું જીવન દાન મળી રહે છે .

2. **ઓછા વ્યાજદરે માર્જિન મનીની સહાય :-** કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ બેક્ર ઓફ઼ ઈન્ડિયા (IIBI) દ્વારા માંદા એકમોને ઓછા વ્યાજદરે માર્જિન મનીની સહાય પૂરી પાડવામાં આવે છે. જે માંદા એકમોને આર્થિક સંકટમાંથી બહાર આવવામાં અમુક અંશે મદદ રૂપ થાય છે.

3. **SICA Act 1985 દ્વારા સહાય :-** SICA એ કેન્દ્ર સરકારે સિક ઈંડસ્ટ્રિયલ કંપની એક્ટ 1985 માં માંદા એકમોને  અલગ તારવવા તથા તેમને તેમના નાણાકીય જોખમોને પદ્ધતિસર ઘટાડવા માટે Sick Industrial Companies Act 1985માં પસાર કર્યો હતો. વધુ રોજગારી આપતા કે દેશની દૃષ્ટિએ વધુ મહત્વનાં ઉદ્યોગોમાં જો માંદગી પ્રસરી હોય અને તે બંધ થવાની સંભવિતતા હોય તેવાં માંદા એકમોને અલગ તારવવા અને તેમને નાણાકીય મુશ્કેલીઓમાંથી બહાર લાવવા માટેના પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવે છે. આવા માંદા ઉદ્યોગો પૈકી જે એકમો આર્થિક સહાયતા અને અન્ય પ્રયાસો પછી માંદગીની અવસ્થામાંથી બહાર આવી શકે તેમ હોય તેવા એકમોને પૂરતી મદદ આપવામાં આવે છે. પરંતુ જે માંદા એકમો સરકારની પૂરતી સહાય પછી પણ માંદગીની સ્થિતિમાં સુધારો કરી શકે તેમ ન હોય તેવા સંજોગોમાં આવા માંદા એકમોને કોઈપણ પ્રકારની સહાય આપવામાં આવતી નથી .

4. **Board for Industrial and Financial Reconstruction ની સ્થાપના :-** માંદા એકમોને સહાય કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ઈ.સ.1987માં બોર્ડ ફોર ઈન્ડસ્ટ્રિયલ ઍન્ડ ફાઈનાન્સિયલ કન્સ્ટ્રક્શન ની સ્થાપના કરવામાં આવી હતી, જે અંતર્ગત નાણાં વિભાગ દ્વારા નાણાં અને ધિરાણ સંસ્થાઓના વિકાસ માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. આવી નાણાં અને ધિરાણની સંસ્થાઓ દ્વારા માંદા એકમોને ધિરાણની સુવિધાઓ પુરી પાડવા, આવા એકમોના દેવાઓની પુન

રચના કરવા તથા આવા એકમોની નાણાકીય સ્થિતિ સુધારવા માટેના અન્ય ઉપાયો કરવામાં આવ્યા છે.

5. **IDRA Act 1951:- (ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન એક્ટ 1951)** રાષ્ટ્રીય દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વના કેટલાક ઉદ્યોગો તેમજ રોજગારીની દૃષ્ટિએ અગત્યના હોય તેવા ઉદ્યોગમાં માંદગીના વલણો પ્રવર્તતા હોય તેવા ઉદ્યોગોના નિયંત્રણ અને વિકાસ માટે ઈ.સ. ૧૯૫૧ માં ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેંટ ઍન્ડ રેગ્યુલેશન એક્ટ ઘડવામાં આવ્યો હતો. દેશના એકંદર ઔદ્યોગિક વિકાસને સમતોલ કરવા તથા નિયંત્રિત કરવા માટે આ કાયદા હેઠળ કામગીરી કરવામાં આવે છે. મહત્વના ઔદ્યોગિક એકમોમાં માંદગી પ્રવર્તે અને તે મુખ્યત્વે અયોગ્ય સંચાલનને લીધે અને તેને માટે અયોગ્ય સંચાલન જવાબદાર હોય તો કેન્દ્ર સરકાર આવા ઉદ્યોગોને છ મહિના માટે હસ્તગત કરી શકે છે અને આ સમયગાળા દરમિયાન ઉદ્યોગની માંદગી દૂર કરવા જરૂરી પ્રયાસો કરે છે.

6. **નાણાકીય સંસ્થાઓ દ્વારા સહાય :-** સરકાર હસ્તકની નાણાકીય સંસ્થાઓ માંદા એકમો પ્રત્યે કઠોર વ્યવહાર જાળવવાના બદલે સોહાર્દપૂર્ણ રીતે આવા એકમોને સહાય કરે છે. સરકારની વિશેષ સૂચના અનુસાર અથવા માર્ગદર્શન અનુસાર માંદા એકમોને તેમના વ્યાજ અને મુદ્દલની ચુકવણીમાં ચોક્કસ મર્યાદામાં રાહત આપવામાં આવે છે. આર્થિક મુશ્કેલીમાં મુકાયેલ માંદા એકમો નાણાકીય મુશ્કેલીઓને કારણે બંધ ન પડે તે માટે શક્ય તેટલી છૂટછાટો આપવામાં આવે છે. જે માંદા એકમો માટે જીવત દાનરૂપ બની શકે છે.

## 13.6 પ્રકરણનો સારાંશ :-

બધા ઔદ્યોગિક એકમો હમેશા સુદ્રઢ આર્થિક સ્થિતિમાં હોઈ શકે નહીં. દરેક ઉદ્યોગમાં કેટલીક પેઢીઓમાં આર્થિક પરિસ્થિતિ કથળતી હોય છે અને ઔદ્યોગિક એકમોમાં માંદગી પ્રવર્તી હોય છે. ઉદ્યોગોની માંદગી માટે ઔદ્યોગિક એકમના આંતરિક પરિબળો મહદ અંશે જવાબદાર હોય છે. યોજકો અને સંચાલકોના ખોટા નિર્ણયો, વિલંબિત નિર્ણયો અને કાર્યક્ષમ સંચાલન નીતિના અભાવે વિવિધ વિભાગોમાં સમસ્યાઓ સર્જાય છે. આ ઉપરાંત પેઢીની માંદગી માટે પેઢી સિવાયના બાહ્ય પરિબળો પણ જવાબદાર હોય છે. સરકારની નીતિઓમાં આવતાં પરિવર્તનો, કુદરતી આફતો, કાચામાલની પ્રાપ્તિની ગંભીર સમસ્યાઓ, આંતરમાળખાકીય તેમજ વાણિજ્યિક સેવાઓની આપૂર્તિમાં અવરોધો, ગ્રાહકોની માંગના પરિવર્તનો તથા બજારમાં હરીફાઈમાં થતો વધારો જેવા પરિબળો કેટલીક પેઢીઓને આર્થિક રીતે સંકટમાં મુકે છે .

માંદા આર્થિક એકમોમાં વણવપરાયેલી ઉત્પાદનશક્તિની સ્થિતિ જોવા મળે છે, જે વેચાણમાં થતા ઘટાડાને કારણે ઉદ્ભવતી હોય છે. પેઢીનો નફો ઘટતો જાય છે અને ખોટની સ્થિતિ પણ ઉદભવે છે. પેઢીના દેવા ચૂકવણીના કામો સમયસર થતા નથી તથા ડિવિડન્ડ, સરકારી વેરા, કામદારોના પગારો વગેરેની ચુકવણીમાં વિલંબ સર્જાય છે. પેઢીએ વારંવાર ધિરાણ મર્યાદા વધારવા પ્રયાસ કરવા પડે છે. પેઢીના શેરના મૂલ્યમાં ઘટાડો થાય છે તથા પેઢીની નેટવર્થ તથા શાખ ઘટવા પામે છે .

ઔદ્યોગિક એકમોની માંદગી ઉપરાંત કોઈ એક ઉદ્યોગમાં કે સમગ્ર અર્થતંત્રમાં મંદીની સ્થિતિ કોઈ એક દેશમાં, કોઈ એક પ્રદેશમાં કે વિશ્વના કોઈ ભાગોમાં કે સમગ્ર વિશ્વમાં આવતી હોય છે. કોઈ એક ઉદ્યોગમાં કે વધુ ઉદ્યોગમાં રાષ્ટ્ર સ્તરે કે વૈશ્વિક સ્તરે આર્થિક નીતિઓને પરિણામે દેશો વચ્ચેના સંબંધો બગડવાને પરિણામે, યુદ્ધને પરિણામે કે કુદરતી પરિસ્થિતિઓ વિષમ થવાને પરિણામે મંદીની સ્થિતિ સર્જાતી હોય છે. ઇ.સ. 1929 માં અમેરિકામાં શરૂ થયેલી મંદી સમગ્ર યુરોપમાં અને તે પછી સમગ્ર વિશ્વમાં પ્રસરી હતી અને બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં સુધી એટલે કે 1939 સુધી લગભગ એક દાયકા દરમિયાન તેની અતિ ગંભીર અસરો સર્જાવા પામી હતી. ઉત્પાદન, આવકો તથા રોજગારીના ઘટાડાનું ચક્ર સતત ચાલવાને લીધે ઘણા ઔદ્યોગિક એકમો અને નાણાકીય સંસ્થાઓ બંધ થવાં પામી હતી. વૈશ્વિક કક્ષાએ આવી મંદી અવાર નવાર એક-બે દાયકાના સમયગાળામાં આવતી હોય છે .ઇ. સ. 2008 માં પૂર્વ અને અગ્નિ એશિયાના દેશોમાં મંદી આવી હતી. ભારતમાં કોવિડની મહામારી આવી તે દરમિયાન કેટલાક નિષ્ણાંતો અને રાજકારણીઓએ ભારતમાં આર્થિક Slow-Downની આગાહીઓ કરી હતી .

ઔદ્યોગિક એકમોની માંદગી નિવારવા માટેનો આંતરિક ઉપાય એ વધુ કાર્યક્ષમ સંચાલકોની સેવાઓ લેવાનો તથા દરેક વિભાગ પાસે કાર્યક્ષમતાપૂર્વક કામ કરાવવાનો છે. સરકાર દ્વારા કેટલાક નિયમો વડે માંદા એકમોને અલગ તારવવા તથા તેમને આર્થિક સ્થિતિ સુધારવા માટે સહાય આપવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આવી પેઢીઓને સરકાર દ્વારા વિવિધ સ્વરૂપે આર્થિક રાહતો તેમજ આર્થિક સહાય આપવામાં આવે છે. નાણાકીય સંસ્થાઓ દ્વારા ઉદાર શરતોએ ધિરાણ પૂરા પાડવામાં આવે છે. જરૂર જણાય તો સરકાર દ્વારા થોડા મહિનાઓ માટે આવી પેઢીઓનો વહીવટ સરકાર હસ્તક લેવામાં આવે છે. કેટલીક સદ્ધર પેઢીઓ માંદગીમાં સપડાયેલા ઔદ્યોગિક એકમો ઉપર વિવિધ રીતે પોતાનો કબ્જો જમાવીને આવા એકમોને બંધ થતા રોકે છે અને આ એકમોનો વહીવટ સુધારીને તથા અન્ય જરુરી ઉપાયો કરીને આ એકમોની આર્થિક સ્થિતિ સુધારવામાં આવે છે. જો કે આ પરિસ્થિતિમાં માંદા એકમોના મૂળ પ્રમોટર્સ અને સંચાલન બદલાય જાય છે. કોઈ ઉદ્યોગ કે સમગ્ર અર્થતંત્રમાં કોઈ એક દેશ કે વિશ્વ કે વિશ્વના કોઈ ભાગોમાં મંદીના વલણો સર્જાય ત્યારે મહદઅંશે કેઈન્સે દર્શાવેલા રાજકોષીય ઉપાયો તેમજ કેટલાક નાણાકીય નીતિના ઉપાયો વડે મંદીને આગળ વધતી અટકાવવામાં આવે છે.

## 13.7 ચાવીરૂપ શબ્દો

- સ્લોડાઉન :- કોઈ ઉદ્યોગ કે અર્થતંત્રમાં મંદી જેવી શરૂઆત થવી. જેમાં. ઉત્પાદન સ્થગિતતા કે ઘટાડાના વલણો હોવા.
- નેટ વર્થ :- કોઈ પેઢીની બધી સંપત્તિનું ચોખ્ખું મૂલ્ય અથવા પેઢીની કુલ સંપત્તિમાંથી તેની જવાબદારીઓ બાદ કરતાં રહેતુ ચોખ્ખું મૂલ્ય.
- Recession- મંદી :- માંગ. ઉત્પાદન. આવકો અને રોજગારીમાં ઘટાડાના વલણોની સ્થિતિ. એટલે રિસેશન. કે મંદી
- વપરાયેલી ઉત્પાદનશક્તિ:- પેઢીએ સ્થાયી ખર્ચ વડે સ્થાપિત કરેલ ઉત્પાદનશક્તિનો પૂરેપૂરો ઉપયોગ ન થતો હોય તેવી સ્થિતિને વણવપરાયેલી ઉત્પાદનશક્તિ કહે છે.
- G.S T (Goods and Service Tax) :- ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે વસ્તુ અને સેવા ઉપર લેવાતો વેરો.

- હોલ્ડિંગ :- એક પેઢી બીજી પેઢી ઉપર નાણાકીય રીતે એટલે કે શેર ખરીદીને કબજો જમાવે તેને હોલ્ડિંગ કહે છે.
- મર્જર કરવું :- એક કંપની માં બીજી કંપની ભળી જવી તેને મર્જર કહે છે.
- ડિફોલ્ટર :- કોઈ પેઢી પોતાના દેવાની ચૂકવણી સમયસર કરી ન શકે તો તેને ડિફોલ્ટર કહે છે.
- ઔદ્યોગિક લોકશાહી :- ઔદ્યોગિક કામદારો પોતાના અભિપ્રાયો પેઢીના માલિકો કે સંચાલકો સમક્ષ મુકવાની સ્વતંત્રતાને ઔદ્યોગિક લોકશાહી કહે છે.

## 13.8 તમારી પ્રગતિ ચકાસો

1. ઔદ્યોગિક એકમોની માંદગી સમજાવી, ઔદ્યોગિક માંદગીના લક્ષણોની ચર્ચા કરો
2. ઔદ્યોગિક એકમોની માંદગી દૂર કરવા SICA અને IDRA એક્ટની ભૂમિકા સમજાવો
3. ઔદ્યોગિક માંદગીના આંતરિક કારણોની ચર્ચા કરો
4. સમગ્ર અર્થતંત્રમાં ઔદ્યોગિક એકમોમાં મંદી આવે ત્યારે રાજ્યના તાત્કાલિક ઉપાયો જણાવો
5. બજાર વ્યવસ્થામાં વણવપરાયેલી ઉત્પાદનશક્તિની સમીક્ષા કરો

❖ **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

1. પેઢીનો ખ્યાલ સમજાવો.
2. ઔદ્યોગિક માંદગીની સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની વ્યાખ્યા સમજાવો.
3. ઔદ્યોગિક મંદી માં Slow-Down ની સ્થિતિ સમજાવો.
4. કંપની એક્ટ 2002 અનુસાર માંદુ એકમ કોને કહેવાય ?
5. પેઢીની કઈ સ્થિતિમાં કોઈ ટેકનોલોજીકલ સુધારા થતા નથી ?

❖ ટુક નોધ લખો.

1. ઔદ્યોગિક માંદગીના બાહ્ય કારણોમાં કર અને કર નીતિના ફેરફારો.
2. વણવપરાયેલી ઉત્પાદનશક્તિ.

❖ નીચે આપેલા પ્રશ્નના જવાબમાં સાચા વિકલ્પ સામે ટીક માર્ક કરો (M.C.Q.)

(1) કેન્દ્ર સરકારે નેશનલ ટાઇલ્સ કોર્પોરેશનની રચના ક્યારે કરી ?

(A) 1947

(B) 1958

(C) 1968

(D) 1991

(2) ભારતમાં 1960 ના દાયકાના મધ્યભાગમાં કયો ઉદ્યોગ માંદા ઉદ્યોગ તરીકે ઓળખાયો હતો ?

(A) ખાણ ઉદ્યોગ

(B) કાપડ મિલ ઉદ્યોગ

(C) એન્જિનિયરિંગ ઉદ્યોગ

(D) રસાયણ ઉદ્યોગ

(3) Slow-Down સ્થિતિ એ ઔદ્યોગિક માંદગીમાં કયું વલણ દર્શાવે છે ?

(A) ઘટાડા તરફી વલણ (B) વધારા તરફી વલણ

(C) સ્થિર વલણ (D) નીચા વળતર તરફી વલણ

(4) GST નું ફુલ ફોર્મ શું છે ?

(A) Gross Sale Tax

(B) Gross State Tax

(C) Goods and Service Tax

(D) Goods on Sale Tax

(5) SICA નું ફૂલ ફોર્મ આપો

(A) State Industrial Corporation Act

(B) State Investment Companies Act

(C) Sick Investment Corporation Act

(D) Sick Industrial Companies Act

(6) SICA એક્ટ કઈ સાલમાં અમલમાં આવ્યો ?

(A) 1955 (B) 1965

(C) 1975 (D) 1985

(7) માંદા એકમોને સહાય કરવા બોર્ડ ફોર ઈન્ડસ્ટ્રી એન્ડ ફાયનાન્સિયલ રીકન્સ્ટ્રક્શનની સ્થાપના ક્યારે થઈ.

(A) 1987 (B) 1977

(C) 1967 (D) 1957

(8) IDRA એક્ટ ક્યારે અમલમાં આવ્યો ?

(A) 1901 (B) 1921

(C) 1951 (D) 1991

(9) ''માંદી પેઢી એટલે એવું એકમ કે જે સતત આંતરિક વધારો મેળવી ન શકે અને એને ટકવા માટે બાહ્ય ભંડોળ ઉપર આધાર રાખવો પડે'' આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) SICA (B) SBI

(C) IDRA (D) IBRD

(10) રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિમાં વારંવાર આવતા ફેરફારો ..........

(A) ઉદ્યોગો ઉપર અનુકૂળ અસરો જન્માવે

(B) ઉદ્યોગો પર પ્રતિકૂળ અસરો જન્માવે

(C) ઉદ્યોગો ઉપર સ્થિરતાલક્ષી અસરો જન્માવે

(D) ઉદ્યોગો ઉપર કોઈ અસર ન જન્માવે

(11) પેઢી કે ઉદ્યોગમાં ઔદ્યોગિક કામદાર સંગઠનોથી .....................

(A) ઔદ્યોગિક ઝઘડાઓમાં વધારો સર્જે છે.

(B) ઔદ્યોગિક ઉત્પાદનમાં સ્થિરતા સર્જે છે.

(C) ઔદ્યોગિક ઝઘડાઓમાં ઘટાડો સર્જે છે.

(D) ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો સર્જે છે.

(12) વિશ્વમાં સૌથી પ્રસિદ્ધ મંદી ક્યા વર્ષે શરૂ થઈ હતી ?

(A) 1885-86 (B) 1914-15

(C) 1929-30 (D) 1939-40

(13) બજારમાં પેઢીના પ્રભાવ ઉપર નીચે પૈકી કયું પરિબળ મહત્ત્વનું છે ?

(A) મજૂર કામદાર મંડળી

(B) વિવિધ પેઢીઓ સાથેના સબંધો

(C) અસરકારક ગ્રાહકોની માંગ

(D) પેઢીની એકંદર આર્થિક સ્થિતિ

(14) ક્યા પ્રકારની બજાર વ્યવસ્થામાં સરેરાશ આવક રેખા ક્ષિતિજ ધરીને સમાંતર હોય છે ?

(A) ઈજારાવાળું બજાર (B) ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર

(C) પૂર્ણ હરીફાઈવાળું બજાર (D) અલ્પહસ્તક ઈજારાવાળું બજાર

(15) પેઢીમાં સામાન્ય નફાની શરતનો આધાર ..................

(A) સરેરાશ આવક = સરેરાશ ખર્ચ

(B) સરેરાશ આવક < સરેરાશ ખર્ચ

(C) સીમાંત આવક = સીમાંત ખર્ચ

(D) સીમાંત આવક < સીમાંત ખર્ચ

(16) પેઢીમાં મહત્તમ નફાની શરતનો આધાર ......................

(A) સરેરાશ આવક < સરેરાશ ખર્ચ

(B) સરેરાશ આવક = સરેરાશ ખર્ચ

(C) સીમાંત આવક = સીમાંત ખર્ચ

(D) સીમાંત આવક < સીમાંત ખર્ચ

(17) સરેરાશખર્ચ રેખાના ક્યા બિંદુએ પૂર્ણ ઉત્પાદનશકિતની સ્થિતિ દર્શાવે છે.

(A) મહત્તમ બિંદુએ

(B) સીમાંત ખર્ચના મહત્તમ બિંદુએ

(C) સીમાંત ખર્ચના ન્યૂનતમ બિંદુએ

(D) ન્યૂનતમ બિંદુએ

(18) અલ્પહસ્તક ઈજારો કે પૂર્ણ ઈજારાવાળી બજાર વ્યવસ્થામાં પેઢી લાંબાગાળાની પૂર્ણ ઉત્પાદનશક્તિનો ઉપયોગ ................

(A) કરે છે (B) કરતી નથી

(C) સ્થિર હોય છે (D) અસ્થિર હોય છે

(19) પૂર્ણહરીફાઈવાળું બજારમાં પેઢી પૂર્ણ ઉત્પાદનશકિતનો ઉપયોગ ..........

(A) કરે છે (B) કરતી નથી

(C) સ્થિર હોય છે (D) અસ્થિર હોય છે

❖ **સંદર્ભ સૂચિ :**

(1) Wikipedia https:// en.wikipedia.org > industrial Sickness

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

(1) (C) 1968
(2) (B) કાપડ મિલ ઉદ્યોગ
(3) (A) ઘટાડા તરફી વલણ
(4) (C) Goods and Service Tax
(5) (D) Sick Industrial Companies Act
(6) (D) 1985
(7) (A) 1987
(8) (C) 1951
(9) (B) SBI
(10) (B) ઉદ્યોગો પર પ્રતિકૂળ અસરો જન્માવે
(11) (A) ઔદ્યોગિક ઝઘડાઓમાં વધારો સર્જે છે
(12) (C) 1929-30
(13) (D) પેઢીની એકંદર આર્થિક સ્થિતિ
(14) (C) પૂર્ણ હરીફાઈવાળું બજાર
(15) (A) સરેરાશ આવક = સરેરાશ ખર્ચ
(16) (C) સીમાંત આવક = સીમાંત ખર્ચ
(17) (D) ન્યૂનતમ બિંદુએ
(18) (B) કરતી નથી
(19) (A) કરે છે.

********************

# એકમ: 14
# ઔદ્યોગિક વિલિનિકરણ, સંપાદન અને વિકેન્દ્રિકરણ

## ❖ રૂપરેખા :

14.0 ઉદ્દેશો

14.1 પ્રસ્તાવના

14.2 વિલિનિકરણ

14.3 સંપાદન

14.4 ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ

14.5 સારાંશ

14.6 ચાવીરૂપ શબ્દો

14.7 તમારી પ્રગતિ ચકાસો

➢ સંદર્ભસૂચિ

## 14.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે નીચે મુજબની સમજૂતિ મેળવી શકશો.

➢ વિલિનિકરણ કોને કહેવાય છે, વિલિનિકરણ કયા પ્રકારના હોય છે, વિલિનિકરણના લાભ-ગેરલાભ કયા હોય છે વગેરે બાબતો જાણી શકશો.

➢ ઔદ્યોગીક વિકેન્દ્રિકરણ શું છે? ઔદ્યોગિક વિકેન્દ્રિકરણની શું જરૂરિયાત છે  તે જાણી શકશો.

➢ વિલિનિકરણ, સંપાદન અને વિકેન્દ્રિકરણની અસરો વિશે જાણી શકશો.

## 14.1 પ્રસ્તાવના :

અર્થતંત્ર પેઢીઓથી બનેલું હોય છે. પેઢી અર્થતંત્રનો એકમ(યુનિટ) હોય છે. પેઢીનો ખ્યાલ અર્થતંત્રના બધા ક્ષેત્રોને લાગૂ પડે છે. અર્થતંત્રમાં ખેતીક્ષેત્રમાં, ઔદ્યોગિકક્ષેત્રમાં અને સેવાક્ષેત્રમાં પેઢીઓ હોય છે. વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ કરનાર એકમને પેઢી તરીકે ઓળખવામાં આવે છે. આ પેઢીઓ વિવિધ પ્રકારની હોય છે. જેમ કે,

➢ વ્યક્તિગત પેઢી(ખાનગી પેઢી), ભાગીદારી પેઢી, સહકારી પેઢી, કોર્પોરેટ પેઢી વગેરે.

➢ ખેતીક્ષેત્રમાં ખેતરમાં પાકનું ઉત્પાદન કરનાર ખેડૂત પેઢી ધરાવે છે એમ કહેવાય. એ જ રીતે ઔદ્યોગિકક્ષેત્રમાં ગૃહ ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો, નાના પાયાના ઉદ્યોગો, મધ્યમ પાયાના ઉદ્યોગો અને મોટાપાયાના ઉદ્યોગોમાં વસ્તુઓનું ઉત્પાદન કરનાર પેઢીઓ હોય છે. સેવાક્ષેત્રમાં પેઢીઓ સેવાનું વેચાણ કરતી હોય છે.

➢ આ બધી પેઢીઓ ખાનગીક્ષેત્રમાં અથવા જાહેરક્ષેત્રમાં કામ કરતી હોય છે.

- તદુપરાંત આ પેઢીઓ વસ્તુઓનું ઉત્પાદન અથવા વેચાણ કરતી હોય છે તેમજ આ પેઢીઓ સેવાઓનું ઉત્પાદન અથવા વેચાણ કરતી હોય છે.
- આ પેઢીઓ કોઈ એક દેશની પણ હોય શકે છે અને વિદેશી પેઢીઓ પણ હોય શકે છે, જેમ કે બહુરાષ્ટ્રીય પેઢી.
- આ પેઢીઓમાંથી કેટલીક પેઢીઓ સમાનગુણી વસ્તુઓનું ઉત્પાદન કરતી હોય છે અથવા એકસરખા ઉપયોગમાં આવતી વસ્તુઓનું ઉત્પાદન કરતી હોય છે.
- કેટલીક પેઢીઓ અકસરખી વસ્તુના ઉત્પાદનની પ્રક્રિયાના વિવિધ વિભાગોમાં કામ કરતી હોય છે.
- કેટલીક પેઢીઓ એકબીજાની પૂરક વસ્તુઓ અથવા અવેજી વસ્તુઓનું ઉત્પાદન કરતી હોય છે. એટલે કે કેટલીક પેઢીઓ એકબીજાની પૂરક હોય છે અને કેટલીક પેઢીઓ એકબીજાની હરીફ હોય છે.
- અમુક પેઢીઓ સંગઠિતક્ષેત્રમાં હોય છે અને અમુક પેઢીઓ અસંગઠિતક્ષેત્રમાં હોય છે.

પેઢીઓના કેટલાક ધ્યેયો હોય છે, જેમ કે નફો પ્રાપ્ત કરવો, પેઢીની વૃદ્ધિ કરવી, વેચાણમાં વધારો કરવો, બજારહિસ્સામાં વધારો કરવો, બજાર પર નિયંત્રણ પ્રાપ્ત કરવું, નવા બજારોમાં પ્રવેશ કરવો વગેરે. આ બધા ધ્યેયોને સિદ્ધ કરવા માટે પેઢીઓ પાસે ભાવહરીફાઈ, બિનભાવહરીફાઈ, જાહેરાત, કિંમતનેતૃત્વ, વિલિનિકરણ, સંપાદન વગેરે જેવા વિવિધ સાધનો અને વ્યૂહરચનાઓ હોય છે. આ બધા ધ્યેયોમાંથી પેઢીઓ પોતાની જરૂરિયાત અનુસાર ધ્યેયોને પ્રાથમિકતા આપે છે. આ ધ્યેયો સિદ્ધ થવા જરૂરી હોય છે, કારણ કે આ ધ્યેયો પેઢીના અસ્તિત્વ, પેઢીની નફાકારકતા, પેઢીની હરીફાઈક્ષમતા વગેરે નક્કી કરતાં હોય છે.

આ પ્રકરણમાં આપણે પેઢી સંબંધિત વિવિધ ખ્યાલો વિલિનિકરણ, સંપાદન અને વિકેન્દ્રિકરણ વગેરે જેવા મુદ્દાઓની સમજૂતી મેળવીશું.

## 14.2 વિલિનિકરણ(જોડાણ/મર્જર) :

વિલિનિકરણ માટે 'જોડાણ' શબ્દનો પણ ઉપયોગ થાય છે અને અંગ્રેજીમાં Merger કહેવામાં આવે છે. Merger શબ્દ લો ફ્રેન્ચ શબ્દ merger અને લેટિન શબ્દ Mergere પરથી આવ્યો છે. વિલિનિકરણનો ખ્યાલ બે પેઢી અથવા બે કરતાં વધુ પેઢીઓ સાથે સંબંધિત છે. એટલે કે બે પેઢીઓ અથવા બે કરતાં વધુ પેઢીઓ જોડાઈને એક કંપની બને તેને વિલિનિકરણ કહે છે. વિલિનિકરણ એ એક વ્યૂહાત્મક વ્યવસાય સંયોજન છે જેમાં બે અથવા વધુ પેઢીઓઓ તેમના સંચાલન, સંપત્તિ અને જવાબદારીઓને એકીકૃત કરીને એક જ પેઢી બનાવે છે.

**14.2.1 વિલિનિકરણનો અર્થ :** ભારતના કંપનીઝ એક્ટ હેઠળ, મર્જરને બે અથવા વધુ કંપનીઓના એક નવી અથવા હાલની કંપનીમાં જોડાણ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. (કંપનીઝ એક્ટ ભારતમાં મર્જર, એક્વિઝિશન અને સંયોજનો માટે કાનૂની માળખું પૂરું પાડે છે. કંપનીઝ એક્ટ મર્જર અને એક્વિઝિશન માટેની પ્રક્રિયાઓ નક્કી કરે છે, જેમાં શેરધારકો અને નિયમનકારી સત્તાવાળાઓ-જેમ કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT), કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI), અને સિક્યોરિટીઝ એન્ડ

એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ની મંજૂરી વગેરેનો સમાવેશ થાય છે.)

મિનિસ્ટરી ઑફ કોમર્સ અફેર્સના જણાવ્યા અનુસાર બે કંપનીઓનું એક જ કંપનીમાં એકીકરણને જોડાણ(મર્જર) તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે.

સામાન્ય રીતે સરકારના નિયંત્રણના લીધે,બજારના કદમાં વધારો કરવા, કાર્યક્ષમતા વધારવા, નવી તકનીકોનો ઉપયોગ કરવા, નાણાકીય ક્ષમતામાં વધારો કરવા, કદવિકાસના લાભો પ્રાપ્ત કરવા, બજારમાં પ્રવેશ કરવા અથવા સ્પર્ધાત્મક લાભ મેળવવા વગેરે જેવા વિવિધ વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવાના ધ્યેય સાથે બે પેઢીઓ અથવા બે કરતાં વધુ પેઢીઓ જોડાણ કરતી હોય છે.

પેઢીઓના વિલિનિકરણ નીચે મુજબ હોય શકે છે, એટલે કે જયારે કોઈ પેઢી બીજી પેઢી સાથે વિલિનિકરણ કરે છે ત્યારે વિલિનિકરણ કરવામાં આવેલી બંને પેઢીઓ નીચે મુજબ હોય શકે છે :

1. **કાચા માલની ઉપલબ્ધતાના પ્રશ્નો :-** પેઢીના ઉત્પાદન માટે જરૂરી કાચા માલનો પુરવઠો

   - બંને પેઢીઓ એક જ ક્ષેત્રની હોય. જેમ કે બંને પેઢીઓ ઔદ્યોગિકક્ષેત્રની હોય.
   - એક પેઢી એક ક્ષેત્રની હોય અને બીજી પેઢી બીજા ક્ષેત્રની હોય. જેમ કે એક પેઢી ઔદ્યોગિકક્ષેત્રની હોય અને બીજી પેઢી સેવાક્ષેત્રની હોય.
   - બંને પેઢીઓ એક જ ઉદ્યોગની હોય. જેમ કે બંને પેઢી કાર ઉદ્યોગની હોય.
   - એક પેઢી એક ઉદ્યોગની હોય અને બીજી પેઢી બીજા ઉદ્યોગની હોય. જેમ કે એક પેઢી કાર ઉદ્યોગની હોય અને બીજી પેઢી કાપડ ઉદ્યોગની હોય.
   - એક પેઢી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય અને બીજી પેઢી માત્ર વસ્તુનું વેચાણ કરતી હોય.
   - બંને પેઢીઓ વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
   - બંને પેઢીઓ એકસમાન વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
   - બંને પેઢીઓ જુદી જુદી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
   - બંને પેઢીઓ માત્ર વસ્તુનું વેચાણ કરતી હોય.
   - એક પેઢી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય અને બીજી પેઢી સેવાનું વેચાણ કરતી હોય.
   - બંને પેઢીઓ માત્ર સેવાનું વેચાણ કરતી હોય.
   - બંને પેઢીઓ એકસમાન સેવાનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
   - બંને પેઢીઓ જુદી જુદી સેવાનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.

- બંને પેઢીઓ એક જ દેશની હોય.
- એક પેઢી એક દેશની હોય અને બીજી પેઢી બીજા દેશની હોય.
- એક પેઢી કોઈ દેશના એક રાજ્ય(પ્રદેશ)ની હોય અને બીજી પેઢી બીજા રાજ્ય(પ્રદેશ)ની હોય.
- એક પેઢી નવી હોય અને બીજી પેઢી જૂની હોય.
- બંને પેઢીઓ જૂની પેઢી હોય.

**14.2.2 વિલિનિકરણના પ્રકારો :** કોઈ એક પેઢી કયા ઉદ્યોગની બીજી પેઢી સાથે વિલિનિકરણ કરે છે, કઈ વસ્તુનું ઉત્પાદન કરતી પેઢી સાથે વિલિનિકરણ કરે છે વગેરેના આધારે વિલિનિકરણના વિવિધ પ્રકારો નીચે મુજબ છે.

1. **ક્ષૈતિજ વિલિનિકરણ (Horizontal Merger) :** જ્યારે એક જ ઉદ્યોગમાં એકસમાન વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરનાર અથવા વેચાણ કરનાર બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે તેને ક્ષૈતિજ વિલિનિકરણ કહે છે. આ બંને પેઢીઓ એકબીજાની હરીફ પેઢીઓ હોય છે. ઉદાહરણ તરીકે કાર બનાવતી બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે તેને ક્ષૈતિજ વિલિનિકરણ કહે છે. આ પ્રકારનું વિલિનિકરણ પેઢીઓ એકબીજા સાથે હરીફાઈમાં ઘટાડો કરવા, બજાર હિસ્સો વધારવા, કદવિકાસના લાભો મેળવવા, બજારની મોટી પેઢી સામે રક્ષણ મેળવવા માટે પેઢીઓ ક્ષૈતિજ જોડાણ કરે છે. જેમ કે જિયો અને ડિઝની હૉટસ્ટારનું વિલિનિકરણ, વોડાફોન અને આઈડીયાનું વિલિનિકરણ ક્ષૈતિજ વિલિનિકરણ કહેવાય. આ બંને પેઢીઓ એક જ ઉદ્યોગની પેઢીઓ છે. આ પ્રકારના વિલિનિકરણથી પેઢીના કદમાં વધારો થાય છે, કદવિકાસના લાભો પ્રાપ્ત થાય છે, બજારમાં હરીફાઈ ઘટે છે વગેરે જેવા લાભો પ્રાપ્ત થાય છે.

2. **ઉર્ધ્વવિલિનિકરણ (Vertical Merger) :** જ્યારે એક જ ઉદ્યોગની જુદી જુદી વસ્તુઓનું ઉત્પાદન અથવા વેચાણ કરનાર બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે તેને ઉર્ધ્વલક્ષી વિલિનિકરણ કહે છે. આ બંને પેઢીઓ એકબીજાની પૂરક પેઢીઓ હોય છે. જ્યારે એક જ ઉદ્યોગમાં વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરતી હોય, પરંતુ ઉત્પાદનની પ્રક્રિયાના જુદા જુદા તબક્કામાં કામ કરતી હોય અથવા વેચાણની પ્રક્રિયાના જુદા જુદા તબક્કાઓમાં કામ કરતી હોય એવી બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે તેને ઉર્ધ્વલક્ષી વિલિનિકરણ કહેવાય છે. વસ્તુ અથવા સેવાના ઉત્પાદનની પ્રક્રિયાના જુદા જુદા તબકકાઓ હોય છે. જેમ કે વસ્તુ માટેના કાચામાલનું ઉત્પાદન કરવું, સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન કરવું, તૈયાર વસ્તુનું ઉત્પાદન કરવું વગેરે વિવિધ તબકકાઓ હોય છે. હવે કોઈ પેઢી કાચામાલ, સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન કરતી હોય અને બીજી પેઢી એ જ કાચામાલ, સ્પેરપાર્ટ્સમાંથી તૈયાર વસ્તુનું ઉત્પાદન કરતી હોય. હવે આ બે પેઢીઓ જો એકબીજા સાથે

વિલિનિકરણ કરે તો તેને ઉર્ધ્વવિલિનિકરણ કહે છે. આ પ્રકારના વિલિનિકરણ પાછળના મુખ્ય કારણોમાં ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયા પર નિયંત્રણ મેળવવો, કાચામાલ અથવા સ્પેરપાર્ટ્સના પુરવઠાની નિયમિત ઉપ્લબ્ધિ મેળવવા, કાચામાલ અથવા સ્પેરપાર્ટ્સના પુરવઠા પર નિયંત્રણ મેળવવા- વગેરે હેતુઓનો સમાવેશ થાય છે. એ જ રીતે વસ્તુ અથવા સેવાના વેચાણની પ્રક્રિયાના જુદા જુદા તબકકાઓ હોય છે.

3. **સમૂહ વિલિનિકરણ (Conglomerate Merger) :** જ્યારે જુદા-જુદા ઉદ્યોગમાં જુદી-જુદી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય અથવા વેચાણ કરતી હોય એવી બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે તો તેનૂ સમૂહ વિલિનિકરણ કહે છે. આ પ્રકારના વિલિનિકરણ પાછળના મુખ્ય હેતુઓમાં પેઢીનું વિસ્તરણ, બજર પર નિયંત્રણ, નવા ક્ષેત્રોમાં પ્રવેશ વગેરેનો સમાવેશ થાય છે. જેમ કે આ પ્રકારના વિલિનિકરણથી અન્ય ઉદ્યોગની પેઢી સાથે વિલિનિકરણ કરવાથી નવા ઉદ્યોગમાં દાખલ થતી વખતે જે જોખમો આવતા હોય છે તેની સામે રક્ષણ મળે છે. નવા ઉદ્યોગમાં જ્યારે કોઈ પેઢી પ્રવેશ કરે છે ત્યારે બજારનો અનુભવ ન હોવાથી યોગ્ય કિંમત ન કરી શકવું, પૂરતા પ્રમાણમાં વેચાણ ન થવું, બજારની ઓળખ ન હોવી વગેરે જોખમો રહેલા હોય છે. આ પ્રકારના વિલિનિકરણમાં કોઈ એક પેઢીને ઉદ્યોગ અને બજારનો અનુભવ હોય છે, જેના લીધે વિલિનિકરણ થયેલી અન્ય પેઢીનો જોખમ ઘટી જાય છે.

4. **બજાર વિસ્તરણ વિલિનિકરણ (Market Extensions Merger) :** જ્યારે કોઈ બે પેઢીઓ પોતે મૂળ જે બજારમાં વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય છે અથવા વેચાણ કરતી હોય છે તેની સાથે સાથે બીજા બજારમાં વસ્તુના ઉત્પાદન અથવા વેચાણ કરવા ઈચ્છતી હોય તે હેતુથી જ્યારે બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે છે તેને બજાર વિસ્તરણ વિલિનિકરણ કહે છે. એટલે કે કોઈ એક ભૌગોલિક વિસ્તારની સાથે સાથે પેઢી બીજા ભૌગોલિક વિસ્તારમાં પણ વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરવું હોય છે અથવા વેચાણ કરવું હોય છે. એ જ રીતે પેઢી વસ્તુ અથવા સેવાનું વેચાણ ઑફલાઈન કરતી હોય પછી પેઢી વસ્તુ અથવા સેવાનું ઑનલાઈન વેચાણ પણ કરવા ઈચ્છતી હોય ત્યારે પેઢી બીજી કોઈ પેઢી સાથે વિલિનિકરણ કરે તેને બજાર વિસ્તરણ વિલિનિકરણ કહી શકાય છે અથવા પેઢી વસ્તુ અથવા સેવાનું વેચાણ ઑનલાઈન કરતી હોય પછી પેઢી વસ્તુ અથવા સેવાનું ઑફલાઈન વેચાણ પણ કરવા ઈચ્છતી હોય ત્યારે પેઢી બીજી કોઈ પેઢી સાથે વિલિનિકરણ કરે તેને બજાર વિસ્તરણ વિલિનિકરણ કહી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે એકસમાન ઉદ્યોગમાં અથવા જુદા જુદા ઉદ્યોગમાં બે પેઢીઓ વસ્તુઓ અથવા સેવાઓનું ઉત્પાદન કરતી હોય અથવા વેચાણ કરતી હોય પરંતુ આ બંને જુદા જુદા ભૌગોલિક વિસ્તારમાં આવેલી હોય અથવા ઑફલાઈન-ઑનલાઈન વેચાણ કરતી હોય ત્યારે આવી બે પેઢીઓ વિલિનિકરણ કરે તેને બજાર વિસ્તરણ વિલિનિકરણ કહેવાય છે.

આ પ્રકારના વિલિનિકરણ કરવાના મુખ્ય હેતુઓમાં ગ્રાહકોની સંખ્યામાં વધારો કરવો, નવા બજારો પ્રાપ્ત કરવા, પેઢીનું વિસ્તરણ કરવા, વૈશ્વિક સ્તરની પેઢી તરીકેની પ્રતિષ્ઠા મેળવવા વગેરે હેતુઓનો સમાવેશ થાય છે.

5. **વસ્તુ વિસ્તરણ વિલિનિકરણ (Product Extensions Merger) :** જ્યારે કોઈ બે પેઢીઓ પોતે મૂળ જે વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય છે અથવા વેચાણ કરતી હોય છે તેની સાથે સાથે બીજી વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરવા ઈચ્છતી હોય તે હેતુથી જ્યારે બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે છે તેને વસ્તુ વિસ્તરણ વિલિનિકરણ કહે છે. આ બીજી વસ્તુ મૂળ વસ્તુની પૂરક વસ્તુ અથવા અવેજી વસ્તુ અથવા સ્વતંત્ર વસ્તુ હોય શકે છે.

બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે એકસમાન ઉદ્યોગમાં અથવા જુદા જુદા ઉદ્યોગમાં જે પેઢીઓ એકબીજા સાથે સંબંધિત વસ્તુઓ અથવા સેવાઓનું ઉત્પાદન કરતી હોય અથવા વેચાણ કરતી હોય, એટલે કે સીધેસીધા એકબીજાના હરીફ ન હોય એવી બે પેઢીઓ જો એકબીજા સાથે વિલિનિકરણ કરે તેને વસ્તુ વિસ્તરણ વિલિનિકરણ (Product Extensions Merger) કહે છે. આ પ્રકારના વિલિનિકરણમાં એક પેઢી કોઈ અલગ વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરતી હોય છે અને બીજી પેઢી બીજી કોઈ વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરતી હોય છે.

આ પ્રકારના વિલિનિકરણથી પેઢી પોતાની મૂળ વસ્તુ અથવા સેવાની સાથે સાથે બીજા પ્રકારની વસ્તુ અથવા સેવાનું બજાર મેળવે છે. જેના લીધે પેઢીના ગ્રાહકોમાં વધારો થાય છે, મૂળ વસ્તુના વેચાણમાં વધારો થાય છે તથા અન્ય પેઢીઓ કરતાં બજારમાં નવીન છાપ ઉદ્ભવે છે.

**14.2.3 વિલિનિકરણના ઉદાહરણ :** વિલિનિકરણના વિવિધ ઉદાહરણ નીચે મુજબ દર્શાવી શકાય :

1. વોડાફોન-આઈડીયા(Vi)
2. PVR અને INOX
3. Bharat Infratel અને Indus Towers
4. Air India અને Vistara
5. Jio અને Disney+hotstar

**14.2.4 વિલિનિકરણના લાભો (હેતુઓ અથવા કારણો) :** જ્યારે એકસમાન ઉદ્યોગમાં અથવા જુદા-જુદા ઉદ્યોગમાં વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરનાર અથવા વેચાણ કરનાર બે પેઢીઓ અમુક કારણોના લીધે એકબીજા સાથે વિલિનિકરણ કરતી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો બે પેઢીઓ અમુક

ચોક્કસ હેતુઓથી એકબીજા સાથે જોડાતી હોય છે અને આવું વિલિનિકરણ કરનાર પેઢીઓને અમુક લાભો પ્રાપ્ત થતા હોય છે. બે પેઢીઓના વિલિનિકરણ કરવાના લાભો, હેતુઓ થવા કારણો નીચે મુજબ છે :

1. **પેઢીના બજારકદ/બજારહિસ્સામાં વધારો :** જ્યારે બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે છે ત્યારે જે વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરે છે અથવા વેચાણ કરે છે તેના પ્રમાણમાં વધારો થાય છે, એટલે કે વિલિનિકરણથી પેઢીઓના બજારકદ અથવા બજાર હિસ્સામાં વધારો થાય છે. જ્યારે કોઈ પેઢી પોતાની વસ્તુ અથવા સેવા જેવી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરનાર અથવા વેચાણ કરનાર પેઢી સાથે વિલિનિકરણ કરે તો વસ્તુના ઉત્પાદન અથવા વેચાણ કરનાર પેઢીના ગ્રાહકોમાં વધારો થાય છે અને પેઢીના બજારહિસ્સામાં વધારો થાય છે. વિલિનિકરણના લીધે બજારમાં હરીફાઈમાં ઘટાડો થતો હોય, અન્ય ભૌગોલિક વિસ્તારમાં વેચાણની શક્યતા ઉદ્ભવતી હોય ત્યારે બજારમાં વસ્તુના કુલ ઉત્પાદનમાં, કુલ પુરવઠામાં અથવા કુલ વેચાણમાં પેઢીના હિસ્સામાં વધારો થાય છે.

2. **કદવિકાસના લાભો પ્રાપ્ત થાય :** વિલિનિકરણ કરવાથી પેઢીઓને કદવિકાસના લાભો પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે જ્યારે બે પેઢીઓ વિલિનિકરણ કરે છે ત્યારે તેમણે વધુ ઉત્પાદન કરવાનું રહે છે. એટલે કે પેઢીના કદમાં વધારો થાય છે. જ્યારે કોઈ પેઢીના કદમાં વધારો થાય છે ત્યારે તે પેઢીને કેટલાક લાભો પ્રાપ્ત થાય છે, જેને કદવિકાસના લાભો કહે છે. વિલિનિકરણ કરવાથી ખાસ કરીને પેઢીને એકમ વિકાસના લાભો પ્રાપ્ત થાય છે. વિલિનિકરણ કરવાથી બે પેઢીઓને વહીવટી લાભ, નાણાકીય લાભ, જોખમ સામે રક્ષણનો લાભ વગેરે પ્રાપ્ત થાય છે. જેમ કે વિલિનિકરણ કરવાથી પેઢીને વહીવટ કરવામાં સરળતા થાય છે, એટલે કે પેઢીને વહીવટી લાભ મળે છે. એ જ રીતે વિલિનિકરણ કરવાથી પેઢીને ખરીદ-વેચાણનો લાભ મળે છે. જેમ કે વિલિનિકરણ કરવાથી પેઢીને વધુ ઉત્પાદન કરવાનું હોવાથી વધુ કાચામાલની જરૂર પડે છે. આથી પેઢીને કાચોમાલ ઓછી કિંમતે મળે છે, આથી પેઢી વસ્તુઓનો વધુ વેચાણ કરી શકે છે. વિલિનિકરણ કરવાથી પેઢીના જોખમમાં ઘટાડો થાય છે. પેઢીઓ સામે તીવ્ર હરીફાઈ, ઓછું વેચાણ વગેરે જેવા જોખમો રહેલા હોય છે. પરંતુ વિલિનિકરણ કરવાથી પેઢીઓ વચ્ચે હરીફાઈ ઘટે છે, પેઢીઓને એકબીજાના બજારો પ્રાપ્ત થવાથી વેચાણમાં વધારો થાય છે. આમ, વિલિનિકરણ કરવાથી પેઢીઓને કદવિકાસના વિવિધ લાભો પ્રાપ્ત થાય છે.

3. **વિવિધતાનો લાભ :** વિલિનિકરણ કરવાથી પેઢીઓને વિવિધતાનો લાભ મળે છે. જો પેઢી પોતાની વસ્તુ સિવાયની અન્ય વસ્તુના ઉત્પાદન અથવા વેચાણ કરનાર પેઢી સાથે વિલિનિકરણ કરે તો પેઢી એક કરતાં વધારે

વસ્તુઓનું ઉત્પાદન અથવા વેચાણ કરી શકશે. એટલે કે પેઢી પોતાની મૂળ વસ્તુની સાથે સાથે અન્ય વસ્તુનું પણ ઉત્પાદન અથવા વેચાણ કરી શકશે. વિલિનિકરણમાં અન્ય પેઢીને બજારનો અનુભવ હોવાથી નવી પેઢી નવી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ જોખમ વિના કરી શકે છે.

4. **નવા બજારમાં પ્રવેશનો લાભ :** જ્યારે કોઈ પેઢી નવા બજારમાં પ્રવેશ કરે ત્યારે તે પેઢીને કેટલાક અવરોધોનો સામનો કરવો પડે છે. જેમ કે બજારમાં પ્રવેશ કરવા અંગેનો અવરોધ, એટલે કે જંગી મૂડીરોકાણ, કાચામાલના જથ્થા પર અન્ય પેઢીનું નિયંત્રણ, ટેક્નોલોજીનો અભાવ વગેરે પરિબળોના લીધે કેટલીક વખત પેઢી નવા બજારમાં પ્રવેશ કરી શકતી નથી. એ જ રીતે પેઢી નવા બજારમાં પ્રવેશ કરી લે પછી તે બજારની જૂની અને અનુભવી પેઢી સાથે તીવ્ર હરીફાઈ કરવી પડે છે, જેના લીધે નવી પેઢીની બાળ અવસ્થામાં જ મૃત્યુ થઈ શકે છે, એટલે કે નવી પેઢી શરૂઆતમાં જ બંધ થઈ શકે છે. પરંતુ વિલિનિકરણ કરવાથી કોઈ પેઢી બીજા નવા બજારમાં સરળતાથી પ્રવેશ કરી શકે છે. જ્યારે પેઢી અન્ય બજારની પેઢી સાથે વિલિનિકરણ કરે છે ત્યારે અન્ય પેઢીનો બજાર અનુભવ, ટેક્નોલોજી અને બજારની માહિતી વગેરેનો લાભ મળે છે. જેના પરિણામે નવા બજારમાં પેઢી સરળતાથી પ્રવેશ કરી શકે છે.

5. **સંશોધન અને નવપ્રવર્તનનો લાભ :** જ્યારે કોઈ પેઢી બીજી પેઢી સાથે વિલિનિકરણ કરે છે ત્યારે તે પેઢીને સંશોધન અને નવપ્રવર્તનનો લાભ મળે છે. વિલિનિકરણ કરવાથી પેઢીની નાણાકીય ક્ષમતામાં વધારો થાય છે, નવી ટેક્નોલોજી માટે મૂડીરોકાણ કરવાની ક્ષમતા વધે છે, જેના દ્વારા પેઢી નવી વસ્તુ, નવી પદ્ધતિ, નવા બજારો વગેરે માટે સંશોધન અને નવપ્રવર્તન કરી શકે છે. તેમજ જે પેઢી સાથે વિલિનિકરણ કરવામાં આવ્યું હોય તે પેઢી સંશોધન અને નવપ્રવર્તન કરવામાં વધુ સક્ષમ હોય તો તેનો લાભ વિલિનિકરણ કરનાર પેઢીને પણ પ્રાપ્ત થાય છે.

6. **મજબૂત નાણાકીય સ્થિતિઃ** જ્યારે કોઈ પેઢી બીજી પેઢી સાથે વિલિનિકરણ કરે છે ત્યારે પેઢીની નાણાકીય સ્થિતિ મજબૂત થાય છે. વિલિનિકરણ કરવાથી પેઢીના કદમાં વધારો થાય છે, જેના પરિણામે પેઢીની ધિરાણ મેળવવાની પાત્રતામાં વધારો થાય છે, મૂડીરોકાણ કરનારાઓને આ પેઢીમાં વિશ્વાસ વધે છે. તેમજ જો પેઢી કોઈ બહુરાષ્ટ્રીય પેઢી સાથે વિલિનિકરણ કરે તો બહુરાષ્ટ્રીય પેઢીની નાણાકીય સ્થિતિ ખૂબ મજબૂત હોય છે જેનો લાભ વિલિનિકરણ કરનાર પેઢીને પણ મળે છે.

7. **કાર્યક્ષમતામાં વધારો :** જ્યારે કોઈ પેઢી બીજી પેઢી સાથે વિલિનિકરણ કરે છે ત્યારે પેઢીની કાર્યક્ષમતામાં વધારો થાય છે. પેઢીનો બજાર અનુભવ, ઉપ્લબ્ધ ટેક્નોલોજી, તાલીમ પામેલા શ્રમિકો વગેરેના લીધે વસ્તુ અથવા સેવાની ગુણવત્તામાં સુધારો થાય છે, ઉત્પાદન અથવા વેચાણની પ્રક્રિયા ઝડપી બને છે, નાણાકીય શિસ્ત આવે છે, પેઢીનું વહીવટ સરળ બને છે. જેના પરિણામે સમગ્ર રીતે પેઢીની કાર્યક્ષમતામાં સુધારો થાય છે.

**14.2.5 વિલિનિકરણના ગેરલાભો (મર્યાદાઓ, નુકશાન) :** જ્યારે બે પેઢીઓ વિલિનિકરણ કરે છે ત્યારે કેટલાક ગેરલાભો, જોખમો પણ ઉદ્ભવી શકે છે. વિલિનિકરણ કરવાથી વિલિનિકરણ કરનાર પેઢીને ગેરલાભ થઈ શકે છે, વિલિનિકરણ કરનાર સિવાયની અન્ય પેઢીઓને ગેરલાભ થઈ શકે છે, ગ્રાહકોને નુકસાન થઈ શકે છે, બજારના માળખામાં પ્રતિકૂળ ફેરફાર થઈ શકે છે. વિલિનિકરણથી થતા ગેરલાભો નીચે મુજબ દર્શાવી શકાય છે :

1. **વિલિનિકરણ થવાનો ખર્ચ :** જ્યારે બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે છે ત્યારે તેમને વિલિનિકરણ કરવા માટે અમુક નાણાકીય ખર્ચ કરવો પડતો હોય છે. જેમ કે વિલિનિકરણ માટેની કાયદેસરની ફિ, જો બે પેઢીઓના વિલિનિકરણ વખતે કોઈ વિખવાદ થયો હોય તો તેના ઉકેલ માટેની અલગથી કાયદેસરની મોટી રકમ આપવી પડે છે. કેટલીક વખત પેઢીએ એ બાબતનો સંશોધન કરવો પડતો હોય છે કે કઈ પેઢી સાથે વિલિનિકરણ કરવું? પોતાના જેવી જ વસ્તુનું ઉત્પાદન કરતી પેઢી સાથે વિલિનિકરણ કરવું કે પછી બીજી વસ્તુઓનું ઉત્પાદન કરનારી પેઢી સાથે વિલિનિકરણ કરવું? આ પ્રકારના સંશોધન માટે પણ પેઢીએ મોટા પાયા પર ખર્ચ કરવો પડતો હોય છે. કારણ કે આ સંદર્ભમાં માહિતી મેળવીને નિર્ણય લેવામાં આવે છે. જો આ નિર્ણય કરવામાં ભૂલ થઈ જાય તો સમગ્ર વિલિનિકરણ નુકસાનકારક સાબિત થઈ શકે છે.

2. **બજારમાં ઈજારાનો ઉદ્ભવ :** જ્યારે બજારમાં વસ્તુના ઉત્પાદન અથવા વેચાણમાં મોટો હિસ્સો ધરાવતી હોય એવી બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે છે ત્યારે નવી બનેલી પેઢી બજારના મોટા હિસ્સા પર નિયંત્રણ મેળવી શકે છે. એટલે કે હવે વસ્તુ અથવા સેવાના કુલ ઉત્પાદન પર, કુલ પુરવઠા પર અથવા કિંમત પર આ પેઢીનો નિયંત્રણ થઈ જશે. આથી બજારમાં આ વિલિનિકરણ થયેલી પેઢીનો ઈજારો ઉદ્ભવે છે, જે બજાર માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. જેના પરિણામે બજારમાં કિંમત વધી શકે છે, ગ્રાહકો માટે પસંદગી ઘટી શકે છે. આમ, પેઢીઓના વિલિનિકરણથી જો બજાર 'ઈજારાબજાર' બનતું હોય તો તેને વિલિનિકરણનો ગેરલાભ કહી શકાય, એટલે કે પેઢીઓના વિલિનિકરણથી બજારના સ્વરૂપ અથવા બજારના માળખા પર નકારાત્મક અસર થઈ શકે છે.

3. **રોજગારીમાં ઘટાડો :** પેઢીઓના વિલિનિકરણ પછી જો શ્રમિકોની છંટણી થતી હોય એટલે કે વિલિનિકરણ પછી પેઢીમાંથી શ્રમિકોને છૂટા કરવામાં આવતા હોય તો રોજગારીમાં ઘટાડો થાય છે. વિલિનિકરણ થયા પછી પેઢીના કાર્યક્ષમ સંચાલન માટે, અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ વગેરે કારણોના લીધે ઓછા શ્રમિકોની જરૂર પડતી હોય તો અમુક શ્રમિકોને રોજગારીમાંથી છૂટા કરવામાં આવી શકે છે. જેના પરિણામે રોજગારીના પ્રમાણમાં ઘટાડો થશે. આમ, વિલિનિકરણના લીધે રોજગારી પર નકારાત્મક અસર થઈ શકે છે.

4. **એકીકરણના પડકારો :** જ્યારે બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરીને એક પેઢી બને છે ત્યારે વિલિનિકરણ કરનાર પેઢીઓને કેટલીક સમસ્યાઓનો કરવો પડતો હોય છે. જેમ કે પેઢીના સંચાલનના માળખામાં ફેરફાર થાય છે, કામ કરવાની પદ્ધતિ(વર્ક કલ્ચર)માં ફેરફાર થાય છે-વગેરે જેવા પ્રશ્નો બે પેઢીના વિલિનિકરણના લીધે ઉદ્ભવે છે, એટલે કે બે પેઢીઓના વિલિનિકરણથી એકીકરણના પ્રશ્નો ઉદ્ભવે છે.

5. **'બ્રાન્ડ' તરીકેની ઓળખ ગુમાવવી :** જ્યારે બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે છે ત્યારે વિલિનિકરણ પહેલાની પેઢીની 'બ્રાન્ડ' તરીકેની એક ઓળખ હોય છે. પરંતુ વિલિનિકરણ થયા પછી બે પેઢીઓ એક થઈ જાય છે. આથી વિલિનિકરણ પહેલા પેઢીની જે 'બ્રાન્ડ' તરીકે ઓળખ હતી તે ખતમ થઈ જાય છે. આમ, એવું કહી શકાય કે બે પેઢીઓએ વિલિનિકરણ કરવાથી તેમની 'બ્રાન્ડ' તરીકેની ઓળખ ગુમાવવી પડે છે.

6. **કાયદાકીય અને નિયંત્રણાત્મક અવરોધો :** જ્યારે બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે છે ત્યારે જે દેશમાં પેઢીઓનું વિલિનિકરણ થયું હોય તે દેશના વિલિનિકરણ સંબંધિત કાયદાઓ, બજારમાં યોગ્ય હરીફાઈ જાળવવાના કાયદાઓ વગેરેનું પાલન કરવું પડે છે. આ કાયદાઓ પેઢીને ઈજારા પેઢી બનતા અટકાવશે, બજાર પર પેઢીના નિયંત્રણને ઓછો કરશે, પેઢીના કિંમત નિર્ધારણને અસર કરશે. આમ, વિલિનિકરણથી પેઢીઓને કાયદાકીય અને નિયંત્રણાત્મક અવરોધો આવતા હોય છે.

## 14.3 સંપાદન (Acquisition) :

સંપાદન માટે 'અધિગ્રહણ' શબ્દનો પણ ઉપયોગ થાય છે અને અંગ્રેજીમાં Acquisition કહેવામાં આવે છે. Acquisition શબ્દ મૂળ લેટિન ભાષાના શબ્દ Acquirer પરથી આવ્યો છે, જેનો અર્થ 'પ્રાપ્ત કરવું', 'અધિગ્રહણ કરવું' થાય છે. સંપાદન અથવા અધિગ્રહણ શબ્દ પેઢીઓ સાથે સંબંધિત ખ્યાલ છે.

**14.3.1 સંપાદનનો અર્થ :** જ્યારે કોઈ પેઢી બીજી પેઢીને ખરીદી લે છે અથવા બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે છે ત્યારે પ્રથમ પેઢીએ બીજી પેઢીનું સંપાદન કર્યુ અથવા અધિગ્રહણ કર્યુ છે એમ કહેવાય. કોઈ પેઢી બીજી પેઢીને સીધેસીધી ખરીદી કરીને અથવા બીજી પેઢીના મોટાભાગના શૅર ખરીદીને, તે પેઢીની સંપત્તિ પર કબજો કરીને અથવા બીજી પેઢીના સંચાલનમાં મોટાભાગનું નિયંત્રણ મેળવીને બીજી પેઢીનું સંપાદન અથવા અધિગ્રહણ મેળવી શકે છે. કોઈ પેઢી બીજી પેઢીનું સંપાદન અથવા અધિગ્રહણ કરે છે ત્યારે બીજી પેઢીને પોતાનામાં સમાવી લે છે. કોઈ પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરીને તે પેઢીનું નામ બદલીને પોતાની પેઢીનું નામ રાખવામાં આવે છે અથવા બીજી પેઢીનું અધિગ્રહણ કરીને તે પેઢીનું જૂનું નામ જ ચાલુ રાખવામાં આવે છે.

પેઢીઓના સંપાદન(અધિગ્રહણ) નીચે મુજબ હોય શકે છે, એટલે કે

જ્યારે કોઈ પેઢી બીજી પેઢીને ખરીદી લે છે અથવા બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે છે ત્યારે જે પેઢીએ અધિગ્રહણ કર્યુ છે અને જે પેઢીનું અધિગ્રહણ થયું છે તે નીચે મુજબ શક્ય છે :

- બંને પેઢીઓ એક જ ક્ષેત્રની હોય, જેમ કે બંને પેઢી ઔદ્યોગિકક્ષેત્રની હોય.
- એક પેઢી એક ક્ષેત્રની હોય અને બીજી પેઢી બીજા ક્ષેત્રની હોય, જેમ કે એક પેઢી ઔદ્યોગિકક્ષેત્રની હોય અને બીજી પેઢી સેવાક્ષેત્રની હોય.
- બંને પેઢીઓ એક જ ઉદ્યોગની હોય, જેમ કે બંને પેઢી કાર ઉદ્યોગની હોય.
- એક પેઢી એક ઉદ્યોગની હોય અને બીજી પેઢી બીજા ઉદ્યોજની હોય, જેમ કે એક પેઢી કારઉદ્યોગની હોય અને બીજી પેઢી કાપડ ઉદ્યોગની હોય.
- એક પેઢી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય અને બીજી પેઢી માત્ર વસ્તુનું વેચાણ કરતી હોય.
- બંને પેઢીઓ વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
- બંને પેઢીઓ એકસમાન વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
- બંને પેઢીઓ જુદી જુદી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
- બંને પેઢીઓ માત્ર વસ્તુનું વેચાણ કરતી હોય.
- એક પેઢી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય અને બીજી પેઢી સેવાનું વેચાણ કરતી હોય.
- બંને પેઢીઓ માત્ર સેવાનું વેચાણ કરતી હોય.
- બંને પેઢીઓ એકસમાન સેવાનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
- બંને પેઢીઓ જુદી જુદી સેવાનનું ઉત્પાદન અને વેચાણ કરતી હોય.
- બંને પેઢીઓ એક જ દેશની હોય.
- એક પેઢી એક દેશની હોય અને બીજી પેઢી બીજા દેશની હોય.
- એક પેઢી કોઈ દેશના એક રાજ્ય(પ્રદેશ)ની હોય અને બીજી પેઢી બીજા રાજ્ય(પ્રદેશ)ની હોય.
- એક પેઢી નવી હોય અને બીજી પેઢી જૂની હોય.
- બંને પેઢીઓ જૂની પેઢી હોય.

**14.3.2 સંપાદનના પ્રકારો :** પેઢીઓના સંપાદનના વિવિધ પ્રકારો નીચે મુજબ છે :

1. **ક્ષૈતિજ સંપાદન(અધિગ્રહણ)(Horizontal Acquisition) :** જ્યારે એક જ ઉદ્યોગમાં એકસરખી વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરનાર એક પેઢી બીજી પેઢીની ખરીદી કરી લે  તેને ક્ષૈતિજ સંપાદન કહે છે. જ્યારે કોઈ પેઢી જે પ્રકારની વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય અથવા વેચાણ કરતી હોય તેવી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરનાર અથવા વેચાણ કરનાર પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલમાં મોટો હિસ્સો લઇ લે તો તે અધિગ્રહણને ક્ષૈતિજ અધિગ્રહણ કહેવાય છે.

આ પ્રકારના સંપાદન(અધિગ્રહણ) બંને પેઢીઓ એક જ ક્ષેત્રના એક જ ઉદ્યોગની પેઢીઓ હોય છે. ઉદાહરણ તરીકે કારનું ઉત્પાદન કરનાર પેઢી કારનું ઉત્પાદન કરનાર બીજી પેઢીને ખરીદી લે અથવા બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઈ લે તો તેને ક્ષૈતિજ સંપાદન કહેવાય. જેમ કે ટાટા મોટર્સ કંપની દ્વારા વર્ષ 2008માં ફૉર્ડ કંપની પાસેથી જેગુઆર લેન્ડરોવરનું અધિગ્રહણ કરવામાં આવ્યું તથા વૉડાફોન કંપની દ્વારા વર્ષ 2011માં હચીસન એસ્સાર કંપનમાંથી એસ્સાર કંપનીના હિસ્સાની ખરીદી કરીને અધિગ્રહણ કરવામાં આવ્યું તેને ક્ષૈતિજ સંપાદન કહેવાય. આ પ્રકારનું અધિગ્રહણ પેઢીના વિસ્તરણ માટે, બજાર હરીફાઈમાં ઘટાડો કરવા માટે, ભવિષ્યની બજાર હરીફાઈમાં ઘટાડો થાય તે માટે, બજાર પર નિયંત્રણ મેળવવા-વગેરે હેતુઓથી કરવામાં આવે છે. આ પ્રકારના સંપાદનમાં બંને પેઢીઓ એક જ દેશની અને એક જ રાજ્યની હોય શકે છે, બંને પેઢીઓ એક જ દેશની પરંતુ જુદા જુદા રાજ્યોની હોય શકે છે અથવા એક પેઢી એક દેશની અને બીજી પેઢી બીજા દેશની હોય શકે છે.

2. **ઉર્ધ્વલક્ષી સંપાદન(Vertical Acquisition) :** જ્યારે એક જ ઉદ્યોગમાં ઉત્પાદનની પ્રક્રિયાના જુદા જુદા તબકકાઓ પર કામ કરનાર એક પેઢી બીજી પેઢીની ખરીદી કરી લે અથવા બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટા હિસ્સા પર નિયંત્રણ મેળવી લે તેને ઉર્ધ્વલક્ષી સંપાદન કહે છે. જ્યારે એક જ ઉદ્યોગમાં વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરનાર અથવા વેચાણ કરનાર પેઢી ઉત્પાદનની પ્રક્રિયાના અન્ય તબક્કા પર કામ કરનાર પેઢીની ખરીદી કરી લે અથવા તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટા હિસ્સા પર નિયંત્રણ મેળવી લે તો તે ઉર્ધ્વલક્ષી સંપાદન કહે છે. ઉદાહરણ તરીકે એક પેઢી તૈયાર વસ્તુનું ઉત્પાદન કરે છે અને બીજી પેઢી તે વસ્તુ માટેના કાચામાલ અથવા સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન કરતી હોય. હવે જો તૈયાર વસ્તુનું ઉત્પાદન કરનાર પેઢી કાચામાલ અથવા સ્પેરપાર્ટ્સના ઉત્પાદન કરનાર પેઢીને ખરીદી લે તો તેને ઉર્ધ્વલક્ષી સંપાદન કહેવાય છે. જેમ કે કારનું ઉત્પાદન કરનાર પેઢી કાર માટેના ટાયરનું ઉત્પાદન કરનાર પેઢીને ખરીદી લે તો તેને ઉર્ધ્વલક્ષી સંપાદન કહેવાય. આ પ્રકારના સંપાદનમાં બંને પેઢીની વસ્તુઓ જુદી જુદી હોય છે પરંતુ બંને વસ્તુઓ ઉત્પાદનની પ્રક્રિયાના ભાગ હોય છે. આ પ્રકારના અધિગ્રહણના મુખ્ય હેતુઓ ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયા પર નિયંત્રણ મેળવવું, સપ્લાય ચેઈન પર નિયંત્રણ મેળવવું, અન્ય પેઢીઓ પરનો આધાર ઘટાડવો વગેરેનો સમાવેશ થાય છે.

3. **સમૂહ સંપાદન(Conglomerate Acquisition) :** જ્યારે એક ઉદ્યોગની પેઢી બીજા ઉદ્યોગની પેઢીની ખરીદી કરી લે અથવા બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટા હિસ્સા પર નિયંત્રણ મેળવી લે તેને સમૂહ સંપાદન(અધિગ્રહણ) કહે છે. જ્યારે કોઈ પેઢી જે પ્રકારની વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય અથવા વેચાણ કરતી હોય તેના કરતાં જુદી એવી બીજી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરનાર અથવા

વેચાણ કરનાર પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલમાં મોટો હિસ્સો લઈ લે તો તે અધિગ્રહણને ક્ષૈતિજ અધિગ્રહણ કહેવાય છે. આ પ્રકારના સંપાદનમાં બંને પેઢીની વસ્તુઓ જુદી જુદી હોય છે અને ઉત્પાદનની પ્રક્રિયાના ભાગ હોતા નથી.

આ પ્રકારના સંપાદન બંને પેઢીઓ એક જ ક્ષેત્રના એક જ ઉદ્યોગની પેઢીઓ હોય શકે છે અથવા જુદા જુદા ઉદ્યોગની પેઢીઓ હોય શકે છે અથવા જુદા જુદા ક્ષેત્રની પેઢીઓ હોય શકે છે. ઉદાહરણ તરીકે કારનું ઉત્પાદન કરનાર પેઢી કાપડનું ઉત્પાદન કરનાર બીજી પેઢીને ખરીદી લે અથવા બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઈ લે તો તેને સમૂહ સંપાદન કહેવાય.

4. **વસ્તુ વિસ્તરણ સંપાદન(Product Extensions Acquisition) :** જ્યારે કોઈ પેઢી પોતે મૂળ જે વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય છે અથવા વેચાણ કરતી હોય છે તેની સાથે સાથે બીજી વસ્તુના ઉત્પાદન અથવા વેચાણ કરવા ઈચ્છતી હોય તે હેતુથી જ્યારે બીજી પેઢીની ખરીદી કરે, માલિકી/સંચાલનમાં મોટો હીસ્સો મેળવે તેને વસ્તુ વિસ્તરણ સંપાદન કહે છે. આ બીજી વસ્તુ મૂળ વસ્તુની પૂરક વસ્તુ અથવા અવેજી વસ્તુ અથવા સ્વતંત્ર વસ્તુ હોય શકે છે. આ પ્રકારના સંપાદનમાં એક પેઢી કોઈ અલગ વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરતી હોય છે અને બીજી પેઢી બીજી કોઈ વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરતી હોય છે. આ પ્રકારના સંપાદનમાં કાચામાલની પ્રાપ્તિ સુનિશ્ચિત કરવી, વસ્તુ અથવા સેવાના ઉત્પાદન કરવા માટે અથવા વેચાણ કરવા માટેની ટેક્નોલોજી પ્રાપ્ત કરવી, પેઢીનું વિસ્તરણ કરવું- વગેરે મુખ્ય હેતુઓ હોય છે. આ પ્રકારના સંપાદનથી પેઢી પોતાની મૂળ વસ્તુ અથવા સેવાની સાથે સાથે બીજા પ્રકારની વસ્તુ અથવા સેવાનું બજાર મેળવે છે. જેના લીધે પેઢીના ગ્રાહકોમાં વધારો થાય છે, મૂળ વસ્તુના વેચાણમાં વધારો થાય છે તથા અન્ય પેઢીઓ કરતાં બજારમાં નવીન છાપ ઉદ્ભવે છે. ઉદાહરણ તરીકે ધારો કે કોઈ પેઢી ટેલિવિઝન(TV)નું ઉત્પાદન કરતી પેઢી એરકન્ડિશનર(AC)નું ઉત્પાદન કરતી પેઢીની ખરીદી કરે, માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો મેળવે તેને વસ્તુ વિસ્તરણ સંપાદન કહી શકાય છે. આ પ્રકારના સંપાદનમાં પેઢીઓ પોતાની મૂળ વસ્તુની સાથે સાથે બીજી વસ્તુનું પણ ઉત્પાદન અથવા વેચાણ કરે છે.

5. **બજાર વિસ્તરણ વિલિનિકરણ (Market Extensions Acquisition) :** જ્યારે કોઈ પેઢી પોતે મૂળ જે બજારમાં વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય છે અથવા વેચાણ કરતી હોય છે તેની સાથે સાથે બીજા બજારમાં વસ્તુના ઉત્પાદન અથવા વેચાણ કરવા ઈચ્છતી હોય તે હેતુથી જ્યારે બીજી પેઢીની ખરીદી કરે છે, બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો મેળવે તેને બજાર વિસ્તરણ સંપાદન કહે છે. એટલે કે કોઈ એક ભૌગોલિક વિસ્તારની સાથે સાથે પેઢી બીજા ભૌગોલિક વિસ્તારમાં પણ વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરવું હોય છે અથવા વેચાણ કરવું હોય છે. એ જ રીતે પેઢી વસ્તુ અથવા સેવાનું વેચાણ

ઑફલાઈન કરતી હોય પછી પેઢી વસ્તુ અથવા સેવાનું ઑનલાઈન વેચાણ પણ કરવા ઈચ્છતી હોય અથવા પેઢી વસ્તુ અથવા સેવાનું વેચાણ ઑનલાઈન કરતી હોય પછી પેઢી વસ્તુ અથવા સેવાનું ઑફલાઈન વેચાણ પણ કરવા ઈચ્છતી હોય ત્યારે પેઢી બીજી પેઢીની ખરીદી કરે છે, બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો મેળવે તેને બજાર વિસ્તરણ સંપાદન કહે છે.

આ પ્રકારના સંપાદન કરવાના મુખ્ય હેતુઓમાં ગ્રાહકોની સંખ્યામાં વધારો કરવો, નવા બજારો પ્રાપ્ત કરવા, પેઢીનું વિસ્તરણ કરવા, વૈશ્વિક સ્તરની પેઢી તરીકેની પ્રતિષ્ઠા મેળવવા વગેરે હેતુઓનો સમાવેશ થાય છે.

ઉદાહરણ તરીકે, ધારો કે ભારત દેશમાં મહારાષ્ટ્ર રાજ્યમાં કોઈ એક ડેરી છે અને ગુજરાત રાજ્યમાં બીજી એક પેઢીની ડેરી છે. હવે જો ગુજરાત રાજ્યની ડેરી મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલી ડેરીની ખરીદી કરી લે, તે ડેરીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો મેળવી લે તો ગુજરાતની ડેરીના બજારના કદમાં વધારો થશે, આથી આ પ્રકારના સંપાદન તેને બજાર વિસ્તરણ વિલિનિકરણ કહે છે. એ જ રીતે કોઈ પેઢી ભારતની છે અને બીજી પેઢી બહુરાષ્ટ્રીય પેઢી છે. હવે જો આ ભારતની પેઢી બહુરાષ્ટ્રીય પેઢીની ખરીદી કી લે અથવા બહુરાષ્ટ્રીય પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો મેળવે તો તેને બજાર વિસ્તરણ સંપાદન કહેવાય છે.

**14.3.3 સંપાદનના ઉદાહરણ :** વિશ્વમાં ભારતમાં અનેક પેઢીઓના સંપાદન થયા છે. પેઢીના સંપાદનના અમુક ઉદાહરણ નીચે મુજબ છે :

- ફેસબુક કંપની દ્વારા વર્ષ 2014માં વ્હોટસપ કંપનીનું અધિગ્રહણ કરવામાં આવ્યું.
- ફેસબુક કંપની દ્વારા વર્ષ 2012માં ઈન્સ્ટાગ્રામ કંપનીનું અધિગ્રહણ કરવામાં આવ્યું.
- માઈક્રોસોફ્ટ કંપની દ્વારા વર્ષ 2016માં લિંક્ડઈન કંપનીનું અધિગ્રહણ કરવામાં આવ્યું.
- ટાટા મોટર્સ કંપની દ્વારા વર્ષ 2008માં ફૉર્ડ કંપની પાસેથી જેગુઆર લેન્ડરોવરનું અધિગ્રહણ કરવામાં આવ્યું.
- વૉડાફોન કંપની દ્વારા વર્ષ 2011માં હચીસન એસ્સાર કંપનમાંથી એસ્સાર કંપનીના હિસ્સાની ખરીદી કરીને અધિગ્રહણ કરવામાં આવ્યું.

**14.3.4 સંપાદનના લાભ (હેતુઓ અથવા કારણો) :** અમુક ચોક્કસ હેતુઓથી કોઈ પેઢી અન્ય પેઢીની ખરીદી કરે છે અથવા અન્ય પેઢીની માલિકી/સચાલનમાં મોટો હિસ્સો પ્રાપ્ત કરતી હોય છે અને આવું સંપાદન કરનાર પેઢીને અમુક લાભો પ્રાપ્ત થતા હોય છે જે નીચે મુજબ છે :

1. **પેઢીના બજારકદ/બજારહિસ્સામાં વધારો :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે છે એટલે

કે એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢીના ઉત્પાદન અથવા વેચાણના પ્રમાણમાં વધારો થાય છે, એટલે કે અધિગ્રહણથી પેઢીના બજારકદ અથવા બજાર હિસ્સામાં વધારો થાય છે. જ્યારે કોઈ પેઢી પોતાનું વસ્તુ અથવા સેવા જેવી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરનાર અથવા વેચાણ કરનાર પેઢીનું અધિગ્રહણ કરે તો પેઢીના ગ્રાહકોમાં વધારો થાય છે અને પેઢીના બજાર હિસ્સામાં વધારો થાય છે. અધિગ્રહણના લીધે બજારમાં હરીફાઈમાં ઘટાડો થતો હોય, અન્ય ભૌગોલિક વિસ્તારમાં વેચાણની શક્યતા ઉદ્ભવતી હોય ત્યારે બજારમાં વસ્તુના કુલ ઉત્પાદનમાં, કુલ પુરવઠામાં અથવા કુલ વેચાણમાં પેઢીના હિસ્સામાં વધારો થાય છે.

2. **કદવિકાસના લાભો પ્રાપ્ત થાય :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઈ લે છે એટલે કે એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢીને કદવિકાસના લાભો પ્રાપ્ત થાય છે. અધિગ્રહણ કરવાથી પેઢીના કદમાં વધારો થાય છે. જ્યારે કોઈ પેઢીના કદમાં વધારો થાય છે ત્યારે તે પેઢીને કેટલાક લાભો પ્રાપ્ત થાય છે, જેને કદવિકાસના લાભો કહે છે. અધિગ્રહણ કરવાથી ખાસ કરીને પેઢીને એકમ વિકાસના લાભો પ્રાપ્ત થાય છે. અધિગ્રહણ કરવાથી પેઢીને વહીવટી લાભ, નાણાકીય લાભ, જોખમ સામે રક્ષણનો લાભ વગેરે પ્રાપ્ત થાય છે. જેમ કે અધિગ્રહણ કરવાથી પેઢીને વહીવટ કરવામાં સરળતા થાય છે, એટલે કે પેઢીને વહીવટી લાભ મળે છે. એ જ રીતે અધિગ્રહણ કરવાથી પેઢીને ખરીદ-વેચાણનો લાભ મળે છે. જેમ કે અધિગ્રહણ કરવાથી પેઢીને વધુ ઉત્પાદન કરવાનું હોવાથી વધુ કાચામાલની જરૂર પડે છે. આથી પેઢીને કાચોમાલ ઓછી કિંમતે મળે છે, પેઢી વસ્તુઓનો વધુ વેચાણ કરી શકે છે. અધિગ્રહણ કરવાથી પેઢીના કદમાં વધારો થાય છે અને આથી પેઢી ધિરાણ આપનાર પેઢીઓ માટે 'મોટો ગ્રાહક' બની જાય છે. આથી નાણાકીય સંસ્થાઓ પાસેથી પેઢી સરળતાથી અને મોટા પ્રમાણમાં નાણા મેળવી શકે છે. અધિગ્રહણ કરવાથી પેઢીના જોખમમાં ઘટાડો થાય છે. પેઢીઓ સામે તીવ્ર હરીફાઈ, ઓછું વેચાણ વગેરે જેવા જોખમો રહેલા હોય છે. પરંતુ અધિગ્રહણ કરવાથી પેઢીઓ વચ્ચે હરીફાઈ ઘટે છે, પેઢીને બીજી પેઢીના બજારો પ્રાપ્ત થવાથી વેચાણમાં વધારો થાય છે. આમ, અધિગ્રહણ કરવાથી પેઢીને કદવિકાસના વિવિધ લાભો પ્રાપ્ત થાય છે.

3. **વિવિધતાનો લાભ :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઈ લે છે એટલે કે એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢીને વિવિધતાનો લાભ મળે છે. જો પેઢી પોતાની વસ્તુ સિવાયની અન્ય વસ્તુના ઉત્પાદન અથવા વેચાણ કરનાર પેઢીનું અધિગ્રહણ કરે તો પેઢી એક કરતાં વધારે વસ્તુઓનું ઉત્પાદન અથવા વેચાણ કરી શકશે. એટલે કે પેઢી પોતાની મૂળ વસ્તુની સાથે સાથે અન્ય વસ્તુનું પણ ઉત્પાદન અથવા વેચાણ કરી શકશે. અધિગ્રહણમાં અન્ય પેઢીને બજારનો અનુભવ હોવાથી

અધિગ્રહણ કરનાર પેઢી નવી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ જોખમ વિના કરી શકે છે.

4. **નવા બજારમાં પ્રવેશનો લાભ :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે છે એટલે કે એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢી બીજા નવા બજારમાં સરળતાથી પ્રવેશ કરી શકે છે. જ્યારે પેઢી અન્ય બજારની પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે અન્ય પેઢીનો બજાર અનુભવ, ટેક્નોલોજી અને બજારની માહિતી વગેરેનો લાભ મળે છે. જેના પરિણામે નવા બજારમાં પેઢી સરળતાથી પ્રવેશ કરી શકે છે.

5. **સંશોધન અને નવપ્રવર્તનનો લાભ :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે છે એટલે કે એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢીને સંશોધન અને નવપ્રવર્તનનો લાભ મળે છે. જે પેઢીનું અધિગ્રહણ કરવામાં આવ્યું છે તે પેઢી કોઈ નવા વિચાર, નવી વસ્તુ, નવી પદ્ધતિ, નવા બજાર સાથે કામ કરતી હોય ત્યારે આવી પેઢીનું અધિગ્રહણ કરવાથી અધિગ્રહણ કરનાર પેઢીને આ નવપ્રવર્તનનો સીધેસીધો લાભ પ્રાપ્ત થાય છે.

6. **મજબૂત નાણાકીય સ્થિતિ :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે છે ત્યારે પેઢીની નાણાકીય સ્થિતિ મજબૂત થાય છે. અધિગ્રહણ કરવાથી પેઢીના કદમાં વધારો થાય છે, જેના પરિણામે પેઢીની ધિરાણ મેળવવાની પાત્રતામાં વધારો થાય છે, મૂડીરોકાણ કરનારાઓને આ પેઢીમાં વિશ્વાસ વધે છે. તેમજ જો કોઈ બહુરાષ્ટ્રીય પેઢી અધિગ્રહણ કરે તો બહુરાષ્ટ્રીય પેઢીની નાણાકીય સ્થિતિ ખૂબ મજબૂત હોય છે જેનો લાભ અધિગ્રહણ થનાર પેઢીને પણ મળે છે.

7. **કાર્યક્ષમતામાં વધારો :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે છે એટલે કે એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે પેઢીની કાર્યક્ષમતામાં વધારો થાય છે. પેઢીનો બજાર અનુભવ, ઉપ્લબ્ધ ટેક્નોલોજી, તાલીમ પામેલા શ્રમિકો વગેરેના લીધે વસ્તુ અથવા સેવાની ગુણવત્તામાં સુધારો થાય છે, ઉત્પાદન અથવા વેચાણની પ્રક્રિયા ઝડપી બને છે, નવી ટેક્નોલોજીનો લાભ મળે છે, નાણાકીય શિસ્ત આવે છે, પેઢીનું વહીવટ સરળ બને છે. જેના પરિણામે સમગ્ર રીતે પેઢીની કાર્યક્ષમતામાં સુધારો થાય છે.

**14.3.5 સંપાદનના ગેરલાભો (મર્યાદાઓ, નુકશાન) :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલમાં મોટો હિસ્સો લઇ લે છે એટલે કે એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે કેટલાક ગેરલાભો, જોખમો પણ ઉદ્ભવી શકે છે. એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢીને ગેરલાભ થઈ શકે છે, જે પેઢીનું અધિગ્રહણ કરવામાં આવ્યું છે તે પેઢીને ગેરલાભ થઈ શકે છે. અધિગ્રહણ કરનાર પેઢી અને અધિગ્રહણ થનાર પેઢી સિવાયની અન્ય પેઢીઓને ગેરલાભ થઈ શકે છે, ગ્રાહકોને

નુકસાન થઈ શકે છે, બજારના માળખામાં પ્રતિકૂળ ફેરફાર થઈ શકે છે. જ્યારે કોઈ એક પેઢી બીજી પેઢીનું અધિગ્રહણ કરે છે ત્યારે થતા ગેરલાભો નીચે મુજબ દર્શાવી શકાય છેઃ

1. **અધિગ્રહણ કરવાનો ખર્ચ :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢી જે પેઢીનું અધિગ્રહણ કર્યુ હોય તે પેઢીના માલિકને રકમની ચુકવણી કરવી પડશે. ઘણીવાર આ રકમ ખૂબ વધારે પણ હોય છે. જ્યારે કોઈ પેઢીને અન્ય પેઢી વિશે એવી વિચારણા હોય કે ભવિષ્યમાં મોટા હરીફ બનવાની શક્યતા હોય ત્યારે મોટી રકમ આપીને પણ અન્ય પેઢીને ખરીદી લેવામાં આવે છે. જેથી ભવિષ્યમાં કોઈ મોટો હરીફ ન રહે.તદુપરાંત જ્યારે અન્ય પેઢીનું અધિગ્રહણ કરવામાં આવે છે ત્યારે તે પેઢીને અધિગ્રહણ કરવા માટે અમુક નાણાકીય ખર્ચ કરવો પડતો હોય છે. જેમ કે અધિગ્રહણ માટેની કાયદેસરની ફિ, જો અન્ય પેઢીનું અધિગ્રહણ કરતી વખતે કોઈ વિખવાદ થયો હોય તો તેના ઉકેલ માટેની અલગથી કાયદેસરની મોટી રકમ આપવી પડે છે. કેટલીક વખત પેઢીએ એ બાબતનો સંશોધન કરવું પડતું હોય છે કે કઈ પેઢીનું અધિગ્રહણ કરવું? પોતાના જેવી જ વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીનું અધિગ્રહણ કરવું? કે પછી બીજી વસ્તુઓનું ઉત્પાદન કરનારી પેઢીનું અધિગ્રહણ કરવું? આ પ્રકારના સંશોધન માટે પણ પેઢીએ મોટા પાયા પર ખર્ચ કરવો પડતો હોય છે. કારણ કે આ સંદર્ભમાં માહિતી મેળવીને નિર્ણય લેવામાં આવે છે. જો આ નિર્ણય કરવામાં ભૂલ થઈ જાય તો અન્ય પેઢીનું અધિગ્રહણ કરવું ફાયદાકારક બનવાના બદલે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

2. **બજારમાં ઈજારાનો ઉદ્ભવ :** જ્યારે બજારમાં વસ્તુના ઉત્પાદન અથવા વેચાણમાં મોટો હિસ્સો ધરાવતી હોય એવી બે પેઢીઓમાંથી કોઈ એક પેઢી બીજી પેઢીને ખરીદી લે, પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો મેળવી લે  ત્યારે અધિગ્રહણ કરનાર પેઢી બજારના મોટા હિસ્સા પર નિયંત્રણ મેળવી શકે છે. એટલે કે હવે વસ્તુ અથવા સેવાના કુલ ઉત્પાદન પર, કુલ પુરવઠા પર અથવા કિંમત પર આ પેઢીનો નિયંત્રણ થઈ જશે, બજારમાં વર્તમાન હરીફાઈ અને ભવિષ્યની હરીફાઈમાં ઘટાડો થઈ જશે. આથી બજારમાં આ પેઢીનો ઈજારો ઉદ્ભવે છે, જે બજાર માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.જેના પરિણામે બજારમાં કિંમત વધી શકે છે, ગ્રાહકો માટે પસંદગી ઘટી શકે છે. આમ, પેઢીના અધિગ્રહણથી જો બજાર 'ઈજારાબજાર' બનતું હોય તો તેને અધિગ્રહણનો ગેરલાભ કહી શકાય, એટલે કે પેઢીના અધિગ્રહણથી બજારના સ્વરૂપ અથવા બજારના માળખા પર નકારાત્મક અસર થઈ શકે છે.

3. **રોજગારીમાં ઘટાડો :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢી જે પેઢીનું અધિગ્રહણ કર્યુ હોય તે પેઢીમાંથી શ્રમિકોને છૂટા કરવામાં આવતા હોય તો રોજગારીમાં ઘટાડો થાય છે. અધિગ્રહણ થયા પછી

પેઢીના કાર્યક્ષમ સંચાલન માટે, અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ વગેરે કારણોના લીધે ઓછા શ્રમિકોની જરૂર પડતી હોય તો અમુક શ્રમિકોને રોજગારીમાંથી છૂટા કરવામાં આવી શકે છે. જેના પરિણામે રોજગારીના પ્રમાણમાં ઘટાડો થશે. આમ, અધિગ્રહણના લીધે રોજગારી પર નકારાત્મક અસર થઈ શકે છે.

4. **એકીકરણના પડકારો :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે ત્યારે અધિગ્રહણ કરનાર પેઢી અને અધિગ્રહણ થનાર પેઢીઓને કેટલીક સમસ્યાઓનો કરવો પડતો હોય છે. જેમ કે પેઢીના સંચાલનના માળખામાં ફેરફાર થાય છે, કામ કરવાની પદ્ધતિ(વર્ક કલ્ચર)માં ફેરફાર થાય છે-વગેરે જેવા પ્રશ્નો પેઢીના અધિગ્રહણના લીધે ઉદ્ભવે છે, એટલે કે પેઢીના અધિગ્રહણથી એકીકરણના પ્રશ્નો ઉદ્ભવે છે.

5. **'બ્રાન્ડ' તરીકે ઓળખ ગુમાવવી :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે ત્યારે જે પેઢીનું અધિગ્રહણ કરવામાં આવ્યું છે તે પેઢીની અધિગ્રહણ પહેલાની 'બ્રાન્ડ' તરીકેની એક ઓળખ હોય છે તેને નુકસાન થવાની શક્યતા રહે છે. જે પેઢીએ અન્ય પેઢીનું અધિગ્રહણ કર્યું હોય તે પેઢી જો પોતાની પેઢીનું નામ કરી દે તો અધિગ્રહણ થયેલ પેઢીની બ્રાન્ડ ખતમ થઈ જાય છે. આથી અધિગ્રહણ પહેલા પેઢીની જે 'બ્રાન્ડ' તરીકે ઓળખ હતી તે ખતમ થઈ જાય છે.

6. **કાયદાકીય અને નિયંત્રણાત્મક અવરોધો :** જ્યારે કોઈ પેઢી અન્ય પેઢીને ખરીદી લે, તે પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઇ લે ત્યારે જે દેશમાં પેઢીએ અધિગ્રહણ કર્યું હોય તે દેશના અધિગ્રહણ સંબંધિત કાયદાઓ, બજારમાં યોગ્ય હરીફાઈ જાળવવાના કાયદાઓ વગેરેનું પાલન કરવું પડે છે. આ કાયદાઓ પેઢીને ઈજારા પેઢી બનતા અટકાવશે, બજાર પર પેઢીના નિયંત્રણને ઓછો કરશે, પેઢીના કિંમત નિર્ધારણને અસર કરશે. આમ, અધિગ્રહણથી પેઢીઓને કાયદાકીય અને નિયંત્રણાત્મક અવરોધો આવતા હોય છે.

## 14.4 ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ :

**14.4.1 ઔદ્યોગિક વિકેન્દ્રિકરણનો અર્થ :** ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ એટલે કોઈ એક અથવા અમુક જ વિસ્તારમાં ઉદ્યોગોનો વિકાસ થવાના બદલે મોટાભાગના બધા જ વિસ્તારોમાં ઉદ્યોગોનો વિકાસ થવો. તદુપરાંત કોઈ એક ક્ષેત્ર(ખાનગીક્ષેત્ર અને જાહેરક્ષેત્ર)માં જ ઉદ્યોગોનો વિકાસ બધા ક્ષેત્રોમાં થાય તેને ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ કહે છે. ઉદાહરણ તરીકે કોઈ દેશના મોટાભાગના ઉદ્યોગો દેશના અમુક જ પ્રદેશમાં હોય તો તેને ઔદ્યોગિક કેન્દ્રિકરણ કહેવાય. એ જ રીતે જો એ દેશના મોટા ભાગના ઉદ્યોગો ખાનગીક્ષેત્રમાં હોય અથવા દેશના મોટાભાગના ઉદ્યોગો જાહેરક્ષેત્રમાં હોય

તો તેને ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ કહેવાય છે. પરંતુ જો દેશમાં બધા પ્રદેશોમાં તથા ખાનગીક્ષેત્ર અને જાહેરક્ષેત્રમાં લગભગ સરખા પ્રમાણમાં હોય તો તેને ઔધોગિક વિકેન્દ્રિકરણ કહે છે. ઔદ્યોગિક વિકેન્દ્રિકરણમાં રાજ્ય(સરકાર)ની ભૂમિકા ખૂબ અગત્યની હોય છે. સરકાર રાજકોષીય નીતિના સાધનો જેમ કે કરવેરા, જાહેર ખર્ચ અને જાહેર દેવું તથા નાણાકીય નીતિ, ઔદ્યોગિક નીતિ, SEZ નીતિ વગેરેનો ઉપયોગ કરીને ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ કરી શકે છે.

**14.4.2 ઔદ્યોગિક વિકેન્દ્રિકરણની જરૂરિયાત :** ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ નીચે આપેલી બાબતો માટે જરૂરી હોય છે :

1. **સમતોલ પ્રાદેશિક વિકાસ :** ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ સમતોલ પ્રાદેશિક વિકાસ માટે ખૂબ જરૂરી છે. ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ દ્વારા દેશના બધા પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ થાય છે. જેના પરિણામે રોજગારી અને આવકમાં વધારો થાય છે. તદુપરાંત ઔદ્યોગિક વિકાસ દ્વારા ખેતીક્ષેત્રના વિકાસ અને માળખાકીય સુવિધાઓનો વિકાસને પ્રોત્સાહન મળે છે.

2. **સ્થળાંતર પર નિયંત્રણ :** ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ દ્વારા સ્થળાંતર પર નિયંત્રણ આવે છે. ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ દ્વારા બધા જ વિસ્તારોમાં રોજગારીની તકોનું સર્જન થાય છે. આથી લોકોને પોતાના વિસ્તારમાં જ રોજગારી મળી રહે છે. જેના પરિણામે સ્થળાંતરમાં ઘટાડો થાય છે, ખાસ કરીને ગામમાંથી શહેરોમાં થતું સ્થળાંતર ઓછું થાય છે, શહેરીકરણની નકારાત્મક અસરો ઘટે છે. તદુપરાંત ઔદ્યોગિક વિકેન્દ્રિકરણના લીધે શિક્ષિત લોકોને દેશમાં જ યોગ્ય રોજગારી મળી રહેવાથી દેશમાંથી બીજા દેશમાં થતું બુદ્ધિધનનુ ધોવાણ ઘટે છે.

3. **સમગ્ર આર્થિક વિકાસ :** ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ દ્વારા બધા જ પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ કરવામાં આવે છે. જેના પરિણામે બધા જ પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ થાય છે, ખેતીક્ષેત્ર અને સેવાક્ષેત્રનો પણ વિકાસ થાય છે. ઔદ્યોગિક વિકાસ માટે શિક્ષિત અને તાલીમ પામેલા લોકોની જરૂર પડવાથી શિક્ષણના પ્રમાણમાં વધારો થાય છે, લોકોના જીવનધોરણમાં સુધારો થાય છે. આમ, ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ દ્વારા દેશમાં સમગ્ર આર્થિક વિકાસ થાય છે.

## 14.5 સારાંશ :

દરેક અર્થતંત્રમાં ફેરફાર આવતા રહે છે. એટલે કે અર્થતંત્રના વિવિધ વિભાગો જેમ કે ખેતીક્ષેત્ર, ઔદ્યોગિકક્ષેત્ર અને સેવાક્ષેત્રમાં ફેરફાર આવતા રહે છે. આર્થિક વિકાસની પ્રક્રિયા દરમ્યાન પેઢીઓના વિલિનિકરણ અને સંપાદન થતા રહે છે. આ વિલિનિકરણ અને સંપાદન અર્થતંત્રમાં ઉત્પાદન, રોજગારી, આવક વગેરે પર હકારાત્મક અસરો થતી હોય છે અને કેટલીક નકારાત્મક અસરો પણ થતી હોય છે. તદુપરાંત કોઈ પણ દેશના આર્થિક વિકાસમાં ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ ખૂબ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે.

## 14.6 ચાવીરૂપ શબ્દો :

1. **વિલિનિકરણ(જોડાણ) :** વિલિનિકરણ માટે 'જોડાણ' શબ્દનો પણ ઉપયોગ થાય છે અને અંગ્રેજીમાં Merger કહેવામાં આવે છે. Merger શબ્દ લો ફ્રેન્ચ શબ્દ merger અને લેટિન શબ્દ Mergere પરથી આવ્યો છે. વિલિનિકરણનો ખ્યાલ બે પેઢી અથવા બે કરતાં વધુ પેઢીઓ સાથે સંબંધિત છે. એટલે કે બે પેઢીઓ અથવા બે કરતાં વધુ પેઢીઓ જોડાઈને એક કંપની બને તેને જોડાણ(મર્જર) કહે છે.
2. **સંપાદન(અધિગ્રહણ) :** જ્યારે કોઈ પેઢી બીજી પેઢીને ખરીદી લે છે અથવા બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઈ લે છે ત્યારે પ્રથમ પેઢીએ બીજી પેઢીનું સંપાદન કર્યુ અથવા અધિગ્રહણ કર્યુ છે એમ કહેવાય.
3. **પેઢી :** પેઢી એટલે વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરનાર અથવા વેચાણ કરનાર એકમ.
4. **ઉદ્યોગ :** એકસમાન વસ્તુઓનું ઉત્પાદન કરનાર પેઢીઓને ઉદ્યોગ કહે છે. એટલે કે કોઈ ઉદ્યોગમાં ચોક્કસ વસ્તુઓનું ઉત્પાદન કરનાર પેઢીઓનો સમાવેશ થાય છે.
5. **કદવિકાસના લાભ :** જ્યારે કોઈ પેઢીના કદમાં વધારો થવાથી પેઢીને જે લાભ મળે છે તેને કદવિકાસના લાભ કહે છે. ખાસ કરીને પેઢીને એકમ વિકાસના લાભો પ્રાપ્ત થાય છે. જેમાં વહીવટી લાભ, નાણાકીય લાભ, જોખમ સામે રક્ષણનો લાભ વગેરે લાભોનો સમાવેશ થાય છે.
6. **બજાર હિસ્સો :** વસ્તુના કુલ ઉત્પાદન અથવા કુલ વેચાણમાં કોઈ એક પેઢીનું જે પ્રમાણ હોય તેને બજાર હિસ્સો કહે છે.
7. **બહુરાષ્ટ્રીય પેઢી(કંપની) :** જે પેઢીનું મુખ્ય મથક કોઈ એક દેશમાં હોય પરંતુ તે પેઢી વિશ્વના બીજા દેશોમાં ઉત્પાદન અથવા વેચાણની પ્રવૃત્તિ કરતી હોય તે પેઢીને બહુરાષ્ટ્રીય પેઢી કહે છે.

## 14.7 તમારી પ્રગતિ ચકાસો :

❖ **લાંબા પ્રશ્નોના જવાબો આપો :**

1. વિલિનિકરણ એટલે શું ? વિલિનિકરણના લાભ-ગેરલાભ વિસ્તૃત રીતે સસમજાવો.
2. સંપાદન(અધિગ્રહણ) એટલે શું ? સંપાદન (અધિગ્રહણ)ના લાભ-ગેરલાભ સમજાવો.

❖ **ટૂંકા પ્રશ્નોના જવાબો આપો :**

1. વિલિનિકરણ(જોડાણ)ની વ્યાખ્યા આપો.
2. કોઈપણ ચાર વિલિનિકરણ(જોડાણ)ના નામ જણાવો.
3. વિલિનિકરણ(જોડાણ)ના પ્રકારોના નામ આપો.
4. વિલિનિકરણ(જોડાણ)ના લાભો જણાવો.
5. વિલિનિકરણ(જોડાણ)ના ગેરલાભો જણાવો.
6. સંપાદન( અધિગ્રહણ) એટલે શું.
7. કોઈપણ ચાર સંપાદનના નામ લખો.

8. સંપાદનના લાભો જણાવો.
9. સંપાદનના ગેરલાભો જણાવો.
10. ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ એટલે શું?
11. ઔદ્યોગિક વિકેન્દ્રિકરણની જરૂરિયાત જણાવો.

❖ **ટૂંકનોંધ લખો :**

1. વિલિનિકરણ(જોડાણ)ના પ્રકારો
2. વિલિનિકરણ(જોડાણ)ના લાભ-ગેરલાભ
3. સંપાદનના પ્રકારો
4. સંપાદનના લાભ-ગેરલાભ
5. ઔદ્યોગિક વિકેન્દ્રિકરણ

❖ **બહુવિકલ્પિય પ્રશ્નો :**

1. જ્યારે કોઈ પેઢી બીજી સાથે જોડાઈને ઉત્પાદન અથવા વેચાણની પ્રવૃત્તિ કરે તેને શું કહેવાય છે ?

   (A) સંપાદન (B) વિલિનિકરણ(જોડાણ)

   (C) વિનિવેશીકરણ (D) ઉપરનામાંથી કોઈ નહીં.

2. એકબીજાની હરીફ પેઢીઓ જોડાણ કરે તેને શું કહેવાય છે ?

   (A) ક્ષૈતિજ વિલિનિકરણ (B) ઉર્ધ્વવિલિનિકરણ

   (C) સમૂહ વિલિનિકરણ (D) ઉપરનામાંથી કોઈ નહીં.

3. ઉત્પાદનની પ્રક્રિયાના જુદા જુદા તબક્કામાં કામ કરતી હોય, વેચાણની પ્રક્રિયાના જુદા જુદા તબક્કાઓમાં કામ કરતી હોય એવી બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે તેને................. કહેવાય છે.

   (A) ક્ષૈતિજ વિલિનિકરણ (B) ઉર્ધ્વવિલિનિકરણ

   (C) સમૂહ વિલિનિકરણ (D) ઉપરનામાંથી કોઈ નહીં.

4. જ્યારે જુદા-જુદા ઉદ્યોગમાં જુદી-જુદી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય અથવા વેચાણ કરતી હોય એવી બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે તો તેને .................. કહે છે.

   (A) ક્ષૈતિજ વિલિનિકરણ (B) ઉર્ધ્વવિલિનિકરણ

   (C) સમૂહ વિલિનિકરણ (D) ઉપરનામાંથી કોઈ નહીં.

5. જ્યારે કોઈ બે પેઢીઓ પોતે મૂળ જે બજારમાં વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરતી હોય છે અથવા વેચાણ કરતી હોય છે તેની સાથે સાથે બીજા બજારમાં વસ્તુના ઉત્પાદન અથવા વેચાણ કરવા ઈચ્છતી હોય તે હેતુથી જ્યારે બે પેઢીઓ એકબીજા સાથે વિલિનિકરણ કરે છે તેને .........................કહે છે.

(A) ક્ષૈતિજ વિલિનિકરણ (B) ઉર્ધ્વવિલિનિકરણ

(C) સમૂહ વિલિનિકરણ (D) બજાર વિસ્તરણ વિલિનિકરણ

6. વોડાફોન-આઈડીયા(ફે) કયા પ્રકારનુ જોડાણ કહેવાય ?

(A) ક્ષૈતિજ વિલિનિકરણ (B) ઉર્ધ્વવિલિનિકરણ

(C) સમૂહ વિલિનિકરણ (D) ઉપરનામાંથી કોઈ નહીં.

7. સંપાદન માટે ...................... શબ્દનો પણ ઉપયોગ થાય છે.

(A) વિલિનિકરણ (B) અધિગ્રહણ

(C) જોડાણ (D) ઉપરનામાંથી કોઈ નહીં.

8. કોઈ પેઢી બીજી પેઢીને ખરીદી લે છે અથવા બીજી પેઢીની માલિકી/સંચાલનમાં મોટો હિસ્સો લઈ લે છે ત્યારે પ્રથમ પેઢીએ બીજી પેઢીનું ............... કર્યુ છે એમ કહેવાય.

(A) વિલિનિકરણ (B) અધિગ્રહણ

(C) જોડાણ (D) ઉપરનામાંથી કોઈ નહીં.

9. જ્યારે એક જ ઉદ્યોગમાં એકસરખી વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરનાર એક પેઢી બીજી પેઢીની ખરીદી કરી લે તેને....................... કહે છે.

(A) ક્ષૈતિજ સંપાદન(અધિગ્રહણ)

(B) ઉર્ધ્વલક્ષી સંપાદન(અધિગ્રહણ)

(C) સમૂહ સંપાદન (અધિગ્રહણ)

(D) ઉપરનામાંથી કોઈ નહીં.

❖ **સ્વાધ્યાય :**

1. ભારતના મહત્ત્વના વિલિનિકરણ (જોડાણ) અને અધિગ્રહણના નામ લખો.
2. કોઈપણ એક વિલિનિકરણ (જોડાણ) અથવા અધિગ્રહણના કેસ સ્ટડી અભ્યાસ કરો.
3. આ પ્રકરણમાં આપવામાં આવેલી જોડાણ અને અધિગ્રહણ સિવાયના જોડાણ અને અધિગ્રહણના નામ લખો.

❖ **સંદર્ભસૂચિ :**

1. www.mca.gov.in
2. www.bajajfinserv.in
3. www.investopedia.com
4. www.oed.com

❖ **બહુવિકલ્પિય પ્રશ્નોના જવાબ :**

(1) (B) વિલિનિકરણ (જોડાણ)

(2) (A) ક્ષૈતિજ વિલિનિકરણ

(3) (B) ઉર્ધ્વ વિલિનિકરણ

(4) (C) સમૂહ વિલિનિકરણ

(5) (D) બજાર વિસ્તરણ વિલિનિકરણ

(6) (A) ક્ષૈતિજ વિલિનિકરણ

(7) (B) અધિગ્રહણ

(8) (B) અધિગ્રહણ

(9) (A) ક્ષૈતિજ સંપાદન (અધિગ્રહણ)

*****************

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**